जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

नमो नमो निम्मल दंसणस्स

# આગમદીપ

## ૪૫ આગમ ગુર્જર છાયાઃ-

ज्योतिषाचार्य
मुनिराज श्री जयप्रभविजयजी 'श्रमण'
श्री मोहनखेडा तीर्थ
पोस्ट : राजगढ़ (धार) पिन : 454116 (म.प्र.)



जैन साईट
JAINSITE.com

**આગમ :- ૧૪ - ૧૫**

**જીવાજીવાભિગમ - પન્નવણા સુત્તં**

-: ગુર્જર છાયા કર્તા :-

## મુનિ દીપરત્ન-સાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मल दंसणस्स

ह्रीँ पद्मावती देव्यै नमः

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમ-દીપ

વિભાગ ચોથો આગમ-૧૪-૧૫ - ગુર્જરછાયા

## જીવાજીવાભિગમ - પન્નવણાસુત્તં

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

-: ગુર્જર છાયા કર્તા :-

મુનિ દીપરત્નસાગર

તા. ૩૧/૩/૯૭ સોમવાર ૨૦૫૩ ફા. વ. ૭

૪૫ આગમ - ગુર્જર છાયાનું મૂલ્ય રૂ. ૨૦૦૦/-

આગમ દીપ પ્રકાશન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ ह्रीँ अर्हं श्री पार्श्वनाथाय नमः
ॐ नमो अभिनव नाणस्स

મુદ્રક
**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ, અમદાવાદ

કમ્પોઝ
**શ્રી ગ્રાફિક્સ** ૨૧, સુભાષનગર,
ગિરધરનગર, શાહિબાગ, અમદાવાદ.

-: આ આગમદીપ-સંપુટના મુખ્ય દ્રવ્ય સહાયક :-

**(૧) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂર્તિ. સંઘ**
**(૨) શ્રી ગગનવિહાર શ્વે. મૂ. જૈ. દે. ટ્રસ્ટ**
**- ખાનપુર, અમદાવાદ**

JAINSITE जैन साइट
जैनम् जयति शासनम्

## ★ ૪૫ આગમદીપ-ગુર્જર છાયા - પ્રાપ્તિ સ્થાન ★

| | |
|---|---|
| શ્રી ડી.કે. ઠક્કર<br>૧૬, અલકાનગર, પ્રિયલક્ષ્મી મિલ્સ પાસે<br>એલેમ્બિક રોડ, વડોદરા. | શ્રી જગદીશભાઈ એમ. શાહ<br>૧, અલકનંદા સોસાયટી, આઝાદ સ્વીટ<br>સામે, આશ્રમરોડ, વાડજ, અમદાવાદ. |
| શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ<br>૨૦, ગૌતમનગર સોસાયટી,<br>રેસકોર્સ સર્કલ પાસે, વડોદરા | ડૉ. પિનાકીન એન. શાહ<br>૨૧, સુભાષનગર, ગિરધરનગર,<br>શાહીબાગ, અમદાવાદ. |

**નોંધ :-** ૪૫ આગમ - "ગુર્જર છાયા" માટે આગમ દીપ પ્રકાશન અમદાવાદનો રૂા. ૨૦૦૦/-ની કિંમતનો ડ્રાફ્ટ આપીને જ સેટ મેળવી શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમદીપ - વિભાગ-૫ - અનુક્રમ

## ૧૪ જીવાજીવાભિગમ - ચોથું ઉવંગસૂત્ર - ગુર્જરછાયા



| ક્રમ | પ્રતિપત્તિ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પ્રથમ- "દુવિહ" પ્રતિપત્તિ | ૧-૫૧ | ૯-૨૭ |
| ૨ | બીજી- "ત્રિવિહ" પ્રતિપત્તિ | ૫૨-૭૩ | ૨૭-૪૩ |
| ૩ | ત્રીજી- "ચઉવ્વિહ" પ્રતિપત્તિ | | |
| | - નૈરયિક | ૭૪-૧૨૯ | ૪૩-૫૯ |
| | - તિર્યંચયોનિક | ૧૩૦-૧૩૯ | ૫૯-૬૫ |
| | - મનુષ્ય | ૧૪૦-૧૫૧ | ૬૫-૭૯ |
| | - દેવ - (આદિ) | ૧૫૨-૩૪૩ | ૭૯-૧૫૭ |
| ૪ | ચોથી- "પંચવિહ" પ્રતિપત્તિ | ૩૪૪-૩૪૫ | ૧૫૭-૧૫૯ |
| ૫ | પાંચમી- "છવ્વિહ" પ્રતિપત્તિ | ૩૪૬-૩૬૪ | ૧૫૯-૧૬૭ |
| ૬ | છઠ્ઠી- "સત્તવિહ" પ્રતિપત્તિ | ૩૬૫- | ૧૬૭-૧૬૮ |
| ૭ | સાતમી- "અક્રવિહ" પ્રતિપત્તિ | ૩૬૬- | ૧૬૮-૧૬૯ |
| ૮ | આઠમી- "નવવિહ" પ્રતિપત્તિ | ૩૬૭- | ૧૬૯-૧૭૦ |
| ૯ | નવમી- "દશવિહ" પ્રતિપત્તિ | ૩૬૮- | ૧૭૦-૧૭૧ |
| ૧૦ | "સવ્વજીવ" પ્રતિપત્તિ | ૩૬૯-૩૯૮ | ૧૭૧-૧૮૪ |



## ૧૫ પન્નવણાસુત્તં - પાંચમું ઉવંગસૂત્ર - ગુર્જરછાયા



| ક્રમ | પદ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પ્રજ્ઞાપના | ૧-૧૯૧ | ૧૮૫-૨૦૨ |
| ૨ | સ્થાન | ૧૯૨-૨૫૬ | ૨૦૨-૨૨૨ |
| ૩ | બહુવક્તવ્યતા | ૨૫૭-૨૯૭ | ૨૨૨-૨૩૯ |
| ૪ | સ્થિતિ | ૨૯૮-૩૦૬ | ૨૩૯-૨૫૦ |
| ૫ | વિશેષ | ૩૦૭-૩૨૫ | ૨૫૦-૨૬૭ |
| ૬ | વ્યુત્ક્રાંતિ | ૩૨૬-૩૫૨ | ૨૬૭-૨૭૮ |
| ૭ | ઉશ્વાસ | ૩૫૩- | ૨૭૮-૨૮૦ |
| ૮ | સંજ્ઞા | ૩૫૪-૩૫૫ | ૨૮૦-૨૮૧ |



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| ક્રમ | પદ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૯ | યોનિ | ૩૫૬-૩૬૦ | ૨૮૧-૨૮૨ |
| ૧૦ | ચરમ | ૩૬૧-૩૭૪ | ૨૮૨-૨૯૦ |
| ૧૧ | ભાષા | ૩૭૫-૩૯૯ | ૨૯૦-૨૯૭ |
| ૧૨ | શરીર | ૪૦૦-૪૦૪ | ૨૯૭-૩૦૦ |
| ૧૩ | પરિણામ | ૪૦૫-૪૧૨ | ૩૦૦-૩૦૨ |
| ૧૪ | કષાય | ૪૧૩-૪૧૮ | ૩૦૨-૩૦૩ |
| ૧૫ | ઈંદ્રિય | ૪૧૯-૪૩૭ | ૩૦૪-૩૧૬ |
| ૧૬ | પ્રયોગ | ૪૩૮-૪૪૧ | ૩૧૬-૩૨૪ |
| ૧૭ | લેશ્યા | ૪૪૨-૪૭૦ | ૩૨૪-૩૪૦ |
| ૧૮ | કાયસ્થિતિ | ૪૭૧-૪૯૪ | ૩૪૧-૩૪૭ |
| ૧૯ | સમ્યક્ત્વ | ૪૯૫- | ૩૪૭- |
| ૨૦ | અંતક્રિયા | ૪૯૬-૫૦૮ | ૩૪૮-૩૫૩ |
| ૨૧ | અવગાહના સંસ્થાન | ૫૦૯-૫૨૪ | ૩૫૩-૩૬૫ |
| ૨૨ | ક્રિયા | ૫૨૫-૫૩૩ | ૩૬૫-૩૭૨ |
| ૨૩ | કર્મપ્રકૃતિ | ૫૩૪-૫૪૫ | ૩૭૨-૩૮૪ |
| ૨૪ | કર્મબંધ | ૫૪૬- | ૩૮૪-૩૮૫ |
| ૨૫ | કર્મબંધ વેદન | ૫૪૭- | ૩૮૫-૩૮૬ |
| ૨૬ | કર્મવેદબંધ | ૫૪૮- | ૩૮૬-૩૮૭ |
| ૨૭ | કર્મવેદવેદક | ૫૪૯- | ૩૮૭-૩૮૮ |
| ૨૮ | આહાર | ૫૫૦-૫૭૧ | ૩૮૮-૩૯૧ |
| ૨૯ | ઉપયોગ | ૫૭૨- | ૩૯૬-૩૯૭ |
| ૩૦ | પશ્યત્તા | ૫૭૩-૫૭૪ | ૩૯૭-૩૯૯ |
| ૩૧ | સંજ્ઞી | ૫૭૫-૫૭૬ | ૩૯૯- |
| ૩૨ | સંયમ | ૫૭૭-૫૭૮ | ૩૯૯- |
| ૩૩ | અવધિ | ૫૭૯-૫૮૩ | ૪૦૦-૪૦૨ |
| ૩૪ | પ્રવિચારણા | ૫૮૪-૫૯૩ | ૪૦૨-૪૦૪ |
| ૩૫ | વેદના | ૫૯૪-૫૯૮ | ૪૦૪-૪૦૫ |
| ૩૬ | સમુદ્ઘાત | ૫૯૯-૬૨૨ | ૪૦૫-૪૧૬ |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આર્થિક અનુદાતા

## આગમ-દીપ-સંપુટના મુખ્ય દ્રવ્યસહાયકો

**ભાગ - ૧**
સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા
શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ - પરિવાર, વડોદરા

**ભાગ - ૨**
રત્નત્રયારાધકા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીની પ્રેરણાથી પૂ. ગુરુમાતા રત્નત્રયાશ્રીજી મ.સા.ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે
(૧) શાંતાબેન મનસુખલાલ બાબરીયા, અમદાવાદ
(૨) શાંતાબેન શાંતિલાલ પી. દામાણી, મુંબઈ
(૩) મંજુલાબેન ગુણવંતલાલ વોરા. હ.નીતીનભાઈ, અમદાવાદ

**ભાગ - ૩**
સ્વનામધન્યા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વી શ્રી.સમજ્ઞાશ્રીજીના ભદ્રતપનિમિત્તે તથા સંવત ૨૦૫૨ના ચાતુર્માસની સ્મૃતિમાં શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથ જૈનસંઘ, તુલશીશ્યામ, નવાવાડજ અમદાવાદ.

**ભાગ - ૪**
(૧) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ, અમદાવાદ
(૨) શ્રી ગગન વિહાર શ્વે. મૂ.જૈન.દે. ટ્રસ્ટ, અમદાવાદ

**ભાગ - ૫**
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વે.મૂર્તિ. સંઘ, પારૂલનગર શોલારોડ, અમદાવાદ

**ભાગ - ૬ તથા ભાગ - ૭**
સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા
શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ. પરિવાર, વડોદરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કોઈ એક આગમના મુખ્ય દ્રવ્ય સહાયક

| | |
|---|---|
| (૧) આયારો<br>(૨) સૂયગડો | વ્યાખ્યાન વાચસ્પતિ **પ.પૂ.આ. દેવશ્રી મહાયશ સાગરસૂરીશ્વરજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે.મૂર્તિ. સંઘ. ગોદાવરીનગર, વાસણા, અમદાવાદ |
| (૧) ઠાણં<br>(૨) સમવાઓ | ક્રિયાનુરાગી **સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.**ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે તેમના શિષ્યરત્ના તપસ્વીની **સા.શ્રી મોક્ષરત્ના શ્રીજી** ની પ્રેરણાથી **શાહ ખીમચંદ છગનલાલ** પરિવાર-ખેરવાવાળા હસ્તે **મંજુલાબેન.** |
| (૧) જંબુદ્દીવપન્નત્તિ<br>(૨) સૂરપન્નત્તિ | અ.સૌ. **સુમિત્રાબેન હસમુખભાઈ સંઘવી**, ઈન્દ્રોડાવાળા. |
| (૧) નિસીહ<br>(૨) મહાનિસીહ | **ચંદુબેન કેશવલાલ હરગોવનદાસ વારૈયા** પરિવાર-કોરડાવાળા. |
| (૧) નાયાધમ્મકહા :- | મૃદુભાષી **સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી**ની પ્રેરણાથી **ડૉ. પ્રદીપકુમાર રસિકલાલ કામદાર** હસ્તે **પ્રજ્ઞાબેન પ્રદીપકુમાર કામદાર**, કલકત્તા |
| (૧) પણ્હાવાગરણં :- | **સ્વ.પૂ.આગમોદ્ધારકશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાવર્તી **સ્વ. પૂ. પદ્મલતાશ્રીજી** તથા **સ્વ. પૂ. મયણાશ્રી**ની સ્મૃતિ નિમિત્તે શતાવધાની **સા.શ્રી અમિતગુણાશ્રીજી**ની પ્રેરણાથી **શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ** ટ્રસ્ટ, પાર્લા વેસ્ટ, મુંબઈ |
| (૧) વિવાગસૂયં :- | કાર્યદક્ષા સા. **પૂ. મલયાશ્રીજી મ.**ના પ્રશિષ્યા, **સા. ભવ્યાનંદશ્રીજી**ના શિ. મીલનસાર. **સા.પૂર્ણપ્રજ્ઞાશ્રીજી** તથા કોકીલકંઠી **સા.કૈરવપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી- મેહૂલજૈન ઉપાશ્રય. જ્ઞાનખાનું |

**શેષ રકમ આગમ સુત્તાણિ ના સેટના બદલામાં મળી છે.**

# -: અ-મા-રા - પ્ર-કા-શનો :-

[૧] अभिनव हेम लघुप्रक्रिया - १ - सप्ताङ्ग विवरणम्
[૨] अभिनव हेम लघुप्रक्रिया - २ - सप्ताङ्ग विवरणम्
[૩] अभिनव हेम लघुप्रक्रिया - ३ - सप्ताङ्ग विवरणम्
[૪] अभिनव हेम लघुप्रक्रिया - ४ - सप्ताङ्ग विवरणम्
[૫] कृदन्तमाला
[૬] चैत्यवन्दन पर्वमाला
[૭] चैत्यवन्दन सङ्ग्रह - तीर्थजिनविशेष
[૮] चैत्यवन्दन चोविशी
[૯] शत्रुञ्जय भक्ति आवृत्ति-दो
[૧૦] अभिनव जैन पञ्चाङ्ग - २०४६
[૧૧] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૧. શ્રાવક કર્તવ્ય - ૧ થી ૧૧
[૧૨] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૨. શ્રાવક કર્તવ્ય - ૧૨ થી ૧૫
[૧૩] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૩. શ્રાવક કર્તવ્ય - ૧૬ થી ૩૬
[૧૪] નવપદ - શ્રીપાલ (શાશ્વતી ઓળીના વ્યાખ્યાન રૂપે)
[૧૫] સમાધિ મરણ [વિધિ - સૂત્ર - પદ્ય - આરાધના - મરણભેદ સંગ્રહ]
[૧૬] ચૈત્યવંદન માળા [૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ]
[૧૭] તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધટીકા [અધ્યાય-૧]
[૧૮] તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો
[૧૯] સિદ્ધાચલનો સાથી [આવૃત્તિ - બે]
[૨૦] ચૈત્ય પરિપાટી
[૨૧] અમદાવાદ જિનમંદિર ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
[૨૨] શત્રુંજય ભક્તિ [આવૃત્તિ - બે]
[૨૩] શ્રી નવકારમંત્ર નવલાખ જાપ નોંધપોથી
[૨૪] શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
[૨૫] શ્રી બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો - [આવૃત્તિ - ચાર]
[૨૬] અભિનવ જૈન પંચાંગ - ૨૦૪૨ [સર્વપ્રથમ ૧૩ વિભાગોમાં]
[૨૭] શ્રી જ્ઞાનપદ પૂજા
[૨૮] અંતિમ આરાધના તથા સાધુ સાધ્વી કાળધર્મ વિધિ
[૨૯] શ્રાવક અંતિમ આરાધના [આવૃત્તિ ત્રણ]
[૩૦] વીતરાગ સ્તુતિ સંચય [૧૧૫૧ ભાવવાહી સ્તુતિઓ]
[૩૧] (પૂજ્ય આગમોદ્ધારક શ્રી ના સમુદાયના) કાયમી સંપર્ક સ્થળો
[૩૨] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧
[૩૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૨
[૩૪] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૫] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૪
[૩૬] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૫
[૩૭] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૬
[૩૮] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૭
[૩૯] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૮
[૪૦] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૯
[૪૧] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧૦

o——×——o——×——o

| | | | |
|---|---|---|---|
| [४२] | आयारो | [आगमसुत्ताणि-१ ] | पढमं अंगसुत्तं |
| [४३] | सूयगडो | [आगमसुत्ताणि-२ ] | बीअं अंगसुत्तं |
| [४४] | ठाणं | [आगमसुत्ताणि-३ ] | तइयं अंगसुत्तं |
| [४५] | समवाओ | [आगमसुत्ताणि-४ ] | चउत्थं अंगसुत्तं |
| [४६] | विवाहपन्नति | [आगमसुत्ताणि-५ ] | पंचमं अंगसुत्तं |
| [४७] | नायाधम्मकहाओ | [आगमसुत्ताणि-६ ] | छठ्ठं अंगसुत्तं |
| [४८] | उवासगदसाओ | [आगमसुत्ताणि-७ ] | सत्तमं अंगसुत्तं |
| [४९] | अंतगडदसाओ | [आगमसुत्ताणि-८ ] | अठ्ठमं अंगसुत्तं |
| [५०] | अनुत्तरोववाइयदसाओ | [आगमसुत्ताणि-९ ] | नवमं अंगसुत्तं |
| [५१] | पण्हावागरणं | [आगमसुत्ताणि-१० ] | दसमं अंगसुत्तं |
| [५२] | विवागसूयं | [आगमसुत्ताणि-११ ] | एक्कारसमं अंगसुत्तं |
| [५३] | उववाइयं | [आगमसुत्ताणि-१२ ] | पढमं उवंगसुत्तं |
| [५४] | रायप्पसेणियं | [आगमसुत्ताणि-१३ ] | बीअं उवंगसुत्तं |
| [५५] | जीवाजीवाभिगमं | [आगमसुत्ताणि-१४ ] | तइयं उवंगसुत्तं |
| [५६] | पन्नवणासुत्तं | [आगमसुत्ताणि-१५ ] | चउत्थं उवंगसुत्तं |
| [५७] | सूरपन्नति | [आगमसुत्ताणि-१६ ] | पंचमं उवंगसुत्तं |
| [५८] | चंदपन्नत्ति | [आगमसुत्ताणि-१७ ] | छठ्ठं उवंगसुत्तं |
| [५९] | जंबूद्दीवपन्नति | [आगमसुत्ताणि-१८ ] | सातमं उवंगसुत्तं |
| [६०] | निरयावलियाणं | [आगमसुत्ताणि-१९ ] | अठ्ठमं उवंगसुत्तं |
| [६१] | कप्पवडिंसियाणं | [आगमसुत्ताणि-२० ] | नवमं उवंगसुत्तं |
| [६२] | पुप्फियाणं | [आगमसुत्ताणि-२१ ] | दसमं उवंगसुत्तं |
| [६३] | पुप्फचूलियाणं | [आगमसुत्ताणि-२२ ] | एक्कारसमं उवंगसुत्तं |
| [६४] | वण्हिदसाणं | [आगमसुत्ताणि-२३ ] | बारसमं उवंगसुत्तं |
| [६५] | चउसरणं | [आगमसुत्ताणि-२४ ] | पढमं पईण्णगं |
| [६६] | आउरपच्चक्खाणं | [आगमसुत्ताणि-२५ ] | बीअं पईण्णगं |
| [६७] | महापच्चक्खाणं | [आगमसुत्ताणि-२६ ] | तीइयं पईण्णगं |
| [६८] | भत्तपरिण्णा | [आगमसुत्ताणि-२७ ] | चउत्थं पईण्णगं |
| [६९] | तंदुलवेयालियं | [आगमसुत्ताणि-२८ ] | पंचमं पईण्णगं |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [७०] | संथारगं | [आगमसुत्ताणि-२९ ] | छट्ठं पईण्णगं |
| [७१] | गच्छायार | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-१ |
| [७२] | चंदावेज्झयं | [आगमसुत्ताणि-३० ] | सतमं पईण्णगं-२ |
| [७३] | गणिविज्ञा | [आगमसुत्ताणि-३१ ] | अट्ठमं पईण्णगं |
| [७४] | देविंदत्थओ | [आगमसुत्ताणि-३२ ] | नवमं पईण्णगं |
| [७५] | मरणसमाहि | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-१ |
| [७६] | वीरत्थव | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-२ |
| [७७] | निसीह | [आगमसुत्ताणि-३४ ] | पढमं छेयसुत्तं |
| [७८] | बुहत्कप्पो | [आगमसुत्ताणि-३५ ] | बीअं छेयसुत्तं |
| [७९] | ववहार | [आगमसुत्ताणि-३६ ] | तइयं छेयसुत्तं |
| [८०] | दसासुयक्खंधं | [आगमसुत्ताणि-३७ ] | चउत्थं छेयसुत्तं |
| [८१] | जीयकप्पो | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-१ |
| [८२] | पंचकप्पभास | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-२ |
| [८३] | महानिसीहं | [आगमसुत्ताणि-३९ ] | छट्ठं छेयसुत्तं |
| [८४] | आवसस्सयं | [आगमसुत्ताणि-४० ] | पढमं मूलसुत्तं |
| [८५] | ओहनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-१ |
| [८६] | पिंडनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-२ |
| [८७] | दसवेयालियं | [आगमसुत्ताणि-४२ ] | तइयं मुलसुत्तं |
| [८८] | उतरज्झयणं | [आगमसुत्ताणि-४३ ] | चउत्थं मूलसुत्तं |
| [८९] | नंदीसूयं | [आगमसुत्ताणि-४४ ] | पढमा चूलिया |
| [९०] | अणुओगदारं | [आगमसुत्ताणि-४५ ] | बितिया चूलिया |

o——×——o——×——o

| | | | | |
|---|---|---|---|---|
| [૯૧] | આયારો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧ ] | પહેલું અંગસૂત્ર |
| [૯૨] | સૂયગડો - | ગુર્જર છાયા | [ આગમદીપ-૨ ] | બીજું અંગસૂત્ર |
| [૯૩] | ઠાણં - | ગુર્જર છાયા | [ આગમદીપ-૩ ] | ત્રીજું અંગસૂત્ર |
| [૯૪] | સમવાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪ ] | ચોથું અંગસૂત્ર |
| [૯૫] | વિવાહપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૫ ] | પાંચમું અંગસૂત્ર |
| [૯૬] | નાયાધમ્મકહાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૬ ] | છઠ્ઠું અંગસૂત્ર |
| [૯૭] | ઉવાસગદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૭ ] | સાતમું અંગસૂત્ર |
| [૯૮] | અંતગડદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૮ ] | આઠમું અંગસૂત્ર |
| [૯૯] | અનુત્તરોવવાઈયદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૯ ] | નવમું અંગસૂત્ર |
| [૧૦૦] | પણ્હાવાગરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૦ ] | દશમું અંગસૂત્ર |
| [૧૦૧] | વિવાગસૂયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૧ ] | અગિયારમું અંગસૂત્ર |
| [૧૦૨] | ઉવવાઈયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૨ ] | પહેલું ઉપાંગસૂત્ર |
| [૧૦૩] | રાયપ્પસેણિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૩ ] | બીજું ઉપાગંસૂત્ર |
| [૧૦૪] | જીવાજીવાભિગમં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૪ ] | ત્રીજું ઉપાંગસૂત્ર |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [૧૦૫] પન્નવણા સુત્તં- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૫ ] | ચોથું ઉપાંગસૂત્ર |
| [૧૦૬] સૂરપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૬ ] | પાંચમું ઉપાંગસૂત્ર |
| [૧૦૭] ચંદપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૭ ] | છઠ્ઠું ઉપાંગસૂત્ર |
| [૧૦૮] જંબુદ્દીવપન્નતિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૮ ] | સાતમું ઉપાંગસૂત્ર |
| [૧૦૯] નિરયાવલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૯ ] | આઠમું ઉપાગંસૂત્ર |
| [૧૧૦] કપ્પવડિંસિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૦ ] | નવમું ઉપાગંસૂત્ર |
| [૧૧૧] પુપ્ફિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૧ ] | દશમું ઉપાંગસૂત્ર |
| [૧૧૨] પુપ્ફચૂલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૨ ] | અગિયારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૩] વણ્હિદસાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૩ ] | બારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૪] ચઉસરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૪ ] | પહેલો પયન્નો |
| [૧૧૫] આઉરપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૫ ] | બીજો પયન્નો |
| [૧૧૬] મહાપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૬ ] | ત્રીજો પયન્નો |
| [૧૧૭] ભત્તપરિણ્ણા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૭ ] | ચોથો પયન્નો |
| [૧૧૮] તંદુલવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૮ ] | પાંચમો પયન્નો |
| [૧૧૯] સંથારગં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૯ ] | છઠ્ઠો પયન્નો |
| [૧૨૦] ગચ્છાયાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૧ |
| [૧૨૧] ચંદાવેજ્ઝયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૨ |
| [૧૨૨] ગણિવિજ્જા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૧ ] | આઠમો પયન્નો |
| [૧૨૩] દેવિંદત્થઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૨ ] | નવમો પયન્નો |
| [૧૨૪] વીરત્થવ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૩ ] | દશમો પયન્નો |
| [૧૨૫] નિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૪ ] | પહેલું છેદસૂત્ર |
| [૧૨૬] બુહતકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૫ ] | બીજું છેદસૂત્ર |
| [૧૨૭] વવહાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૬ ] | ત્રીજું છેદસૂત્ર |
| [૧૨૮] દસાસુયક્ખંધં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૭ ] | ચોથું છેદસૂત્ર |
| [૧૨૯] જીયકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૮ ] | પાંચમું છેદસૂત્ર |
| [૧૩૦] મહાનિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૯ ] | છઠ્ઠું છેદસૂત્ર |
| [૧૩૧] આવસ્સયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૦ ] | પહેલું મૂલસુત્ર |
| [૧૩૨] ઓહનિજ્જુત્તિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૧ |
| [૧૩૩] પિંડનિજ્જુત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૨ |
| [૧૩૪] દસવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૨ ] | ત્રીજું મૂલસુત્ર |
| [૧૩૫] ઉત્તરજ્ઝયણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૩ ] | ચોથું મૂલસુત્ર |
| [૧૩૬] નંદીસુત્તં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૪ ] | પહેલી ચૂલિકા |
| [૧૩૭] અનુયોગદારાઈ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૫ ] | બીજી ચૂલિકા |

o———x———o———x———o

**નોંધ :- પ્રકાશન ૧ થી ૩૧ અભિનવ શ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૪૨ થી ૯૦ આગમશ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૯૧ થી ૧૩૭ આગમદીપ પ્રકાશને પ્રગટ કરે છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૪ જીવાજીવાભિગમ

ઉવંગસૂત્ર-૩-ગુર્જરછાયા

## -: પ્રથમ પ્રતિપત્તિ - "દુવિહ" :-

[૧] અરિહંતોને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયનો નમસ્કાર થાઓ, લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. ઋષભ આદિ ચોવિસ તિર્થંકરોને નમસ્કાર થાઓ. આ જિન પ્રવચન નિશ્ચયથી સર્વે જિનોથી અનુમત છે. ઉપકારક છે, જિન પ્રણિત છે, જિન પ્રરૂપિત છે, જિનશ્વર દ્વારા કહેવાય છે, જિન સેવિત છે, જિન પ્રજ્ઞપ્ત છે, જિનદેસિયં છે, જિનપ્રશસ્ત છે. તેનું બુદ્ધિપૂર્વક પરિશીલન કરીને તે જિન પ્રવચનની શ્રદ્ધા કરતા, પ્રીતિ કરતા, રૂચિ કરતા એવા સ્થવિર ભગવંતોએ જીવા જીવાભિગમ નામનું અધ્યયન પ્રરૂપિત કર્યુ છે.

[૨] "હે ભગવાન્ ! જીવાભિગમ અને અજીવાભિગમનું સ્વરૂપ કેવું છે ?" જીવાજીવાભિગમ બે પ્રકારનો કહ્યો છે. (૧) જીવાભિગમ અને (૨) અજીવાભિગમ.

[૩] હે ભગવાન્ ! અજીવાભિગમનું સ્વરૂપ કેવું છે ? હે ગૌતમ ! અજીવાભિગમના બે પ્રકાર કહ્યા છે- (૧) રૂપી અજીવાભિગમ અને અરૂપી અજીવાભિગમ.

[૪] અરૂપી અજીવાભિગમનું સ્વરૂપ કેવું છે ? અરુપી અજીવા ભિગમ દસ પ્રકારનો છે. (૧) ધર્માસ્તિકાય, (૨) ધિર્માસ્તિકાય દેશ, (૩) ધર્માસ્તિ કાય પ્રદેશ, (૪) અધર્માસ્તિકાય, (૫) અધર્માસ્તિકાયદેશ, (૬) અધર્માસ્તિકાય પ્રદેશ, (૭) આકાશાસ્તિકાય, (૮) આકાશાસ્તિકાય દેશ, (૯) આકાશાસ્તિકાય પ્રદેશ(૧૦) અદ્ધાસમય.

[૫] હે ભગવાન્ ! રૂપી અજીવ દ્રવ્યોનું નિરૂપણ કેવું છે ? રૂપી અજીવાભિગમ ચાર પ્રકારનો કહ્યો છે. સ્કન્ધ, સ્કન્ધદેશ, સ્કન્ધ પ્રદેશ પરમાણું પુદ્ગલ. તેના સંક્ષિપ્તમાં પાંચ પ્રકાર છે. વર્ણપરિણત, ગંધ પરિણત, રસપણિત, સ્પર્શપરિણત અને સંસ્થાન પરિણત. તેમાં જે વર્ણપરિ ણત સ્કન્ધ આદિના છે. તેમના નીચે પ્રમાણે પાંચ ભેદ છે. -કૃષ્ણવર્ણ પરિણત, નીલવર્ણપરિણત, રક્તવર્ણપરિણત, શુકલવર્ણપરિણત અને હરિત વર્ણ પરિણત. રસપરિણત સ્કન્ધ આદિના મધુરરસ આદિ પાંચ ભેદ છે. ગંધપરિણત સ્કન્ધ આદિ ના સુગંધપરિણત અને દુર્ગંધપરિણત રૂપ બે ભેદ છે. સ્પર્શપરિણત સ્કંધ આદિના કર્કશ સ્પર્શપરિણત આદિ આઠ ભેદ છે. આ રૂપી અજીવાભિગમનું સ્વરૂપ છે.

[૬] હે ભગવાન્ ! જીવાભિગમનું લક્ષણ શું છે ? જીવાભિગમના બે પ્રકાર કહ્યા

છે. (૧) સંસાર સમાપન્નક જીવાભિગમ અને (૨) અસંસાર સમાપન્નક જીવાભિગમ.

[૭] હે ભગવાન્ ! અસંસાર સમાપન્નક જીવાભિગમનું સ્વરૂપ કેવું છે ? તેના કેટલા પ્રકાર છે ? (૧) અનન્તર સિદ્ધ અસંસારસમાપન્નક જીવાભિગમ અને (૨) પરંપર સિદ્ધ અસંસાર સમાપન્નક, હે ભગવાન્ ! અનન્તર સિદ્ધ અસંસારસમાપન્નક જીવા ભિગમ કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! અનન્તસિદ્ધ અસંસારસમાપન્નક જીવાભિગમ પંદર પ્રકારનો કહ્યા છે. તીર્થસિદ્ધથી લઈને અનેક સિદ્ધ પર્યંત હે ભગવન્ ! પરમ્પર સિદ્ધ સંસાર સમાપન્ન જીવાભિ ગમ-કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પરસ્પર સિદ્ધ અસંસાર સમાપન્નક જીવાભિગમ અનેક પ્રકારનો કહ્યો છે. (૧) પ્રથમ સમયમાં સિદ્ધ (૨)દ્વિતીય સમયમાં સિદ્ધ, ઈત્યાદિ અનંત સમય સિદ્ધ પર્યંતના.

[૮] હે ભગવાન્ ! સંસારસમાપન્નક જીવાભિગમનું સ્વરૂપ કેવું છે ? હે ગૌતમ ! સંસાર સમાપન્નક જીવોના પ્રકાર વિષે નવ માન્યતાઓ છે. કોઈ કોઈ આચાર્ય એવું કહે છે કે સંસાર સમાપન્નક જીવો બે પ્રકારના હોય છે. કોઈ કોઈ આચાર્ય એવું કહે છે કે સંસાર સમાપન્નક જીવો ત્રણ પ્રકારના હોય છે. કોઈ કહે છે કે સંસાર સમાપન્નક જીવો ચાર પ્રકારના હોય છે. કોઈ કહે છે કે-સંસાર સમાપન્નક જીવો પાંચ પ્રકારના હોય છે. આ પ્રકારે સંસાર સમાપન્નક જીવોના દસ પર્યન્તના પ્રકારો સર્વજ્ઞી લેવા.

[૯] તે નવ પ્રતિપત્તિઓમાંની કેટલાક આચાર્યોની એવી જે માન્યતા છે કે સંસાર સમાપન્નક જીવોના બે પ્રકારો કહે છે.ને આ પ્રમાણે(૧) ત્રસ અને (૨) સ્થાવર.

[૧૦] હે ભગવાન્ ! સ્થાવર જીવોનું સ્વરૂપ કેવું છે સ્થાવર જીવોના ત્રણ પ્રકાર છે- (૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક અને (૩) વનસ્પતિકાયિક.

[૧૧] હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! પૃથ્વી કાયિક જીવો બે પ્રકારના કહ્યા છે..(૧) સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને (૨) બાદર પૃથ્વીકાયિક.

[૧૨] હે ભગવાન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિકોના કેટલા પ્રકાર છે ? બે પ્રકારના (૧) પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક અને (૨) અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક.

[૧૩] સૂક્ષ્મ જીવોના ૨૩ દ્વાર અહીં પ્રકટ કરવામાં આવ્યાં છે. સૂક્ષ્મપૃથ્વી કાયિકા જીવોના શરીરની વક્તવ્યતા,તેમની અવગાહનાની વક્તવ્યતા,સંહનનની વક્ત વ્યતા, સંસ્થાનની, કષાયોની, સંજ્ઞાવિષયક, લેશ્યા વિષયક, તેમની ઈન્દ્રિયો સંબંધી, સમુદ્ઘાત સંબંધી, સંજ્ઞી અસંજ્ઞી સંબંધી, વેદ સંબંધી, પર્યાપ્તિક અપર્યાપ્તિ, દ્રષ્ટિની, દર્શનની, જ્ઞાનની, યોગની, ઉપયોગની, આહાર સંબંધી, ઉપપાત ની, સ્થિતિની, સમુદ્ઘાતની, ચ્યવનની અને ગતિ આગતિ વક્તવ્યતા.

[૧૪] હે ભગવાન્ ! તે સૂક્ષ્મકાયિક જીવોને કેટલા શરીર હોય છે ? ત્રણ શરીર હોય છે. ઔદારિક શરીર, તૈજસ શરીર અને (૩) કાર્મણશરીર. હે ભગવન્ ! આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવોના શરીરની અવગાહન કેટલી મોટી કહી છે ? ઓછામાં ઓછી અવગાહ ના આંગળના અસંખ્યાતમાં ભાગપ્રમાણ કહી છે. અને વધારેમાં વધારે અવગાહના પણ આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે કહી છે. હે ભગવન્ ! આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવોના શરીર કેવાં સંહનનવાળાં હોય છે ? હે ગૌતમ ! સેવાર્ત્ત સંહનન વાળાં હોય છે ? હે ભગવન્ ! આ સૂક્ષ્મપૃથ્વીકાયિકજીવો કેવાં સંસ્થાનવાળા હોય છે ? તેમના શરીરનો આકાર મસૂર અને ચન્દ્રના જેવા હોય છે. હે ભગવન્ ! આ સૂક્ષ્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથ્વીકાયિકજીવોમાં કેટલા કષાય છે ? આ જીવોમાં ચારે કષાય હોય છે. સૂક્ષ્મ પૃથ્વીકાયિકા જીવોમાં હાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા. સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવોને કેટલી લેશ્યાઓ હોય છે ? તે જીવોમાં ત્રણ લેશ્યાઓનો હોય છે-કૃષ્ણાલેશ્યા, નીલલેશ્યા, કાપોત લેશ્યા. આ જીવોને કેટલી ઈન્દ્રિયો હોય છે ? માત્ર એક સ્પર્શેન્દ્રિયનો જ સદ્ભાવ હોય છે. આ જીવોમાં કેટલા સમુદ્ઘાત હોય છે ? ત્રણ સમુદ્ઘાતો વેદના સમુદ્ઘાતા, કષાય સમુદ્ઘાત અને મારણાન્તિકસમુદ્ઘાત. સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવો સંજ્ઞી હોય છે, કે અસંજ્ઞી ? સંજ્ઞી હોતા નથી, પણ તેઓ અસંજ્ઞી જ હોય છે. સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવો સ્ત્રીવેદવાળા હોય છે,કે પુરુષવેદવાળા હોય છે, કે નપુંસક વેદવાળા હોય છે ? તે જીવો ફકત નપુંસકવેદવાળા જ હોય છે. હે ભગવાન્ ! આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવોમાં કેટલી પર્યાપ્તિઓ હોય છે ? હે ગૌતમ ! તેમનામાં ચાર પર્યાપ્તિઓ હોય છે, આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ અને આનપ્રાણ હે ભગવન્ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિકામાં અપર્યાપ્તિઓ કેટલી હોય છે ? હે ગૌતમ તેમનામાં ચાર અપર્યાપ્તિઓ હોય છે, આહાર અપર્યાપ્તિ, શરીર અપર્યાપ્તિ, ઈન્દ્રિય અપર્યાપ્તિ અને શ્વાસોચ્છ્વાસ અપર્યાપ્તિ. હે ભગવન્ આ જીવો શું સમ્યગ્ દૃષ્ટિવાળા હોય છે, મિથ્યા દ્રષ્ટિવાળા હોય છે, મિશ્રદ્રષ્ટિ હોય છે ! હે ગૌતમ ! તે ફકત મિથ્યાદ્રષ્ટિ હોય છે. હે ભગવન્ ! સૂક્ષ્મપૃથ્વીકાયિકજીવ ચક્ષુર્દર્શનવાળો હોય છે ? કે અચક્ષુર્દર્શન વાળો હોય છે ? કે અવધિર્દર્શનવાળો હોય છે ? કેવળદર્શવાળો હોય છે ? હે ગૌતમ ! આ જીવો ફકત અચક્ષુર્દર્શનવાળો જ હોય છે. હે ભગવન્ ! સૂક્ષ્મપૃથ્વી કાયિકા જીવો શું જ્ઞાની હોય છે ? કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ!આ કાયિકજીવો નિયમથી જ અજ્ઞાની હોય છે.હે ગૌતમ ! આ સૂક્ષ્મપૃથ્વી કાયિકા જીવો શું મનોયોગવાળા હોય છે ? કે વચનયોગવાળા હોય ? કે કાયયોગવાળો હોય છે ? તેઓ ફકત કાયયોગવાળા જ હોય છે.

હે ભગવન્ ! તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો શું સાકરોપયોગ વાળા હોય છે ? કે અનાકારોપયોગવાળા હોય છે ? સાકારઉપોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપ-યોગવાળા પણ હોય છે. હે ભગવન્ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિકા જીવો કેવો આહાર કરે છે ? હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ તેઓ અનંત પ્રદેશોવાળા દ્રવ્યોનો આહાર કરે છે. ક્ષેત્રની અપેક્ષાએ તેઓ અસંખ્યાત પ્રદેશો માં અવગઢ થયેલાં દ્રવ્યોનો આહાર કરે છે. કાળની અપેક્ષાએ તેઓ કોઈ એક સમયની સ્થિતિવાળાં, અથવા જઘન્ય મધ્યમ સ્થિતિવાળાં અથવા ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં દ્રવ્યોનો આહાર કરે છે. ભાવની અપેક્ષાએ તેઓ વર્ણવાળાં, ગંધવાળાં, રસવાળાં અને સ્પર્શવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, ભાવની અપેક્ષા જે વર્ણ-વાળાં દ્રવ્યોનો તેઓ આહાર કરે છે,તે શું એક વર્ણવાળાં હોય છે, કે બે વર્ણવાળાં હોય છે ? કે ત્રણ વર્ણવાળાં હોય છે ? કે ચાર વર્ણવાળાં હોય છે ? કે પાંચ વર્ણવાળાં હોય છે. હે ગૌતમ ! સામાન્ય દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તે સૂક્ષ્મપૃથ્વિ કાયિકા જીવો એક વર્ણવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે.યાવત્ પાંચ વર્ણવાળાં દ્રવ્યોનોપણઆહારકરે છે.

હે ભગવન્ ! જો તે સૂક્ષ્મપૃથ્વીકાયિકજીવો વર્ણની અપેક્ષાએ કાળા વર્ણવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, તો શું તેઓ એક ગણા કાળાવર્ણવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, બેથી લઈને દશ ગણા કાળાવર્ણવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, સંખ્યાત, અસંખ્યાત એને અનંતગણા કાળાવર્ણ વાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. એજ પ્રમાણે તેઓ એક

ગણાંથી લઈને અનંત ગણાં નીલ દ્રવ્યોનો પણ આહાર ગ્રહણ કરે છે, એજ પ્રમાણે એક ગણા રાતાવર્ણવાળા દ્રવ્યોથી લઈને અનંત ગણા રાતાવર્ણવાળા દ્રવ્યોનો પણ આહાર ગ્રહણ કરે છે. એજ પ્રમાણે એક ગણાથી લઈને અનંત ગણા પીળાવર્ણવાળાં દ્રવ્યોનો આહાર પણ તેઓ ગ્રહણ કરે છે, અને એક ગણાથી લઈને અનંત ગણા શુકલતાવાળાં દ્રવ્યોનો પણ આહાર ગ્રહણ કરે છે. જો તેઓ ભાવની અપેક્ષાએ ગંધયુક્ત દ્રવ્યોનો આહાર કરે છે, તો શું તેઓ એક ગંધવાળા દ્રવ્યોનો આહાર કરે છે ? તે બે ગંધવાળા દ્રવ્યોને આહાર કરે છે ? હે ગૌતમ ! સામાન્ય દૃષ્ટિએ વિચારવામાં આવે તો તેઓ એક ગંધવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, અને બે ગંધવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, વિશેષ વિચારની દૃષ્ટિએ તો તેઓ સુરભિ ગંધવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, અને દુરભિગંધવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, જો તેઓ ગંધની અપેક્ષા સુરભિગંધવાળાં દ્રવ્યોનો આહાર કરે છે તો શું તેઓ એક ગણી ગંધવાળા સુરભિગંધવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, કે બેથી લઈને દસ ગણી, સંખ્યાત ગણી, અસંખ્યાત ગણી, કે અનંત ગણી સુરભિગંધવાળાં દ્રવ્યોનો આહાર કરે છે ? હે ગૌતમ તેઓ એક ગણી સુરભિગંધવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, યાવત્ અનંત ગણી સુરભિગંધવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. એવું જ કથન દુરભિગંધવાળાં દ્રવ્યોનો વિષે સમજી લેવું. વર્ણના સંબંધમાં જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન રસના વિષયમાં પણ સમજી લેવું.

હે ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો ભાવની આપેક્ષાએ જે સ્પર્શવાળાં દ્રવ્યોનો આહાર ગ્રહણ કરે છે, તે દ્રવ્યો શું એક સ્પર્શવાળાં હોય છે, કે બેથી લઈને આઠ પર્યંતના સ્પર્શોવાળાં હોય છે? સામાન્ય વિચારની અપેક્ષાએ તો તેઓ એક સ્પર્શવાળાં પણ હોતા નથી, બે સ્પર્શવાળાં પણ હોતાં નથી, ત્રણ સ્પર્શવાળાં પણ હોતા નથી, પરંતુ તેઓ ચાર સ્પર્શવાળાં દ્રવ્યોનો પણ આહાર પણ કરે છે. યાવત્ આઠ સ્પર્શોવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. વિશેષ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો તેઓ કર્કશ સ્પર્શવાળાં પુદ્‌ગલોનો આહાર કરે છે. યાવત્ રૂક્ષ સ્પર્શવાળાં પુદ્‌ગલોનો આહાર કરે છે. સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શવાળાં જે દ્રવ્યોનો તેઓ આહાર કરે છે, તે દ્રવ્યો શું એક ગણા કર્કશ સ્પર્શવાળાં હોય છે, કે બેથી લઈને અનંત ગણાં કર્કશ સ્પર્શવાળાં હોય છે ? હે ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિકજીવો એક ગણા કર્કશ સ્પર્શવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, યાવત્ અનંત ગણાં કર્કશ સ્પર્શવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. કર્કશ સ્પર્શના જેવું જ કથન યાવત્ રુક્ષ સ્પર્શોના વિષયમાં પણ સમજી લેવું

શું જ્યારે તે દ્રવ્યો તેમના આત્મપ્રદેશ સાથે હોય, ત્યારે તેમને આહાર રૂપે ગ્રહણ કરે છે ? કે જ્યારે તે તેમના આત્મપ્રદેશો સાથે સ્પૃષ્ટ ન હોય, ત્યાર તેમને આહાર રૂપે કરે છે ? હે ગૌતમ તેઓ જે દ્રવ્યોનો આહાર કરે છે, આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટ હોય છે, અસ્પૃષ્ટ હોતાં નથી હે ભગવન્ ! તે દ્રવ્યો આત્મપ્રદેશોની સાથે એક ક્ષેત્રાવસ્થાયી રૂપે અવગાઢ આત્મપ્રદેશા વગાહી ક્ષેત્રની બહાર અવસ્થિત હોય છે ? હે ગૌતમ ! અવાગઢ દ્રવ્યોનો જ આહાર કરે છે અનવગાઢ દ્રવ્યોનો આહાર કરતા નથી. હે ભગવન્ ! તેઓ અનન્તરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે ? કે પરંપરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે ? જે દ્રવ્યો અનન્તરાવગાઢ હોય છે, તેમને જ તેઓ આહાર રૂપે ગ્રહણ કરે છે પરંપરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરતા નથી. હે ભગવન્ તે નવ દ્રવ્યો શું અણું રૂપે થોડા જ પ્રમાણમાં તેમના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વારા આહાર રૂપે ગ્રહણ કરાય છે ? કે બાદર રૂપે અધિક પ્રમાણમાં-તેમના દ્વારા આહાર રુપે ગ્રહણ કરાય છે ? હે ગૌતમ ! તે દ્રવ્યો અલ્પ પ્રમાણમાં પણ ગ્રહણ કરાય છે અને પ્રભૂત પ્રદેશોપચિત દ્રવ્યો પણ તેમના દ્વારા ગ્રહણ કરાય છે. હે ભદન્ત ! દ્રવ્યો ઊર્ધ્વ પ્રદેશમાં રહેલાં હોય છે ? કે અધઃ પ્રદેશમાં રહેલાં હોય છે ? કે તિર્યક્પ્રદેશમાં રહેલાં હોય છે ? હે ગૌતમ ! દ્રવ્ય ઊર્ધ્વ પ્રદેશમાં પણ રહેલું હોય છે. અધઃ પ્રદેશમાં પણ રહેલું હોય છે અને તિર્યક્ પ્રદેશમાં પણ રહેલું હોય છે. તે આહાર શું તેઓ આદિમાં કરે છે કે મધ્યમાં આહાર કરે છે, કે અન્તે આહાર કરે છે ? હે ગૌતમ ! પ્રથમ સમયમાં પણ તે દ્રવ્યોને ગ્રહણ કરે છે. મધ્ય સમયમાં પણ ગ્રહણ કરે છે અને અન્તિમ સમયમાં પણ ગ્રહણ કરે છે. હે ભગવન્ ! તે દ્રવ્યો શું સ્વોચિત આહારને યોગ્ય છે, કે સ્વોચિત આહારને યોગ્ય ન હોય ? હે ગૌતમ ! તેઓ સ્વોચિત આહારને યોગ્ય દ્રવ્યોને જ ગ્રહણ કરે છે, હે ભગવન્ ! આનુપૂર્વીથી આહારણ કરે છે ? કે અનાનપૂર્વીથી હે ગૌતમ ! તેઓ આનુપૂર્વી અનુસાર જ આહરણ કરે છે, તે દ્રવ્યો શું ત્રણ દિશાઓમાં રહેલાં હોય છે ? કે ચાર કે પાંચ કે છ દિશાઓમાં રહેલાં હોય છે ? હે ગૌતમ ! જો પ્રતિબંધનો અભાવ રહેતો હોય,તો તે સ્થિતિમાં જીવ છ એ દિશાઓમાં રહેલાં દ્રવ્યોને આહાર રૂપે ગ્રહણ કરે છે. ક્યારેક ત્રણ ક્યારેક ચાર અને ક્યારેક પાંચ દિશાઓમાંથી મળતાં દ્રવ્યોને આહાર રૂપે ગ્રહણ કરે છે.

ઘણું કરીને કારણ વિશેષને લઈને તે જીવને વર્ણથી કૃષ્ણ યાવત્ ધોળા વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે. તથા ગંધથી સુગંધવાળા અને દુર્ગંધવાળા પુદ્ગલોનો આહાર કરે છે. રસથી તિક્ત યાવત્ અને મધુર રસથી યુક્ત પુદ્ગલોનો આહાર કરે છે. સ્પર્શથી કર્કશ, રુક્ષસ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે તેમના વર્ણ રૂપે ગુણોને, ગંધરૂપ ગુણોને અને સ્પર્શ રૂપે પરિણમવાવીને તેનાથી જુદા બીજા અપૂર્વ- વિલક્ષણ- વર્ણગુણોને રસગુણોને અને સ્પર્શ ગુણોને તેનામાં ઉત્પન્ન કરીને તેને સ્વશરીરપણાથી પરિણમવવા માટે સઘળા આત્મ પ્રદેશો દ્વારા આહારપણાથી ગ્રહણ કરે છે. હે ભગવન્ આ સૂક્ષ્મપૃથ્વીકયિકજીવો સૂક્ષ્મ-પૃથ્વીકાયિકપણાંથી ક્યાંથી મરીને ઉત્પન્ન થાય છે ? તિર્યગ્યોનિકજીવ મરીને સૂક્ષ્મપૃથ્વીકયિકા પણાથી ઉત્પન્ન થાય છે, કર્મભૂમિજ તિર્યંચો જ મરીને સૂક્ષ્મપૃથ્વીકાયિક પણાથી ઉત્પન્ન થાય છે. તથા મનુષ્યોમાંથી મરીને જીવ સૂક્ષ્મપૃથ્વીકાયિકપણાથી ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યાં પણ કર્મ ભૂમિના અંતરના અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા કર્મ ભૂમિના મનુષ્યોને છોડીને બાકીના દ્વીપના મનુષ્યોમાંથી મરીને ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રનાં વ્યુત્ક્રાંતિ પદમાં કહેવામાં આવેલ છે. એ જ પ્રમાણે અહિયાં પણ કહેવું જોઈએ.

હે ભગવન્ તે સૂક્ષ્મપૃથ્વીકાયિકજીવોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? હે ગૌતમ ! આ જીવોની સ્થિતિ જઘન્યથી અને ઉત્કર્ષથી પણ એક અંતર્મુહર્તની કહેલી છે. હે ભગવન્ ! તે જીવો શું મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે છે ? કે મારણાન્તિક સમુદ્ઘાત કર્યા વિના મરે છે ? હે ગૌતમ ! તેઓ બંને રીતે મરે છે. હે ભગવન્ તે સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવ ક્યાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તે જીવો મરીને તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! જો આ સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવો મરીને તિર્યંચ યોનિકોમાં ઉત્પન્ન થાય છે, તો શું તેઓ એકેન્દ્રિય તિર્યન્ચોમાં ઉત્પન્ન થાય છે ? અથવા બે ઈન્દ્રિય કે તેઈન્દ્રિય ચૌઈન્દ્રિય અથવા પંચન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિકાજીવો મરીને અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા ભોગભૂમિના તિર્યંચોને છોડીને પર્યાપ્ત અપ ર્યાપ્ત એક ઈન્દ્રિયવાળા તિર્યંચયોનિકોથી લઈને પાંચ ઈન્દ્રિયવાળા તિર્યંચયોનિકામાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે,તો અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા અકર્મભૂમિમાં ઉત્પન્ન થનારા મનુષ્યોને છોડીને અકર્મભૂમિના તથા અંતર દ્વીપના અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા ભોગભૂમિના મનુષ્યોને છોડીને બીજા પર્યાપ્તક અપર્યાપ્તક મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! આ જીવો કેટલી ગતિવાળા અને કેટલી આગતિવાળા હોય છે ? હે ગૌતમ આ જીવો બે ગતિવાળા હોય છે. તિર્યંચગતિ અને મનુષ્યગતિ. તેઓ તિર્યંચ અને મનુષ્ય ગતિ આ બે ગતિયોમાંથી જ આવે છે. હે ગૌતમ આ જીવો પ્રત્યેક શરીરવાળા હોય છે. અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણવાળા હોવાથી અસંખ્યાત કહેલા છે. આવા પ્રકારના આ સૂક્ષ્મપૃથ્વીકાયિકો છે.

[૧૫] હે ભગવન્ બાદર પૃથ્વીકાયિકોના કેટલા ભેદ હોય છે ? હે ગૌતમ ! બે પ્રકારના હોય છે, શ્લક્ષ્ણબાદરપૃથ્વીકાયિક અને ખરબાદર પૃથ્વીકાયિક

[૧૬] હે ભગવન્ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિકજીવો કેટલા પ્રકારના કહ્યા છે ? શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક જીવો સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, કૃષ્ણ મૃત્તિકા વિગેરે પ્રજ્ઞાપનાસૂત્રમાં આ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિકોના ભેદો કહ્યા છે હે ભગવન્ તે જીવોના કેટલા શરીરો કહેલા છે ? તે ત્રણ પ્રકારના શરીર હોય છે. ઔદારિક તૈજસ અને કાર્મણ શરીર તથા સૂક્ષ્મપૃથ્વીકાયિકની અવગાહના વિગેરે સંજ્ઞા દ્વારા સુધીના છ દ્વારોનું વર્ણન જે રીતે કરેલ છે એજ પ્રમાણે બાદર પૃથ્વી કાયિકોનું સમજવું વિશેષ એ કે બાદરપૃથ્વીકાયિકજીવોને ચાર લેશ્યાઓ, એમના આહાર નિયમથી છ દિશાઓથી હોય છે. તિર્યગ્યોનિકોમાંથી મરેલા જીવો, મનુષ્યયોનિમાંથી મરેલા જીવો, અને દેવયો નિમાંથી ચ્યવેલા જીવો બાદર પૃથ્વીકાયિકપણાથી ઉત્પન્ન થઈ શકે છે. વ્યન્તર દેવથી લઈને સૌધર્મ અને ઈશાન દેવ સુધીના દેવજ ચ્યવીને બાદર પૃથ્વીકાયિકા પણાથી ઉત્પન્ન થઈ શકે છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્ત્તની છે. અને તેમની સ્થિતિ ઉત્કૃષ્ટ થી બાવીસ હજાર વર્ષની છે. હે ભગવન્ આ બાદરપૃથ્વીકાયિકજીવો શું મારણાન્તિક સમુદ્‌ઘાતથી મરે છે ? અથવા મારણાન્તિક સમુદ્‌ઘાતથી કર્યા વિના મરે છે ? હે ગૌતમ ! બંને રીતે. હે ભગવન્ આ બાદરપૃથ્વીકાયિકજીવો મરીને ક્યાં જાય છે ? અને ક્યાં ઉત્પન્ન થાય છે હે ગૌતમ ! આ જીવો મરીને તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ તે જીવ મરીને કેટલી ગતિયોમાં જવાવાળા હોય છે ? અને કેટલી ગતિયોમાંથી આવવાવાળા હોય છે ? હે ગૌતમ આ જીવ મરીને તિર્યંચ ગતિ અને મનુષ્ય ગતિમાં જાય છે. અને તિર્યંચમનુષ્ય તથા દેવગતિ થી આવે છે. હે શ્રમણ પ્રત્યેક શરીરવાળા જીવના પ્રદેશો અસંખ્યાત લોકાકાશ પ્રમાણે હોવાથી અસંખ્યાત કહ્યા છે.

[૧૭]અપ્કાયિક જીવ બે પ્રકારના હોય છે. તે આ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાયિક અને બાદર અપ્કાયિક સૂક્ષ્મ અપ્કાયિક જીવ બે પ્રકારના કહેવામાં આવ્યા છે. જેમકે સૂક્ષ્મ પર્યાપ્ત અને સૂક્ષ્મ અપર્યાપ્ત. હે ભગવન્ સૂક્ષ્મ અપ્કાયિક જીવોને કેટલા શરીરો કહેલા છે ? ત્રણ શરીરો કહેલા છે. ઔદારિક તૈજસ અને કાર્મણ. સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવોના અવગાહનાદિ દ્વારો જે પ્રમાણે કહેવામાં આવ્યો છે. એજ પ્રમાણેના અવગાહ નાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપ્કાયિકા જીવોના પણ સમજવા. આ સૂક્ષ્મ અપ્કાયિકોનું સંસ્થાન-સ્તિબુક બુદ બુદ એટલે કે પાણીના પરપોટા જેવું છે. બાકીના દ્વાર સૂક્ષ્મપૃથ્વીકાયિકો પ્રમાણે સમજી લેવું.

[૧૮] હે ભગવન્ બાદર નામ કર્મોદયવાળા તે બાદર જીવો કેટલા પ્રકારના છે ? ગૌતમ ! બાદર અપ્કાયિક જીવો અનેક પ્રકારના કહેલા છે. ઓસ, હિમ, યાવત્ એ પ્રમાણેના બીજા પણ જેઓ છે, તે બધા બાદર અપૂકાયિકા જીવો છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક આ સંબંધી સઘળું કથન બાદર પૃથ્વીકાયિકાન સંબંધમાં કર્યું છે, એ જ પ્રમાણે સમજવું. બાદર પૃથ્વિકાયિકો કરતાં આ બાદર અપૂકાયિકોમાં સંસ્થાન, લેશ્યા આહાર,ઉપપાત અને સ્થિતિ આ પાંચ દ્વારના કથનમાં વિશેષ પણું છે, તે જ કહેવામાં આવે છે- બાદર અપ્કાયિકોના શરીરનું સંસ્થાન પાણીના બૂદ બુદ એટલે કે પરપોટા જેવું છે, કૃષ્ણ નીલ, કાપોત, અને તૈજસ આ ચાર લેશ્યાઓ હોય છે, આહાર નિયમથી છ દિશાઓમાંથી આવેલા પુદ્ગલ દ્રવ્યોનો હોય છે. તેમનો ઉત્પાદ, તીર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ માંથી થાય છે. તેઓની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટસ્થિતિ સાતહજાર વર્ષની હોય છે, આ કથન સિવાયનું બાકીનું બીજા સઘળું કથન બાદર પૃથ્વીકાયિકોના કથન પ્રમાણે જ છે.

[૧૯]વનસ્પતિકાયિક જીવો કેટલા પ્રકારના હોય છે ? બે પ્રકારના કહેવામાં આવે છે. સૂક્ષ્મવનસ્પતિકાયિક અને બાદરવનસ્પતિ કાયિક.

[૨૦] સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોના કેટલા પ્રકારના છે. બે પ્રકારના કહેલા છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત આ સૂક્ષ્મ વનસ્પતિક જીવના સંબંધમાં શરીર વિગેરે દ્વારનું કથન સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવના સંબંધમાં કહ્યા પ્રમાણે જ સમજી લેવું. વિશેષતા કે -આ સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોનું સંસ્થાન 'અનિત્થંસ્થ' હોય છે.

[૨૧] હે ભગવન્ બાદર વનસ્પતિકાયિકોના કેટલા ભેદો કહ્યા છે ? બે પ્રકારના પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક અને સાધારણશરીર બાદર વનસ્પતિકાયિક

[૨૨-૨૩] પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકા જીવો કેટલા પ્રકારના કહેલા છે ? બાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે. રૂક્ષ-ગુચ્છ-ગુલ્મ-લતા- વલ્લી પનક તૃણ વલય. હરિત - ઔષધિ જળ રુહ અને કુહણ

[૨૪] વૃક્ષો બે પ્રકારના કહ્યા છે. એકત્થિક અને બહુ બીજક. હે ભગવન્ એક સ્થિક વૃક્ષો કેટલા પ્રકારના હોય છે ? એકસ્થિક વૃક્ષો અનેક પ્રકારના હોય છે. જેમકે લીંબડો, આંબો, જાંબુ યાવત્ પુન્નાગ, નાગવૃક્ષ અને અશોક વૃક્ષ. બીજા પણ એવા પ્રકારના ફળવાળા વૃક્ષો પણ જે એકસ્થિક પદથી ગ્રહણ કરાયા છે. આ લીંમડા વિગેરે ઝાડોના મૂળ પણ અસંખ્યાત જીવોવાળા હોય છે. એજ પ્રમાણે આ વૃક્ષોના કન્દ,સ્કંધ, ત્વચા શાખા પ્રવાળ આ બધા અસંખ્યાત જીવોવાળા હોય છે તેના ફળોમાં કેવલ એકજ ગોઠલી બી હોય છે. તથા તેના પુષ્પો અનેક જીવોવાળા હોય છે. આ પ્રમાણે લીમડાના વૃક્ષ વિગેરેને એકસ્થિક કહ્યા છે. હે ભગવન્ બહુબીજવાળા વૃક્ષો ક્યા ક્યા છે ? બહુબીજવાળા વૃક્ષો અનેક પ્રકારના કહેલા છે. તે આ પ્રમાણે અસ્થિક, તિંદુક, ઉંમરડો, કોંઠા વિગેરે એજ પ્રમાણે આમલક, પનસ, દાડમ, અનાર વડનું ઝાડ કાકોદુમ્બરીય, તિલક, લકુચ અને લોધ્ર આ બધા વૃક્ષો બહુબીજવાળા હોવાથી બહુબીજક કહેવાય છે. બીજા જે આ વૃક્ષોના જેવા વૃક્ષો હોય છે તે બધા જ બહુબીજ વૃક્ષોમાં ગણેલા છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુબીજવાળા વૃક્ષોના મૂળ અસંખ્યાત જીવોથી વ્યાપ્ત હોય છે. યાવત્ તેના ફલો બહુ બીજવાળા હોય છે.

[૨૫] આ વૃક્ષરૂપી વનસ્પતિકાય જીવોનું સંસ્થાન અનેક પ્રકારનું હોય છે. ક્યા વૃક્ષોના સ્કંધ માં એક જીવ હોય છે ? તાલસરલ, નાળીએરી આ પ્રત્યેક વૃક્ષોમાં એક એક જીવ હોય છે અને તેના સ્કંધોમાં પણ એક એક જીવ હોય છે. જે શ્લેષ દ્રવ્ય પદાર્થથી મિશ્રિત થયેલ સર્ષવોનીગોળી એક રૂપ અને એક આકારવાળી હોય છે, એજ પ્રમાણે પ્રત્યેક શરીરી જીવોના શરીરસંઘાત જૂદા જૂદા સ્વ, સ્વ, અવગાહના વાળા હોય છે. જેવી રીતે તલ પ્રધાન લોટવાળી અપૂપિકા-તલપાપડી, તે જેમ અનેક તલથી મળેલી હોય છે. તો પણ એકજ કહેવાય છતાં પણ તેમાંના તલ જુદા જુદા પોત પોતાની અવગાહનામાં રહેલા છે. એજ પ્રમાણે પ્રત્યેક શરીરી જીવોના શરીરસંઘાત પણ કથંચિત એક રૂપ થઈને પણ પૃથક્ પૃથક્ પોતપોતાની અવગાહનામાં રહે છે. તેઓ અહિંથી મરીને તિર્યંચ અને મનુષ્ય અને ગતિમાં જ જાય છે,તથા તિર્યંચ મનુષ્ય અને દેવએ ત્રણ ગતિમાંથી નીકળી ને અહિંયા ઉત્પન્ન થાય છે, આ પ્રત્યેક શરીરી અસંખ્યાત્ હોય છે,

[૨૯] હે ભગવાન્ જે સાધારણ શરીર બાદર વનસ્પતિ જીવ છે. તેના કેટલા ભેદો છે ? હે ગૌતમ ! સાધારણશરીર બાદરવનસ્પતિકાયિક જીવ અનેક પ્રકારના કહેલા છે, જેમકે- આલુ, મૂળા, આદુ, હિરિલી, સિરિલી, સિસ્સિરિલિ, કિટિકા, ક્ષીરિકા, ક્ષીરવિડા લિકા, ક્રિષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ, ખલ્લુટ, કિમિરાશી, ભદ્રમોથા, હલદર, લૌહી, સ્નુહિ થુવર, સ્તિભુ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીઉંઠી, મૂષંઢી એજ પ્રમાણે બીજા પણ જે આના જેવા હોય તે પણ સાધારણ વનસ્પતિકાયમાં ગ્રહણ કરી લેવા, તે સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે. પર્યાપ્તક અને બીજા અપર્યાપ્તક હે ભગવન ! આ સાધારણ વનસ્પતિ કાયિકોને કેટલા શરીર હોય છે ? ત્રણ પ્રકારના શરીરો કહેલા છે,ઔદારિક, તૈજસ અને કાર્મણ બાદર પૃથ્વીકાયિકોના પ્રકરણમાં બાદરપૃથ્વીકાયિકોના શરીર વિગેરે દ્વારનું જે પ્રમાણે કથન કર્યું છે, એજ પ્રમાણે તે સઘળા દ્વારોનું કથન આ બાદરવનસ્પતિકાયિકોના સંબંધમાં પણ સમજી લેવું વિશેષ એ કે બાદરવનસ્પતિ કાયિકોના શરીરના અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગપ્રમાણની હોય છે. અને ઉત્કૃષ્ટ કંઈક વધારે એક હજાર યોજન હોય છે. બાદર વનસ્પતિકાયિકા જીવોના જે શરીરો છે, તે અનિત્થંસ્થ સંસ્થાન વાળા છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી દસ હજાર વર્ષની છે. જીવોની ઉત્પત્તી તીર્યંચ અને મનુષ્યોમાં થાય છે. તેમજ તિર્યંચ મનુષ્ય અને દેવ ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે. આ પ્રત્યેક શરીર અસંખ્યાત અને અપ્રત્યેક શરીર અનંત કહેલા છે,

[૩૦] હે ભગવન્ ત્રસજીવો કેટલા પ્રકારના કહ્યા છે ? ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. તેજસ્કાયિક, વાયુકાયિક અને ઔદારિક ત્રસ પ્રાણી.

[૩૧] હે ભગવન્ તેજસ્કાયિક જીવોના કેટલા ભેદો કહ્યા છે ? તેના બે પ્રકારના કહ્યા છે. સૂક્ષ્મ તેજસ્કાયિક અને બાદર તેજસ્કાયિક

[૩૨] હે ભગવન્ સૂક્ષ્મ તેજસ્કાયિકના કેટલાભેદ છે ? જે પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વી કાયિકોનું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે આ સૂક્ષ્મ તેજસ્કાયિકજીવોનું પણ કથન સમજી લેવું કેવળ તેમના શરીર સૂચિકલાપ જેવા સંસ્થાન વાળા છે. તે કેવળ તિર્યંચ

ગતિમાંજ ઉત્પન્ન થાય છે. તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિયોમાંથી આવે છે.

[૩૩] હે ભદન્ત ! બાદર તેજસ્કાયિકો કેટલા પ્રકારના છે ? બાદર તેજસ્કાયિક જીવો અનેક પ્રકારના કહ્યા છે. અંગાર, જવાલા, મુર્મુરાવસ્થાવાળો અગ્નિ યાવત્ સૂર્ય કાન્ત મણિમાંથી નીકળેલ અગ્નિ આ કહેલ અગ્નિના ભેદો સિવાય જે આવા પ્રકારની અગ્નિ હોય તે તમામ અગ્નિઓ પણ બાદર તેજસ્કાયિક અગ્નિ કહેવાય છે. આ બાદર તેજસ્કાયિક અગ્નિ સંક્ષેપથી બે પ્રકારના કહેલ છે, પર્યાપ્ત અને અપર્યાપ્ત હે ભગવન્ આ બાદર તેજસ્કાયિકોને કેટલા શરીરો હોય છે ? ત્રણ પ્રકારના ઔદારિક, શરીર, તૈજસ શરીર અને કાર્મર્ણ શરીર, શરીર દ્વારના કથન સિવાય અવગાહના દ્વાર અને સંહન દ્વારાનું કથન પૃથ્વીકાયિકોના પ્રકરણમાં પ્રમાણે સમજવું. પરંતુ આ બાદર તેજસ્કાયિકોના શરીરદ્વાર અને સંસ્થાન દ્વારા પૃથ્વીકાયિકોથી જુદા પ્રકારનું હોય છે. જેમકે બાદર તેજસ્કાયિકોનું શરીર સૂચિકલાપ-નામના સંસ્થાનવાળું હોય છે. આ સિવાય લેશ્યા દ્વાર, સ્થિતિદ્વાર અને ઉપપાત દ્વારમાં પણ ભિન્નતા છે જેમકે બાદર તેજસ્કાયિકોને કૃષ્ણ,નીલ અને કાપોત એ ત્રણેજ લેશ્યાઓ હોય છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટથી રાત્રી દિવસની હોય છે. ઉત્પત્તી તિર્યંચ અને મનુષ્ય ગતિથી હોય છે. લેશ્યા દ્વાર સ્થિતિદ્વારાના કથન સિવાયનું બધાદ્વારોનું કથન પૃથ્વીકાયિકોનું જે પ્રમાણે કથન કર્યું છે, તેજ પ્રમાણેનું સમજવું આ મરીને કેવળ એક તિર્યંચ ગતિમાં જવાવાળા હોય છે. તેઓ તિર્યંચ અને મનુષ્ય આ બે ગતિમાંથી આવેલા જીવોમાંથી ઉત્પન્ન થાય છે. પ્રત્યેક શરીરી. અસંખ્યાત કહ્યા છે. આ પ્રમાણે બાદર તેજસ્કાયિકોનું નિરૂપણ કર્યું છે.

[૩૪] હે ભગવન આ વાયુકાયિકોના કેટલા ભેદ હોય છે ? વાયુકાયિક જીવો બે પ્રકારના કહ્યા છે. સૂક્ષ્મ વાયુકાયિક અને બાદર વાયુકાયિક અહિં સૂક્ષ્મ વાયુકાયિકોનું વર્ણન સૂક્ષ્મ તેજસ્કાયિકોના કથન પ્રમાણે જ છે. વિશેષ એ કે તેઓનું શરીર પતાકા ધ્વજાના આકાર જેવું હોય છે.આ જીવો એક ગતિવાળા હોય છે, બે ગતિમાંથી આવવાં વાળા કહેલા છે. પ્રત્યેક શરીરી અસંખ્યાત હોય છે. હે ભગવન્ બાદર વાયુકાયિક જીવોનુંતેના કેટલા ભેદો છે ? બાદર વાયુકાયિક જીવો અનેક પ્રકારના કહેલા છે. પ્રાચીન વાયુ પ્રતીચીન વાયુ, વિગેરે બીજા પણ જે પ્રાચીન વાયુ વિગેરેના જેવા પણ પ્રાચીન વાયુથી બીજા પ્રકારના વાયુઓ છે તે બધાને બાદર વાયુ કાયિક પણાથી જે માનેલા છે. વાયુકાયિક સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. પર્યાપ્ત વાયુકાયિક અને અપર્યાપ્ત વાયુ કાયિક. હે ભગવન્ આ બાદર વાયુકાયિકોના કેટલા શરીરો હોય છે ? ચાર શરીર હોય છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. શરીરનું સંસ્થાન પતાકા-ધજાના જેવું હોય છે. ચાર સમુદ્ઘાતો હોય છે, વેદના સમુદ્ઘાત ૧, કષાય સમુદ્ઘાત ૨, મારણાંતિક સમુદ્ઘાત ૩, અને વૈક્રિય સમુદ્ઘાત આ વાયુકાયિક જીવોનો આહાર વ્યાઘાતના અભાવમાં છ એ દિશાઓ માંથી આવેલા પુદ્ગલ દ્રવ્યોનો હોય છે. અને જ્યારે વ્યાઘાત થાય છે,તે વખતે એમનો આહાર કોઈ વાર ત્રણ દિશાઓથી અને કોઇ વાર ચાર દિશા ઓમાંથી અને કોઈ વાર પાંચ દિશાઓમાંથી આવેલા પુદ્ગલ દ્રવ્યોનો હોય છે. તેઓનો ઉત્પાદ-કેવળ તિર્યગ્ગતિમાં જ હોય છે સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટથી ત્રણ હજાર વર્ષના હોય છે. શરીર, સંસ્થાન, સમુદ્ઘાત આહાર, ઉત્પાદ અને


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ આટલા સિવાય બાકીના બીજા તમામદ્વારોનું કથન બાદર વાયુકાયિકોના સંબંધમાં જે પ્રમાણે કહ્યું છે તેજ પ્રમાણે સૂક્ષ્મ વાયુકાયિ કોના સંબંધમાં પણ સમજવું. તથા બે ગતિમાંથી આવવા વાળા હોય છે. હે શ્રમણ ! આયુષ્યન્ પ્રત્યેક શરીરી બાદર વાયુકાયિક અસંખ્યાત છે.

[૩૫] હે ભગવને જેઓ ઔદારિક શરીર, નામ કર્મના ઉદયવાળા એક ત્રસ જીવો છે. તે કેટલા પ્રકારના છે ? ચાર પ્રકારના બે ઈન્દ્રિય,યાવત્ પંચદ્રિય ત્રસ,

[૩૬] હે ભગવન્ બે ઈન્દ્રિયવાળા જીવોના કેટલા ભેદો છે ? હે ગૌતમ અનેક પ્રકારના હોય છે. પુલાકૃમિક યાવત્ સમુદ્ર લિક્ષ. આ બે ઈન્દ્રિય જીવો સંક્ષેપથી બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક પર્યાપ્તક દ્વીન્દ્રિય જીવો અને બીજા અપર્યાપ્તક દ્વીન્દ્રિય જીવો. આ જીવોને કેટલા પ્રકારના શરીરો કહેલા છે ? ત્રણ શરીરો કહેલા છે. ઔદારિક,શરીર, તૈજસ શરીર, અને કાર્મણ શરીર. આ દ્વીન્દ્રિય વાળા જીવોના શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? તેઓના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણની અને ઉત્કૃષ્કથી બાર યોજન પ્રમાણની કહેલી છે. તેમનું સંહનન સેવાર્ત હોય છે. દ્વીન્દ્રિય જીવો હુંડક સંસ્થાનવાળા કહેવાય છે, તેઓને ચાર કષાયો હોય છે ચાર સંજ્ઞાઓ હોય છે. ત્રણ લેશ્યાઓ હોય છે. ત્રણ સમુદ્દ્ઘાત હોય છે. આ જીવો અસંજ્ઞી હોય છે. નપુંસકવેદ વાળા જ હોય છે. તેઓ પાંચ પર્યાપ્તિયોવાળા હોય છે, અને પાંચ અપર્યાપ્તિયોવાળા હોય છે. આ બે ઈન્દ્રિયવાળા જીવો સમ્યગ્દૃષ્ટિવાળા પણ હોય છે. અને મિથ્યાદૃષ્ટિવાળા પણ હોય છે તેઓ ફકત અચક્ષુ દર્શની હોય છે. તેઓ જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. જો તેઓ જ્ઞાની હોય તો તેઓ નિયમથી બે જ્ઞાનવાળા હોય છે. આભિનિબોધક જ્ઞાની અને શ્રુતજ્ઞાની. જો અજ્ઞાન વાળા હોય છે, તો તે બે અજ્ઞાન વાળા હોય છે. જેમકે મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન તેઓ વચન યોગવાળા તથા કાયયોગવાળા હોય છે. સાકારોપયોગવાળા પણ હોય છે. અને અનાકારોપયોગવાળા પણ હોય છે. નિયમથી છએ દિશાઓમાંથી આવેલા પુદ્ગલદ્રવ્યો નો તેઓ આહાર કરે છે. આ જીવોનો ઉપપાત તિર્યંચ અને મનુષ્યોમાં તિર્યંચ અને મનુષ્યોમાં હોય છે. મનુષ્યોમાં પણ અસંખ્યાતવર્ષની આયુષ્ય વાળા મનુષ્યોમાં તેઓનો જન્મ થતો નથી. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે અને ઉત્કૃષ્ટથી બારવર્ષની હોય છે. તેઓ મારણાન્તિક સમુદ્ઘાત કરીને પણ મરે છે, અને મારણાન્તિક સમુદ્ઘાત કર્યા વિના પણ કરે છે. આ બે ઈન્દ્રિય વાળા જીવો બે ઈન્દ્રિય ગતિમાંથી નીકળી ને તિર્યંચગતિ અને સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાં આ બે ગતિયોમાં જ ઉત્પન્ન થાય છે. બે ગતિવાળા હોય છે. અને દ્વયાગતિક હોય છે.

[૩૭] હે ભગવાન્ તે ઈન્દ્રિય જીવોના કેટલા ભેદ છે ? હે ગૌતમ તે ઈંદ્રિય જીવો અનેક પ્રકારના કહેલા છે ઓવઈયા રોહિણિકા થી લઈને હસ્તિશુણ્ડના સુધીના જીવ તેઈન્દ્રિય જીવ છે. તથા આવાજ બીજા પણ જે જીવો છે તે સઘળા તેઈન્દ્રિય જીવો સમજવા. તેઈન્દ્રિય જીવો સંક્ષેપથી બે પ્રકારના શરીર દ્વારથી લઈને ગત્યાગતિક દ્વારસુધીનું તેઓનું વર્ણન જે પ્રમાણે દ્વીન્દ્રિય જીવોના પ્રકરણમાં કર્યું છે. એજ પ્રમાણેનું સમજી લેવું. વિશેષતા એ કે બે ઈન્દ્રિય જીવોની જેમ ત્રણ ઈન્દ્રિય વાળા જીવોની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગપ્રમાણની છે. અને તેની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણકોસની

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

છે. તેઓને સ્પર્શ રસના, અને ઘ્રાણ આ ત્રણ ઈન્દ્રિયો હોય છે. તેમની સ્થિતિ જઘન્યથી એક અંત મુંહૂર્તની હોય છે. અને ઉત્કૃષ્ટથી ૪૯ રાતદિવસની હોય છે. બાકીના જે શરીર સંહનન, વિગેરે દ્વારો છે. તે બધા બે ઈન્દ્રિયવાળા જીવોના કથન પ્રમાણેજ છે. આ જીવો દ્વીગતિક અને દ્વયાગતિક હોય છે. આ પ્રત્યેક શરીરી અસંખ્યાત હોય છે.

[૩૮] હે ભગવન્ ચૌઈદ્રિય જીવોના કેટલા ભેદો કહેલા છે ? અનેક પ્રકારના કહ્યા છે અન્ધિકા, પુત્રિકા યાવત્ ગોમયકીડા ચૌઈન્દ્રિય જીવો સંક્ષેપથી બે પ્રકારના કેહલા છે. પર્યાપ્તિક અને અપર્યાપ્તિક હે ગૌતમ ! તેઓને ત્રણ શરીરો હોય છે.-ઔદારિક શરીર, તૈજસ અને કાર્મણ. શરીરની અવગાહના જઘન્ય થી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની છે અને ઉત્કૃષ્ટથી ચાર કોસ પ્રમાણની છે. તેઓની ઈંદ્રિયો સ્પર્શન રસના, ઘ્રાણ અને ચક્ષુ એ પ્રમાણે ચાર હોય છે. તેઓને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ બે દર્શનો હોય છે. સ્થિતિદ્વારમાં તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે. અને ઉત્કૃષ્ટથી તેઓની સ્થિતિ છમાસની હોય છે. આ સિવાય બીજા જે સંસ્થાન વિગેરે દ્વારો છે, તે બધા પ્રત્યેક શરીરથી પર્યંત તેઈંદ્રિય જીવોના પ્રકરણમાં જે પ્રમાણે પ્રતિપાદન કર્યા છે, એજ પ્રમાણે પ્રતિપાદન કરી લેવું.

[૩૯] હે ભગવાન્ પંચન્દ્રિય જીવોના કેટલા ભેદો છે ? હે ગૌતમ ! પંચેન્દ્રિય જીવોને પાંચ ઈંદ્રિયો હોય છે, તેના ચાર પ્રકારો આ પ્રમાણે છે. નૈરયિકજીવો તિર્યગ્યોનિકજીવ, મનુષ્યજીવ અને દેવ

[૪૦] નૈરયિક જીવો કેટલા પ્રકારના છે ? નૈરયિક જીવો સાતપ્રકારના કહેલા છે રત્નપ્રભા પૃથ્વી નૈરયિક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક. આ સાતે નારકો સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે પર્યાપ્તક અને અપર્યાપ્તક તેઓને ત્રણ શરીરો કહેલા છે. વૈક્રિય શરીર. તૈજસ શરીર અને કાર્મણ શરીર. તેમની શરીરાવગાહના બે પ્રકારની કહેલી છે-ભવ ધારણીય શરીરાવગાહના અને બીજી ઉત્તરવૈક્રિય શરીરાવગાહના. ભવધારણીય શરીરાવ ગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે હોય છે. ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ પ્રમાણવાળી હોય છે. ઉત્તરવૈક્રિયકી શરીરાવગાહના જઘન્યથી આંગળના સંખ્યાતમાં ભાગપ્રમાણની હોય છે. ઉત્કૃષ્ટથી સાતમી પૃથ્વીમાં આ અવગાહના એક હજાર ધનુષ પ્રમાણની હોય છે. નારક જીવોના શરીર છ સંહનનોમાંથી કોઈ પણ સંહનન વાળા હોતા નથી તેઓમાંનાડીયો પણ હોતી નથી, તેથી તેઓના શરીરોને સંહનન વિનાના કહેલ છે.જે પુદ્ગલો અનિષ્ટ છે અકાન્ત છે, અકમનીય છે, અપ્રિય છે, અમનોરૂપ છે મનને રૂચિકર નથી. એવા તે પુદ્ગલો એ નારક જીવોના શરીરના સંઘાતરૂપી પરિણામને પ્રાપ્ત થઈ જાય છે. નારકજીવોના શરીર બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક ભવધારણીય શરીર અને બીજું ઉત્તર વૈક્રિય શરીર તે બંને શરીરો હુંડક સંસ્થાનવાળા હોય છે. નારકજીવોને ચાર કષાય જ હોય છે. ચાર સંજ્ઞાઓ હોય છે. કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ જ લેશ્યાઓ હોય છે. પાંચ ઈન્દ્રિયો હોય છે. ચાર સમુદ્ઘાતો હોય છે. વેદના સમુદ્ઘાત ૧ કષાય સમુદ્ઘાત ૨ મારણાન્તિક સમુદ્ઘાત અને વૈક્રિયસમુદ્ઘાત ૪, તે નારકજીવો સંજ્ઞી પણ હોય છે, અને અસંજ્ઞી પણ હોય છે. કેવળ નપુંસક વેદવાળા જ હોય છે. છ પર્યાપ્તિવાળા અને છ અપર્યાપ્તિવાળા હોય છે.

આ નારક જીવો ને ત્રણ પ્રકારની દૃષ્ટિએ હોય છે, ત્રણ દર્શન હોય છે. તે જ્ઞાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે, અને અજ્ઞાની પણ હોય છે જે જ્ઞાની હોય છે તે નિયમથી ત્રણ જ્ઞાન વાળા હોય છે આભિનિબોધક જ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. જે અજ્ઞાની હોય છે તેમાં કોઈ બે અજ્ઞાનવાળા હોય છે અને કોઈ કોઈ ત્રણ અજ્ઞાનવાળા હોય છે. જે નારકો બે પ્રકારના અજ્ઞાનવાળા હોય છે. તેઓ નિયમથી મતિ અજ્ઞાનવાળા અને શ્રુતજ્ઞાનવાળા હોય છે. જે ત્રણ અજ્ઞાનવાળા હોય છે તેઓ નિયમથી મતિ અજ્ઞાનવાળા શ્રુત અજ્ઞાનવાળા અને વિભંગ જ્ઞાનવાળા હોય છે. નારક જીવોને ત્રણ પ્રકારનો યોગ હોય છે કે-મનોયોગ, વચનયોગ અને કાયયોગ. નારક જીવોને સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ આ બે પ્રકારનો ઉપયોગ હોય છે. નારક જીવોનો આહાર છ દિશાઓમાંથી આવેલા પુદ્ગલ દ્રવ્યોનો હોય છે. પ્રાયઃ કારણનો આશ્રય કરીને તેઓ વર્ણથી કાળાવર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે. નારક જીવોનો ઉપપાત તિર્યંચોમાંથી અને મનુષ્યોમાંથી હોય છે. પરંતુ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા, તિર્યંચ મનુષ્યોમાંથી થતો નથી. નારક જીવોની સ્થિતિ જઘન્યથી દસહજાર વર્ષની હોય છે અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની હોય છે. આ જીવો મારણાન્તિક સમુદ્ઘાતથી પણ મરે છે અને સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે. પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠાવ્યુત્ક્રાંતિ પદમાં નારકોની ઉદ્વર્તના જે રીતે કહેલ છે, એજ પ્રમાણે તે અહિયાં પણ સમજી લેવી. તિર્યંચ અને મનુષ્યોમાં જ નારક જીવોની ઉત્પત્તી થાય છે તથા આ નારક જીવો તિર્યંચ અને મનુષ્યોમાંથી જ આવીને જન્મ ધારણ કરે છે

[૪૧] હે ભગવન્ પંચેન્દ્રિય તિર્યંચોના કેટલા ભેદો છે ? હે ગૌતમ ! બે-સંમૂચ્છિંમપંચેન્દ્રિયતિર્યંચયોનિક અને ગર્ભવ્યુત્કાન્તિકપંચેન્દ્રિય તિર્યગ્યોનિક.

[૪૨] હે ભગવન્ સંમૂચ્છિંમ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવ કેટલા પ્રકારના કહેલા છે ? ત્રણ પ્રકારના કહ્યા છે. જલચર, થલચર અને ખેચર,

[૪૩] હે ભગવન્ જલચર જીવોનાં ભેદો કેટલા કહેલા છે. જલચર જીવો પાંચ પ્રકારના કહ્યા છે. મત્સ્ય, કચ્છપ મગર ગ્રાહ અને સિંસુમારક હે ભગવાન્ પાંચ પ્રકારના જલચરો પૈકી મત્સ્યોના કેટલા પ્રકારના ભેદો કહેલા છે ? પ્રજ્ઞાપના સૂત્રમાં પહેલા પદમાં જે પ્રકારથી મત્સય, માછલા, કચ્છપા-કાચબા, મગર ગ્રાહ અને શિશુ-માંરોના ભેદો કહ્યા છે, એજ પ્રમાણે તે પાંચે પ્રકારના જલચરોના ભેદો અહિયાં કહેવા જોઈએ. જલચરોના ત્રણ શરીરો કહેલા છે, ઔદારિક, તૈજસ,અને કાર્મણ શરીરોની અવગાહ ના જઘન્યથી એક આગળના અસંખ્યાત ભાગ પ્રમાણની કહી છે અને ઉત્કૃષ્ટ થી એક હજાર યોજન પ્રમાણની કહી છે. તેઓ સેવાર્ત સંહનનવાળા હોય છે, તેઓના શરીર હુંડક સંસ્થાનવાળા હોય છે,તેઓને ચાર કષાયો હોય છે. ચાર સંજ્ઞાઓ હોય છે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, અને પદ્મ એ પાંચ પ્રકારની લેશ્યાઓ હોય છે. પાંચ ઇંદ્રિયો હોય છે. વેદના, કષાય, અને મારણાન્તિક આ ત્રણ સમુદ્ઘાતો હોય છે, તેઓ અસંજ્ઞી હોય છે. તેઓ બધા નપુંસક વેદવાળાજ હોય છે. પાંચ પર્યાપ્તિયો અને પાંચ અપર્યાપ્તિયો હોય છે. આ જીવ સમ્યગ્દષ્ટિય વાળાપણ હોય છે અને મિથ્યાદષ્ટિવાળા પણ હોય છે. તેઓને બે દર્શનો હોય છે, બે જ્ઞાન હોય છે, બે અજ્ઞાન હોય છે, બે યોગો હોય છે, બે ઉપયોગવાળા છે. તેઓના આહાર છદિશાઓમાંથી આવેલા પુદ્ગલો દ્રવ્યોનો છે.

તિર્યંચ અને મનુષ્યોમાંથી આવેલા જીવો આ જલચરોમાં ઉત્પન્ન થાય છે. જેઓ તિર્યંચોમાંથી આવે છે તેઓ અસંખ્યાતવર્ષાયુષ્ક તિર્યંચો માંથી આવેલા જીવો અહિંયાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થતા નથી. એજ પ્રમાણે જો મનુષ્યોમાંથી આવેલા જીવોમાંથી તેઓના ઉપપાત થાય તો તે અકર્મભૂમિજ અંતરદ્વીપના મનુષ્યો કે જેઓ અસંખ્યાતવર્ષની આયુષ્ય વાળા હોય છે. તેમાંથી થતી નથી. સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે. ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિની હોય છે. આ જલચર સંમૂર્ચ્છિમ જીવો સમુદ્‌ઘાત કરીને કે કર્યા વિના મરે છે. આ જીવ મરીને ચારેગતિ માં ઉત્પન્ન થાય છે. જો નરકોમાં ઉત્પન્ન થાય તો રત્નપ્રભા નામના પહેલા નરકમાં જ ઉત્પન્ન થાય છે. તિર્યંચયોનિકોમાં બધાજ પ્રકારની તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. ચતુષ્પદોમાં પણ ઉત્પન્ન થાય છે. પક્ષીયોમાં પણ ઉત્પન્ન થાય છે. સઘળા કર્મભૂમિના મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. આ જલચર સંમૂર્ચ્છિમ જીવ અકર્મભૂમિના મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. અંતરદ્વીપજ મનુષ્યોમાં તેઓ ઉત્પન્ન થાય છે. સંખ્યાત વર્ષની આયુષ્યવાળા કે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાં પણ તેઓ ભવનવાસી દેવોમાં અને વાનવ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે. ચારે ગતિયોમાં જઈ શકે છે તેઓનું આગમન તિર્યંચ અને મનુષ્ય એ બેગતિમાંથી જ હોય છે.

[૪૪] હે ભગવન્ સ્થલચર સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવ કેટલા પ્રકાર-ના કહ્યા છે ? બે પ્રકારના કહેલા છે. ચતુષ્પદ-સ્થલચર સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યગ્યો-નિકજીવ અને પરિસર્પ સ્થલચર સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યગ્યોનિકજીવ. સ્થલચર ચતુષ્પદ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો ચાર પ્રકારના કહેલા છે. એક ખરી વાળા, બે ખરીવાળા, ગંડીપદ અને સનખપદ આ પશુઓ સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે. એક પર્યાપ્તક અને બીજો અપ ર્યાપ્તક. તેઓને ત્રણ પ્રકારના શરીરો હોય છે. અવગા હના જઘન્યથી એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણની હોય છે. અને ઉત્કર્ષથી અવ ગાહના ગવ્યૂતિપૃથકત્વ અર્થાત્ બે ગાઉથી લઈને નવ ગાવ સુધીની હોય છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટસ્થિતિ ચોર્યાસી હજારવર્ષ સુધીની હોય છે. બાકીના શરીર વિગેરે સઘળા દ્વારો જલચર સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યગ્યોનિકોના પ્રકરણમાં જે પ્રમાણે કહેલ છે, એજ પ્રમાણે અહિયાં પણ સમજી લેવા. આ ચતુષ્પદો ચારગતિ વાળા અને બે આગતિવાળા છે. જલચર જીવોના પ્રકરણમાં જે પ્રમાણે શરીર વિગેરે દ્વારોનું કથન કરેલ છે એજ પ્રમાણે ઉરઃપરિસર્પ સંમૂર્ચ્છિમ સ્થલચર પંચેન્દ્રિયો ના સંબંધમાં પણ સમજી લેવું પરંતુ જે ભિન્નપણું છે, તે એવી રીતનું છે કે- ઉરઃપરિસર્પ સ્થલચર જીવોના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણની છે અને ઉત્કૃષ્ટથી યોજન પૃથકત્વ છે, તેઓની સ્થિતિ-ઉરઃપરિસર્પોની જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી તેપન હજાર વર્ષની છે, બાકી કથન જલચરોના પ્રકરણમાં જે પ્રમાણે કહેલ છે, એજ પ્રમાણે સમજી લેવું. તેઓ ચાર ગતિમાં જવાવાળા અને બે ગતિથી આવવાવાળા હોય છે. પ્રત્યેક શરીરી અસંખ્યાત કહેલા છે.

ભુજપરિસર્પ સંમૂર્ચ્છિમ સ્થલચર જીવો કેટલા પ્રકારના કહેલા છે. ઘો નોળિયા વિગેરે યાવત્ પદથી પ્રજ્ઞાપના સૂત્રમાં જે ભેદો કહેલા છે, તે તમામ ભેદો સમજી લેવા. આનાથી જે ભિન્નજીવો છે, પણ તે નકુલ-નોળીયા જેવા હોય તો તે બધા જ ભુજપરિસર્પ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યગ્યોનિકપણાથી જ સમજવા. તેઓ સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે. એક પર્યાપ્ત અને બીજા અપર્યાપ્ત તેઓના શરીરની અવગાહના જઘન્યથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણની છે. અને ઉત્કૃષ્ટથી ધનુષ પૃથકત્વ છે. તેમની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી બેંતાલીસ હજાર વર્ષની છે. સિવાય શરીર વિગેરે દ્વારોનું કથન જલચર સંમૂચ્છિમ જીવો પ્રકરણમાં જે પ્રમાણે કહેલ છે. તેજ પ્રમાણે સમજી લેવું. તેઓ સીધા ચારે ગતિયોમાં જઈ શકે અને બે ગતિથી સીધા આવવાવાળા છે. હવે પરિસર્પ સ્થલચર જીવ છે,તે અસંખ્યાત કહેલા છે.

હે ભગવન્ ખેચર જીવો કેટલા પ્રકારના કહેલા છે જીવો ચાર પ્રકારના હોય છે. ચર્મપક્ષી લોમપક્ષી સમુદ્રપક્ષી વિતતપક્ષી. ચર્મપક્ષી અનેક પ્રકારના કહેલા છે. વલ્ગુલી યાવત્ બીજા પણ આના જેવા અનેક જીવો હોય તે બધા સમજી લેવા. લોમપક્ષી અનેક પ્રકારના કહ્યા છે. ઢંગ કંક-ગીધ પક્ષી તથા આનાજેવા બીજા પક્ષીયો આબધા પક્ષીયો લોમ પક્ષી તરીકે સમજવા. સમુદ્ગપક્ષી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યા પ્રમાણે એકજ પ્રકારના છે. જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના પ્રકરણમાં સમુદ્ગ પક્ષીનું નિરૂપણ કરવામાં આવેલ છે.એ જ પ્રમાણે વિતત પક્ષિયોનું નિરૂપણ પણ સમજી લેવું. આ વિતતપક્ષી સંક્ષેપથી બે જ પ્રકારના કહેલા છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક.અહિયાં નાનાત્વ - જુદાપણું આ પ્રમાણે છે. આ પક્ષીયોના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાત-માં ભાગ પ્રમાણની છે. અને ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથકત્વ છે તેમની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી બોંતેરહજાર વર્ષની છે. શરીરાવગાહના અને સ્થિતિના કથન જલચરજીવોના સંબંધમાં કહ્યા પ્રમાણેનું સમજવું. યાવત્ ચાર ગતિવાળા અને બે આગતિવાળા હોય છે. પ્રત્યેક શરીરધારી આ ખેચરો અસંખ્યાત કહેલા છે.

[૪૫] હે ભગવન્ ગર્ભવ્યુત્ક્રાંતિ પંચેન્દ્રિય તિર્યગ્યોનિકજીવોના ભેદો કેટલા કહેલા છે ? ત્રણ પ્રકારના કહેલા છે. જલચર, સ્થલચર, અને ખેચર.

[૪૬] હે ભગવાન્ જીલચર જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? જલચર જીવો પાંચ પ્રકારના કહેલા છે. મચ્છ, કચ્છપ, મગર, ગ્રાહ અને સિંસુકુમાર. પ્રજ્ઞાપના સૂત્રમાં આ બધાના જે પ્રમાણે ભેદો કહ્યા છે. એજ પ્રમાણે અહિયાં પણ સમજી લેવાં. જલચર ગર્ભજ જીવો સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે. પર્યાપ્ત ગર્ભજ જલચર અને અપર્યાપ્ત ગર્ભજ જલ ચર. આ ગર્ભજ જલચર જીવોને ચાર શરીરો કહ્યા છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ, અને કાર્મણ. શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની હોય છે. ઉત્કૃષ્ટથી એક હજાર યોજન પ્રમાણની હોય છે. તેઓ છ પ્રકારના સંહનનવાળા હોય છે. છએ પ્રકારના સંસ્થાનવાળા હોય છે. ચાર કષાયો હોય છે. ચાર સંજ્ઞાઓ હોય છે. છએ લેશ્યાઓ, પાંચ ઈન્દ્રિયો હોય છે. આ પાંચ સમુદ્ઘાતો હોય છે. સંજ્ઞી હોય છે, અસંજ્ઞી હોતા નથી. આ જલચર જીવો ત્રણ વેદવાળા હોય છે. છ પર્યાપ્તિયો હોય છે, અને છ અપર્યાપ્તિયો હોય છે, ત્રણે પ્રકારની દૃષ્ટિવાળા હોય છે. ત્રણે દર્શન હોય છે. તેઓ જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે. જો જ્ઞાની હોય તો કેટલાક મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાનવાળા હોય છે. અને કેટલાક મતિજ્ઞાનવાળા, શ્રુતજ્ઞાનવાળા અને અવધિજ્ઞાનવાળા એમ ત્રણ જ્ઞાનવાળા હોય છે એ પ્રમાણે અજ્ઞાન પણ જાણવું ત્રણ પ્રકારનો યોગ હોય છે. બે ઉપયોગ હોય છે. તેઓને આહાર છએ દિશાઓમાંથી આવેલા પુદ્ગલોનો હોય છે. જલચર જીવોનો ઉપપાત- પહેલા નરકથી લઈને યાવત્ સાતમા નરક સુધી કહેલ છે. અસંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચોને છોડીને બાકીના કર્મભૂમિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના સઘળા તિર્યંચોમાં તેઓનો ઉત્પપાત હોય છે. અકર્મ ભૂમિના અને અંતરદ્વીપોના મનુષ્યોમાં તેમનો ઉત્પપાત થતો નથી. જો દેવોમાંથી તેમનો ઉત્પાત થાય છે, તો સૌધર્મ દેવલોકથી લઈને સહસ્રાર દેવલોકસુધી થાય છે.આ જલચર જીવોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીની હોય છે તેઓ મારણાન્તિક સમુદ્ઘાતથી સમવહત થઈને અને સમવહત થયા વિના એમ બન્ને પ્રકારની મરે છે. આ ગર્ભજ જલચર જીવ જ્યારે જલચર પર્યાયથી ઉદવૃત્ત થઈને એટલે કે તેમાંથી નીકળીને જો તેઓ નૈરયિકોમાં જન્મ ધારણ કરે છે, તો પહેલી પૃથ્વીથી લઈને સાતમી પૃથ્વી સુધીના નૈરયિકોમાં જન્મ ધારણ કરી શકે છે. જો તિર્યગ્યોનિક જીવોમાં તેઓ જન્મ લે છે. તો સઘળા તિર્યગ્યોનિકોમાં જન્મ ધારણ કરી શકે છે અને જો મનુષ્યોમાં જન્મ લે તો સઘળા મનુષ્યોમાં જન્મ લઈ શકે છે. તથા જો તેઓ દેવોમાં જન્મ લે છે, તો સૌધર્મ દેવલોકથી લઈને સહસ્રાર સુધીના દેવોમાં તેઓ જન્મ લે છે આ જીવો ચારે ગતિયોમાં જઈ શકે છે તથા-ચારે ગતિયોમાંથી આવી શકે છે.

[૪૭] હે ભગવન્ ! ગર્ભજ સ્થલચર જીવોના કેટલા ભેદો કહેલા છે ? બે પ્રકારના કહેલા છે એક ચતુષ્પદ અને બીજા પરિસર્પ. ચતુષ્પદ જીવો ચાર પ્રકારના કહેલા છે. એક ખરીવાળા વિગેરે ભેદોનુ જે પ્રમાણે સંમૂર્ચ્છિમ સ્થલચરોના પ્રકરણમાં કથન કર્યું છે, એજ પ્રમાણેના ભેદો અહિંયા પણ સમજી લેવા. તે સ્થલચર ચતુષ્પદ જીવો સંક્ષેપથી બે પ્રકારના કહેલા છે, પર્યાપ્ત અને અપર્યાપ્ત. ઔદારિક વૈક્રિય તૈજસ ને કાર્મણના ભેદથી તેઓને ચાર પ્રકારના શરીરો કહેલા છે. તેઓના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણની હોય છે. તથા ઉત્કૃષ્ટથી તેઓના શરીરની અવગાહના છ ગવ્યૂત પ્રમાણની હોય છે. તેઓની સ્થિતિ-જઘન્ય થી અંતર્મુહૂર્ત પ્રમાણની હોય છે. ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની હોય છે. આ સ્થલચરો અહિંથી નીકળી ને નારકોમાં જાય તો ચોથી પૃથ્વી સુધી જ જાય છે. બીજા બધા જ દ્વારોનું કથન ગર્ભ-વ્યુત્ક્રતિક જલચર જીવોના કથન પ્રમાણે જાણવું. આ સ્થલચર જીવો ચારગતિમાં જવાવાળા તથા ચાર ગતિથી આવવાવાળા હોય છે.

હે ભગવન્ પરિસર્પોના શું લક્ષણો છે ? પરિસર્પ બે પ્રકારના કહેલા છે, એક ઉરઃપરિસર્પ અને બીજા ભુજપરિસર્પ, ઉરઃપરિસર્પના શું લક્ષણો છે ? સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પના પ્રકરણમાં જે પ્રમાણે ઉરઃપરિસર્પોનું નિરૂપણ કરવામાં આવેલ છે,એજ પ્રમાણે અહિયાં પણ આ ગર્ભજ ઉરઃપરિસર્પોનું નિરૂપણ સમજી લેવું. અહિયાં આસાલિકનું વર્ણન કરવાનું નથી. ગર્ભજ ઉરઃપરિસર્પોને ચાર શરીરો હોય છે. તેઓની અવગાહના જઘન્યથી એક આંગળાના અસંખ્યાતમા ભાગ પ્રમાણની હોય છે. તથા ઉત્કૃષ્ટથી એક હજાર યોજનની હોય છે. તેમની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીની હોય છે. આ સ્થલચર ઉરઃપરિસર્પ જ્યારે પોતાના પર્યાયને છોડે છે, અને જ્યારે નૈરયિકોમાં જાય છે, તો તેઓ પહેલી પૃથ્વીથી લઈને પાંચમી પૃથ્વી સુધીના નૈરયિકોમાં જાય છે. જ્યારે તેઓ તિર્યગ્યોનિકોમાં જાય છે, તો સઘળા તિર્યગ્યોનિકોમાં જઈ શકે છે. જ્યારે તેઓ મનુષ્યોમાં જાય છે, તો સઘળા મનુષ્યોમાં જાય છે. અને જ્યારે તેઓ દેવોમાં જાય છે,તો પહેલાદેવલોકથી લઈને સહસ્રાર સુધીના દેવોમાં જાય છે. બાકીના બધા દ્વારોનું કથન ગર્ભજ જલચર જીવોના પ્રકરણમાં જે પ્રમાણે કહેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, એજ પ્રમાણેજાણવું

ભગવન્ ભુજપરિસર્પોનું તેના કેટલા ભેદો છે ? જે પ્રમાણે સંમૂચ્છિંમ ભુજપરિ સર્પોના ભેદોનું કથન કર્યું છે, એજ પ્રમાણે સમજી લેવું. આ ભુજ પરિસર્પોના ચાર શરીરો હોય છે. તેઓના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળનાં અસંખ્યાતમાં ભાગની હોય છે, અને ઉત્કૃષ્ટથી-ગવ્યૂત પૃથકત્વની હોય છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટીની હોય છે. બાકી બધા જ દ્વારોનું કથન જે રીતે ગર્ભજ ઉરઃપરિસર્પના પ્રકરણમાં આવેલા છે, એજ પ્રમાણે સમજી લેવું. વિશેષતા ફક્ત એ કે ભુજપરિસર્પો જ્યારે પોતાની પર્યાય છોડે છે, અને જ્યારે નારકોમાં જાય છે, તો તેઓ બીજી જે શર્કરાપૃથ્વી છે, ત્યાંના નારકોમાં જાય છે,

[૪૮] હે ભગવન્ ગર્ભજ ખેચરોના ભેદો કેટલા કહેલા છે ? ખેચરજીવો ચાર પ્રકારના કહેલા છે. ચર્મપક્ષી વિ. પહેલાં સંમૂચ્છિંમ ખેચરોના ચાર પ્રકારો છે, એજ પ્રમાણે સમજવું. અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની હોય છે. અને ઉત્કૃષ્ટથી ધનુષ પૃથકત્વની હોય છે. સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની હોય છે.

[૪૯] હે ભગવન્ મનુષ્યો કેટલા પ્રકારના હોય છે ? બે પ્રકારના હોય છે. સંમૂચ્છિંમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્ય આ સંમૂચ્છિંમ મનુષ્યોને ત્રણ શરીરો હોય છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ. તેઓની શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની હોય છે. સંહનન, સંસ્થાન, કષાય, લેશ્યા, આ દ્વારોનું કથન જે પ્રમાણે બે ઇન્દ્રિયવાળા જીવોના પ્રકરણમાં કહ્યું છે. એજ પ્રમાણેનું અહિયાં પણ સમજી લેવું. તેઓને પાંચે ઇન્દ્રિયો હોય છે. સંજ્ઞિદ્વાર અને વેદદ્વારનું કથન બે ઇન્દ્રિયવાળા જીવોના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સમજવું. તેઓ અપર્યાપ્તિવાળા હોય છે. દૃષ્ટિદ્વાર, દર્શનદ્વાર, જ્ઞાનદ્વાર યોગદ્વાર અને ઉપયોગદ્વાર આ દ્વારોનું કથન પૃથ્વીકાયિક જીવના પ્રકરણમાં કહ્યા પ્રમાણે અહિયાં સમજી લેવું. તેઓનો આહાર બે ઇન્દ્રિયવાળા જીવોના જેવો હોય છે. તેઓનો ઉપપાત- નૈરયિક, દેવ, તેજ, વાયુ, અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા એટલાને છોડીને બાકીના જીવમાંથી થાય છે. તેમની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનીજ હોય છે. તેઓ મારણાન્તિક સમુદ્‌ઘાતથી પણ મરે છે,અને આઘાત પ્રાપ્ત કર્યા વિના પણ મરે છે. તેઓ પોતાની પર્યાયને છોડીને નૈરયિક, દેવ, અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સ્થાનોને છોડીને બાકીના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે,બે ગતિ અને બેજ આગતિની હોય છે.

હે ભગવન્ ગર્ભજ મનુષ્યો કેટલા હોય છે ? ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના કહ્યા છે. કર્મભૂમિક, અકર્મભૂમિક, અને અંતરદ્વીપજ. આ પ્રમાણે ગર્ભજ મનુષ્યોના ભેદો જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ છે, એજ પ્રમાણે અહિયાં પણ સમજી લેવા, યાવત્ તેઓ છદ્મસ્થ અને કેવલી હોય છે. આ ગર્ભજ મનુષ્ય સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેઓને પાંચ શરીરો હોય છે. શરીર અવગાહ ના જઘન્યથી એક આંગળ ના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ સુધીની હોય છે. તેઓને છ એ સંહનન હોય છે, છએ સંસ્થાનો હોય છે ચારે કષાય હોય છે.આ ગર્ભજ મનુષ્યો ચારે સંજ્ઞાવાળા હોય છે,હે ગૌતમ ગર્ભજ મનુષ્યો છએ લેશ્યાવાળા અને લેશ્યાવિના પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. શ્રોત્રેન્દ્રિયવાળા પણ હોય છે, યાવત્ નોઇન્દ્રિયવાળા પણ હોય છે. તેઓને સાત સમુદ્‌ઘાતો હોય છે, વેદના સમુદ્‌ઘાત યાવત્ કેવલિ સમુદ્‌ઘાત આ ગર્ભજ મનુષ્ય સંજ્ઞી પણ હોય છે, નો સંજ્ઞી પણ હોય છે અને નો અસંજ્ઞી પણ હોય છે. સ્ત્રીવેદવાળા પણ હોય છે. પુરૂષવેદવાળા પણ હોય છે. અને નપુંસક વેદવાળા પણ હોય છે. તથા વેદ વિનાના પણ હોય છે. પાંચ પર્યાપ્તિવાળા હોય છે. અને પાંચ અપર્યાપ્તિવાળા પણ હોય છે. ત્રણે પ્રકારની દૃષ્ટિવાળા હોય છે. ચારે દર્શનવાળા પણ હોય છે. જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે. તેઓમાં જે જ્ઞાની હોય છે તેમાં કેટલાક બે જ્ઞાનવાળા અને કેટલાક ત્રણ જ્ઞાનવાળા હોય છે. તથા કેટલાક ચાર જ્ઞાનવાળા અને કેટલાક એક જ્ઞાનવાળા હોય છે. બે જ્ઞાનવાળા હોય છે, તેઓ નિયમથી આભિનિબોધિક જ્ઞાનવાળા અને શ્રુતજ્ઞાન વાળા હોય છે. જેઓ ત્રણ જ્ઞાનવાળા હોય છે તેઓ આભિનિ બોધિકજ્ઞાનવાળા, શ્રુતજ્ઞાનવાળા અને અવધિ જ્ઞાનવાળા હોય છે. અથવા આભિનિ બોધિક જ્ઞાનવાળા શ્રુતજ્ઞાનવાળા અને મનઃપર્યવજ્ઞાનવાળા હોય છે. જે ગર્ભજમનુષ્યો ચારજ્ઞાનવાળા હોય છે, તેઓ નિયમથી આભિનિબોધિક જ્ઞાનવાળા યાવત્ મનઃપર્યય જ્ઞાનવાળા પણ હોય છે. એક જ્ઞાનવાળા હોય છે, તેઓ નિયમથી એક કેવળ જ્ઞાનવાળા જ હોય છે.

જે પ્રમાણે ગર્ભજ મનુષ્યને જ્ઞાની હોવાનું કહ્યું છે,એજ પ્રમાણે તેઓ અજ્ઞાની પણ હોય છે. મનોયોગવાળા પણ હોય છે, વચનયોગવાળા પણ હોય છે. અને કાયયોગવાળા પણ હોય છે. તથા કોઈ કોઈ અયોગી પણ હોય છે. આ ગર્ભજ મનુષ્યોમાં બે ઉપયોગ હોય છે છે તેની ઉત્પત્તિ જોનારકી માંથી થાય તો એકથી છ નારકિયોમાંથી થાય છે. મનુષ્યોની ઉત્પત્તિ તિર્યગ્યોનિવાળા જીવોમાંથી થાય તો અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા ભોગ ભૂમિના તિર્યગ્ જીવોમાંથી થતી નથી. જો મનુષ્યોમાંથી તેમનો ઉત્પાદ-થાય તો અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા અકર્મભૂમિ ભોગભૂમિના મનુષ્યોમાંથી તથા અંતરદ્વીપજ મનુષ્યોમાંથી તેમનો ઉત્પાદ નથી. કેવળ કર્મભૂમિવાળા મનુષ્યોમાંથી તેઓની ઉત્પત્તિ થાય છે. જો તેમની ઉત્પત્તિ દેવોમાંથી થાય છે, તો સઘળા દેવોમાંથી તેઓની ઉત્પત્તિ થાય છે. આ ગર્ભજ મનુષ્યની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે.મારણાન્તિક સમુદ્‌ઘાતથી પણ મરે છે. અને મારણાન્તિક સમુદ્‌ઘાત વિના પણ મરે છે. તેઓ નારકોમાં, સઘળા તિર્યગ્યોનિકો માં અને સર્વ મનુષ્યોમાં પણ જન્મધારણ કરે છે, કેટલાક મનુષ્યો એવા પણ હોય છે કે જેઓ એજ ભવમાં સિદ્ધ થઈ જાય છે. યાવત્ સમસ્ત દુઃખોનો અંત-નાશ કરી દે છે. આ ગર્ભજ મનુષ્ય પાંચ ગતિયોમાં જવાવાળા હોય છે, અને ચાર ગતિયોમાંથી આવવાવાળા હોય છે. પ્રત્યેક શરીરી સંખ્યાત કોટિ પ્રમાણવાળા હોવાથી સંખ્યાત કહેલા છે.

[૫૦] હે ભગવન્ ! દેવોના કેટલા ભેદો છે ? દેવોના ચાર ભેદો કહેલા છે. ભવનવાસી ૧' વાનવ્યંતર ૨, જ્યોતિષ્ક ૩ અને વૈમાનિક ૪. ભવનવાસી દસ પ્રકારના કહ્યા છે. અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર હે ભગવન્ વાનવ્યન્તરદેવ કેટલા પ્રકારના કહ્યા છે ? વાન વ્યંતરથી લઈને વૈમાનિક દેવ પર્યન્તના સમસ્ત ભેદો કે જે પ્રમાણે પ્રજ્ઞા પના સૂત્રમાં કહેલ છે. એજ પ્રમાણે અહિયાં પણ કહેવા. ભવનપતિ આદિ દેવ સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત. ત્રણ પ્રકારના શરીરો હોય છે. વૈક્રિય, તૈજસ, અને કાર્મણ. આ દેવોના શરીરની અવગાહના બે પ્રકારે ભવધારિણીય અને ઉત્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીરાવગાહના છે. તે જઘન્ય આંગળના અસંખ્યાતમાં ભાગપ્રમાણની હોય છે અને ઉત્કૃષ્ટથી સાત હાથ પ્રમાણ હોય છે. ઉત્તરવૈક્રિયિકી જે શરીરાવગાહના છે, તે જઘન્યથી આંગળના સંખ્યાત ભાગ પ્રમાણવાળી છે. અન ઉત્કૃષ્ટથી એકલાખ યોજન પ્રમાણની છે. દેવોના શરીર છ સંહનનો વિનાના જ હોય છે. દેવોના શરીરો બે પ્રકારના કહ્યા છે. ભવધારણીય શરીર અને ઉત્તર વૈક્રિય શરીર, તેમાં જે ભવધારણીય શરીર છે, તે તો સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા કહેલ છે અને જે ઉત્તર વૈક્રિય શરીર છે, તે અનેક પ્રકારના સંસ્થાનવાળા છે. તે દેવોને ચારે કષાયો હોય છે. તેઓને ચારે સંજ્ઞાઓ છે. તેઓને છ લેશ્યાઓ હોય છે. તેઓને પાંચ ઈન્દ્રિય હોય છે.

પાંચ સમુદ્ઘાતો હોય છે. સંજ્ઞી પણ હોય છે, અને અસંજ્ઞી પણ હોય છે. તેઓ સ્ત્રીવેદવાળા પણ હોય છે પુરુષવેદવાળા પણ હોય છે. પરંતુ નપુંસકવેદવાળા હોતા નથી. તેઓ પાંચ પર્યાપ્તિવાળા અને પાંચ અપર્યાપ્તિવાળા અને પાંચ અપર્યાપ્તિવાળા હોય છે. ત્રણે દૃષ્ટિ હોય છે. તેઓને ત્રણ દર્શનો હોય છે. તેઓ જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે. તેમાં જેઓ જ્ઞાની હોય છે, તેઓ નિયમથી ત્રણ જ્ઞાનવાળા હોય છે અને જેઓ અજ્ઞાની હોય છે તેઓમાં ભજના તેઓમાં બે પ્રકારના ઉપયોગ હોય છે. આહાર નિયમથી લોકની મધ્યમાં તેઓ રહેલા હોવાથી છ એ દિશાઓમાંથી આવેલા પુદ્ગલોનો હોય છે. પ્રાયઃ કારણને લઈને તેઓ વર્ણની અપેક્ષા પીળા વર્ણવાળા, શુકલ વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે. તેઓનો ઉપપાત સંજ્ઞી, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો માંથી અને ગર્ભજ મનુષ્યોમાંથી થાય છે તેની સ્થિતિ જઘન્યથી દસહજાર વર્ષની હોય છે અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાપરોપમની હોય છે તેઓ મારણાન્તિક સમુદ્ઘાતથી પણ મરે છે, સમવહ થયા વિના પણ મરે છે. દેવપણામાંથી નીકળીને નૈરયિકોમાં જતા નથી, પરંતુ યથાસંભવ તિર્યંચ અને મનુષ્યોમાં જાય છે. દેવ મરીને દેવોમાં ઉત્પન્ન થતા નથી. દ્વિગ-તિક હોય છે અને દ્વયાગતિક હોય છે. આ પ્રત્યેક દેવ અસંખ્યાત શરીરવાળા હોય છે.

[૫૧] સ્થાવર જીવોની કેટલી કાળની સ્થિતિ કહી છે ? સ્થાવર જીવોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષની કહી છે. હે ભગવન્ ત્રસ જીવની-ત્રસ ભવ સ્થિતિ કેટલા કાળની કહી છે ? જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની કહેવામાં આવી છે. જઘન્યથી તો આ જીવ સ્થાવર પણાથી એક અંતર્મુહૂર્ત સુધી રહે છે. અનેક ઉત્કૃષ્ટથી અનંત કાળ સુધી રહે છે. અનંત ઉત્સર્પિણી કાળ અને અનંત અવસર્પિણિ કાળ વીતી જાય છે. ક્ષેત્રની અપેક્ષાથી અનંત લોક સમાપ્ત થઈ જાય છે. અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત ગ્રહણ થયેલ છે. આ વનસ્પતિ કાયિક જીવોનો જે કાયસ્થિતિનો કાળ કહ્યો છે, તે સાંવ્યવહારિક જીવોને લઈને કહેલ છે. તેમ સમજવું. જીવ ત્રસકાયપણામાં ઓછામાં ઓછું એક અંતર્મુહૂર્ત પર્યંત અને વધારે માં વધારે અસંખ્યાત કાળ પર્યંત રહે છે. તેમાં અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અપસર્પિ ણીયો સમાપ્ત થઈ જાય છે. હે ત્રસ જીવોને કેટલા કાળનું અંતર હોય છે ? એક અંતર્મુહૂર્તનું અંતર હોય છે. અને ઉત્કૃષ્ટથી અંતર વનસ્પતિ કાળ પ્રમાણ હોય છે. હે ગૌતમ ! સૌથી ઓછા ત્રસજીવો છે. તેના કરતાં સ્થાવર જીવ અનંત ગણા અધિક છે.

**પ્રતિપત્તિઃ ૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રતિપત્તિઃ ૨-ત્રિવિધ

[૫૨] નવ પ્રતિપત્તિયોમાં જે આચાર્યએ એવું કહ્યું છે કે-સંસારીજીવો ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. તે કે સ્ત્રી, પુરૂષ અને નપુસકના ભેદથી સંસારી જીવો કહે છે.

[૫૩] હે ભગવન્ સ્ત્રિયો કેટલા પ્રકારની કહેવામાં આવેલ છે ? સ્ત્રિયો ત્રણ પ્રકારની કહેવામાં આવે છે. તિર્યગ્યોનિક સ્ત્રી, મનુષ્ય સ્ત્રી, અને દેવસ્ત્રી. તિર્યગ્યોનિક સ્ત્રિયો ત્રણ પ્રકારની જલચરી સ્થલચરી અને ખેચરી. જલચર સ્ત્રિયોના પંચ ભેદો કહેલા છે. માછલીઓ, કાચબીઓ, મઘરી, ગ્રાહી અને સુંસુમારી. સ્થલચર સ્ત્રિયો બે પ્રકારની હોય છે. ચતુષ્પદી સ્ત્રિયો અને પરિસર્પિણી સ્ત્રયો. ચતુષ્પદી સ્ત્રિયો ચાર પ્રકારની એક ખરીવાળી યાવત્ સનખપદી સ્ત્રિયો. પરિસર્પિણી સ્ત્રિયો બે પ્રકારે ઉરઃપરિસર્પિણી ભુજ પરિસર્પિણી. ઉરઃપરિસર્પિણી સ્ત્રિયો ત્રણ પ્રકારની, સામાન્ય સર્પની સ્ત્રી, અજગર સ્ત્રી અને મહોરગસ્ત્રી, ભુજ પરિસર્પિણીઓના અનેક ભેદો થાય છે. ગોધિકા, નકુલી, શાવડી, કાચંડી, સસલી, ખારા. ખેચર સ્ત્રિયો ચાર પ્રકારની છે. ચર્મ પક્ષિણીયો યાવત્ વિતત પખિણીઓ. હે ભગવન્ મનુષ્ય સ્ત્રિ યોના કેટલા ભેદો કહ્યા છે ? ત્રણ ભેદો છે. કર્મભૂમિજ સ્ત્રિયો ૧, અકર્મભૂમિજ સ્ત્રિયો ૨, અને અંતરદ્વીપજ સ્ત્રિયો ૩ .અંતદ્વીપજ સ્ત્રિયો અઠયાવીસ પ્રકારની કહી છે. એકોરુકનામના દ્વીપની મનુષ્યસ્ત્રિયો, યાવત્ શુદ્ધદંત નામના દ્વીપની મનુષ્ય સ્ત્રિયો.અકર્મભૂમિજ સ્ત્રિયોના ત્રીસ ભેદો કહ્યા છે. પાંચ હેમવત ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો, પાંચ ઐરણ્યવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો પાંચ હરિવર્ષ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ સ્ત્રિયો, પાંચ રમ્યક ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો, પાંચ દેવકુરાઓમાં ઉત્પન્ન તથા પાંચ ઉત્તર કુરાઓમાં ઉત્પન્ન થયેલ સ્ત્રિયો .કર્મભૂમિજ સ્ત્રિયો પંદર પ્રકારની કહેલ છે. પાંચ ભરત ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો, પાંચ ઐરવત ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો,પાંચ મહાવિદેહોમાં ઉત્પન્ન થયેલી સ્ત્રિયો. હે ભગવન્ દેવ સ્ત્રિયોના કેટલા ભેદો કહેલા દેવની સ્ત્રિયો ચાર પ્રકારની કહી છે. ભવનવાસી વાન વ્યન્તર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની સ્ત્રિયો. ભવનવાસી સ્ત્રિયોના પણ દસ ભેદો કહ્યા છે. અસુરકુમાર ભવનવાસી દેવની સ્ત્રિયો યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવ ની સ્ત્રિયો.વાનવ્યન્તર દેવની સ્ત્રિયો, આઠ પ્રકારની છે, પિશાચ સ્ત્રિયો, ભૂત સ્ત્રિયો, યક્ષસ્ત્રિયો, રાક્ષસસ્ત્રિયો, કિંનર સ્ત્રિયો, કિંપુરૂષસ્ત્રિયો અને ગંધર્વ સ્ત્રિયો. જ્યોતિષ્ક દેવોની સ્ત્રિયો પાંચ પ્રકારની કહી છે. ચંદ્ર વિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયો સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયો. વૈમાનિક દેવોની સ્ત્રિયો બે પ્રકારની કહેલ છે. સૌધર્મ કલ્પ વૈમાનિક દેવની સ્ત્રિયો અને ઈશાન કલ્પ વૈમાનિક દેવની સ્ત્રિયો.

[૫૪] હે ભગવન્ સ્ત્રિયોની ભવસ્થિતિ કેટલા કાળની કહેલ છે ? એક અપેક્ષાએ સ્ત્રિયો ભવસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પંચાપન પલ્યોપમની કહેલ છે. બીજી અપેક્ષાથી સ્ત્રિયોની ભવસ્થિતિ એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી નવ પલ્યોપમની છે. ત્રીજી અપેક્ષાથી સ્ત્રિયોની ભવ સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમની છે. ચોથી અપેક્ષાથી જઘન્ય સ્થિતિ એક અન્તર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ પચાસ પલ્યોપમની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૫] હે ભગવન્ તિર્યગ્યોનિક સ્ત્રિયોની ભવસ્થિતિ કેટલા કાળની કહેવામાં આવેલ છે ? જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે. જલચર તિર્યગ્યોનિક સ્ત્રિયોની ભવ સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટિ છે. ચતુષ્દ સ્થલચર તિર્યગ્યોનિક સ્ત્રિયોની ભવસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ થી ત્રણ પલ્યોપમની કહી છે. ઉરઃપરિસર્પ સ્થલચર તિર્યગ્યોનિક સ્ત્રિયોની ભવસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિની છે. ઉરઃપરિ સર્પ સ્થલચર સ્ત્રિયોની ભવસ્થિતિ ભુજ પરિસર્પ સ્થલચર સ્ત્રિયોની ભવસ્થિતિ પ્રમાણે સમજી લેવી. ખેચર તિર્યગ્યોનિક સ્ત્રિયોની ભવસ્થિતિ જઘન્યથી એક અંત મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે. મનષ્ય સ્ત્રિયોની ભવસ્થિતિ-ક્ષેત્રની અપેક્ષાથી જઘન્ય સ્થિતિ એક અંતર્મુમહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. કર્મભૂમિજ મનુષ્ય સ્ત્રિયોની સ્થિતિ સામાન્ય થી કર્મભૂમિરૂપ ક્ષેત્રની અપેક્ષાથી જઘન્યથી એક અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે, ચારિત્ર ધર્મ અંગીકાર કરવાની અપેક્ષાથી આ કર્મભૂમિજની સ્ત્રિયોની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની હોય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોને- એક પૂર્વકોટિની હોય છે. ભરત અને ઐરવત ક્ષેત્રરૂપ કર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયોની ભવસ્થિતિ ક્ષેત્રની અપેક્ષાથી જઘન્ય એક અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.-ધર્મ સ્વીકાર કરવાની અપેક્ષાએ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછી એક પૂર્વકોટિની છે. પૂર્વ વિદેહ અને અપર વિદેહ રૂપ કર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયોની ભવસ્થિતિ ક્ષેત્રની અપેક્ષાથી જઘન્ય એક અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિની. ધર્માચરણ કરવાની અપેક્ષાથી તેમની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક ઓછી એક પૂર્વકોટિની છે અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રિયોની સ્થિતિ જન્મની અપેક્ષાએ જઘન્યથી દેશ- ઉન-એક પલ્યોપમની ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે.

સંહરણ-કર્મભૂમિની સ્ત્રીને હરીને અકર્મભૂમિમાં લઈ જવાની અપેક્ષાથી જઘન્યથી તો એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી દેશોને પૂર્વકોટિની છે. હૈમવત, ઐરણ્યવત અકર્મભૂમિ જ મનુષ્ય સ્ત્રિયોની ભવસ્થિતિ જન્મની અપેક્ષાથી જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ઓછી એક પલ્યોપમની છે. ઉત્કૃષ્ટથી પૂરા એક પલ્યોપમની તે સંહરણની અપેક્ષાથી તેમની ભવસ્થિતિ જઘન્યથી એક અંત મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછી એક પૂર્વકોટીની છે. હરિવર્ષ અને રમ્યક વર્ષરૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયોની ભવસ્થિતિ જઘન્ય અપેક્ષાએ સ્થિતિ કંઈક ઓછી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી ઓછી બે પલ્યોપમની છે, અને ઉત્કૃષ્ટથી સંપૂર્ણ બે પલ્યોપમની છે. સંહરણની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછી એક પૂર્વકોટિની. દેવ કુરુ ઉત્તરકુરુ, રૂપ અકર્મભૂમિથી મનુષ્ય સ્ત્રિયોની સ્થિતિ જન્મની અપેક્ષાથી જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી કંઈક ઓછી ત્રણ પલ્યોપમની છે. ઉત્કૃષ્ટથી સંપૂર્ણ ત્રણ પલ્યોપમની છે. સંહરણની અપેક્ષાથી તેઓની સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછી એક પૂર્વકોટિની છે. અંતર દ્વીપરૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયોની સ્થિતિ અપેક્ષા એ જઘન્યથી કંઈક કમ પલ્યો પમના અસંખ્યાતમા ભાગ પ્રમાણની અને સંહરણની અપેક્ષાએ જઘન્યથી તેઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછી એકપૂર્વ કોટિની છે.

દેવાંગનાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમની કહેલ છે. ભવનવાસીદેવીયોનો સ્થિતિકાળ જઘન્યથી તો દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટથી સાડાચાર પલ્યોપમની. નાગકુમાર ભવનવાસી દેવોની સ્ત્રિયોની સ્થિતિ પણ જઘન્યથી દશહજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી દેશોન એક પલ્યોપમની છે એજ પ્રમાણે બાકીના ભવનવાસી દેવોની સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ કંઈક ઓછી એક પલ્યોપમની છે. વાનવ્યંતર સ્ત્રીની સ્થિતિ જઘન્યથી દસહજાર વર્ષની છે, અને ઉત્કૃષ્ટથી અર્ધાપલ્યોમની છે. જ્યોતિષ્ક દેવોની સ્ત્રિયોની સ્થિતિ જઘન્ય એક પલ્યો પમના આઠમાભાગ પ્રમાણની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધા પલ્યોપમની છે. ચંદ્ર વિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી એક પલ્યોપમના ચોથા ભાગની અને ઉત્કૃષ્ટથી પચાસ હજાર વર્ષ અધિક અર્ધાપલ્યોમની છે. સૂર્ય વિમાન જ્યોતિષ્ક સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ પ્રમાણની ઉત્કૃષ્ટથી પાંચસો વર્ષ વધારે અર્ધાપલ્યોપમની છે. ગ્રહવિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ પ્રમાણની છે અને ઉત્કૃષ્ટથી અર્ધાપલ્યોપમની છે. નક્ષત્ર વિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયોની સ્થિતિ જઘન્ય એક પલ્યના ચોથાભાગ પ્રમાણ છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે પલ્યોપમના ચોથાભાગ પ્રમાણની છે. તારા વિમાન જ્યોતિષ્ક દેવની સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી પલ્યોપમની આઠભાગ પ્રમાણની છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે પલ્યોપમના આઠમા ભાગ પ્રમાણની છે. વૈમાનિક દેવિયોની સ્થિતિ જઘન્યથી તો એક પલ્યોપમની છે અને ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમમાં હોય છે. ઈશાન કલ્પની સ્ત્રિયોની સ્થિતિ જઘન્યથી કંઈક વધારે પલ્યોપમની હોય છે. અને ઉત્કૃષ્ટથી નવ પલ્યોપમની હોય છે. અપરિગૃહીત-દેવિયોની સ્થિતિ જઘન્યથી કંઈક વધારે એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમની કહેલ છે.

[૫૬] સ્ત્રી, સ્ત્રીપર્યાયમાં કેટલા કાળ સુધી રહે છે ? સ્ત્રિયો સ્ત્રી પણામાં રહે-વામાં પાંચ અપેક્ષાઓ સૂત્રકારોએ કહેલ એક જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ થી પૂર્વકોટિ પૃથકત્ત્વ અધિક ૧૧૦ પલ્યોપમ સુધી. બીજી અપેક્ષાથી એક જીવનું અવસ્થાન જઘન્ય એક સમય સુધી વધારેમાં વધારે પૂર્વકોટિ પૃથકૂત્વ અધિક અઢાર પલ્યોપમ સુધી રહે છે. ત્રીજી અપેક્ષાએ જઘન્યથી સ્ત્રીવેદનું અવસ્થાન એક સમયનું અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકૂત્વ વધારે ચૌદ પલ્યોપમનું છે. ચોથી અપેક્ષાએ સ્ત્રીવેદનું અવસ્થાન જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિપૃથક્ત્વ અધિક એકસો પલ્યોપમનું કહેલ છે. પાંચમી અપેક્ષા ઓછામાં ઓછું એક સમય અને ઉત્કૃષ્ટથી પૂર્વ-કોટિ પૃથકત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ છે. તિર્યગ્યોનિક સ્ત્રીપણાથી કાળની અપેક્ષાથી કેટલા કાળ સુધી રહે છે ઓછામા ઓછા એક અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ પ્રમાણ કાળ સુધી રહે છે. તે જલચરીપણાથી જે તિર્યગ્સ્ત્રિયો છે,તેઓની ભવસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વ છે. ચતુષ્પદસ્થલચર સ્ત્રીઓ ભવસ્થિતિનું પ્રમાણ જે પ્રમાણે ઔધિક તિર્યગ્સ્ત્રીની ભવ-સ્થિતિનું પ્રમાણ કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણે સમજવું. ઉરઃપરિસર્પની સ્ત્રિયોનો અને ભુજ પરિસર્પની સ્ત્રિયોનું ભવસ્થિતિનું પ્રમાણ જલચરની સ્ત્રિયોની જેમ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખેચર સ્ત્રિયોનું સ્ત્રીપણાથી રહેવાનો પ્રમાણકાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિપૃથકૃત્વ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. તે પછી તે સ્ત્રીભવનો ત્યાગ કરી દે છે. મનુષ્યસ્ત્રીનું મનુષ્યસ્ત્રી પણાથી રહેવાનો કાળ ક્ષેત્રની અપેક્ષાએ જઘન્યથી એક અંતર્મુહૂર્તકાળ છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપ મકાળ, ધર્માચરણની અપેક્ષાથી- જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછા એક પૂર્વકોટિ છે. એજ પ્રમાણે કર્મભૂમિક મનુષ્ય સ્ત્રીના સંબંધમાં પણ સમજી લેવું. સામાન્ય મનુષ્ય સ્ત્રીનો જે અવસ્થાન કાળ કહેલ છે એજ પ્રમાણેના અવસ્થાન-કાળનું પ્રમાણ ભરત અને ઐરવતમાં રહેલ કર્મભૂમિની સ્ત્રીનું પણ સમજવું. વિશેષ એ છે કે ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી આના અવસ્થાન કાળનું પ્રમાણ ઉત્કૃષ્ટથી દેશોન-પૂર્વકોટિ અધિક ત્રણ પલ્યોપમનું છે. ચારિત્ર ધર્મને લઈને તેના અવસ્થાનકાળનું પ્રમાણ જઘન્યથી એક સમયનું છે, અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિનું છે. તેનું કારણ કર્મભૂમિજ મનુષ્યસ્ત્રીના કથન પ્રમાણેનું સમજી લેવું.

વિદેહ અને અપરવિદેહના સ્ત્રિયોનું અવસ્થાન ક્ષેત્રની અપેક્ષાથી જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધીનું હોય છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિપૃથકત્વ સુધીનું હોય છે. ચારિત્ર ધર્મની અપેક્ષાથી જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિ સુધીનું અવસ્થાન રહે છે. કાળની અપેક્ષાથી અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રી, જઘન્યથી દેશોન એક પલ્યોપમ સુધી રહે છે. ઉત્કૃષ્ટથી પલ્યોપમની સુધી રહે છે, સંહરણની અપેક્ષાથી એક અંતર્મુહૂર્તનો છે. ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિથી વધારે ત્રણપલ્યોપમ સુધી કહેલ છે. હૈમવત, ઐરણ્યવત ક્ષેત્રની મનુષ્ય સ્ત્રિયોનો અવસ્થાન કાળ જઘન્યથી દેશોન પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી હીન એક પલ્યોપમનો છે અને ઉત્કૃષ્ટથી પૂરો એક પલ્યોપમનો છે. સંહરણની અપેક્ષાથી અંતર્મુહૂર્ત પ્રમાણનું આયુષ્ય બાકી રહે ત્યારે તેનું સંહરણ થઈ જવાના કારણથી જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધી દેશોને પૂર્વકોટિથી વધારે પલ્યોપમ સુધી રહે છે. જે હરિવર્ષ અને રમ્યકવર્ષ અને અકર્મભૂમિનીમનુષ્યસ્ત્રિયો છે, તેઓનો ત્યાં તે જઘન્ય કાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ દેશથી ન્યૂન બે પલ્યોપમનો છે. ઉત્કૃષ્ટથી પૂરા બે પલ્યોપમનો છે. હરિવર્ષ અને રમ્યક વર્ષની અકર્મ-ભૂમિની મનુષ્ય સ્ત્રિયો સંહરણની અપેક્ષાએ જઘન્યકાળ એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટકાળ દેશોને પૂર્વકોટિથી વધારે બે પલ્યોપમનો છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂની પૂર્વકોટિની મનુષ્ય સ્ત્રિયોને જન્મની અપેક્ષાથી જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ થી કમ ત્રણ પલ્યોપમનો કહેલ છે. તથા ઉત્કૃષ્ટથી પૂરા ત્રણ પલ્યોપમનું અવસ્થાન રહે છે. સંહરણ અપેક્ષાથી જઘન્યથી અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિ અધિક ત્રણ પલ્યોપમનો છે. અંતરદ્વીપક અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયોનો રહેવાનો કાળ જન્મ અપેક્ષાએ જઘન્યથી કીક ન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ઓછો અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના ની અસંખ્યાતમા ભાગપ્રમાણનો છે. સંહરણ ની અપેક્ષાથી જઘન્યથી તેનો અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વ કોટિથી વધારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણનો છે.દેવની સ્ત્રિપણાથી રહેવાનો અવસ્થાનકાળ જઘન્ય દશ હજારવર્ષનો અને ઉત્કૃષ્ટથી ૫૫ પલ્યોપમનો તેમનો સામાન્ય અવસ્થાનકાળ છે.

[૫૭] હે ભગવન્ સ્ત્રીને ફરીથી સ્ત્રી પણામાં આવવામાં કેટલાકાળનું અંતર હોય

જૈન સાઈટ JAINSITE

છે. હે ગૌતમ !જઘન્યથી અંતર્મુહૂર્તના સમયનું અંતર કહ્યું છે અને વધારેમાં વધારે વનસ્પતિકાલની અપેક્ષાથી અનંતકાળનું અંતર છે. સ્ત્રીપણાના વિરહકાલ અનુસારજ સઘળા, જલચર, સ્થલચર ખેચર તિર્યગ્ સ્ત્રિયોનું અને ઔધિક સામાન્ય મનુષ્ય સ્ત્રિયોનો ફરીથી સ્ત્રીપ ણાથી પ્રાપ્તિનો વિરહકાળ જઘન્ય અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ પ્રમાણ કહેલ છે. તેમ સમજવું. ક્ષેત્રની અપેક્ષાથી કર્મભૂમિજ મનુષ્યસ્ત્રીની પર્યાયને છોડીને ફરીથી મનુષ્ય સ્ત્રીના પર્યાયની પ્રાપ્તિ ઓછામાં ઓછા એક અંતર્મુહૂમર્ત વીત્યા પછી અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ વીતી ગયા પછી કરે છે. ચારિત્રને લઈને જઘન્યથી એકસમયનું અંતર અને ઉત્કૃષ્ટથી અંનતકાલસુધીનું અંતર યાવત્ દેશોન અપાર્ધ પુદ્ ગલપરાવર્ત સુધીનું છે. આજ રીતે ભરત ક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની મનુષ્ય સ્ત્રીયોમાં ફરીથી સ્ત્રીપણું પ્રાપ્ત થવાનું અંતર ક્ષેત્રની અપેક્ષાથી જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ પ્રમાણ છે. તથા ચારિત્રધર્મ ને લઈને જઘન્યથી અંતર એક સમયનું છે અને ઉત્કૃષ્ટ દેશોને અપાધદિશોને પુદ્ગલ પરાવર્તનું છે. અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રી ફરીથી સ્ત્રીના પર્યાયને પ્રાપ્ત કરે તો જન્મની અપેક્ષાથી તે જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષનું છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ કહેલ છે. જે પ્રમાણે સામાન્ય અકર્મભૂમિની સ્ત્રીનું ફરીને તે પર્યાય પ્રાપ્તિનું જઘન્ય અંતર એકઅંતે મુહૂર્ત અધિક દશ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ પ્રમાણ છે. એજ પ્રમાણે યાવત્ અંતરદ્વીપની મનુષ્ય સ્ત્રીનો કાળ જાણવો.

[૫૮]હે ભગવન્ આ તિર્યંચ સ્ત્રિયોમાં અને દેવિયોમાં કઈ સ્ત્રિયો કઈ સ્ત્રિયો કરતાં અલ્પ છે ? કઈ સ્ત્રિયો કઈ સ્ત્રિયો કરતાં વધારે છે ? અને કઈ સ્ત્રિયો કઈ સ્ત્રિયોની બરાબર છે ? હે ગૌતમ ! સૌથી ઓછી મનુષ્યની સ્ત્રિયો છે તેના કરતાં તિર્યગ્યોનિક સ્ત્રિયો અસંખ્યાતગણી વધારે છે. તિર્યંચ સ્ત્રિયોના કરતાં દેવિયો અસંખ્યાત ગણિ છે. બીજું અલ્પ બહુત્વ હે ગૌતમ ! સૌથી ઓછી ખેચર તિર્યગ્યોનિકસ્ત્રિયો છે, તેના કરતાં સ્થલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાતગણિ છે. તેના કરતાં જલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. ત્રીજું અલ્પ બહુપણું કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતરદ્વીપ આ ત્રણે ક્ષેત્રોની સ્ત્રિયોમાં સૌથી ઓછી અંતરદ્વીપ અકર્મભૂમિમાં રહેલ મનુષ્યની સ્ત્રિયો છે. તેના કરતાં દેવકુરૂ અને ઉત્તરકુરૂની મનુષ્ય સ્ત્રિયો છે, તેઓ પરસ્પરમાં તુલ્ય છે. પરંતુ તે અંતરદ્વીપની સ્ત્રિયો કરતાં સંખ્યાત ગણી વધારે છે. હરિવર્ષ અને રમ્યકવર્ષ આ બન્ને અકર્મભૂમિ ક્ષેત્રોની સ્ત્રિયો પરસ્પર સમાન છે. પરંતુ દેવકુરૂ અને ઉત્તરકુરૂની કરતાં મનુષ્ય સ્ત્રિયોની અપેક્ષાથી સંખ્યાત ગણી વધારે છે. હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રની મનુષ્ય સ્ત્રિયો પરસ્પરમાં તુલ્ય છે. પરંતુ હરિવર્ષ અને રમ્યકવર્ષની સ્ત્રિયોની અપેક્ષાથી સંખ્યાતગણી વધારે છે, ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રની મનુષ્ય સ્ત્રિયો હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રોની અપેક્ષાથી સંખ્યાત ગણી વધારે છે. પરંતુ પરસ્પરમાં તેઓ સરખી છે. પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ ક્ષેત્રોની મનુષ્ય સ્ત્રિયો પરસ્પરમાં સરખી છે. પરંતુ ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રની મુનુષ્ય સ્ત્રિયોની અપેક્ષાથી તેઓ સંખ્યાત ગણી વધારે છે.

ચોથા પ્રકારનું અલ્પ બહુપણું સઘળી દેવિયોમાં સૌથી ઓછી વૈમાનિક દેવની દેવિયો છે, કરતાં ભવનવાસિ દેવિયો અસંખ્યાતગણી વધારે છે. તે કરતા વાનવ્યંતર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવિયો અસંખ્યાતગણી વધારે છે. તેનાથી જ્યોતિષ્ક દેવોની દેવી યોનું પ્રમાણ અસંખ્યાતગણું વધારે છે. પાંચમું અલ્પ બહુપણું-સૌથી ઓછી અંતરદ્વીપરૂપ અકર્મભૂમિની મનુષ્યસ્ત્રિયો છે. દેવકુરૂ અને ઉત્તર કુરૂ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો અંતર દ્વીપની મનુષ્ય સ્ત્રિયો કરતાં સંખ્યાતગણી વધારે છે, પોતાની ક્ષેત્રની અપેક્ષા એ બન્ને સમાન છે તેની થી હરિવર્ષ અને રમ્યક વર્ષરૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. પોતાના ક્ષેત્રની અપેક્ષા એ બન્ને સમાન છે. અને ઐરણ્યવતરૂપ અકર્મ ભૂમિની મનુષ્ય સ્ત્રિયો પરસ્પર બન્ને સમાન છે. પરંતુ હરિવર્ષ અને રમ્યકવર્ષની સ્ત્રિયો કરતાં સંખ્યાત ગણી વધારે છે. તેનાતી ભરત ઐરવત ક્ષેત્રની સ્ત્રીઓ સંખ્યાકત ગણી છે પૂર્વ વિદેહ અને અપવિદેહ રૂપ કર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો પરસ્પરમાં તુલ્ય છે, અને ભરતક્ષેત્ર તથા ઐરવતક્ષેતની મનુષ્ય સ્ત્રિયોથી સંખ્યાતગણી વધારે છે. વૈમાનિક દેવિયો પૂર્વવિદેહ તથા અપરવિદેહની મનુષ્ય સ્ત્રિયો કરતાં અસંખ્યાત ગણી છે ભવન વાસી દેવની દેવિયો વૈમાનિક દેવની દેવિયો કરતાં અસંખ્યાતગણી વધારે છે. ભવન વાસી દેવની દેવિયો કરતાં ખેચર તિર્યગ્યોનિક સ્ત્રિયો અસંખ્યાતગણી વધારે છે. ખેચર સ્ત્રિયો કરતાં સ્થલચર તિર્યક યોનિક સંખ્યાતગણી વધારે છે. સ્થલચર સ્ત્રિયો કરતાં જલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. જલચર સ્ત્રિયો કરતાં વાનવ્યંતર દેવોની દેવિયો સંખ્યાતગણી વધારે છે. વાનવ્યન્તર દેવોની દેવિયો કરતાં જ્યોતિષ્ક દેવોની દેવિયો સંખ્યાતગણી છે.

[૫૯] હે ભગવન્ સ્ત્રીવેદ કર્મની બંધસ્થિતિ કેટલા કાળ સુધીની કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી હીન સાગરોપમના દોઢ સાતિયાભાગ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ બંધ સ્થિતિનું પ્રમાણ પંદર સાગરોપમની કોટાકોટિ છે. પંદરસો વર્ષની અબાધા પડે છે. તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિ વાળા સ્ત્રીવેદ કર્મબંધને પ્રાપ્ત કરીને સ્વરૂપથી ૧૫૦૦ વર્ષ સુધી સ્વવિપાકોદયને પ્રાપ્ત કરતા નથી. સ્ત્રી વેદકર્મના ઉદયથી થવાવાળો સ્ત્રીવેદ કરીષાગ્નિ સમાન હોય છે.

[૬૦] હે ભગવન્ પુરૂષો કેટલા પ્રકારના હોય છે ? પુરૂષો ત્રણ પ્રકારના કહેવામાં આવેલ છે. તિર્યગ્યોનિક પુરૂષ ૧, મનુષ્ય પુરૂષ ૨ અને દેવ પુરૂષ ૩, તિર્યગ્યોનિક પુરૂષ ત્રણ પ્રકારના હોય છે જલચર, સ્થલચર, અને ખેચર તિર્યગ્યોનિક પુરૂષ. જે પ્રમાણે તિર્યગ્યોનિક સ્ત્રિયોના ભેદો અને ઉપ ભેદો કહેવામાં આવ્યા છે. એજ પ્રમાણે અહિયાં તિર્યગ્યોનિક પુરૂષોના ભેદો કહેવા જોઈએ. મનુષ્ય પુરૂષ ત્રણ પ્રકારના કહ્યાં છે. કર્મ ભૂમિજ, અકર્મભૂમિ, અંતરદ્વીપના. દેવ પુરૂષો ચાર પ્રકારના કહ્યાં છે. જે પ્રમાણે દેવિયોના ભેદો કહ્યાં છે.એજ પ્રમાણેના દેવપુરુષોના ભેદો પણ કહી લેવા જોઈએ. સર્વાર્થ સિદ્ધ દેવપુરૂષ પર્યંત આ પ્રમાણનો પાઠ કહેલ છે.

[૬૧] હે ભગવન્ પુરૂષની સ્થિતિ કેટલા કાળની કહી છે ? સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની છે તિર્યગ્યોનિક પુરૂષોની અને મનુષ્યોની સ્થિતિ તેઓની સ્ત્રિયોની જે સ્થિતિ કહેલ છે, એજ પ્રમાણની છે. અસુર કુમાર દેવપુરૂષોથી લઈએ સવાર્થસિદ્ધ વિમાનના દેવપુરૂષો પર્યંત ના દેવપુરૂષોની સ્થિતિ કથન પ્રજ્ઞાપના સૂત્રના ચોથા સ્થિતિપદમાં કહેલ છે. તે પ્રમાણે જાણવું.

[૬૨] હે ભગવન્ પુરુષ પોતાના પુરુષપણાનો કેટલો કાળ સુધી ત્યાગકરતા

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

નથી ? પુરૂષ પોતાના પુરુષપણાનો ત્યાગ ન કરે તો તે જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી તે કંઈક વધારે બે સાગરોપમથી લઈને નવ સાગરોપમ સુધી ત્યાગ કરતા નથી. તિર્યક્ પુરૂષ તિર્યંચ પુરૂષપણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ સુધી રહે છે. આ રીતે આના સ્ત્રી પ્રકરણમાં જેવી રીતની સ્થિતિ કહેલ છે. એવી જ સ્થિતિ આ પ્રકરણમાં પણ ખેચરતિર્યક્ પુરૂષોના સંબંધમાં પણ સમજી લેવી. અને આ સંસ્થિતિ પ્રકરણ જલચર, સ્થલચર, ખેચર તિર્યક્યોનિક પુરૂષના સંસ્થિતિપ્રકરણ સુધી અહીં સમજવી. મનષ્ય પૂરૂષોની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમનો છે. ચારિત્ર ધર્મની અપેક્ષાથી તેઓની કાય સ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિનો છે. આ રીતે આ સામાન્ય પણાથી મનુષ્ય પુરૂષોનો અવસ્થાન કાળ- કહ્યો છે. તે પ્રમાણે બધેજ પુરૂષોનો કાયસ્થિતિનો કાળ સમજી લેવો. અકર્મભૂમિજ મનુષ્ય પુરુષોની કાયસ્થિતિ કાળ જેમ અકર્મભૂમિક મનુષ્ય સ્ત્રિયોનો કાયસ્થિતિ કાળ કહેવામાં આવેલ છે, એજ પ્રમાણેનો સમજવો. ભવનપતિદેવ પુરૂષોથી લઈને સર્વાર્થ સિદ્ધ દેવપુરૂષ સુધી પહેલાં દેવોની જે ભવસ્થિતિ કહી છે. એજ પ્રમાણે કાયસ્થિતિ પણ છે. તેમ સમજવું.

[૬૩] હે ભગવન્ ! એક પુરૂષને, પુરૂષપણાનો ત્યાગ કરીને પાછા પુરૂષપણાને પ્રાપ્ત કરવામાં કેટલા કાળનું અંતર હોય ઓછામા ઓછા એક સમય પછી પ્રાપ્ત કરી લે છે અને વધારેમાં વધારે વનસ્પતિનો જેટલો કાળ કહ્યો છે, તિર્યગ્યોનિક પુરૂષપણાનુંઅંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિના કાળ પ્રમાણનું છે. જે પ્રમાણે સામાન્ય પણાથી તિર્યક પુરૂષનું અંતર કહ્યું છે, એજ પ્રમાણે વિશેષ જલચર સ્થલચર અને ખેચર પુરૂષોના પુરૂષપણાનું અંતર પણ સમજી લેવું. ક્ષેત્રની અપેક્ષાથી તેને મનુષ્યપણાને પ્રાપ્ત કરવામાં ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્તનું અંતર હોય છે અને વધારેમાં વધારે વનસ્પતિ કાળ પ્રમાણનું અનંત કાળનું અંતર પડે છે. ચારિત્ર ધર્મની અપેક્ષાથી તેમને ફરીથી મનુષ્ય પુરૂષપણું પ્રાપ્ત કરવામાં ઓછામાં ઓછું એક સમયનું અને વધારેમાં વધારે અનંત કાળનું અંતર પડે છે. કાળથી અનંત ઉત્સર્પિણીયો અને અવસર્પિણીયો થઈ જાય છે. યાવત્ ક્ષેત્રથી અનંત લોકો થઈ જાય છે. તે દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત થાય છે. એ કર્મભૂમિના મનુષ્ય પુરૂષોના પુરૂષપણાનું અને અકર્મ-ભૂમિના મનુષ્ય પુરુષોના પુરુષપણાનું અંતર પોતપોતાની સ્ત્રિયોના પ્રકરણમાં જે જે પ્રમાણનું અંતર કહેવામાં આવેલ છે. તે તે પ્રકારથી સમજી લેવું જેમકે-દેવપુરૂષોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્ત પછી થાય છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ એટલે કે અનંતકાળ વીતી ગયા પછી થાય ભવનવાસી દેવપુરૂષોથી લઈને સહસ્રાર સુધીના દેવપુરૂષોનું જઘન્યથી એક અંત મુહૂર્તનું અંતર પડે છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ એટલે આનત દેવપુરૂષકાળનું અંતર જઘન્યથી વર્ષ પૃથક્ત્વ-ઉત્કૃષ્ટ તીવનસ્પતિકાળ એટલે કે-અનંતકાળ સુધીનું છે. આનતદેવ પુરૂષોની જેમજ ગ્રૈવેયકના દેવ પુરૂષોનું અંતર પણ સમજી લેવું. અનુત્તરોપપાતિક કલ્પાતીત દેવપુરૂષનું અંતર જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સંખ્યાત સાગરોપમોનું છે.

[૬૪] સામાન્ય સ્ત્રી પ્રકરણમાં જે પ્રમાણે અલ્પ બહુપણાનું કથન કરવામાં


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવેલ છે,એજ પ્રમાણે સામાન્ય પુરૂષોનું અલ્પ બહુપણું કહી લેવું. યાવત્ દેવ પુરૂષોના અલ્પ બહુપણાના પ્રકરણથી પહેલાં પહેલાંનું ગ્રહણ કરાયું છે. સૌથી ઓછા વૈમાનિક દેવપુરૂષ છે. વૈમાનિકદેવ પુરૂષો કરતાં ભવનવાસી દેવ પુરૂષ અસંખ્યાત ગણા વધારે હોય છે. ભવનવાસીદેવ પુરૂષો કરતાં વાનવ્યન્તર દેવપુરૂષ અસંખ્યાત ગણા વધારે હોય છે. વાનવ્યન્તરદેવ પુરૂષો કરતાં જ્યોતિષ્ક દેવ પુરૂષ સંખ્યાત ગણા વધારે હોય છે. દેવોમાં સૌથી ઓછા અનુત્તરોપપાતિક દેવ હોય છે. પુરૂષ કે જે જલચર સ્થલચર અને ખેચર પુરૂષ તથા મનુષ્ય પુરૂષ કે જે કર્મભૂમિના અકર્મભૂમિના અને અંતરદ્વીપના મનુષ્યરૂપ અને દેવ પુરૂષ કે જે ભવનવાસી અસુરકુમાર વિગેરે વાનવ્યંતર જ્યોતિષ્ક વૈમાનિક પુરૂષ વિગેરે બધા પ્રકારના જીવોમાં સૌથી ઓછા અંતરદ્વીપના મનુષ્ય પુરૂષો છે, અંતરદ્વીપના મનુષ્યપુરૂષો કરતાં દેવકુરૂ અને ઉત્તરકુરૂ મનુષ્ય પરસ્પર બન્ને સરખા પરંતુ તેથી સંખ્યાત ગણા વધારે હોય છે, દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્ય પુરૂષો કરતાં હરિવર્ષ અને રમ્યક વર્ષ આ બેઉ અકર્મભૂમિના મનુષ્ય પુરૂષ પરસ્પર સમાન હોય છે, અને સંખ્યાત ગણા વધારે હોય છે. હરિવર્ષ અને રમ્યક વર્ષ ક્ષેત્રના મનુષ્ય પુરુષો કરતાં આ હૈમવત અને હૈરણ્યવત વર્ષ આ બન્ને ક્ષેત્રના મનુષ્ય પુરુષ અન્યો અન્ય સંખ્યામાં સરખા છે અને સંખ્યાતગણા વધારે છે. હૈમવત અને હૈરણ્યવત વર્ષ અકર્મભૂમિના મનુષ્ય પુરુષો કરતાં ભરત અને ઐરવત આ બેઉ ક્ષેત્રોના મનુષ્ય પુરુષ ક્ષેત્રના સરખા પણાથી પર સ્પર બન્ને સરખા છે. અને સંખ્યાતગણા વધારે હોય છે. ભરત અને ઐરવત આ બન્ને ક્ષેત્રોના મનુષ્ય પુરુષો કરતાં આ પૂર્વવિદેહ અપરવિદેહ આ બેઉ ક્ષેત્રોના મનુષ્ય પુરૂષ ક્ષેત્રના સરખાપણાથી સરખી સંખ્યાવાળા સંખ્યાતગણા વધારે હોય છે.

પૂર્વ વિદેહ અને અપર વિદેહના મનુષ્ય પુરૂષ કરતાં અનુત્તરોપપાતિક દેવ પુરુષ અસંખ્યાત ગણા વધારે હોય છે. અનુત્તરોપપાતિક દેવપુરૂષો કરતાં ઉપરિતન ગ્રૈવેયક પ્રસ્તટના દેવ પુરૂષો સંખ્યાત ગણા વધારે હોય છે, તેના કરતાં મધ્યમ ગ્રૈવેયક દેવ પુરૂષો સંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં અધસ્તન ગ્રૈવેયક દેવ પુરૂષ સંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં અચ્યુત કલ્પના દેવ પુરૂષો સંખ્યાત ગણા વધારે હોય છે. આવું અચ્યુત કલ્પના દેવ પુરૂષોની આગળ પશ્ચાનું પૂર્વિથી આનત કલ્પના દેવપુરૂષ પર્યન્ત પહેલા પહેલાની અપેક્ષાથી પછી પછીના દેવ પુરૂષો સંખ્યાત ગણા વધારે હોય છે. આનત કલ્પના દેવ પુરૂષો કરતાં સહસાર કલ્પના દેવ પુરૂષ અસંખ્યાત ગણા વધારે હોય છે આનાથી આગળ માહેન્દ્ર કલ્પના દેવ પુરૂષો સુધીના દેવ પુરૂષો એક એકની અપેક્ષાથી અસંખ્યાત ગણા વધારે હોય છે,યાવત્ સૌધર્મ કલ્પના દેવપુરૂષો કરતાં ભવનવાસી દેવ પુરૂષો અસંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં ખેચર તિર્યગ્યોનિક પુરૂષો અસંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં સ્થલચર તિર્યગ્યોનિક પુરૂષ સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જલચર તિર્યગ્યોનિક પુરૂષ અસંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં વાનવ્યન્તર દેવપુરૂષ સંખ્યાત ગણા વધારે હોય છે. તેના કરતાં જ્યોતિષ્ક દેવ પુરૂષો સંખ્યાત ગણા વધારે હોય છે.

[૬૫] હે ભગવન્ પુરૂષવેદ કર્મની કેટલા કાળની બંધ સ્થિતિ કહી છે હે ગૌતમ ! પુરૂષ વેદકર્મની બંધ સ્થિતિ જઘન્યથી આઠ વર્ષની છે. ઉત્કૃષ્ટથી દસ સાગરોપમ કોટિની કહી છે. અબાધા કાળથી ન્યૂન કર્મસ્થિતિ કર્મ નિષેક છે. જે પ્રમાણે વનના દવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્નિની જ્વાલાનું સ્વરૂપ હોય છે, તે પ્રારંભમાં તીવ્ર દાહ વાળો હોય છે એજ પ્રમાણે પુરૂષ વેદ પ્રારંભમાં તીવ્ર હોય છે. અને પછી જલ્દી શાન્ત થઈ જાય છે.

[૬૬] હે ભગવન્ નપુંસકો કેટલા પ્રકારના હોય છે. હે ગૌતમ ! નપુંસકો ત્રણ પ્રકારના હોય છે. નૈરયિક નપુંસક,તિર્યગ્યોનિક નપુંસક અને મનુષ્ય યોનિક નપુંસક. નૈરયિક નપુંસક સાત પ્રકારના હોય છે. રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસક, યાવત્ અધઃ સપ્તમી પૃથ્વીના નૈરયિક નપુંસક, તિર્યગ્યોનિક નપુંસક પાંચ પ્રકારે છે.એક ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસક, યાવત્ પાંચ ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસક. એક ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસકો પાંચ પ્રકારના હોય છે. પૃથ્વીકાયિક એક ઈન્દ્રિય વાળા તિર્યગ્યો નિકનપુંસક યાવત્ વનસ્પતિકાયિકએકેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસક. બે ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસક અનેક પ્રકારના કહ્યા છે. જ ત્રણ ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અને ચાર ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિકનપુંસકોનું નિરૂપણ સમજી લેવું. પાંચ ઈન્દ્રિયોવાળા તિર્યગ્યોનિક નપુંસકો ત્રણ પ્રકારના કહ્યા છે. જલચરનપુંસક સ્થલચર નપુંસક અને ખેચર નપુંસક, આસાલિક નામના ભેદને છોડીને એજ પહેલી પ્રતિપત્તિમાં કહેલા સઘળા ભેદો અહિયાં કહેવા જોઈએ. મનુષ્ય નપુંસક ત્રણ પ્રકારના કહ્યા છે. કર્મભૂમિના અકર્મભૂમિના અને અંતરદ્વીપના મનુષ્ય નપુંસકો

[૬૭] હે ભગવન્ સામાન્ય નપુંસકની કેટલા કાળની સ્થિતિ-કહેલ છે. નપુંસ કોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની કહી છે, ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગ રોપમની સામાન્ય નારકની સ્થિતિ જઘન્યથી દસ હજાર વર્ષની કહેવા માં આવી છે. ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની કહી છે. સામાન્યપણાથી તિર્યગ્યો નિકનપુંસકની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પૂર્વકોટિની છે. એક ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસકની સ્થિતિ સામાન્યપણાથી જઘન્યથી અંતર્મુહૂર્તના અને ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષની છે. પૃથ્વીકાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપું-સક જીવોની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ હજાર વર્ષની છે. બાકીના જે એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક તેજસ્કાયિક, વાયુકાયિક, તે સઘળાની પૂર્વવત્ પૂર્વવત્ જાણવું સમજી લેવી. બે, ત્રણ, ચાર, ઈન્દ્રિયવાળા, જીવોની સ્થિતિ પાંચમાં ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકોની જઘન્યથી સ્થિતિ એક અંત-ર્મુહૂર્તની છે, ક્ષેત્રની અપેક્ષાથી મનુષ્ય નપુંસકની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂ ર્તની છે, અને ઉત્કૃષ્ટસ્થિતિ ૧ એક પૂર્વકોટિની, ચારિત્ર ધર્મની અપેક્ષાથી કર્મભૂમિના મનુષ્ય નપુંસકોની જઘન્યથી સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોને એક પૂર્વકોટિની છે. ભરત અને ઐરવતક્ષેત્ર રૂપ કર્મભૂમિના મનુષ્ય નપુંસક સ્થિતિ પણ ક્ષેત્રની અપેક્ષાથી અને ચારિત્ર ધર્મની અપેક્ષાએ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વોક્ત કથન પ્રમાણોની સમજવી. પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહના મનુષ્ય નપુંસકોની જઘન્ય સ્થિતિ ક્ષેત્રની અપેક્ષાથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પૂર્વકોટિની છે. જન્મની અપેક્ષાથી અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એક અંતર્મુહૂર્તની છે. સંહરણની અપેક્ષાથી અકર્મભૂમિના મનુષ્ય નપુંસકો જઘન્યથી એક અંતર્મૂહૂર્તની સ્થિતિવાળા હોય છે. અને ઉત્કૃષ્ટથી દેશોને એક પૂર્વકોટિની સ્થિતિવાળા હોય છે. સામાન્યપણાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોની જે પ્રમાણોની સ્થિતિ કહેલી છે, એજ પ્રમાણોની સ્થિતિ યાવત્ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકોની પણ સમજવી. ઈત્યાદિ

હે ભગવન્ નપુંસક જો પોતાના નપુંસકભાવનો પરિત્યાગ ન કરે તો તે ક્યાં સુધી ત્યાગ નથી કરતા ? હે ગૌતમ ! નપુંસ કોની કાયસ્થિતિ જઘન્યથી એક સમયની છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ અનંતકાળની છે. નૈરયિક નપુંસકોની કાયસ્થિતિ જઘન્યથી તો દસ હજાર વર્ષની છે, અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની છે. એજ પ્રમાણે પૃથ્વીકાયિકોની સ્થિતિ કહેવી જોઈએ. નપુંસક જો તિર્યગ્યોનિક નપુંસકપણાથી થતા રહે તો તે ઓછામાં ઓછાં એક સમય સુધી થાય છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ એટલે કે અનંતકાળ સુધી થતા રહે છે. આજ પ્રમાણે તિર્યગ્યોનિક નપુંસકોમાં એક ઈન્દ્રિયવાળા નપુંસક જીવોની કાયસ્થિતિનું કાળમાન છે. વિશેષની અપેક્ષાથી વનસ્પતિકાયિક એક ઈન્દ્રિયવાળા નપુંસકોની કાયસ્થિતિનો કાળમાન પણ સામાન્યતઃ એક ઈન્દ્રિયવાળીની કાયસ્થિતિના કાળમાન પ્રમાણે જ છે. પૃથ્વી કાયિક અપકાયિક,તેઉકાયિક અને વાયુકાયિકોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળની છે, આમાં કાળની અપેક્ષાથી અસંખ્યાત ઉત્સર્પિણી અને અવ-સર્પિણી સમાપ્ત થઈ જાય છે. તથા ક્ષેત્રની અપેક્ષા અંસખ્યાતલોક સમાપ્ત થઈ જાય છે, બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા નપુંસકોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળની છે. પાંચ ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસક જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથકત્વની છે. પાંચ ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિનપુંસક જીવની જેમ જલચર તિર્યગ્યોગ, સ્થલચર ઉરઃપરિસર્પ ભુજપરિસર્પ, અને મહોરગ આ નપુંસકોની કાયસ્થિતિ પણ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વની છે.

ક્ષેત્રની અપેક્ષાથી મનુષ્ય નપુંસકોની કાયસ્થિતિનો કાળમાન ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્તનો છે, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વનો છે, ચારિત્રધર્મની અપેક્ષાથી મનુષ્ય નપુંસકની કાયસ્થિતિનું પ્રમાણ જઘન્ય થી એક સમયનું છે, અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછું પૂર્વકોટિ છે. બન્ને સ્થાનોની ભાવના પહેલા કહ્યા પ્રમાણેની સમજી લેવી. સામાન્ય નપુંસકની જેમજ કર્મભૂમિના જે મનુષ્ય નપુંસકો છે, તેઓની પણ કાયસ્થિતિ સમજવી. અકર્મભૂમિક મનુષ્ય નપુંસકની કાયસ્થિતિ જન્મની અપેક્ષાથી ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પૃથક્ત્વ છે, સંહરણની અપેક્ષાથી તેઓની કાયસ્થિતિનો કાળ જઘન્ય થી એક અંતર્મુહૂર્તનો છે. કેમ કે ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિનું છે. સામાન્ય અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોની જેવી કાયસ્થિતિ છે,એજ પ્રમાણોના બધાની જ યાવત્ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકોની કાયસ્થિતિ જન્મની અપેક્ષાથી અંતર્મુહૂર્ત પૃથકત્વની છે. તથા સંહરણની અપેક્ષાથી તેઓની કાયસ્થિતિ જઘન્યથી એક અંતમુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિની છે. નપુંસક જીવને નપુંસક વેદથી છૂટ્યા પછી ફરી પાછા નપુંસક થવામાં જઘન્ય એક અંતર્મુહૂર્તનું અંતર હોય છે. અને ઉત્કૃષ્ટ સાગરોપમ શત પૃથકત્વનું છે. પુરૂષ અને નપુંસકની કાયસ્થિતિ ક્રમથી ઉત્કૃષ્ટથી સાગ-રોપમ શત પૃથકત્વ હોય છે. નૈરયિક નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી તરૂકાળ પ્રમાણ એટલે કે-અનંતકાળનું છે. રત્નપ્રભા નૈરયિક નપુંસકોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળની હોય છે. એજ પ્રમાણે શર્કરા પ્રભાના નૈરયિક નપુંસકોથી લઈને સાતમી પૃથ્વીના નૈરયિક નપુંસકોનું અંતર પણ હોય છે. તિર્યગ્યોનિક નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી સાતિરેક અંતર કહ્યું છે.

એક ઈન્દ્રિયવાળા તિર્યગ નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમનું છે.પૃથ્વીકાયિક, અપ-કાયિક, તેજસ્કાયિક, અને વાયુકાયિક નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણનું અંતર છે, વનસ્પતિ કાયિક નપું સકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે, અને ઉત્કષ્ટથી અસંખ્યાત કાળનું અંતર યાવત્ અસં-ખ્યાત લોકનું છે. આ જ પ્રમાણે શેષ બે-ઈન્દ્રિય આદી નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળ પ્રમાણનું છે. સામાન્ય પણાથી મનુષ્ય નપુંસકનું અંતર ક્ષેત્રની અપેક્ષાથી જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે,તથા ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ છે. ચારિત્ર ધર્મની અપેક્ષાથી મનુષ્ય નપુંસકોનું અંતર જઘન્ય થી એક સમયનું અને ઉત્કૃષ્ટથી અનંતકાળનું છે. દેશોને અર્ધ પુદ્ગલ પરાવર્ત આ અનંતકાળમાં અનંત ઉત્સર્પિણી કાળ અને અનંત અવસર્પિણી કાળ સમાપ્ત થઈ જાય છે. એજ પ્રમાણે કર્મભૂમિના નપુંસકોનું અંતર પણ ક્ષેત્રની અપેક્ષાથી જઘન્યથી એક અંત મુહૂર્તનું છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળરૂપ છે. જે પ્રમાણે સામાન્ય કર્મભૂમિના મનુષ્ય નપુંસકોનું અંતર કહ્યું છે,એજ પ્રમાણે પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહના મનુષ્ય નપુંસકોનું અંતર પણ ક્ષેત્ર અને ચારિત્ર ધર્મનો આશ્રય કરીને જઘન્ય અને ઉત્કૃષ્ટ પણાથી સમજવું. અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળનું છે સંહરણની અપેક્ષાથી અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ સુધીનું અંતર કહ્યું એજ પ્રમાણેનું અંતર યાવત્ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકોનું પણ સમજવું.

[૬૮] હે ભગવન્ આ નૈરયિક નપુંસકોમાં તિર્યગ્યોનિક નપુંસકોમાં અને મનુષ્ય નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ અલ્પ છે, કોણ કોનાથી વધારે છે, હે ગૌતમ ! સૌથી ઓછા મનુષ્ય નપુંસકો છે. તેના કરતાં નૈરયિક નપુંસકોનું પ્રમાણ અસંખ્યાત પણું વધારે છે. તેના કરતાં તિર્યગ્યોનિક નપુંસકો અનંત ગણા છે. રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકોથી લઈને યાવત્ અધઃ સપ્તમી પૃથ્વીના નૈરયિકોમાં સૌથી ઓછા અધઃ સપ્તમી પૃથ્વીના નૈરયિક નપુંસકો છે તે કરતાં છઠ્ઠીતમા નામની પૃથ્વી છે, તેના નૈરયિક નપુંસકો અસંખ્યાત ગણા છઠ્ઠી પૃથ્વી નૈરયિક યાવત્ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાત ગણા વધારે હોય છે. ત્રીજા પ્રકારના અલ્પ બહુપણાનું કથન સૌથી ઓછા ખેચર તિર્યગ્યોનિક નપુંસકો તેના કરતાં સ્થલચર તિર્યગ્યો નિક નપુંસકો સંખ્યાતગણા વધારે હોય છે. તેના કરતાં જલચર તિર્યગ્યોનિક નપુંસકો છે, તેઓ સંખ્યાતગણા વધારે છે. તેના કરતા ચાર ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષાધિક છે. તેના કરતા ત્રણ ઈન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષાધિક છે, તેના કરતાં બે ઈન્દ્રિયવાળા જે તિર્યગ્યોનિક નપુંસકો છે, તેઓ વિશેષાધિક છે, તેના કરતાં તેજસ્કાયિક એક ઈન્દ્રિય વાળા તિર્યગ્યો નિક નપુંસક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પૃથ્વીકાયિક એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસક વિશેષાધિક અપકાયિકા નપુંસકો તેના કરતાં વાયુકાયિકા એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસક વિશેષાધિક છે. તેના કરતાં વનસ્પતિકાયિક એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસક અનંતગણા વધારે છે.

ચોથું અલ્પ બહુ પણું કહેવામાં આવે છે. અંતરદ્વીપના જે મનુષ્ય નપુંસકો છે, તેઓ સૌથી ઓછા છે. દેવકુરૂ અને ઉત્તર કુરૂરૂપ અકર્મભૂમિના મનુષ્ય નપુંસકો અંતર દ્વીપના મનુષ્ય નપુંસકો કરતાં અસંખ્યાતગણા વધારે હોય છે. તેના કરતાં હરિવર્ષ રમ્યક વર્ષના મનુષ્ય નપુંસકો સંખ્યાત ગણા વધારે હોય છે. પરંતુ તેઓ પરસ્પરમાં સરખા જ હોય છે. તેના કરતાં પણ હેમવત ક્ષેત્રના અને હૈરણ્યવત ક્ષેત્રના જે મનુષ્ય નપુંસકો છે તેઓ સંખ્યાત ગણા વધારે છે. પરંતુ તેમાં પણ પરસ્પરમાં સમાન પણું છે. તેના કરતાં ભરત ઐરવક્ષેત્રના મનુષ્ય નપુંસકો સંખ્યાત ગણા વધારે છે. અને પરસ્પર તુલ્ય છે તેના કરતાં પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહના જે કર્મભૂમિના મનુષ્ય નપુંસકો છે. તેઓ સંખ્યાત ગણા વધારે છે, પરંતુ સ્પરસ્પરમાં આ બેઉ સરખા છે. આ પ્રમાણે આ મનુષ્ય નપુંસક સંબંધમાં ચોથું અલ્પ બહુ પણું છે. પાંચમા અલ્પ બહુપણુંનું કથન નૈરયિક નપુંસકોમાં રત્નપ્રભા પૃથ્વી ના નૈરયિક નપુંસકોમાં યાવત્ અધઃસપ્તમી પૃથ્વી ના નૈરયિક નપુંસકોમાં પૃથ્વીકાયિક એક ઇન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસકોમાં યાવત્ વનસ્પતિકાયિક એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકોમાં બે ઇન્દ્રિયવાળા, યાવત્ પાંચ ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકોમાં જલચર નપુંસકોમાં સ્થલચર નપુંસકોમાં ખેચર નપુંસકોમાં મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિના મનુષ્ય નપુંસકોમાં અને અકર્મ ભૂમિના મનુષ્ય નપુંસ કોમાં સૌથી ઓછા અધઃ સપ્તમી પૃથ્વીના નૈરયિક નપુંસકો છે. તેના કરતાં છઠ્ઠીતમા નામની પૃથ્વીના જે નૈરયિક નપુંસકો છે. તે અસંખ્યાત ગણા વધારે છે. યાવત્ બીજી પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં જે અંતરદ્વીપના મનુષ્ય નપુંસકો છે, તેઓ અસંખ્યાત ગણા વધારે છે. અંતરદ્વીપ જ મનુષ્ય નપુંસકો કરતાં દેવકુરૂ અને ઉત્તરકુરૂ આજે મનુષ્ય નપુંસક છે, તેઓ સંખ્યાત ગણા વધારે છે. પરંતુ આ બન્ને સ્વસ્થાનમાં તુલ્ય છે. યાવત્ પશ્ચિમ વિદેહ ના ! મનુષ્ય નપુંસક કરતાં રત્નપ્રભા પૃથ્વીના જે નૈરયિક નપુંસકો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે.

તેના કરતાં ખેચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. આ ખેચર નપુંસકો કરતાં સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો સંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં ચાર ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષાધિક છે. તેના કરતા ત્રણ ઇન્દ્રિય વાળા તિર્યગ્યોનિક નપુંસકો તેના કરતાં બે ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષા ધિક છે. બે ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો કરતાં તૈજસકાયિકા એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પૃથ્વીકાયિકા એક ઇન્દ્રિય વાળા તિર્યગ્યોનિકો વિશેષાધિક છે. પૃથ્વી કાયિકા નપુંસકો કરતાં અપ્કાયિકા એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષા ધિક છે. તેના કરતાં વાયુકાયિકા એક ઇન્દ્રિ-યવાળા તિર્યગ્યોનિક નપું સકો વિશેષાધિક છે તેના કરતાં વનસ્પતિકાયિક એક ઇન્દ્રિય વાળા નપુંસકો અનંતગુણા વધારે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૬૯] હે ભગવન્ નપુંસક વેદ કર્મની બંધસ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? નપુંસક વેદકર્મની બંધસ્થિતિ જઘન્યથી સાગરોપમના સાતભાગોમાંથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી બે સાતિયાભાગ પ્રમાણની છે. તથા ઉત્કૃષ્ટથી વીસ સાગરોપમ કોડાકોડીની છે. બે હજાર વર્ષનો અબાધાકાળ છે. અબાધાકાળથી હીન-કર્મસ્થિતિ છે. નપુંસક વેદ મહાનગરના દાહ પ્રમાણેનો કહેલ છે. આ વેદના ઉદયમાં સ્ત્રી અને પુરૂષ બન્નેની અભિલાષા થાય છે.

[૭૦] સામાન્યપણાથી સ્ત્રીયોમાં સામાન્ય પુરૂષ જાતિયોમાં અને સામાન્યથી નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ છે ? કોણ કોનાથી વધારે છે. હે ગૌતમ સૌથી ઓછા પુરૂષો છે. પુરૂષો કરતાં સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. સ્ત્રિયો કરતાં નપુંસકો અનંતવાળા વધારે છે. આ પહેલું અલ્પ બહુપણું કહ્યું છે. તિર્યગ્યોનિક સ્ત્રિયો તિર્યગ્યો નિક પુરૂષો કરતાં અસંખ્યાત ગણી વધારે છે. તિર્યગ્યોનિક સ્ત્રિયો કરતાં તિર્યગ્યોનિક નપુંસકો વનસ્પતિ જીવોની અનંતાનંતતાની અપેક્ષાએ અનંતગણા વધારે છે. ત્રીજું અલ્પ બહુપણું સૌથી ઓછા મનુષ્ય-પુરૂષ છે. મનુષ્ય પુરૂષો કરતાં મનુષ્ય સ્રીઓ સંખ્યાતગણી વધારે છે. મનુષ્ય સ્ત્રિયો કરતાં મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણું વધારે છે. ચોથું અલ્પ બહુપણું સૌથી ઓછા નૈરયિક નપુંસકો છે. નારક નપુંસકો કરતા દેવ-પુરૂષો અસંખ્યાત ગણા વધારે હોય છે. -દેવીયો દેવ પુરૂષો કરતાં સંખ્યાત ગણી વધારે છે. સૌથી ઓછા મનુષ્ય પુરુષ છે. મનુષ્ય પુરૂષો કરતાં મનુષ્યસ્ત્રિયો સંખ્યાત ગણી વધારે છે. મનુષ્ય નપુંસકો મનુષ્ય સ્ત્રિયો કરતાં અસંખ્યાત ગણા વધારે છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય નપુંસકો કરતાં નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. નૈરયિક નપુંસકો કરતાં તિર્યગ્યોનિક પુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તિર્યગ્યોનિક પુરૂષો કરતાં તિર્યગ્યોનિક સ્રીઓ અસંખ્યાતગણી વધારે છે, તિર્યગ્યોનિક સ્ત્રિયો કરતાં દેવપુરૂષો અસંખ્યાત ગણા વધારે છે. દેવોની સ્ત્રિયો દેવપુરૂષો કરતાં અસંખ્યાત ગણી વધારે છે. દેવ સ્ત્રિયો કરતાં તિર્યગ્યોનિક નપુંસકો અનંત ગણા વધારે છે.

છઠ્ઠા અલ્પ બહુપણાનું સૌથી ઓછા ખેચર તિર્યગ્યોનિક પુરૂષ છે. તેના કરતાં ખેચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાત ગણી વધારે છે. ખેચર સ્ત્રિયો કરતાં સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક પુરુષો સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સ્થલચર પાંચ ઈન્દ્રિયોવાળી સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. તે કરતાં જલચર તિર્યગ્યો નિક પુરૂષો સંખ્યાત ગણા વધારે છે. જલચર પુરૂષો કરતાં જલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાત ગણી છે. જલચર સ્ત્રિયો કરતાં ખેચર પાંચ ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તે કરતાં સ્થલચર પાંચ ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો સંખ્યાત ગણા વધારે હોય છે. કરતાં જલચર પંચેંદ્રિય તિર્યગ્યોનિક નપુંસકો સંખ્યાત ગણા વધારે છે. જલચર નપુંસકો કરતાં ચાર ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશે-ષાધિક છે, કરતાં ત્રણ ઈન્દ્રિયવાળા નપુંસકો વિશેષાધિક છે. તેના કરતાં બેઈન્દ્રિયવાળા નપુંસકો વિશેષાધિક છે. તેના કરતાં તેજસ્કાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. પૃથ્વીકાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો તેજસ્કાયિક નપુંસકો કરતાં વિશેષાધિક છે. તેના કરતાં અપ્કાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વિશેષાધિક છે. વાયુકાયિકા એક ઈન્દ્રિયવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યગ્યોનિક નપુંસકો અપૂકાયના કરતાં વિશેષાધિક છે. વાયુકાયના નપુંસકો કરતાં વનસ્પતિ કાયના એક ઇન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અનંતગુણા છે.

સાતમા અલ્પ બહુપણાનું કથન અંતરદ્વીપની મનુષ્ય સ્ત્રિયો અને અંતરદ્વીપના મનુષ્ય પુરૂષો આ બન્ને પરસ્પર સમાન છે અને સૌથી ઓછા છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ રૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષ આ બન્ને પરસ્પરમાં સરખા છે. પરંતુ અંતરદ્વીપની મનુષ્યસ્ત્રિયો અને પુરૂષો કરતાં સંખ્યાતગણા વધારે છે. હરિવર્ષ અને રમ્યકવર્ષ રૂપ અકર્મભૂમિની મનુષ્યસ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો આ બન્ને સ્વસ્થાનમાંતો તુલ્ય છે, પરંતુ દેવકુરૂ અને ઉત્તરકુરૂની સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષોથી સંખ્યાતગણા વધારે છે. હૈમવત અને હૈરણ્યવત રૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો બન્ને પરસ્પરમાં સરખા છે. અને હરિવર્ષ અને હૈરણ્યવત રૂપ અકર્મ-ભૂમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો બન્ને પરસ્પરમાં સરખા છે. અને હરિવર્ષ અને રમ્યકવર્ષના સ્ત્રિપુરૂષો કરતાં સંખ્યાતગણા વધારે છે. ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર રૂપ કર્મભૂમિના મનુષ્ય પુરૂષો હૈમવત અને હૈરણ્યવત રૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો કરતાં સંખ્યાતગણા વધારે છે. પરંતુ આ બન્ને પણ પરસ્પર સરખા છે. ભરત અને ઐરવત ક્ષેત્રના મનુષ્ય પુરૂષો કરતાં ત્યાંની મનુષ્ય સ્ત્રિયો પરસ્પરમાં સમાન છે. અને સંખ્યાતગણી વધારે છે. પૂર્વવિદેહ અને અપરવિદેહ રૂપ કર્મભૂમિના મનુષ્ય પુરૂષો પરસ્પરમાં સમાન છે, અને ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રના મનુષ્ય સ્ત્રિયો કરતાં સંખ્યાતગણા વધારે છે. પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહના મનુષ્ય પુરૂષો કરતાં ત્યાંની મનુષ્ય સ્ત્રિયો પરસ્પરમાં સરખી છે, અને સંખ્યાતગણી વધારે છે. પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહની મનુષ્ય સ્ત્રિયો કરતાં અંતરદ્વીપના મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ રૂપ અકર્મભૂમિના મનુષ્ય નપુંસકો પરસ્પરમાં સરખા છે પણ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકો કરતાં સંખ્યાતગણા વધારે છે. આજ પ્રમાણે યાવત્ દેવકુરૂ અને ઉત્તરકુરૂના મનુષ્ય નપુંસકો કરતાં હરિવર્ષ અને રમ્યક વર્ષના મનુષ્ય નપુંસકો બન્ને સમાનતાવાળા છે પણ સંખ્યાતગણા વધારે છે. આઠમા અલ્પ બહુ પણાનું કથન-સૌથી ઓછા અનુત્તરોપપાતિકદેવ પુરૂષો છે. તે કરતાં ઉપરના ગ્રૈવેયક દેવપુરૂષો સંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે મધ્યમ ગ્રૈવેયકથી લઈને પશ્ચાનુપૂર્વીથી આનતકલ્પ સુધીના દેવપુરૂષો પછી પછીનાં સંખ્યાત ગણાવધારે હોય છે. આનતકલ્પના દેવપુરૂષો કરતાં અધઃસપ્તમી તમઃસ્તમા નામની પૃથ્વીમાં નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં છઠ્ઠી પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સહસ્રારકલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં મહાશુક્ર કલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. મહાશુક્ર કલ્પના દેવપુરૂષો કરતાં પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યા તગણા વધારે છે. તેના કરતાં લાન્તક કલ્પના દેવપુરૂષો કરતાં ચોથી પંકપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બ્રહ્મલોક કલ્પના દેવપુરૂષો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસકો તેના કરતાં માહેન્દ્રકલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સનત્કુમાર કલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બીજી શર્કરા પ્રભા પૃથ્વીના નૈરયિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ઈશાન કલ્પના દેવપુરૂષો અસંખ્યાત ગણા વધારે છે. તે કરતાં ઈશાનકલ્પની -દેવીયો સંખ્યાત ગણી વધારે છે. તે કરતાં સૌધર્મ કલ્પના દેવપુરૂષો સંખ્યાતગણા વધારે છે. તેથી સૌધર્મકલ્પની દેવસ્ત્રિયો-દેવીયો સંખ્યાત ગણી વધારે છે. સૌધર્મ કલ્પની દેવિયો કરતાં ભવનવાસી દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. ભવનવાસી દેવો કરતાં ભવનવાસી દેવોની સ્ત્રિયો-દેવીઓ સંખ્યાતગણી વધારે છે. ભવનવાસી દેવિયો કરતાં આ રત્નપ્રભા પૃથ્વીના જે નૈરયિક નપુંસકો છે, તે ઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં વાનવ્યન્તર દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેથી વાનવ્યન્તર દેવસ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. વાન-વ્યન્તર દેવિયો કરતાં જ્યોતિષ્ક દેવપુરૂષો સંખ્યાતગણા વધારે છે. તેથી જ્યોતિષ્ક દેવોની સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે.

નવમું અલ્પ બહુપણું કહે છે. અંતરદ્વીપની મનુષ્યસ્ત્રિયો અને અંતરદ્વીપના મનુષ્યપુરૂષો એ બન્ને સ્વસ્થાનમાં બરોબર છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ રૂપ અકર્મભૂમિની મનુષ્યસ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો સંખ્યાતગણા વધારે કહ્યા છે. અને પરસ્પર એ બન્ને સરખા છે. તેના કરતાં હરિવર્ષ અને રમ્યકવર્ષ રૂપ અકર્મભમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો સંખ્યાત ગણા વધારે છે. અને સ્વસ્થાનમાં તેઓ પરસ્પરમાં તુલ્ય છે. તેના કરતાં હૈમવત અને હૈરણ્યવત રૂપ અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો અને મનુષ્ય પુરૂષો સંખ્યાતગણા વધારે છે. તથા સ્વસ્થાનમાં-પરસ્પરમાં તુલ્ય છે. ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર રૂપ કર્મભૂમિના મનુષ્ય પુરૂષો તેના કરતાં સંખ્યાતગણા વધારે. અને સ્વસ્થાનમાં તેઓ પરસ્પરમાં તુલ્ય છે. ભરત અને ઐરવત ક્ષેત્રના મનુષ્ય પુરૂષો કરતાં ત્યાંની મનુષ્ય સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. તથા સ્વસ્થાનમાં એ પરસ્પર તુલ્ય છે. તેના કરતાં પૂર્વવિદેહ અને અપરવિદેહ રૂપ કર્મભૂમિના મનુષ્ય પુરૂષો સંખ્યાતગણા વધારે છે. તથા સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય છે. તેના કરતા પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહ રૂપ કર્મભૂમિની મનુષ્ય સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. તથા સ્વસ્થાનમાં તેઓ પરસ્પર તુલ્ય છે. તેના કરતાં અનુત્તરોપપાતિક દેવપુરૂષ અસંખ્યાતગણા વધારે છે. ઉપરિતન ગ્રૈવેયકને લઈને પશ્ચાનુપૂર્વીથી આનત કલ્પના દેવ પુરૂષો સંખ્યાતગણા વધારે છે . તેના કરતા અધઃસપ્તમી પૃથ્વીમાં જે નૈરયિક નપુંસકો છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે. છઠ્ઠી પૃથ્વીના નૈરયિક નપુંસકો તેના કરતાં અસંખ્યાત ગણા વધારે છે. સહસ્રાર કલ્પના દેવપુરૂષો છ પૃથ્વીના નૈરયિક નપુંસકો કરતાં અસંખ્યાત ગણા વધારે મહાશુક્ર કલ્પના જે દેવ પુરૂષો છે તેઓ તેના કરતાં અસંખ્યાતગણા વધારે છે. પાંચમી પૃથ્વીના નૈરયિક નપુંસકો મહાશુક્ર કલ્પના દેવપુરૂષો કરતાં અસંખ્યાત ગણા વધારે છે. લાન્તક કલ્પના દેવ પુરૂષો પાંચમી પૃથ્વીના નારક નપુંસકો કરતાં અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ચોથી પૃથ્વીના નારકો અસંખ્યાતગણા વધારે છે. તેનાથી બ્રહ્મલોક કલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેનાથી ત્રીજી પૃથ્વીના નૈરયિક નપુંસકો અંસખ્યાતગણા વધારે છે. ત્રીજી પૃથ્વીના નારકો કરતાં માહેન્દ્ર કલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે તેના કરતાં સનત્કુમાર કલ્પના દેવપુરૂષો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બીજી પૃથ્વીના નૈરયિક નપુંસકો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં અંતરદ્વીપજ અકર્મભૂમિના મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં દેવકુરૂ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરકુરૂ રૂપ અકર્મ ભૂમિના મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા વધારે છે. તથા તેઓ સ્વ-સ્થાનમાં પરસ્પરતુલ્ય છે. એજ પ્રકારથી વિદેહ પર્યન્તનું કથન સમજવું.

ઈશાન કલ્પના દેવપુરૂષો, પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહના મનુષ્ય નપુંસકો કરતાં અસંખ્યાતપણા વધારે છે. તેનાથી ઈશાનકલ્પની દેવસ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. સૌધર્મ કલ્પના જે દેવપુરૂષો છે. તેઓ ઈશાનકલ્પની દેવસ્ત્રિયો કરતાં સંખ્યાતઘણા વધારે છે. સૌધર્મ કલ્પમાં જે દેવસ્ત્રિયો છે, તેઓ સૌધર્મકલ્પના દેવપુરૂષો કરતાં સંખ્યાતગણી વધારે છે. તેના કરતાં ભવનવાસિદેવ પુરૂષો અસંખ્યાતગણા વધારે છે. ભવનાવાસી દેવસ્ત્રિયો તેનાથી સંખ્યાતગણી વધારે છે. રત્નપ્રભા પૃથ્વીમાં જે નારક-નપુંસકો છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ખેચરતિર્યગ્યો નિક પુરૂષ સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ખેચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. તેનાથી સ્થલચર તિર્યગ્યો નિક પુરૂષો સંખ્યાતગણા વધારે છે. તેનાથી સ્થલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાતગણી વધારે છે. સ્થલચર સ્ત્રિયો કરતાં જલચર તિર્યગ્યો-નિક પુરૂષો સંખ્યાતગણા વધારે છે. તે કરતાં જલચર તિર્યગ્યોનિક સ્ત્રિયો સંખ્યાત ગણી વધારે છે. વાનવ્યન્તર દેવ પુરૂષો કરતાં વાનવ્યન્તર દેવોનીસ્ત્રિયો સંખ્યાત ગણી વધારે છે. વાનવ્યન્તર દેવીયો કરતાં જ્યોતિષ્ક દેવ પુરૂષો સંખ્યાતગણા વધારે છે. જ્યોતિષ્ક દેવસ્ત્રિયો તેના કરતાં સંખ્યાતગણી વધારે છે. જ્યોતષ્ક દેવસ્ત્રિયો કરતાં ખેચર તિર્યગ્યોનિક નપુંસક પુરૂષો સંખ્યાત ગણા વધારે છે. ખેચર નપુંસકો કરતાં સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો સંખ્યાતગણા વધારે છે. સ્થલચર નપુંસકો કરતાં જલચર નપુંસકો સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ચારઈન્દ્રિયવાળા નપુંસકો વિશેષાધિક છે. ચાર ઈન્દ્રિયવાળા નપુંસકો કરતાં ત્રણ ઈન્દ્રિયવાળા ત્રણ ઈન્દ્રિયવાળા નપુંસકો કરતાં બેઈન્દ્રિય વાળા બે ઈન્દ્રિય વાળા નપુંસકો કરતાં તેજસ્કાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અસંખ્યાતગણા વધારે છે. તેજસ્કાયિક નપુંસકો કરતાં પૃથ્વી કાયિક એકેન્દ્રિય તિર્યગ્યોનિક નપુંસકો વિશેષાધિક છે. તેના કરતાં અપ્કાયિકા એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો વાયુકાયિક તેનાથી અને તેનાથી વનસ્પતિ કાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યગ્યોનિક નપુંસકો અનંતગણા વધારે છે.

[૭૧] હે ભગવન્ સ્ત્રિયોનું આયુષ્ય કેટલાકાળનું કહ્યું છે ? હે ગૌતમ ! એક આદેશથી જે પ્રમાણે પહેલાં સ્ત્રી પ્રકરણમાં સ્થિતિનું કથન કર્યું છે. એજ પ્રમાણેની સ્થિતિનું કથન અહિયાં પણ સમજવું. પુરૂષ અને નપુંસકોની સ્થિતિ પણ તેના તેના સંબંધમાં પણ પહેલાં કહેવામાં આવેલ પ્રકરણમાંથી સમજી લેવી. આ ત્રણેય કાય સ્થિતિ પણ જે પ્રમાણે તે તે પ્રકરણમાં પહેલા કહેલ છે, એજ પ્રમાણે તે અહિયાં પણ સમજી લેવી. સ્ત્રી પુરૂષ બને નપુંસકોનું અંતરપણ જે પ્રમાણે પહેલાં તેમના પ્રકરણમાં કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે અહિયાં પણ સમજી લેવું.

[૭૨] આમાં જે તિર્યગ્યોનિક સ્ત્રિયો છે, તેઓ તિર્યગ્યોનિક પુરૂષો કરતાં ત્રણ ગણી વધારે છે. મનુષ્ય યોનિક જે સ્ત્રિયો છે તેઓ મનુષ્ય પુરૂષો કરતાં સત્યાવીસગણી વધારે છે. દેવસ્ત્રિયો દેવ પુરૂષો કરતાં બત્રીસગણી વધારે છે.

[૭૩] આ ત્રણે વેદોને નિરૂપણ કરવા વાળી પ્રતિપત્તિમાં સ્ત્રી,પુરૂષ અને નપુંસક એ પ્રમાણે ત્રણ વેદોનું કથન કરવામાં આવેલ છે. પહેલો અધિકાર આ ત્રણ વેદોમાં ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ ભેદો કહ્યા છે. તે પછી આ વેદોની સ્થિતિના સંબંધમાં બીજો અધિકાર કહ્યો છે. તે પછી -આ વેદોની કાયસ્થિતિ નો કાળ કહ્યો છે. તે પછી અંતર-વિરહકાળ કહ્યો છે. તે પછી તેના સંબંધમાં અલ્પ બહુપણાનું કથન કરવામાં આવ્યું છે. તથા તેનો પ્રકાર કેવો હોય છે ? એ પણ પ્રકટ કરવામાં આવેલ છે આ રીતે સંસાર સમાપન્ન સંસાર માં રહેલા ત્રણ પ્રકારના જીવોના સંબંધમાં આ બીજી પ્રતિપત્તિ કહેવામાં આવેલ છે.

**પ્રતિપત્તિઃ ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પ્રતિપત્તિ:૩-ચતુર્વિધ

### -: નૈરયિક-ઉદ્દેસો: ૧:-

[૭૪]જે આચાર્યોએ એવું કહ્યું છે. કે સંસારી જીવો ચાર પ્રકારના છે, તેઓએ નૈરયિક તિર્યગ્યોનિક મનુષ્ય અને દેવો આ રીતે સંસારી જીવો ચાર પ્રકારના કહેલા છે.

[૭૫]હે ભગવન્ નારકોનું શું લક્ષણ છે ? હે ગૌતમ નૈરયિકો સાતપ્રકારના કહ્યા છે. પહેલી રત્નપ્રભા યાવત્ સાતમી તમસ્તમા નામની 'પૃથ્વીમાં ઉત્પન્ન થયેલા નૈરયિકો

[૭૬]હે ભગવન્ પહેલી પૃથ્વીનું શું નામ છે ? અને તેનું ગોત્ર શું છે ? હે ગૌતમ પહેલી પૃથ્વીનું નામ ધર્મા છે, અને તેનું ગોત્ર રત્નપ્રભા છે. બીજી પૃથ્વીનું નામ વંશા અને ગોત્ર શર્કરાપ્રભા, ત્રીજી પૃથ્વીનું શૈલા ચોથી પૃથ્વીનું અંજના છે. પાંચમી રિષ્ટા છઠી મઘા સાતમી માધવતી ત્રીજી પૃથ્વીનું ગોત્ર 'વાલુકાપ્રભા' ચોથી પંકપ્રભા પાંચમી 'ધૂમપ્રભા' છટ્ઠી 'તમઃપ્રભા' સાતમીનું ગોત્ર તમસ્તમ પ્રભા છે.

[૭૭-૭૮] ધર્મા વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, અને માધવતી, આ સાત પૃથ્વીઓના ક્રમશઃ સાત નામો છે. તથા રત્ના, શર્કરા, વાલુકા, પંકા, ધૂમા, અને તમા, અને તમસ્તમા આ સાત પૃથ્વીયોના ક્રમશઃસાત ગોત્ર છે.

[૭૯] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી કેટલી વિસ્તાર વાળી કહેલી છે ? હે ગૌતમ ! પહેલી પૃથ્વીનો વિસ્તાર એક લાખ એંસીહજાર યોજનનો છે.

[૮૦] પહેલી એક લાખ એંસી હજાર યોજન બીજી એકલાખ બત્રીસ હજાર યોજનનો છે. ત્રીજી એક લાખ અઠયાવીસ હજારયોજનનો ચોથી એકલાખ વીસ હજાર યોજનનો પાંચમી એક લાખ અઢાર હજાર યોજનનો છે. છઠી એક લાખ સોળ હજાર યોજનનો તથા સાતમી પૃથ્વીનો વિસ્તાર એકલાખ આઠ હજાર યોજનનો છે.

[૮૧] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી કેટલા પ્રકાર ની કહી છે ? ત્રણ પ્રકારની કહી છે. ખર કાંડ, 'પંક બહુલ કાંડ, 'અબ્બહુલકાંડ..' ખરકાંડ સોળ પ્રકારનો કહેલ છે. રત્નકાંડ; વજ્રકાંડ, વૈડૂર્યકાંડ લોહિતક્ષ કાંડ મસારગલ્લકાંડ હંસગર્ભકાંડ પુલાકકાંડ સૌગંધિકકાંડ જ્યોતિરસકાંડ અંજનકાંડ 'અંજનપલાક' 'રજતકાંડ, જાતરૂપ અંક સ્ફ ટિકકાંડ 'રિષ્ટકાંડ' રત્નકાંડ એક પ્રકારનો જ કહેલ એજ પ્રમાણે યાવત રિષ્ટકાંડ પણ એકજ પ્રકારનો કહેલ છે. પંક બહુલ કાંડ એક પ્રકારનોજ કહેલ છે. શર્કરાપ્રભા પૃથ્વી એક પ્રકારનીજ કહી યાવત્ સપ્તમી પૃથ્વી પણ એક જ પ્રકારની કહી છે

[૮૨]આ રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નારકાવાસો કહ્યા છે.

[૮૩]પહેલી પૃથ્વીમાં ત્રીસલાખ નરકાવાસો છે. બીજી માં પચ્ચીસલાખ નરકાવાસો છે. ત્રીજી માં પંદરલાખ, ચોથીમાં દશલાખ, પાંચમીમાં ત્રણ લાખ. છઠ્ઠી માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ કમ એકલાખ, સાતમી અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તર નરકાવાસો છે.

[૮૪]સપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તર મહા નરકાવાસો કહેલો છે. કાલ, મહાકાળ, રૌરવ મહારૌરક, અને પાચમું અપ્રતિષ્ઠાન

[૮૫] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નીચેના ભાગમાં શું ધનોદધઉઁી છે. ? ધનવાત છે ? તનુવાત છે ? અવકાશાન્તર બધું છે ? હે ગૌતમ ! આ યાવત્ તમસ્તમા પ્રભા પૃથ્વીના નીચેના ભાગ સુધીમાં સમજવું

[૮૬] આ રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડો પૈકી પહેલો જે ખરકાંડ છે, તે કેટલા વિસ્તારનો કહ્યો છે ? હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીનો જે ખરકાંડ છે, તે સોળ હજાર યોજનના વિસ્તાર વાળો કહ્યો તે એક હજાર યોજનની જાડાઈ-વાળો છે. એજ પ્રમાણે યાવત્ રિષ્ટકાંડ સુધીના જે સોળ કાંડો છે, તે બધાજ એક એક હજાર યોજનની જાડાઈ-વાળા છે. આ રત્નપ્રભા પૃથ્વીનો જે પંક બહુલ કાંડ છે, તે ચોર્યાશી હજાર યોજનના વિસ્તાર- વાળો છે. ત્રીજો જે અબ્બહુલકાંડ છે, તે એંસી હજાર યોજનની જાડાઈવાળો છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીની નીચે જે ધનોદધિ છે, તે કેટલા વિસ્તાર વાળો કહ્યો છે ? તે વીસ હજાર યોજનના વિસ્તારવાળો કહેલ છે. ધનોદધિની નીચે જે ધનવાત છે તે અસંખ્યાત હજાર યોજનના વિસ્તાર વાળો કહ્યો છે. ધનવાતની નીચે તનુવાત છે તે પણ અસંખ્યાત હજાર યોજનના વિસ્તાર વાળો છે. શર્કરાપ્રભા પૃથ્વીનો જે ધનોદધિ છે, તે તે વીસ હજાર યોજનના વિસ્તાર-વાળો છે. જે ધનવાત છે, તે અસંખ્યાત હજાર યોજનના વિસ્તારવાળો છે. ધનવાત પ્રમાણેજ તનુવાત પણ છે અને અવકા શાન્તર પણ એજ પ્રમાણે સમજવું. જે પ્રમાણે શર્કરાપ્રભા પૃથ્વીના ધનોદધિ વિગેરેનો વિસ્તાર અને અવકાશાન્તરનો વિસ્તાર કહેલ છે. એજ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધીની સમજી લેવો.

JAINSITE

આ એકલાખ એંસી હજાર યોજનના વિસ્તાર વાળી રત્ન પ્રભા પૃથ્વીના કેવલીના જ્ઞાનથી ક્ષેત્ર છેદપણાથી વિભાગ કરવામાં આવે છે, તો તે તે વિભાગોના આશ્રિત દ્રવ્યો વર્ણની અપેક્ષાથી પાંચ વર્ણવાળા હોય છે. ગંધની અપેક્ષાથી સુરભિ દુરભિ ગંધ વાળા રસની અપેક્ષાથી પાંચે પ્રકારના રસોવાળા હોય છે. સ્પર્શની અપે-ક્ષાથી કર્કશ વિગેરે આઠે પ્રકારના સ્પર્શોવાળા હોય છે. સંસ્થાનની અપેક્ષાથી પરિ-મંડલ વિગેરે પાંચે સંસ્થાન વાળા હોય છે. અને અન્યો અન્ય સંબદ્ધ વિગેરે વિશેષ ણોવાળા હોય છે. અને પરસ્પર સમુદાય પણાથી રહે છે, હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી નો જે સોળ હજાર યોજનના વિસ્તારવાળો ખરકાંડ નામનો કાંડ છે. તેના કેવળીની બુદ્ધિથી પ્રતર વિભાગના કરવાથી તેના આશ્રયથી રહેલ જે દ્રવ્ય છે, તે શું વર્ણની અપેક્ષાથી કૃષ્ણ-કાળા વર્ણ વાળા હોય છે. પરસ્પરમાં સંબદ્ધ વિગેરે પણાથી યાવત્ રહે છે ? હા ગૌતમ ! તે દ્રવ્ય પૂર્વોકત પ્રશ્ન વાકયના કથન પ્રમાણેનું હોય છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો જે 'રત્નકાંડ નામનોકાંડ છે, તેના ક્ષેત્રછેદથી પ્રતિવિભાગ પણાથી તેના આશ્રિત જે દ્રવ્ય છે તે શું વર્ણથી કાળા યાવત પરસ્પર મળીને પરસ્પર સમુદાય પણાથી રહે છે ? હા આ વાત રિષ્ટકાંડ સુધી સમજી લેવી રત્નપ્રભા પૃથ્વી ના પંકબ હુલકંડ કે જ ચોર્યાશી હજાર યોજનની જાડાઈ વાળો છે. જ્યારે ક્ષેત્રચ્છેદનારૂપ માં વિભાગ કરવામાં આવે તો ઉપર પ્રમાણે જાણવું જે ધનોદધિ છે, કે જેની જાડાઈ વિસ્તાર

૨૦ હજાર યોજનનોછે,તેના જ્યારે કેવલીની બુદ્ધિથી ક્ષેત્રછેદનપણાથી વિભાગ કરવામાં આવે તો ઉપર પ્રમાણે જાણવું યાવત્ સાતમી નારકી સુધી આ પ્રમાણે જાણવું.

[૮૯] હે ભગવન્ જે આ રત્નપ્રભા પૃથ્વી છે, તે કેવા પ્રકારના સંસ્થાન વાળી કહેલ છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ઝલ્લરીના આકાર જેવી છે જે ખરકાંડ છે, તે ઝાલરના જેવા ગોળ આકારવાળો કહ્યો જે રત્નકાંડ છે, તે ઝાલરના આકાર જેવા ગોળ છે રત્નકાંડના કથન પ્રમાણે યાવત્ રિષ્ટ કાંડપણ ઝાલરના આકાર જેવાજ કહેલ છે. ખરકાંડ વિગેરેના કથન પ્રમાણે પંકબહુલકાંડ અબ્બહુલમંડ ધનોદધિ ધનવાત તનુવાત છે, અવકાશાન્તર પણ ઝાલરના જેવાજ આકાર વાળું કહેવામાં આવેલ છે. શર્કરાપ્રભા પૃથ્વી પણ ઝાલરના આકાર જેવાજ આકારવાળી કહી છે. એ જ પ્રમાણે યાવત્ તમસ્તમા પ્રભાના સુધી સમજવું

[૮૯]હે ભગવન્ આ રત્નપ્રભા નમની જે પૃથ્વી છે એ પૃથ્વીની પૂર્વદિશાના ચર માંતથી કેટલે દૂર લોકાન્ત- કહ્યો છે ? પૂર્વદિશામાં રહેલ ચરમાંતથી બાર યોજન પછી લોકનો અંત અલોક કહ્યો છે. એજ પ્રમાણે દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશામાં બાર બાર યોજનનો અપાન્તરાલ છે. તેર યોજન દૂર બે ભાગ સહિત બાર યોજન દૂર લોકનો અંત કહેલ છે. વાલુકાપ્રભાની પૂર્વદિશામાં આવેલા ચરમાંતથી ત્રીજા ભાગ સહિત તેર યોજન પછી લોકનો અંત કહેલ છે. પંકપ્રભાની પૂર્વદિશાના ચરમાન્ત થી ચૌદ યોજન પછી લોકનો અંત છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વી છે, તેની ચારે દિશામાં આવેલ ચરમાન્ત થી ત્રીજા ભાગ કમ પંદર યોજન પછી લોકનો અંત કહ્યો છે. છઠ્ઠી પૃથ્વીની ચરમાન્તથી ત્રીજાભાગ સહિત પંદર યોજન પછી લોકનો અંત છે. સાતમી પૃથ્વીની ચરમાન્તથી પૂરા સોળ યોજન પછી લોકનો અંત કહ્યો છે. હે ભગવન્ આ રત્ન પ્રભા પૃથ્વીની પૂર્વ-દિશામાં આવેલ જે ચરમાન્ત છે, ત્યાં સુધી અને અલોકની પહેલાં જે અપાંતરાલ છે તે કેટલા પ્રકારનો કહેલ છે?એ અપાન્તરાલ ત્રણપ્રકારનું કહેલ છે.વલયકારઘનોદધિ, વલયાકારધનવાત વલયાકાર તનુવાત એ જ રીતે શર્કરપ્રભા આદિ સાતેમાં સમજવું

[૯૦] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીનો ઘનોદધિવલય રત્નપ્રભા પૃથ્વીની સઘળી દિશાઓ અને વિદિશાઓના ચરમાન્તરમાં જે ઘનોદધિવલય છે, તે તિર્યગ્બા હલ્યની અપેક્ષાએ કેટલો મોટો કહેલ છે ? હે ગૌતમ ! તે તિર્યગ્બાહલ્યની અપેક્ષાથી છ યોજનની મોટાઈ વાળો કહેલ છે. શર્કરાપ્રભા પૃથ્વીનો તે યોજનના ત્રીજા ભાગ સહિત છ યોજનનો કહેલ છે. યોજનના ત્રીજા ભાગથી ઓછા સાત યોજનની મોટાઈવાળો કહેલ છે. ધૂમપ્રભા પૃથ્વીનો ત્રીજા ભાગ સહિત સાત યોજનનો કહેલ છે. તમઃપ્રભા પૃથ્વીનો ત્રીજા ભાગ કમ આઠ યોજનનો કહેલ છે. સાતમી તેનો ઘનોદધિવલય તિર્ગગ્બાહલ્યની અપેક્ષાથી આઠ યોજનનો કહ્યો છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીનો જે ઘનવાતલય છે, તે તિર્યગ્બાહલ્યની અપેક્ષાથી કેટલો વિશાળ કહ્યો છે ? હે ગૌતમ ! સાડાચાર યોજન નો કહ્યો છે. શર્કરાપ્રભા પૃથ્વીનો એક કોસ કમ પાંચ યોજનનો, વાલુકાપ્રભા પૃથ્વીનો પાંચ યોજનનો કહેલ છે પંકપ્રભા પૃથ્વીનો એક કોસ અધિક પાંચ યોજનનો ,ધૂમપ્રભા પૃથ્વીનો સાડા પાંચ યોજનનો, તમપ્રભા પૃથ્વીનો એક કોશ કમ છ યોજનનો, અધઃ સપ્તમી પૃથ્વીનો ધનવાતવલય તિર્યગ્બાહલ્યની અપેક્ષાથી છ યોજન નો વિશાળ કહ્યો છે. હે ભગવન્ રત્નપ્રભા પૃથ્વીમાં જે તનુવાતવલય છે, તે તિર્યગ્બા હલ્યની અપેક્ષાથી

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલી વિશાળતાવાળો કહ્યો છે ? રત્નપ્રભા પૃથ્વીમાં જે તનુવાતવલય છે, તે તિર્યગ્બા હલ્યની અપેક્ષાથી છ કોસની વિશાળતાવાળો કહેલ એજ પ્રમાણે શર્કરા પ્રભા પૃથ્વીનો કોસના ત્રીજા ભાગ સહિત છ કોસની વિશાળતા વાળો, વાલુકાપ્રભામાં કોશના ત્રીજા ભાગથી કમ સાત કોસની વિશાળતાવાળો, પંકપ્રભા પૃથ્વીનો સાત કોશની વિશાળતા વાળો, ધૂમપ્રભાપૃથ્વીનો ત્રીજા ભાગ સહિત સાત કોસનો વિશાળ, તમપ્રભા પૃથ્વીનો કોસ ગાઉના ત્રીજા ભાગથી કમ આઠ ગાઉનો, સાતમી પૃથ્વીનો તનુવાતવલય તિર્યગ બાહલ્યની અપેક્ષાથી આઠ કોષની વિશાળતા વાળો કહેલ છે.

હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીનો જે ઘનોદધિ વલય છે, કે જે છ યોજનનો વિશાળ છે. તેના ક્ષેત્ર છેદથી વિભાગ કરવામાં આવે તો તેમાં રહેલ દ્રવ્ય વર્ણની અપેક્ષાથી કૃષ્ણવાળું પીળાવર્ણવાળું અને સફેદ વર્ણવાળું હોય છે ? ગંધની અપેક્ષાથી સુરભિ દુરભિ ગંધવાળુ હોય છે ? સ્પર્શની અપેક્ષાથી તે કર્કશ, મૃદુ, ગુરૂ, લઘુ, શીત ઉષ્ણ, સ્નિગ્ધ અનેરૂક્ષ સ્પર્શવાળું હોય છે ? તથા સંસ્થાનની અપેક્ષાથી તે પરિમંડલ ગોળ ઝાલરાકાર ત્ર્યસ્ર ચતુરસ્ર, આયત સંસ્થાનવાળું હોય છે ? આ દ્રવ્યો અન્યોન્ય બદ્ધ હોય છે ? તથા પરસ્પરમાં અવિભક્ત થઈને આ અન્યોન્ય ઘન સમુદાયપણાથી મળેલું રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને હા ગૌતમ ! એજ પ્રકારનું છે એ રીતે અધઃસત્તમા સુધી જાણવું. હે ભગવન્ રત્નપ્રભા પૃથ્વીમાં જે ઘનવાતવલય છે, કે જેની વિશાળતા સાડા ચાર યોજનની છે, તેના ક્ષેત્રચ્છેદથી વિભાગ કરવામાં આવેતો તેમાં રહેલ દ્રવ્ય, યાવત્ પરસ્પર સમુદાય પણાથી રહે છે ? હા ગૌતમ હોય છે એજ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી પર્યન્ત જાણવું. એજ પ્રમાણે તનુવાત વલયના વિષયમાં પણ જાણવું હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો જે ઘનોદધિવલય છે, તેનું સંસ્થાન કેવું કહ્યું છે ? હે ગૌતમ ! બલોયાના આકાર છે. એ પ્રમાણે અધઃસત્તમા પૃથ્વી સુધીમ્ જાણવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીનો જે ઘનવાવતવલય છે તેનું સંસ્થાન કેવું છે ? હે ગૌતમ ! બલોયાના મધ્યભાગની વચમાના આકાર જેવો ગોળ આકારવાળો કહેલ છે. એજ પ્રમાણેના આકાર સંબંધીનું કથન તમસ્તમપ્રભા સુધી સમજી લેવું. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીનો જે તનુવાતવલય છે, તે કેવા આકારવાળો છે ? હે ગૌતમ તે બલોયાના મધ્ય ભાગના આકાર જેવો ગોળ છે.એજ પ્રમાણે તમસ્તમા પૃથ્વી પર્યંત સમજવું. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી આયામ -વિષ્કંભ -માં કેટલી કહેવામાં આવી છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી અસંખ્યાત હજાર યોજનથી લંબાઈ પહોળાઈ વાળી કહેલ છે. એજ પ્રમાણે સાતમી પૃથ્વી પર્યન્ત સમજવું. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી અન્તમાં અને મધ્યમાં બધેજ પિંડભાવની અપેક્ષાથી સરખી છે ? હા સરખી છે. તમસ્તમા પૃથ્વી સુધી એ પ્રમાણે સમજી લેવું.

[૯૧] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં સમયે સમયે પહેલાં સઘળા જીવો ઉત્પન્ન થયા છે ? અથવા એક સાથે સઘળા જીવો ઉત્પન્ન થયા છે ? હે ગૌતમ સઘળા જીવો પ્રાયઃ ક્રમે કરીને ઉત્પન્ન થયા છે પરંતુ એકી સાથે સર્વ જીવો ઉત્પન્ન થયા નથી એજ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી પર્યંતની સમજવું. હે ભગવન્ આ રત્નપ્રભાપૃથ્વી કાલ ક્રમથી બધા જીવોએ પહેલાં છોડી છે ? અથવા એકી સાથે છોડી છે ? હે ગૌતમ ! સઘળા જીવોએ ક્રમશઃ છોડી છે. એકી સાથે છોડી નથી. એ પ્રમાણે સાતમી નરક પર્યંત સમજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેવું. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં સઘળા પુદ્ગલો કાલ ક્રમથી પ્રવેશ્યા છે ? કે તદભાવથી પરિણત થયા છે ? હે ગૌતમ ! પૃથ્વીમાં સઘળા લોકવર્તિ પુદ્ગલો ક્રમ પૂર્વક પ્રવેશેલા છે. એકી સાથે પ્રવેશેલા નથી એ પ્રમાણે સપ્તમી નરક સુધી સમજવું

[૯૨] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી શું શાશ્વત છે ? કે અશાશ્વત છે ? હે ગૌતમ કોઈ અપેક્ષાએ શાશ્વત છે અને કોઈ અપેક્ષાથી અશાશ્વત છે. રત્નપ્રભા પૃથ્વી દ્રવ્યાર્થિકનયની માન્યતા પ્રમાણે શાશ્વતી છે. પર્યાયોની અપેક્ષાથી અશાશ્વત છે. એ પ્રમાણે સાતે પૃથ્વી વિશે સમજીલેવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી કાળની અપેક્ષાએથી કેટલા કાળ સુધી સ્થાયીપણાથી રહે છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી કયારે પણ ન હતી એવી વાત નથી તથા આ વર્તમાન કાળમાં નથી તેમ નથી ભવિષ્ય કાળમાં નહીં હોય તેમ પણ નથી. રત્નપ્રભા પૃથ્વી પહેલાં હતી, વર્તમાનમાં છે, અને ભવિષ્યકાળમાં રહેશે. ધ્રુવ છે. નિશ્ચિત છે શાશ્વત છે  વિનાશ રહિત છે અવસ્થિત સ્થિર રૂપ છે. આજ પ્રમાણેનુ કથન યાવત્ અધઃસપ્તમી પૃથ્વી પર્યન્ત કરવું જોઈએ.

[૯૩] રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ચરમાન્તથી નીચેનો જે ચરમાન્ત છે, તે એક લાખ એંસી હજાર યોજનની વિશાળતાવાળો છે. ખરકાંડના અધસ્તન ચરમાન્ત પર્યન્ત સોળ હજાર યોજનનું અંતર કહેલું છે. રત્નકાંડની નીચેના ચરમાન્ત સુધીમાં એક હજાર યોજનનું અંતર કહેવામાં આવેલ છે. ઉપરના ચરમાન્ત સુધીમાં એક હજાર યોજનનું અંતર કહેવામાં આવેલ છે. વજ્રકાંડના નીચેના ચરમાંત સુધીમાં વચમાં બે હજાર યોજનનું અંતર કહેલ છે. રિષ્ટકાંડના ઉપરના ચરમાંત સુધી પંદર હજાર યોજનનું અંતર થાય છે. અને રિષ્ટકાંડનો જ અધ સ્તન નીચેનો ચરમાંત છે, ત્યાં સુધીમાં સોળ હજાર યોજનનું અંતર થઈ જાય છે. રત્ન પ્રભા પૃથ્વીનો ઉપરના ચરમાંતથી પંક બહુલકાંડની ઉપરનો જે ચરમાંત છે, તેમાં કેટલું અંતર કહ્યું છે ? આ બંનેની વચમાં કેટલું અંતર આવેલું છે ? હે ગૌતમ ! આ બન્નેની વચમાં સોળ હજાર યોજનનું અંતર આવેલું છે. ખરકાંડનો છેલ્લો કાંડ રિષ્ટકાંડ છે. તેના અધસ્તન ચરમાંતમાં રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ચરમાંતથી સોળ હજાર યોજનનું અંતર કહેલ છે. પંક બહુલકાંડનું જે અધસ્તન નીચેનું ચરમાંત છે, એ એક લાખ યોજનના અંતરનું છે. આ રત્નપ્રભા પૃથ્વીના અબ્બહુલકાંડ કે જે ત્રીજો કાંડ છે, તેનો જે ઉપરનો ચરમાંત છે, એક લાખ યોજનના અંતરમાં છે અબ્બહુલકાંડનો જે અધસ્તન ચરમાંત છે, એક લાખ એંસી હજાર યોજનના અંતરવાળો કહેલ છે. રત્નપ્રભાની ઉપરનું ચરમાંત પણ એક લાખ એંસી હજાર યોજનના અંતરવાળું છે. ઘનોદધિ વલયનો અધસ્તન નીચેનો ચરમાંત, અને રત્નપ્રભા પૃથ્વીની ઉપરના ચરમાન્ત આ બન્નેમાં બે લાખ યોજનનું અંતર છે. ઘનવાતના ચરમાંત સુધીનું અંતર બે લાખ યોજનાનું છે. આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ચરમાંતથી ઘનવાતનું જે નીચેનું ચરમાંત છે, ત્યાં સુધી અસંખ્યાત લાખ યોજનનું અંતર છે. આ રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્તથી તનુ વાતવલયનું જે ઉપરનું ચરમાન્ત છે, ત્યાં સુધી અસંખ્યાત લાખ યોજનનું અંતર છે. એજ પ્રમાણે તનુવાત વલયનો જે અધસ્તન નીચેનો ચરમાન્ત છે. ત્યાં સુધી અસંખ્યાત લાખ યોજનોનું અંતર છે. એજ પ્રમાણે રત્નપ્રભા સંબંધી અવકાશાન્તરનું જે ઉપરનું ચરમાન્ત છે. ત્યાં સુધીમાં અસંખ્યાત લાખ યોજનોનું અંતર છે. શર્કરાપ્રભા પૃથ્વીના ઉપરના ચરમાંતથી તેની નીચેનું ચર માન્ત એક લાખ બત્રીસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર યોજનનું છે. ઘનોદધિ પૃથ્વીનો જે નીચેનો ચરમાંત છે, તે એક લાખ બાવન હજાર યોજનની અંતરે છે તનુવાતવલયના નીચેના ચરમાન્ત સુધી અને અવકાશાન્તરની નીચેના ચરમાંત સુધી અસંખ્યાત લાખ યોજનનું અંતરાલ છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી સમજી લેવું આ સંબંધમાં અંતર ફેરફાર એ છે કે જે પૃથ્વીનું જેટલું બાહલ્ય કહેલ છે, તેમાં ઘનોદધિનું બાહલ્ય પોતપોતાની બુદ્ધીથી મેળવી લેવું જોઈએ.

[૯૪] હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી બીજી શર્કરા પ્રભા પૃથ્વીનો આશ્રય કરીને પહોળાઈમાં શું બરોબર છે ? અથવા વિશેષાધિક અથવા સંખ્યાતગણી વધારે હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી બીજી પૃથ્વી કરતાં વિસ્તારમાં પણ બરોબર નથી. પરંતુ તે વિશેષ હીનજ છે. તેથી તે સંખ્યાત ગુણહીન નથી. ત્રીજી વાલુકા પૃભા પૃથ્વી કરતાં બીજી શર્કરાપ્રભા પૃથ્વી બરોબર નથી. પરંતુ વિશેષાધિક છે. બીજી પૃથ્વીની પહોળાઈ ત્રીજી પૃથ્વી કરતાં સંખ્યાતગણી નથી. એજ પ્રમાણે ચોથી પૃથ્વી કરતાં ત્રીજી, પાંચમી પૃથ્વી કરતા ચોથી છટ્ઠી પૃથ્વી કરતાં પાંચમી અને સાતમી પૃથ્વી કરતાં છટ્ઠી પૃથ્વી વિશેષાધિક જ છે. તુલ્ય અથવા સંખ્યાત ગુણાધિક નથી.

**પ્રતિપત્તિઃ ૩-નૈરયિકઃઉદ્દેસો-૧-ની દીપરત્નસાગરે કરેલ ગુ ર્જરછાયાપૂર્ણ**

## પ્રતિપત્તિઃ ૩ નૈરયિક-ઉદ્દેસોઃ ૨

[૯૫]હે ભગવન્ પૃથ્વીયો કેટલી કહેવામાં આવી છે ? હે ગૌતમ ! પૃથ્વીયો સાત જ કહેવામાં આવેલ છે. એક લાખ એંસી હજાર યોજનની પહોળાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના એક હજાર યોજનને છોડીને અને નીચેમાં પણ એક હજાર યોજનને છોડીને એક લાખ અઠયોતેર હજાર યોજનમાં રત્નપ્રભા પૃથ્વીના નારકોને યોગ્ય ત્રીસ લાખ નરકવાસ છે, આ નરકવાસો મધ્યમાં ગોળ છે. અને બહારના ભાગમાં ચાર ખુણાના આકાર વાળા છે. યાવત્ નીચેના ભાગમાં આ નરકાવાસો -છરા આ જેવા તીક્ષ્ણ આકારવાળા છે. આ પ્રમાણે બાકીની સઘળી પૃથ્વીયોના સંબંધમાં સમજી લેવું અધઃસપ્તમી પૃથ્વીના એક લાખ આઠ હજાર યોજનના બાહલ્યમાંથી સાડા બાવન હજાર ઉપરના ભાગને અને એટલાજ નીચેના ભાગને છોડીને વચલા ત્રણ હજાર યોજનના પોલાણમાં પાંચ મહાનરકાવાસો છે.

[૯૬] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નરકો કેવા સંસ્થાનવાળા કહ્યા છે ? પહેલી પૃથ્વીમાં જે નરકો છે, તે બે પ્રકારના કહેવામાં આવેલ છે. આવલિકા પ્રવિષ્ટ આવલિકા બાહ્ય. તેમાં જે આવલિકા પ્રવિષ્ટ નરક છે. તે ત્રણ પ્રકારના વૃત-ત્ર્યસ્ર અને ચતુરસ્ર છે. તેમાં જે આવલિકા પ્રવિષ્ટથી જુદા એટલે કે બાહ્ય નરકાવાસો છે. તે અનેક પ્રકારના આકારોવાળા છે. કેટલાક લોખંડ ના કોષ્ઠના જેવા આકારવાળા છે કેટલાક મદિરા દારૂ બનાવવા માટે જેમાં -લોટ વિગેરે રાંધવામાં આવે છે. તે વાસણના જેવા આકારના હોય છે. કેટલાક કન્દુ જેવા આકાર વાળા હોય છે. કેટલાક લોઢી-તવાના જેવા આકારવાળા કેટલાક કડૈયાના જેવા આકારવાળા હોય છે. કેટલાક ભાત બનાવવાના વાસણના આકાર જેવા આકારવાળા હોય છે, કીર્ણપુટકના જેવા આકાર વાળા હોય છે કેટલાક-ઝુપડી જેવા આકાર હોય છે.કેટલાકમૃદંગનંદી મૃદંગનાઆલિંજર સુઘોષ દર્દર નામના પણવ પટહ ભેરીનામના વાદ્યવિશેષના જેવા આકારવાળા જે પ્રમાણે રત્નપ્રભા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથ્વીના નરકો કહેલા છે. એજ પ્રમાણે તમા નામની પૃથ્વી સુધી કથન કરવું જોઈએ.

[૯૭]આ રત્નપ્રભા પૃથ્વીમાં જે નરકો છે. તે કેટલી વિશાળતા વાળા કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! આ નરક ત્રણ હજાર યોજનની વિશાળતાવાળા કહેલા છે. તે નીચેની પાદપીઠમાં એક હજાર યોજન સુધી ઘનપણાથી રહેલા છે. પીઠના ઉપરના મધ્ય ભાગમાં તે એક હજાર યોજન સુધી સુષિર છે. તથા ઉપરમાં શિખરના જેવા એક હજાર યોજન સુધી તે સંકુચિત થતા ગયા છે. આ રીતે આ વિશાળતામાં ત્રણ હજાર યોજન થઈ જાય છે. આજ પ્રમાણે શર્કરાપ્રભાં પૃથ્વીથી લઈને અધઃસપ્તમી પૃથ્વી સુધી સમજવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં જે તે નરકો છે. તે કેટલી લંબાઈ વાળા અને કેટલી પહોળાઈવાળાં કહેલ છે ? અને તેનો પરિક્ષેપ ઘેરાવો કેટલો છે ? ગૌતમ ! પહેલી પૃથ્વીમાં બે પ્રકારના નરક કહેલ છે. સંખ્યાત યોજના વિસ્તારવાળા અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા તેમાં જે સંખ્યાત યોજન વિસ્તાર વાળા છે તે હજાર યોજનના લાંબા પહોળા છે. અને જે અસંખ્યાત યોજનના વિસ્તાર વાળાં છે. તેઓ અસંખ્યાત યોજનના લંબાઈ પહોળાઈ વાળા છે. તેની પરિધિ પણ અસંખ્યાત હજાર યોજનની છે. એજ પ્રમાણે તમઃપ્રભા પૃથ્વી સુધી સમજી લેવું હે ભગવન્ અધઃસપ્તમી પૃથ્વીમાં જે નરકો છે, તે કેટલી લંબાઈ વાળા, અને કેટલી પહોળાઈ વાળા અને કેટલી પરિધિવાળાછે ? અધઃસપ્તમી પૃથ્વીમાં જે નરક છે, તે બે પ્રકારના છે. સંખ્યાત વિસ્તારવાળું એક અને અસંખ્યાત વિસ્તાર વાળા. તેમાં જે નરક સંખ્યાત વિસ્તારવાળું છે. તે એક અપ્રતિષ્ઠાન નરક જ છે તે એક લાખ યોજનની લંબાઈ પહોળાઈવાળું છે. તથા તેની પરિધિ ૩૧૬૨૨૭ યોજન ત્રણકોસ એકસો અઠયાવીસ ધનુષ સાડાતેર આંગળથી કંઈક વધારે છે. તથા જે નરક અસંખ્યાત યોજનના વિસ્તાર વાળા છે. તે ચાર છે. તે અસંખ્યાત યોજનની લંબાઈ પહોળાઈ વાળા છે. તથા-તેની પરિધિપણ અસંખ્યાત હજાર યોજનની છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ કેવા વર્ણવાળા કહેલા છે ? હે ગૌતમ ! આનરકાવાસો કાળા અને કાલાવભાસવાળા, જેને જોતાંજ રૂવાડાં ઉભા થઈ જાય એવા ભયંકર, ત્રાસ ઉત્પન્ન કરવાવાળા અને અત્યંત કૃષ્ણવર્ણ વાળા કહેલા છે એજ પ્રમાણેનું તમસ્તમઃ પ્રભાસુધીના નરકાવાસોના વર્ણનના સંબંધમાં પણ કથન કહેવું જોઈએ

[૯૮]હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નરકો કેવા પ્રકારના ગંધવાળા કહ્યાછે ? મરેલા સાપનું જે પ્રમાણેનું કલેવર શરીર હોય છે, મરેલી ગાયનું, મરેલા કૂતરાનું, મરેલી બીલાડીનું, મરેલા મનુષ્યનું ,મરેલી ભેંસનું, મરેલા ઉંદરનું, મરેલા હાથીનું, મરેલા સિંહનું, મરેલા વાઘનું, મરેલા વરૂનું, મરેલા દીપડાનું, શરીર હોય છે, અને આબધા મરેલાના શરીરો માનો કે ધીરે ધીરે ફૂલીને સડી ગયેલા હોય, સડીને ફાટી હોય, અને જેમાંથી દુર્ગંધ આવતી હોય અને એજ કારણથી જે અશુચિ-અપવિત્ર સ્પર્શ કરવા યોગ્ય ન હોય, જેમાં કીડાઓનો સમુદય ખદબદી રહયો હોય તેના કરતાં પણ અનંતગણી વધારે દુર્ગંધ એ નરકોમાં હોય છે. આ નરકો એવા નથી આ નરકો તો કેવળ અસુંદર જ છે. યાવત્ મનને ગમે તેવા હોતા જ નથી. આજ પ્રમાણે તમસ્તમા પૃથ્વીના નરકો પર્યંત જાણવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં જે નરકો છે. તે બધા કેવા પ્રકારનાં સ્પર્શવાળા હોય છે ? હે ગૌતમ ! -તલવારનો જેવો સ્પર્શ હોય છે, તેવો તથા અસ્તરાની ધારનો, કદંબચોરિકા પત્ર શક્તિ નામના આયુધ, ભાલાની ધારનો, તોમર નામના શસ્ત્રધારનો,


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાણના અગ્રભાગનો, શૂલના અગ્રભાગનો, -લાકડીના અગ્રભાગનો, ભિંડિપાલના અગ્રભાગનો, સોયના જૂડાના અગ્રભાગનો વીંછિના ડંખનો, અંગારના સ્પર્શનો, અગ્નિની જ્વાલાનો, મુર્મર અગ્નિનો, અલાતનામ બળતા લાકડાની અગ્નિનો, શુદ્ધ અગ્નિ, વીજળી વિગેરેનો જેવો સ્પર્શ હોય છે, તે કરતાં પણ અત્યંત અનિષ્ટતર અકાંત તર, અપ્રિયતર, અમનોમતર, એવો તેનો સ્પર્શ કહેલ છે.

હે ભગવન્ ! આ રત્ન પ્રભાપૃથ્વીમાં જે નરકાવાસો છે, તે બધા કેટલા વિશાળ છે? જંબુદ્વીપ નામનો જે આ દ્વીપ જે દ્વીપ સઘળા દ્વીપો અને સમુદ્રોની મધ્યમાં સૌથી પહેલા રહેલ તથા બધા દ્વીપ સમુદ્રોકરતાં જે નાનો છે. ગોળાકાર છે. જેનું સંસ્થાન તેલમાં પકાવેલા પુવા જેવું છે. ગોળ છે, રથનું પૈંડું જેવું છે, કમળની કળીના જેવા ગોળ પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર જેવો ગોળ આકારવાળો હોય તેવું છે. આ દ્વીપ એક લાખ યોજનની લંબાઈ પહોળાઈ વાળો છે. યાવત્ ત્રણ ગણાથી કંઈક વધારે પરિ ધિથી વીંટળાએલ છે. એવા આ જંબૂદ્વીપને કોઈ વિમાન પરિવાર વિગેરે મોટિ ઋદ્ધિ વાળો, શરીર આભૂષણની મહા દ્યુતિવાળો, અતયંત વધારે શારીરિક બળવાળો, અત્યંત મોટિખ્યાતિવાળો, તથા મોટા ઐશ્વર્યવાળો મહાસુખવળો અચિંત્ય શક્તિવાળો એવો દેવ યાવત્ ત્રણ ચપટિ વગાડ વામાં જેટલો સમય લાગે છે. એટલા સમયમાં આ કેવળ કલ્પ અર્થાત્ સંપૂર્ણ જંબૂદ્વીપને એકવીસ વાર પરિભ્રમણ કરીને શીઘ્રગતિથી આવી જાય છે એવી ગમન શક્તિવાળો એવો તે દેવ તે દેવજન પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ પ્રશસ્ત વેગવાળી ચપલ ચંડ શીઘ્ર પરમોત્કૃષ્ટ વેગવાળી શત્રુપક્ષની ગતિને પણ પરા જીત કરવાવાળી છેક નિપુણ દિવ્ય દેવલોક સંબંધિની દેવગતિથી વારંવાર ઉલ્લંઘન કરતાં ઓછામાં ઓછા એક દિવસ, બે દિવસ, અને ત્રણ દિવસ સુધી વધારેમાં વધારે છ મહીના સુધી તેઓ નિરંતર ઉલ્લંઘન કરતા રહે તો બની શકે કે તે કેટલાક નરકવાસોને પાર કરી શકે. કેટલાક નરકવાસોને પાર ન પણ કરી એવી ઉપમાવાળા અને એટલામોટા વિસ્તારવાળા નરકાવાસો આ રત્નપ્રભા પૃથ્વીમાં કહ્યા છે. રત્નપ્રભા પૃથ્વીમાં આ નરકવાસો જેમ ઘણા વિશાળ કહ્યા છે, એજ અધઃસપ્તમી પૃથ્વી સુધીમાં જે નરકાવાસો છે, તે બધા પણ એવાજ પ્રકારની મહા વિશાળતાવાળા કહ્યા છે, અધઃસપ્તમી પથ્વીમાં એક લાખ યોજનની લંબાઈ પહોળાઈ વાળું જે પ્રતિષ્ઠાન નામનું નરકાવાસ છે. તેનું ઉલ્લંઘન તો તે કરી શકે છે. પરંતુ અસંખ્યાત કોડા કોડિ યોજનના વિસ્તારવાળા, બીજા જે ચાર નરકાવાસો છે. તેનું ઉલ્લંઘન તે દેવ કરી શકતો નથી.

[૯૯] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં જે નરકાવાસ છે, તે કઈ વસ્તુમય છે ? સર્વ પ્રકારથી વજ્રમય છે. નરકોમાં અનેક ખર-વિનશ્વર બાદર પૃથ્વીકાયિક જીવ અને પુદ્ગલ આવતા જતા રહે છે.તે નરકાવાસો દ્રવ્યાર્થ દષ્ટિથી શાશ્વત છે.વર્ણ રૂપી પર્યાયોથી આ બધા અશાશ્વત પણ છે, ગંધના પર્યાયો રસના પર્યાયો સ્પર્શના તે બધા એકાન્તતઃ નિત્ય પણ નથી. તેથી તેઓમાં કથંચિત્ નિત્યપણું અને કથંચિત્ અનિત્યપણું છે. આજ પ્રમાણે તમસ્તમાપ્રભા પૃથ્વીના નરકા વાસો સુધી સમજી લેવું

[૧૦૦]આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોમાં નૈરયિક જીવો કયા સ્થાનમાંથી અને કઈ ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું અસંજ્ઞીઓ માંથી આવીને ઉત્પન્ન થાય અથવા સરીસૃપો અથવા ચોપગા પ્રાણીયોમાંથી અથવા સ્રિયોમાંથી કે મત્સ્ય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોમાં નૈરયિક જીવો અસંજ્ઞીયોમાંથી યાવત્ મત્સ્યો અને મનુષ્યોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

[૧૦૧] જે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે, તેઓ તે પહેલી પૃથ્વીના નરકાવાસોમાં, સરીસૃપ વિગેરે ગર્ભજ પાંચ ઈંદ્રિયોવાળા જીવો શર્કરાપ્રભાપૃથ્વી સુધીના, વાલુકાપ્રભા સુધીના નરકાવાસોમાં પક્ષી વિગેરે, પંકપ્રભા નામની જે ચોથી પૃથ્વી છે ત્યાં સિંહ, સર્પ પાંચમી પૃથ્વી સુધીના, છઠ્ઠી પૃથ્વી સુધી જ સ્ત્રી, મહાઅશુભ અધ્યવસાય વાળા મત્સ્યો અને મનુષ્યો સાતમી પૃથ્વી સુધી જાય છે. શર્કરાપ્રભા માં સંજ્ઞી અર્થાત્ સરીસૃપોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. અને યાવત્ મત્સ્ય અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન તાય છે. વાલુકા પ્રભામાં અસંજ્ઞી કે સરીસૃપોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. પરંતુ સંજ્ઞી પક્ષિયો માંથી યાવત્ મત્સ્ય અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પંકપ્રભા-પૃથ્વીના નરકાવાસોમાં ઉત્પન્ન થવાવાળા નૈરયિકો અસંજ્ઞી જીવોમાંથી કે સરીસૃપો-માંથી આવીને પણ ઉત્પન્ન થતા નથી. પરંતુ ચોપગા સિંહોમાંથી આવીને યાવત્ મત્સ્યો માંથી આવીને ઉત્પન્ન થાય છે. અધઃસપ્તમી પૃથ્વીના નરકાવાસોમાં નૈરયિક જીવો અસંજ્ઞી જીવોમાંથી સરીસૃપોમાંથી આવીને પક્ષિયોમાંથી આવીને ચોપગા પ્રાણિયો-માંથી સર્પોમાંથી આવીને પણ કે સ્ત્રિયોમાંથી આવીને ઉત્પન્ન થતાનથી. પણ મત્સ્યો માછલાઓમાંથી અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? એક સમયમાં ઓછામાં ઓછા એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે વધરેમાં વધારે સંખ્યાતપણ ઉત્પન્ન થાય છે અને અસંખ્યાતપણે ઉત્પન્ન થાય છે. આજ પ્રમાણેનું અધઃ સપ્તમી સુધી પાઠ કહ્યો છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાંથી જો નારક જીવને પ્રતિસમયે તેમાંથી બહાર કાઢ વામાં આવે તો તે બધા ત્યાંથી કેટલા કાળ પછી કેટલા પૂરેપૂરા બહાર કાઢી શકાય જો એક એક સમયમાં. અસંખ્યાત બહાર કઢાય તો પણ અસંખ્યાત ઉત્સ-ર્પિણી અવસર્પિણી કાળ પૂરો થઈ જાય તો પણ પૂરેપૂરા નારકીયો બહાર કાઢી શકાતા નથી. આ રીતે તેઓને ત્યાંથી બહાર કાઢ વાનું થયું અને ભવિષ્યમાં પણ તેમ થશે અહીં અને વર્તમાનમાં પણ તે રીતે થતું નથી. યાવત્ અધઃસપ્તમી સમજી લેવું

[૧૦૨] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકજીવોના શરીરોની અવ-ગાહના કેટલી છે ? નૈરયિક જીવોના શરીરોની અવગાહના બે પ્રકારની છે ભવધારણીય એક અને બીજી ઉત્તરવૈક્રિય. જે ભવધારણીય છે, તે જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ રૂપ હોય છે અને ઉત્કૃષ્ટથી તે સાત ધનુષ ત્રણ હાથ અને પૂરા છ આંગળ પ્રમાણની હોય છે. જે ઉત્તર વૈક્રિયરૂપ છે, તે જઘન્યથી આંગળના સંખ્યાતમાં ભાગ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી તે પંદર ધનુષ અઢી હાથ પ્રમાણની છે. શર્કરા પ્રભા માં ભવધારણીય શરીરાવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ રૂપ છે. ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ. ઉત્તર વૈક્રિય જઘન્યથી તો આંગળના સંખ્યાતમાં ભાગ રૂપ છે, અને ઉત્કૃષ્ટથી એક ત્રીસ ધનુષ અને એક હાથની છે. વાલુકા પ્રભા ભવધારણીય શરીર વગાહ ના જઘન્ય થી આગળના અસંખ્યાતમા ભાગરૂપ છે, અને ઉત્કૃષ્ટથી એક ત્રીસ ધનુષ અને એક હાથ પ્રમાણની છે. ઉત્તરવૈક્રિયરૂપ શરીરાવગાહના જઘન્યથી આંગળ ની સંખ્યાતમા ભાગ રૂપ છે અને ઉત્કૃષ્ટથી બાસઠ ધનુષ અને બે હાથ પંકપ્રભા માં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવધારણીય અવગાહના જઘન્યથી બાસઠ ધનુષ અને બે હાથની અને ઉત્તર વૈક્રિયરૂપ અવગાહના જઘન્યથી આંગળના સંખ્યાતમાં ભાગ રૂપ અને ઉત્કૃષ્ટથી તે એકસો પચ્ચીસ ધનુષની છે. ધૂમપ્રભામાં ભવધારણીયરૂપ શરીરાવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાતમા ભાગ રૂપ અને ઉત્કૃષ્ટથી એકસો પચ્ચીસ ધનુષ પ્રમાણની છે. ઉત્તર વૈક્રિયરૂપ શરીરાવગાહના જઘન્યથી એક આંગળના સંખ્યાતમાભાગ રૂપ ઉત્કૃષ્ટથી અઢીસો ધનુષ છે છઠ્ઠી તમઃપ્રભા નામની પૃથ્વીમાં ભવધારણીય જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ અને ઉત્કૃષ્ટથી ૨૫૦ ધનુષ પ્રમાણની ઉત્તરવૈક્રિય શરીરાવ ગાહના જઘન્યથી આંગળના સંખ્યાતમા ભાગ રૂપ અને ઉત્કૃષ્ટઅવગાહના ૫૦૦ ધનુષ પ્રમાણની, સાતમી પૃથ્વીમાં ભવધારણીય શરીરાવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાતમા ભાગ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી તે પાંચસો ધનુષ પ્રમાણની છે. તથા ઉત્તર વૈક્રિય રૂપ શરીરાવગાહના જઘન્યથી તો એક આંગળના સંખ્યાતભાગ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી એક હજાર ધનુરૂપ છે.

[૧૦૩]હે ભદન્ત ! આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકોના શરીરો કયા સંહનનવાળા કહેલા છે કોઈ પણ સંહનનવાળા હોતા નથી. નારકોના શરીરોમાં હાડકાઓ હોતા નથી. શિરાઓ હોતી નથી. સ્નાયુઓ હોતા નથી. તેથી નારકો ના શરીરો સંહન ન વિનાના કહેવામાં આવેલ છે. જે પુદ્‌ગલો અનિષ્ટ યાવત્ અમનોમ હોય છે, તેઓ તેઓના શરીર રૂપે પરિણમે છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોના નૈરયિકોના શરીરો કયા સંસ્થાન વાળા હોય છે નારક જીવોના શરીરો બે પ્રકારના કહેવામાં આવેલ છે. એક ભવધારણીય શરીર અને બીજુ ઉત્તર વૈક્રિય શરીર બંને શરીર હુંડક સંસ્થાનવાળા જ હોય છે. આ પ્રમાણે અધઃસપ્તમી પર્યન્ત સમજી લેવું. ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોમાં રહેવાવાળા નૈરયિકોના શરીરો કેવા વર્ણવાળા હોય ? પહેલી પૃથ્વીના નરકાવાસોમાં શરીરોનો વર્ણ કાળો, કાંતીવાળો કે જેને જોવાથી જ શરીરના રૂંવાડા ઉભા થઈ જાય એવા અને ભયકારક અત્યંત કૃષ્ણ કાળા હોય છે. આજ પ્રમાણે બીજી પૃથ્વીથી લઈને અધઃસપ્તમી પૃથ્વી સુધીમાં જે પ્રમાણે પહેલાં કહેવામાં આવેલ છે કે તેનાથી પણ વધારે અનિષ્ટતર વિગેરે વિશેષણો વાળી દુર્ગંધ આ નારક જીવોના શરીરોમાંથી આવે છે. પહેલી પૃથ્વીના નૈરયિકોના શરીરો કે જેઓની ચામડી ઉપર સેંકડો -ઉઝરડાં કરચલી પડેલી હોય અને તેથી જ જેઓ કાંતિવિનાના હોય,છે તથા જેનો સ્પર્શ પરૂષ કઠોર છે તેવા, બીજી પૃથ્વીથી લઈને અધઃસપ્તમી પૃથ્વી સુધીના નારકોના શરીરો હોય છે.

[૧૦૪]હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોને કેવા પ્રકારના પુદ્‌ગલો ઉચ્છવાસ પણેથી પરિણમે છે ? હે ગૌતમ જે પુદ્‌ગલો અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ છે.એવા પુદ્‌ગલોજ શ્વાસોચ્છવાસ રૂપે પરિણમે છે. રત્નપ્રભાપૃથ્વીના નારકોના કથન મુજબ જાણ. તમસ્તમઃપ્રભા પૃથ્વીના નારકોના શ્વાસોચ્છવાસ જાણવું એજ પ્રમાણે પહેલી રત્નપ્રભા પૃથ્વીથી લઈ ને સાતમી તમસ્તમપ્રભા પૃથ્વીના કથન, સુધીના નારક જીવોને આહારપણાથી જે પુદ્ ગલો પરિણત થાય છે, તે બધા પણ અનિષ્ટ વિગેરે પૂર્વોક્ત વિશેષણો વાળા જ હોય છે. રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોને કેટલી લેશ્યાઓ કહી છે ? રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોને કેવળ એક કાપોત લેશ્યાજ કહી એ જ પ્રમાણે શર્કરાપ્રભા માં પણ કેવળ એક કાપોત લેશ્યાજ હોય છે.વાલુકપ્રભા પૃથ્વીના નૈરયિકોને બે લેશ્યાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે નીલલેશ્યા અને કાપોતલેશ્યા, કાપોત લેશ્યા વાળા વધારે છે, નીલ લેશ્યાવાળા થોડા છે. પંકપ્રભા પૃથ્વીના નારકોને કેવળ એક નીલ લેશ્યાજ હોય છે. તે ત્રીજી પૃથ્વીની નીલ લેશ્યાની અપેક્ષાએ અવિશુદ્ધ હોય છે. ધૂમ પ્રભા પૃથ્વીના નૈરયિકોને બે લેશ્યાઓ કહી છે. કૃષ્ણલેશ્યા અને બીજી નીલલેશ્યા નીલ લેશ્યાવાળા વધારે હોય છે. કૃષ્ણલેશ્યા વાળા ઓછા હોય છે. તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં એક કૃષ્ણ લેશ્યા જ હોય છે આ કૃષ્ણ લેશ્યા ધૂમપ્રભા પૃથ્વીમાં કહેલી કૃષ્ણ લેશ્યાની અપેક્ષાએ અવિશુદ્ધતર હોય છે. અધઃસપ્તમી પૃથ્વીના નારકોને કેવળ એક પરમ કૃષ્ણ લેશ્યાજ હોય રત્નપ્રભા પૃથ્વીમાં રહેવાવાળા નૈરયિકો કેવી દૃષ્ટિવાળા હોય છે ? પહેલી પૃથ્વીમાં રહેલા નૈરયિકો સમ્યગ્ દૃષ્ટિવાળા પણ હોય છે, મિથ્યા દૃષ્ટિવાળાપણ હોય છે, અને મિશ્ર દૃષ્ટિવાળા પણ હોય આજ પ્રમાણેનું અધઃસપ્તમી પૃથ્વી સુધીના સમજવું

હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો જ્ઞાની હોય છે ? કે અજ્ઞાની હોય છે ? જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે જે જ્ઞાની હોય છે, તેઓ નિયમથી ત્રણ જ્ઞાનવાળા હોય મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાની જેઓ અજ્ઞાની હોય છે, તેઓ નિયમથી કેટલાક બે અને કેટલાંક ત્રણ ત્રણ અજ્ઞાનવાળા હોય છે, જે નારકો બે અજ્ઞાન વાળા છે, તે નિયમથી જ મતિઅજ્ઞાનવાળા અને શ્રુત અજ્ઞાનવાળા છે. ત્રણ અજ્ઞાન વાળા છે. તેઓ નિયમથી મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન વાળા હોય છે. આજ પ્રમાણે તમસ્તમાપ્રભા પૃથ્વીના નારક માટે સમજવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો કયા યોગવાળા હોય છે ? ત્રણે યોગવાળા હોય છે. આજ પ્રમાણે સાતમી પૃથ્વી સુધીના સમજવું હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકો અવધિ જ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે છે, અને કેટલા ક્ષેત્રને દેખે છે ગૌતમ ! ઓછામાં ઓછા સાડાત્રણ ગાઉ સુધીના પદાર્થોને અને ઉત્કૃષ્ટથી ચાર ગાઉ સુધીના પદાર્થોને જાણે છે. શર્કરા પ્રભા પૃથ્વીના નૈરયિકો અવધિજ્ઞ નથી ઓછામાં ઓછા ત્રણ ગાઉ સુધીના પદાર્થોને જાણે છે. એ આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી અર્ધો અર્ધો ગાઉ ઓછા કરતા જવું જોઈએ. એ રીતે સાતમી પૃથ્વીના નૈરયિકો જઘન્યથી અર્ધા ગાઉ સુધી અને ઉત્કૃષ્ટ થી એક ગાઉ સુધીના પદાર્થોને પોતાના અવધિજ્ઞાન થી જાણે છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકોને કેટલા સમુદ્ઘાતો કહેવામાં આવ્યા ચાર સમુદ્ઘાતો કહેવામાં આવ્યા, વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત. માર ણાન્તિક સમુદ્ઘાત અને વૈક્રિય સમુદ્ઘાત. આ પ્રમાણે યાવત્ તમઃસ્તમાપ્રભાના નારક જીવો સધી જાણવું.

[૧૦૫] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકો કેવા પ્રકારની ભૂખ અને તરસનો અનુભવ કરે છે. રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની અસત્ કલ્પના કરીને સઘળા પુદ્ગલોને અને સઘળા સમુદ્રોને મુખમાં જો નાખવામાં આવે તો પણ તૃપ્ત થતા નથી તરસ-રહિત પણ થતા નથી. આજ પ્રમાણે ભૂખ અને તરસ કથન સાતમી પૃથ્વી સુધીના નૈરયિકોના સંબંધમાં સમજી લેવું હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો કેટલા રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ? ગૌતમ ! રત્નપ્રભા ના દરેક નૈરયિક એક રૂપની વિકુ ર્વણા કરવામાં સમર્થ છે. અને અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે.જ્યારે તે નારકો એક રૂપની વિકુર્વણા તેઓ એક વિશાળ મુદ્ગરની પણ વિકુર્વણા કરી શકવામાં સમર્થ હોય એ જ પ્રમાણે મુસુંઢિ કરવતની શક્તિરૂપ શસ્ત્ર ની, ચક્રની, નારાચ બાણની.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુંત ભાલાઆદિ શસ્ત્ર વિશેષની યાવત્ ભિંડિમાલ રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ હોય છે. જ્યારે તે નારકો અનેક રૂપોની વિકુર્વણા કરે છે. ત્યારે તેઓ અનેક મુદ્ગરરૂપોની યાવત્ અનેક મુષુંઢિ રૂપોની વિકુવર્ણા કરી શકવામાં સમર્થ હોય છે. તેઓ સંખ્યાત રૂપોની વિકુર્વણા કરે છે. અસંખ્યાત રૂપોની વિકુર્વણા કરતા નથી. આ વિકુર્વિત રૂપો નારક જીવોના શરીરથી સંબદ્ધ હોય છે. અસંબદ્ધ હોતા નથી. આ વિકુર્વિત રૂપો પોતાના શરીરોની બરોબર હોય છે. અસદશ હોતા નથી. અનેક રૂપોની વિકુર્વણા કરીને તેઓ પરસ્પરમાં એક બીજાના રૂપોની સાથે તેને લડાવીને શરીરમાં ઈજા પહોંચાડીને વેદના ઉત્પન્ન કરે છે. તે વેદના અત્યંત દુઃખ રૂપે તેને બાળતી રહે છે. મર્મ પ્રદેશોમાં પ્રવેશ કરીને સમસ્ત શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે. કઠોર હોય છે. કટુ છે અત્યંત રૂક્ષતા જનક હોય તીવ્ર છે કેવળ દુઃખનું જ સામ્રાજ્ય છે. દુર્લંધ્ય કહેલ છે. દુરધ્યવસાય પૂર્વક ભોગવે છે. આજ પ્રમાણે નારક જીવો, શર્કરાપ્રભા, અને ધૂમપ્રભા પૃથ્વીમાં પણ અત્યંત વેદના ભોગવતા રહે છે. છટ્ઠી અને સાતમી પૃથ્વીમાં નૈરયિક જીવો અનેક મોટા મોટા રાતા રંગના કુંથુનામના જીવોના રૂપો જેવા લાલવર્ણના અને માનો કે જેનું મુખ વજ્રનું જ બનેલું છે, એવા શરીરોની કે જે ગાયના છાણના કીડા જેવા હોય છે. તેવા જીવોની વિકુર્વણા કરે છે, તેવા શરીરોની વિકુર્વણા કરીને તે પછી પરસ્પરમાં એક બીજાના શરીર પર ઘોડાની જેમ સવાર થઈને વારંવાર કરડે છે. અર્થાત્ સો ગાઠી વાળી શેલડીના કીડાની માફક અંદરને અંદર સનસનાટ કરતા થકા પેસી જાય છે. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો કેવી વેદનાનું વેદન કરે છે, ? હે ગૌતમ ! તે નારકો શીત વેદનાનું વેદન કરતા નથી. પરંતુ ઉષ્ણ વેદનાનું વેદન કરે છે. શીતોષ્ણ વેદના ભોગવતા નથી પંકપ્રભા પૃથ્વીમાં તેમાં રહેવાવાળા નારકો શીત વેદનાનો પણ અનુભવ કરે છે. અને ઉષ્ણ વેદનાનો પણ અનુભવ કરે છે. શીતોષ્ણ વેદનાનો અનુભવ કરતા નથી. વધારે જીવો ઉષ્ણ વેદનાનો અનુભવ કરે છે. ઘણા થોડા શીનોષ્વ વેદના અનુભવે છે. ધૂમપ્રભા પૃથ્વીના નારક જીવો શીતોષ્ણ વેદનાનો પણ અનુભવ કરે છે, ઉષ્ણ વેદનાનો પણ અનુભવ કરે છે, પરંતુ શીત વેદના અનુભવ કરતા નથી. શીત વેદના અનુભવ કરે છે, એવા બહુતરક છે. ઉષ્ણવેદનાનો અનુભવ કરે છે. તેઓ સ્તોક્તર છે. તમઃપ્રભા પૃથ્વીના નૈરવિયેકો શીત વેદનાનો અનુભવ કરે છે. ઉષ્ણ વેદનાનો કે શીતોષ્ણ વેદનાને અનુભવ પણ કરતા નથી. હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિક જીવો કેવા પ્રકારના થઈને નૈરયિક ભવનો અનુભવ કરે છે, હે ગૌતમ ! તે નારકો ત્યાંનારકમાં સદા ભયભીત થઈને ક્ષેત્રસ્વભાવથી થવાવાળા મહાગાઢ અંધકારને જોવાથી ચારે બાજુની શંકા યુક્ત થઈને તથા સર્વદા ક્ષેત્રસ્વભાવથી થવાવાળા અંધારાને જોવાથી ગભરાયેલા થઈને અથવા પરમાધાર્મિક દેવો દ્વારા પરસ્પર એક બીજાના પૂર્વભવ ના વેરોને પ્રગટ કરવાના કારણે બદલો લેવા રૂપ દુઃખો આવવાથી દુઃખિત થઈને તથા હંમેશા ભૂખથી પીડાઈને સર્વદા ઉદ્વિગ્ન થઈને ઉપદ્રવવાળા થઈને તે હમેશાં પરમ અશુભ રૂપ અને જેની તુલના થઈ શકતી નથીએવા અનુબદ્ધ નિરંતર પરમ્પરાથી જ અશુભ પણાથી આવેલાનારકભવને ભોગવે છે, આજ પ્રમાણે સાતમી પૃથ્વી સુધીના નરકાવાસોમાં નારકના ભવને ભોગવે છે.

અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ જ અનુત્તર મહાનરક છે, તે ઘણા જ વિશાળ છે, ત્યાં નારક જીવો ઘણા મોટા દુઃખોનો અનુભવ કરે છે, સાતમી પૃથ્વીમાં આ કહેવામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવનાર સ્વરૂપ વાળા પાંચ મહાપુરૂષ અનુત્તર એટલે કે જેનાથી વધારે બીજો કોઈ દંડ ન હોય એવા તે દંડ સમદાનોના પ્રભાવથી અર્થાત્ કર્મોની સર્વોત્કૃષ્ટ સ્થિતિ અને સર્વોત્કૃષ્ટ અનુભાગબંધ કરાવવાવાળા પ્રાણિહિંસા વિગેરેના અધ્યાવસાય રૂપ કારણોના પ્રભાવથી મૃત્યુ ના અવસરે મરણ પામીને તે અપ્રતિષ્ઠાન નામના નરકાવાસ માં ઉત્પન્ન થયા છે. જે પાંચ મહા પુરૂષો ઉત્પન્ન થાય છે. તેઓ ના નામો આ પ્રમાણે છે. જમદગ્નિના પુત્ર રામ-પર શુરામ. લચ્છાતિનો પુત્ર દઢાયુ. ઉપરિચર વસુરાજ, કૌરવ્ય સુભૂમ અને ચુલનીનો પુત્ર બ્રહ્મદત્ત. આ બધા નારક જીવો ત્યાં કાળા વર્ણવાળા ઉત્પન્ન થયા. યાવત્ અત્યંત કઠણ આવા પ્રકારની વેદનાનો અપ્ર તિષ્ઠાન નામના નરકમાં અનુભવ કરે છે.

હે ભગવન્ જે નરકોમાં ઉષ્ણવેદનાનો અનુભવ થાય છે, તે નરકોમાં નૈરયિક જીવો કેવી ઉષ્ણ વેદનાનો અનુભવ કરે હે ગૌતમ ! જેમ કોઈ લુહારનો પુત્ર હોય અને તે યુવાન હોય શારીરિક સામર્થ્યથી યુક્ત હોય, સુષમ સુષમ વિગેરે કાળમાં ઉત્પન્ન થયેલ હોય, અલ્પ આતંક વાળો હોય જેના બન્ને હાથો સ્થિર હોય જેના પગ બન્ને પડખાં અને પૃષ્ઠ ભાગ તથા બન્ને જાંઘો ખૂબ જ મજબૂત હોય, જે બે તાડના ઝાડ જેવા સરળ અને લાંબા તથા પુષ્ટ હાથોવાળા હોય જેના બન્ને ખભાઓ પુષ્ટ અને ગોળ હોય જેનું શરીર ચામડાના ચાબુકના પ્રહારોથી, મુદ્ગરોના પ્રહારોથી અને મુષ્ટિકાઓના પ્રહારોથી ખૂબજ પરિપુષ્ટ થયેલ હોય એવા આન્તરિક ઉત્સાહ અને વીર્યથી યુક્ત હોય, નિપુણ હોય દક્ષ હોય, મિત ભાષી હોય, દરેક કાર્યોમાં પૂર્ણપણાથી કુશળતા પ્રાપ્ત થઈ ચૂકી હોય, એવો તે લુહારપુત્ર ઘણા જ ભારે લોખંડના ગોળાને પાણીથી ભરેલા એક નાના ઘડાની માફક લઈને વારંવાર અગ્નિમાં તપાવે વારંવાર હથોડાથી કૂટે તેને કાપે તેનું ચૂર્ણ બનાવે ઓછામાં ઓછા એક દિવસ બે દિવસ, અને ત્રણ દિવસ સુધી અને ઉત્કૃષ્ટથી પંદર દિવસ સુધી તેને ઠંડો પાડવા રાખી મૂકવામાં આવે. પછી તે ગોળાને લોખંડની સાણસીથી પકડીને અસત્કલ્પનાથી ઉષ્ણ વેદનાવાળા નારકોમાં રાખવામાં આવે અને વિચાર કરે કે હું આને હમણાંજ મટકું મારે તેટલામાં જ ઉઠાવી લઈશ તેટલામાંજ તે ગોળો ત્યાં ટુકડે ટુકડાના રૂપમાં થયેલો તેને નજરમાં આવે છે. અથવા સર્વથા ગળતો પીગળતો દેખાય અથવા તો ભસ્મ રૂપ અવસ્થાને પ્રાપ્ત થયેલ તે તેની નજરમાં આવે છે. એવી અધિક ઉષ્ણતા તે ઉષ્ણવેદનાવાળા નારકોમાં છે. મદોન્મત્ત હાથી હોય તે સાઈઠ વર્ષનો હોય અને જ્યારે પહેલા શરદ્ કાળ સમયમાં નિદાઘ ગ્રીષ્મ ઋતુના ચરમ કહેતાં અન્તિમ સમયે તાપથી તપીને સૂર્યના તીક્ષ્ણ તડકાથી પરાભવ પામીને તરશથી વ્યાકુળ થઈ જાય છે. જેના ગળું અને તાળવું બન્ને સૂકાઈ ગયા હોય, અને અસાધારણ તરસની વેદનાથી જે વારંવાર તડફડતો રહે છે, શારીરિક સ્થિરતા વિનાનો બની ગયો હોય, શરીર પોતાના ભારને વહન કરવામાં ગ્લાનીનો અનુભવ કરવા લાગ્યું હોય, તે અવસ્થામાં જ્યારે એક મોટી પુષ્કરિણીને દેખે છે, કે જેના ચાર ખૂણાઓ છે. કે જે પુષ્કરિણી અંદર પ્રવેશ કરવા સૂખ પૂર્વક જઈ શકાય, તેવા હોય તેમજ ક્રમશઃ જે ઉંડી થતી ગઈ હોય અને જલસ્થાન જેનું ઘણું જ ગંભીર છે, અને તેથી જ જેનું પાણી ઘણું જ ઠંડુ રહેતું હોય, જેની અંદરનું પાણી કમલ પત્ર અને મૃણાલથી ઢંકાઈ રહ્યું હોય, વાવડીના રમણીય કમળોની ઉપર ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હોય, સ્વચ્છ અને નિર્મળ પાણી જેમાં ભરેલું પક્ષિયોના અનેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોડાઓના સમુહ હોય એવા સરોવરને જુવે અને તે મત્ત એવો હાથી તેમાં પ્રવેશ કરે છે. તેનાથી એ હાથી પોતાની ગર્મીને સારી રીતે શાંત કરીલે છે. તથા કિનારાની પાંસેના શલ્લકી એક જાતનું ઘાસ વિગેરેના કિસલયો ખાઈને પોતાની ભૂખ પણ દૂર કરી દે છે. અને પરિદાહ, ભૂખ, તરસના, શાન્ત થઈ જવાથી તે શરીરમાં વ્યાપ્ત થયલ ગર્મીને પણ દૂર કરી દે છે. આ રીતે જ્યારે તેના શરીરમાં ઠંડકનો અનુભવ થવા માંડે છે, ત્યારે તે ત્યાંજ નિદ્રા લેવા માંડે પોતાની સ્મરણ શક્તિને આનંદને ધૈર્યને ચિત્તની સ્વસ્થતાને પામે છે, આ રીતે પોતે શીતી ભૂત થયેલ તે ગજરાજ ત્યાંથી ચાલવા લાગે છે. અને ચિત્તમાં જાગેલી એક પ્રકારની આહલાદ રૂપ પ્રસન્નતા રૂપ સુખ પરિણતીથી પોતે પોતાને આનંદ રૂપ માનવા લાગે છે. એજ પ્રમાણે હે ગૌતમ ! અસદ્ ભાવ કલ્પનાને લઈને ઉષ્ણ વેદના વાળા નરકોમાંથી નીકળેલો નૈરયિક જે આ મનુષ્ય લોકમાં અત્યંત ઉષ્ણ તાના સ્થાનો છે જેમકે ગોંડિકાલિંછ, શોંડિકાલિંછ, લિંડિકાલિંછ, લોખંડને ગાળવાની તાંબાને ગાળ વાની ભટ્ઠી, સીસાને ઓગાળવાની વાસણને પકાવવાની ભટ્ઠીનો, ધાતુને ગાળવાના ભટ્ઠાનો અગ્નિ, ઈંટોને પકવવાવાળા ભટ્ઠોનો અગ્નિ, ગોળ બનાવવાની ભટ્ઠીનો અગ્નિ, તલની અગ્નિ બધા સ્થાનો મનુષ્યલોકમાં અગ્નિના સંપર્કથી તપેલા રહે છે. તે સ્થાનો સાક્ષાત્ અગ્નિના સ્થાપનાપન્ન હોય છે. તેનો જે વર્ણ ફૂલેલા પલાશના ફૂલો દેખાય છે, જે હજારો ઉલ્કાઓ અગ્નિકણોને બહાર કાઢે છે આ સ્થાનો હજારો જવાલા ઓને જ જાણે વમન કરતા ન હોય તેવા હોય છે. હજારો અંગારાઓને પોતાની અંદરથી બહાર કાઢી રહ્યા હોય, એવા વિકટ અગ્નિના દાહ રૂપ વેદનાને ઉત્પન્ન કરવાવાળા આ સ્થાનોને જો ઉષ્ણ વેદના વાળા નરકોના નારકીઓ જોઈલે અને જોઈને તે તેમાંથી કોઈ એક સ્થાનમાં પ્રવેશ કરી જાય છે. ત્યાં પ્રવેશ કરીને તે નારકી ત્યાં પણ પોતાની નરકજન્ય ઉષ્ણ વેદનાને દૂર કરી શકે છે. તરસને પણ નાશ કરી દે છે. પોતાની ભૂખને પણ શાંત કરીલે છે. પોતાના શરીરની અંદર રહેલા પરિતાપ રૂપ જવરને પણ દૂર કરીદે અને દાહને પણ શાંત કરી દે છે. એ નારકીને આ સ્થાનોમાં પણ એ માતંગના જેવી શીતળતાનો અનુભવ થાય છે, ત્યારે તે ક્ષણિક નિદ્રાનો પણ અનુભવ પ્રાપ્ત કરી પોતાની ભૂલેલી સ્મૃતિને થોડી ઘણી શાંતીને ચિત્તની સ્વસ્થતા રૂપ ધૃતિને અને મતિને પણ પામે છે. તેથી શીત રૂપ થયેલ અને શીતભૂત થયેલ પોતે પોતાનામાં શાંતિનો અતિશયપણથી અનુભવ કરતો તે નારક જીવ સાતા અને સુખ બહુલ સ્થિતિવાળો બની જાય છે. શું આવા પ્રકાર ની ઉષ્ણ વેદના છે ? ગૌતમ ! આ અર્થ બરોબર નથી. ઉષ્ણવેદનાવાળા નરકોમાં રહેલા નૈરયિકો પૂર્વોક્ત વેદનાથી પણ વધારે અનિષ્ટતર એવી ઉષ્ણવેદનાનોઅનુભવ કરે

હેભગવન્ શીતવેદનાવાળા નરકોમાં નારકો કેવી શીતવેદનાનો અનુભવકરેછે ? હે ગૌતમ ! જેમ કોઈ લુહારનો છોકરો હોય, અને તે પહેલા વર્ણવ્યા પ્રમાણેના વિશેષણો વાળો હોય, તે લુહાર લોખંડની સાણસી પકડીને ગોળાને માનો કે શીત વેદનાવાળા નારકોમાં નાખીદે અને તેને નાખતાંજ પાછો એવો વિચાર કરે કે હું આને આને હમણાંજ આંખનું મટકુ મારે તેટલામાં જ કાઢી લઉં છું એટલા કાળમાંજ તે શીતવેદનાવાળા નરકોમાં નાખેલ તપેલો લોખંડનો પીંડ ત્યાં ઓગળવા અને ગળવા માંડે છે. તેમ તેને સાક્ષાત્ દેખાય છે. આ પ્રમાણે હે ગૌતમ ! આ પણ અસત્કલ્પના સમજવી જોઈએ શીત વેદના વાળા નરકોમાંથી કોઈ નૈરયિક બહાર નીકળ્યો હોય, અને બહાર નીકળીને તે જે

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ મનુષ્યલોકમાં શીતપ્રધાન સ્થાન છે, જેમકે હિમ, હિમપુંજ, હિમપટલ, બરફનો ગોળો, હિમ પટલ પુંજ, બરફના ગોળાનો ઢગલો, શીત અથવા શીતપુંજ વિગેરે બધા સ્થાનોને તે દેખે છે, અને દેખીને તેમાં અવગાહન કરે છે. અવગાહન કરીને તે તેના સંપર્કથી નરક જન્ય પોતાના શીતની નિવૃત્તિ કરીલે છે. તરસપણ શાંત કરીલે છે. ભૂખને પણ શાંત કરી લે છે, શીત જન્ય જ્વરને પણ શાંત કરીલે છે. અને તેના શરીરમાં શીત વેદનીય નરકના સંપર્કથી જે શીત જન્ય દાહ થઈ રહેલ હોય તેની પણ નિવૃત્તિ કરીલે છે. શીત વેદનાવાળા નરકોમાં નૈરયિકો આનાથી પણ અનિષ્ટતર, અકાન્તતર. અપ્રિયતર, અને અમનોજ્ઞતર, શીત વેદનાને ભોગવે છે. તેથી તેને અહિ ની શીતળતા, પણ ઉષ્ણતાપણાથી જણાશે,

[૧૦૬] હે ભગવન્ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે. જ ધન્ય દસ હજાર વર્ષની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

[૧૦૭] હે ભગવન્ આ રત્નપ્રભા-પૃથ્વીના નૈરયિકો ત્યાંથી સીધા નીકળીને કયાં જાય છે ? છે કયાં ઉત્પન્ન થાય છે ? શું તેઓ નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે તિર્યગ્યોનિકોમાં ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે ? નારકોની ઉદ્વર્તનાના સંબંધમાં જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્કાંતિ પદમાં કહેવામાં આવ્યા પ્રમાણે સમજવું.

[૧૦૮] આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિક જીવો કેવી પૃથ્વીના સ્પર્શનો અનુભવ કરે છે ? હે ગૌતમ ! ત્યાં નારક જીવો અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ, પૃથ્વીના સ્પર્શનો અનુભવ કરે છે. એજ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધીના નારકજીવો માટે સમજવું હે ભગવન્ આ રત્નપ્રભા પ્રથ્વીમાં નૈરયિકો કેવા જલના સ્પર્શનો અનુભવ કરે છે રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોને જલનો સ્પર્શ અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ હોય છે. એજ પ્રમાણે યાવત્ તેજનો સ્પર્શ અને વાયુનો સ્પર્શ તેમજ વનસ્પતિકાયિકનો સ્પર્શ પણ તેઓને આજ પ્રમાણે અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ છે.. આપ્રમાણેનું આ કથન તમસ્તમા પૃથ્વી સુધીના નૈરયિકોના સંબંધમાં પણ સમજી લેવું. હે ભગવન્ આ રત્નપ્રભાપૃથ્વી બીજી શર્કરાપ્રભાપૃથ્વીની અપેક્ષાએ શું વધારે મોટી છે ? રત્નપ્રભાપૃથ્વીની મોટાઈ એક લાખ એંસી હજાર યોજનની છે. લંબાઈ પહોળાઈ એક રજ્જુની છે, અને શર્કરાપ્રભા પૃથ્વીની લંબાઈ પહોળાઈ બે રાજુની છે.બીજી પૃથ્વી ત્રીજી પૃથ્વી કરતાં વિશાળતામાં મોટી છે. અને લંબાઈ પહોળાઈ માં ઓછી છે. આ અભિલાપ પ્રમાણે યાવત્ છઠ્ઠી પૃથ્વી સાતમી પૃથ્વી કરતાં લંબાઈ પહોળાઈમાં ઓછી છે તેમ સમજવું. પૃથ્વીની લંબાઈ પહોળાઈ પછી પછીની પૃથ્વીમાં એક એક રાજુ વધતી જાય છે. એ રીતે સાતમી અધઃસપ્તમી તમસ્તમા પૃથ્વી ની લંબાઈ પહોળાઈ સાત રાજુની થઈ જાય છે.

[૧૦૯-૧૧૦] હે ભગવન ! આ રત્નપ્રભા પૃથ્વીમાં જે ત્રીસ લાખ નરકવાસ છે તેમાં એક એક નરકાવાસમાં સઘળા પ્રાણિયો, ભૂતો, જીવો, સત્વો અને પૃથ્વીકાયિકપણાથી, યાવત્ વનસ્પતિકાયિકપણાથી, તથા નૈરયિકપણાથી, પહેલાં ઉત્પન્ન થઈ ચૂકયાં છે ? હા થઈ ચૂકયા છે આજ પ્રમાણે અધઃસપ્તમી તમસ્તમા પૃથ્વી સુધીના સમજી લેવા.વિશેષતા કેવળ એટલીજ છે કે જ્યાં જેટલા નરકાવાસો છે, ત્યાં એટલાજ કહેવા- હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નરકાવાસોના અંત સુધીના પ્રદેશોમાં જે બાદર પૃથ્વીકાયિકો યાવત્ બાદર અપ્કાયિક, બાદરવનસ્પતિકાયિક જીવો છે, હે ભગવન્ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથ્વીકાયિક જીવો શું અતિશય અસાતાવેદનીય કર્મના ઉદયવાળા છે ? અત્યંત મહા આસ્રવવાળા હા ગૌતમ તેમજ છે.

[૧૧૧-૧૧૬]આ ત્રીજી પ્રતિપત્તીના આ બીજા ઉદ્દેશામાં પૃથિવીયો કેટલી છે ? રત્નપ્રભા નામની પૃથ્વી માં કેટલાક યોજનના ઉપર નીચેનો પ્રદેશ છોડીને નરકાવાસો આવેલા છે ? નરકનું સંસ્થાન કેવું છે ? નરકની વિશાળતા કેટલી છે ? નારકોના વિષ્કંભ પહોળાઈ અને પરિધિનું પ્રમાણ શું છે ? તે સંબંધમાં કથન કરવામાં આવ્યું છે. નરક કેટલા મોટા છે ?જીવ પુદ્ગલો નરકમાં જાય છે. આ નરકો શાશ્વત છે. ? એક સમયમાં કેટલા નારકીયો ત્યાં ઉત્પન્ન થાય છે ? ત્યાંથી કેટલા નારકો બહાર નીકળે છે ? નરકાવાસ કેટલા ઉંચા છે ? નારકજીવોને સંહનન કેવા હોય છે ? તેઓના સંસ્થાનો કયા કયા છે ? તેઓના શરીરનો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ કેવો હોય છે ? તે પછી આહાર, લેશ્યા, દષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, સમુદ્ઘાત, ક્ષુધા, તૃષા, વિકુર્વણા, વેદના ભય, વેદના પ્રકાર, સ્થિતિ. ઉદ્વર્તના, સ્પર્શ, તથા પૃથિવ્યાદિકપણાથી જીવોનું ઉત્પન્ન થવું આદિ કહ્યું છે.

**પ્રતિપત્તિઃ ૩-નૈરયિકઃ ઉદ્દેસો-૩-ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## [પ્રતિપત્તિઃ૩ -નૈરયિક ઉદ્દેસોઃ ૩]

[૧૧૭] હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકો કેવા પુદ્ગલ પરિણામને એટલે કે આહાર વિગેરે પુદ્ગલવિપાકને ભોગવે છે ? અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ, પુદ્ગલ પરિણામ રૂપ આહાર વિગેરેનો અનુભવ કરે છે. આજ પ્રમાણે યાવત્ તમસ્તમા પૃથ્વી સુધી આહાર વિગેરે વિપાકનો જાણવો.

[૧૧૮-૧૨૯] આ અધઃસપતમી પૃથ્વીમાં આ મનુષ્યો જાય છે. કે જેઓ નર-વૃષભ હોય, ભોગાદિકોમાં અત્યંત આસક્ત હોય અથવા વાસુદેવ તંદુલમત્સ્ય વિગેરે માંડલિક, વસુ વિગેરે રાજા, ચક્રવર્તી તથા મહા આરંભવાળા કુટુમ્બી આ બધા સાતમી પૃથ્વીમાં જાય છે.નરકોમાં નારક જીવની ઉત્તરવિકુર્વણની સ્થિતિનો કાળ ઉત્કૃષ્ટથી અંતર મુહુર્ત છે. તિર્યંચ અને મનુષ્યોમાં વિકુર્વણાનો સ્થિતિકાળ ચારઅંતર્મુહૂર્તનો દેવો માં વિકુવર્ણાનો સ્થિતિકાળ ઉત્કૃષ્ટથી અર્ધા માસ સુધીનો તીર્થંકરે કહેલ છે. નર કોમાં જે પુદ્ગલો અનિષ્ટ, યાવત્ અમનોજ્ઞ હોય છે. એવા પુદ્ગલોજ નારક જીવોના આહાર માટે હોય છે. નારક જીવોનું સંસ્થાન નિયમથી હુંડક હોય છે. જેટલા નારક જીવો છે, તે બધાને અશુભ વિકુર્વણજ હોય છે. નારક જીવોને વૈક્રિય શરીર જ હોય સંહનન હાડકા વિનાના હોય છે. કોઈ જીવ સઘળી પૃથ્વીયોમાં અને જઘન્ય વિગેરે રૂપે સ્થિતિ વિશેષો માં અસાતોદય યુક્ત ઉત્પન્ન થયો હોય, અને ઉત્પત્તિ કાળમાં પણ પૂર્વભવમાં મરણ સમયે અનુભવેલ મહા દુઃખોની નિવૃત્તિ ન થવાના પ્રભાવથી યુક્ત થઈને જ સમગ્ર નૈરયિક ભવને સમાપ્ત કરે છે. ઉત્પત્તીના સમયે કોઈ કોઈ નારક જીવ સાતા વેદનીય કર્મના ઉદયથી થવાવાળા સુખનું પણ વેદન કરે છે. તેમજ કોઈ કોઈ પૂર્વભવનો પરિચિત જીવ દેવ થઈ ગયો હોય, અને તે પોતાના અવધિજ્ઞાનથી પોતાના પરિચિતને નરકમાં ઉત્પન્ન થયેલ જાણે તો તે સમયે તે દેવ ત્યા નરકમાં પોતાની વિક્રિયા દ્વારા પહોંચીને તે નરકની વેદનાને શમાવવા માટે તેને ઉપદેશ આપે તો તેનાથી પણ તે નારક જીવને થોડા સમય માટે પણ થોડી ઘણી કંઈક શાતા મળી જાય, સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ જાય તો તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણથી એ સાતોદયનોજ અનુભવ થાય છે. તીર્થકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન કલ્યાણના સમય રૂપ બાહ્ય નિમિત્તને લઈને તેવા પ્રકારના સાત વેદનીય કર્મના વિપાકો દયથી સાતાનું વેદન કરે

અપરિમિત વેદનાઓથી યુક્ત થયેલ અતએવ દુઃખોથી પર ગયેલા તે નૈરયિકોને કુંભી વિગેરેમાં પચાવવાથી, કુંત વિગેરે થી ભેદાઈ જવાથી ત્યાં સદાકાળ દુઃખજ રહે છે. તેથી નરકોમાં નારક જીવોને ત્યાં રહેતાં રહેતાં રાત દિવસ દુઃખજ ભોગવવું પડે છે. નારક જીવોને મૃત્યુ કાળમાં તૈજસ અને કાર્મણ શરીર રહે છે. સૂક્ષ્મ નામ કર્મના ઉદય વાળા જે પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવો છે, તેઓને ઔદારિક શરીર અને વૈક્રિય, આહારક શરીર સૂક્ષ્મ હોય છે. પ્રાયઃ ચર્મચક્ષુઓ દ્વારા તેઓ જોઈ શકાતા નથી. અને અપર્યાપ્ત વિગેરે શરીર ધારી જીવો તે જીવો દ્વારા મુક્ત થઈ જાય તો હજારો પ્રકારના ટુકડાઓના રૂપમાં બનીને વિખરાઈ જાય છે નારકજીવોને અત્યંત શીત, અત્યંત ઉષ્ણતા, અત્યંત તરસ, અત્યંત ભૂખ અત્યંત ભય આવા પ્રકારના દુઃખો સદા કાળ બન્યાજ રહે છે. નરકોમાં ઉત્તર વિકુર્વણાની સ્થિતિ ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તની હોય છે, ત્રીજી ગાથા માં નારકોનો આહાર અનિષ્ટ વિગેરે વિશેષણોવાળા પુદ્ગલોનો હોય નૈરયિક જીવોની વિકુર્વણા અશુભજ હોય છે. નારક જીવોને સઘળી પૃથ્વીયોમાં અશાતાનોજ ઉદય રહે છે. નારક જીવોને પૂર્વ સંગતવાળા દેવની સહાય વિગેરે કારણોથી શાતાનો ઉદય પણ થઈ જાય છે. નારક જીવોને પૂર્વ સંગતવાળા દેવની સહાય વિગેરે કારણોથી શાતાનો ઉદય રહે છે. કે નારક જીવોને પૂર્વ સંગતવાળા દેવની સહાય વિગેરે કારણોથી શાતાનો ઉદય પણ થઈ જાય છે. કે તે ઓછામાં ઓછા એક ગાઉ સુધી અને વધારેમાં વધારે પાંચસો યોજન સુધી ઉછળે છે. નારક જીવોને આંખનું મટકું મારે એટલા કાળ સુધી પણ સુખ પ્રાપ્ત થતું નથી. તૈજસ અને કાર્મણ શરીર સિવાય એ બધા શરીરો વિખરાઈ જાય છે. (વગેરે વાત ગાથા દ્વારા જણાવી છે)

**પ્રતિપત્તિઃ ૩ -નૈરયિકઃ ઉદ્દેસાઃ ૩ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જર છાયા પૂર્ણ**

## પ્રતિપત્તિ :૩- તિર્યંચ-ઉદ્દેસો-૧

[૧૩૦]તિર્યંચયોનિકોના કેટલાક ભેદો કહ્યા છે ? પાંચ ભેદ કહ્યા છે. એક ઈંદ્રિય વાળા તિર્યંગો યાવત્ પાંચ ઈંદ્રિયોવાળા તિર્યગ્યોનિક. હે ભગવન્ એક ઈંદ્રિયવાળા તિર્યંચયોનિક જીવો કેટલા પ્રકારના હોય છે પાંચ પ્રકારના હોય છે, પૃથ્વીકાયિક એક ઈંદ્રિયવાળા તિર્યંચ યાવત્ વનસ્પતિ કાયિક એક ઈન્દ્રિયવાળા તિર્યંચ. પૃથ્વીકાયિક એક ઈંદ્રિયવાળા તિર્યંચ જીવો બે પ્રકારના હોય છે. સૂક્ષ્મ પૃથ્વીકાયિક બાદર પૃથ્વીકાયિક. સૂક્ષ્મપૃથ્વીકાયિક એકઈંદ્રિયવાળા જીવો બેપ્રકારના હોયછે. પર્યાપ્ત અને અપર્યાપ્તક. બાદરપૃથ્વીકાયિક એક ઈંદ્રિયવાળા તિર્યગ્યોનિક જીવો પણ બે પ્રકારના છે પર્યાપ્ત અપર્યાપ્ત. અપકાયિક એકઈંદ્રિયવાળા તિર્યગ્યોનિક જીવો બે પ્રકારના છે તે પૃથ્વિ કાયિક મુજબ જાણવા એજ પ્રમાણે તેઉ, વાયુ અને વનસ્પતિકાયિક જીવોના સંબંધમાં પણ ભેદ પ્રભેદો સહિતનું કથન સમજી લેવું. બે ઈંદ્રિયોવાળા તિર્યગ્યોનિક જીવોના કેટલા ભેદો હોય છે ? બે ઈંદ્રિયવાળા તિર્યગ્યોનિક જીવો બેપ્રકારના કહ્યા છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક. ત્રણ ઈંદ્રિયો વાળા જીવો અને ચારઈંદ્રિયોવાળા જીવોને પણ પર્યાપ્ત અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્ત એ પ્રમાણેના બે જ ભેદો હોય છે.

હે ભગવન્ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો કેટલા પ્રકારના હોય છે ? પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો ત્રણ પ્રકારના છે જલચર પંચેન્દ્રિય, સ્થલચર, ખેચર. જલચર પંચેન્દ્રિય બે પ્રકાર ના છે. સંમૂચ્છિંમ અને ગર્ભજ. સંમૂચ્છિંમ જીવો બે પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્તક. ગર્ભજ જલચર બે પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્તક. સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો બે પ્રકારના કહ્યા છે. ચતુષ્પદ અને પરિસર્પ. ચતુષ્પદ સ્થલચર બે પ્રકારના સંમૂચ્છિંમ અને ગર્ભજ. જે પ્રમાણે જલચર જીવોના ચાર ભેદો કહ્યા છે.એજ પ્રમાણે સ્થલચર જીવોના પણ ચાર ભેદો કહેવા જોઈએ. પરિસર્પ સ્થલચરોના બે ભેદો કહ્યા છે. ઉરઃપરિસર્પ સ્થલચર અને ભુજપરિસર્પસ્થલચર. ઉરઃપરિસર્પ સ્થલચર બેપ્રકારના સંમૂચ્છિંમઅને ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકોના બે ભેદો થાય છે. સંમૂચ્છિંમ પંચેન્દ્રિય અને ગર્ભજ. સંમૂર્છિમ ખેચર બે પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્તક. એ જ પ્રમાણે ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવ વિશે સમજવું. ખેચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોનો યોનિ સંગ્રહ કેટલા પ્રકારનો કહેવામાં આવેલ છે ? ત્રણ પ્રકારનો છે. અંડજ પોતજ અને સંમૂચ્છિંમ. આમાં પણ અંડજ ત્રણ પ્રકારના સ્રી, પુરુષ, અને નપુંસક પોતજ જીવો પણ ત્રણ પ્રકારના હોય છે સ્રી, પુરુષ, અને નપુસંક સંમૂચ્છિંમ ખેચર જીવો છે, તે બધાજ નિયમથી નપુંસકજ હોય છે.

[૧૩૧] હે ભગવન્ આ પક્ષિઓને કેટલી લેશ્યાઓ કહેવામાં આવી છે ? પક્ષિઓને છ લેશ્યાઓ કહેવામાં આવી છે. કૃષ્ણલેશ્યા' યાવત્ શુકલલેશ્યા. તેઓ સમ્યગ્ દૃષ્ટિવાળા પણ હોય છે. મિથ્યાદૃષ્ટિવાળા પણ હોય છે. અને મિશ્ર દૃષ્ટિવાળા પણ હોય છે. તેવા જીવો જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે. આમાં જેઓ જ્ઞાની હોય છે, તેઓને ત્રણ જ્ઞાન હોય છે. અને જેઓ અજ્ઞાની હોય છે, તેઓને ત્રણ અજ્ઞાન હોય છે. તેઓ ત્રણે પ્રકારના યોગવાળા હોય છે. તે જીવો બંને ઉપયોગવાળા હોય છે, અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા અકર્મભૂમિના જીવોને અને અંતર દ્વીપ જ મનુષ્ય અને તિર્યચોને છોડીને બાકીના નૈરયિક તિર્યંચ અને દેવો માંથી આવેલા જીવો પક્ષીપણાથી ઉત્પન્ન થાય છે. કેવલ અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા અકર્મભૂમિના જીવોમાંથી અને અંતરદ્વીપજ મનુષ્ય અને તિર્યંચોમાંથી આવેલા જીવો પક્ષિઓમાં ઉત્પન્ન થતા નથી આ જીવોને પાંચ સમુદ્ઘાત છે. વેદનાસમુદ્ઘાત યાવત્ તૈજસસમુદ્ઘાત,તે જીવો મારણાન્તિક સમુદ્ઘાત કરીને પણ મરે છે, અને મારણાન્તિક સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે, હે ભગવન્ ! તે જીવો મરીને સીધા કયા જાય છે ? અને કયાં ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? તિર્યગ્યોનિકે માં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્કાંતિ પદમાં ઉદ્વર્તના કહેવામાં આવી છે, એ જ પ્રમાણે અહિયાં પણ ઉદ્વર્તના સમજી લેવી. હે ભગવન્ તે પક્ષિ રૂપ કેટલા લાખ જાતી કુલકોટીયોની કહી છે હે ગૌતમ તેઓની બાર લાખ યોનિપ્રમુખ કુલકોટી કહેવામાં આવી છે.

ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકોનો યોનિસંગ્રહ ત્રણ પ્રકારનો છે. અંડજ, પોતજ, અને સંમૂચ્છિંમ, બાકી બધું ખેચર મુજબ જાણવું, કેવળ સ્થિતિદ્વાર, ચ્યવન દ્વાર, ઉદ્વર્તના દ્વાર, અને કુલકોટિ દ્વારમાં ભિન્નપણુ આવે છે. ભુજપરિસર્પ તિર્યગ્યો નિકોની સ્થિતિ જઘન્યથીતો અંતમુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટીની છે.

ભુજપરિ સર્પના પર્યાયથી ચ્યવીને તેઓ સીધા નીચેની બીજી શર્કરાપ્રભા પૃથ્વી સુધી જાય છે. અને ઉપરમાં સહસ્રાર દેવલોક સુધી જાય છે. આ ભુજ પરિસર્પોની કુલ કોટિ નવ ૯ લાખ હોય છે. બાકીના લેશ્યા દ્વાર વિગેરે ભુજ પરિસર્પોના સંબંધના કથન પ્રમાણે જ છે. ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોનો યોનિસંગ્રહ કેટલા પ્રકારનો છે ? ભુજપરિસર્પોનો યોનિસંગ્રહ પ્રમાણે સમજવો. અહિંયા ઉરઃપરિસર્પોની સ્થિતિ જઘન્ય થી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પ્રમાણની છે. તે મરીને પાંચમી નરક પૃથ્વી સુધી જાય છે. તેઓની કુલ કોટી દસ લાખની છે. ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યો નિકોનો યોનિ સંગ્રહ બે પ્રકારનો છે-જરાયુજ અને સંમૂર્ચ્છિમ. જરાયુજ ત્રણ પ્રકારના હોય છે. સ્ત્રી, પુરૂષ, અને નપુસંક તેમાં જેઓ સંમૂર્ચ્છિમ જીવો હોય છે, તેઓ નિયમથી નપુસંકજ હોય છે. ચતુષ્પદ સ્થલચર જીવોને કૃષ્ણલેશ્યા હોય છે અહિંસા દૃષ્ટિદ્વાર વિગેરે દ્વારોનું કથન પક્ષિઓના પ્રકરણના કથન પ્રમાણે જ સમજી લેવું. સ્થિતિદ્વાર અને ઉદ્વર્તના દ્વારના કથનમાં જૂદાપણું કહેલ છે. તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતમુર્હૂતની કહી છે. અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે. તેઓ મરીને સીધા નીચે ચોથી ધૂમપ્રભા પૃથ્વી સુધી જાય છે. તેઓની કુલકોટી દસ લાખ છે, જલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોને યોનિસંગ્રહ ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકો મુજબ જાણવો જલચરોમાંથી નીકળેલા જીવો સાતમી તમસ્તમા પૃથ્વી સુધી જાય છે, જલચરોની કુલ કોટી સાડા બાર લાખની છે. ચાર ઈંદ્રિયોવાળા જીવોની નવ લાખ કુલ કોટી હોય છે. ત્રણ ઈંદ્રિયોવાળા જીવોની આઠ લાખ કુલ કોટી છે. બે ઈંદ્રિયોવાળા જીવોની સાત લાખ કુલકોટી છે. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

[૧૩૨]હે ભગવન્ ગંધ કેટલા કહેવામાં આવેલ છે હે ભગવન્ ! ગંધશત કેટલા છે ? હે ગૌતમ ગંધાંગ સાત પ્રકારનાં કહેવામાં આવેલ છે. અને ગંધાંગશત સાતસો કહેલા છે. હે ભગવન્ પુષ્પોની કુલ કોટિયો કેટલા લાખની કહેવામાં આવેલ છે ? પુષ્પોની સોળ લાખ કુલ કોટીયો છે. જલમાં ઉત્પન્ન થવાવાળા કમળોની ચાર લાખ, સ્થળમાં ઉત્પન્ન થવાવાળા કોરંટ વિગેરે પુષ્પોની ચાર લાખ કુલકોટિયો. તથા ચાર લાખ મહા ગુલ્મિક વિગેરેના પુષ્પોની કુલ કોટી જાતિના ભેદથી હોય છે. વેલો પુષ્પ વિગેરેના મૂળ ભેદોથી ચાર પ્રકારની કહેવામાં આવી છે. મૂળ લતાના આઠ ભેદ કહ્યા છે. અને એક એક લતાના સો સો ભેદો અવાન્તરજાતીના ભેદથી કહેવામાં આવ્યા છે. હરિતકાય ત્રણ કહ્યા છે. જેમકે જલજ, સ્થલજ, અને ઉભયજ એક એક હરિતકાયના સો સો અવાન્તર ભેદો કહેવામાં આવ્યા છે. વંતાક વિગેરે જે ફળો છે, તે એક હજારપ્રકારના છે. નાલબદ્ધ ફળ પણ એક હજારપ્રકારના છે. આ બધા ભેદો અનેઆના જેવાજે હરિતકાયના બીજા ભેદો છે, તે બધાજ હરિતકાયમાં ગણવામાં આવેલા છે. વારંવાર અર્થના બોધ સાથે વિચાર કરતાં કરતાં તથા બીજાઓ દ્વારા સૂત્ર પ્રમાણે સમજીને વારંવાર અર્થાલોચન રૂપ અનુપ્રેક્ષા દ્વારા વિચાર કરતાં કરતાં યુક્તિ પ્રયુક્તિયો દ્વારા સારી રીતે ભવિત કરવામાં આવ્યેથી તેઓના સંબંધમાં એમજ જણાય છે, કે આ હરિતકાય વિગેરે જીવો સ્થાવર કાય, અને ત્રસકાય આ બે જ કાયોમાં અંતર્ભૂત થઈ જાય છે. એજ વાત સૂત્રપાઠથી પ્રગટ કરવા માં આવેલ છે. આ પ્રકારના કથનથી ત્રસ અને સ્થાવરોની યોનિયોની પૂર્વાપર ગણના કરવાથી સઘળા જીવોની ચોર્યાશીલાખ યોનિયો થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૩૩] હે ભગવન્ ! શું સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત સ્વસ્તિકપ્રભા સ્વસ્તિકકાંત સ્વસ્તિકવર્ણ સ્વસ્તિકલેશ્યા સ્વસ્તિયધ્વજ સ્વસ્તિકશૃંગાર સ્વસ્તિકકૂડ સ્વસ્તિક શિષ્ટ અને સ્વસ્તિકોત્તરાવતંસક આ નામોવાળા વિમાનો છે ? હા ગૌતમ ! એ પ્રમાણે ના નામોવાળા આ દેવોનાં વિમાનો છે. હે ગૌતમ સૌથી મોટા દિવસમાં જેટલાક્ષેત્રમાં સૂર્ય ઉગે છે, અને જેટલા ક્ષેત્રમાં સૂર્ય અસ્ત થાય છે, એટલા ઉદયક્ષેત્ર અને અસ્તક્ષેત્રમાં દરેક ક્ષેત્રને અહિયાં ત્રણ અવકાશાન્તરો હોવાથી ત્રણ ગણા કરવાથી તે ક્ષેત્રનું જેટલું પ્રમાણ આવે છે, કોઈ દેવનું એટલું વિક્રમ-બળ એકવારમાં ઘૂમવાનો માર્ગ થાય છે. જેમ જંબૂદ્વીપમાં સૌથી ઉત્તમ દિવસ માં અર્થાત્ કર્કસંક્રાન્તિના પહેલા દિવસે ૪૭૨૬૩-૭/૨૧ યોજન દૂરથી સૂર્ય દેખાય છે. કોઈ એક દેવ પોતાની તે સકલદેવ પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ, ત્વરા યુક્ત, ચપળ, ચંડ, શીઘ્ર ઉદ્ધત 'જવન, છેક અને દિવ્ય દેવગતિથી ચાલતા ચાલતા ઓછા માં એક દિવસ સુધી બે દિવસ સુધી, અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી ચાલતા રહે તો એવી સ્થિતિમાં પણ તે દેવ એ વિમાનોમાં થી કોઈ એક વિમાનને પાર કરી શકે છે. અને કોઈ એક વિમાનને તે પાર કરી શકતા નથી. તે વિમાનો આટલા મોટા હોવાનું કહેલ છે. હે ભગવન્ શું આ વિમાનો અર્ચિરાવર્ત યાવત્ અર્ચિરુત્તરાવંતસ છે ? હા ગૌતમ ! આ વિમાનો તેમજ છે. હે ભગવન્ આ અર્ચિઃઅચિંરાવર્ત વિગેરે વિમાનો કેટલા મોટા છે ? હે ગૌતમ ! સ્વસ્તિક વિગેરે વિમાનોની મહત્ત્વના સંબંધમાં કરાયેલ કથન મુજબ જાણવું. એ બન્નેમાં એટલુંજ અંતર છે કે પૂર્વોક્ત પ્રમાણવાળા પાંચ અવકાશાન્તર હોવાથી જેટલા ક્ષેત્રરૂપ વિક્રમ ગ્રહણ કરેલ છે. એટલા ક્ષેત્રને પાંચ ગણુ કરવાથી આ પ્રમાણેનું આટલું ક્ષેત્ર કોઈ એક દેવ ના એક વિક્રમશક્તિરૂપ હોય છે. બાકીનું સઘળું કથન પહેલા પ્રમાણે કહી લેવું.

ભગવન્ શું કામ, કામાવર્ત, યાવત્ કામોત્તરાવતંસક વિમાન છે ? હા ગૌતમ ! છે. હે ભગવન્ ! કામ, કામાવર્ત, વિગેરે વિમાનો કેટલા મોટા કહ્યા છે ? સ્વસ્તિક વિગેરે વિમાનો મુજબ જાણવું પણ અહિંયા આ વિમાનોની વિશાળતા જાણવા માટે અહિયાં સાત અવકાશાન્તરો કહેવા. હે ભગવન્ શું વિજય નામનું વિમાન છે ? વૈજયન્ત નામનું વિમાન છે ? જયંત નામનું વિમાન છે ? અપરા જીત નામનું વિમા છે ? હા ગૌતમ ! છે. હે ભગવન્ આ વિજય વિગેરે વિમાનો કેટલી વિશાળતાં વાળા કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! જેટલા પ્રમાણ ક્ષેત્રમાં સૂર્યનો ઉદય થાય છે, અને જેટલા પ્રમાણના અહિયાં નવ અવકાશાન્તર હોવાથી એટલા પ્રમાણ ક્ષેત્રને નવગણુ કરવું જોઈએ. પણ તે દેવ આ વિજય વિગેરે વિમાનો પૈકી એક પણ વિમાનને ઉલ્લંઘી શકતાનથી. આવા પ્રકારની વિશાળતાવાળા એ વિજય વિગેરે વિમાનો કહ્યા છે.

**પ્રતિપત્તિ:૩-તિર્યચ-ઉદ્દેસોઃ ૧-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિઃ૩-તિર્યચ- ઉદ્દેસોઃ૨

[૧૩૪] હે ભગવન્ સંસારી જીવો કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છ પ્રકારના છે. પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક, પૃથ્વીકાયિક જીવો બે પ્રકારના છે. સૂક્ષ્મ અને બાદર સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવ બે પ્રકારના પર્યાપ્તક સૂક્ષ્મ અને અપર્યાપ્તક. બાદર પૃથ્વીકાયિક જીવો બે પ્રકારના છે. એક પર્યાપ્ત અને બીજા અપર્યાપ્તક. પ્રજ્ઞાપના સૂત્રના પહેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદમાં પૃથ્વીકાયિકોના ભેદોનાવર્ણન-અનુસાર સમવું. આ પ્રમાણે બાદર પૃથ્વીકાયિ કાયિક જીવોના સંબંધમાં આ વર્ણન કરવામાંઆવેલ છે. એજ પ્રમાણેનું વર્ણન વનસ્પતિકાયિ કના કથન પર્યન્ત સમજી લેવું હે ભગવન્ ત્રસકાયિક જીવોના કેટલા ભેદો કહ્યા છે. ત્રસકાયિકજીવો ચાર પ્રકારના કહ્યા બે ઈંદ્રિયવાળા જીવો, યાવત્તા પાંચ ઈંદ્રિય વાળા જીવો બે ઈંદ્રિયાવાળા જીવો. અનેક પ્રકારના કહ્યા છે. આ બધા જીવોનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાંથી લઈને કહી લેવું જોઈએ

[૧૩૫] હે ભગવન્ પૃથ્વી કેટલા પ્રકારની કહેવામાં આવી છે ? પૃથ્વી છ પ્રકારની કહેવામાં આવી છે. શ્લક્ષ્ણ પૃથ્વી, શુદ્ધપૃથ્વી વાલુકાપૃથ્વી, શર્કરાપૃથ્વી, મનઃશિલા પૃથ્વી ખરપૃથ્વી હે. ભગવન્ શ્લક્ષ્ણ પૃથ્વીની સ્થિતિ કેટલા કાળ ની કહેવામાં આવી છે ? જઘન્યથી એક અંતર્મુહૂર્તની કહી છે અને ઉત્કૃષ્ટથી તે એક હજાર વર્ષની કહેવામાં આવી છે. શુદ્ધ પૃથ્વીની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની કહી છે. અને ઉત્કૃષ્ટથી બાર હજાર વર્ષની કહેલ છે. વાલુકાપ્રભા પૃથ્વીના જીવોની સ્થિતિ જઘન્યથી એક અંત મુહૂર્ત ની અને ઉત્કૃષ્ટથી ચૌદહજારવર્ષની કહેલ છે.મનઃશિલાપૃથ્વીના જીવોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની સ્થિતિ કહી છે. અને ઉત્કૃષ્ટથી સોળ હજાર વર્ષની છે. શર્કરા પ્રભા પૃથ્વીના જીવોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી અઢાર હજાર વર્ષની કહેવામાં આવી છે. ખર પૃથ્વીના જીવોનીસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષની કહી છે.

હે ભગવન્ નૈરયિક જીવોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? ગૌતમ ! નારક જીવોની સ્થિતિ જઘન્યથી દસ હજાર વર્ષની કહી છે અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની કહેવામાં આવી છે. આ જ પ્રમાણે ચોવીસ દંડકના ક્રમથી અહિયાં પ્રજ્ઞા પના સૂત્રમાં કહેલ સ્થિતિ પદ પ્રમાણે સર્વાર્થ સિદ્ધના દેવો સુધીની સ્થિતિનું નિરૂપણ કરી લેવું. હે ભગવન્ જીવ જીવપણાથી કેટલા કાળ સુધી રહે છે ? હે ગૌતમ ! નારક જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી દસ હજાર વર્ષનો છે, અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમનો છે. તિર્યગ્યોનિકજીવનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્તનો છે એ ઉકૃષ્ટથી અનંતકાળ રૂપ છે. પૃથ્વીકાયિક જીવ પૃથ્વી કાયિકપણાથી સર્વકાળ વર્તમાન રહે છે. આજ પ્રમાણે વનસ્પતિકાયિક જીવની, અને સામાન્ય ત્રસકાયિક જીવની કાયસ્થિતિનો કાળ પણ સમજી લેવો

[૧૩૬] હે ભગવન્ ! જેટલા નવા પૃથ્વીકાયિક જીવો વિવક્ષિત કાળમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પણાથી ઉત્પન્ન થાય છે, તે બધાજ જીવો કેટલા કાળ પછી જો તેઓમાંથી એક એક સમયમાં એક એક જીવ બહાર કાઢવામાં આવે,તો પૂરે પૂરા બહાર કાઢી શકાય? હે ગૌતમ ! જઘન્ય અપેક્ષાથી જો તેઓમાંથી પ્રત્યેક સમયમાં એક એક જીવ બહાર કાઢવામાં આવે, તો પૂરેપૂરા તેઓને બહાર કાઢવામાં અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અસંખ્યાત અવસર્પિ ણીયો પૂરી થઈ જાય છે. એજ પ્રમાણે ઉત્કૃષ્ટથી જઘન્ય પદવાળા ઉત્પન્ન થનારા નવા નવા પૃથ્વીકાયિક જીવોની અપેક્ષાથી જે ઉત્કૃષ્ટ પદ વર્તી નવા નવા પૃથ્વીકાયિક જીવો ઉત્પન્ન થાય છે, તેઓ અસંખ્યાત ગણા વધારે હોય છે. કેમકે જઘન્ય અને ઉત્કૃષ્ટ પદોમાં બન્ને સ્થળે અસંખ્યાત પદ હોવા છતાં પણ જઘન્ય પદમાં કહેલ અસંખ્યાત ની અપેક્ષાએ ઉત્કૃષ્ટ પદમાં કહેલ અસંખ્યાતગણું વધારે હોય

એજ પ્રમાણે વાયુકાયિકજીવ પર્યન્ત સમજી લેવું . વનસ્પતિકાયિક જીવો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અમુક વિવક્ષિત કાળમાં એટલા બધા વધારે ઉત્પન્ન થાય છે. કે તેઓ અસંખ્યાત ઉત્સર્પિણીયોમાં અને અસંખ્યાત અવસર્પિણીયોમાં બહાર કાઢી શકાય એ પ્રમાણે કહી શકાતું નથી. વર્તમાન કાળમાં ઉત્પન્ન થયેલા વનસ્પતિકાયિક જીવોની નિર્લેપના થતી નથી. કેમકે તેઓ અનંતાનંત ઉત્પન્ન થતા રહે છે. તે પ્રત્યુત્પન્ન ત્રસકાયિક જીવો જઘન્ય પદમાં અને ઉત્કૃષ્ટ પદમાં એટલા વધારે હોય છે કે જો તેઓને એક એક સમયમાં એક એક પણાથી બહાર કાઢવામાં આવે તો પૂરેપૂરા બહાર કાઢવામાં સાગરોપમ શત પૃથક્ત્વ કાળ પુરો થઈ જાય જઘન્યથી તે જેટલા ઉત્પન્ન થયા છે, તેઓની અપેક્ષાએ તેઓ ઉત્કૃષ્ટપદમાં વિશેષાધિક ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ જે અણગાર અવિશુદ્ધ લેશ્યાવાળા છે. અને વેદના વિગેરે સમુદ્ઘાત રહિત આત્મા દ્વારા અવિશુદ્ધ લેશ્યાવાળા કૃષ્ણ વિગેરે લેશ્યાવાળા દેવને અગર દેવીને અથવા અણગારને જ્ઞાન દ્વારા જાણે છે ? અને દર્શન દ્વારા દેખે છે ? આ અર્થ બરોબર નથી. અર્થાત્ અવિશુદ્ધ લેશ્યાવાળા હોવાથી એ અણગારને યથાવસ્થિત વસ્તુને જાણ-વાવાળા જ્ઞાનનો અભાવ કહેલ છે. હે ભગવન્ જે અનગાર અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે, અને વેદના વિગેરે સમુદ્ઘાતથી રહિત છે. એવો તે અનગાર વેદના વિગેરે સમુદ્ઘાતથી રહિત આત્મદ્વારા વિશુદ્ધ લેશ્યાવાળા દેવને અથવા દેવીને અથવા તેવા કોઈ અણગારને શું જાણે છે ? કે દેખે હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. હે ભગવન્ જે અનગાર અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે, લેશ્યાની વિશુદ્ધીથી રહિત છે. પરંતુ વેદના વિગેરે સમુદ્ઘાતવાળા છે, તો શું તે સ્વયં પોતાનાથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને અથવા દેવીને અથવા અણગારને શું જાણે છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. હે ભગવન્ જે અણગાર અવિશુદ્ધ લેશ્યાવાળો હોય અને વેદના વિગેરે સમુદ્ઘાત યુક્ત હોય તો શું તે સ્વયં પોતેજ વિશુદ્ધ લેશ્યાવાળા દેવને અથવા દેવીને કે અણગારને જાણે છે ? કે દેખે છે ? આ અર્થ બરોબર નથી. હે ભગવન્ જે અણગાર અવિશુદ્ધ લેશ્યાવાળો હોય છે, અને વેદના વિગેરે સમુદ્ઘાત ક્રિયા થી કંઈક વિશેષ છે, અને કંઈક અંશથી વેદના વિગેરે સમુદ્ઘાતથી વિશેષ ન પણ હોય, એવો તે સમવહતાસમવહતાત્મા વાળો સાધુ અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને અથવા દેવીને અથવા અણગારને જાણે છે ? કે દેખે છે ? આ આ અર્થ બરોબર નથી. હે ભગવન્ ! જે અણગાર અવિશુદ્ધ લેશ્યાવાળો હોય, અને વેદના વિગેરે સમુદ્ઘાતથી વિશિષ્ટ અને અવિશિષ્ટ પણ હોય, તો શું એવો તે અણગાર સ્વયં વિશુદ્ધ લેશ્યાવાળા દેવને કે દેવીને અથવા અનગારને જાણે છે ? કે દેખે છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી હે ભગવન્ જે અણગાર વિશુદ્ધ લેશ્યાવાળા છે. અને વેદના વિગેરે સમુદ્ઘાત વિનાના છે, તો શું તે સ્વયં અવિશુદ્ધ લેશ્યાવાળા કૃષ્ણાદિ લેશ્યાવાળા દેવને દેવીને તથા અણગારને શું જાણે છે ? કે દેખે છે ? હા ગૌતમ ! એવો તે સાધુ અણગાર કૃષ્ણાદિ લેશ્યાવાળા દેવને દેવીને તથા અણગારને જાણે છે. અને દેખે છે. કેમકે તેના જ્ઞાનમાં યથાર્થ વસ્તુપ્રદર્શકતાના સદ્ભાવ કારક લેશ્યાની વિશુદ્ધિ છે. અને તે વિશુદ્ધિ તે સાધુના જ્ઞાનમાં વર્તમાન છે. જે પ્રમાણે અવિશુદ્ધ લેશ્યાવાળા સાધુના સંબંધમાં પૂર્વોક્ત પ્રકારથી છ પ્રકારના આલાપકો કહેવામાં આવ્યા છે. એજ પ્રમાણે વિશુદ્ધ લેશ્યાવાળા સાધુના સંબંધમાં પણ છ આલાપકો સમજી લેવા જોઈએ. હે ભગવન્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશુદ્ધ લેશ્યાવાળો અણગાર કે જે સમવહત અને અસમવહત અવસ્થાવાળો છે, તે વિશુદ્ધ લેશ્યાવાળા દેવને દેવીને અથવા અનગારને શું જાણે છે ? કે દેખે છે ?હા એવો તે અણગાર એ દેવને અને દેવીને તથા એવા અનગારને જાણે છે. અને દેખે છે.

[૧૩૮-૧૩૯] હે ભગવન્ અન્ય તીર્થિકોએ એવું કહ્યું છે, એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે. એક સમ્યક્ત્વ ક્રિયા છે. અને બીજી મિથ્યાત્વ ક્રિયા છે. જીવ જે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે, એજ સમયે તે મિથ્યાત્વ ક્રિયાપણ કરે છે. જે સમયે તે મિથ્યાત્વક્રિયા કરે સમ્યક્ત્વ છે, એજ સમયે તે જીવાત્મા સમ્ક્ત્વ ક્રિયા પણ કરે છે. એજ કારણે એક જીવ એક સમયમાં બે ક્રિયા હોય છે તો શું તેઓનું એ કથન યથાર્થ છે ? હે ગૌતમ ! એ પ્રમાણેનું તેઓનું કથન યાવત્ પ્રરૂપણા કરવી તે સઘળું મિથ્યા છેઅસત્ય છે. એક જીવ એક સમયમાં એકજ ક્રિયા કરે છે. જેમકે સમ્યક્ત્વ ક્રિયા અથવા મિથ્યાત્વ ક્રિયા. જો એક જીવ ને એક સમયમાં આ બન્ને ક્રિયાઓનો કર્તા માનવામાં આવે તો મોક્ષનો સર્વથા અભાવ પ્રાપ્ત થાય. કેમકે મિથ્યાત્વની નિવૃત્તિ તો કદી થઈ જ ન શકે.

**પ્રતિપત્તિઃ ૩-તિર્યંચ ઉદ્દેસો-૨-ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુ ર્જરછાયાપૂર્ણ**

## પ્રતિપત્તિઃ૩-મનુષ્ય

[૧૪૦]હે ભગવન્ મનુષ્યોના કેટલા ભેદો કહ્યા છે ? મનુષ્યો બે પ્રકારના છે. સંમૂર્છિમ અને ગર્ભજ. સંમૂર્ચ્છિમ મનુષ્યોના કોઈ પણ ભેદ હોતા નથી.મનુષ્ય ક્ષેત્રની અંદર જ ઉત્પન્ન થાય છે. સંબંધમાં પ્રજ્ઞાપનાસૂત્રમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવેલ છે, તે ત્યાંથી જાણી લેવું. તે અંતમુહૂર્તના આયુષ્યમાંજ કાળ કરે છે.

[૧૪૧] ગર્ભજમનુષ્યોના ત્રણ ભેદો કર્મભૂમિક, અકર્મભૂમિક, અંતરદ્વીપજ,

[૧૪૨]અંતરદ્વીપના મનુષ્યોના ૨૯ ભેદો છે. એકોરૂક આભાષિક વગેરે. એકોરૂક નામવાળા દ્વીપો છે. મનુષ્યો એ નામવાળા હોતા નથી પરંતુ તે દ્વીપોમાં રહેનારા હોવાને કારણે ત્યાંના મનુષ્યોના નામો તેમ જાણવા.

[૧૪૩-૧૪૪] હે ભગવન્ દક્ષિણ દિશામાં રહેવાવાળા એકોરૂક મનુષ્યોનો જે એકોરૂક દ્વીપ છે, તે કયા સ્થાન પર કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મેરૂપર્વત છે, તેની દક્ષિણ દિશામાં ક્ષુદ્રહિમવાન્ નામનો વર્ષધર પર્વત છે. તેની ઈશાનદિશાના ચરમાન્તરમાં લવણસમુદ્રમાં ત્રણસો યોજના ગયા પછી ક્ષુદ્ર હિમવાનપર્વતની દાઢ ઉપર દક્ષિણદિશામાં રહેવાવાળા એકોરૂક મનુષ્યો નો એકોરૂક નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપ લંબાઈ પહોળાઈમાં ત્રણસો યોજનનો છે. તેની પરિધિ ૯૪૯ યોજનમાં કંઈક વધારે છે. આ દ્વીપની ચારે બાજુ એક પદ્મવર વેદિકા છે. આ પદ્મવર વેદિકાની ચારે દિશાઓ માં તેને ઘેરિને એક વનખંડ છે. આ પદ્મવર વેદિકાની ઉંચાઈ આઠ યોજનની છે. અને તેની પહોંળાઈ પાંચસો ધનુષની છે. આ પદ્મવર વેદિકા એકોરૂક દ્વીપને ચારે બાજુથી ઘેરીને રહેલી છે. આ પદ્મવર વેદિકાનું વર્ણન આ પ્રમાણે છે તેની રાયપ્પસેણિય સૂત્રાનુસાર જાણવું આ પદ્મવર વેદિકાની ચારે બાજુ એક વનખંડ આવેલું છે. આ વનખંડ દેશઉન, બે યોજનના ગોળાકાર પહોળાઈવાળું છે અને તેની પરિધિનો વિસ્તાર વેદિકાની બરોબર છે. આ વનખંડ ઘણું ગાઢ ઉંડુ હોવાના કારણે કાળું દેખાય છે. અને તેનો પ્રકાશ પણ કાળોજ નીકળે છે. સમગ્ર વર્ણન રાયપ્પસેણિય


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂત્રાનું સાર જાણવું

[૧૪૫] હે ભગવન્ ! એકોરૂક નામના દ્વીપનો આકાર ભાવપત્યવતાર વિગેરેનું વર્ણન કેવી રીતે છે ? ત્યાંની જે ભૂમિ છે, તે આલિંગ પુષ્કરના જેવી ચીકણી અને સમતલવાળી છે. મૃદંગનું મુખ જેવું ચિકણું અને સમતલ હોય છે, તેવી સમતલ હોય છે. અથવા પાણીથી ભરેલા તળાવના પાણીનો ઉપરનો ભાગ જેવો સમતલ અને ચિકણો હોય છે, અથવા હાથના તળીયા જેવા ચિકણો અને સમ હોય છે. ચંદ્રમંડળ અને સૂર્ય મંડળ જેવા હોય છે. દર્પણ જેવો ચિકણો અને સમતલ હોય છે. ઉરભચર્મ અર્થાત્ ઘેટા, બળદ, સુવર, સિંહ, વાઘ વૃક ઘેટાની એક જાત અને ચિત્તો આ બધાના ચર્મને જે મોટા મોટા ઓજારોથી સમતળ બનાવવામાં આવેલ હોય, એવી તે ભૂમી આવર્ત, પ્રત્યાવર્ત, શ્રેણી પ્રશ્રેણી સ્વત્વિક સૌવસ્તિક, પુષ્પ માન, વર્ધમાન, મત્સ્યાંડ, મકરાંડ જાર, માર પુષ્પાવલી, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતી લતા, પદ્મલતા વિગેરે અનેક પ્રકારના માંગલિક રૂપોની રચનાથી ચિત્રેલા એવા તથા સુંદર દશ્યવાળા સુંદરકાંતીવાળા અને સુંદર શોભાવાળા ચમકતા ઉજ્જવલ કિરણોના પ્રકાશવાળા, એવા અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા તૃણોથી અને મણિયોથી, શોભાય માન થતી રહે છે. પૃથ્વીશિલાપટ્ટક પણ છે. તેનું વર્ણન પણ ઉવવાઈ સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજી લેવું. શિલા પટ્ટકપર એકોરૂક દ્વીપમાં રહેવાવાળા અનેક મનુષ્યો અને તેની સ્રિયો ઉઠતી બેસતી રહે છે. તેમજ સૂતી રહે છે. આરામ કરે છે. અને પહેલાં કરેલા શુભકર્મોનો અનુભવ કરે છે.

હે આયુષ્મન્ શ્રમણો ! તે એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે આવેલ અનેક ઉદ્દાલક નામના વૃક્ષો, અનેક કોદ્દાલક નામના વૃક્ષો, અનેક કૃતમાલ નામ ના વૃક્ષો, અનેક નતમાલ નામના વૃક્ષો, વગેરે વૃક્ષો છે આ વૃક્ષોનો મૂળભાગ કુશ-દર્ભ અને કાસના સદ્ભાવથી સર્વથા રહિત છે. બધા પ્રશસ્ત મૂળવાળા હોય છે. પ્રશસ્ત કંદવાળા હોય છે. પ્રશસ્ત સ્કંધવાળા હોય છે. પ્રશસ્તછાલ વાળા હોય છે. તેમજ પ્રશસ્ત શાખાઓ વાળા હોય છે. આ વૃક્ષો નિરંતર પત્રો પુષ્પોથી લદાયેલા રહે છે. તેથી જે તેનું સૌંદર્ય અત્યંત મનને લોભાવનારૂં હોય છે. આ એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે, અનેક વૃક્ષો તો છે જ તેની સાથે હેરૂતાલના, ભેરૂતાલના, મેરૂતાલના, સેરૂતાલના, સાલ વૃક્ષોના, સરલ વૃક્ષોના, સપ્તપર્ણ વૃક્ષોના, સોપારીના વૃક્ષોના વન છે. ખજૂરીવૃક્ષોના વન છે. સરલ વૃક્ષોના,વન છે. સપ્તપર્ણ નામના વૃક્ષોના વનો છે. નારીયેલના વન છે. આ બધા વનો વૃક્ષોની નીચેના ભાગમાં કુશ અને કાશ વિનાના હોય છે. તે એકોરૂક નામના દ્વીપમાં અનેક પ્રકારની અનેક લતાઓ વેલો પણ હોય છે જેમકે પદ્મલતાઓ, યાવત્ શ્યામલતાઓ આ બધી લતાઓ પુષ્પોથી સદા વ્યાપ્ત રહે છે. આ એકોરૂક નામના દ્વીપમાં-સ્થળે સ્થળે અનેક સેરિકાગુલ્મો નવમાલિકા ગુલ્મ, બંધુ જીવક ના પુષ્પો, અનોવગુલ્મ, બીજકગુલ્મ, બાણગુલ્મ, કુંજગુલ્મ, સિંદુવાર અને મહા જાતિ ગુલ્મ છે.આ ગુલ્મો ઘણાજ ગાઢ હોય છે. તેથી તે એવા દેખાય છે કે જેમ મહામેઘનો સમૂહ હોય, આ ગુલ્મો પાંચે વર્ણવાળા પુષ્પોને ઉત્પન્ન કરે છે. તેની શાખાઓ ડાળીયો પવનના ઝોકથી સદા ચાલતી રહે છે. તેથી તે એકોરૂક દ્વીપના બહુ સમરમણીય ભૂમિભાગને પુષ્પોના પુંજોથીજ ઢાંકી દે છે. તેમાંથી અનેકપુષ્પો જમીન પર નીચે પડે છે.

એકોરૂક દ્વીપમાં અનેક સ્થાનો પર અનેક પ્રકારની સુંદર વનસ્પતિયો પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વનરાજીયો અત્યંત ગાઢ હોવાથી કયાંક કયાંક કાળી કાળી મેઘની ઘટા જેવી દેખાય છે. તેમાંથી જે પ્રકાશ પુંજ નીકળે છે, તે પણ કાળોજ જણાય છે. યાવત્ આવનરાજીઓ કયાંક કયાંક નીલ વર્ણની પણ હોય છે. આ વનરાજીયોની અંદરથી જે ગંધરાશી નીકળે છે. તે ઘ્રાણેન્દ્રિયને બિલ્કુલ તર કરીદે છે. બધીજ રાજીયો પ્રાસાદીય છે. દર્શનીય છે. અભિરૂપ અને પ્રતિરૂપ છે. એકોરૂક દ્વીપમાં જ્યાં ત્યાં અનેક સ્થળે મત્તાંગોના દ્રુમગણો છે. તે કેવા પ્રકારના હોય છે ? ચંદ્રઅર્થાતા કપુરનો રસ, ચંદ્રપ્રભા અથવા કપૂર અથવા ચંદ્રના જેવો વર્ણવાળો હોય છે. તથા મણિશલકા જાડી હોવાથી સળી જેવો, મણીના વર્ણ જેવો, રસ હોય છે તથા પકાવેલ સેલડીનો રસ તેના જેવો હોય છે. પ્રવર વારૂણી ના જેવો રસ હોય છે. આવા પ્રકારના ઉંચા ઉંચા રસ દ્રવ્યોના સંમિશ્રણની પ્રચુરતા વાળા તથા પોતપોતાના ઉચિત કાળમાં સંયોજીત કરીને બનાવેલા જે આસવ સંમિશ્રિત મધુર રસ વિશેષ રસ જેવો મીઠો અને સુંગધવાળો હોય છે એવા તે મત્તાંગદ્રુમ ગણો છે. જેમ મધુ પુષ્પરસ, મૈરેય ગોળ ધાણા અને પાણીમાં મેળવેલા ધાતી પુષ્પને પકવવાથી જે રસ થાય છે, તે મૈરેય કહેવાય છે. રિષ્ટાભ-રિષ્ટ એટલે કે ફીણવાળો પદાર્થ તેનો જે શ્વેત વર્ણ હોય છે. તેના જેવી આભા-કાંતીવાળો રસ વિશેષ દુગ્ધ જાતી દૂધના સ્વાદ જેવા સ્વાદવાળો રસ દુગ્ધજાતીનો રસ કહેવાય છે તે રસ વિશેષ, તથા પ્રસન્ન એટલે કે જે રસ સ્વચ્છ સ્ફટિકના જેવો હોય છે. અને જે મનને પ્રસન્ન કરવાવાળો હોવાથી તેનું નામ પ્રસન્ન એ રીતે રાખવામાં આવેલ છે. એવો રસ વિશેષ મેલ્લક જે બીજા રસના મેળવ વાથી બલ વધારનાર હોય છે, એવા રસ વિશેષનું નામ મેલ્લક છે. શતાયુ, ખજ્જાુર મૃદ્વિકાસાર કાપિશાયન, ક્ષોદરસ જેમ પૂર્વોક્ત બધા પ્રકારના રસ હોય છે.

તે રસો પ્રશસ્ત વર્ણ એટલે કે શુકલાદિ વર્ણથી, પ્રશસ્તગંધ, પ્રશસ્ત રસથી પ્રશસ્ત સ્પર્શથી, યુક્ત હોય છે. પૂર્વોક્ત બધા રસો પાછા બળ-વીર્ય માં પરિણત થવાવાળા હોય છે. પ્રમોદ કારક રસ વિશેષના વિધાનથી ઘણા પ્રકારના બતાવવામાં આવ્યા છે. જેમકે આસવ. અરિષ્ટ, અવલેહ, કવાથ વટિકા વિગેરે તેના ભેદો હોય છે. આ પૂર્વોક્ત પ્રકારના રસ જેવા રસ વાળા તે મત્તાંગ નામના દ્રુમગણ એકોરૂક દ્વીપમાં હોય છે અનેક વ્યક્તિના ભેદથી ઘણા વિવિધ અનેક પ્રકારના જાતિ ભેદને લઈને પોતના સ્વભાવથીજ તે અનાદિ કાળથી ત્યાં રહે છે. આ લોકપાલો વિગેરેએ લગાવેલ હોતા નથી. તેઓ સ્વાભાવિક રૂપથી પરિણત એવી મદ્ય વિધિ થી યુક્ત હોય છે. આ વૃક્ષોના મૂળ દર્ભ વિગેરે ઘાસથી વિશુદ્ધ રહિત હોય છે. હે શ્રમણ આયુષ્મમન ! તે એકોરૂક નામના દ્વીપમાં ભૃત્તાંગ નામના કલ્પ વૃક્ષો છે. એ કલ્પવૃક્ષો ત્યાં રહેવાવાળા મનુષ્યોને અનેક પ્રકારના વાસણ ભાજન વિગેરે પદાર્થો આપ્યા કરે છે. જે માંગલ્ય નામનો ઘડો છે તેને 'વારક' કહે છે. તેનાથી નાના ઘડાને ઘડો કહે છે તેના કરતાં જે મહા ઘટ હોય છે. તેને કલશ કહે છે. કરક એ નામ પણ કલશનું જ છે. નાના કળશાયાને કર્કરી કહે છે, જેનાથી પગ ધોવામાં આવે છે. અને જે સોનાની બનાવેલી હોય છે. એવા પાત્રનું નામ 'પાદકાંચનિકા' છે. જેમાં પાણી ભરીને પીવામાં આવે છે. તેનું નામ ઉદંક છે,ઘી તેલ વિગેરે રાખવાના વાસણનું નામ 'પારી' છે. પાન પાત્રનું નામ 'ચષક' છે. જારીનું નામ ભૃંગારક છે. શરક એ પાન વિશેષનું નામ છે. સ્થાળી અને પાત્રી આ બન્ને પ્રસિદ્ધજ છે. આ બધા પાત્રોની ઉપર સોનાથી મણિયોથી, અને રત્નોથી અનેક પ્રકારના ચિત્રોની

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચના કરવામાં આવેલ હોય છે. ભાજન વિધિ અનેક પ્રકારની હોય છે. જે આ ભૃતાંગ જાતીના કલ્પ વૃક્ષો છે, તે પણ અનેક પ્રકારનાજ હોય છે. ત્યારેજ તેઓ જૂદી જૂદીજાતના પાત્રોના રૂપમાં પરિણત થતા રહે છે. આ પ્રમાણે વિવિધ પાત્રોને આપવા રૂપ આનું જે પરિણામ છે, તે સ્વાભાવિકજ છે. કોઈના દ્વારા કરવામાં આવેલ હોતા નથી. આ રીતે ભાજન પ્રદાન કરવાની વિધિથી યુક્ત એવા આ ભૃતાંગ જાતિના કલ્પ વૃક્ષો ફળોથી ભરેલા થઈને વિકસિત થતા રહે છે. અને જૂદા જૂદા પ્રકારના પાત્રો આપ્યા કરે છે. તેની નીચેની જમીન પર પણ કુશ વિગેરે હોતા નથી.

હવે ત્રીજા કલ્પ વૃક્ષના સ્વરૂપનું કથન કરવામાં આવે છે. એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે અનેક ત્રુટિતાંગ જાતના કલ્પવૃક્ષો છે. કલ્પવૃક્ષો દ્વારા ત્યાંના મનુષ્યોની વાદ્યની આવશ્યકતાની પૂર્તિ કરવામાં આવે છે. મૃદંગ ઢોલ. પટહ છે. દર્દરક કરટિ ડિંડિમ ભંભા અને ઢક્કા હોરંભા કવણિત ખરમુખી 'રમતુલા' મુકુંદ તબલાના વાંસળીને કચ્છપી કાંસ્યતાલ આ બધા વાજીંત્રોથી ત્રુટિતાંગ જાતના કલ્પવૃક્ષો યુક્ત હોય છે. તેથી તેઓ એવા જણાય છે કે આમને ગાનવિદ્યામાં, શસ્ત્રમાં નિપુણ વ્યક્તિઓએજ આ પ્રકારથી શીખવીને તૈયાર કરેલ છે. જે વાજીંત્ર ત્યાંના મનુષ્યોને જરૂરી હોય છે. તે જ વાજીંત્ર તે કલ્પવૃક્ષ તેને આપે છે. આ કલ્પવૃક્ષ વાજીંત્ર કલંકિત હોતા નથી. તેથી વગાડવાની વિદ્યામાં અને વાજીંત્રોને બનાવવાની વિદ્યામાં ચતુર એવા ગંધર્વોની જેમ નિપુણ આ ત્રુટિતાંગ જાતીના કલ્પવૃક્ષો પણ છે. એ બધા કલ્પવૃક્ષો પોતાના વાજીંત્ર પ્રદાન રૂપ અનેક કર્મોમાં સ્વાભાવિક રીતે પરિણામવાળા હોય છે. ફળોથી પણ તેઓ ભરેલા જ હોય છે. તેમની નીચેની જમીન પણ કુશ અને વિકુશ વિનાનીજ હોય છે. તથા તે પણ પ્રશસ્ત મૂળ સ્કંધ વિગેરે વાળા હોય છે.

હવે ચોથા કલ્પવૃક્ષના સ્વરૂપનું કથન કરવામાંઆવે છે. સ્થળે સ્થળે હે શ્રમણ આયુષ્મન્ દીપશિખા નામના અનેક કલ્પવૃક્ષો કહ્યા છે. દીવામાંથી જેવો પ્રકાશ નીકળેછે, એવોજ પ્રકાશ આમાંથી પણ નીકળે છે. તેથી જેમ સંધ્યા સમયે નવ નિધિપતિ અર્થાત્ ચક્રવર્તિને ત્યાંનો દીપિકાવૃંદ કે જેમાં સારી રીતે બત્તીયો બળતી હોય અને જે તેલથી ભરપૂર પ્રજ્જવલિત થઈને એક દમ અંધકારનો નાશ કરીદે છે. અને જેનો પ્રકાશ કનક નિકરના જેવા પ્રકાશવાળા કુસુમોથી યુક્ત એવા પારિજાતકના વનના પ્રકાશ જેવો હોય છે. તથા જે દીવીયોની દીવેટો પર આ દીવાઓની પંક્તિયો રાખવામાં આવી હોય, તે દીવેટો સુવર્ણની બનેલી હોય છે. મણિયોની બની હોય છે. અને રત્નોની બની હોય છે, કે જેમાં સ્વાભાવિક મેલ ન હોય, તેમ આગંતુક મેલ પણ ન હોય, એવી નિર્મલ હોય, તથા એ દીપાવલી એકી સાથે અને એકજ સમયે પ્રગટાવવામાં આવી હોય અને તેથીજ જેનું તેજ એવું મનોહર બની ગયું હોય છે કે જેમાં શરદ્કાળની રાત્રિમાં ધૂળ વિગેરે આવરણના અભાવથી ચંદ્ર વિગેરે ગ્રહોનું તેજ હોય છે. અને અંધકારનો નાશ કરનારા કિરણોવાળા સૂર્યના ફેલાયેલા પ્રકાશના જેવી ચમકિલી બનેલ હોય તથા જે પોતાની મનોહર અને ઉજ્જવલ પ્રભાથી માનોકે હસી રહેલ હોય, એવી ખાત્રી થતી હોય તોતે દીપમાળા તેવી તે શોભાયમાન થાય છે, વિવિધ પ્રકારના અનેક ઉદ્યોત પરિણામથી સ્વભાવથી પરિણત થવાવાળી ઉદ્યોત વિધીથી યુક્ત હોય છે. તથા ફળોથી પરિપૂર્ણ બનીને રહે છે. તેની નીચેનો ભાગપણ કુશ અને વિકુશ વિનાનો હોય છે. અને તે પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશસ્ત મૂળ વિગેરે વિશેષણો વાળો હોય છે.

તે એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે અનેક જ્યોતિષિક નામના દ્રુમગણ કલ્પવૃક્ષો કહ્યા છે. જેમ તરતનો ઉગેલો શરદ કાળનો સૂર્ય પડતી એવી ઉલ્કા સહસ્ત્ર, ચમકતી વિજળીની જ્વાલા સહિત ધૂમાડા વગરના અગ્નિના સંયોગથી શુદ્ધ થયેલ તપેલું સોનું, ખીલેલા કેસુડાના પુષ્પો, અશોકના પુષ્પો, અને જપા-જાસ્વંતિના પુષ્પોનો સમૂહ, મણિયો અને રત્નોના કિરણો અને હિંગળોનો સમુદાય પોતપોતાના સ્વરૂપ થી વધારે શોભાયમાન લાગે છે. અથવા વધારે તેજસ્વી હોય એજ પ્રમાણે આ જ્યોતિષિક દ્રુમગણો પણ છે. અનેક રૂપવાળી ઉદ્યોત વિધિથી યુક્ત હોય છે. તેમની લેશ્યા સુખકારિણી હોય છે. પણ મંદ છે. તથા તેનો, જે આતાપ છે, તે પણ મંદ છે, તીવ્ર નથી. સૂર્યનો તડકો સમય પ્રમાણે અસહ્ય પણ હોય છે. આનો આતપનામ પ્રકાશ એવો અસહ્ય હોતો નથી. પોતાના સ્થાન પર અચલ રહે છે. એક બીજામાં સમાવેલા પોતાના પ્રકાશ દ્વારા આ પોતાના પ્રદેશમાં રહેલા પદાર્થોને બધી જ તરફથી બધીજ દિશાઓમાં સંપૂર્ણપણાથી પ્રકાશત કરે છે. આ જ્યોતિષ્ક નામના કલ્પ વૃક્ષ પણ અનેક પ્રકારના છે. હે શ્રમણ આયુષ્મન એ એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે ચિત્રાંગ નામના અનેક કલ્પવૃક્ષો કહેલ છે. આ કલ્પવૃક્ષો માંગલ્યના કારણભૂત અનેક પ્રકારના ચિત્રો આશ્ચર્ય-જનક વસ્તુ આપતા રહે છે. જેમ પ્રસિદ્ધ પ્રેક્ષાગૃહ નાટકશાળા હોય, તે અનેક પ્રકારના ચિત્રોથી યુક્ત થઈને દેખાવાવાળાના મનને અત્યંત પ્રસન્નતા ઉત્પન્ન કરે છે, અને જેમ શ્રેષ્ઠ પુષ્પોની સુંદર માળાઓથી અત્યંત શોભાયમાન હોય છે. તથા વિકસિત હોવાથી તે અત્યંત શોભાયમાન લાગે છે. ગ્રથિત વેષ્ટિત પૂરિત અને સંઘા તિમ ભેદથી ચાર પ્રકારની માળાઓ હોય છે. કારીગર દ્વારા ગૂંથવામાંઆવેલ આ ચારે પ્રકારની માળા ઓ કે જેમાં ઘણીજ ચતુરાઈની સાથે સજાવીને બધી તરફ રાખવામાં આવેલ હોય, અને તેના દ્વારા જેના સૌંદર્ય વૃદ્ધિમાં વધારો થયેલ અલગ અલગ રૂપે દૂર દૂર લટકતી એવી વર્ણોવાળી સુન્દર ફૂલમાલાઓથી શોભાયમાન તથા અગ્રભાગમાં લટકાવવામાં આવેલ તોરણથી પણ જે વિશેષ પ્રકારથી ચમકી રહેલ હોય એવું તે પ્રેક્ષાગ્રહ વધારે શોભાની વૃદ્ધિથી જે શોભાનું ધામ બની જાય છે. એજ પ્રમાણે આ ચિત્રાંગ જાતના કલ્પવૃક્ષો પણ સ્વભાવતઃ અનેક પ્રકારની માલ્ય વિધિથી પરિણત થઈને સુશોભિત છે.

હે શ્રમણ આયુષ્યમન્ એ એકોરૂક નામના દ્વીપમાં સ્થળે સ્થળે અનેક ચિત્ર રસ નામના વૃક્ષા કહ્યા છે. તેનો મીઠો વિગેરે અનેક પ્રકારનો રસ ભોકતાઓને આશ્ચર્ય કારક હોય છે. અને તૃપ્તિ કારક હોય છે, પરમાન્ન દૂધપાક ખીર શ્રેષ્ઠ ગંધથી યુક્ત દોષ રહિત ક્ષેત્રકાલ વિગેરે રૂપ વિશેષ પ્રકારની સામગ્રીથી જેની ઉત્પત્તી થઈ હોય, એવી ડાંગર વિશેષના કણ રહિત ચોખાથી જે બનાવવામાં આવેલ હોય, અને વિશેષ પ્રકારના ગાય વિગેરેના દૂધ દ્વારા કે જે પાકાદિથી નાશ પામ્યા વિના રૂપ રસ વિગેરેથી શ્રેષ્ઠ સ્વાદિષ્ટ થયેલ હોય, તથા ઉત્તમ એવા વર્ણ અને ગંધયુક્ત થઈ ગયેલ હોય તો તે -દૂધપાક કેવું ઉત્તમ હોય છે, એ કેવું શ્રેષ્ઠ હોય છે. અથવા આ સ્થિતિમાં તે બનાવવામાં આવેલ ભાત જ્યારે સંપૂર્ણ પદાર્થોથી સંપાદિત કરવામાં આવે છે, ઈલાયચી વિગેરે સુગંધદાર પદાર્થોથી સંપાદિત કરવામાં આવે છે, અને યથોક્ત પ્રમાણથી વધારીને સુસંસ્કાર યુક્ત કરવામાં આવેલ હોય, ત્યારે તેનો પરિપાક બળ તથા વીર્ય ને વધારનાર બને છે. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં ગોળ નાખીને ઓગાળમાં આવે છે. એજ પ્રમાણે અર્થાત્ ઘી ગરમ કરીને તેમાં નાખવામાં આવે ત્યારે તે હર્ષ વધારનાર બને છે. એજ પ્રમાણે તે ચિત્ર રસ નામના કલ્પવૃક્ષો પણ અનેક પ્રકારની ભોજન સામગ્રીથી યુક્ત હોય છે. આવા પ્રકારનું તેનું પરિણમન સ્વાભાવિક છે પરકૃત નથી.

શ્રમણ આયુષ્મન્ તે એકોરૂક નામના દ્વીપમાં અનેક મણ્યંગ નામના કલ્પવૃક્ષો કહ્યા છે. હાર, અર્ધહાર, વેષ્ટનક મુકુટ, કુંડલ વામોત્તક, હેમજાલ. મણિજાલ, કનકજાલ, નવસેરોવાળો અર્ધહાર કાનનું જે આભરણ વિશેષ હોય છે. મુકુટ અને કુંડલ હેમજાલ છે. મણિજાલ અને કનકજાલ, પણ કાનના આભરણ વિશેષજ છે. ચંદ્ર સૂર્ય માલિકા, હર્ષક, કેયૂર, વલય, પ્રાલમ્બક, ઝમકા અંગુલીયક, કાંચી-મેખલા, કલાપ, પ્રતલક, પ્રાતિહારિકા, પદોજ્જૂલ ઘંટિકા, કિંકિણી ક્ષુદ્રઘંટિકા રત્નોરૂજાલ અને નૂપુર ચરણમાલિકા આ બધા આભરણ વિશેષ છે. તેમ અનેક પ્રકારનાઆ ભૂષણોના રૂપથી સ્વતઃ જ પરિણત થઈ જાય છે.

હે શ્રમણ આયુષ્યમન્ ! ગેહાકાર નામના એક કલ્પવૃક્ષો કહેવામાં આવેલ છે. જે પ્રમાણે જગત્માં પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, આકાશતલ, મંડપ, એકશાલ, દ્વિશાલ, ત્રિશાલ, ચતુરસ્ર, ચતુઃશાલ, ગર્ભગૃહ, મોહનગૃહ, વલભીગૃહ, ચિત્રશાલ માલક, ભક્તિગૃહ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, નંદિકાવર્ત, સંસ્થિતાયત, પાંડુરતલ, નગર ચારિકા દ્વાર ગોપુર પ્રાસાદ મોહનગૃહ વૃત્ત ઘર ત્ર્યસ્રઘર ચતુરસ્ર નંદિકાવર્તઘર પાંડુરતલ મંડમાલગૃહ હર્મ્ય છે. ગૃહ સૌધ, અર્ધગૃહ અને વિભ્રમગૃહ, શૈલાર્ધગૃહ, શૈલસંસ્થિતગૃહ સંસ્થિતઘર કૂડાકારઘર આ પ્રમાણે ભવન વિધિ ભવન પ્રાકાર વિગેરે અનેક ભેદોવાળી હોય છે, આ પ્રમાણે તે ગૃહા કાર નામવાળા કલ્પવૃક્ષો પણ અનેક પ્રકારની ઘણી એવી સ્વાભાવિક ભવનવિધિથી એટલે કે જે ભવનોની ઉપર ચડવામાં અને નીચે ઉતરવામાં કોઈ પણ પ્રકારનો પરિ શ્રમ-ખેદ-થાક લાગતો નથી. અને જેના પર સુખ પૂર્વક ચડાય ઉતરાય છે. તથા આનંદ પૂર્વક જેની અંદર જઈ શકાય છે, અને આનંદ પૂર્વક જેની બહાર નીકળી શકાય છે. તથા જેના પગથિયા ઘનીભૂત પાસે પાસે હોય છે. અને જેના વિશાળ પણાને લઈને જવા આવવાનું સુખદ થાય છે. અને જે મનને અનુકૂલ હોય છે. એવા પ્રકારની ભવન વિધિયોથી યુક્ત હોય છે. આ પદોનો અર્થ પહેલાં કહ્યા પ્રમાણેજ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ અહિયાં અનેક પ્રકારના ઘરો હોય છે, એજ પ્રમાણે આ કલ્પવૃક્ષો પણ અનેક પ્રકારના હોય છે.

શ્રમણ આયુષ્મન એ એકોરૂકદ્વીપમાં સ્થળે સ્થળે અનગ્ન નામના ઘણાજ કલ્પવૃક્ષો હોવાનું કહેલ છે. તેઓ અનેક પ્રકારના વસ્રોને આપવાવાળા હોય છે. જેમ જગ પ્રસિદ્ધ વસ્રો અનેક પ્રકારના હોય છે. જેમકે આજીનક ચામડાના વસ્ર, ક્ષૌમ કપાસના વસ્રો, કંબલ ઉનના વસ્રો પ્રસિદ્ધ છે. દુકૂલ, કૌશેલ આભરણવસ્ર કાળાવસ્રો રક્તવર્ણવાળાવસ્રો પીતવસ્ર, શુકલ વસ્ર, અક્ષતવસ્ર, નવીન વસ્રો, મૃગલોચન વસ્ર, હેમવસ્ર, અપરવસ્ર, ઉત્તરવસ્ર, સિંધુવસ્ર, તામિલવસ્ર, ઈત્યાદિ અનેક પ્રકારની રચના વાળા વસ્રો જેમ તે તે દેશ પ્રદેશના ભેદથી અનેક પ્રકારના હોય છે. અને શ્રેષ્ઠ પત્તનથી નિર્માણ થાય છે. તથા મંજીષ્ઠાદિ રંગોથી રંગવામાં આવેલ હોય છે. તેજ પ્રમાણે આ અનગ્ન નામના કલ્પવૃક્ષો પણ અનેક પ્રકારની સ્વાભાવિક વસ્ર વિધિથી પરિણત હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. હે ભગવન્ તે એકોરૂક દ્વીપમાં રહેવાવાળા મનુષ્યોનો આકાર ભાવનો પ્રત્યવતાર વિગેરે રૂપ કેવું કહેલ છે ? એકોરૂક દ્વીપના તે મનુષ્યો ચંદ્રની જેમ ઘણાજ વધારે સુંદરરૂપવાળા હોય છે. તે મનુષ્યો ઉત્તમ ભોગોના સૂચક લક્ષણો વાળા હોય છે. ભોગજન્ય શ્રી નામ શોભાથી યુક્ત હોય છે. શરીરના પ્રમાણ અનુસાર પ્રમાણ યુક્ત મસ્તક વિગેરે તેઓનું અંગ જન્મથીજ અત્યંત સુંદર હોવાથી તેમનું શરીર સુંદર હોય છે. સુંદર આકારવાળા તથા કાચબા ના વાંસા જેવા ઉન્નત ચરણવાળા હોય છે. તેના ચરણનું તળીયું લાલ હોય છે. અને કમળના પાનના જેવા મૃદુતા ગુણવાળા હોય છે. તથા શિરીષના પુષ્પના જેવા તે કોમળ હોય છે. તેમના ચરણોમાં પહાડ, નગર, સાગર, સમુદ્ર, મકર-મધર, ચક્ર, અને અંકધર-આદિ ચિહ્નો હોય છે. તેમના પગોની આંગળીયો પ્રમાણસરની તેઓના ગુલ્ફ પ્રમાણોપેત હોય છે. તેમની બન્ને જાંઘો હરિણીયોની જાંઘો જેવી ક્રમશઃસ્થૂલ અને સ્થૂલતર ચઢઉત્તરની હોય છે. તેઓના બન્ને ઉરૂઓ હાથીની શુંડાદંડના જેવા સુંદર અને ગોળ તથા પુષ્ટ હોય છે. મન્દોન્મત્ત હાથીના જેવી વિલાયસ યુક્ત તેઓની ગતિ હોય છે. તેઓનો ગુહ્ય પ્રદેશ શ્રેષ્ઠ ઘોડાના ગુહ્ય પ્રદેશ સમાન અત્યંત ગુપ્ત હોય છે. શ્રેષ્ઠ આકીર્ણ જાતના ઘોડાના જેવા તેમના શરીરો મલમૂત્રાદિથી નિરૂપલિપ્ત હોય છે. રોગાદિના અભાવથી અત્યંત પુષ્ઠ થયેલ ઘોડા અને સિંહની કમ્મર કરતાં પણ અત્યંત અધિક પાતળી કમ્મરવાળા હોય છે. તેમના શરીરની રોમ પંક્તિ સઘન હોય છે. સૌંદર્ય યુક્ત રમણીય તેમની રોમરાજી હોય છે. તેમની નાભી ગંગાની દક્ષિણાવર્ત વાળી ભૂમિ કુક્ષી ઝષ નામની માછલીના અને પક્ષીના પેટ જેવો સુજાત સુંદર અને પુષ્ટ હોય છે. ઈંદ્રિયો અત્યંત પવિત્ર અને નિર્લિપ્ત હોય, તેમની નાભી કમળના જેવી વિશાળ હોય છે. ક્રમશ તેમના બન્ને પાર્શ્વ ભાગ નીચે નીચે નમેલાં હોય છે તે દેહ પ્રમાણ ઉપચિત નામ પુષ્ટ હોય છે. તે બેઉપાર્શ્વભાગ-ઘણાજ સુંદર હોય છે. તેઓના એ વક્ષસ્થળો શ્રીવત્સના ચિન્હવાળા છે, વાંસાના હાડકાં દેખાતા નથી તેઓ ઉત્તમ એવા બત્રીશ લક્ષણોને ધારણ કરવાવાળા હોય છે, તેઓના વક્ષસ્થળો સોનાની શિલાના તળીયા જેવા ઉજ્જ્વલ હોય છે. તેઓની બન્ને ભુજાઓ મહાનગરની અર્ગલા ના જેવી લાંબી હોય છે. તેમના બન્ને હાથોના કાંડાઓ ગોળ અને લાંબા હોવાથી યુગ બળદના ખાંધપર રાખવામાં આવતા જૂંસરાના જેવા મજબૂત સોહામણા હોય છે. તેમનાબેઉ હાથો રાતાતળીયા વાળા હોય છે. તેમની આંગળીયો પીવર મજબૂત હોય છે. વૃત્ત-ગોળ આકારવાળી હોય છે. સુજાત અને સુંદર હોય છે. તેમના હાથોની આંગળી યોનાં નખો કંઈક કંઈક લાલ હોય છે. મનોહર હોય છે. ચિકણા અને રૂક્ષતા વિનાના હોય છે. આ પ્રમાણે ચંદ્ર, સૂર્ય, શંખ ચક્ર અને શ્રેષ્ઠ સ્વસ્તિકના જેવી રેખાઓ તેમના હાથોમાં હોય છે. તથા અનેક બીજા પણ સુંદર સુંદર ઉત્તમ લક્ષણો વાળી ઘણીજ રેખાઓ હોય છે. તેમના બન્ને ખંભાઓ જંગલી સૂવર, સિંહ, શાર્દૂલ, અને ઉત્તમ હાથીના ખભાઓના જેવા ભરેલા અને વિશાલ રહે છે. ચાર આંગળ જેટલા માપની હોવાથી યોગ્ય પ્રમાણ-વાળી અને ત્રણ રેખાઓ વાળી હોવાથી સુંદર શંખ જેવી તેમની ગ્રીવા- હોય છે, વાઘની ડાઢી જેવો વિસ્તૃત ચિબુક હોય છે. અધરોષ્ઠ ઘર્ષણ વિગેરેથી પરિકર્મિત કરવામાં આવેલ શિલાપ્રવાલ અસલ મુંગાના જેવો અને બિંબફલ, કુંદફલના જેવો લાલ રંગવાળો હોય છે. તેઓની દંત પંક્તિ પાંડુર ધોળી અર્થાત્ ચંદ્રમાના ટુકડા જેવી વિમલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉજ્જવલ, અને નિર્મલ, શંખના જેવી ગાયના દૂધ જેવી, ફીણ જેવી શુભ હોય છે.

આ એકોરૂક દ્વીપમાં રહેવાવાળા મનુષ્યો અખંડ દાંતોવાળા હોય છે. તેમનું નાક ગરૂડના નાક જેવું લાંબુ સીધુ અને ઉંચું અને ભરાવદાર હોય છે.સૂર્યના કિરણોથી ખીલેલા શ્વેત કમળના જેવી તેઓની બન્ને આંખો હોય છે. વિશાળ કાનોવાળા હોય છે, તેઓની કપોલ પાલી પીન અને માંસલ હોય છે, તેઓનો ભાલ પ્રદેશ તરતના ઉગેલા બાલચંદ્રના જેવો આકારવાળો હોય છે તેઓનું મસ્તક ઘન સઘન પોલાણવાળું છે, તેઓના મસ્તક ઉપર જે વાળો હોય છે, તે ઉખેડવા છતાં પણ સ્વભાવથીજ શાલ્મલી વૃક્ષવિશેષના ફુલના જેવા ગાઢ હોય છે. એકોરૂક દ્વીપમાં રહેવાવાળા મનુષ્યો સ્વસ્તિક વિગેરે લક્ષણોથી મશીતિલક વિગેરે વ્યંજનોથી અને ક્ષાન્તિ વિગેરે સદ્- ગુણોથી યુક્ત હોય છે. તેઓનું રૂપ ઘણું જ સુંદર સ્વરૂપાળું હોય તે બધા પ્રાસાદીય હોય છે. દર્શનીય હોય છેં. અભિરૂપ હોય છે અને પ્રતિરૂપ હોય છે. આ મનુષ્યો હંસના સ્વર જેવા સ્વર-વાળા હોય છે. ક્રૌંચપક્ષિના સ્વરની જેમ અનાયાસ નીકળલા છતાં પણ દીર્ઘ દેશવ્યાપી સ્વરવાળા હોય છે. તેમનું પ્રત્યેક અંગ કાંતિથી ચમકતું રહે છે. તે વજ્ર ઋષભ નારાચ સંહનન વાળા હોય છે. તેઓનું સંસ્થાન સમચતુરસ્ત્ર ચતુષ્કોણ હોય છે. તેમની કાંતિ સ્નિગ્ધ હોય છે. તે આંતક-વ્યાધિ રહિત હોય છે. તેઓના શરીર ઉત્તમ, પ્રશસ્ત, અતિશય શાળી, અને નિરૂપમ હોય છે. તેઓના શરીર જલ્લ શરીરથી ઉત્પન્ન થયેલ મળ, વિગેરે દોષથી રહિત હોય છે. કોઈ પણ પ્રકારનો ઉપલેપ હોતો નથી. વાયુના ગોળાથી રહિત ઉદર ભાગ વાળા હોવાથી અનુકૂળ વાયુ વેગવાળા હોય છે. ગુદાનો ભાગ મલ વગરનો હોવાથી નિર્લેપ ગુદાશયવાળા હોય છે. જેમ કબૂતરની જઠરાગ્નિ કાંકરાને પણ પચાવી શકે છે. તેઓનો અપાન દેશ અર્થાત્ ગુદા ભાગ પુરિષોત્સર્ગના લેપ વિનાનો હોય છે. તથા પૃષ્ઠભાગ તથા ઉદર અને પૃષ્ઠની વચ્ચેનો ભાગ તથા જાંઘ આ બધા સુંદર, પરિણત, અને સુંદર સંસ્થાન વાળા હોય છે. તેમના પેટનો ભાગ એટલો પાતળો હોય છે કે તે મૂઠીમાં આવી જાય છે. તેઓનો નિઃશ્વાસ સામાન્ય કમલ, નીલ કમલ, તથા ગન્ધ દ્રવ્યની સમાન સુગન્ધિત હોવાથી તેઓનું મુખ સુરભિગંધવાળું હોય છે.આઠસો ધનુષ જેટલા ઉંચા હોય છે. હે આયુષ્યમન્ શ્રમણ તે મનુષ્યોની પાંસળીયોના હાડકાં ચોસઠ હોય છે. એ મનુષ્યો સ્વભાવથી ભદ્ર પરિણમવાળા હોય છે. સ્વભાવ થી જ વિનયશીલ હોય છે. સ્વભાવથીજ અલ્પ કષાય વાળા, એજ કારણે કોઈ વસ્તુનો સંગ્રહ કરવાવાળા નથી. તેઓ ક્રૂર પરિણામવાળા હોતા નથી, વૃક્ષોના શાખાઓની મધ્યમાં રહે છે એ મનુષ્યો પોતાની ઈચ્છા પ્રમાણે સ્વતંત્રતા પૂર્વક વિચરણ કરે છે. એ એકોરૂક દ્વીપના મનુષ્યોને ચતુર્થ ભક્ત અર્થાત્ એક દિવસ છોડીને બીજે દિવસ આહાર કરવાની ઈચ્છા થાય છે.

એકોરૂક દ્વીપની મનુષ્ય સ્ત્રિયો યથોક્ત પ્રમાણથી ઉત્પન્ન થયેલા સઘળા અંગોથી વિશિષ્ટ હોવાના કારણે ઘણીજ સુંદર હોય છે. તેઓના નખો ઉન્નત હોય છે. તેમની જાંઘા યુગલ રોમવિનાનું ગોળ સુંદર હોય છે. અને ઉત્કૃષ્ટ લક્ષણો વાળું હોય છે, તથા સુંદર લાગે તેવું હોય છે. તેમના શરીરનો મધ્યભાગ ત્રણ રેખાઓથી વળેલો હોય છે. ગંગાના ભમર-વમળના જેવા પ્રદક્ષિણા વર્તવાળી ત્રિવલીથી યુક્ત તથા મધ્યાહનના સૂર્યના કિરણોથી વિકસિત થયેલા કમળના વનના જેવી ગંભીર અને વિશાળ તેઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાભી હોય ઉગ્રતા વિનાની પ્રશસ્ત અને પીન તેઓની કુક્ષી હોય છે. તેઓના બન્ને પાર્શ્વભાગો કંઈક ઝુકેલા હોય છે. મળેલા પાર્શ્વવાળી હોય છે. સુજાતપાર્શ્વ વાળી હોય છે. તેઓના બેઉપાર્શ્વ પડખા મિત પરિમિત પોત પોતાના પ્રમાણથી યુક્ત પુષ્ટ અને આનંદ આપવાવાળા હોય છે. તેઓ સુજાત હોય છે. આ સ્તનોના અગ્રભાગમાં જે ચુચુક હોય છે તે તેનાથી જુદી જ જણાઈ આવે છે. તે એવી જણાય છે કે માનો આ સ્તનપર શીખર રાખવામાં આવેલ હોય છે. સ્તનો આગળ પાછળ ઉત્પન્ન થતા નથી પણ એક સાથેજ ઉત્પન્ન થાય છે. અને એકીસાથે જ વધતા રહે છે. વક્ષસ્થળ પર તેઓ વિષમશ્રેણીથી રહેતા નથી. પરંતુ સમ શ્રેણીમાંજ રહેલા હોય છે. સામસામા તે એક બીજાના સરખી ઉન્નતાવસ્થાવાળા અને ઉંચે ઉઠેલા હોય છે. તેઓનું સંસ્થાન આકાર અત્યંત સુંદર અને પ્રીતીજનક હોય છે. તેઓના બન્ને બાહુઓ ભુજંગની જેમ ક્રમશ : નીચેની તરફ પાતળા હોય છે. તેઓનું શરીર એટલું બધું માંસલ પુષ્ટ હોય છે કે જેથી તેમની પાંસળીયો અને વાંસાંના હાડકા દેખાતા નથી. તેમના બન્ને સ્તનો સોનાનાં કલશ જેવા ગોળ મટોળ હોય છે. તેજસ્વી અને અત્યંત આકર્ષક હોય છે. તે બન્ને પ્રમાણમાં બરોબર વિશાળ અને મોટા હોય છે. તેની હથેલીની અંદર સુર્ય ચંદ્ર, શંખ, ચક્ર, અને સ્વસ્તિકની રેખાઓ હોય છે. તેમજ ડૂંટીની નીચેનો ભાગ સુંદર હોય છે. તેમનો કપોલ પ્રદેશ અર્થાત્ ગાલનો ભાગ પરિપૂર્ણ અને પુષ્ટ ચાર આંગળ લાંબો તથા પ્રધાન શંખના આકાર જેવો ત્રણ રેખા યુક્ત હોય છે તેમની દાઢી માંસલ અને પુષ્ટ તેમજ સુંદર તેઓના અધરોષ્ઠ દાડમના પુષ્પની જેવા હોય છે પ્રકાશવાળા અને સોહામણા તેઓના નખો તામ્ર લાલ હોય છે, તેઓની આંગળીઓ પીવર વિશેષ મજબૂત હોય છે. કોમલ હોય છે. અને ઉત્તમ હોય છે.

તેમની હથેલિ યોમાં જે રેખાઓ હોય છે, તે સ્નિગ્ધ સુંવાળી હોય છે. સુંદર આકારવાળી હોય છે. તેમની હથેલી માંસલ પુષ્ટ હોય છે. સુંદર આકારની હોય છે. સીધી હોય છે. તેમના બન્ને નેત્રો સૂર્યવિકાશી શરદ ઋતુનું કમળ અને ચંદ્ર વિકાશી કુમુદ કુવલય નીલકમળ એ બન્નેમાંથી અલગ પડેલા એવા જે પત્રોનો સમૂહ હોય છે. તેના જેવી કંઈક શ્વેતતા અને કંઈક લાલાશ અને કંઈક કાળાશવાળા અને વચમાં કાળી પુતળી યોથી અંકિત હોવાથી તે અત્યન્ત સુંદર લાગે છે. તેઓના નેત્રો પાંપણોવાળા હોય છે. સ્વભાવથીજ ચપલ હોય છે. કાન સુધી લાંબા હોય છે અને ખૂણા કંઈક લાલ હોય છે. તેઓના દાંતો દહિના જેવા સફેદ હોય છે. તેમના તાલુ અને જીભ એ બેઉ લાલ કમળના પાનની માફક લાલ હોય છે. નરમ હોય છે. અને વિશેષ સુકુમાર હોય છે. તેમની નાસિકા કરેણની કળીના જેવી હોય છે. વાંકી ચૂકી નહીં પણ સીધી હોય છે. અગ્ર ભાગમાં પ્રમાણાનુસાર કંઈક ઉંચી હોય છે. ચપટી હોતી નથી. ઋજવી સરલ અને પોપટની ચાંચ જેવી તીખી હોય છે. તેમના બેઉ કાનો મસ્તક સુધી કંઈક કંઈક લાગેલા રહે છે. તેમની કપોલ પંકિત ગાલ અને કાનની વચ્ચેનો ભાગ માંસલ પુષ્ટ હોય છે. મૃષ્ટ ચિકાશવાળો હોય છે. તેથીજ તે રમણીય હોય છે. તેમનું લલાટ ચતુરસ્ત્ર પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તર એમ ચારે ખૂણોઓમાં પ્રમાણ સરના અને સમતલ વાળો હોવાથી રમણીય હોય છે. તેનું સૌમ્યમુખ કાર્તિકી પૂર્ણમાસીના ચંદ્ર જેવું નિર્મલ અને પરિપૂર્ણ હોય છે છત્રના જેવા આકારવાળું ઉપરથી ગોળ તેનું મસ્તક હોય તેના માથાના કેશો વાંકા હોય છે. સુસ્નિગ્ધ હોય છે. અને લાંબા હોય છે હંસના જેવી તેઓની ગતિ- હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ ઘણીજ અનુપમ સુંદર હોય છે. તેઓ તેઓની ઉંચાઈ પોત પોતાના પતિયોના શરીરથી કંઈક ન્યૂન હોય છે. એકોરૂક દ્વીપના મનુષ્યોના શરીરની ઉંચાઈ આઠસો ધનુષની હોય છે. તો આ સ્ત્રિયોના શરીરની ઉંચાઈ કંઈક ઓછા આઠસો ધનુષ પ્રમાણની હોય છે. શરીર સ્વાભાવિક શ્રૃંગારવાળા જ હોય છે પરંતુ બહારના વસ્ત્રા ભૂષણ જન્ય સુંદરપણું હોતું નથી. તો પણ વસ્ત્રાભૂષણ રૂપ સુંદર વેષથી સુસજ્જીત હોય છે. તેઓ સ્વભાવથીજ હંસિણીના ગમન તુલ્ય સુંદર ગમન ક્રિયાવાળી હોય છે. તેઓના સ્તનો, જઘન, વદન, મુખ હાથ, પગ, નેત્ર, વિગેરે બધાજ અંગો અત્યંત સુંદર હોય છે. તેઓ ગૌર વિગેરે વર્ણથી, લાવણ્યથી, યૌવનથી, અને વિલસથી, હંમેશાં યુક્તજ બનીને રહે છે. કેમકે ક્ષેત્રસ્વભાવથી વૃદ્ધ અવસ્થા આવતી જ નથી.

હે ગૌતમ ! તેઓ સરસ આહાર કરે છે, આશ્ચર્યથી પ્રેક્ષણીય- જોવાલાયક હોય છે, તેઓ પ્રાસાદીય હોય છે. દર્શનીય હોય છે. અભિરૂપ હોય છે. પ્રતિરૂપ હોય છે. એક વખત આહાર કર્યા પછીના બીજે દિવસે આહાર કરવાની ઈચ્છા થતી નથી. ત્રીજે દિવસે આહાર કરે છે.

એકોરૂક દ્વીપના મનુષ્યો પૃથ્વી, પુષ્પ, અને ફલોનો આહાર કરે છે. હે ગૌતમ ! ગોળનો જેવો સ્વાદ હોય સાકરનો સ્વાદ જેવો હોય છે, કમલકંદનો સ્વાદ જેવોહોયછે, પુષ્પ વિશેષથી બનાવેલ સાકરનો સ્વાદ જેવો હોય છે, આ બધાનો જેવો સ્વાદ હોય છે, તો શું આવા પ્રકારનો સ્વાદ ત્યાંની પૃથ્વીનો હોય છે ? એ પૃથ્વીનો સ્વાદ તો તેઓને તેના રસ કરતાં પણ વધારે ઈષ્ટતર જ હોય છે. યાવત્ કાન્તતરજ હોય છે. પ્રિયતરજ હોય છે. મનોજ્ઞતરજ હોય છે. જેમ ચાતુરંત ચક્રવર્તી રાજાનું ભોજન કે જે કલ્યાણ પ્રવર ભોજન કહેવાય છે તે વર્ણની અપેક્ષાએ શુકલ વર્ણથી, ગન્ધની અપેક્ષાથી સુરભિ ગંધથી, રસની અપેક્ષાએ મધુર વિગેરે રસથી અને સ્પર્શની અપેક્ષાએ મૃદુ સ્નિગ્ધ વિગેરે પણાથી યુક્ત હોય છે. આસ્વાદનીય હોય વિશેષરૂપથી સ્વાદવાળો હોય છે. દીપનીય હોય છે. કે શક્તિ વર્ધક હોય છે દર્પણીય હોય છે. મદનીય હોય છે. અને સઘળી ઈંદ્રિયોને અને શરીરને પ્રહ્લાદનીય આનંદ વર્ધક હોય છે. તો શું ત્યાંના પુષ્પ અને ફળોનો સ્વાદ આ પ્રકારનો હોય છે ? હે ગૌતમ ! આ કથનથી એ અર્થ સમર્થિત થતો નથી. કેમકે ત્યાંના ફલોનો સ્વાદ આ રીતના ચક્રવર્ત્તિના ભોજનથી પણ ઈષ્ટતરજ હોય છેં.

એકોરૂક દ્વીપમાં રહેવાવાળા તે મનુષ્યો ગૃહાકારથી પરિણત વૃક્ષોના જ ઘરો વાળા હોય છે અર્થાત્ સુવા બેસવા વિગેરે માટે વૃક્ષ રૂપ ગૃહોમાં જાય છે. હે ગૌતમ ! આ વૃક્ષો જેવો ગોળ આકાર પર્વતના શિખરનો હોય છે. એવા આકારવાળા ગોળ હોય છે. તથા કોઈ કોઈ વૃક્ષ પ્રેક્ષાગૃહ રંગશાળાના જેવા હોય છે. કોઈ કોઈ વૃક્ષો છત્રના જેવા આકારવાળા હોય છે. કોઈ કોઈ વૃક્ષો ધજાના જેવા આકારવાળા હોય છે. કોઈ કોઈ વૃક્ષો સ્તૂપના જેવા આકારવાળા હોય છે. કોઈ કોઈ વૃક્ષો તોરણના જેવા આકારવાળા હોય છે. કોઈ કોઈ વૃક્ષો ગોપુરનગરના મુખ્ય દ્વારના જેવા આકારવાળા હોય છે. કોઈ કોઈ વૃક્ષો-મત્ત હાથીના જેવા આકારવાળા હોય છે. બીજા પણ ત્યાં જે વૃક્ષો હોય છે. તે બધા પણ કેટલાક ઉત્તમ ભવનોના જેવા વિશેષ પ્રકારના આકારવાળા કેટલાક શયનના જેવા વિશેષ પ્રકારના આકારવાળા, કેટલાક આસનના જેવા વિશેષ પ્રકારના આકારવાળા હોય છે. આ વૃક્ષોની છાયા શુભ અને શીતલ હોય છે. હે ભગવન્ એકોરૂક નામના

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વીપમાં ઘર અથવા ઘરોની વચ્ચેનો રસ્તો છે ? હે ગૌતમ એવો અર્થ સમર્થિત થતો નથી. કેમકે વૃક્ષોજ જેઓના આશ્રયસ્થાન રૂપ છે, એવાજ તે મનુષ્યો કહ્યા છે, ભગવન્ એકોરૂક દ્વીપમાં ગ્રામ અથવા નગર કે સન્નિવેશ છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. અર્થાત્ ત્યાં આગળ ગામ વિગેરે કંઈ પણ નથી. કેમકે ત્યાંના મનુષ્યો પોતાની ઈચ્છા પ્રમાણે ગમન કરવાવાળા હોય છે. હે ભગવન્ ત્યાં તે એકોરૂક દ્વીપમાં અસિ મષી, કૃષી પણ્ય ન અને વાણિજ્ય વ્યાપાર આ છ કામોથાય છે ? ગૌતમ ! આ અર્થ બરોબર નથી.

એ એકોરૂક દ્વીપમાં ચાંદી, સોનુ, કાંસુ ત્રપુ તામ્ર, દૂષ્ય-વસ્ત્ર, મણિ, મોતિ, વિગેરે ધાતુઓ હોય છે ? હા ગૌતમ ! આ બધી વસ્તુઓ ત્યા આગળ પણ થાય છે. ત્યાંના મનુષ્યોને આ વસ્તુઓ પર તીવ્ર મમત્વભાવ હોતો નથી. હે ભગવન્ એ એકોરૂક દ્વીપમાં આ રાજા છે, આ યુવરાજ છે, સંઘનો આ અધિપતિ છે. શું ? એવો વ્યવહાર થાય છે ? હે ગૌતમ ! ત્યાં આગળ એવો વ્યવહાર થતો નથી. કેમકે આ બધા એકોરૂક દ્વીપમાં રહેવાવાળા મનુષ્યો ઋદ્ધિ, વિભવ,ઐશ્વર્ય વિગેરેથી રહિત હોય છે તેઓ બધામાં સમાનપણુંજહોયછે ? હે ભગવન્ એકોરૂક દ્વીપમાં આ માતા છે, આ પિતા છે, આ ભાઈ છે, આ બહેન છે, આવા પ્રકારનો વ્યવહાર હોય છે ? હા ત્યાં એ પ્રમાણેનો વ્યવહાર હોય છે. પરંતુ તે મનુષ્યોને માતા, પિતા, વિગેરેમાં અત્યંત ગાઢ સ્નેહાનુબંધ હોતો નથી, ત્યાંના રહેવાવાળા મનુષ્યો અલ્પ પ્રેમબંધનવાળા કહ્યા છે. હે ભગવન્ ! એ એકોરૂક દ્વીપમાં 'આ દાસ છે. ખરીદેલો નોકર છે, આ પ્રેષ્ય છે. આવા પ્રકારનો વ્યવહાર થાય છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. કેમકે તેઓને અભિયોગિક નામનું કર્મ થતું નથી. હે ભગવન્ એકોરૂક દ્વીપમાં આ અરિ છે, આ વૈરી છે. આવો વ્યવહાર થાય હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. શ્રમણ આયુષ્મન્ ત્યાંના મનુષ્યોમાં વૈરાનું બંધ હોતો નથી. હે ભગવન્ ! તે એકોરૂક દ્વીપમાં 'આ મિત્ર છે. આ વયસ્ય સમાન ઉમ્મર વાળો અને ગાઢ પ્રેમથી યુક્ત છે, આવો વ્યવહાર છે આ અર્થ બરોબર નથી. કેમકે તે મનુષ્યો પ્રેમાનુબંધ વિનાના હોય છે.

હે ભગવન્ એ એકોરૂક દ્વીપમાં 'આબાહ-વિવાહ વિગેરે ઉત્સવમાં કેજ્યાં જનસમૂહને બોલાવવામાં આવે છે,પિંડદાન કરવામાં આવે છે ? વગેરે વ્યવહાર છે આ અર્થ બરોબર નથી. હે ભગવન્ આ એકોરૂક દ્વીપમાં ઈંદ્રમહોત્સવ સ્કંદ મહોત્સવ રૂદ્ર મહોત્સવ આ બધા જ મહોત્સવો એ એકોરૂક દ્વીપમાં થાય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. આ એકોરૂક દ્વીપમાં રહેવાળા મનુષ્યો ઉત્સવ કરવાના મહિમા વગરના હોય છે. હે ભગવન્ એ એકોરૂક દ્વીપમાં શું નટોના ખેલ થાય છે ? નૃત્ય કરવાવાળાઓના નૃત્યોના જોવા માટે ઊત્કંઠાવાળા થયેલા મનુષ્યોનો મેળો ભરાય છે ? આ અર્થ બરોબર નથી. તે મનુષ્યગણ કુતુહલ વિનાના હોય છે. હે ભગવન્ એ એકોરૂક દ્વીપમાં શું ગાડા હોય છે ? રથ હોય છે ? પાલખી ગિલ્લી થિલ્લી પિલ્લી પ્રવહણ બધું હોય છે ? હે ગૌતમ ! તે મનુષ્યો પગથી ચાલનારાજ હોય છે તેઓ ગાડા વિગેરેમાં બેસીને ચાલતા નથી. હે ભગવન્ યાવત્ એકોરૂક દ્વીપમાં ઉત્તમ જાતવંત શીઘ્રગામી ઘોડાઓ હોય છે ? હાથીઓ હોય છે ? ઉંટ હોય છે ? બકરી અને બોકડાઓ હોય છે ? ભેડ ઘેટી અને ઘેટાઓ હોય છે ? હા ગૌતમ ! એકોરૂક દ્વીપમાં આ બધા પ્રાણિયોં હોય છે. પરંતુ આ બધા તે મનુષ્યોના કામમાં આવતા નથી. કારણ કે આ મનુષ્યો પગથી ચાલવાવાળાજ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન એકોરૂક દ્વીપમાં સિંહ હોય છે ? વાઘ હોય છે ? ભેડિયા હોય છે ? રીંછો હોય છે ? શ્વાપદ પશુ વિશેષ હોય છે ? હા આ બધા જાનવરો ત્યાં હોય છે. પરંતુ આ જાનવરો પરસ્પરમાં એક બીજાઓના અથવા તે મનુષ્યોને થોડી કે વધારે પ્રમાણમાં બાધા કરતા નથી. તેઓના શરીરને કરડતા નથી. ફાડતા નથી. વિગેરે શ્વાપદ જંગલી જાનવરો પ્રકૃતિથીજ ભદ્રક હોય છે. એકોરૂક દ્વીપમાં શાલીધાન્ય વિશેષ હોય છે ? વ્રીહિ ધાન્ય વિશેષ હોય છે ? ઘઉં હોય છે ? જવ હોય છે ? તલ હોય છે ? સેલડી હોય છે ? હા ગૌતમ ! આ બધુંજ ત્યાં હોય છેં. પરંતુ તે ધાન્યો ત્યાંના મનુષ્યેના આહાર આદિના કામમાં આવતા નથી. હે ભગવન્ ! તે એકોરૂક દ્વીપમાં મોટા મોટા ગર્ત્ત ખાડા હોય છે ? દરો હોય છે ? તરાડવાળી જમીન હોય છે ? પર્વત શિખર વિગેરે ઉંચા પ્રદેશો હોય છે. સ્થાનો હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ! ત્યાંનો ભૂમિભાગ બહુસમ એક સરખો અને રમણીય સુંદર હોય છે. હે ભગવન્ એકોરૂક દ્વીપના મનુષ્યોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે હે ગૌતમ ! તેઓની સ્થિતિ અસંખ્યાતમાભાગથી ઓછા પલ્યોપમનાઅસંખ્યાતમાભાગ પ્રમાણ જઘન્યથી છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની છે. જ્યારે તેઓનું છ માસનું આયુષ્ય બાકી રહે છે. ત્યારે તેઓ પુત્ર અને પુત્રી રૂપ જોડાને ઉંત્પન્ન કરે છે. ઓગણ્યાસી દિવસ પર્યન્ત તેઓ એ જોડલાનું પાલન પોષણ કરે છે. અને તેને સારી રીતે સંભાળે છે. તેનું સારી રીતે પાલન પોષણ કરીને તે પછી તેઓ ઉચ્છ્વાસ નિશ્વાસ લઈને ખુંખારો ખાઈને છીંકીને કંઈ પણ કલેશ ભોગવ્યા વિના તથા કોઈ પણ જાતના પરિતાપ વિના શાન્તિ પૂર્વક કાલના અવસરે કાલ કરીને ભવનપતિથી લઈને ઈશાન સુધીના દેવલોક પૈકી કોઈ પણ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

[૧૪૬]હે ભગવન્ દક્ષિણ દિશાના આભાષિક મનુષ્યોનો આભાષિક નામનો દ્વીપ કયાં આવેલ છે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપમાં મંદર પર્વતની દક્ષિણ દિશામાં ક્ષુદ્રહિમવંત નામનો સુંદર પર્વત છે. તેના અગ્નિ ખૂણાના ચરમાન્તથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન જાય ત્યારે એજ સ્થાનપર આભાષિક મનુષ્યોનો આભાષિક નામનો દ્વીપ છે. આ દ્વીપના સંબંધમાં તેમજ ત્યાંના મનુષ્યોના સંબંધમાં બાકીનું તમામ કથન એકોરૂક દ્વીપનાં પ્રકરણમા જે પ્રમાણે કહેવામાં આવેલ છે એજ પ્રમાણે સમજી લેવું જોઈએ હે ભગવન્ ! દક્ષિણ દિશાના વૈશાલિક અને વૈષાણિક મનુષ્યોના નામના દ્વીપો કયાં આવેલ છે હે ગૌતમ ! આ જંબૂદ્વીપમાં સુમેરૂ પર્વતની દક્ષિણ દિશા તરફ રહેલા ક્ષુદ્રહિમવંત પર્વતના નૈઋત્ય ખૂણાના ચર માન્તથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજના જવાથી બરોબર એજ સ્થાન પર દક્ષિણ દિશાનો વૈષાણિક અને વૈશાલિક મનુષ્યોના વૈષાણિક અને વૈશાલિક નામના દ્વીપો છે એટલે કે આ સંબંધમાં બાકીનું તમામ કથન એકોરૂક દ્વીપના કથન પ્રમાણેનુંજ કહેલ છે. હે ભગવન્ દક્ષિણ દિશાના નાંગોલિક મનુષ્યોનો નાંગોલિક દ્વીપ કયાં આવેલ છે ? ઉત્તર પશ્ચિમ આ જંબૂદ્વીપના મંદર પર્વતની દક્ષિણ દિશામાં આવેલ ક્ષુદ્રહિમવંત પર્વતના વાયવ્યખૂણાના ચરમાન્તથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન જવાથી બરોબર એજ સ્થાન પર દક્ષિણ દિશાના નાંગોલિક મનુષ્યોનો નાંગોલિક નામનો દ્વીપ આવેલ છે. આ સંબંધમાં બાકીનું કથન એકોરૂક દ્વીપના પ્રકરણમાં પ્રમાણે જાણ લેવું જોઈએ. હે ભગવન્દક્ષિણ દિશાના હયકર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યોના હયકર્ણ નામનો દ્વીપ કયાં આવેલો છે ? એકોરૂક દ્વીપના ઈશાન ખૂણામાં આવેલ ચરમાન્તથી લવણ સમુદ્રમાં ચારસો યોજન સુધી જવાથી એજ સ્થાનપર દક્ષિણ દિશાનો હયકર્ણ મનુષ્યોનો હયકર્ણ નામનો દ્વીપ આવેલ છે. તેનું વર્ણન એકોરૂક દ્વીપનું વર્ણન પ્રમાણે સમજી લેવું.

દક્ષિણ દિશાના ગજકર્ણ મનુષ્યોનો ગજકર્ણ મનુષ્યોનો ગજકર્ણ નામનો દ્વીપ કયાં આવ્યો છે ? આભાષિક દ્વીપના અગ્નિખૂણામાં રહેલ ચરમાન્તથી લવણસમુદ્રમાં ચારસો યોજન જવાથી ક્ષુદ્રહિમવાન્ પર્વત આવે છે. આ ક્ષુદ્ર હિમવાન પર્વતની દાઢા ઉપર જમ્બૂદ્વીપના વેદિકાન્તથી ચારસો યોજનના અંતરે ગજકર્ણ મનુષ્યોનો ગજકર્ણ નામનો દ્વીપ કહેલ છે. હે ભગવન્ ! દક્ષિણ દિશાના ગોકર્ણ મનુષ્યોનો ગોકર્ણ દ્વીપ કયાં આવેલ છે ? હે ગૌતમ ! વૈષાણિક દ્વીપના દક્ષિણ પશ્ચિમના ચરમાન્તથી ચારસો યોજન લવણ સમુદ્રમાં જવાથી ત્યાં આવેલ ક્ષુદ્રહિમવાન્ પર્વતની દાઢા પર જમ્બૂદ્વીપની વેદિકાના અન્તથી ચારસો યોજનના અંતરમાં ગોકર્ણ મનુષ્યોનો આ ગોકર્ણ નામનો દ્વીપ કહેલ છે. હે ભગવન્ દક્ષિણ દિશાના શષ્કુલીકર્ણ મનુષ્યોનો શષ્કુલીકર્ણ નામનો દ્વીપ કયાં આવેલ છે ? હે ગૌતમ ! નાંગોલિક દ્વીપના ઉત્તર પશ્ચિમના ચરમાન્તથી લવણ સમુદ્રમાં ચારસો યોજન અંદર જવાથી આવેલ ક્ષુદ્રહિમવાન્ પર્વતની દાઢા પર જમ્બૂદ્વીપની વેદિકાના અન્તથી ચારસો યોજનના અંતર માં દક્ષિણ દિશાના શષ્કુલી કર્ણ મનુષ્યોનો શષ્કુલીકર્ણ નામનોદ્વીપ કહ્યો છે.

હે ભગવન્ આદર્શમુખ મનુષ્યોનો નામનો દ્વીપ કયાં આવેલ છે ? હે ગૌતમ ! હયકર્ણદ્વીપ ના ઈશાન ખૂણાના ચરમાન્તથી લવણસમુદ્રમાં પાંચસો યોજન પ્રવેશ કરવાથી ત્યાં આવેલ સ્થાનપર દક્ષિણ દિશાના આદર્શમનુષ્યોનો આદર્શમુખ નામનો દ્વીપ કહ્યો છે. આદર્શમુખ વિગેરે દ્વીપોનું અવગાહન લવણ સમુદ્રમાં છ સો યોજનનું છે. ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ અને ઉત્તર પૌરસ્ત્ય ના ચરમાન્તથી વિદ્યુદન્ત નામના ચાર દ્વીપો છે. તે બધા આઠસો યોજનની લંબાઈ પહોળાઈ વાળા છે. તે દરેકની પરિધિનું પ્રમાણ ૨૫૨૯ યોજનનું છે. તે બંધા દ્વીપો પણ પદ્મવર વેદિકા અને વનખંડથી શોભાય માન બાહ્યપ્રદેશો વાળા છે. જંબૂદ્વીપની વેદિકાના અંતથી તેમનું અંતર આઠસો યોજનનું છે આ રીતે અશ્વકર્ણથી આગળ ઉત્તર પૌરસ્ત્યાદિ ચરમાન્તથી આઠસો યોજન લવણ સમુદ્રમાં જવાથી વિદ્યુન્મુખદ્વીપ આવે છે. અને કર્ણપ્રાવરણદ્વીપથી આઠસો યોજન લવણ સમુદ્ર માં જવાથી વિદ્યુન્ત નામનો દ્વીપ આવે છે. એજ રીતે ઉલ્કામુખ વિગેરે ઉલ્કામુખ, મેઘ મુખ, વિદ્યુન્મુખ અને ઉત્તર પૌરસ્ત્યના ચાર દ્વીપોની આગળ ક્રમાનુસાર ઉત્તર પૌર સ્ત્યાદિ વિદિશાઓના ચરમાન્તથી નવસો નવસો યોજન લવણ સમુદ્રમાં આગળ જવાથી નવસો નવસો યોજન લંબાઈ પહોળાઈ વાળા તેમજ ૨૮૪૫ યોજનની પરિધિવાળા તથા પદ્મવર વેદિકા તથા વનખંડથી સુશોભિત બાહ્ય પ્રદેશોવાળા ધનદન્ત, લષ્ટદન્ત ગૂઢદન્ત અને શુદ્ધદન્ત નામના ચાર દ્વીપો છે. એજ પ્રમાણે ઉલ્કા મુખની આગળ નવસો યોજન લવણ સમુદ્રમાં જવાથી લષ્ટદન્ત દ્વીપ આવે છે. વિદ્યુન્મુખની આગળ નવસો યોજન લવણ સમુદ્રમાં જવાથી ગૂઢદન્ત દ્વીપ આવે છે. તથા વિદ્યુદન્તથી આગળ નવસો યોજન લવણ સમુદ્રમાં જવાથી શુદ્ધ દન્તદ્વીપ આવે છે.

[૧૪૭] એકોરૂક વિગેરે દ્વીપોનો પરિક્ષેપ ૯૪૯ યોજનનો છે. હયકર્ણ વિગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વીપોના પરિક્ષેપનું પ્રમાણ ૧૨૬૫ યોજનનું છે. આદર્શ મુખ વિગેરે દ્વીપોના પરિક્ષેપનું પ્રમાણ ૧૫૮૧ યોજનનું છે. તથા પરિધિનું પ્રમાણ અહિંથી બધે તે કંઈક વિશેષાધિક છે.

[૧૪૮] અવગાહનામાં વિષ્કંભમાં, અને પરિક્ષેપમાં દરેકની અપેક્ષાથી જુદા પણુ આવે છેં. તેમાં પહેલાં બીજા, ત્રીજા અને ચોથાના અવગાહ આયામ વિષ્કંભ અને પરિક્ષેપને લઈને અહીંયાં સૂત્રમાંજ સ્પષ્ટતા કરી છે. એજ ચોથા ચતુષ્ટકના અશ્વમુખ વિગેરે દ્વીપો ની લંબાઈ પહોળાઈ છસો છસો યોજનની છે. અને પરિધિ ૧૮૯૭ અઢાર સો સત્તાણુ યોજનથી કંઈક વધારે છે. પાંચમાં ચતુષ્કમાં અશ્વકર્ણ વિગેરે દ્વીપોની લંબાઈ પહોળાઈ સાતસો યોજનની છે. અને પરિક્ષેપ કંઈક વધારે ૨૨૧૩ બાવીસસો તેર યોજન નો છઠ્ઠા ચતુષ્કમાં ઉલ્કામુખ વિગેરે દ્વીપેની લંબાઈ પહોળાઈ આઠસો યોજનની છે. અને પરિક્ષેપ કંઈક વધારે પચ્ચીસસો ઓગણત્રીસ ૨૫૨૯ યોજનનો છે. સંતમાં ચતુષ્કમાં લંબાઈ પહોળાઈ નવસો યોજનની છે. અને પરિક્ષેપ કંઈક વધારે ૨૮૪૫ યોજનનો છે.

[૧૪૯]જે ચતુષ્કનો જેટલો વિષ્કંભ છે, તે ચતુષ્કની એટલી જ અવગાહના છે. પહેલા વિગેરે ચતુષ્કનો પરિક્ષેપ જેટલો કહેલ છે, તેના પરિક્ષેપ પ્રમાણમાં અધિકપણું થતું જાય છે. શેષ બધા દ્વીપોનું કથન એકોરૂક દ્વીપના કથન પ્રમાણેનું સમજી લેવું

[૧૫૦]હે ભગવન્ ! ઉત્તર દિશાના એકોરૂક મનુષ્યોનો એકોરૂક નામનો દ્વીપ કયાં કહેવામાં આવેલ છે ? જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં જે સુમેરૂ પર્વત છે તેની ઉત્તર દિશામાં શિખરી નામનો જે વર્ષધર પર્વત છે તેની ઈશાન દિશાના ચરમાન્તથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન ચાલવાથી જેમ દક્ષિણ દિશાના એકોરૂક મનુષ્યોનો દ્વીપ કહેલ છે, તેજ રીતથી ઉત્તર દિશાના એકોરૂક મનુષ્યોનો પણ એકોરૂક નામનો દ્વીપ કહેવામાં આવેલ છે. એ ઉત્તર દિશાનો અંતરદ્વીપ શિખરી પર્વતની દાઢાઓ પર આવેલ છે. અને તે તેની વિદિઓમાં છે. શુદ્ધદંતદ્વીપ પર્યન્તના બધા મળીને અઠ્યાવીસ અંતરદ્વીપો અહિં કહેલ છે. તે બધાનું વર્ણન દક્ષિણ દિશાના અંતર દ્વીપોના વર્ણન પ્રમાણેજ છે.

[૧૫૧]હે ભગવન્ અકર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે ? અકર્મભૂમિના મનુષ્યો ત્રીસ પ્રકારના કહેવામાં આવેલ પાંચ પ્રકારના હૈમવતક્ષેત્રના મનુષ્યો,જ પાંચ હૈરણ્યવત ક્ષેત્રના મનુષ્ય, પાંચ હરિવર્ષ ક્ષેત્રના મનુષ્ય, પાંચ રમ્યકક્ષેત્રના મનુષ્ય, પાંચ દેવકુરૂના મનુષ્યો, અને પાંચ ઉત્તરકુરૂના મનુષ્યો આ ત્રીસ અકર્મભૂમિ છે. આ અકર્મભૂમિયોમાં ઉત્પન્ન થયેલા જે મનુષ્યો છે, તેઓ અકર્મભૂમક મનુષ્યો કહેવાય છે. આનું સવિસ્તાર કથન પ્રજ્ઞાપના સૂત્રના પ્રજ્ઞાપના પદમાં કરવામાંઆવેલ છે. હે ભગવન્ કર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના કહ્યા છે ? પંદર પ્રકારના છે. પાંચ ભરત ક્ષેત્રના, પાંચ ઐરવતક્ષેત્રના, પાંચ મહાવિદેહ ક્ષેત્રના આ કર્મભૂમિના મનુષ્યો સંક્ષેપથી બે પ્રકારના થાય છે. આર્ય અને મ્લેચ્છ, પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પ્રજ્ઞાપના પદમુજબ આ સર્વ વર્ણન જાણી લેવું. આ રીતે મનુષ્યોનુ નિરૂપણ અહીં પુરુ થયું

**પ્રતિપત્તિઃ૩- "મનુષ્ય"- ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિ :૩- 'દેવ'

[૧૫૨] હે ભગવન્ દેવ કેટલા પ્રકારના કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! દેવો ચાર પ્રકારના છે, ભગવનવાસી, વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૫૩]હે ભગવન્ ભવનવાસી દેવો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! દસ પ્રકારના છે. અસુરકુમાર નાગકુમાર વિગેરે ભવનપતિ દેવોનું વર્ણન તથા વાનવ્યન્તર વિગેરે સઘળા દેવોનાભેદોનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું.

[૧૫૪]હે ભગવન્ ભવનવાસી દેવોના ભવનો કયાં કયા સ્થળે કહેલ છે ? હે ગૌતમ ! એક લાખ એંસી હજાર યોજનના વિસ્તારવાળી સ્થૂળ આ રત્નપ્રભા પૃથ્વીની ઉપર અને નીચેનાભાગમાં એક એક હજાર યોજનને છોડીને વચ્ચેના એક લાખ અઠયોતેર હજાર યોજન પ્રમાણે ભાગમાં આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદમાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે. તેજ પ્રમાણેનું કથન સમજી લેવું એ રીતે ભવનવાસી દેવોના સાત કરોડ બોંતેર લાખ ભવનો છે, આ ભવનો બહારથી વૃત્ત- આકારના હોય છે. પ્રજ્ઞાપનાસૂત્રના સ્થાનપદતેનું વર્ણન છે તે મુજબ જાણી લેવું

[૧૫૫]હે ભગવન ! ભવનવાસીયોમાં અસુરકુમાર નામના જે ભવનવાસી દેવો છે, તેઓના ભવનો કયાં કહેવામાં આવ્યા છે ? તથા આ અસુરકુમાર દેવો કયાં આગળ રહે છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાનપદમાં અસુરકુમારોનું કથન છે તે મુજબ જાણવું.

[૧૫૬] હે ભગવન્ અસુરેન્દ્ર અસુરરાજ ચમરઈન્દ્રની કેટલી પરિષદાઓ છે ? ત્રણ પરિષદાઓ કહેવામાં આવેલ છે. પહેલી સમિતા પરિષદા, બીજી ચંડા પરિષદા અને ત્રીજી જાતા આભ્યંતર પરિષદા, અભ્યાંતર પરિષદાનું નામ સમિતા છે. મધ્યની જે પરિષદા છે, તેનું નામ ચંડા છે. અને જે બાહ્ય પરિષદા છે, તેનું નામ જાયા છે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરાજ ચમરની અભયન્તર પરિષદામાં ૨૪૦૦૦ ચોવીસ હજાર દેવો કહ્યા છે. બીજી મધ્યમ પરિષદમાં ૨૮૦૦૦ છે. બાહ્ય પરિષદમાં ૩૨૦૦૦ દેવો છે. અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રની આભ્યન્તર પરિષદામાં ૩૫૦ દેવિયો છે. મધ્ય મિકા સભામાં ૩૦૦ દેવિયો છે. અને બાહ્ય પરિષદામાં ૨૫૦ દેવિયો છે. અસુરેન્દ્રઅસુરાજ ચમરની આભ્યન્તર સભાના દેવોની સ્થિતિ અઢિ પલ્યોપમની મધ્ય પરિષદાના દેવોની સ્થિતિ બે પલ્યોપમની કહેલ છે. અને બાહ્ય પરષિદાના દેવોની સ્થિતિ દોઢ પલ્યોપમની છે. તથા આભ્યન્તર પરિષદાની દેવિયોની સ્થિતિ દોઢ પલ્યોપમની છે.મધ્યમપરિષદની દેવિ યોની સ્થિતિ એક પલ્યોપમની છે. બાહ્યપરિષદાની દેવિ યોની સ્થિતિ અર્ધા પલ્યોપમની કહેલ છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરાજની જે આભ્યં તર પરિષદા છે, તે પરિષદાના દેવો જો બોલાવવામાં આવે તોજ આવે છે. મધ્યમ પરિષદાના જે દેવો છે તેઓને બોલવવામાં આવે તો પણ આવે છે અને વિના બોલાવ્યા પણ આવે છે તે બાહ્ય પરિ ષદના જે દેવો છે. તેઓ વગર બોલાવ્યે આવે છે. જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ને કુટુંબ સંબંધી કોઈ સારૂં નરસું કામ આવી પડે છે. ત્યારે તે આભ્ય ન્તર પરિષદાની સાથે તે સંબંધમાં તેઓની સંમતિ લે છે. પૂછપરછ કરે છે. તથા આભ્ય ન્તર પરિષદાના દેવોની સાથે જે કરવાનો નિશ્ચય કરેલ હોય છે તે બાબતમાં તેઓ મધ્યમ પરિષદાના દેવોને સૂચના આપે છે. અને બાહ્ય પરિષદાના દેવો સાથે વિચાર- વામાં આવેલ કાર્ય કરવાની આજ્ઞા આપે છે. આજ કારણથી હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે અસુરેન્દ્ર અસુરરાજની સમિતા ચંડા અને જાયા એ નામની ત્રણ પરિષદાઓ છે.

[૧૫૭]હે ભગવન્ ! ઉત્તરદિશામાં આવેલ અસુરકુમારોના ભવનો કયાં કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાન પદમાં બલિપ્રકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી જે પ્રમાણે કહેવામાં આવેલ છે, તે મુજબ જાણવું વૈરોચ નેન્દ્ર વૈરોચનરાજ બલિની ત્રણ પરિષદાઓ છે. જેમકે સમિતા, ચંડા અને જાયા બલીન્દ્રની આભ્યન્તર પરિષદામાં ૨૦૦૦૦ દેવો છે. મધ્યમાપરિષદામાં ૨૪૦૦૦ દેવો છે. બાહ્ય પરિષદામાં ૨૮૦૦૦ દેવો છે. તથા વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની આભયન્તરપરિષદામાં ૪૫૦ દેવિયો મધ્યમ પરિષ દામાં ૪૦૦ દેવિયો અને બાહ્ય પરિષદામાં ૩૫૦ દેવીયો છે. વૈરોચનેન્દ્ર વૈરોચનરાજની આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ સાડાત્રણ પલ્યોપમની, મધ્યમાં પરિષદના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની અને બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ અઢી પલ્યોપમની કહી છે. તથા આભ્યન્તર પરિષદાની દેવિયોની સ્થિતિ અઢિ પલ્યોપમની, મધ્યમાંપરિષદાની દેવિયોની સ્થિતિ બે પલ્યોપમની અને બાહ્ય પરિષદાની દેવિયોની સ્થિતિ પલ્યોપમની છે. બાકીનું બીજું તમામ આ બલિ ઈન્દ્ર સંબંધી કથન અસુરેન્દ્ર અસુરરાજ ચમરના પ્રકરણના કથન પ્રમાણે જ સમજી લેવું

[૧૫૮] હે ભગવન્ ! નાગકુમાર દેવોના ભવનો કયાં કહ્યા છે ?હે ગૌતમ ! આ વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાનપદમાં જાણી લેવું. પ્રમાણેનું કથન હે ભગવન્ નાગકુમારેના ઈંદ્ર અને નાગકુમારોના રાજા ધરણની કેટલી પરિષદાઓ કહેવામાં આવેલ છે ? નાગકુમારોના ઈન્દ્ર અને નાગકુમારોના રાજા ધારણની ત્રણ પરિષદાઓ કહેલ છે. તેના નામો ચમરઈન્દ્રની પરિષદાના જાણવા. પ્રમાણે હે ભગવન્ નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજ ધરણની આભ્યન્તર સભામાં કેટલા હજાર દેવ છે ? ઈત્યાદિ પ્રશ્નો. નાગ કુમારેન્દ્ર ના કુમાર રાજ ધરણની આભ્યન્તર પરિષદામાં ૬૦૦૦૦ દેવો છે મધ્યમ પરિષદામાં ૭૦૦૦૦ દેવો છે, અને બાહ્ય પરિષદામાં ૮૦૦૦૦ દેવો છે. તથા નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજ ધરણની આભ્યન્તર પરિષદામાં ૧૭૫ દેવિયો છે. મધ્યમ પરિષદામાં ૧૫૦ દેવિયો છે. બાહ્યપરિષદામાં ૧૨૫ દેવિયો છે. નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણની આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ કંઈક વધારે અર્ધ પલ્યોપમની છે. મધ્યમપરિષ દાના દેવોની સ્થિતિ અર્ધપલ્યોપમની છે. બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ કંઈક કમ અર્ધ પલ્યોપમની છે. એજ પ્રમાણે નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ ની આભ્યન્તર પરિષદાની દેવિયોની કંઈક કમ અર્ધપલ્યોપમની છે. મધ્યમા પરિષ દાની દેવિયોની સ્થિતિ કંઈક વધારે પલ્યોપમના ચોથા ભાગ પ્રમાણની છે. અસુરકુમારેન્દ્ર અસુરરાજ ચમરના પ્રકરણમાં આ વિષયમાં જેવું કથન કરવામાં આવેલ છે, એજ પ્રમાણે છે.

હે ભગવન્ ઉત્તર દિશાના નાગકુમારોના ભવનો કયા આવેલા છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સ્થાન નામના બીજા પદમાં કહેવામાં આવેલ પાઠ પ્રમાણે એ નાગકુમારોના ભવનો છે. નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ભૂતાનંદની આભ્યન્તર પરિષ દામાં ૫૦૦૦૦ દેવો, મધ્યમાં પરિષદામાં ૬૦૦૦૦ દેવો અને બાહય પરિષદામાં ૭૦૦૦૦ દેવો કહ્યા છે. તથા આભ્યંતરપરિષદામાં ૨૨૫ દેવિયો. મધ્યમા પરિષદમાં ૨૦૦દેવિયો અને બાહ્ય પરિષદામાં ૧૨૫ દેવિયો કહેલ છે. ભૂતાનંદની અભ્યંતર પરિષદાના દેવોની સ્થિતિ કંઈક ઓછી એક પલ્યો પમની, મધ્યમા પરિષદાના દેવોની સ્થિતિ કંઈક વધારે અર્ધાલ્પોપમની અને બાહ્ય પરિષદના દેવોની સ્થિતિ અર્ધા પલ્યોપમની કહેલ છે. એ જ પ્રમાણે નાગકુમારેન્દ્ર નાગકુમારરજ ભૂતાનંદની અભ્યંતર

જૈન સાઈટ JAINSITE

પરિષદાની દેવિયોની સ્થિતિ અર્ધા પલ્યોપમની, મધ્યમ પરિષદાની દેવિયોની સ્થિતિ કંઈક કમ અર્ધા પલ્યોપમની અને બાહ્ય પરિષદાની દેવિયોની સ્થિતિ કંઈક વધારે પલ્યના ચોથા ભાગ પ્રમાણ કહેવામાં આવી છે. તેમની સમિતિઓના નામો ચમરના પ્રકરણ મુજબ જાણવા. બાકીનું વેણુદેવ વિગેરેથી આરંભીને મહાઘોષ સુધીના ભવનતિ યોનું કથન પ્રજ્ઞાપના સૂત્રના બીજા પદમાં કહેલ છે એ પ્રમાણે જાણવું પરિષદના સંબંધમાં જુદા પણું આવે છે. દક્ષિણ દિશાના અસુરકુમારોની પરિષદાઓ ધરણેન્દ્રની પરિષદાની સમાન છે. અને ઉત્તર દિશાના અસુરકુમારોની પરિષદ ભૂતાનન્દની પરિષદની સરખી જ છે. તે તે પરિષદાના દેવ દેવિયોના પરિમાણ અને સ્થિતિનું વર્ણન દક્ષિણ દિશાના ધરણેન્દ્રની સભાના દેવ દેવિયોના પરિણામ પ્રમાણેજ છે. અને ઉત્તર દિશાના વેણુદેવથી લઈ મહાઘોષ સુધીના દેવ દેવિયોના પરિમાણ પ્રમાણ ભૂતાનંદની સભાના દેવ દેવિયાના પરિમાણ પ્રમાણે છે. અસુરકુમારાદિ બધાજ ભવનપતિયોના કેવળ ભવનોમાં ઈંદ્રોમાં અને પરિમાણના કથનમાં જુદા પણુ છે.

[૧૫૯] હે ભગવન્ વાનવ્યંતર દેવોના ભવનો કયા સ્થાનપર છે ? હે ગૌતમ ! આ વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાનપદમાં જે પ્રમાણેનું કથન છે તેજ સમજી લેવું હે ભગવન્ પિશાચ દેવોના ભવનો કયાં આગળ આવેલા છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદ અનુસાર જાણી લેવું પિશાચોના ભૌમેય નગરોમાં કે જ્યાં પિશાચ દેવો રહે છે, ત્યાં પિશાચેન્દ્ર પિશાચરાજ 'કાલઈન્દ્ર' નિવાસ કરે છે. તે મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળો છે, તે ત્યાં પોતાના પરિવાર રૂપ સામાનિક દેવ વિગેરે દેવ દેવિયો પર અધિપતિ પણું કરતા ભોગ ઉપભોગોને ભોગવતા રહે છે. હે ગૌતમ ! પિશાચેન્દ્ર પિશાચરાજ કાલની ત્રણ પરિષદાઓ કહેવામાં આવી છે જે આ પ્રમાણે છે. ઈશા ત્રુટિતાં, અને દઢરથા તેમાં ઈશા પરિષદા આભ્યન્તરિકા પરિષદાના નામથી ત્રુટિતા પરિષદા મધ્યમિકા પરિષદના નામથી અને દઢરથા પરિષદા બાહ્યપરિષદાના નામથી પ્રસિદ્ધ છે. પિશાચકુમારેન્દ્ર પિશાચકુમારરાજ કાલની આભ્યન્તર પરિષદામાં ૮૦૦૦ દેવો છે. મધ્યમિકા સભામાં ૧૦૦૦૦ દેવો બાહ્ય પરિષદામાં ૧૨૦૦૦ દેવો કહ્યા છે. તથા અભ્યન્તર પરિષદામાં, મધ્યમામાં અને બાહ્ય પરિષદામાં ૧૦૦-૧૦૦ દેવિયો કહી છે. પિશાચકુમારેન્દ્ર પિશાચકુમારરાજ કાલ ઈન્દ્રની આભ્યંતર પરિષદાના દેવોની સ્થિતિ અર્ધપલ્યોપમની મધ્યમ પરિષદાના દેવોની સ્થિતિ કંઈક ઓછો અર્ધા પલ્યોપમની અને બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ કંઈક વધારે પલ્યના ચોથા ભાગ પ્રમાણ કહેલ છે. એજ પ્રમાણે આભ્યન્તરપરિષદાની દેવિયોની સ્થિતિ સાતિરેક કંઈક વધારે ચતુર્ભાગ પલ્યોપમની છે. મધ્યમા પરિષદાની દેવિયોની સ્થિતિ ચતુર્ભાગ પલ્યોપમની છે. અને બાહ્ય પરિષદાની દેવિયોની સ્થિતિ દેશઉન એક દેશ કમ ચતુર્ભાગ પલ્યોપમની કહેલ છે વિશેષ કથન ચમરના કથન પ્રમાણે સમજી લેવું ઉત્તરના પિશાચ કુમારોનું વર્ણન દક્ષિણ દિશાના પિશાચકુમારોની જેમજ છે. ફકત ફેરફાર એટલોજ છે કે દક્ષિણ દિશાના પિશાચ દેવ મેરૂની દક્ષિણમાં રહે છે, અને ઉત્તર દિશાના પિશાચદેવ મેરૂની ઉત્તર દિશામાં રહે છે. તથા તેમનો ઈન્દ્ર મહાકાળ છે. આ મહાકાળની પરિષદનું કથન પણ દક્ષિણ દિશાના કાલની પરિષદાના કથન પ્રમાણેજ છે. જે પ્રમાણે આ દક્ષિણ દિશાના તથા ઉત્તર દિશાના પિશાચોનું કથન કહેવામાં આવેલ છે. એજ પ્રમાણેનું કથન ભૂતોથી


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈને ગંધર્વ દેવોના ઈન્દ્રગીત યશ સુધીનું છે તેમ સમજવું. આ સઘળા કથનોમાં પોત પોતાના ઈન્દ્રો બાબતમાંજ જુદાપણું છે.

[૧૬૦] હે ભગવન્ જ્યોતિષ્ક દેવ ચંદ્ર, સૂર્ય ગ્રહ તારા અને નક્ષત્ર દેવોના વિમાનો કયા સ્થાનપર આવેલા છે ? જ્યોતિષ્ક દેવો કયાં રહે છે ? હે ગૌતમ ! દ્વીપ અને સુમુદ્રોની ઉપર તથા આ રત્નપ્રભા પૃથ્વીના સમભૂમિભાગથી કે જે રૂચક પ્રદેશથી જણાય છે. તેનાથી ૭૯૦ યોજન જાય ત્યારે ૧૧૦ યોજન પ્રમાણના ઉંચાઈવાળા ક્ષેત્રમાં તીર્છા જ્યોતિષ્ક દેવોના અસંખ્યાત લાખ વિમાન વાસો છે. એ પ્રમાણે મારૂં તથા અન્ય ભૂતકાળના સર્વ તીર્થંકરોનું કહેવું છે. તે વિમાનો અર્ધા કરેલ કોઠાના આકારના છે. આ સંબંધમાં પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાનપદમુજબ વર્ણન અહીયાં કરી લેવું જોઈએ. ત્યાં ચંદ્ર અને સૂર્ય એ બે પોત પોતાના ક્ષેત્રના જ્યોતિષ્કોના ઈંદ્ર જ્યોતિષ્કરાજ રહે છે. તેનું વર્ણન અહીયાં સમજી લેવું. હે ભગવન્ જ્યોતિષેન્દ્ર જ્યેતિષરાજ સૂર્યની કેટલી પરિષદાઓ કહેવામાં આવી છે ? હે ગૌતમ ! ત્રણ પરિષદાઓ કહેલ છે. તુમ્બા, ત્રુટિતા અને પ્રેત્યા તેમાં તુંબા પરિષદાને આભ્યંતર પરિષદા કહેલ છે. ત્રુટિતા નામની પરિષદા ને મધ્યમિકા પરિષદા કહી છે. અને બાહય પરિષદા તે પ્રેત્યા નામક છે. જે પ્રમાણે કાળની સભાના દેવો અને દેવિ યોનું પરિમાણ, સંખ્યા અને તેઓની સ્થિતિનું કથન કરવામાં આવેલ છે, એજ પ્રમાણેનું કથન અહીયાં પણ સમજી લેવું. ચમરના પ્રકરણમાં આ સભાઓના નામો હોવાના સંબંધમાં કારણો બતાવેલ છે, એજ પ્રમાણેનું તમામ કથન અહીયાં પણ કહી લેવું સૂર્યના સમ્બન્ધમાં પરિષદા વિગેરેનું જે પ્રમાણેનું કથન ત્યાં કરવામાં આવેલ છે. એજ પ્રમાણેનું કથન અહીયાં ચંદ્રના સંબંધમાં પણ કરી લેવું.

**પ્રતિપ્રતિઃ૩- 'દેવો' ની મુનિદીપરત્ન સાગરે કરેલ પૂર્ણ ગુ જૅર છાયા**

## [પ્રતિપત્તિ:૩ - દ્વીપસમુદ્ર]

[૧૬૧] હે ભગવન્દ્વીપ અને સમુદ્રો કયા સ્થાન પર કહ્યા છે ? હે ભગવન્ એ દ્વીપ સમુદ્રો કેટલા છે ? હે ભગવન્ તે દ્વીપ સમુદ્રો કેટલા મોટા વિશાળ પ્રમાણના છે ? હે ભગવન્ એ દ્વીપ સમુદ્રોનો આકાર કેવો છે ? હે ભગવન્ એ દ્વીપ સમુદ્રોનું સ્વરૂપ કેવું છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ જેમાં આદિ છે એવા અનેક દ્વીપો છે. લવણ સમુદ્ર જેની આદિમાં છે એવો સમુદ્રો છે. આ જંબૂદ્વીપ વિગેરે દ્વીપો અને લવણ સમુદ્ર વિગેરે સંસ્થાનની અપેક્ષાથી એક જ પ્રકારના આકારવાળા છે. કેમકે તમનો આકારવૃત્ત ગોળ કહેલ છે. તથા વિસ્તારની અપેક્ષાથી તેમનો વિસ્તાર અનેક પ્રકારનો કહેવામાં આવેલ છે. જંબૂદ્વીપનો જેટલો વિસ્તાર છે તેની અપેક્ષાએ લવણ સમુદ્રનો બમણો વિસ્તાર છે. લવણ સમુદ્રના વિસ્તારની અપક્ષાએ ધાતકીખંડનો બમણો વિસ્તાર છે. ઈત્યાદિ આ દ્વીપો અને સમુદ્રો અવભાસમાન વીચિ તરંગોવાળા કહેવામાં આવેલ છે. ખીલેલા અને કેસરથી યુક્ત એવા અનેક ઉત્પલોથી કમળોથી, પત્રો થી સૂર્ય વિકાશી કમળોથી, ચન્દ્ર વિકાશી કુમુદોથી કંઈક કંઈક લાલ વર્ણવાળા નલિનોથી પત્રોથી સુભગોથી પદ્મવિશેષોથી સૌગન્ધિકોથી વિશેષ પ્રકારના કમળોથી પૌંડરીક સફેદ કમળોથી મોટા મોટા પૌંડરિકોથી શતપત્ર કમળોથી અને હજાર પાંખડીવાળા કમળોથી એ દ્વીપ અને સમુદ્ર, સદા શોભાયમાન થતા રહે છે. આ દરેક દ્વીપ અને સમુદ્ર પદ્મવર વેદિકાથી ઘેરાયેલા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દરેક દ્વીપ સમુદ્ર વનખંડથી ઘેરા યેલા છે. આ તિર્યગ્લોકમાં એવા આ દ્વીપ અને સમુદ્ર અંતિમ સ્વયંભૂરમણદ્વીપ પર્યન્ત અને અંતિમ સ્વયંભૂરમણસમુદ્ર પર્યન્ત અસંખ્યાત છે.

[૧૬૨] આ જંબૂદ્વીપ સૌથી નાનો છે. આ જંબૂદ્વીપ આકારથી ગોળ છે. તેલમાં બનાવવામાં આવેલ પુઆ-જેવો ગોળ છે.આ જંબૂદ્વીપ એવો ગોળ છે કે જેવી ગોળાઈ રથના ચક્ર પૈડાની હોય છે. જેવી ગોળાઇ પુષ્કર કમળની કળીની હોય છે. જેવું ગોળ પરિપૂર્ણ પૂર્ણિમાની ચંદ્ર મંડળ ગોળાકારમાં વ્યવસ્થિત હોય છે.આ જંબૂ દ્વીપની લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજનની છે. અને તેની પરિધિ ૩ ૧૬૨૨૭ યોજન અને ત્રણ કોસ ૨૮ અઠ્યાવીસ ધનુષ અને સાડા તેર આંગળથી કંઈક વધારે છે. પૂર્વોક્ત આયામ વિષ્કંભ પરિક્ષેપ પ્રમાણવાળો આ જંબૂ દ્વીપ એક જગતીથી સુનગરના પ્રાકાર જેવા કોટથી ચારે તરફ ઘેરાયેલો છે. આ જગતી આઠ યોજનની ઉંચાઈ વાળી છે. ઉપર ઉપરથી પાતળી થતી ગઈ છે જેમકે મૂળમાં તેનો વિસ્તાર ૧૨ યોજનનો છે. મધ્યમાં તેનો વિસ્તાર આઠ યોજનનો છે અને ઉપરમાં તેનો વિસ્તાર ચાર યોજનનો છે. એ રીતે આ જગતી મૂળમાં વિસ્તારવાળી છે મધ્યમાં સંકીર્ણ થઈ ગઈ છે. અને ઉપર પાતળી થયેલ છે. તેથીજ આ ઉંચું કરવામાં આવેલ ગાયના પુંછડા જેવું સંસ્થાન-હોય છે તેવા આકાર વાળી કહેવામાં આવેલ છે. આ જગતી સર્વ પ્રકારે વજ્ર રત્નમય છે. આકાશ અને સ્ફટિક મણિના જેવી સ્વચ્છ છે. ચિકણા તન્તુઓથી બનેલ વસ્ત્ર જેવી શ્લક્ષ્ણ- ચીકણી છે. ઘુંટેલા વસ્ત્રની જેમ મસૃણ છે. ખરસાણથી રગડેલ પાષણની પુતળીની જેમ ઘૃષ્ટ લીસી છે. સુકુમાર શાળથી ઘસેલ પાષાણની પુતળીની જેમ મૃષ્ટ સુંવાળી છે. સ્વભાવિક રજ વિનાની હોવાથી નીરજ છે. આગંતુક મેલના અભાવથી નિર્મલ છે. નિષ્કલંક છે. નિષ્કંટક છાયાવાળી છે. પ્રભાવત્તી છે. શોભાવાળી હોવાથી અશ્રીક છે. તેમાંથી કિરણોની જાળ બહાર નીકળતી રહે છે, તેથી સમરીચ છે. સોદ્યોતા છે. પ્રાસાદીયા છે, આ જગતી એક જાલ કટકથી ભવનની ભીંતોમાં બનાવવામાં આવેલ રોશન્દાનોના જેવી રમણીય સંસ્થાન વાળા પ્રદેશ વિશે ષોની પંક્તિયોથી બધી દિશાથી સારી રીતે ઘેરાયલી છે. આ જાલકટક જાલસમૂહ બે કોસની ઉંચાઈ વાળો છે. અને પાંચસો ધનુષના વિસ્તાર વાળો છે- આ જાલ સમૂહ જગતીના મધ્યભાગમાં છે. આ જાલ કટડ સર્વ પ્રકારે રત્નમય છે. સ્વચ્છ છે. નિર્મલ છે. શ્લક્ષ્ણ છે, લષ્ટ છે, યાવત્ પ્રતિરૂપ છે

[૧૬૩]સુનગરના પ્રાકાર કોટ જેવી એ જગતીની ઉપર-ઉપરનાભાગમાં બરોબર વચમાં પદ્મવર વેદિકા છે. એ ઘણી મોટી છે. આ પદ્મવર વેદિકા અર્ધયોજન જેટલી ઉંચી છે. અને ૫૦૦ ધનુષના વિસ્તાર વાળી છે. સર્વ પ્રકારે તે રત્નમય છે. જેટલો જગતીના મધ્ય ભાગનો -પરિક્ષેપ છે, એટલોજ આનો પણ પરિક્ષેપ છે પદ્મવર વેદિકા સુંદર યાવત્ પ્રતિરૂપ વિગેરે વિશેષણો વાળી છે આ પદ્મવર વેદિકની જે નેમા ભૂમિ ભાગથી ઉપરની તરફ નીકળતા જે પ્રદેશો છે, તે બધા વજ્ર રત્નના બનેલા હોય છે, રિષ્ટ રત્નના તેના પ્રતિષ્ઠાન છે. મૂલપાદ છે. વૈડૂર્ય રત્નના તેના સ્તમ્ભો છે. સુવર્ણ અને ચાંદીની મેળવવ ણીથી બનેલા તેના ફલકો છે, પાટિયા છે. લોહિતાક્ષ રત્નની બનેલી તેની સૂચિયો છે. એ સૂચિયો પરસ્પર સંબંધિત રહે છે. તેના ફલકોની જે સંધિયો છે, તે વજ્ર રત્નથી ભરેલી છે. અહીયાં જે મનુષ્યાદિના ચિત્રો બનાવવામાં આવેલ છે, તે અનેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના મણિયોના બનાવવામાં આવેલ છે. રૂપ-મનુષ્ય ચિત્રોના રૂપ શિવાય બીજા જે ચિત્રો છે, તે બધા અનેક પ્રકારના મણિયોના બનેલા છે. રૂપ સંઘાટક અનેક જીવોની જોડીયોના ચિત્ર પણ અનેક પ્રકારના મણીયોથી બનેલ છે. તેના પડખા આજુબાજુના ભાગો એક અંક રત્નોનાજ બનેલા છે. મોટા મોટા વંશો જ્યોતિરસ નામના રત્નોના બનેલા છે.-મોટા વંશોને સ્થિર રાખવા માટે તેની બન્ને બાજુમાં તીછર્ગપણાથી રાખવામાં આવેલ વાંસ પણ જ્યોતી રત્નોના જ બનેલા છે. વાંસોની ઉપર છાપરા પર રાખવામાં આવનાર લાંબી વળીયોની જગ્યાએ રાખવામાં આવનારી જે પટીયો છે. તે ચાંદીની બનેલી છે. કંબાઓને ઢાંકવા માટે તેના ઉપર અવઘટિનિક રત્નોની બનેલી છે. એ ઢાંકણની ઉપર જે પુચ્છની ઢાંકણના છિદ્રોને બંધ કરવા માટે તેના ઉપર જે શ્લક્ષ્ણતર તૃણ વિશેષના સ્થાને બીજા ઢાંકણ છે તે વજ્ર રત્નોના છે. પુંછણીયોની ઉપર અને કવેલ્લુકોની નીચે જે આચ્છાદન ઢાંકણ છે તે રજતમય ચાંદીના બનેલા છે.

પદ્મવર વેદિકા જુદા જુદા સ્થાનોમાં એટલેકે કોઈ એક બાજુ હેમજાલથી લટકતા સુવર્ણ મય માળા સમૂહથી, કોઈ બાજુ ગવાક્ષ-જાલથી લટકતા ક્ષુદ્ર નાની નાની ઘંટિકા જાળથી, લટકતા મુક્તાફળમય મોતીયો વાળા દામ સમૂહોની માળાઓથી, એક એક લટકતા કમળજાલથી, કમળોના સમૂહથી, પીત સુવર્ણમય માળાઓના સમૂહથી, એક એક લટ કતા રત્નજાળથી, રત્નમય માળાઓના સમૂહોથી, સર્વ દિશાઓથી અને વિદિશાઓથી વ્યાપ્ત થઈ વીંટળાયેલી રહે છે. આ બધા દામ સમૂહ રૂપ જાલ તપાવેલા સુવર્ણના લંબૂસક વાળા છે. એટલેકે કંઈક લાલાશવાળા અગ્રભાગ વાળા છે. આ બધી જાલ દામસમૂહ અનેક પ્રકારના મણિયોના અને રત્નોના બનાવેલ હારોથી ૧૮ લડી વાળા હારોથી, અર્ધહાર થી શોભાયમાન છે. આ બધા એક બીજાથી બહુ દૂર નથી. પરંતુ નજીક નજીક છે. પણ પરસ્પર એક બીજા સાથે ચોંટેલા નથી. આ બધા જાલ સમૂહ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણથી આવેલા પવનથી મંદ મંદ રીતે કંપતા રહે છે. અને જ્યારે તે વિશેષ રીતે કંપિત થાય છે. એમ તેમ ફેલાઈ જાય છે. એક બીજાની સાથે ટકરાઈ ટકરાઈને શબ્દાયમાન રણકાર વાળા થઈ જાય છે. આ રીતે તેમાંથી નીકળેલ એ શબ્દ કાન અને મનને ઘણાજ સુખ વિશેષના અનુભવ કરાવનાર નિવડે છે. સઘળી દિશાઓમાં અને વિદિશાઓમાં તે ભરાઈ જાય છે. તેથી જ એ શબ્દના સુંદરપણાથી એ જાલસમૂહ અત્યંત શોભાયમાન થતા રહેછે એ પદ્મવર વેદિકાના જુદા જુદા સ્થાનો પર કયાંક કયાંક અનેક પ્રકારના ઘોડાઓના યુગ્મો ચિત્રેલા છે. સર્વ પ્રકારે રત્નમય છે. ઈત્યાદિ પદ્મવર વેદિકાના જુદા જુદા સ્થાનોમાં હયપંક્તિયો છે. યાવત્ તે બધી પંક્તિયો પ્રતિરૂપ છે. એ પદ્મવર વેદિકાના જૂદા જૂદા સ્થાનો પર અનેક પદ્મલતા છે, અનેક નાગલતાઓ છે. યાવત શ્યામલતાઓ છે. આ બધી લતાઓ પણ સર્વાત્મના સર્વ પ્રકારે રત્નમય છે. અને શ્લક્ષ્ણ વિગેરે વિશેષણો વાળી છે.

હે ભગવન્ એ પદ્મવર વેદિકાનું એવું નામ આપે શા કારણથી કહેલ છે ? હે ગૌતમ ! પદ્મવર વેદિકાના એ એ સ્થાનોમાં જેમ વેદિકાના ઉપવેશ યોગ્ય છજ્જાની ઉપર, વેદિકાના બન્ને પાર્શ્વ ભાગો પર, વેદિકાના શિરોભાગ રૂપ ફલકોની ઉપર વેદિકાના પુરાન્તરોમાં, બે વેદિકાના અપાન્તરાલમાં, બે સ્તમ્ભોની મધ્યે, એજ રીતે ફલકના સંબંધને જુદા ન પડવા દેવાના કારણભૂત એવી પાદુકાના સ્થાનાપન્ન સૂચિયોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર, સૂચિયોના અગ્રભાગની ઉપર, કે સૂચિયોના સંબંધવાળા ફલકોની ઉપર, બે સૂચિયોના અન્તરાલ મધ્ય પ્રદેશમાં, એજ રીતે પક્ષોની ઉપર, પક્ષો ની આજુબાજુમાં અને પક્ષ પુટાંતરોમાં અનેક ઉત્પલ અનેક સૂર્ય વિકાસી કમલ યાવત્ નલિન, સુભગ, સૌગન્ધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્રો અને સહસ્રપત્રો ખીલેલા રહે છે. તે બધા કમળો સર્વાત્મના રત્નમય છે, આ ઉત્પલાદિ બધા પ્રકારના કમળે વર્ષાકાળમાં ઉત્પન્ન થયેલા છત્રીના આકાર જેવી વનસ્પતિ વિશેષના આકાર જેવા છે. આ કારણથી હે ગૌતમ ! તેને પદ્મવર વેદિકો એ નામથી કહેવામાં આવેલ છે હે ભગવન્ આ પદ્મવર વેદિકા શાશ્વત છે કે અશાશ્વત છે ? હે ગૌતમ ! આ પદ્મવર વેદિકા કથંચિત્ શાશ્વત છે, અને કથંચિત્ અશાશ્વત છે. હે ગૌતમ ! મેં જે એવું કહ્યું છે કે એ પદ્મવરવેદિકા કથંચિત શાશ્વત છે આ કથન દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ કરવામાં આવેલ છે. વર્ણપર્યાયોની, ગંધપર્યાયોની, રસપર્યાયોની, તથા સ્પર્શપર્યાયોની અપેક્ષાએ તથા બીજા પુદ્ગલોના વિધાન અને આગમનની અપેક્ષાથી તે આશાશ્વતી છે. તે કારણથી હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે પદ્મવર વેદિકા કથંચિત્ નિત્ય છે અને કંચિત્ અનિત્ય છે. જે આ પદ્મવર વેદિકા પહેલા ન હતી તેમ નથી. એ વર્તમાનમાં નથી એમ પણ નથી. અને ભવિષ્યમાં એ નહીં હોય એમ પણ નથી. આ પદ્મવર વેદિકા પહેલાં પણ હતી વર્તમાંનમા પણ છે, અને ભવિષ્યમાં પણ એ સદા રહેશે. નિયત છે. અક્ષય અવ્યય છે.

[૧૬૪] જગતીની ઉપર વર્તમાન પદ્મવરવેદિકાની બહારનો જે પ્રદેશ છે એ પ્રદેશમાં એક વિશાળ વનખંડ છે. જ્યાં અનેક પ્રકારના ઉત્તમોત્તમ વૃક્ષોના સમુદાય હોય છે વનખંડ કંઈક કમ બે યોજનનો હોય છે. અને તેનું ચક્રવાલ વિષ્કંભ જગતીના ચક્રવાલ વિષ્કંભની જેવો છે. આ વનખંડ કૃષ્ણ વર્ણનું છે. વૃક્ષોના પત્રો પ્રાયઃમધ્ય અવસ્થામાં વર્તમાન હોય ત્યારે નીલવર્ણનું હોય છે. આ કારણથી એ વનખંડને કૃષ્ણ કહ્યું કારણ કે એ અવસ્થામાં તે કાળા વર્ણથી શોભયમાન હોય છે, કયાંક કયાંક એ વનખંડ હરિત છે કયાંક કયાંક કોઈ કોઈ પ્રદેશ વિશેષમાં આ વન નીલ છે, કેમકે નીલ વર્ણરૂપે તેનો પ્રતિભાસ થાય છે. યુવાઅવસ્થામાં કિસલય કુંપળ અવસ્થાને અને પોતાની લાલિમાને છોડીદે છે. ત્યારે તે હરિત અવસ્થામાં આવી જાય છે, તેથીજ એ પ્રમાણે કહેલ છે. કે આ વનખંડ કોઈ કોઈ ભાગમાં લીલાશ વાળા છે. જ્યારે પાન પોતાની પ્રૌઢાવસ્થામાં આવે છે, ત્યારે હરિતપણાનો ધીરે ધીરે અભાવ થઈને શ્વેતપણું આવવા લાગે છે. શ્વેતપણામાં શીતળતાનો વાસ થઈ જાય છે. તેથી એ વનખંડ પણ તેના યોગથી કયાંક શીતવાયુના સ્પર્શવાળો છે એ વનખંડના વૃક્ષો એવા છે કે જેના મોટા મોટા મૂળિયા ઘણે દૂર સુધી જમીનની અંદરના ભાગમાં ઉંડે સુધી ઉતરી ગયેલા છે, આ વૃક્ષો પ્રશસ્ત પત્રોવાળા છે. પ્રશસ્ત પુષ્પોવાળા છે. પ્રશસ્ત ફળો વાળા છે. અને પ્રશસ્ત બીયાઓ વાળા છે.

આ બધા વૃક્ષો સઘળી દિશાઓમાં અને સઘળી વિદિશાઓમાં પોત પોતાની શાખાઓ દ્વારા અને પ્રશાખાઓ દ્વારા એવી રીતે ફેલાએલા છે, કે જેનાથી એ ગોળ પ્રતીત થાય છે. મૂલ વિગેરે પરિપાટિ પ્રમાણેજ એ બધા વૃક્ષો સુંદર રીતે ઉત્પન્ન થયેલા છે. તેથી ઘણાજ સોહામણા લાગે છે. એ બધા વૃક્ષો એક એક સ્કંધવાળા છે અને અનેક શાખાઓ અને પ્રશાખાઓથી મધ્યભાગમાં એનો વિસ્તાર વધારે છે, વાંકી ફેલાવવામાં આવેલ બે ભુજાઓના પ્રમાણ રૂપ એક વ્યામ- થાય છે. જે કારણે એ અવિરલ પત્રોવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, એજ કારણથી તે અચ્છિદ્ર પત્રોવાળા છે. ,આ વૃક્ષો પર જે પાન જુના થઈ જાય છે અને સફેદ થઈ જાય છે, તે પત્રો પવન દ્વારા જમીન પર પાડી નાખવામાં આવે છે. આ વૃક્ષો અલબ્ધ ભાગવાળા હોવા છતાં પણ દર્શનીય હોય છે, આ વૃક્ષો કાયમ કુસુમતિ રહે છે. નિત્ય મુકુલિત રહે છે, નિત્ય પલ્લવિત રહે છે, નિત્ય ગુલ્મિત રહે છે, નિત્ય ગુચ્છિત રહે છે. નિત્ય યમલિત રહે છે. નિત્ય યુગલિત રહે છે. નિત્ય વિનમિત અને પ્રણમિત રહે છે. વૃક્ષોની ઉપર શુકના જોડલા, મયૂરોના જોડલા, -મેનાના જોડલા, કોયલના જોડલા, ચક્રવાકના જોડલા, કલહંસના જોડલા સારસના જોડલા વિગેરે અનેક પ્રકારના પક્ષિયોના જોડલાઓ બેઠા બેઠા ઘણે દૂર સુધી સંભાળાતા અને ઉચ્ચ સ્વર યુક્ત એવા મધુર સ્વરવાળા રમણીય શબ્દો કરતા રહે છે. એ વૃક્ષોની આસપાસના ભાગમાં બહારથી આવેલા અનેક ભમરાઓ બેસી રહે છે, અને મધુપાન કરીને મદોન્મત્ત બને છે. તથા -પુષ્પપરાગનું પાન કરવામાં તેનું લંપટ પણું જણાઈ આવે છે. તેઓ મધુર શબ્દોથી ગુમ ગુમાયમાન રહે છે. તેથી એ વૃક્ષોના પ્રદેશ ભાગોએ પક્ષિઓના ગુંજારવથી ખૂબજ સુંદર અને અત્યંત સોહામણા લાગે છે. એ વૃક્ષોના પુષ્પો અને ફળો તે વૃક્ષોની ઘટામાં જ છુપાઈ રહે છે. એ વૃક્ષો પત્રો અને પુષ્પોથી સદા ઉત્તમ રીતે આચ્છા-દિત રહે છે. આ વૃક્ષોમાં વનસ્પતિકાયિક સંબંધી કોઈ પણ રોગ હોતો નથી. એ વૃક્ષોમાં બાવળ વિગેરે કાંટાવાળા વૃક્ષો હોતા નથી. તેના ફળો ઘણાજ વધારે મીઠાશવાળા હોય છે. સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે.

ચોખૂણના આકારવાળી વાવોમાં વૃત્ત આકારવાળી પુષ્ક રણિયોમાં ઋજુ સારિણીવાળી દીર્ઘિકાઓમાં જેને સંગ્રહ કરવા સારી રીતે સુંદર જાળ ગૃહો લાગેલા છે, એવા એ વૃક્ષો એવા પ્રકારના અન્ય ગન્ધથી પણ વિશેષ પ્રકારથી મનોહર એવા ગંધને કાયમ છોડયા કરે છે, કે જેથી ગંધ વિષયક મનને તૃપ્તિ મળી જાય છે. એ તેના જે આલવાલ કયારાઓ છે તે સુંદર છે તથા તેના પર જે ધજાઓ લાગેલી છે તે પણ અનેક પ્રકારના રૂપવાળી છે. આ વનખંડની અંદરનો જે ભૂમિભાગ છે, તે ઘણો સમ છે, એ તેના જે આલવાલ કયારાઓ છે તે સુંદર છે તથા તેના પર જે ધજાઓ લાગેલી છે તે પણ અનેક પ્રકારના રૂપવાળી છે.આ વનખંડની અંદરનો જે ભૂમિભાગ છે, તે ઘણો સમ છે, કેવા પ્રકારનો એ સમભાગ છે તે આલિંગ પુષ્કર વિગેરેની ઉપમાઓ દ્વારા બતાવે છે. આદર્શ તલના સરખો સમતલ વાળો છે. અને સૂર્ય મંડલ જેમ સમતલ હોય છે તેવા એ ભૂમિભાગ સમતલ વાળો છે એ જ પ્રમાણે એ વનખંડની અંદરનો ભૂમિ ભાગ સમતવાળો હોય છે ભૂમિભાગ અનેક પ્રકારના પંચ વર્ણવાળા તૃણોથી અને મણિયો થી શોભાયમાન રહે છે. આ તૃણ અને મણિયો આવર્ત પ્રત્યવર્ત શ્રેણી પ્રશ્રેણી સ્વસ્તિક સૌવસ્તિક પુષ્યમાણવ વર્દ્ધમાનક શરાવસંપુટ મત્સ્યંડક મકરંડક આ બધી રચના ઓથી અર્થાત્ આવર્ત વિગેરેના લક્ષણો વાળો એ ભૂમિભાગ છે. તથા પુષ્પાવલી, પદ્મ પત્ર, સાગરતંગ, વાસંતીલતા અને પદ્ગલતાએ બધાઓની રચનાથી જેમાં ચિત્રો બનેલા છે. એવો એ ભૂમિભાગ છે. તથા આ તૃણ્ અને મણિયો સુંદર કાંતિથી યુક્ત છે. બહાર નીકળતી કિરણજાળોથી યુક્ત છે તથા બહાર રહેલ સમીપની વસ્તુઓના સમૂહ ને પ્રકાશિત કરવાવાળા ઉદ્યોત તેજથી યુક્ત છે. જે પાંચ વર્ણના તૃણ અને નાના પ્રકારના મણિથી એ ભૂમિભાગ યુક્ત છે, તે મણિયો કૃષ્ણવર્ણ યાવત્ શુકલ વર્ણથી સુશોભિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પાંચ વર્ણવાળા તૃણો અને મણિયોમાં જે કૃષ્ણ વર્ણવાળા તૃણ અને મણિયો છે, તેનો વર્ણાવાસ-વર્ણન્યાસ જલથી ભરેલા વાદળા જેવા કાળા હોય છે, જેવું કાળું સૌવીરાંજન અથવા એ નામનું રત્ન વિશેષ હોય છે, ખંજન દીવાનો મેલ-મશ જેવો કાળો હોય છે. કાજળ જેવું કાળું હોય છે, મસીની ગુટિકા- જેવી કાળી હોય છે. ભેંસનું સીંગ જેવું કાળું હોય છે જેવી કાળી ગવલગુટિકા હોય છે. જેવો કાળો ભમરો હોય છે, કાગડાનું બચ્ચું જેવું કાળું હોય છે. જેવી રીતે મેઘ વિગેરેને કાળા વર્ણવાળા બાતાવ્યા છે. તેવા પ્રકારની કાળાશવાળા એ તૃણ અને મણિયો કરતાં પણ ઘણીજ વધારે કાળાશ છે. અને એ કાળાશવાળી જોવાવાળાને અરુચિકર હોતી નથી. પરંતુ અત્યંત સોહામણીજ લાગે છે. મનોજ્ઞતરજ છે ત્યાં જે નીલ વર્ણવાળા તૃણો અને મણિયો કહેલા છે તે ભૃંગ જેવો નીલ વર્ણનો હોય છે, કે ભૃંગપત્ર જેવુંનીલ, ચાલપક્ષી જેવું નીલ હોય, પોપટ જેવા નીલા રંગનો, કબૂતરોની ગ્રીવા જેવી લીલી હોય છે, નીલકમળ જેવું લીલુ હોય છે. એ તૃણો અને મણિયોનો જે લીલો વર્ણ છે તે ભૃંગ-ભરમ વિગેરેના કરતાં ઘણો વધારે ઈષ્ટતર, કાંત તરક, અને મનોજ્ઞતરક તથા મનામતરક હોય છે, ત્યાં જે લાલ વર્ણવાળા તૃણો અને મણિયો કહ્યા છે. મનુષ્યનું લોહી જેવું ,ઘેટાનું લોહી જેવું, વરાહ ભુંડનું લોહી, વર્ષાકાલની સંધ્યા સમયનો રંગ જેવો લાલ હોય છે. લોહિતાક્ષમણિ જેવું લાલ હોય છે, કમિરગ જેવો લાલ હોય છે, લાલ કમળનો રંગ જેવો હોય છે, એ લાલ તૃણો અને મણિયોનો લાલ રંગ તેથી પણ વધારે ઈષ્ટતર અને કાંતતર છે. એ તૃણો અને મણિયોમાં ત્યાં જે પીળા વર્ણના તૃણો અને મણિયો છે, તેનો વર્ણવાસા સુવર્ણ ચંપક વૃક્ષ જેવું પીળું હોય છે, સુવર્ણ ચંપક વૃક્ષની છાલ જેવી પીળી હોય છે, હળદરની ગોળી જેવી પીળી હોય છે. હરિતાલનો ખંડ જેવો, શ્રેષ્ઠ સોનું જેવું પીળું હોય છે.-વાસુદેવ કૃષ્ણનું વસ્ત્ર જેવું પીળું, કોરંટક પુષ્પોની માળા જેવી પીળી હોય છે, આ ત્યાંના તૃણો અને મણિયોનો વર્ણ એવી ચમ્પકાદિના પીળા વર્ણ કરતાં એ તૃણો અને મણિયોનો પીળો વર્ણ ઈષ્ટતર છે. કાન્તતર છે. પ્રિયતર છે. મનોજ્ઞતર છે. અને મનોઽમતર છે, ત્યાંના એ તૃણો અને મણિયોમાં જે શ્વેત વર્ણના તૃણો ને મણિયો છે, એની ધોળાશ આ પ્રમાણેની છેઅંક રત્ન જેવું સફેદ હોય છે, શંખ જેવો ધોળો હોય છે, ચંદ્રમાનાં વર્ણ જેવો સફેદ હોય છે, દહીં જેવું સફેદ હોય છે, ક્ષીરપુર દૂધનો સમૂહ જેવો સફેદ હોય છે, ચાંદીના બનાવેલ કંકણ- જેવી સફેદ હોય છે, ચોખાનો લોટ જેવો સફેદ હોય છે, મૃણાલિકા બિસતન્તુ જેવા સફેદ હોય છે, સિંદુવાર પુષ્પોની માળા જેવી સફેદ હોય છે, ધોળી કરેણનું પુષ્પ જેવું સફેદ હોય છે, એ તૃણો અને મણિયોનો એ સફેદ વર્ણ આ ઉપર કહેવામાં આવેલ અંક વિગેરેની શ્વેતાથી પણ વધારે ઈષ્ટ વધારે પ્રિય વધારે કાંત વધારે મનોજ્ઞ અને વધારે મનોઽમ કહેવામાં આવેલ છે.

હે ભગવન્ ત્યાંના તૃણો અને મણિયોનો ગંધ કેવો હોય છે ? જેવી ગંધ-વાસ કોષ્ટપુટ નામના ગંધ દ્રવ્યની હોય છે. જેવી ગંધ પત્ર પુટોના મર્દન કરવાથી ઉત્પન્ન થયેલ પરિમલના પુટોની હોય છે. તગર પુટોની જેવી ગંધ હોય છે, ચંદનના પુટોની જેવી ગંધ હોય છે, જેવી ગંધ દમનકના પુટોની હોય છે. મલ્લિકા મોગરાના પુષ્પ પુંટોની જેવી ગંધ હોય છે, કેવડાના પુટોના જેલી ગંધ હોય છે આ બધાજ પુટોની ગંધ જ્યારે અનુકૂળ વાયુ વાતો હોય અને આ સઘળા ગંધ પુટો એ સમયે ઉઘાડ વામાં આવેલ હોય તેગંધપુટોને અતિશય પણાથી તોડવામાં આવતા હોય. ખાંડણિયા વિગેરેમાં ખાંડવામાં આવતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય નાના નાના તેના ટુકડા કરાતા હોય તેને ઉપર ઉડાડ વામાં આવતા હોય આમતેમ એ વિખરવામાં આવી હોય તે વખતે તેનો ગંધ-વાસ સુગંધ ઘણી વધારે વિપુલ પ્રમાણમાં નીકળે છે મનોનુકુળ હોય છે. કેમકે એ ગંધ ઘ્રાણે ન્દ્રિય અને મનને શાંતિ આપવાળી હોય છે. આ મણિયોનો ગંધ કોષ્ટપુટ વિગેરે દ્રવ્યોના કરતાં ઈષ્ટતર, કાંતતર, મનોજ્ઞતર, મન આમતર, હોય છે.

હે ભગવન્ એ તૃણો અને મણિયોનો સ્પર્શ કેવો કહેલ છે ? જેવો સ્પર્શ આજીનક ચર્મમય વસ્ત્રનો હોય છે. જેવો સ્પર્શ રૂ નો હોય છે. જેવો સ્પર્શ માખણનો હોય છે. શિરીષ પુષ્પ સમુહનો જેવો સ્પર્શ હોય છે. એ તૃણો અને મણિયોનો સ્પર્શ આ અજીનક વિગેરે પદાર્થો ના સ્પર્શ કરતાં પણ વધારે ઈષ્ટતર યાવત્ વધારે મનોમ કહેવામાં આવેલ છે. હવે તેના શબ્દોના સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે. હે ભગવન્ એ તૃણો અને મણિયોનો શબ્દ પવનથી મંદ મંદ પણથી કંપાવવામાં આવે છે, વિશેષરૂપથી કંપિત કરવામાં આવે છે, વારંવાર કંપિત કરલામાં આવે છે. ક્ષોભિત કરવામાં આવે છે. ઉદીરિત કરવામાં આવે છે, નાની નાની સુવર્ણની બનાવેલી ઘંટડિયોના ચાલવાથી જેવો શબ્દ જે છત્ર યુક્ત હોય, ધજાથી યુક્ત હોય, બન્ને બાજુએ લટકાવવામાં આવેલ પ્રમાણો પેત સુંદર-ઘંટથી યુક્ત હોય નંદિઘોષ બાર તુરૈયોના અવાજ વાળી હોય ઉદાર મનોજ્ઞ તથા કર્ણ અને મનને તૃપ્ત કરવાવાળા શબ્દ જેવો હોય છે યાવત્ દિવ્ય એવા ગાનને ગાવાવાળો દેવોના મુખથી જે શબ્દ નીકળે છે, અને એ જેવા મનોહર હોય છે. એ પૂર્વોક્ત પ્રકારના ગેય વિગેરેમાંથી નીકળતા શબ્દો જેવા શબ્દો એ તૃણ અને મણિયોના હોય છે.

[૧૬૫] એ વનખંડમાં સ્થળે સ્થળે અનેક નાની વાવડિયો, ચાર ખૂણિયા વાવો છે, સ્થળે સ્થળે અનેક ગોળ આકારવાળી અથવા પુષ્કરોવાળી પુષ્કરિણિયો છે. સ્થળે સ્થળે ઝરણાઓવાળી વાવો છે. સ્થળે સ્થળે વાંકાચુંકા આકારવાળી વાવડિયો છે. સ્થળે સ્થળે પુષ્પોથી ઢંકાયેલા અનેક તળાવો છે. સ્થળે સ્થળે અનેક સર પંક્તિયો છે સ્થળે સ્થળે કુવાઓની પંક્તિયો છે. આ બધા જ જલાશયો આકાશ અને સ્ફટિકની માફક સ્વચ્છ નિર્મળ પ્રદેશોવાળા છે. રજત ચાંદીના બનેલા અનેક તટો છે. એમાં જે પત્થરો લાગે છે. એ વજરત્નના બનેલા છે. એના તલભાગ તપનીય સોનાનો બનેલો છે. કીનારા નજીકના અતિ ઉન્નત પ્રદેશો છે તે વૈડૂર્યમણિ અને સ્ફટિક મણિના બનેલા છે. માખણ જેવા સુકોમળ તેના તળો છે. તેમજ એના તીર પ્રદેશો ખાડા ખબડા વિનાના હોવાથી સમ છે. વિષમ નથી. એમાં જે વાલુકા-એટલે કે રેતી છે, તે પીળા કાંતીવાળા સોનાની અને શુદ્ધ ચાંદીની અને મણિયોની છે. એ બધા જલાશયો એવા છે કે જેની અંદર પ્રવેશ કરવામાં કોઈ પણ પ્રકારની અસુવિધા થતી નથી. અને તેમાં પ્રવેશ કર્યા પછી તેમાથી નીકળવામાં પણ કોઈ પ્રકારની અડચણ થતી નથી. એના જે ઘાટ છે તે અનેક પ્રકારના મણિયોથી બનેલા છે. તેનું વપ્ર જલસ્થાન છે તે ક્રમશઃ નીચે નીચે ઉંડાણવાળું હોય છે. અને એમાં જે પાણી છે તે ઘણુંજ અગાધ છે. અને શીતળ છે. તેમાં જે પદ્મિનીયોના બિસ, મૃણાલ અને પત્રો છે, તે પાણીથી ઢંકાયેલા રહે છે. એમાં અનેક કુમુદો, ઉત્પલો નલિન, સુભગ, સૌગંધિક પુંડરિક, શતપત્ર અને સહસ્રપત્રો ખીલેલા રહે છે. તેના પર ભમરાઓ સદા બેસી રહે છે. સ્વભાવથીજ સ્ફટિકના જેવા સફેદ અને વિમલ આગન્તુક દોષો વિનાના હોવાથી આ બધા જલાશયો નિર્મળ પૂરેપૂરા ભરાયેલા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જળાશયોમાં ઘણી અધિક સંખ્યામાં માછલા અને કાચબાઓ આમતેમ ઘૂમ્યા કરે છે, દરેક જલાશયો વનખંડથી ચારે તરફ ઘેરાયેલા છે. પદ્મવર વેદિકાથી યુક્ત છે. તેમાં કેટલાક વાવ વિગેરે જલાશયો એવા છે કે જેનું જલ આસવ જેવા મીઠા સ્વાદ વાળું છે. કેટલાક વારૂણ સમુદ્રના જલના સ્વાદ જેવા સ્વાદવાળા જલયુક્ત છે. કેટલાક જલાશયો જેનું પાણી શેરડીના રસ જેવા સ્વાદવાળું છે. કેટલાક જલાશયો પ્રાસાદીય છે. દર્શનીય છે. અભિરૂપ છે, અને પ્રતિરૂપ છે. એ નાની નાની વાવોના અનેક ત્રિસોપાન પ્રતિરૂપક એ વાવ વિગેરે જલાશયોમાં ઉપર ચઢવા માટે રાખેલ છે. એનો મૂળ ભાગ વજ્ર રત્નનો બનેલ છે. એના મૂળપાદ રિષ્ટરત્નના બનેલ છે. એના સ્તમ્ભ વૈડૂર્ય રત્નના બનેલા છે. સોના અને ચાંદી ના તેના છે. એ પાટિયાઓનો સંધી ભાગ વજ્રરત્નનો બનેલો છે. લોહિતાક્ષ રત્નમય એની સૂચિયો છે. બન્ને પાટિયાઓને પરસ્પર જોડી રાખવાવાળા સાંધાંના સ્થાનાપન્ન ખીલાઓ જેવી સૂચિયો હોય છે. અવલંબન વાહાપણ અનેક પ્રકાર ના મણિયોની બનેલ છે. એ પ્રતિરૂપક ત્રિસોપાનોના આગળ દરેકે દરેક અલગ અલગ તોરણો હોય છે. એ તોરણો અનેક મણિયોના બનેલ થાંભલાઓની ઉપર પાસેજ સ્થિર રહેલા છે. અનેક પ્રકારના તારા રૂપોથી એ તોરણો રચેલા છે. ઈહામૃગ વૃક વૃષભ બળદ તુરગ ઘોડા ભુજગ સર્પ કિન્નર રૂરૂ મૃગ સરભ અષ્ટાપદ કુંજર હાથી વનલતા અને પદ્મલતા આ બધાના એ તોરણોમાં ચિત્રો ચિત્રેલા- છે. એ આ પોતાની પ્રભા થી ચમકિત બનેલા છે કે જેનાથી એ તેને જોતાંજ જાણે તે બન્ને નેત્રોને આલિંગન આપતા ન હોય તેમ જાણે તેમાં ચોંટિ જાય છે. એ તોરણોનો સ્પર્શ સુખમય છે. જોનારા ઓને એનું રૂપ ઘણુંજ સોહામણું લાગે છે. એ તોરણો પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, અને પ્રતિરૂપ છે. એ તોરણોની ઉપર અનેક આઠ આઠ મંગલ દ્રવ્યો કહેવામાં આવેલ છે. એ આઠ ંગલ દ્રવ્યોના નામો આ પ્રમાણે છે-સ્વસ્તિક ૧ શ્રીવત્સ ૨ નંદિકાવર્ત ૩ વર્દ્ધમાન ૪ ભદ્રાસન સર્વ પ્રકારે રત્નમય છે. આકાશ અને મણિયોની જેમ સ્વચ્છ છે. શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

એ તોરણોના ઉપના ભાગમાં અનેક કૃષ્ણ કાંતિવાળા યાવત્ સફેદ વર્ણવાળા ચામરોથી યુક્ત ધજાઓ છે. આ બધી ધજાઓ અચ્છ સ્વચ્છ છે. એનો દંડ વજ્ર રત્નનો બનેલ છે. એનું રૂપ શ્રેષ્ઠ છે. એ તોરણોની ઉપર અનેક છત્રાતિછત્ર છે. સર્વાત્મના રત્નમય છે. અચ્છ આકાશ અને સ્ફટિક મણિ પ્રમાણે અત્યંત શ્વેત છે. યાવત્પ્રતિરૂપ છે. એ નાની નાની વાવડિયોની બિલમાં અનેક ઉત્પાદ પર્વતો છે. તેના પર અનેક વ્યન્તર દેવો અને દેવિયો આવીને વિચિત્ર પ્રકારની ક્રીડા કરવા માટે ઉત્તર વૈક્રિય શરીરની રચના કરે છે. તેથી તેનું નામ ઉત્પાત પર્વત છે. અનેક નિયતિ પર્વત છે. અનેક જગતની પર્વતો છે. અનેક મંડપો છે. સ્ફટિક મણિના મંચો છે. સ્ફટિક મણિના બનાવેલ પ્રાસાદ- છે. ઉત્પાદ પર્વત વિગેરે સર્વાત્મના રત્નમય છે. આકાશ અને સ્ફટિક મણિના જેવા એ બધા ઘણાજ શુભ્ર-શ્વેત છે. તથા શ્લક્ષણ વિગેરે વિશેષણો વાળા છે. ઉત્પાદ પર્વતો ઉપર અનેક અનેક ઉન્નતાસન છે. અનેક દીર્ઘ લાંબા લાંબા આસનો છે. અનેક ભદ્રાસ નો છે. પદ્માસનો છે. સર્વ પ્રકારે રત્નમય છે. સ્ફટિક મણિની જેમ અત્યંત શુભ્ર છે. એ વન ખંડના એ એ સ્થાનોમાં અનેક આલિગૃહો છે. અનેક માલિઘર છે. અનેક કદલી ગૃહો-છે. અને લતા પ્રધાનતાવાળા ગ્રહો છે. અનેક આદર્શગૃહ દર્પણમય ગૃહો છે. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બધા અચ્છ ઇત્યાદિથી પ્રતિરૂપ પર્યન્તના વિશેષણોવાળા છે. આ આલિ ઘરથી આરંભીને આદર્શ ઘર સુધીના સઘળા ઘરોમાં અલગ અલગ રૂપે અનેક હંસાસનથી આરંભીને અનેક દિશાસૌવસ્થિકાસન સુધીના આસનો છે.

એ વનખંડમાં સ્થળે સ્થળે એ એ સ્થાનો પર અનેક જાઇના મંડપો છે. ચમેલીના પુષ્પોથી લદાયેલા અનેક મંડપો છે. અનેક શ્યામલતાઓના મંડપો છે. આ બધા મંડપો સર્વદા પુષ્પોથી યુક્ત રહે છે. યાવત્ એ બધા પ્રતિરૂપ સુધીના સઘળા વિશેષણોવાળા છે. આ જાતિય મંડપોમાં યાવત્ યૂથિકા મંડપોથી લઇને શ્યામલતા મંડપો સુધીના મંડપોમાં અનેક પૃથ્વી શિલા પટ્ટકો કહેવામાં આવેલ છે. તેમાં કેટલાક પૃથ્વીશિલાપટ્ટકો હંસાસનોની જેવા છે. અને કેટલાક કૌંચાસનની જેમ કેટલાક પ્રણતાસન સમાન રહેલા છે. અને કેટ લાક પૃથ્વીશીલા પટ્ટકો દિશા સૌવસ્તિકાસનની માફક સ્થિત રહેલા છે. તેનો સ્પર્શ આજીનક અજીન ચર્મમય વસ્ત્ર, કોમળરૂ, બૂર નામની વનસ્પતિ માખણ તેના સ્પર્શ જેવો સુકુમાર કોમળ સ્પર્શ તેનો છે. સર્વ પ્રકારથી રત્નમય છે. અચ્છ યાવત્ પ્રતિરૂપ છે. એ ઉત્પાદપર્વત વિગેરે પર્વતો પર જે હંસાસન વિગેરે આસનો છે, તે અને અનેક પ્રકારના સંસ્થાનવાળા પૃથ્વીશિલા પટ્ટકો છે, તેના પર અનેક વાનવ્યંતર જાતીના દેવ અને દેવિ યોનો સમૂહ સુખ પૂર્વક ઉઠે બેસે છે અને સૂવે છે. અને મૈથુન સેવન કરે છે. પૂર્વ જન્મમાં એ પ્રકારના ધર્માનુષ્ઠાન સંબંધિ અપ્રમાદ અને ક્ષાંત્યાદિ શુભ આચર ણોથી મેળવેલ છે. સઘળા જીવો સાથે મૈત્રિભાવ સત્યભાષણ પરદ્રવ્યાનપહરણ- તથા સુશીલપણુ વિગેરે પ્રકારના શુભ પરાક્રમોથી મળેલ હોવાથી શુભ, એકાન્તતઃ અશુભ ફળને દૂર કરીને તાત્વિક શુભ ફળનેજ પ્રદાન કરવાવાળા હોય છે. એ પ્રકારના પોતે પૂર્વ જન્મમાં કરેલા કર્મોના કલ્યાણરૂપ ફળ વિપાકને ભોગવતા સુખશાંતિ પૂર્વક પોતાના સમયને વીતાવતા રહે છે. એ પદ્મવર વેદિકાની અંદરનું વનખંડ કંઇક ન્યુન બે યોજનના વિસ્તારવાળું છે. તથા તેનો પરિક્ષેપ પદ્મવર વેદિકાની બહારના ભાગમાં રહેલા વનખંડના પરિક્ષેપ જેવો છે. ઇત્યાદિ

[૧૬૬] હે ભગવન જંબૂદ્વીપના કેટલા દ્વારો કહ્યા છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના ચાર દ્વારો કહેલા છે. વિજય, વૈજયન્ત જયન્ત અને અપરાજીત.

[૧૬૭-૧૬૮] હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપનું વિજય નામનું દ્વાર ક્યાં આવેલ છે ? જંબૂદ્વીપના મધ્યમાં રહેલ મંદર પર્વની પૂર્વ દિશામાં ૪૫ ૦૦૦ યોજન આગળ જવાથી જંબૂદ્વીપની પૂર્વના અન્તમાં તથા લવણ સમુદ્રમાં પૂર્વાર્ધના પશ્ચિમ ભાગમાં સીતામહાનદીની ઉપર જંબૂદ્વીપનું વિજય નામનું દ્વાર કહેલ છે. આ દ્વાર આઠ યોજનની ઉંચાઇ વાળું છે. અને ચાર યોજન પહોળું છે. અને તેનો પ્રવેશ પણ ચાર યોજનનો છે. તેનો રંગ સફેદ છે. કેમકે તે અંક રત્નોનું બનેલ છે. તેનું શિખર શ્રેષ્ઠ સુવર્ણનું બનેલ છે. તેના પર ઇહા મૃગના,-બળદના,-ઘોડાના ચમરી ગાયના કુંજર હાથીના. વનલતાઓના અને પદ્મલતાઓના ચિત્રો બનેલા છે. આ દ્વાર વજ્ર વેદિકાઓથી કે જે તેના થાંભલાઓ પર બનેલ છે. અને ઘણાજ અધિક પ્રમાણથી આક ર્ષિત લાગે છે. વિદ્યાધરોના સમ શ્રેણિવાળા યુગલો- યંત્રમાં લગાડેલા જેવા જણાય છે. તે હજારો રૂપોથી યુક્ત છે. પોતાની પ્રભા કાંતીથી ચમકતા રહે છે. ઘણાજ વધારે પ્રમાણમાં તેજસ્વી જણાય છે. તેનો સ્પર્શ વધારે સુખજનક છે. તેનું રૂપ વધારે સોહામણું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈત્યાદિ એ દ્વારની ભૂમિભાગની ઉપરની તરફ નીકળેલા પ્રદેશ રૂપ નિમો વજ્રમય છે. તેના મૂળપાદ રૂપ પ્રતિષ્ઠાન રિષ્ટ રત્નમય છે. તેના સ્તંભો રૂચિર સોહા મણા છે અને તે વૈડૂર્ય રત્નના બનેલા છે. તેનું કુટ્ટિમતલ બદ્ધ ભૂમિભાગ સુવર્ણથી રચિત અત્યંત શ્રેષ્ઠ એવા પાંચ વર્ણોવાળા ચંદ્રકાંત વિગેરે મણિયોથી અનેક કર્કેતન વિગેરે રત્નોથી બનાવમાં આવેલ છે. તેના દેહલી હંસગર્ભ રૂપ રત્ન વિશેષની બનેલ છે. તેનો ઈંદ્ર કીલ ગોમેદ રત્નનો બનેલ છે. લોહિતાક્ષ રત્નની તેની દ્વાર શાખાઓ બનેલ છે. તેનું ઉત્તરંગ જ્યોતીરસ રત્નનું બનેલ છે. તે દ્વારના ઘણાજ સુંદર કમાડ વૈડૂર્ય રત્નના બનેલ છે. એ કમાડોનો સાંધાનો ભાગ વજ્રારત્નનો બનેલ છે. તેના ખીલા લોહિતાક્ષર રત્નોના બનેલ છે. સમુદ્ગક અનેક પ્રકારના મણિયોના બનેલા છે. તેની અર્ગલા સાંકળ વજ્ર રત્નની બનેલ છે. જેમાં ઈન્દ્રકીલિકી રહે છે એવી તે આવર્તન પીઠિ કાપણ વજ્રરત્નની બનેલ છે. એ કમાડોનો ઉત્તર પાર્શ્વ-અંદરની બાજુનો ભાગ અંક રત્નનો બનાવેલ છે. એ દ્વારના કમાડ એવા મજબૂત અને પરસ્પર જોડાયેલા છે કે જેમાં જરા સરખું પણ અંતર પડતું નથી.

તેની ભીંતોમાં ૧૬૮ -ખૂંટિયો છે શય્યાઓ પણ ૧૬૮ છે. અનેક પ્રકારના મણિયો અને રત્નોથી નિર્મિત એ દ્વારો પર-સર્પોના ચિત્રો ચિત્રેલા છે. તે તેમજ લીલા કરતી શાલભંજીકા-પણ અનેક પ્રકારના મણિયો અને રત્નોની બનેલ છે. વજ્રરત્નનો તેનો કૂટ-માડભાગ છે. તેનું શિખર રત્નમય છે. તેના ચંદરવા રૂપ ઉપરનો ભાગ છતની નીચેનો એટલેકે વચ્ચેનો ભાગ સર્વ પ્રકારે તપનીય સોનાનો બનેલ છે. તેના દ્વારની ખડકીયો મણિમય વંશોવાળી, લોહિતાક્ષમય પ્રતિવંશો વાળી રજતમય ભૂમિવાળી અને અનેક પ્રકારના મણિયોવાળી છે. તેના પક્ષો અને પક્ષવાહા અંક રત્નના બનેલા છે. તેના ઉપરના વંશો જ્યોતિરસ રત્નના છે. અને તેના વંશકવેલ્લુકો પણ જ્યોતિરસ રત્ન ના જ છે. તેની પટ્ટિયો ચાંદીની બનેલ છે. તેની અવઘાટની જાત રૂપ રત્નથી બનેલ છે. તેના ઉપરના ભાગમાં જે પુંછણિયો છે. તે વજ્રાની બનેલ છે. તેનું છાદન રત્નનું બનેલ છે. અને તે સંપૂર્ણપણાથી સફેદ છે. અંદર અને બહાર જે શ્લક્ષ્ણ પુદ્ગલોના સ્કંધોથી બનાવેલ છે. તપનીય સોનાની વાલુકા રેતીનો પ્રસ્તટ બનેલ છે. જેનો સ્પર્શ સુખકર છે. જેનું રૂપ ઘણું જ સોહામણું અને લોભામણું અને તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, અને પ્રતિરૂપ એ બધાજ વિશેષણોવાળું અને ઘણુ જ રમણીય આ જંબૂદ્વીપનું વિજય નામનું દ્વાર છે. વિજય દ્વારની બન્ને બાજુ બે નૈષધકીયો છે. એ બન્ને સ્થાનો પર બે બે ચંદનના કલશોની પંક્તિ રાખવામાં આવેલ છે. એ ચંદન કલશોની નીચે સુંદર કમળો છે. તેમાં સુગંધ યુક્ત જળ ભરવામાં આવેલ છે. એ કલશોની ઉપર ચંદનનો લેપ કરવામાં આવેલ છે. તેના ગળામાં લાલ રંગનો દોરો બાંધેલ છે. તેના મુખભાગમાં પદ્મ અને ઉત્પલનું ઢાંકણ રાખેલ છે. આ ચંદન કલશ સર્વ પ્રકારના રત્નોથી જડેલ છે. આકાશ અને સ્ફટિક મણિ રત્ન જેવા અત્યંત સફેદ છે. નિર્મલ છે. આ ચંદન કલશ મોટા મોટા મહેન્દ્ર કુંભ સરખા છે.

[૧૬૯] વિજય દ્વારના બન્ને પડખામાં માં બબ્બે નાગદંત-ખૂંટિયો પંક્તિ રૂપે રાખવામાં આવેલ છે. એ નાગદંતકો ખુંટિયોની બીજી બબ્બે ખુંટિયોની હાર હોવાનું કહેલ છે. એ બબ્બે નાગદંતકોની વચમાં મુક્તાજાલ વિગેરેનું વર્ણન પૂર્વવત્ જાંણું. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાગદંતોની ઉપર અનેક રત્નમય સીકાઓ રાખવામાં આવેલ છે. એ શીકાઓની ઉપર વૈડૂર્ય રત્નના બનેલ અનેક ધૂપઘટો રાખવામાં આવેલા છે. આ ધૂપઘટો કાલાગુરૂ ધૂપવિશેષ છે. તેથી જ એ ઉદાર, મનોજ્ઞ, મનને આનંદ આપવાવાળા એવા ગંધથી નાક અને મનને આનંદ ઉપજાવે છે. અને ચારે દિશાઓના એ એ પ્રદેશોને ભૂમિભાગને અને દિશા વિદિશાઓના પ્રદેશોને ગંધની વ્યાપકતાથી ભરતા રહે છે. વિજય દ્વારની બન્ને બાજુ ની નૈષેધકીમાં બે બે શાલભંજીકાઓ ની હારો કહેલ છે ત્યાં તે પુતળિયો ક્રીડા કરતી ચીતરેલી છે. વેષ અને આભૂષણોથી સારી રીતે સજેલી છે. રંગ વિરંગ કપડા ઓથી તેને ઘણીજ સરસ રીતે સજાવવામાં આવેલ છે. અનેક પ્રકારની માળાઓ પહેરાવીને તેને સારી રીતે શોભાવે છે. તેના પયોધરો-સ્તનો સમશ્રેણી વાળા ડીટડી યોથી યુક્ત છે. કઠણ અને ગોળાકારવાળા છે. એ સામેની બાજુ ઉન્નત રહેલ છે. એ પુષ્ટ છે. તેથી જ એ રતિને ઉત્પન્ન કરવાવાળા છે. તેના નેત્રોના પ્રાંતભાગ લાલ છે. તેના વાળો કાળા વર્ણના છે. તેમના કેશો અત્યંત કોમળ છે. ડાબા હાથથી તેઓએ અશોક વૃક્ષની ડાળનો અગ્રભાગ પકડી રાખેલ છે. પોતાના તીર્ચ્છા કટાક્ષોથી જોનારાઓના મનને જાણે તે ચોંટી રહી છે. આ શાલભંજીકાઓ પૃથીવી પરિણામ વાળી છે. અને વિજય દ્વારની જેમ નિત્ય છે. તેઓનું મુખ ચંદ્રમાં સમાન છે. તેનો ભાલ પ્રદેશ લલાટ આઠમના ચંદ્રમા જેવો છે. ઉલ્કામુખ વીજળીથી ભેદાયેલા જાજવલ્યમાન અગ્નિ પુંજના જેવી એ ચમકીલી છે. તેનો આકાર શ્રૃંગાર પ્રધાન છે. તેથીજ તેઓ પ્રાસાદીય છે. દર્શનીય છે. અભિરૂપ છે એને પ્રતિરૂપ છે.

વિજય દ્વારની બન્ને તરફની બેઉ નૈષેધિકા ઓમાં બબ્બે જાલ કટકો કહેવામાં આવેલ છે. તમામ જાલકટકો સર્વ રત્નમય છે. એ વિજય દ્વારની બન્ને બાજુની બેઉ નૈષેધિકાઓમાં બબ્બે ઘંટાઓની પરિપાટી લાઈન છે. એ તમામ ઘંટા સુવર્ણમય છે. તેમાં જે લોલકો છે તે વજ્રારત્નમય છે. અનેક મણિયોની બનેલ ઘંટા પાર્શ્વ છે. ઘંટા ઓની સાંકળો તપનીય સુવર્ણની બનેલ છે. રજતમય દોરિયો છે. એ ઘંટાઓનો અવાજ એકવાર વગાડવાથી ઘણા વખત સુધી સાંભળવામાં આવે છે. અને સુંદર નિર્ઘોષ વાળી છે. એ પ્રદેશમાં શ્રોતાઓના કર્ણ અને મનને અત્યંત આનંદ આપતાર ઉદાર અને મનોજ્ઞ શબ્દથી-પોતાના અવાજથી યાવત્ દિશા અને વિદિશાના ભૂ ભાગને વાચાલિત કરતી વિશેષ પ્રકારની શોભાથી યુક્ત બનેલ છે. એ વિજય દ્વારની બનને બાજુની બન્ને નૈષેધિકીમાં બબ્બે વનમાળાઓની હાર હોવાનું કહ્યું છે. આ વનમાળાઓ અનેક વૃક્ષો અને અનેક લતાઓના કિસલય રૂપ પલ્લવોથી યુક્ત છે. પ્રાસાદીય છે. દર્શનીય છે. અભિરૂપ છે. અને પ્રતિરૂપ છે. એ પોતાના ઉદાર ગંધથી કે જે નાક અને મનને શાંતી આપનાર છે, સઘળી દિશાઓ અને વિદિશાઓના મૂળ પ્રદેશને ગંધથી ભરીને સુંગધીવાળો બના વતા રહે છે. વિજય નામના દ્વારની બન્ને બાજુની બન્ને નૈષેધિ કીયોમાં બબ્બે પ્રકંઠકો છે. આ પીઠ વિશેષ રૂપ પ્રકંઠકો ચાર યોજનની લંબાઈ પહોળાઈ વાળા છે. અને બે યોજ નના ઘેરાવાવાળા છે. આ પ્રકંઠકો સર્વ પ્રકારે વજ્રામય હોય છે. આકાશ અને સ્ફટિક મણિની જેમ અચ્છ-અત્યંત નિર્મળ છે. યાવત્ પ્રતિરૂપ છે. આ પ્રકંઠકોની ઉપર અલગ અલગ પ્રાસાદાવતંસક કહેવામાં એ બધા પ્રાસાદાવતંસકો ચાર યોજનની લંબાઈ પહોળાઈ વાળા કહ્યા છે. એ બધા પ્રકંઠકો ઉન્નત પ્રભાવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સઘળી દિશાઓમાં ફેલાઈ ગયેલા જેવા અને હસતા ન હોય તેવા દેખાય છે. ચન્દ્રકાંત વિગેરે મણિયો અને કર્કેતન વિગેરે રત્નો વાળી અનેક પ્રકારની રચનાથી એક રૂપ હોવા છતાં પણ અનેક રૂપોવાળા જણાય છે. એ પ્રકંઠકો પવનથી કંપિત તથા વિજયને સૂચિત છત્રાતિચ્છત્રોથી યુક્ત છે. અત્યંત ઉંચા છે. કેમકે-તેની ઉંચાઈ ચાર યોજનની કહેવામાં આવેલ છે. તેના પર જે શિખરો છે, તે મણિયોના અને સોનાના બનાવેલ છે. તેના દ્વાર પ્રદેશોમાં વિકસિત થયેલ શતપત્રોના શતપત્રોવાળા કમળો અને પુંડરીકોના ચિત્રો ચિત્રેલા છે. આ પ્રકંટકો અનેક પ્રકારના મણિયોથી બનાવેલ માળાઓથી અલંકૃત કરેલા છે. એ અંદર અને બહાર ચિકાશવાળા છે. તેની અંદર તપનીય સોનાની વાલુકા-રેત પાથરેલ છે. તેનો સ્પર્શ સુખકારક છે. એનું રૂપ લોભામણું છે. પ્રાસાદાવતંસકો પ્રાસાદીય દર્શનીય અભિરૂપ અને પ્રતિરૂપ વિગેરે વિશેષણો વાળા છે.

એ પ્રાસાદાવતંસકો પૈકી દરેક પ્રાસાદોમાં અંદરનો ભૂમિભાગ બહુ સરખા અને રમણી છે. એ બહુસમરમણીય ભૂમિભાગોના બહુમધ્ય દેશભાગમાં અલગ અલગ મણિપીઠિકાઓ કહેલ છે. એ મણિપીઠિકાઓની લંબાઈ અને પહોળાઈ એક યોજનની છે. અને તેની મોટાઈ અર્ધા યોજનની છે. એ બધી મણિપીઠિકાઓ સર્વ પ્રકારથી રત્નમય છે. યાવત્ પ્રતિરૂપ વિગેરે વિશેષણો વાળી એ મણિ પીઠિકાઓની ઉપર દરેક મણિ પીઠિકામાં એક સિંહાસનો કહ્યા છે. તે સિંહાસનો પાયાઓનો જે નીચેનો ભાગ છે, તે તપનીય સોનાનો બનાવેલ છે. એ સિંહાસનોની ઉપર નીચેના ભાગમાં જે સિંહોના ચિત્રો ચિત્રેલા છે તે ચાંદીના બનેલા છે. એના પાદપીઠો અનેક પ્રકારના મણિયોના બનેલા છે. એ સિંહાસનોના જે કલેવરો છે તે જંબૂનદ નામના સુવર્ણ વિશેષના બનેલ છે. એ સિંહાસનના કલેવરોની સંધિયો અનેક પ્રકારના મણિયો બનેલ છે. સિંહાસ નોના જે પાદપીઠ છે તે અનેક પ્રકારના ચન્દ્રકાંતમણિ વિગેરે મણિયોથી અને કર્કેતન વિગેરે મણિયોથી બનેલા છે. તે પ્રત્યેક પાદ પીઠોની ઉપર કોમળ આચ્છાદન વસ્ત્ર પાથરવામાં આવેલ છે. એ ઓછાડની ઉપર એક બીજુ વસ્ત્ર કે જે ઉપચિત છે જેના પર અનેક પ્રકારના રમણીયે વેલબૂટા વિગેરે બનેલા છે. જેને પલંગપોસા કહેવામાં આવે છે અને જે સૂતરનું બનેલ હોય છે. આ પલંગપોસની ઉપરની ધૂળ વિગેરે દૂર કરવામાં એક બીજુ વસ્ત્ર સંભાળ પૂર્વક રાખવામાં આવેલ છે. બધા સિંહાસનો લાલ વસ્ત્રથી ઉપરથી ઢંકાયેલા રહે છે. એથી જ એ ઘણાજ સુંદર જણાય છે. એનો સ્પર્શ અત્યંત મૃદુ કોમળ છે. પ્રાસાદીય મનોહર હોય છે. દરેક સિંહાસનની ઉપર વિજયદૂષ્ય રાખવામાં આવેલ એ વિજયદૂષ્ય વસ્ત્ર ધોળા રંગનું હોય છે. સર્વ પ્રકારે રત્નમય છે. અચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વિજય દૂષ્ય વસ્ત્રોના બહુમધ્ય દેશ-બરોબર વચ્ચેના ભાગમાં અલગ અલગ વજ્રમય અંકુશો છે. આ વજ્રમય અંકુશોમાં દરેક અંકુશોની ઉપર મગધ દેશ પ્રસિદ્ધ કુમ્ભપ્રમાણવાળી મોતીયોની માળાઓ રાખવામાં આવેલ છે. એ માળાઓ તપ નીય સોનાના લંબૂસકો ઝૂમખાઓથી યુક્ત છે અને સોનાના પતરાથી મઢેલ છે. એ પ્રાસાદા વતંસકોની ઉપર અનેક પ્રકારના આઠ મંગલ દ્રવ્ય કહેવામાં આવેલ છે. વિજયદ્વારની બન્ને બાજુ જે બે નૈષેધિકીયો છે,તેના બબ્બે તોરણો કહેવામાં આવેલ છે.એ તોરણોના ભાગમાં બબ્બે શાલભંજીકાઓ છે. એ તોરણોની આગળ બબ્બે નાગદંત-છે. એજ રીતે એ તોરણોના આગળ બબ્બે પદ્મલતાઓ, યાવત્ બબ્બે આમ્રલતાઓ બબ્બે વાસંતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લતાઓ બબ્બે કુંદલતાઓ બબ્બે અતિમુક્તલતાઓ અને બબ્બે શ્યામલતાઓ છે. અને આ બધીજ લતાઓ સર્વદા કુસુમિત, ફુલોવાળા યાવત્ સર્વદા પ્રણમિત હોય છે. ઓ એ તોરણોની આગળ બબ્બે ચંદન કલશો કહેલા છે. એ તોરણોની આગળ બબ્બે ભૃંગારક ઝારી કહેલ છે. એ તોરણોની આગળ બબ્બે આદર્શક-દર્પણો કહેલ છે. એ તોરણોની આગળ બબ્બે વજ્રરત્નના બનાવેલ થાલ-થાળીયો કહ્યા છે. તોરણોની સામે બબ્બે પાત્રી કહેલ છે. એ બન્ને પાત્રિયો સ્વચ્છ પાણીથી ભરેલી જેવી છે. એ તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક- છે એ તોરણોની આગળ બબ્બે -પીઠિકાઓ કહેલ છે.એ તોરણોની સામે બબ્બે પુષ્પ પટલ છે. બબ્બે હય પટલ છે. બબ્બે પટલ છે. બબ્બે સિદ્ધાર્થ પટલ છે. આ બધાજ પટલો સર્વાત્મના રત્નમય છે. અને અચ્છથી લઈને પ્રતિરૂપ સુધીના વિશે ષણો વાળા છે તોરણોની આગળ બબ્બે સિંહાસનો કહેવામાં આવેલ તે તોરણોની આગળ બબ્બે રૂપાના આચ્છ્દન છત્રો કહેલા છે. એ તોરણોની આગળ સુગંધિત તેલ રાખવાના બબ્બે તેલ સમુદ્ગકો છે. આ બધા સમુદ્ગકો સર્વ પ્રકારથી રત્નના બનેલા છે. અને એ બધાજ સમુદ્ગકો અચ્છ આકાશ અને સ્ફટિકની જેમ અત્યંત સ્વચ્છ છે. શ્લક્ષણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજસ્ક, નિર્મલ, નિષ્કંકટચ્છાય, સપ્રભ, સો-દ્યોત, સમરીચિક પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અનેપ્રતિરૂપ એ વિશેષણોથી યુક્તછે.

[૧૭૦] એ વિજય દ્વારની ઉપર ચક્રના જેવા આકારવાળાચિહ્નોથી યુક્ત એક સો આઠ ધજાઓ છે. એક સો આઠ મૃગના જેવા આકારવાળી ધજાઓ છે. યાવત્ એકસો આઠ શ્રેષ્ઠ નાગ-હાથીઓમાં કેતુરૂપ અર્થાત્ ઉત્તમ અને ધોળા ચાર દાંતોવાળા હાથિયોના આકારવાળી ધજાઓ છે. આ પ્રમાણે બધા મળીને એ વિજય દ્વાર પર ૧૦૮૦ ધજાઓનું પ્રમાણ કહેવામાં આવેલ છે. વિજય દ્વારની આગળ નવ ભૌમ વિશેષ પ્રકારના સ્થાનો કહેવામાં આવેલ છે. ભૌમોનો જે અંદરનો ભૂમિભાગ છે તે ઘણોજ રમણીય છે. એ વિશેષ પ્રકારના ભૌમાંની ઉપર જે પ્રાસાદ વિશેષ હોય છે તેનું નામ ઉલ્લોક છે. એ ઉલ્લોકોની ઉપર પદ્મલતાના ચિત્રો છે. વનલતાના ચિત્રો છે. યાવત્ એ ભૌમો સર્વાત્મના તપનીય સુવર્ણમય છે. તથા અચ્છ, શ્લક્ષ્ણ, વિગેરે પૂર્વોક્ત વિશેષણો વાળા છે. ભૌમાના બહુમધ્ય દેશભાગમાં એક વિશાળ સિંહાસન કહેવામાં આવેલ છે અહીયા સિંહાસનો આદિ સર્વે વર્ણન પૂર્વવત્ જાણવું એ સિંહાસનના વાયવ્ય ખૂણામાં ઉત્તર દિશામાં અને ઈશાન ખૂણામાં વિજય દેવના ચાર હજાર સામાનિકદેવોના ચારહજાર ભદ્રાસનો છે. તથા આ સિંહાસનોની પૂર્વદિશામાં વિજયદેવની ચાર અગ્રમહિષિયોના સપરિવાર ચાર ભદ્રાસનો કહેલ છે. એ સિંહાસનના અગ્નિખુણામાં વિજયદેવની આભ્યંતર પરિષ દાના આઠ હજાર દેવોના આઠ હજાર ભદ્રાસનો છે એ સિંહાસનની દક્ષિણ દિશામાં વિજય દેવાંની બીજી મધ્યમ પરિષદામાં દસ હજાર દેવોના દસ હજાર ભદ્રાસનો છે, એ સિંહાસનની દક્ષિણ પશ્ચિમ દિશામાં વિજય દેવની બાહ્ય પરિષદાના બાર હજાર દેવોના બારહજાર સિંહાસનો છે. સિંહા સનની પશ્ચિમ દિશામાં વિજય દેવના સાત અનીકાધિ- પતિયોના સાત ભદ્રાસનો છે. એ સિંહાસનની પૂર્વ દિશામાં પશ્ચિમદિશામાં ઉત્તર દિશામાં વિજયદેવના સોળહજાર અને આત્મરક્ષક દેવોના સોળ હજાર ભદ્રાસનો રાખેલ છે. પૂર્વ દિશામાં ચાર હજાર દક્ષિણ દિશામાં ચાર હજાર પશ્ચિમ દિશામાં ચાર હજાર અને ઉત્તર દિશામાં ચાર હજાર આ દરેક ભૌમમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક એક સુંદર સિંહાસન સામાનિક વિગેરે દેવ યોગ્ય ભદ્રાસન વિગેરે રૂપ પરિવાર વગરના કહેલ છે.

[૧૭૧]વિજય દ્વારનો જે ઉપરનો આકાર છે તે સોળ પ્રકારના રત્નોથી સુશોભિત વિજય દ્વારની ઉપર આઠ આઠ મંગલ દ્રવ્ય કહેવામાં આવેલ છે. વિજયદ્વારની ઉપર અનેક પ્રકારની કૃષ્ણ વર્ણવાળી ચામરોની યાવત્ સફેદ વર્ણ વાળી ચામરોની ધજાઓ છે. વિજયદ્વારની ઉપર અનેક છત્રાતિછત્ર । છે, પતાકાતિપત્તાકા છે. અને ઘંટા યુગલ છે. ચામરયુગલ છે. કમળના સમૂહો છે. જે આ બધા સર્વ પ્રકારથી રત્નમય તથા અચ્છ શ્લક્ષ્ણ વિગેરે પૂર્વોક્ત વિશેષણો વાળા છે.

[૧૭૨] હે ગૌતમ ! વિજયદ્વારમાં વિજય નામના દેવ રહે છે. એ દેવ ભવન પરિવાર રૂપ ઘણીજ મોટી એવી ઋદ્ધિવાળા છે. ઘણીજ મોટી ધુતિવાળા છે. ઘણાજ બળવાન છે. ઘણીજ વિશાળખ્યાતિવાળા છે. શાતાવેદનીયકર્મના ઉદયથી ઘણાજ મોટા સુખને ભોગવાનારા છે ઘણા જ તેજસ્વી છે. તથા એક પલ્યોપમની સ્થિતિ વાળા છે. તે દેવ ત્યાં રહી ને પોતાની પરીવાર સહિતની ચાર અગ્રમહિષિયોની, પરિષદાઓની અનીકાધિપતિયોની, સાત સેનાઓની અને સોળ હજાર આત્મરક્ષક દેવોની તથાં વિજય દ્વારની વિજય નામની પોતાની રાજધાનિની અને વિજયારાજધાનીમાં રહેવા વાળા અનેક દેવ દેવિ યોની રક્ષા કરતા યાવત્ દિવ્ય ભોગોપભોગોને ભોગવતા પોતાના સમયને આનંદ પૂર્વક વીતાવતા રહે છે. એ વિજય દેવ દિવ્ય શબ્દાદિક ભોગોને ભોગવતા પોતાના સમયને શાંતીપૂર્વક વીતાવતા રહે છે. આ કારણથી હે ગૌતમ ! વિજયદ્વારનું નામ વિજયદ્વાર અને પ્રમાણ થયેલ છે. અથવા તો હે ગૌતમ ! વિજય દ્વારનું વિજયદ્વાર એ પ્રમાણેનું નામ છે તે શાશ્વતજ છે.

[૧૭૩]વિજયદેવની વિજયાનામની રાજધાની કયા સ્થાન પર આવેલ છે ? હે ગૌતમ ! વિજયદ્વારની પૂર્વદિશામાં તિર્યગ્ અસંખ્યાત દ્વીપસમુદ્રોને પાર કરીને આવતા બીજા જંબૂદ્વીપમાં બાર હજાર યોજન જવાથી બરોબર એજ સ્થાન પર વિજય દેવની વિજયાનામની રાજધાની છે. વિજયરાજધાનીની લંબાઈ પહોળાઈ બાર યોજનની છે. તથા તેનો પરિક્ષેપ ૩૭૯૪૮ યોજનથી કંઈક વધારે છે. આ રાજધાની એક પ્રાકારથી ચારે બાજુ ઘેરાયેલ છે. આ પ્રકાર ઉંચાઈમાં ૩૭ાા યોજનનો છે. અને મૂલમાં ૧૨ાા સાડાબાર યોજનના વિસ્તારવાળો છે. તથા મધ્યમાં એક કોષ સહિત છ યોજનના વિસ્તાર વાળો છે. તથા ઉપરમાં યોજનના વિસ્તાર વાળો છે. આ રીતે આ પ્રકાર મૂળમાં વિસ્તાર યુક્ત તથા મધ્યભાગમાં સંક્ષિપ્ત છે. અને ઉપરના ભાગમાં પાતળો થયેલ બહારના ભાગમાં તે વૃત્તાકાર છે. મધ્યમાં ચોરસ બહુ ઉંચુ કરવામાં આવેલ ગાયના પૂંછડાના આકાર જેવા આકારવાળો એ પ્રાસાદ છે. સુવર્ણમય છે. સ્વચ્છ છે. ચિકાશવાળો છે. નિર્મલ છે.નિષ્પંક નિષ્કંટક પ્રભાવાળો, પ્રકાશવાન્ મનને પ્રસન્ન કરવાવાળો જોવા યોગ્ય રૂપવાન ન હોય તેવો હોવાથી એ પ્રતિરૂપ છે. તથા તે પ્રાકાર અનેક પ્રકારના પાંચ પ્રકારના વર્ણવાળા કાંગરાઓથી શોભાયમાન છે તે તે કાંગરાઓ લંબાઈમાં અર્ધાકોશના છે. પહોળાઈમાં પાંચસો ધનુષવાળા છે. એક દેશકમ અર્ધા કોશની ઉંચાઈ વાળા છે. તે બધી રીતે મણીયોનાજ બનેલ છે. અચ્છ વિગેરે વિશેષણો વાળા છે એક એક વાહામાં એકસો પચીસ એકસો પચ્ચીસ દ્વારો છે. દરેક દ્વારો સાડા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાર યોજનની ઉંચાઈ વાળા અને એકત્રીસ યોજન અને એક કોસના વિસ્તારવાળા છે. એટલું જ પ્રવેશસ્થળ છે. તથા એ દ્વાર સફેદ વર્ણના અને ઉત્તમ સોનાના તથા નાના નાના શિખરોવાળું છે.

પૂર્વોક્ત વિશેષણોવાળા વિજયદ્વારોના બન્ને પડખા ઓમાં બબ્બે પ્રકારની નૈષેધિકાઓ ખૂંટિયો બબ્બે ચંદન કલશોની પંક્તિયો છે. એ ચંદન કલશો સુંદર કમલોના પ્રતિષ્ઠાન પર રાખવામાં આવેલ છે. એ કલશો સંપૂર્ણ રત્નમય સ્વચ્છ અને શ્લક્ષ્ણથી લઈને પ્રતિરૂપ સુધીના વિશેષણોવાળા છે. આ વન માળા સુધી તમામ વર્ણન સમજી લેવું એ દરેક દ્વારોની બન્ને બાજુ એક એક નૈષેધિ કાઓ બન્ને પ્રકારની નૈષેધિકાઓમાં બબ્બે પ્રકંટકો- છે. તે દરેક પીઠ વિશેષ એક ત્રીસ યોજન અને એ કોશની લંબાઈ પહોળાઈ વાળા છે. પંદર યોજન અને અઢી કોસના વિસ્તારવાળા છે. અને પૂરેપૂરા વજ્રરત્નના છે. એ પીઠ વિશેષોના ઉપર એ પ્રાસાદાવતંસકો ઈત્યાદિ એકત્રીસ યોજન ઉપર એક કોસ જેટલા ઉંચા છે. પંદર યોજન અને અઢિ કોસના લંબાઈ વાળા છે. બાકીનું તમામ વર્ણન સમુદ્ગક સુધીનું પહેલા કહ્યા પ્રમાણે જ છે. તે વિજય રાજધાનીના એક એક દ્વારમાં૧૦૮૦ ધજાઓ થાય છે. એક એક દ્વારની ઉપર સત્તરસત્તર ભૌમ છે. એ ભૌમોના ભૂમિભાગ અને ઉલ્લોક અંદરનો ભાગ પદ્મલતા,આદિ અનેક ચિત્રોની છટાથી ચિત્રેલા છે. આ તમામ વર્ણન પહેલાં કહેવામાં આવેલ પ્રાસાદાવતંસક પ્રમાણે જ અહીયાં સમજી લેવું જોઈએ. આ રીતે પૂર્વાપર આગળ પાછળ ના બધાયમળીને વિજયારાજધાનીના પાંચસો દ્વારો કહેવામાંઆવેલ છે

[૧૭૪] વિજયા નામની રાજધાનીની ચારે દિશાઓમાં પાંચસો યોજન આગળ જાય ત્યારે બરાબર એજ સ્થાનપર ચાર વનખંડો કહેવામાં આવેલા છે. અશોકવન, સપ્તપર્ણ, આમ્ર વન ચંપકવન છે. રાજધાનીની પૂર્વ દિશામાં અશોક વન છે. દક્ષિણ દિશામાં સપ્તપર્ણ વન છે. પશ્ચિમ દિશામાં ચંપકવન ઉત્તરદિશામાં આમ્રવન છે. એ દરેક વન લંબાઈમાં કંઈક વધારે ૧૨૦૦૦ યોજન છે. અને પહોળાઈમાં ૫૦૦ યોજનના છે. દરેક વન પ્રકાર-કોટથી ઘેરાયેલા છે. અશોક વનખંડ અત્યંત ઘન-ગાઢ હોવાથી કયાંક કયાંક તો કાળા જણાય છે, યાવત્ કયાંક બિલ્કુલ સફેદ દેખાય છે. આ વનખંડોમાં અનેક વાન વ્યન્તર દેવ અને દેવિયો આવીને સૂખપૂર્વક ઉઠે બેસે છે. સૂવે છે. ઉભા રહે છે. બેસી રહે છે. પડખા બદલે છે. અને આરામ કરે છે. પરસ્પર પ્રેમાલિંગન કરે છે. મનમાં જે રૂચે એવું કામ કર્યા કરે છે. વાજીંત્રો વગાડે છે. પૂર્વભવમાં કરેલા પોતાના એવા પૂર્વના કર્મોના કે જે એ સમયમાં વિશેષ પ્રકારથી તે કાળને ઉચિત ધાર્મિક અનુષ્ઠાન કરવામાં અપ્રમાદ કરવાથી ક્ષમા વિગેરે ભાવો રાખવાથી પ્રાપ્ત કરવામાં આવેલ મૈત્રી સત્યભાષણ, પરદ્રવ્યાનપહરણ અને સુશીલપણું વિગેરે રૂપ પરાક્રમના કારણે જેમાં અનુભાગ બંધ શુભરૂપ જ થાય અને એજ કારણે જે શુભફલને આપવા વાળા થયેલ છે. અનર્થોને ઉપશમ કરવાવાળા એવા આનંદકારક ઉદય વિશેષને ભોગ વતા રહે છે. વનખંડોના બરોબર મધ્ય ભાગ માં શ્રેષ્ઠ પ્રાસાદો કહ્યા છે. આ પ્રાસાદોની ઊંચાઈ બાસઠ યોજન અને અર્ધ કોસની તથા તેની લંબાઈ પહોળાઈ ૩૧ યોજન અને એક કોસની છે. વિગેરે બધો જ પાઠ સમજી લેવો.

એ વનખંડની વચમાં ચાર દેવો કે જેઓ પરિવાર વિગેરે રૂપ મહાઋદ્ધિ વાળા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આ પ્રમાણે છે. અશોકવનમાં અશોક નામના દેવ નિવાસ કરે સપ્તપર્ણવન માં સપ્તપર્ણ નામના દેવો રહે છે. આમ્રવનમાં ચૂયનામના દેવ રહે છે. એ અશોક વિગેરે વનોમાં રહેવાવાળા અશોક વિગેરે પોતપોતાના પ્રાસાદા વતંકોના પોતપોતાના સામાનિક દેવોનું પોતપોતાની અગ્રમહિષી દેવીયોનું પોતપોતાની આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતા થકા ત્યાં સુખ પૂર્વક રહે છે. રમણીય ભૂમિ ભાગના બરોબર વચ્ચેના ભાગમાં એક એક ઘણું મોટું વિશ્રામસ્થાન છે. આ વિશ્રામ સ્થાન લંબાઈ પહોળાઈમાં બાર યોજનના વિસ્તારવાળું તેનો પરિક્ષેપ ઘેરાવો ૩૭૯૫ યોજનથી કંઈક વધારે તથા તેનો વિસ્તાર એક કોસ અને એક હજાર ધનુષ જેટલો છે. સુવર્ણમય છે. સ્ફટિક મણિના જેવો નિર્મળ છે. ચિકાશ યુક્ત છે. ધૂળ વિગેરેના સંસર્ગથી બિલકુલ રહિત છે. પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. આ ઉપકારિકા લયન રૂપ વિશ્રામ સ્થાન એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચારે બાજુ ઘેરાયેલ છે. ૬૨ા યોજનની ઉંચાઈ વાળો છે. તથા ૩૧ યોજન અને એક કોસનો છે વિગેરે તમામ વર્ણન પહેલા કહેલ તે રીતે સમજવું

[૧૭૫]તે મૂલ પ્રાસાદાવતંસકની ઈશાન કોણમાં વિજયદેવની સુધર્મા નામની સભા કહેવામાં આવેલ છે. એ સભા ૧૨ા યોજનની લાંબી છે. અને ૬ા યોજનની પહોળી તેની ઉંચાઈ નવ યોજનની છે. તેમાં સેંકડો થાંભલાઓ લાગેલા છે. નીચેથી ઉપર સુધી સારી રીતે બનાવેલ વેદિકાથી તે યુક્ત છે. તેના ઉત્તમ તોરણોની ઉપર બહારના દરવાજાની ઉપર શોભા વધારવા માટે એક અતિ રમણીય શાલભંજીકા- છે. આ સભાનો જે ભૂમિભાગ છે, તે અનેક પ્રકાર ના કીંમતિ મણિયોથી સુવર્ણથી અને રત્નોથી જડેલ છે, અને રમણીય છે. એ સભામાં ઈહામૃગ વૃષભ-બળદ તુરગ-ઘોડાના-મનુષ્ય મકર વગેરે ચિત્રો બનાવવામાં આવેલ છે. તેમાં સ્તંભોની ઉપર વજની વેદિકાઓ બનાવેલ છે. વિદ્યાધરોના જોડલાઓની જેમ હજારો માળાઓથી એ ચારે બાજુથી વીંટળાયેલ છે. તે હજારો રૂપથી યુક્ત છે. જોવાથી એ એવી લાગે છે કે જાણે જોનારા ઓના નેત્રોને પકડી રહેલ છે. તેનો સ્પર્શ અત્યંત સુખકારક છે. તેનું રૂપ ઘણું જ મનોહર શિખર સુવર્ણ, મણી અને રત્નોના બનેલ છે. અનેક પ્રકારની પતાકાઓથી અને પાંચ વર્ણોથી યુક્ત ઘંટાઓથી તેના આગળના શિખરો સુશોભિત છે. તેના નીચેનો ભાગ ગાયના છાણથી લીપેલ છે. એની તેની તમામ ભીંતો ચુનાથી ધોળેલ છે. એની ભીંતો ઉપર ગોશીર્ષ ચંદન અને રક્ત ચંદનના લેપોથી મોટા મોટા હાથો-થાપા લગાડેલ છે. ઘણા સુંદર ચંદન કલશો મંગલ ઘટો તેમાં રાખ વામાં આવેલ છે. તે સુધર્માસભાના ઉપરની અંદરની ભીંત પર જે મોટી અને ગોળ ગોળ માળાઓનો સમૂહ લટકાવેલ છે. તે નીચે સુધી જમીન પર લટકી રહેલ છે. ઘણીજ સુશોભિત કાલા ગુરૂ વિગેરે જે સુગંધિત દ્રવ્યો છે બધાજ દ્રવ્યો અહીંયા રાખવામાં આવેલ છે. જુદા જુદા ફેલાયેલા અપ્સરા ઓના સમૂહોથી ખીચોખીચ ભરાયેલ છે. દિવ્ય વાજીંત્રોના મધુર મધુર શબ્દોથી તે પ્રતિધ્વનિત બનેલ છે. તેને જોનારાઓના મનને ઘણોજ આનંદ થાય છે. એ સર્વાત્મના રત્નમય છે. આકાશ અને સ્ફટિકમણિની જેમ તે નિર્મળ છે. યાવત્ પ્રતિરૂપ છે.

એ સુધર્માસભાની દિશાઓમાંએક દરવાજો પૂર્વદિશામાં બીજો દરવાજો દક્ષિણ દિશામાં અને ત્રીજો દરવાજો ઉત્તર દિશામાં છે એ દરેક દરવાજા ઉંચાઈમાં બબ્બે યોજનના છે. અને પહોળાઈમાં એક એક યોજનના છે. દરેકનો પ્રવેશ પણ એટલો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ છે. અર્થાત્ એક યોજનનો છે. એ દરવાજાઓની ઉપરનો ભાગ સફેદ અને ઉત્તમ એવા સોનાનો બનેલ છે. એ દરવાજાઓની સામે મુખ મંડપ છે. એ બધાજ મુખ મંડપો ૧૨ા યોજ નની લંબાઈ વાળા છે. અને એક કોસથી વધારે છ યોજનની પહોળાઈ વાળા છે. કંઈક વધારે બે યોજનની તેની ઉંચાઈ છે. બધા મુખમંડપો સેંકડો સ્તંભોથી યુક્ત છે. દરેક મુખમંડપોની આગળ પ્રેક્ષાગૃહ મંડપો બનેલા છે. એ દરેક પ્રેક્ષાગૃહ મંડપો સાડા બાર યોજનની લંબાઈવાળા છે. તે દરેકની ઉંચાઈ બબ્બે યોજનની અહીંયા પ્રેક્ષાગૃહોના ભૂમિભાગનું વર્ણન મણિયોના સ્પર્શના વર્ણન સુધી જેવી રીતે પહેલા કરવામાં આવેલ છે. એજ પ્રમાણે કરીલેવું બહુસમ રમણીય ભૂમિભાગવાળા પ્રેક્ષાગૃહોની વચમાં દરેકે દરેકમાં વજ્ર રત્નના અક્ખાડગો છે. એ વજ્રરત્નમય અક્ખાડગોના બહુ મધ્યદેશ ભાગમાં અલગઅલગ મણિપીઠિકાઓ એ મણિપીઠિકાઓ એક યોજનની લંબાઈ પહોળાઈ વાળી છે. અર્ધા યોજનના વિસ્તારવાળી છે. તથા નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. એ મણિપીઠિકાઓની ઉપર પૃથક્ પૃથક્ સિંહાસનો કહેલાં છે. એ સિંહાસનો અને માળાઓનું વર્ણન પૂર્વવત્. એ દરેક મણિપીઠિકાઓની ઉપર અલગ અલગ ચૈત્યસ્તૂપો છે. એ ચૈત્યસ્તૂપો બે યોજનની લંબાઈ પહોળાઈ વાળા છે. અને ઉંચાઈમાં એ કંઈક વધારે બે યોજનના છે. તે બધા ચૈત્યસ્તૂપો એકદમ સફેદ વર્ણના છે. એ બધા ચૈત્યસ્તૂપો સર્વ રીતે રત્નમય છે. યાવત્ પ્રતિરૂપ છે. એચૈત્યસ્તૂપોની આગળ આઠ આઠ મંગલ દ્રવ્યો છે. અનેક કાળા રંગની ચામરો છે. અને ધજાઓ છે. ચૈત્ય સ્તૂપોની ચારે દિશાઓમાં જૂદી જૂદી ચાર મણિપીઠિકાઓ કહેલી છે. તે એક યોજનની લંબાઈ પહોળાઈ વાળી અને અર્ધાયોજનના વિસ્તાર વાળી છે. તથા તે બધી મણિપીઠિકાઓ સર્વાત્મના મણિમય છે એ મણિ પીઠિકાઓની ઉપર જિનની અર્થાત્ અરિહંત પ્રતિમા છે. જેનો ઉત્સેધ ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષનો છે. અને જઘન્યથી સાત હાથનો છે. એ બધી જીનપ્રતિમાઓ પર્યંકાસનમાં બેઠેલ છે. તે બધી પ્રતિમાઓનું મુખ સ્તૂપની તરફ છે. તે પ્રતિમાઓના નામો ઋષભ, વર્દ્ધમાન ચંદ્રાનન અને વારિસેન આ ચારે નાહક અરિહંતોના શાશ્વત નામો છે. ચૈત્યસ્તૂપોની આગળ દરેક દિશામાં મણિપીઠિકાઓ એ મણિપીઠિકાઓ લંબાઈ પહોળાઈમાં બબ્બે યોજનની છે. તથા વિસ્તારમાં એક યોજનની છે.

એ તમામ મણિપીઠીકાઓ નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે મણિપીઠિકાઓની ઉપરના ભાગમાં અલગ અલગ ચૈત્ય વૃક્ષો છે. એ ચૈત્ય વૃક્ષો આઠ યોજનની ઉંચાઈવાળા છે. અને ઉદ્વેધની અપેક્ષાએ એ અર્ધા યોજનના ચારે દિશાઓમાં જે તેનો ફેલાવો છે. તેને બે યોજન પર્યન્ત તેના સ્કંધ-ડાળીયોનો વિસ્તાર છે. અર્ધા યોજનનો તે સ્કંધનો વિસ્તાર છે. યોજનની તેની શાખાઓ છે. જે શાખાઓ વૃક્ષના બરોબર વચમાંથી નીકળીને ઉંચે જાય છે. તે શાખાને વિડિમાં કહેવામાં આવે છે. એ ડાળોની લંબાઈ પહોળાઈ આઠ યોજનની છે. અને એ વિડિમા ડાળ અર્ધા યોજનના વિસ્તારવાળી છે એ બધા ચૈત્યવૃક્ષો મળીને કંઈક વધારે આઠ યોજનના વિસ્તારવાળા કહેલા છે. એ ચૈત્યવૃક્ષોનો મૂળ ભાગ વજ્ર રત્નનો છે. તેની વિડિમા શાખા ચાંદીની છે. રિષ્ટ રત્નમય તેના વિપુલ સ્કંદો છે. વૈડૂર્ય રત્નોના તેના રૂચિર સ્કંધો છે. તથા તેની જે મૂલ રૂપ પહેલી શાખાઓ છે, તે શુદ્ધ અને ઉત્તમ એવા સોનાની છે. તેની અનેક પ્રકારની જે પ્રશાખાઓ છે તે અનેક પ્રકારના મણિયોની અને રત્નોની છે. તેના પાન વૈડૂય રત્નના છે. અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાનના ડીંટાઓ તપાવ વામાં આવેલ પરમશુદ્ધ સોનાના છે. જંબૂ સુવર્ણ વિશેષના લાલવર્ણવાળા કોમળ અને મનોજ્ઞ પ્રવાલ કૂંપળો અને પત્રો છે. અને તેની પાંસેના અંકુરો સુંદર અને સુશોભિત જણાય તેની શાખાઓ ડાળો વિચિત્ર મણિરત્નોના સુગંધવાળા પુષ્પો અને ફળોના ભારથી નમેલી છે. તેની છાયા ઘણીજ ભવ્ય છે. પ્રભા યુક્ત છે. કિરણોથી યુક્ત છે. ઉદ્યોત સહિત છે. તેના ફળો એક સરખા રસવાળા છે અને તેનો એ રસ અમૃત રસના જેવો સ્વાદીષ્ટ છે, એ બધા નેત્રો અને મનને ઘણાજ અધિક પણે શાંતી પમાડવાવાળા છે. પ્રસન્ન કરવા વાળા છે. જોવાલાયક છે.અભિરૂપ અને પ્રતિરૂપ છે. એ ચૈત્યવૃક્ષો બીજા પણ ઘણા એવા વૃક્ષોથી ચારેબાજુથી ઘેરાયેલા તિલક વૃક્ષથી લઈને નંદીવૃક્ષ સુધીના એ બધા વૃક્ષો પ્રશસ્ત મૂળવાળા અને પ્રશસ્ત કંદવાળા છે. યાવત્ સુરમ્ય છે.

[૧૭૬] એ બહુ સમરણીય ભૂમિભાગના એક ઘણી વિશાળ મણિપીઠિકા છે. એ મણિપીઠિકા લંબાઈ પહોળાઈમાં બે યોજનની બતાવેલ તથા તેનો વિસ્તાર એક યોજન નો છે. એ સર્વ પ્રકારથી મણિયોની જ બનેલ છે. એ મણિપીઠિકાની ઉપર એક માણવક નામનો ચૈત્યસ્તંભ ૭ા યોજનની ઉંચાઈ વાળો છે. નીચેની ભૂમિભાગમાં તેનો વિસ્તાર અર્ધા કોશનો છે તેના ખૂણાઓ છે. છ સંધિયો છે. છ સ્થાન છે. તે વજ્રનું અતિરમણીય બનેલ છે. ગોળ છે. અને સુંદર એ ઘણોજ સુશ્લિષ્ટ છે. ખરસાણથી ઘસેલા પાષાણના જેવો ચિકણો છે. અને સુપ્રતિષ્ઠિત છે. વિશિષ્ટ છે. યાવત્ એ માણ વક ચૈત્યસ્તંભની ઉપર છે કોસ આગળ જઈને અને નીચેના ભાગના છ કોસ છોડીને બાકી રહેલ વચલા સાડાચાર યોજનમાં સોના અને ચાંદીના અનેક કલાત્મક પાટિયાઓ છે. આ ફલકોનું વર્ણન પહેલાની જેમજ છે. ત્યાં ગોળ આકારવાળા સમુદ્ગકો છે. આ વજ્રના બનેલ ગોળાકારના સમુદ્ગકોમાંઅનેક શ્રીજીનેન્દ્ર ભગવાનના, હાડકા ઓ રાખેલા એ જીનેન્દ્રદેવોના હાડકાઓ દેવાધિદેવપતિ વિજય દેવ તથા વાનવ્યન્તર દેવો અને દેવિયો દ્વારા અર્ચના કરવા યોગ્ય છે. વંદના કરવા યોગ્યછે. પૂજાકરવાને યોગ્ય છે.એ પર્યુપાસ નીય મણવક ચૈત્ય સ્તંભની ઉપર આઠ આઠ મંગલદ્રવ્ય છે. તથા કૃષ્ણ, નીલ, લોહિત, હરિદ્ર, અને સફેદ વર્ણની ધજાઓ છે. અને છત્રાતિછત્રો છે. એ માણવક ચૈત્યસ્તંભની પૂર્વદિશામાં એક વિશાળ મણિપીઠિકા છે. એ મણિપીઠિકા બે યોજનની લાંબી પહોળી છે. તથાએક યોજનના વિસ્તારવાળી મણિપીઠિકા સર્વાત્મના મણીમયી છે. અને યાવત્ પ્રતિરૂપ છે. વિશાલ સિંહાસન રાખેલ છે. અહિંસા સિંહાસનનુંવર્ણન પહેલાં જેમ કરવામાં આવેલ છે.

ચૈત્યસ્તંભની પશ્ચિમદિશામાં એક વિશાળમણિ પીઠિકા છે તે મણિપીઠિકા એક યોજનની લાંબી પહોળી છે. અને અર્ધા યોજનના વિસ્તારવાળી છે. આ મણિપીઠિકા સર્વ પ્રકારે મણિયોની છે. અને આકાશ અને સ્ફટિક મણિયો ના જેવી નિર્મળ છે એ મણિપીઠિકાઓની ઉપર એક વિશાળ દેવ શય્યા છે. અનેક મણિયોના તેના પ્રતિપાદ છે. તેના મૂળ પાદ સોનાના બનેલા છે. તેના પગની ઉપરનો ભાગ અનેક મણિયોનો બનેલ છે. સંપૂર્ણ શરીર સોનાનું બનેલ છે. તેની સંધી વજ્રરત્નની બનેલ છે. તેની નિવાર રત્નોની બનેલ છે. તેના તકીયા લોહિતાક્ષમણિયોના બનેલા છે. તપેલા સોનાના બનેલ ગાલોની નીચે રાખવામાં આવનારા તકિયા છે. એ દેવશયનીય બન્ને બાજુ ઉપધાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળું છે. આ રીતે એ બન્ને બાજુ તો ઉંચા છે મધ્ય ભાગમાં નમેલ અને ગંભીર છે. એ સાલિંગનવર્તિ છે. જેમ ગંગાના કિનારા પર રહેલ રેતની ઉપર પગ રાખવાથી મનુષ્ય નીચેની તરફ ખસકતો જણાય છે. એજ પ્રમાણે તેના પર પણ ઉઠતી બેસતી વખતે નીચેની કમરનો ભાગ ખસી જાય છે. તેને કાંબળ અને રેશમી વસ્રની ચાદર થી ઢાંકેલ છે. અને પગ લુંછવા માટે ત્યાંજ એક રજસ્રાણ વસ્ર પણ રાખેલ છે. તે લાલ વસ્રથી ઢાંકેલ ઈશાન ખૂણામાં એક ઘણી વિશાલ મણિ પીઠિકા છે, આ મણિપીઠિકા લંબાઈ પહોળાઈ માં એક યોજનની છે. અને મોટાઈમા અર્ધા યોજનની છે. મણિપીઠિકાની એક બીજી નાની ધજા છે. આ માહેન્દ્ર ધજા ૭ા યોજનની ઊંચી અને તેનો ઉદ્વેધ અર્ધા કોસનો છે. તેનો વિષ્કંભ અર્ધા કોષનોછે. એ વજ્રરત્નનો બનેલ છે. ગોળ આકારનો છે, ચિકણો છે. અહીં એ ક્ષુદ્ર માહેન્દ ધજાની પશ્ચિમદિશામાં વિજયદેવનો ચૌપાલ નામનો શસ્ત્રાગાર છે. અહીયાં વિજય દેવના સ્ફટિક વિગેરે અનેક શસ્ર રત્નો રાખેલા છે. એ શસ્રો ઘણાજ ચમકદાર છે. તેજદાર છે. અને તીક્ષ્ણ ધારવાળા છે. તથા પ્રાસાદીય છે.

[૧૭૭] સુધર્મા સભાના ઈશાન ખૂણામાં એક વિશાલ સિદ્ધાયતન છે. અર્થાત્ જિનાલય છે. તેની લંબાઇ સાડા બાર યોજનની છે. અને તેની પહોળાઇ એક કોશ અને છ યોજનની છે. તથા તેની ઉંચાઇ નવ યોજનની છે. વિગેરે પ્રકારથી તમામ કથન અહીં સુધર્મા સભાના કથન પ્રમાણે કહી લેવું. એ સિદ્ધાયતનના બહુ મધ્યપ્રદેશભાગમાં એક વિશાલ મણિપીઠિકા છે. આ મણિપીઠિકા બે યોજનની લાંબી પહોળી છે. અને એક યોજનના ઘેરાવાવાળી છે. એ સર્વ રીતે મણિયોની બનેલ છે.એ મણિપીઠિકાની ઉપર એક વિશાલ દેવચ્છંકદક છે. એ બે યોજનની લંબાઇ પહોળાઇ વાળો છે, અને કંઈક વધારે બે યોજનની ઉંચાઇ વાળો છે. એ દેવચ્છંદકમાં ૧૦૮ જીન પ્રતિમાઓ અર્થાત્ અરિહંત પરમાત્માની પ્રતિમાઓ છે. તેના હાથોના તળિયા લાલ સુવર્ણના જેવા છે. અંકરત્નોના જેવા તેના નખો છે. લોહિતા ક્ષરત્નની રેખાઓ છે. તેના પાયાઓ સોનાના છે. તેની એડિયો કનકની બનેલ છે. સુવર્ણમય તેની જાંઘો છે. સુવર્ણમય તેના જાનુઓ છે. સુર્વણમય તેનાં ઉરૂ છે. તેના ઘુંટણો સુવર્ણમય છે. તપેલા સોનાની તેની નાભિયો બનેલી છે. તેની રોમ રાજીયો રિષ્ટ રત્નોની છે. તપેલા સોનાના તેના ચિચુકો છે. તપેલા સોનાના તેના શ્રીવત્સ છાતીની ઉપર રહેલ ચિન્હ વિશેષ છે. સુવર્ણમય તેના બાહુ હાથો છે અને સુવર્ણમય તેના બન્ને પડખાઓ છે. તેની ગ્રીવા-ગળું સુવર્ણમય છે. તેના ઓઠ શિલા પ્રવાલ મૂંગાના છે. તેના દાંતો સ્ફટિક મણિના બનેલા છે. તેની જીભ તપનીય સોનાની બનેલ છે. તેનો તાલુનો પ્રદેશ તપનીય સુવર્ણનો બનેલ છે. તેના નાકો સોનાના બનેલા છે. નાકની અંદરની રેખાઓ લોહિતાક્ષ રત્નની બનેલ છે. તેની આંખો અંક રત્નની બનેલ છે. આંખોની અંદરની રેખાઓ લોહિતાક્ષ રત્નની બનેલ છે. આંખોના તારાઓ રિષ્ટ રત્નના બનેલ છે. આંખોની પાંપણો રિષ્ટ રત્નોની બનેલ છે. તેના બન્ને ભમરો રિષ્ટ રત્નના બનેલ છે. તેના બન્ને ગાલો સુવર્ણનાં બનેલ છે. તેના બન્ને કાનો સુવર્ણ નિર્મિત છે. તેનો ભાલ પ્રદેશ સુવર્ણનો છે. તેના મસ્તકો વજ્રરત્નના બનેલ છે. તેના માથાના વાળો રિષ્ટ રત્નના બનેલા છે.

આ જીન પ્રતિમાઓ અર્થાત્ અરિહંત પ્રતિમાઓ પૈકી દરેક જીન પ્રતિમાની પાછળ તેના પર છત્ર ધરી રાખ નારી પ્રતિમાઓ છે. તે બધી વ્યંતર જાતના દેવોની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ છત્રધારિણી પ્રતિમાઓ હિમ, રજત, કુંદ પુષ્પ, અને ચંદ્રના જેવી શ્વેત છે. તથા પ્રભાવાળા અને કોરંટ પુષ્પોની માળાથી યુક્ત એવા સફેદ છત્રોને ઘણાજ નખરાની સાથે એ પ્રતિમાઓની ઉપર ધરેલ છે. એ જીન અર્થાત્ અરિહંત પ્રતિમાઓને બન્ને બાજુ બીજી પણ બબ્બે બબ્બે ચામર નાખવાવાળી પ્રતિમાઓ છે. એ ચામરધારી પ્રતિમાઓ તે પ્રતિમાઓની ઉપર ચમરો ઢોળી રહી છે એ ચામરોનો દંડ ચંદ્રકાંત મણિયોથી વૈડૂર્ય વિગેરે અનેક પ્રકારના મણિઓથી તથા કનક રત્નોથી તથા વિમલ વેશથી બનેલ તપનીય સોનાથી બનેલ છે. તેથી તે દેખવામાં ઘણાજ વિચિત્ર અને ઉજ્વલ લાગે છે. એ ચામરો અનેક પ્રકારના છે. અથવા તેના દંડો અનેક પ્રકારના છે. તથા શંખ અંક કુંદ ઉદક રજ અને મંથન કરવામાં આવેલ અમૃતના ફીણના ઢગલા જેવા એ ચામરો જણાય છે. એ ચામરોના વાળો એકદમ સૂક્ષ્મ ચાંદીના તારો જેવા લાંબા છે. એ ચામરો શ્વેત છે. એવી એ ચામરોને તે ચામર ધરવાવાળી પ્રતિમાઓ ઘણાજ નખરાઓ પૂર્વક ઢોળતી હોય તેમ ઉભેલ છે. એ જીન અર્થાત્ અરિહંત પ્રતિમાઓની સામે બબ્બે નાગ પ્રતિમાઓ હાથ જોડીને ઉભેલ છે. તથા બબ્બે યક્ષ પ્રતિમાઓ બબ્બે ભૂત પ્રતિમાઓ અને બબ્બે કુંડધાર પ્રતિમાઓ વિનય પૂર્વક પગોમાં પડતી હોય તેમ હાથ જોડીને ઉભેલ છે. એ પ્રતિમાઓ સર્વાત્મના રત્નમય છે. આકાશ અને સ્ફટિક મણિના જેવી નિર્મળ છે. શ્લક્ષ્ણ છે, ઘૃષ્ટ છે, મૃષ્ટ છે. નીરજસ્ક છે; નિષ્પંક છે. અને યાવત્પ્રતિરૂપ છે. અરિહંત પ્રતિમાઓની સામે ૧૦૮ ઘંટાઓ છે. ૧૦૮ ચંદન કલશો છે. એજ રીતે ૧૦૮ ભૃંગારક-ઝારીયો છે. ૧૦૮ દર્પણો છે. ૧૦૮ મોટા મોટા થાલો છે. ૧૦૮ નાની નાની પાત્રીયો- છે. ૧૦૮ સુપ્રતિષ્ઠકો છે. ૧૦૮ મનોગુલિકા પીઠિકા વિશેષ છે. ૧૦૮ વાતકરકો છે. ૧૦૮ ચિત્રો છે. ૧૦૮ રત્નકરંડકો છે. ૧૦૮ હયકંઠકો છે. યાવત્ ૧૦૮ વૃષભ કંઠકો છે. ૧૦૮ પુષ્પ ચંગેરીયો છે. યાવત્ ૧૦૮ મયૂર પીછીકાઓ છે. ૧૦૮ પુષ્પ પટલો છે. ૧૦૮ તેલ સુમદ્ગકો છે. યાવત્ ૧૦૮ ધૂપકડુચ્છુકો છે અર્થાત્ એ બધી વસ્તુઓ તેમની સામે રાખેલ છે. એ સિદ્ધાયતનની અર્થાત્ જિનાલયની ઉપર સ્વસ્તિક વિગેરે આઠ મંગલ દ્રવ્યો છે. ધજાઓ છે અને છત્રાતિછત્રો છે. એ બધા ઉત્તમ આકારવાળા છે. તથા સોળ પ્રકારના રિષ્ટ વિગેરે રત્નોથી સુશોભિત છે.

[૧૭૮] એ સિદ્ધાયતનની ઈશાન દિશામાં એક વિશાળ ઉપપાત સભા છે જે પ્રમાણેની સુધર્મા સભા છે એજ પ્રમાણેની ઉપપાત સભા છે. એ સભામાં રહીનેજ દેવો બીજે જવા માટે ઉત્તર વૈક્રિય શરીરની રચના કરે છે. એ ઉપપાત સભાના સંબંધમાં તમામ વર્ણન સુધર્મા સભા મુજબ જાણવું. એ બહુસમ રમણીય ભૂમિભાગની મધ્યમાં એક ઘણી મોટિ મણિપીઠિકા કહેલ છે. એ મણિપીઠિકા લંબાઇ પહોળાઈમાં ૧ એક યોજનની છે. તથા અર્ધા યોજનના વિસ્તાર વાળી છે. આ મણિપીઠિકા સર્વાત્મના મણિયોની જ બનેલ છ. અને આકાશ તથા સ્ફટિકમણિના જેવી નિર્મળ છે. એક વિશાલ દેવશયનીય છે. એ ઉપપાત સભાની ઉપર સ્વસ્તિક વિગેરે આઠ આઠ મંગલ દ્રવ્યો છે. અને કૃષ્ણનીલ વિગેરે રંગની ધજાઓ છે. તથા છત્રાતિછત્ર છે. આ છત્રાતિછત્રો સોળ પ્રકારના વૈડૂર્ય વિગેરે રત્નોથી સુશોભિત છે. એ ઉપપાત સભાની ઈશાન દિશામાં એક વિશાલ દ્રહ છે. એ દ્રહ લંબાઈમાં ૧૨ાા યોજન છે. અને પહોળાઈમાં ૬ાા યોજન છે. તથા તેનો ઉદ્વેધ ૧૦ દ્રહ યોજનનો છે. આ દ્રહ અચ્છ; શ્લક્ષ્ણ વિગેરે પ્રતિરૂપ સુધીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષણો વાળું છે. એ દ્રહની ઈશાન દિશામાં એક વિશાલ અભિષેક સભા છે. તે સભાનું પ્રમાણ સુધર્મા સભાના પ્રમાણ જેટલું જ છે.

એ બહુસમરમણીય ભૂમિભાગની વચમાં એક વિશાલ મણિપીઠિકા છે. આ મણિપીઠિકા લંબાઈમાં એક યોજનની છે. અને તેનો વિસ્તાર અર્ધાયોજનનો છે. તે સર્વ રીતે મણિયોથી બનેલ છે. તથા આકાશ અને સ્ફટિક મણિના જેવી તે નિર્મલ છે. એ અભિષેક સભાની ઈશાન દિશામાં એક વિશાળ અલંકારિક સભા છે. એ અલંકારિક સભાની ઈશાન દિશામાં એક વિશાલ વ્યવસાય સભા છે. આ વ્યવસાય સભા અભિષેક સભાના જેટલા પ્રમાણ વાળી છે. વિજય દેવનું એક વિશાળ પુસ્તક રત્ન રાખવામાં આવેલ છે. તેના જે પુંઠા છે તે રિષ્ટ રત્નના બનેલ છે. તેના દોરા તપનીય સોનાના બનેલા છે. કે જેમાં પુસ્તકના પાના પરોવેલ છે. એ દોરામાં અનેક મણિયોની ગાંઠો લગાડેલ છે. અંકરત્નમય તેના પાનાઓ છે. વૈડૂર્ય રત્નના ખડિયા છે. તે ખડિયામાં જે સાંકળ લગાડેલ છે તે તપનીય સોનાની છે. તે ખડિયોનું જે ઢાંકણું છે તે રિષ્ટ રત્નનું છે. અને તેમાં જે શાહી છે તે રિષ્ટ રત્નની બનેલ છે. કલમ વજ્ર રત્નની બનેલ છે. એ પુસ્તકમાં જે અક્ષરો લખેલા છે તે રિષ્ટ રત્નના બનેલ છે. આ પુસ્તક રત્ન ધાર્મિક શાસ્ત્રનું છે. એ વ્યવસાય સભાની ઈશાન દિશામાં એક વિશાળ બલિપીઠ રાખવામાં આવેલ છે. એ બલિપીઠ લંબાઈ પહોળાઈમાં બે યોજનનું છે. અને તેનો વિસ્તાર એક યોજનનો છે. એ સર્વ રીતે ચાંદીનું બનેલ છે. યાવત્પ્રતિરૂપ છે. આ બલિપીઠની ઈશાન દિશામાં એક વિશાલ નંદા પુષ્કરિણી છે. તે લંબાઈમાં ૧૨ા યોજનની છે. અને પહોળાઈમાં ૬ા યોજનની છે. તથા તેનો ઉદ્વેધ દશ યોજનનો છે.

[૧૭૯] એ કાળ અને એ સમયમાં વિજય દેવ વિજય રાજધાનીની ઉપપાત સભામાં દેવ દૂષ્યથી અંતરિત દેવશય્યાની ઉપર આંગલના અસંખ્યાત ભાગમાત્ર અવગાહના વાળા શરીરથી વિજય દેવપણાથી ઉત્પન્ન થયા. તરતજ પાંચ પ્રકારની પર્યાપ્તિયોથી પર્યાપ્ત બની ગયા. એ વિજય દેવના મનમાં આ પ્રમાણેનો આ આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉત્પન્ન થયો મારે પહેલાં શું કરવું જોઈએ તે પછી વિજયદેવના સામાનિક દેવોએ વિજય દેવને ઉત્પન્ન થયેલ આ પ્રકારનાસંકલ્પને જાણ્યો અને જાણીને તે પછી તેઓ જ્યાં તે વિજય દેવ હતા ત્યાં તેઓ આવ્યા ત્યાં આવીને તેઓએ વિજયદેવને બન્ને હાથ જોડીને તે પછી તેઓ એમને આ પ્રમાણે કહેવાં લાગ્યા. આપ દેવાનુપ્રિયની વિજય રાજધાનીમાં આવેલાં સિદ્ધાયતનમાં તેનો ઉત્સેધ જે અરિહંતનો જેટલો કહેવામાં આવેલ હોય એ પ્રમાણે છે. એ રીતે પોતપોતાના શરીર પ્રમાણ ઉંચાઈવાળી એવી ૧૦૮ આઠ અરિહંત પ્રતિમાઓ ત્યાં સિદ્ધાયતનમાં બિરાજ માન છે. તથા સુધર્માસભામાં એક માણવક નામનો ચૈત્યસ્તંભ છે. તેમાં વજ્રના બનેલ ગોળ ગોળ સમુદ્ગકો છે. તેમાં જીનેન્દ્ર દેવોના હાડકા રાખવામાં આવેલા છે. એ હાડકા આપ દેવાનુપ્રિયને અને વિજય રાજધાનીમાં રહેલાવાળા બીજા દેવો અને દેવિઓને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારવા લાયક, સન્માનનીય, કલ્યાણકારી, મંગલકારી તથા દેવ સ્વરૂપ છે. એ પ્રમાણે માનીને પર્યુપાસના કરવા યોગ્ય છે.

આપ દેવાનુપ્રિયે આ પહેલા પણ કરવા યોગ્ય છે અને બાદમાં પછીથી પણ કરવા યોગ્ય છે. આ પ્રમાણે કહીને ઘણા મોટા અવાજથી જય જય શબ્દોથી વધાવ્યા. તે પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ વિજયદેવ આ અર્થને સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને તેઓ હૃષ્ટ થયા તુષ્ટ થયા શરદકાળમાં નદીયોના જલની જેમ પ્રસન્નમન થઈ ઘણોજ માનયુક્ત બનીને પરમ સૌમનસ્થિત થયો. દેવ શય્યાથી ઉઠ્યો ઉઠીને તેણે દિવ્ય દેવદૂષ્ય યુગલને ધારણ કર્યું તે પહેરીને પછીથી એ દેવ શયનીયથી નીચે ઉતર્યો નીચે ઉત્તરીને તે એ ઉપપાત સભાના પૂર્વે દિશાના દ્વારથી બહાર નીકળ્યો બહાર નીકળીન તે પછી તે જ્યાં દ્રહ હતું ત્યાં ગયા પ્રદક્ષિણા કરીને તે પછી તે તેના પૂર્વદિશાના તોરણ દ્વારે થઈને તેમાં પ્રવેશ કર્યો ત્યાં સ્નાન કર્યું તે પછી તેણે આચમન કર્યું અને શુદ્ધિ કરી દ્રહથી બહાર નીકળ્યો.જ્યાં અભિષેક સભા હતી ત્યાં ગયો ત્યાં જઈને અભિષેક સભાની પ્રદક્ષિણા કરી અને પૂર્વ દ્વારથી તેણે તેમાં પ્રવેશ કર્યો સિંહાસન હતું ત્યાં ગયો પૂર્વ દિશા તરફ મુખ કરીને તે તેના પર બેસી ગયો. તે પછી એ વિજયદેવના સામાનિક દેવોએ આભિયોગિક દેવોને બોલાવ્યા. અને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય તમો ઘણી ઉતાવળથી વિજય દેવનો ઈંદ્રાસન પર અભિષેક કરવા માટે મહાન અર્થયુક્ત વેશ કીમતી અને વિસ્તારવાળી અભિષેક માટેની સામગ્રી લાવીને અહીં હાજર કરો તે આ પ્રમાણે એમની આજ્ઞાના વચનોને ઘણાજ વિનય પૂર્વ સ્વીકારી લીધા સ્વીકાર કરીને તે પછી તેઓ ઈશાન દિશાની તરફ ત્યાં જઈને વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો તેઓએ સંખ્યાત યોજનો સુધી પોતાના આત્મપ્રદેશોને દંડાકારે બહાર કહાઢયા. કર્કેતન વિગેરે રત્નોના યથા બાદર અસાર પુદ્‌ગલોની પરિશાટના કરી અને યથા શુકલ સારભૂત પુદ્‌ગલોને ગ્રહણ કર્યો આ બીજી વાર તેઓએ વૈક્રિય-સમુદ્‌ઘાત કર્યો

તે પછી ૧૦૦૮ સોનાના કલશો ૧૦૦૮ ચાંદીના કલશો ૧૦૦૮ મણિયોના કલશો ૧૦૦૮ સોના અને રૂપાના કલશો ૧૦૦૮ સોના અને મણિયોના મિશ્રણવાળા કલશો ૧૦૦૮ ચાંદી અને મણિયોના મિશ્રીત કલશો ૧૦૦૮ સોના અને ચાંદીના મિશ્રણવાળા કલશો ૧૦૦૮ માટીના કલશો ૧૦૦૮ ઝારીયો ૧૦૦૮ દર્પણો ૧૦૦૮ થાળો તથા ૧૦૦૮ પાત્રિયો રત્નના પટારાઓ પુષ્પ ચંગેરીયો યાવત્ લોમહસ્ત ચંગેરીયો પુસ્પ પટલોને યાવત્ લોમહસ્ત પટલો તથા ૧૦૮ સિંહાસનો ૧૦૮ છત્રો ૧૦૮ ચામરો ૧૦૮ ધજાઓ ૧૦૮ પટ્ટકો ૧૦૮ તપઃસિપ્રો ૧૦૮ ક્ષૌરકો ૧૦૮ પીઠકો ૧૦૮ તેલ સમુદ્‌ગકો તથા ૧૦૮ ધૂપકટુચ્છકો ધૂપદાનીયોને વિકુર્વણા શક્તિથી ઉત્પન્ન કર્યા જ્યાં ક્ષીરોદધિ સમુદ્ર હતો ત્યાં તે આવ્યો ક્ષીરોદક ભર્યું જેટલો ત્યાં આગળ ઉત્પલો યાવત્ કુમુદ નીલોત્પલ પુંડરીક શતપત્ર અને સહસ્ર પત્ર કમળો હતા તે લઈને પછીથી તે બધા જ્યાં પુષ્કરવર સમુદ્ર હતો ત્યાં આગળ તેઓ આવ્યા ત્યાં આવીને તેઓએ તેમાંથી પુષ્કરોદક ભર્યું તે બધાને લઈને તે પછી તેઓ જ્યાં મનુષ્યક્ષેત્રમાં ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર હતા. જ્યાં માગધ વરદામ અને પ્રભાસ નામના તીર્થો હતા ત્યાં આગળ તેઓ આવ્યા તીર્થોદક ગ્રહણ કર્યું તીર્થોદક ભરીને તીર્થની માટી લીધી તે પછી તેઓ જ્યાં આગળ ગંગા સિંધુ રક્તા રક્તવતી એ નામની મહાનદીયો હતી ત્યાં આગળ આવ્યા. ત્યાં આવીને તેઓએ તેમાંથી પાણી ભર્યું પાણી ભરીને તે પછી તેઓએ તેના બન્ને કિનારાઓ પરથી માટી લીધી તટ પરથી માટી લઈને તે પછી તેઓ જ્યાં આગળ હિમવાન્ અને શિખરિવર્ષધર પર્વતો હતા ત્યાં આગળ તેઓ આવ્યા ત્યાં આગળ આવીને તેઓએ બધી વનસ્પતિયોના બધા ઉત્તમ ઉત્તમ સઘળાં પુષ્પોને સઘળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુગંધિત દ્રવ્યોને સઘળી માળાઓને સઘળી ઔષધિયો, સઘળા સિદ્ધાર્થકો અને સઘળા સર્ષપોને તેઓએ લીધી સર્વ સિદ્ધાર્થકોને લઇને તે પછી તેઓ જ્યાં પદ્મદ્રહ અને પુંડરીક દ્રહ હતા ત્યાં આગળ આવ્યા. ત્યાં આવીને તેઓએ દ્રહોદક લઇને પછી ત્યાં જેટલા ઉત્પલો અને શત પત્રોવાળા અને સહસ્ર પત્રો વાળા કમળો હતા તેને તેઓએ લીધા તેને લઇને તે પછી તેઓ જ્યાં હેમવતક્ષેત્ર અને હૈરણ્યતક્ષેત્ર હતા અને તેમાં જ્યાં હેમવતક્ષેત્ર અને હૈરણ્યવતક્ષેત્ર રોહિત અને રોહિ તાંશ સુવર્ણકૂલા રૂપ્યકૂલા એ મહા નદીયો હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓએ તેનું જલ ભર્યું અને તેના બન્ને કિનારાઓની માટી લીધી. તે પછી તેઓ જ્યાં શબ્દાપાતિ માલ્યવંત પ્રયાગવૃત્ત અને વૈતાઢ્ય પર્વતો હતા ત્યાં તેઓ ત્યાં આવીને તેઓએ ભૂમિ યોના ઉત્તમ યાવત્ સર્વૌષધીને અને ઉત્તમ સિદ્ધાર્થકોને લીધા જ્યાં મહાહિમવાન અને રૂક્ષ્ય પર્વત હતા ત્યાં તેઓ આવ્યા. ત્યાં આવીને તેઓએ બધી જ પ્રકારના પુષ્પોને સર્વ માળાઓને સર્વ પ્રકારની ઔષધિયોને અને સિદ્ધાર્થકોને લીધા

તે બધા યાવત્ તે પછી તેઓ જ્યાં આગળ મંદર પર્વત હતો અને તેમાં પણ જ્યાં ભદ્રશાલ નામનું વન હતું ત્યાં આગળ તેઓ આવ્યા ત્યાં આવીને તેઓએ સઘળી ઋતુઓના પુષ્પ વિગેરેને અને સર્વૌષધિયોને તથા સર્ષવોને લીધા તેને લઈને તે પછી તેઓ જ્યાં આગળ નંદનવન હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓએ સઘળી ઋતુઓના પુષ્પો તથા સર્વૌષધિયો અને સર્ષપોને લીધા તેમજ સાથે સાથે ગોશીર્ષ ચંદન ગોરોચન પણ લીધા તે બધી વસ્તુઓ લઈને તે પછી તેઓ જ્યાં આગળ સૌમનસ વન હતું ત્યાં આવ્યા. ત્યાં આગળી આવીને તેઓએ સઘળી ઋતુઓના પુષ્પો વિગેરેને તથા સર્વૌષધિ અને સિદ્ધાર્થકો લીધા તથા તે સાથે સરસ ગોશીર્ષચંદન અને દિવ્ય પુષ્પો અને માળાઓ પણ લીધી એ બધી વસ્તુઓ લઈને તેઓ ત્યાં આગળ આવ્યા કે જ્યાં પંડકવન હતું ત્યાં આવીને તેઓએ ત્યાંથી સઘળી ઋતુઓના પુષ્પોદિકોને યાવત્ સર્વૌષધિયોને અને સિદ્ધાર્થકો-સર્ષવોને લીધા એ બધી વસ્તુઓ લઇને તેઓ જ્યાં વિજયા રાજધાની હતી ત્યાં આવ્યા. જય વિજય શબ્દો બોલીને વિજયદેવને વધાઇ આપી તે પછી વિજયદેવના અભિષેકની તે મહાઅર્થવાળી વેશ, કીમતી એવી વિપુલ સામગ્રી તેઓની સામે ઉપસ્થિત કરી દીધી. અભિષેકની સામગ્રી એકઠી કર્યા પછી એ વિજયદેવનો ત્યાં અભિષેક કરવામાં આવ્યો ચાર હજાર સામાનિક દેવોએ ચાર હજાર અગ્રમહિષિયોએ ત્રણ પરિષદાઓએ સાત અની કના અધિપતીયોએ ૧૬ સોળ હજાર આત્મરક્ષક દેવોએ તથા બીજા પણ અનેક વિજય રાજધાનીમાં વસનારા વાનવ્યન્તર દેવોએ અને દેવિયોએ તે અભિષેક કર્યો તે અને તે પછી જૂદી જૂદી રીતે બન્ને હાથોની અંજલી કરીને આ પ્રમાણે કહ્યું હે નંદ તમારો જય થાઓ જય થાઓ. હે ભદ્ર તમારો જય થાઓ જય થાઓ હે નન્દ હે ભદ્ર તમારો વાર વાર જય જયકાર થાઓ નહીં જીતાયેલા શત્રુપક્ષને વશ કરો-જીતો અને મિત્ર પક્ષનું પાલન કરો-દેવોમાં ઈન્દ્ર પ્રમાણે અને તારા ગણોમાં ચંદ્રની જેમ આપ નિરૂપસર્ગ બનીને વિચરણ કરો. સુખપૂર્વક વિહાર કરો એ પ્રમાણેના આશીર્વાદાત્મક વચનોને કહીને તેઓએ જોર જોરથી જય હો જય હો એ પ્રમાણેનો ઉચ્ચાર કર્યો.

[૧૮૦] તે પછી એ વિજયદેવ જ્યારે ઘણાજ ઠાઠ માઠની સાથે સાથે ઈંદ્રાભિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષેકથી અભિષિક્ત થઈ ચુક્યા ત્યારે તે સિંહાસન પરથી ઉઠયા. ઉઠીને તે પછી તે અભિષેક સભાના પૂર્વ દિશાના દરવાજે થઈને બહાર નીકળ્યા. જ્યાં અલંકારિક સભા હતી ત્યાં આગળ આવ્યા. પછી પૂર્વ દિશાના દ્વારેથી તેમાં પ્રવેશ કર્યો. જ્યાં સિંહાસન હતું ત્યાં ગયા. પૂર્વ દિશાની તરફ મુખ રાખીને બેસી ગયા તે પછી વિજય દેવના સામાનિક દેવોએ આભિનિયોગિક દેવોને બોલાવ્યા. તે અભિયોયોગિક દેવો એજ સમયે અલંકારિક ભાંડોને ત્યાં લઈ આવ્યા તે પછી દિવ્ય અને સુગંધિ વાળા એવા કષાય દ્રવ્યોથી બનાવવામાં આવેલ હોવાથી વિશેષ પ્રકારના સુગંધવાળા એવા એક નાના એવા રૂમાલથી પોતાના શરીરને લૂછયું ગોશીર્ષચંદનનો લેપ કર્યો. દેવદૂષ્ય યુગલને ધારણ કરીને તે પછી તેણે અઢાર સેરવાળો બહુમૂલ્યહાર ગળામાં પહેર્યો પછી એકાવલિ હાર વિશેષને ધારણ કર્યો આ રીતના સઘળા આભરણોને યોગ્ય સ્થાને પહેરીને તે પછી તેણે ગ્રન્થિમ- માળાથી વેષ્ટિમ માળાથી પૂરિમ માળાઓથી અને સંઘાતિમ- ને માળાથી આ રીતે આ ચાર પ્રકારની માળાઓથી પોતાને અલં કારિત કરીને વિભૂષિત કર્યા તે પછી વિજયદેવે કેશોને સુંદર બનાવવાવાળા અલંકારથી વસ્ત્રોને સુંદર લગાડવાવાળા. અલંકારથી તેમજ આભૂષણોને પણ વિશેષ પ્રકારથી શોભાવવાવાળા અલંકારથી આ પ્રમાણેના ચાર પ્રકારવાળા અલંકરોથી પોતાને દિવ્ય રીતે શોભાયમાન કરી લીધા અને સિંહાસન પરથી ઉભો થયો તે પછી તે જ્યાં વ્યવસાય સભા હતી ત્યાં આગળ તે આવ્યા. પૂર્વ દિશાના દ્વારેથી તેમાં પ્રવેશ કર્યો જ્યાં સિંહાસન હતું ત્યાં તે ગયો. તે ઉત્તમ સિંહાસનની ઉપર પૂર્વદિશા તરફ મુખ રાખીને બેસી ગયો. તે પછી તે વિજયદેવને આભિયોગિક દેવોએ ત્યાં તેને એક પુસ્તક રત્ન અર્પણ કર્યું. પુસ્તક રત્નને ખોલીને પુસ્તક-રત્નને વાંચવા લાગ્યા. વાંચીને તે પછી તેણે ધાર્મિક વ્યવસાય ગ્રહણ કરવાની ઈચ્છા કરી. ધાર્મિક વ્યવસાય કરીને તે પછી તેણે એ પુસ્તક રત્નને મૂકી દીધું. તે સિંહાસન પરથી નીચે ઉતર્યો. એ વ્યવસાય સભાના પૂર્વ દિશાના દ્વારે થઈને બહાર નીકળ્યો. જ્યાં નંદા પુષ્કરિણી હતી ત્યાં ગયા. તેમાં પ્રવેશ કર્યો. હાથ પગ ધોયા.

નંદા પુષ્કરણીમાંથી બહાર નીકળીને તે પછી જ્યાં સિદ્ધાયતન હતું તે તરફ ચાલવા લાગ્યા. ત્યાં જઈને તેણે જિનાલયનીઅર્થાત્ સિદ્ધાય તનની પ્રદક્ષિણકરી અને તે પછી તેના પૂર્વ દિશાના દ્વારેથી તેણે તેમાં પ્રવેશ કર્યો ત્યાં જઈને તેણે જીન પ્રતિમા અર્થાત્ અરિહંત પ્રતિમાને પ્રણામ કરીને તેણે મોર પીછી થી બનાવેલ મુષ્ટિ ને ઉઠાવી પ્રમાર્જ કર્યુ તે પછી તેણે સુગંધવાળા ગંધોદકથી અભિષેક કર્યો દિવ્ય અને સુગન્ધવાળા ગંધથી યુક્ત ટુવાલથી પ્રતિમાના શરીરને લૂછ્યું ગોશીષ ચંદનથી તેના સમ્પૂર્ણ શરીર પર લેપ કર્યો તે પછી તેણે અહત, અપરિમર્દિત શ્વેત અને દિવ્ય એવું દેવ દૂષ્ય યુગલ અરિહંત પ્રતિમાઓને પહેરાવ્યું શ્રેષ્ઠ સુગંધવાળી એવી અપરિમિત મુક્તામાળાઓથી તેનું અર્ચન કર્યું અર્ચના કર્યા પછી તેણે તે અરિહંત પ્રતિમાની ઉપર પુષ્પો ચઢાવ્યા. ગંધ અને ધૂપ દ્રવ્યોથી પુષ્પમાળાઓથી ચૂર્ણ દ્રવ્યોથી તેમજ આભૂષ ણોથી તેની અર્ચના કરી. રજતમય ચોખા આઠ આઠ મંગલદ્રવ્યોનું એ પ્રતિમાઓની આગળ આલેખન કર્યું પાંચ-વર્ણના પુષ્પોનો તેણે ત્યાં ઢગલો કર્યો ધૂપદાનીને લઈને ઘણી જ સાવધાની પૂર્વક ધૂપ કરીને જીનવરો ની ૧૦૮ વિશુદ્ધ અને મોટા મોટા -અર્થવાળા અપુનરૂક્ત એવા છંદોથી સ્તુતિ કરી સાત આઠ ડગલા આગળ ખસી ગયા. તેણે પોતાનો ડાબી બાજુના

જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાનુ ને પગની ઉપર ચડાવી અને એ રીતે ઉઠાવીને જમણા જાનુ ને પગથી નીચે જમીન પર રાખ્યો. તે પછી પોતાના મસ્તકને ત્રણવાર જમીન તરફ નમાવ્યું કંઈક ઉંચો થયો તે પછી તેણે પોતાની કટક અને ત્રુટિત થી સ્તંભિત્ એવી બન્ને ભુજાઓ ને ફેલાવી. હાથ ફેલાવીને તેની અંજલી બનાવી વંદના કરી જ્યાં સિદ્ધાયતનનો મધ્યભાગનો પ્રદેશ હતો ત્યાં તે આવ્યો. ત્યાં જઈને તેણે દિવ્ય એવી ઉદક ધારાથી તેનું સિંચન કર્યું સીંચન કરીને તે પછી તેણે ત્યાં ગોશીર્ષ ચંદનથી હાથો પર લેપ કરીને પાંચે આંગળીયોથી યુક્ત છાપા લગાવ્યા. તે પછી એક મંડલ લખ્યું-અર્ચના કરી સિદ્ધાયતનની દક્ષિણ બાજુનું દ્વાર હતું ત્યાં તે આવ્યો ત્યાં આવી પ્રમાર્જન આદિ કર્યું.

[૧૮૧] પછી એ વિજય દેવના ચાર હજાર સામાનિક દેવ અનુક્રમથી ઉત્તર વિગેરે ચારે દિગ્ભાગોમાં-ઈશાનાદિ વિદિશાઓમાં આવીને એક એક પહેલેથી રાખેલા ભદ્રાસનો પર બેસી ગયા. તે પછી એ વિજય દેવની ચાર પટરાણિયો પૂર્વ દિશામાં એક એક પહેલેથી રાખલા ભદ્રાસનો પર બેસી ગયા. તે પછી તે વિજય દેવની અગ્નિદિશામાં આભ્યન્તરિક પરિષદાના આઠ હજાર દેવો એક એક ભદ્રાસન પર બેસી યાગયા. એજ રીતે દક્ષિણદિશામાં મધ્યમ પરિષદામાં દસ હજાર દેવો બેસી ગયા.-નૈઋત્ય વિદિશામાં બાહ્ય પરિષદાના બાર હજાર દેવો એક એક પહેલા રાખેલ સિંહાસનોની ઉપર બેસી ગયા. તે પછી એ વિજય દેવની પશ્ચિમ દિશામાં સાત અનીકાધિપતિયો એક એક સિંહાસન પર બેસી ગયા. તે પછી એ વિજયદેવની પૂર્વ દિશામાં દક્ષિણ દિશામાં પશ્ચિમ દિશામાં ઉત્તર દિશામાં સોળ હજાર આત્મરક્ષક દેવ પહેલેથી રાખેલા એક એક ભદ્રાસન પર ચારે બાજુ બેસી ગયા. ભદન્ત ! વિજય દેવની સ્થિતિ કેટલા કાળના કહેવામાં આવી છે ? હે ગૌતમ ! વિજયદેવની સ્થિતિ એક પલ્યોપમની કહેલ છે. હે ભગવન્ વિજય દેવોના સામાનિક દેવોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? હે ગૌતમ એક પલ્યોપમની કહેલ છે. વિજય દેવની એવી મહા ઋદ્ધિ છે. એ રીતની મહાદ્યુતિ છે. એ પ્રમાણે મહાબળ છે. એ પ્રમાણે મહાયશ છે. એ પ્રમાણે મહાસૌખ્ય છે. અને એ રીતનો એનો મહાપ્રભાવ છે.

[૧૮૨] હે ભગવન્ જંબૂદ્વીપનું વૈજયન્ત દ્વાર ક્યાં આગળ આવેલ છે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામના દ્વીપ છે અને તેમાં જે સુમેરૂ પર્વત છે, એ સુમેરૂ પર્વતની દક્ષિણ દિશામાં ૪૫૦૦૦ યોજન આગળ જવાથી એ દ્વીપના દક્ષિણ દિશાના અંત ભાગમાં તથા દક્ષિણ દિશાના લવણ સમુદ્રથી ઉત્તરમાં જંબુદ્વીપ નામના દ્વીપનું વૈજયન્ત નામનું દ્વાર કહેલું છે. એની ઉંચાઈ આઠ યોજનની છે. અને તેની પહોળાઈ ચાર યોજનની છે. તેનુ સમગ્ર કથન વિજય દ્વારના કથન પ્રમાણે જ છે. યાવત્ તે નિત્ય છે. હે ભગવન્ વૈજયન્ત દેવની વૈજયન્તી નામની રાજધાની ક્યાં આગળ આવેલ છે ? હે ગૌતમ ! વૈજયન્ત દ્વારની પશ્ચિમ દિશામાં તિર્યગ્અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગીને બીજા જંબૂદ્વીપ નામના દ્વીપમાં બાર હજાર યોજન પ્રમાણ સમુદ્રની અંદર જવાથી વૈજયન્ત દેવની વૈજયન્તી નામની રાજધાની આવેલ છે. આ રાજધાનીની લંબાઈ ૧૨૦૦૦ યોજનની છે. તથા તેની પહોળાઈ પણ ૧૨૦૦૦ યોજનની છે. તથા તેનો પરિક્ષેપ પરિધિ-ઘેરાવો ૩૭૯૪૮ યોજનથી પણ કંઈક વધારે છે. આ રાજધાની ચારે બાજુથી એક પ્રાકાર-કોટથી વીંટળાયેલી છે, એ પ્રાકાર ૩૭II યોજનની ઉંચાઈવાળો છે. મૂળ ભાગમાં તેનો વિસ્તાર

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧૨ાા યોજનનો છે. મધ્યમા સવા છ યોજનનો છે. અને ઉપરના ભાગમાં ત્રણ યોજન અને અર્ધા કોશનો છે, તે બહારના ભાગમાં ગોળ છે. અને અંદરના ભાગમાં ચોખૂણિયો છે. તેથી ગાયના પુંછનો જેવો આકાર હોય છે હે ભગવન્ જંબૂદ્વીપનું ત્રીજું જે જયન્ત નામનું દ્વાર છે તે ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના મેરૂ પર્વતની પશ્ચિમ દિશામાં ૪૫૦૦૦ યોજન આગળ જવાથી એ જંબૂદ્વીપની પશ્ચિમ દિશાના અંતભાગમાં લવણ સમુદ્રના પશ્ચિમાર્ધની પૂર્વદિશામાં સીતોદા મહાનદીના ઉપર જંબૂદ્વીપનું જયંત નામનું ત્રીજું દ્વાર છે. હે ભગવન્ જંબૂદ્વીપ નામ દ્વીપનું અપરાજીત નામનું ચોથું દ્વાર ક્યાં આગળ કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપમાં આવેલ મેરૂ પર્વતથી ૪૫૦૦૦ યોજન આગળ જવાથી જંબૂદ્વીપની ઉત્તર દિશાના અંતભાગમાં લવણ સમુદ્રના ઉત્તરાર્ધના દક્ષિણ દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગ્યા પછી આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં અપરાજીત નામનું દ્વાર કહેવામાં આવેલ છે.

[૧૮૩] હે ભગવન્ જંબૂદ્વીપના એક દ્વારથી બીજા દ્વાર પર્યન્ત કેટલું અંતર છે ? હે ગૌતમ ! ૭૯૦૫૨ યોજનથી કંઈક વધારે અંતર એક દ્વારથી બીજા દ્વાર સુધીમાં છે.

[૧૮૪] હે ભગવન્ જંબૂદ્વીપના પ્રદેશો શું લવણ સમુદ્રનો સ્પર્શ કરે છે ? હા ગૌતમ ! કરે છે. હે ભગવન્ તે પ્રદેશો શું જંબૂદ્વીપના છે ? કે લવણ સમુદ્રના છે ? હે ગૌતમ ! એ પ્રદેશ જંબૂદ્વીપ રૂપજ છે. લવણ સમુદ્ર રૂપ નથી. હે ભગવન્ લવણ સમુદ્રના પ્રદેશો શું જંબૂદ્વીપને સ્પર્શેલ છે ? હા ગૌતમ ! સ્પર્શેલા છે. હે ભગવન્ તે પ્રદેશો શું લવણ સમુદ્ર રૂપ છે ? કે જંબૂદ્વીપ રૂપ છે ? તે લવણ સમુદ્ર રૂપજ છે. જંબૂદ્વીપ રૂપ નથી હે ભગવન્ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મરીને શું જીવ લવણ સમુદ્રમાં આવે છે ? હે ગૌતમ ! કેટલાક જીવો એવા હોય છે કે-જે મરીને લવણ સમુદ્રમાં આવે છે. તથા કેટલાક જીવો એવા પણ હોય છે જે જંબૂદ્વીપમાં મરીને લવણ સમુદ્રમાં આવતા નથી. હે ભગવન્ લવણ સમુદ્રમાં રહેનારા જીવ મરીને શું જંબૂદ્વીપમાં આવે છે ? હે ગૌતમ ! કેટલાક જીવો એવા હોય છે કે જેઓ લવણ સમુદ્રમાં મરીને જંબૂદ્વીપમાં આવે છે. અને કેટલાક જીવો એવા હોય છે કે જેઓ ત્યાંથી મરીને જંબૂદ્વીપમાં પાછા આવતા નથી.

[૧૮૫] હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો જંબૂદ્વીપ નામનો એક દ્વીપ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપમાં એક સુમેરૂ પર્વત છે. તેની ઉત્તર દિશામાં નીલવંત નામનો એક વર્ષધર પર્વત છે. એ વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં એક માલ્યવાન નામનો વક્ષસ્કાર પર્વત છે. એ પર્વતની પશ્ચિમ દિશામાં ગંધમાદન નામનો એક વક્ષસ્કાર પર્વત છે, એ પર્વતની પૂર્વ દિશામાં ઉત્તરકુરુ નામનું એક ક્ષેત્ર વિશેષ છે. એ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબુ છે. ઉત્તરથી દક્ષિણ દિશા સુધી ફેલાયેલ છે. તેનું સંસ્થાન આઠમના ચંદ્ર જેવું ગોળ છે. તેનો વિસ્તાર ૧૧૮૪૨-૨/૧૯ યોજનનો છે. આ વિસ્તાર ઉત્તર દક્ષિણ બાજુએ છે. હે ભગવન્ ઉત્તર કુરૂઓનું સ્વરૂપ કેવું કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! ત્યાંનો ભૂમિભાગ બહુસમ અને રમણીય છે. એ ઉત્તરકુરૂમાં ત્યાં ત્યાં અનેક નાની નાની વાવડીયો છે. એ ઉત્તર કુરૂઓમાં અનેક ગુલ્મો છે. યાવત્ અહીંના મનુષ્યો મરીને દેવલોકમાં પણ જાય છે. તેઓના શરીરની ઉંચાઈ છ હજાર ધનુષની છે. તેઓના શરીરની પાંસળીયો ૨૫૬ છે. ત્રણ દિવસ પછી તેઓને આહારની ઈચ્છા થાય છે. તેઓનું જઘન્ય આયુ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી હીન ત્રણ પલ્યોપમની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ઉત્કૃષ્ટ આયુષ્ય પૂરા ત્રણ પલ્યોપમનું છે. ૪૯ દિનરાત સુધી તેઓ પોતાના પુત્ર પુત્રી રૂપ યુગલનું પાલન કરે છે. બાકીનું તમામ કથન એકોરૂક અંતરદ્વીપ મુજબ-

[૧૮૬] હે ભગવન્ ! કુરૂઓમાં કયા સ્થાનપર યમક નામના બે પર્વતો છે ? હે ગૌતમ ! નીલવંત પર્વતની દક્ષિણ દિશાથી ૮૩૪-૪/૭ યોજન આગળ જવાથી સીતા મહા નદીના પૂર્વ પશ્ચિમમાં બન્ને તટોના કિનારે ઉત્તર કુરૂ ક્ષેત્રમાં બે યમક નામના પર્વતો છે. તેના એક યમકની ઉંચાઇ એક એક હજાર યોજનની છે. એક સીતા મહાનદીના પૂર્વ કિનારા પર છે. અને બીજું પશ્ચિમ કિનારા પર છે. તેની જમીનમી અંદરની ઉંડાઇ અઢારસો યોજનની છે. ઉંચાઈની અપેક્ષાએ શાશ્વત પર્વતની જમીનની અંદરની ઉંડાઇ ચોથા ભાગ પ્રમાણ વાળી હોય છે. એક હજાર યોજનની લંબાઇ પહોળાઇ વાળા છે. મધ્યમાં એ સાડા સાતસો યોજન લાંબા પહોળા છે. અને ઉપરના ભાગમાં પાંચસો યોજનની લંબાઇ પહોળાઇ વાળા છે. મૂલમાં ૩૧૬૨ યોજનથી કંઇક વધારેની પરિધિ છે. મધ્યમ ૨૩૭૨ યોજનથી કંઇક વધારેની પરિધિ અંતે-૮૧-યોજનથી કંઇક વધારે તેની પરિધિ છે. હે ગૌતમ ! યમક પર્વતોની ઉપર જે નાની નાની વાવડીયો છે તળાવો છે; તલાવ પંક્તિયો છે. બિલો છે. બિલપંક્તિયો છે, તે બધામાં અનેક ઉત્પલો છે, પદ્મો છે; કુમુદો છે; કમળો છે, પુંડરીકો છે; શતપત્રો છે, અને સહસ્રપત્રો છે. તેની પ્રભા પક્ષિઓની પ્રભા જેવી છે. અહીંયા યમક નામના બે દેવો નિવાસ કરે છે. તેઓની આયુ એક પલ્યોપમની છે. તે દરેક યમક દેવો ચાર હજાર સામાનિક દેવોના પરિવાર સહિત ચાર હજાર અગ્રમહિષિયો આભ્યન્તર અને બાહ્ય સભાના ક્રમથી ૧૮૦૦૦ અને ૧૨૦૦૦ દેવોના પોતપોતાના પર્વતોના અને પોતપોતાની યમક નામની રાજધાનીયોના તથા બીજા પણ અનેક વાનવ્યન્તર દેવોનું અને દેવિયોનું અધિપતિ પણાને સ્વામીપણાને ભર્તૃત્વ વિગેરેને કરતા તથા તેઓનું પાલણ પોષણ કરતા આનંદ પૂર્વક રહે છે. યમકના જેવા આકારવાળા અને યમકના જેવા વર્ણવાળા હોવાથી તથા યમક ઉત્પલ વિગેરેના સંબંધથી તથા યમક નામ દેવોના સંબંધથી એ પર્વતોને 'યમક' એ નામથી કહેલા છે. એજ યમક નામના દેવોની જે યમકા નામની રાજધાનીયો છે, તે ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! બન્ને યમક પર્વતોની ઉત્તર દિશામાં તિર્યગ્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને આગળ આવતા ૧૨ ૦૦૦યોજન આગળ જવાથી બરોબર એજ સ્થાનમાં યમક દેવોની યમકા નામની રાજધાનીયો છે.

[૧૮૭] ઉત્તર કુરૂક્ષેત્રમાં નીલવંત નામનું દ્રહ ક્યાં આગળ આવેલ છે?હે ગૌતમ ! બન્ને યમક પર્વતોની દક્ષિણ દિશાથી૮૩૪-૪/૭ યોજન દૂર સીતા નામની મહા નદી બહુમધ્ય દેશભાગમાં ઉત્તરકુરૂનું નીલવંત નામનું દ્રહ કહેલ છે. એ દ્રહ ઉત્તર દક્ષિણ સુધી લાંબુ છે. અને પૂર્વ પશ્ચિમ સુધી પહોળું છે. એ એક હજાર યોજનનું લાંબુ અને પાંચસો યોજન પહોળું છે. અને ૧૦ દસ યોજન ઉંડું છે. આકાશ અને સ્ફટિક મણિના જેવું નિર્મળ છે. આ નીલવંત દ્રહયમાં સુંદર સુગંધથી ભરેલ અનેક ઉત્પલો છે, નલિનો છે, યાવત્ કમળો છે, તે બધા નીલી પ્રભાવાળા છે. નીલા વર્ણના જ છે. અહીંયાં નીલવંત દહકુમાર નામના નાગકુમારેન્દ્ર દેવ રહે છે. એ મહાઋદ્ધિ વાળા છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. નીલવંત દ્રહનું, નીલવંતી રાજધાનીનું અને બીજા પણ અનેક વાન વ્યન્તર દેવોનું અને દેવિયોનું અધિપતિ પણું કરતા યાવત્ તેઓનું પાલન કરતા યમક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવની જેમ સુખ પૂર્વક કહે છે. પદ્મ વિગેરેનું નીલપણું અને નીલવંત નામના તેના અધિપતિને લઈને આ નીલવંત દ્રહનું નામ નીલવંત એ પ્રમાણે છે.

[૧૮૮] હે ભગલંત નીલવંત દ્રહકુમાર નામ નાગકુમારેન્દ્રની નીલવંત નામની રાજધાની ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! નીલવંત પર્વતની ઉત્તર દિશાથી તિર્યગ્ અસંખ્યાતદ્વીપ અને સમુદ્રોને ઓળંખીને અન્ય જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૧૨૦૦૦ યોજન આગળ જવાથી નીલવંતી નામની રાજધાની આવેલ છે.

[૧૮૯] નીલવંત હૃદની પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં ૧૦ દસ યોજન આગળ જવાથી દસ દસ કાંચનગિરિ નામ પર્વતો છે. અને એ દસ દસ યોજનના અંતરાલની વ્યવસ્થિત છે. તથા એ દક્ષિણ અને ઉત્તરમાં શ્રેણિ રૂપે કહેલા છે. દસ દસ યોજનની ઉંચાઈ વાળા છે. દસ દસ યોજનની ઉંચાઈ વાળા છે. અને પચીસ પચીસ યોજનના ઉદ્વેગ વાળા છે. અર્થાત્ જમીનના અંદરના ભાગમાં ઉંડા છે. એ મૂળમાં દરેક એકસો યોજનની પહોળાઈ વાળા છે. મધ્યમાં ૭૫ પંચોતેર યોજનની પહોળાઈ વાળા છે. અને ઉપરની બાજુ ૫૦ પચાસ યોજનની પહોળાઈ વાળા છે. તે દરેકની પરિધિ મૂળમાં ત્રણસો સોળ યોજનથી કંઈક વધારે છે. મધ્યમાં ૨૩૭ બસો સાડત્રીસ યોજનથી કંઈક વધારે અને ઉપરમાં ૧૫૨ એકસો બાવન યોજનથી કંઈક વધારે તેની પરિધિ છે. આ બધા કાંચન પર્વતો સર્વાત્મના સુવર્ણમય છે. આકાશ એવું સ્ફટિક મણિના જેવા અચ્છ-નિર્મલળ છે. શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો ? કે આ કંચન પર્વત છે. કંચન પર્વતોની ઉપર અનેક સ્થળે વાવડિયો છે. તલાવો છે. તળાવ પંક્તિયો છે. તેમાં નાના મોટા જુદી જુદી જાતના અનેક કમળો છે. મહાઋદ્ધિ વિગેરે વિશેષણો વાળા કાંચન દેવ ત્યાં રહે છે. તેઓ સામાનિક વિગેરે દેવોનું અધિપતિ પણું કરતા થકા સુખ પૂર્વક ત્યાં રહે છે. તે બધા કાંચનના જેવી પ્રભાવાળા અને કાંચન જેવા રંગવાળા છે. તે કારણથી એ પર્વતોને કાંચન એ નામથી કહ્યા છે. આ કાંચન પર્વતો શાશ્વત છે. નિયત છે. અવ્યય છે. અવસ્થિત છે. અને નિત્ય છે. ભૂતકાળમાં તેઓ વિદ્યમાન હતા. ભવિષ્ય કાળમાં રહેશે. અને વર્તમાનમાં તેઓ વિદ્યમાન છે.

હે ભગવન્ ! કાંચનદેવોની કાંચનિકા રાજધાની ક્યાં આગળ આવેલ છે ? હે ગૌતમ ! કાંચન પર્વતોની ઉત્તર દિશામાં તિર્યગ્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગવાથી બીજા જંબૂદ્વીપમાં બાર યોજન આગળ જવાથી કાંચનક દેવોની કાંચનિકા નામની રાજધાની આવેલી છે. તે રાજધાની બાર યોજનની છે. આ રાજધાની એક પ્રાકારથી ઘેરાયેલી છે. આ પ્રાકાર ૩૭ યોજનનો છે. તેની ઉંચાઈ ૮ યોજનની છે ! હે ભગવન્ ઉત્તર કુરૂક્ષેત્રમાં ઉત્તરકુરૂ નામનું દ્રહ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! નીલવંત દ્રહથી ૮૩૪-૪/૭ યોજન દૂર ઉત્તર કુરૂ નામનું દ્રહ છે. તે સીતા મહા નદીના બહુ મધ્ય ભાગમાં છે. આ દ્રહ ઉત્તર દક્ષિણ સુધી લાંબુ છે. પૂર્વ અને પશ્ચિમ સુધી તેનો વિસ્તાર છે. તેની લંબાઈ એક હજાર યોજનની છે. અને પાંચ સો યોજન પહોળાઈ છે. તેનો ઉદ્વે ધ-૧૦ યોજન છે. હે ભગવન્ ચંદ્ર દ્રહ ક્યાં આગળ આવેલ હે ગૌતમ ! ઉત્તરકુરૂ દ્રહ ના દાક્ષિણાત્ય ચરમાંતની પહેલાં દક્ષિણ દિશામાં આઠસો ચોત્રીસ સાતિયા ચાર યોજન દૂર જવાથી ચંદ્રદ્રહ આવે છે. દ્રહ તે સીતા મહાનદીના બહુમધ્ય દેશ ભાગમાં છે. હે ભગવન્ ઐરાવત નામનું દ્રહ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! ચંદ્રદ્રહ ની દક્ષિણદિશાના ચરમાન્તની

જૈન શાહિત્ય JAINSITE

પહેલાં દક્ષિણ દિશામાં ૮૩૪-૪/૭ યોજન દૂર સીતા મહાનદીના બહુમધ્ય દેશભાગમાં ઐરાવત નામનું દ્રહ છે, હે ભગવન્ માલ્યવાન્ દ્રહ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! ઐરાવત દ્રહના ચરમાન્તથી પહેલા દક્ષિણ દિશામાં ૮૩૪-૪/૭ યોજન દૂર સીતા મહાનદીના બહુ મધ્ય દેશ ભાગમાં ઉત્તર કુરૂક્ષેત્રમાં આ માલ્યવાન્ નામનું દ્રહ છે.

[૧૯૦] હે ભગવન્ ઉત્તરકુરૂક્ષેત્રણાં જંબૂસુદર્શન વૃક્ષનું જંબૂપીઠ નામનું પીઠ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની ઉત્તર પૂર્વ દિશામાં તથા નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં તથા માલ્યવાન્ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં તથા ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વદિશામાં સીતા મહાનદીના પૂર્વ દિક્કૂટમાં ઉત્તર કુરૂક્ષેત્રમાં જંબૂદ્વીપ નામની પીઠ છે. આ પીઠ સો યોજન લાંબી અને પહોળી છે. ૧૫૮૧ યોજનથી વધારે તેની પરિધી છે, મધ્યમાં એ ૧૨ બાર યોજનનો છે. તે પછી તે એક એક પ્રદેશ પણાથી થોડું થોડું કમ થતું ગયેલ છે. એ રીતે ચરમાંતમાં બે કોશની મોટાઇ થઇ ગયેલ છે. એ સર્વ રીતે સુવર્ણમય છે. આકાશ અને સ્ફટિકના જેવું નિર્મળ છે. યાવત્ પ્રતિરૂપ છે. એ જંબૂદ્વીપ એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચારે બાજુએ ઘેરાયેલ છે. આ બહુસમરમણીય ભૂમિભાગ ની બરોબર વચમાં એક વિશાળ મણિપીઠિકા છે. આ મણિપીઠિકાની લંબાઇ પહોળાઇ આઠ યોજનની છે. આ મણિપીઠિકા સર્વાત્મના મણિમયી છે. સ્વચ્છ છે. યાવત્ પ્રતિરૂપ છે. એ મણિપીઠિકાની ઉપર એક વિશાલ જંબૂસુદર્શના છે. અર્થાત્ જંબુવૃક્ષ છે. એ આઠ યોજનનું ઉંચું છે. તેની ઉંડાઇ અર્ધા યોજનની છે. બે યોજનનું તેનું સ્કંધ છે. તેની પહોળાઇ આઠ યોજનની છે. તેની શાખાઓ ૬ છ યોજનની છે. મધ્યભાગમાં એ આઠ યોજનની પહોળી છે. તેની ઉંચાઇ અને ઉદ્વેગ પરિમાણ બધુ મળીને બધો વિસ્તાર કંઇક વધારે આઠ યોજનનો છે. તેનો મૂળભાગ વજ્ર રત્નનો બનેલ છે. તેની સુપ્રતિષ્ઠિત વિડિમા ચાંદીની છે. તેનું વર્ણન ચૈત્ય વૃક્ષના વર્ણ જેવું છે.

[૧૯૧] જેનું બીજું નામ સુદર્શના છે એવા આ જંબૂદ્વીપની ચારે દિશાઓમાં ચાર શાખાઓ છે. તેમાં જે પૂર્વ દિશાની શાખા છે, તેની ઉપર એક વિશાળ ભવન છે. તેની લંબાઇ એક કોસની છે. અને તેની પહોળાઇ અર્ધા કોસની છે. અને કંઇક કમ અર્ધા કોસી ઉંચાઇ છે. તે અનેક સ્તંભો વાળું છે. તેના દ્વારો પાંચસો ધનુષ ઉંચા છે. અઢિસો ધનુષ પહોળા છે. અને એટલાજ પ્રવેશ વાળા છે. દક્ષિણ દિશામાં જે શાખા છે તેના પર એક પ્રાસા દાવતંસક છે, તે પ્રાસાદાવતંસક એક કોસ ઉંચુ છે, અને અર્ધા કોસની લંબાઇ વાળું છે. પશ્ચિમ દિશાની શાખા પર એક પ્રાસાદાવતંસક છે. ઉત્તર બાજુની જે ડાળ છે ત્યાં આગળ પણ એક ઘણો વિશાળ પ્રાસાદાવતંસક છે, જંબૂદ્વીપની ઉપરની જે શાખા છે. ત્યાં એક ઘણું જ વિશાળ સિદ્ધાયતન અર્થાત્ જિન ચૈત્ય છે. તેની લંબાઇ એક કોસ-ગાઉની છે, અને પહોળાઇ અર્ધા કોસની છે. અને કંઇક કમ દોઢ કોસ ઉંચું છે. તેમાં અનેક સ્તંભો લાગેલા છે, તે સિદ્ધાયતનની ત્રણ દિશાઓમાં ત્રણ દરવાજાઓ છે. એ દ્વારો પાંચસો ધનુષ ઉંચા છે. અને અઢિસો ધનુષની પહોળાઇવાળા છે. તેમાં એક મણિપીઠિકા છે, આ મણિપીઠિકા પાંચસો ધનુષ જેટલી લંબાઇ અને પહોળી છે. તેના પર દેવચ્છંદક છે, જે દેવચ્છંદક પાંચસો ધનુષ જેટલું પહોળું છે. અને કંઇક વધારે પાંચસો ધનુષની ઉંચાઇવાળું છે. એ દેવચ્છંદકમાં ૧૦૮ એકસો આઠ જીન અર્થાત્ અરિહંતની

પ્રતિમાઓ છે, એ અરિહંત પ્રતિમઓ જેની જેટલી ઉંચાઇ કહેલ છે તેટલા પ્રમાણની ઉંચાઇવાળી છે.

સુદર્શનના જેનું બીજું નામ છે એવું આ જંબુ વૃક્ષ બીજા ૧૦૮ જાંબુવૃક્ષોથી ચારે બાજુ ઘેરાયેલ આ જંબૂવૃક્ષ ચાર યોજનની ઉંચાઇવાળું છે, અને એક કોસ-ગાઉ જેટલું એ જમીનની અંદર ગયેલ છે. તથા એક કોસનું તેનુ થડ છે. એક કોસ-તે પહોળું છે, ત્રણ યોજનની તેની શાખાઓ છે. ચાર યોજન પહોળું છે. તેનું સઘળું પ્રમાણ કંઇ વધારે ચાર યોજન જેટલું છે, તેનો મૂળ ભાગ વજ્રરત્નનો છે. બીજું નામ જેનું સુદર્શના છે એવા આ જંબૂ વૃક્ષના વાયવ્ય ખુણામાં, ઉત્તરદિશામાં અને ઈશાન ખુણામાં જંબૂદ્વીપના અધિપતિ અનાદૃત્ત દેવ ૪૦૦૦ સામાનિક દેવોના ૪૦૦૦ જંબુવૃક્ષો છે, તેમાં પૂર્વદિશામાં ચાર અગ્રમહિ ષિયોને યોગ્ય ચાર જંબુવૃક્ષો છે.મહાજંબુવૃક્ષની દક્ષિણ પૂર્વ ખુણામાં આભ્ય-ન્તર પરિષદાના ૮૦૦૦ દેવોના યોગ્ય ૮૦૦૦ જંબુવૃક્ષો છે. દક્ષિણદિશામાં મધ્યમાં પરિષદાના ૧૦૦૦૦ દેવોને યોગ્ય ૧૦૦૦૦ મહાજંબૂવૃક્ષો છે. દક્ષિણ પશ્ચિમ ખુણામાં બાહ્ય પરિષદાના ૧૨૦૦૦ દેવોને યોગ્ય ૧૨૦૦૦ મહાવૃક્ષો છે. પશ્ચિમ દિશામાં સાત અનીકાદિપતિયોને યોગ્ય સાત મહાજંબુવૃક્ષો છે, તે પછી સઘળી દિશા ઓમાં ૧૬૦૦૦ આત્મરક્ષક દેવોને યોગ્ય ૧૬૦૦૦ જંબુવૃક્ષો છે. આ સુદર્શન જંબૂ સો સો યોજનના પ્રમાણવાળા છે. એવા ત્રણ વનખંડોથી એ ચારે બાજુથી ઘેરાયેલ છે. જંબૂસુદર્શનાની પૂર્વ દિશામાં જે પહેલું વનખંડ છે, તેનાથી પચાસ યોજન આગળ જવાથી એક વિશાળ ભવન આવે છે. એજ પ્રમાણે જંબૂ સુદર્શનાની દક્ષિણ દિશામાં જે પ્રથમ વનખંડ છે. તેનાથી પચાસ યોજન આગળ જવાથી એક વિશાળ ભવન આવે છે. એજ પ્રમાણે જંબુસુદર્શનાની પશ્ચિમ દિશામાં અને ઉત્તર દિશામાં જે પ્રથમ વનખંડ છે, તેનાથી પચાસ પચાસ યોજન આગળ જવાથી એક વિશાળ ભવન આવે છે.

જંબૂસુદર્શનાના ઈશાન ખુણામાં જે પહેલું વનખંડ છે, તેનાથી પચાસ યોજન આગળ જવાથી ઘણી જ વિશાળ ચાર નંદાપુષ્કરિણીયો આવે છે. પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, અને કુમુદપ્રભા દરેક નંદા પુષ્કરિણીયોની લંબાઇ એક કોસ-ગાઉની છે. અને તેની પહોળાઇ અર્ધા કોસની છે. તે દરેકની ઉંડાઇ પાંચસો ધનુષની છે. એ બધી જ નંદાપુષ્કરિણીયો યાવત્ પ્રતિરૂપ છે. દરેક નંદાપુષ્કરિણી- યોની બરોબર મધ્યભાગમાં એક પ્રાસાદ વતંસક છે. એક કોસ-ગાઉ જેટલો લાંબો છે. અને અર્ધા ગાઉ જેટલો પહોળો છે. જંબૂસુદર્શનની પૂર્વદિશામાં આવેલ ભવનની ઉત્તર દિશામાં, ઈશાન દિશામાં અને દક્ષિણ દિશામાં એક એક વિશાલ કૂટ છે તે તેની લંબાઇ આઠ યોજનની છે. મૂલમાં બાર યોજનની તેની લંબાઇ પહોળાઇ છે. તે મધ્યમાં આઠ યોજન લાંબો પહોળો છે. અને ઉપર ચાર યોજનની તેની લંબાઇ પહોળાઇ છે. મૂળમાં કંઇક વધારે ૩૭ યોજનની તેની પરિધિ છે. મધ્યમાં કંઇક વધારે પચ્ચીસ યોજનની પરિધિ છે. અને ઉપર કંઇક વધારે ૧૨ યોજનની પરિધિ છે. એ સર્વાત્મના જંબૂનદમય છે. તે નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવર વેદિકાથી અને વનખંડથી ચારે બાજુએ ઘેરાયેલ છે. એ કૂટની ઉપર એક બહુ સમરમણીય ભૂમિભાગ છે. તેમાં અનેક વાનવ્યન્તર દેવો અને દેવિયો યાવત્ ઉઠે બેસે છે, વિગેરે

એ બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં એક કોશ ગાઉ લાંબુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સિદ્ધાયતન છે, આ સિદ્ધાયતનનું વર્ણન જંબૂસુદર્શનાની શાખા પર આવેલ સિદ્ધાયતન મુજબ જાણવું. આ સિદ્ધાયતનમાં એક મણિપીઠિકા છે. તેની ઉપર એક દેવચ્છન્દ છે. દેવચ્છન્દકમાં પોતપોતાના શરીરની અવગાહનાના પ્રમાણવાળી અરિહંત ભગવંતોની પ્રતિમાઓ છે, જંબૂસુદર્શનાની પૂર્વ દિશામાં આવેલ જે ભવન છે. એ ભવનની દક્ષિણ દિશામાં તથા વાયવ્ય વિગેરે દિશાઓમાં આવેલ જે પ્રાસાદાવતંસક છે તેની ઉત્તર દિશામાં એક વિશાળ કૂટ છે, આ કૂટની ઉપર એક સિદ્ધાયતન છે. જંબૂસુદર્શનાના દક્ષિણના ભવનથી પૂર્વ દિશામાં અને અગ્નિ ખુણામાં આવેલ જે પ્રાસાદાવતંસક છે તેની પશ્ચિમ દિશામાં એક ઘણોજ મોટો કૂટ આવેલ છે. એજ પ્રમાણે જંબૂસુદર્શનાની દક્ષિણ દિશામાં જે ભવન છે તેની પશ્ચિમ દિશામાં અને નૈઋત્ય ખૂણાના પ્રાસાદાવતંસકની પૂર્વ દિશામાં એજ પ્રમાણેનો જંબૂસુદર્શનાની પશ્ચિમ દિશાના ભવનની દક્ષિણ દિશામાં અને નૈઋત્ય ખૂણાના પ્રાસાદા વતંસકની ઉત્તર દિશામાં એક વિશાળ કૂટ છે. એજ પ્રમાણે જંબૂસુદર્શનાની પશ્ચિમ દિશાના ભવનની ઉત્તર દિશામાં અને વાયવ્ય ખૂણાના પ્રાસાદાવતંસકની દક્ષિણ દિશામાં એક વિશાળ કૂટ આવેલ છે. જંબૂસુદર્શનાની ઉત્તર દિશાના ભવનની પશ્ચિમ દિશામાં અને ઉત્તર પશ્ચિમ ખૂણાના પ્રાસાદાવતંસકની પૂર્વ દિશામાં એક વિશાળ કૂટ છે. જંબૂસુદર્શનાની ઉત્તર દિશાના ભવનની પૂર્વ દિશામાં અને ઉત્તર ખૂણામાં આવેલ પ્રાસાદાવતંસકની પૂર્વ દિશામાં એક વિશાળ કૂટ છે. જંબૂસુદર્શનાની ઉત્તર દિશાના ભવનની પૂર્વદિશામાં અને ઉત્તરપૂર્વના ખૂણાના પ્રાસાદાવતંસકની પશ્ચિમ દિશામાં એક વિશાળ કૂટ છે. અહીયાં એ બધા કૂટોનું, સિદ્ધાયતનનું તથા તેમાં બિરાજમાન ૧૦૮ અરિહંત પ્રતિમઓનું અને ત્રણ દરવાજાઓ વિગેરેનું પ્રમાણ પહેલાં જેમ કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે સમજી લેવું.

[૧૯૨-૧૯૩] સુદર્શના અમોઘા સુપ્રબુદ્ધા યશોધરા વિદેહજંબૂ સૌમનસ્યા નિયતા નિત્યમંડિતા સુભદ્રા વિશાલા સુજાતા સુમનીતિકા આ પ્રમાણે આ જ જંબૂસુદર્શનાના બાર નામો કહ્યા છે.

[૧૯૪] હે ભગવન્ ! આપ એવું શા કારણથી કહો છો કે આ જંબૂસુદર્શના છે ? હે ગૌતમ ! જંબૂસુદર્શના પર જંબૂદ્વીપના અધિપતિ જે મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા અનાદૃત નામના દેવ છે. તે નિવાસ કરે છે. તેની સ્થિતિ એક પલ્યોપમની છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિક દેવોનું, ચાર અગ્રમહિષિયોનું સાત અનીકાધિપતિયોનું ૧૬૦૦૦ આત્મરક્ષક દેવોનું અને બીજા પણ અનેક વાનવ્યન્તર દેવોનું અને દેવિયોનું તથા જમ્બૂદ્વીપનું જમ્બૂસુદર્શનાનું અને અનાદૃતા રાજધાનીનું અધિપતિપણું કરતા સુખ પૂર્વક ત્યાં નિવાસ કરે છે. હે ભગવન્ ! અનાદૃતદેવની અનાદૃતા રાજધાની ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! વિજયા રાજધાનીના કથન પ્રમાણેનું જ સઘળું કથન આ અનાદૃત રાજ ધાનીનું છે. હે ગૌતમ ! તેની આગળ જંબૂદ્વીપમાં અનેક સ્થળોએ અનેક જંબૂવૃક્ષો અને જંબૂવર્ણવાળા છે. જંબૂવનખંડ સર્વદા કુસુમિત રહે છે. યાવત્ પોતાની સુંદરતાથી સુશો ભિત રહે છે. તે કારણથી હે ગૌતમ ! જંબૂદ્વીપનું જંબૂદ્વીપ એવું જ નામ કહેલ છે. અથવા હે ગૌતમ આ દ્વીપનું જંબૂદ્વીપ એવું જે નામ છે, તે શાશ્વત છે-કોઈપણ કારણને ઉદ્દેશીને નહીં તે નામથી આ નામ પહેલાં ક્યારેક ન હતું તેમ નથી. વર્તમાનમાં પણ તે નામ નથી તેમ નથી. તથા ભવિષ્યમાં પણ આ નામ હશે નહીં તેમ પણ નથી. તેથી આ જંબૂદ્વીપ શાશ્વતિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામવાળો છે.

[૧૯૫] હે ભગવન્ ! આ જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રમાઓએ પ્રકાશ કરેલ છે ? તેમજ વર્તમાનમાં કેટલા ચંદ્રમા પ્રકાશ કરે છે ? ને ભવિષ્યકાળમાં પણ કેટલા ચંદ્રમા પ્રકાશ કરશે ? કેટલા સૂર્ય આ જંબૂદ્વીપમાં તપ્યા છે ? તપે છે ? અને તપશે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે ચંદ્રમાઓએ પ્રકાશ આપ્યો હતો. આપે છે, અને આપશે એજ પ્રમાણે બે સૂર્ય તપ્યા તપે છે. તપશે. છપ્પન નક્ષત્રોએ યોગ કર્યો છે. કરે છે. અને કરશે.૧૭૬ ગ્રહોએ અહીયાં ચાલ ચાલી છે. ચાલે છે. અને ચાલશે.

[૧૯૬-૧૯૭] ૧૩૩૯૫૦ કોડાકોડી તારાગણો અહીયાં શોભિત થયેલા છે. શોભે છે. શોભિત થશે.

[૧૯૮] હે ભગવન્ ! લવણસમુદ્ર શું સમચક્રવાલ સંસ્થાનવાળો છે કે વિષમ ચક્રવાલ સંસ્થારવાળો છે ? હે ગૌતમ ! લવણસમુદ્રનું સંસ્થાન સમ છે વિષમ નથી લવણસમુદ્ર ચક્રવાળની અપેક્ષાથી બે લાખ યોજન જેટલો પહોળો છે અને ૧૫૮૧૧૩૯ યોજનથી કંઈ વિશેષાધિક તેની પરિધિ છે. આ લવણ સમુદ્ર એક પદ્મવરવેદિકાથી અને એક વનખંડથી ચારે બાજુથી ઘેરાયેલ છે. લવણસમુદ્રનું વનખંડ કંઈક કમ બે યોજન પહોળું છે. લવણસમુદ્રના ચાર દ્વારો કહેલા છે. વિજય, વૈજયન્ત, જયન્ત, અને અપરાજીત આ દ્વારો પૂર્વ વિગેરે દિશાઓમાં છે, લવણસમુદ્રનું વિજયદ્વાર ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! લવણસમુદ્રની પૂર્વદિશાના અંતમાં તથા ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધથી પશ્ચિમ દિશામાં અને સીતોદા મહાનદીની ઉપર લવણ સમુદ્રનું વિજય નામનું દ્વાર આવેલ છે. આ દ્વાર આઠ યોજન ઉંચું છે, ચાર યોજન પહોળું છે. વિજયદ્વારની પૂર્વદિ શામાં તિરછા અસંખ્યાતદ્વીપ સમુદ્રોને ઓળંખીને ત્યાં આવેલ અન્ય લવણસમુદ્રમાં બારહજાર યોજન આગળ જવાથી આ વિજયદેવની વિજયા નામની રાજધાની આવે છે, લવણ સમુદ્રની દક્ષિણ દિશાના અંતરમાં અને ધાતકી ખંડના દક્ષિણાર્ધની ઉત્તર દિશામાં લવણસમુદ્રનું વૈજયન્ત નામનું દ્વાર આવેલ છે. આ દ્વારની ઉપર વૈજયંત નામના દેવ નિવાસ કરે છે. તેની રાજધાનીનું નામ વૈજયંતી છે. આ વૈજયંતદેવ આ રાજધાનીમાં સુખપૂર્વક પોતાના સમયને વીતાવતા રહે છે. એ કારણથી આ દ્વારનું નામ વૈજયંત દ્વાર કહેલ છે, વૈજયંતી દ્વારની દક્ષિણદિશાના તિર્છા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને પાર કરવાથી ત્યાં આગળ આવેલ બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન આગળ જવાથી વૈજયંત નામની રાજધાની છે, જયન્તદ્વારના સંબંધમાં પણ એજ પ્રમાણેનું કથન છે, અપરાજીત દ્વારના સંબંધમાં પણ એજ પ્રમાણેનું કથન કહેવું. હે ભગવન્ ! લવણ સમુદ્રના એક એક દ્વારના અંતરાલની અવ્યાઘાતરૂપ અબાધાથી કેટલું અંતર કહેલ છે ?

[૧૯૯] હે ગૌતમ ! એક કોસ અધિક ત્રણ લાખ પંચાણું હજાર બસો એંસી યોજનનું એક દ્વારથી બીજા દ્વાર સુધીનું અંતર કહેલ છે.

[૨૦૦] હે ભગવન્ ! લવણસમુદ્રના જે પ્રદેશો ધાતકીખંડને સ્પર્શેલા છે, તે ધાતકીખંડના છે ? કે લવણસમુદ્રના છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ અને લવણસમુદ્રના સ્પર્શ કરેલા પ્રદેશોના કથનાનુસાર સમજી લેવું. હે ભગવન્ ! લવણસમુદ્રમાં જે એકેન્દ્રિય વિગેરે જીવો છે તે શું મરીને ધાતકીખંડમાં જન્મ લે છે ? કે નથી લેતા ? હે ગૌતમ ! કેટલાક જીવો એવા હોય છે જેઓ લવણસમુદ્રથી મરીને જન્માન્તરમાં ધાતકીખંડમાં ઉત્પન્ન થઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે અને કેટલાક જીવો એવા હોય છે કે-જેઓ મરીને લવણસમુદ્રમાં જ ઉત્પન્ન થઈ જાય છે. એજ પ્રમાણે જે જીવો ધાતકીખંડમાં મરે છે તે ધાતકીખંડમાં પણ ઉત્પન્ન થાય છે અને લવણસમુદ્રમાં પણ ઉત્પન્ન થઈ જાય છે, અને કેટલાક જીવો એવા પણ છે કે જેઓ ધાતકીખંડમાં પણ ઉત્પન્ન થતા નથી અને લવણસમુદ્રમાં પણ ઉત્પન્ન થતા નથી, પરંતુ બીજે જ સ્થળે ઉત્પન્ન થઈ જાય છે. હે ભગવન્ ! લવણસમુદ્રનું નામ લવણસમુદ્ર એ પ્રમાણે કયા કારણથી થયેલ છે ? હે ગૌતમ ! લવણસમુદ્રમાં પાણી અવિલ છે, લેલેણ છે, ખારી મીઠી એવી ઉષર ભૂમિના જેવું છે, લિંદ છે, લવણ જેવું ખારૂં છે, આ જ કારણથી લવણસમુદ્રનું નામ લવણસમુદ્ર એ પ્રમાણે થયેલ છે, લવણસમુદ્રનું લવણ સમુદ્ર એ પ્રમાણેનું નામ થવામાં એક બીજું કારણ એ પણ છે લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત નામના દેવ છે કે જેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા છે, અને આ લવણ સમુદ્રમાં રહે છે, ત્યાં રહેતા પોતાનો સમય સુખપૂર્વક વીતાવે છે. તે કારણથી હે ગૌતમ ! આ સમુદ્રનું નામ લવણસમુદ્ર એ પ્રમાણે કહેલ છે, અથવા હે ગૌતમ ! લવણ સમુદ્ર શાશ્વત છે. કેમકે એ પહેલાં ન હતો તેમ નથી. વર્તમાનમાં નથી તેમ પણ નથી, તથા આગળ પણ તેનું વિદ્યમાનપણું રહેશે નહીં તેમ નથી. તેથી જ તે ધ્રુવ યાવત્ નિત્ય છે, તેથી તે અનિમિત્તિક છે.

[૨૦૧] હે ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલા ચંદ્રમાઓએ પ્રકાશ કર્યો હતો ? પ્રકાશે છે?પ્રકાશ આપશે?એજ રીતનો પ્રશ્ન પાંચેયના સંબંધમાં કરી લેવો તે હે ગૌતમ ! લવણસમુદ્રમાં ચાર ચંદ્રમાઓએ પ્રવેશ કર્યો હતો. કરે છે, અને કરશે, એજ પ્રમાણે ત્યાં ચાર સૂર્યો તપ્યા હતા, તપે છે, અને તપશે, એકસો બાર નક્ષત્રોએ ત્યાં ચંદ્રમા વિગેરેની સાથે યોગ કર્યો હતો, કરે છે અને કરશે. ઉપર મહાગ્રહોએ ત્યાં ચાલ ચાલી હતી. ચાલે છે અને ચાલશે. ૨૬૭૯૦૦ કોડાકોડી તારાઓ શોભિત થયા હતા. થાય છે, અને શોભશે.

[૨૦૨] હે ભગવન્ લવણસમુદ્રનું પાણી ચૌદશ, આઠમ, અમાસ અને પુનમ એ તિથિયોમાં જે અત્યંત વધેલું જણાય છે. તેનું શું કારણ છે ? અને પાછળથી ઓછું થઈ જાય છે, તેનું શું કારણ છે ? હે ગૌતમ ! જંબુદ્વીપની ચારે દિશાઓમાં બહારની વેદિકાના અંતભાગથી લવણસમુદ્રમાં ૯૫૦૦૨ યોજન અંદર જવાથી. ત્યાં એક મોટા કુંભ ઘડાના સંસ્થાન-આકારવાળા મહાપાતાલ કલશો છે વલયામુખ, કેયૂપ યૂપ, અને ઈશ્વર આ પાતાલ કલશો એક લાખ યોજન પાણીની અંદર ઉંડા પ્રવેશેલો છે. મૂળમાં એ દસ હજાર યોજન જેટલા પહોળા છે. ત્યાંથી એક એક પ્રદેશની શ્રેણીથી વૃદ્ધિ થતાં થતાં એ મધ્યમાં એક એક લાખ યોજન પહોળા થઈ ગયેલ છે. તે પછી ત્યાંથી એ એક પ્રદેશની શ્રેણીથી હાની થતાં થતાં તે ઉપરની તરફ દસ હજાર યોજન પહોળા થઈ જાય છે. પાતાલ કલશોની ભીંતો બધેજ સરખી છે. આ ભીંતોમાં અનેક પૃથ્વીકાયિક જીવો નિકળે છે અને ઉત્પન્ન થાય છે ત્યાં પુદ્ગલોનો ઉપચય અને અપચય થતો રહે છે. એ કૂડય દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી શાશ્વત કહેલ છે. અને પર્યાયોની અપેક્ષાથી અશાશ્વત કહેલા છે, આ ચાર મહાકલશોમાં ચાર મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા દેવો રહે છે. એ દેવોના નામો કાળ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન એ પ્રમાણે છે. આ મહાપાતાલ કલશોના દરેકના ત્રિભાગ છે. જે આ પ્રમાણે છે. એક નીચેનો ત્રિભાગ, બીજો મધ્યનો ત્રિભાગ, અને ત્રીજો ઉપરનો ત્રિભાગ તેમાંથી દરક ત્રિભાગ ૩૩૩૩૩-૧/૩ મોટા નીચેનો જે ત્રિભાગ છે, તેમાં વાયુકાયિક જીવો રહે છે. મધ્યનો જે ત્રિભાગ છે. તેમાં વાયુકાયિક અને અપ્પાયિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બે જીવ રહે છે. તથા જે ઉપરનો ત્રિભાગ છે. તેમાં અપ્કાયિક જીવો રહે છે. તથા તેના સિવાય હે ગૌતમ ! લવણસમુદ્રમાં બીજા પણ અનેક નાની નાની જગ્યાએ અલિંજરના આકાર જેવા, મહાકલશોના આકાર જેવા. પાતાલ કલશો છે. આ બધા પાતાલ કલશો મળીને લવણસમુદ્રમાં ૭૮૮૪ થાય છે. એ મહાપાતાલ કલશોના અને ક્ષુદ્રપાતાલ કલશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઉર્ધ્વગમનના સ્વભાવવાળા વાયુકાય ઉત્પન્ન થવાના સન્મુખ હોય છે. સામાન્ય પણાથી કંપિત થાય છે. વિશેષપણાથી કંપિત થાય છે. ઘણાજ જોરથી ચાલે છે. યાવત્ વાયુઓને અને જલને પ્રેરણા કરે છે. તથા દેશકાળને યોગ્ય તીવ્ર અને મધ્યમ ભાવથી જ્યારે પરિણામને પ્રાપ્ત કરે છે. પૂર્વોક્ત દિવસોમાં તેમાં જળ વધે છે. અને જ્યારે એ મહાપાતાલ કલશોની અને ક્ષુદ્ર પાતાલ કલશોની નીચેની બાજુના મધ્યના ત્રિભાગો માં અનેક ઉદાર વાયુકાયિક જીવો ઉત્પન્ન થવાના નજીકજ હોય છે. સંમૂર્ચ્છન જન્મથી આત્મલાભ કરતા નથી. યાવત્ તે તે ભાવ માં પરિણત થતા નથી. ત્યારે જલ વધતું નથી. તેમાંથી પાણી ઉછળતું નથી. આ પ્રમાણે રાત દિવસમાં બે વાર વાયુ ઉત્પન્ન થાય છે. ત્યારે પાણી બે વાર ઉંચુ ઉછળે છે. તથા પક્ષની વચમાં ચૌદશ વિગેરે તિથિયોમાં અધિકપણાથી વાયુકાયિક જીવ ઉત્પન્ન થાય છે. ત્યારે તે તિથિયોમાં વધારે પ્રમાણમાં ઉંચે ઉછળે છે. એ કારણથી હે ગૌતમ ! લવણસમુદ્રમાં ચૌદશ; આઠમ અમાસ અને પુનમ એ તિથિયોમાં પાણીની અત્યંત વૃદ્ધિ થાય છે. અને હાનિ થાય છે.

[૨૦૩] હે ભગવંત લવણ નામનો સમુદ્ર ત્રીસ મુહૂર્તમાં કેટલીવાર વધે છે ? અને કેટલીવાર ઘટે છે ? હે ગૌતમ ! બે વાર વધે છે. અને બે વાર ઘટે છે. હે ગૌતમ ! નીચેના અને મધ્યના ત્રિભાગ માં રહેલ વાયુના સંક્ષોભથી પાતાલ કલશોમાંથી જ્યારે પાણી ઉંચુ ઉછળે છે, ત્યારે સમુદ્રમાં પાણી વધે છે. અને જ્યારે એ પાતાળ કલશો વાયુથી ભરાયેલા રહે છે. ત્યારે પાણીની હાની થાય છે. એ કારણથી હે ગૌતમ ! લવણ સમુદ્ર એક રાત દિવસમાં બે વાર અધિકાધિક વધે છે અને ઘટે છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

[૨૦૪] હે ભગવન્ લવણ સમુદ્રની શિખા ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ કેટલી પહોળી છે ? અને તે કેટલીક વધે છે અને કેટલી ઘટે છે ? હે ગૌતમ ! ૧૦૦૦૦ યોજન જેટલી પહોળી છે. તથા કંઈક ઓછી અર્ધા યોજન સુધી તે વધે છે. અને ઘટે છે. હે ભગવન્ લવણ સમુદ્રની આભ્યન્તરિક વેલાને શિખરની ઉપરના જલને અને શિખાને કે જે અગ્રભાગમાં પડે છે. કેટલા હજાર નાગકુમાર દેવો ધારણ કરે છે ? હે ગૌતમ ! ૪૨૦૦૦ નાગકુમાર દેવો ધારણ કરે છે. ૭૨૦૦૦ નાગકુમાર દેવો બહારની વેલાને ધારણ કરે છે. તથા ૬૦૦૦૦ નાગકુમાર અગ્રોદકને ધારણ કરે છે. આ બધા નાગકુમારો મળીને કુલ ૧૭૪૦૦૦ થાય છે.

[૨૦૫] હે ભગવન્ વેલંધર નાગરાજ કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! ચાર કહેલા છે. ગોસ્તૂભ, શિવક શંખ, અને મનઃશિલા. હે ભગવન્ એ ચાર વેલંધર નાગરાજાઓના કેટલા આવાસ પર્વતો કહેલા છે ? ચાર આવાસ પર્વતો કહેલા છે. ગોસ્તૂભ, ઉદકાવા, શંખ અને દકસીમા હે ભગવન્ ગોસ્તૂભ વેલંધર નાગરાજનો ગોસ્તૂભ નામનો આવાસ પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં લવણસમુદ્રથી ૪૨૦૦૦ યોજન આગળ જવાથી ગોસ્તૂભ વેલંધર નાગરાજનો ગોસ્તૂભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામનો આવાસ પર્વત છે. આ પર્વત ૧૭૨૧ યોજન જેટલો ઉંચો છે. ૪૩૦૧ યોજનની તેની ઉંડાઈ છે. તે મૂળમાં ૧૦૨૨ યોજન લાંબો પહોળો છે. વચમાં ૭૨૩ યોજન લાંબો પહોળો અને ઉપરની તરફ ૪૨૪ યોજન જેટલો લાંબો પહોળો છે. મૂળમાં ૩૨૩૦ યોજનમાં કંઈક ઓછી તેની પરિધિ છે. વચમાં ૨૨૮૪ યોજનથી કંઈક ઓછી તેની પરિધિ છે. ઉપરમાં તેની પરિધિ ૧૩૪૧ યોજનમાં કંઈક ઓછી છે. હે ભગવન્ ! આ પર્વતનું નામ ગોસ્તૂભ આવાસ પર્વત એ પ્રમાણે શા કારણથી કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વત પર સ્થળે સ્થળે ઘણી નાની મોટી વાવો છે. યાવત્ અહીયાં ગોસ્તૂભ નામના દેવ રહે છે. તે કારણથી આ પર્વતનું નામ 'ગોસ્તૂપ' એ પ્રમાણે કહેવામાં આવેલ છે; 'ગોસ્તૂભ' એવું જે આ પર્વતનું નામ છે તે અનાદિ કાલિક છે. આ ગોસ્તૂભ નામના નાગરાજેન્દ્ર ચાર હજાર સામાનિક દેવોનું સપરિવાર ચાર અગ્રમહિષ્યિોનું ત્રણ પરિષદાઓનું સાત અનીકોનું સાત અનીકાધિપતિયોનું ૧૬૦૦૦ આત્મ રક્ષક દેવોનું ગોસ્તૂભ પર્વતનું ગોસ્તૂભ રાજધાનીનું અને એ રાજધાનીમાં રહેવાવાળા અન્ય અનેક દેવોનું અને દેવિયોનું અધિપતિપણું કરતા સુખપૂર્વક રહે છે. ગોસ્તૂભ નામ ના દેવનો તેમાં અધિકાર હોવાથી. આ પર્વતનું નામ ગોસ્તૂપ પર્વત એ પ્રમાણે થયેલ છે.

હે ભગવન્ ગોસ્તૂભદેવની ગોસ્તૂભા નામની રાજધાની ક્યાં આવેલ છે? હે ગૌતમ ! ગોસ્તૂભ આવાસ પર્વતની પૂર્વ દિશામાં તિર્યગ્અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગીને આવેલા અન્ય લવણ સમુદ્રમાં ગોસ્તૂભદેવની ગોસ્તૂપા નામની રાજધાની આવેલ છે. તેનું વર્ણન વિજયા રાજધાની મુજબ જાણવું. હે ભગવન ! શિવક વેલંધર નાગરાજનો દગભાસ નામનો આવાસ પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર પર્વત છે. તેની દક્ષિણ દિશામાં લવણ સમુદ્રમાં ૪૨૦૦૦ યોજન આગળ જવાથી ત્યાં આવેલા સ્થાનોમાં શિવ નામના વેલંધર નાગરાજનો દગભાસ નામનો આવાસ પર્વત છે. તેનું પ્રમાણ ગોસ્તૂભ પર્વતનું જે પ્રમાણ બતાવેલ છે. એજ પ્રમાણે વિશેષતા કેવળ આ દગભાસ પર્વતના કથનમાં એટલી જ છે કે-આ પર્વત સર્વ રીતે અંક રત્નમય છે. તે સ્વચ્છ અને પ્રતિરૂપ છે. હે ગૌતમ ! આ પર્વત લવણસમુદ્રમાં ચારે બાજુ પોતાની સીમાથી આઠ યોજન ક્ષેત્રમાં જેટલું પાણી છે. તેને અત્યંત વિશુદ્ધ અંક રત્નમય હોવાથી ઉદ્દીપ્તિ કરે છે. ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે. અને કાંતિ યુક્ત કરે છે. તથા અહીંયા મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા શિવ નામના દેવ રહે છે. આ પર્વત સંબંધી બાકીનું તમામ કથન ગોસ્તૂપ પર્વતના કથન પ્રમાણે જ છે. હે ભગવન્ શંખ નામના વેલંધર નાગરાજનો શંખ નામનો આવાસ પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર પર્વત છે, એ મંદર પર્વતની પશ્ચિમ દિશામાં ૪૨૦૦૦ યોજન આગળ જવાથી ત્યાં આવતા સ્થાનમાં વેલંધર નાગરાજ શંખનો શંખ નામનો આવાસ પર્વત છે. પર્વતની ઉંચાઈ વિગેરેના સંબંધનું વર્ણન ગોસ્તૂપ આવાસ પર્વતના વર્ણન પ્રમાણે જ છે.

હે ભગવન્ મનઃશિલક વેલંધર નાગરાજનો દકસીમ નામનો આવાસપર્વત ક્યાં સ્થાન પર આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર પર્વત છે તે મંદર પર્વતની ઉત્તર દિશામાં લવણ સમુદ્રને ૪૨૦૦૦ યોજન પાર કરીને આગત સ્થાનમાં મનઃશિલક વેલંધરનાગરાજનો દકસીમ નામનો આવાસ પર્વત છે. આ પર્વતના વર્ણન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધી કથન ગોસ્તૂપ આવાસ પર્વતના કથન પ્રમાણે છે. ગૌતમ ! આ દગસીમ નામના આવાસ પર્વતપર શીતા અને શીતોદા માહનદીયોનો જલ પ્રવાહ વહેતો રહે છે. તેથી જલની સીમાનો તે કર્તા છે, તેનું નામ દગસીમ આવાસ પર્વત એ પ્રમાણે થયેલ છે. અથવા હે ગૌતમ ! આ દકસીમ એ નામ અનાદિ કાળભાવી છે. ત્રિકાલસ્થાયી ધ્રુવ નિયત, અવ્યય, યાવત્ નિત્ય છે. આ પર્વત પર મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા મનઃશિલક નામના દેવ રહે છે. હે ભગવન્ ! મનઃશિલક વેલંધર નાગરાજની મનઃશિલા નામની રાજધાની કયાં આવેલ છે ? હે ગૌતમ ! દકસીમ આવાસ પર્વતની ઉત્તર દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરીને ત્યાં આવેલ બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન પછી મનઃશિલા નામની રાજધાની આવેલી છે. તેનું વર્ણન વિજયા રાજધાનીના વર્ણન પ્રમાણે છે.

[૨૦૬] ગોસ્તૂપ પર્વત કનકમય છે. દકભાસ અંક રત્નમય છે. શંખ રજતમય છે, અને દકસીમ સ્ફટિકમય છે. પરંતુ જે મહાવેલંધર દેવ છે એ દેવોના અનુથાયી જે વેલંધર દેવ છે તેના જે આવાસ પર્વતો છે. તે રત્નમય છે.

[૨૦૭]હે ભગવન્ અનુવેલંધર રૂપ નાગ રાજા કેટલા કહેલા છે ? હે ગૌતમ ! રાજા ચાર કહેલા છે. કર્કોટક, કર્દમ, કૈલાસ, અને અરૂણપ્રભ આ ચાર અનુવેલંધર નાગરાજા ઓના કેટલા આવાસ પર્વતો કહેલાં છે ? હે ગૌતમ ! ચાર આવાસપર્વતો કહેલા છે. કર્કોટક, કર્દમ, કૈલાસ અને અરૂણપ્રભ. જંબૂદ્વીપ નામના દ્વીપ માં જે મંદર પર્વત છે, એ મંદર પર્વતની ઈશાન દિશામાં લવણસમુદ્રમાં ૪૨૦૦૦ યોજન આગળ જવાથી કર્કોટક નાગરાજનો કર્કોટક નામનો આવાસ પર્વત કહેલ છે, આ પર્વત ૧૭૨૧ યોજન ઉંચો છે. આ પ્રમાણેનું જેવું પરિમાણ વિગેરે ગોસ્તૂભ પર્વતનું કહેલ છે, એ જ પ્રમાણેનું આ કર્કોટક નામના પર્વતનું પરિમાણ વિગેરે કથન સમજી લેવું. આ કર્કોટક પર્વતપર નાની મોટી અનેક વાવો છે. યાવત્ બિલ પંક્તિયો છે, એ બધામાં અનેક ઉત્પલો યાવત્ લાખ દલવાળા કમળો છે. એ બધાનો આકાર કર્કોટકના જેવો છે, અને કર્કોટકના જેવોજ તેનો વર્ણ છે. એ કારણથી આ પર્વતનું નામ કર્કોટક એ પ્રમાણે કહેલ છે. તથા આ પર્વત પર કર્કોટક એ નામના એક દેવ પણ રહે છે જે તો આ દેવના સંબંધને લઈને પણ આ પર્વતનું નામ કર્કોટક એ પ્રમાણે છે. કર્કોટક અનુવેલંધર નાગરાજની કર્કોટક નામની રાજધાની કર્કોટક પર્વતની ઈશાન દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરીને ત્યાં આવેલ અન્ય લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન પ્રમાણ આગળ જવાથી આવે છે. કર્દમક અનુવેલંધર નાગરાજના સંબંધમાં પણ એજ પ્રમાણેનું તમામ કથન કરી લેવું. જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર પર્વત છે, તેની આગ્નેય દિશામાં લવણ સમુદ્રમાં ૪૨૦૦૦ યોજન આગળ જવાથી કર્દમક અનુવેલંધર નાગરાજનો કર્દમક નામનો આવાસ પર્વત છે. ગોસ્તૂપાવાસ પર્વતની જેમજ અહીયા કર્દમની રાજધાનીનું ઈત્યાદિ જાણવું. કૈલાસના સંબંધમાં પણ આજ પ્રમાણેનું વર્ણન સમજવું. જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર પર્વત છે એ મંદર પર્વતની નૈઋત્ય દિશમાં લવણ સમુદ્રમાં ૪૨૦૦૦ યોજન આગળ જવાથી કૈલાસ અનુવેલંધર નાગરાજનો કૈલાસ એ નામનો આવાસપર્વત છે. તેની ઉપર મહર્દ્ધિક કૈલાસ નામનો દેવ રહે છે. કૈલાસ પર્વતની નૈઋત્ય દિશામાં કૈલાસ નામની રાજધાની છે. અરૂણપ્રભના સંબંધમાં પણ એ જ પ્રમાણેનું કથન સમજી લેવું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૦૮] હે ભગવન્ લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનો ગૌતમ દ્વીપ કયાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમ દિશામાં ૧૨ યોજન પર્યન્તની લવણસમુદ્રમાં જવાથી જે સ્થાન આવે છે. ત્યાં આગળ લવણાધિ પતિ સુસ્થિત દેવનો ગૌતમ નામનો દ્વીપ છે, આ દ્વીપ બાર યોજન લાંબો પહોળો છે. અને કંઈક કમ ૩૭૯૪૨ યોજનનો તેનો પરિક્ષેપ છે. આ જંબૂદ્વીપની દિશામાં જંબૂદ્વીપના અંતમાં ૮૮ાા યોજન અનેએક યોજનના ૯૫ માં ભાગમાં ચાળીસ ભાગ પ્રમાણ પાણીથી ઉપર નીકળેલ છે. તથા લવણ સમુદ્રની દિશામાં લવણસમુદ્રના અંતમાં પાણીથી બે કોસ ઉંચું નીકળેલ છે. બહુસમરમણીય ભૂમિભાગની બરોબર મધ્યભાગમાં લવણસમુદ્રાધિપતિ સુસ્થિત નામના દેવનું એક વિશાળ ક્રીડાવાસ નામનો ભૌમેય વિહાર છે. આ વિહાર ૬૨ાા યોજનનો ઉંચો છે. ૩૧ા યોજનનો તેનો વિષ્કંભ છે. એ સેંકડો સ્તંભોની ઉપર ઉભો રહેલ છે. હે ભગવન્ ! આપ એવું શા કારણથી કહો છો કે આ ગૌતમ દ્વીપ છે. હે ગૌતમ ! એ ગૌતમદ્વીપમાં જે નાની મોટી વાવો વિગેરે છે. તે બધાની પ્રભા ગોમેદ રત્નના જેવી છે. તે તથા ત્યાં ગૌતમ દેવ રહે છે. તે કારણથી. હે ભગવન્ લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવની સુસ્થિતા નામની રાજધાની કયાં આવેલ છે ? હે ગૌતમ ! ગૌતમદ્વીપની પશ્ચિમ દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને પાર કરીને બીજા લવણ સમુદ્રમાં બાર હજાર યોજન આગળ જવાથી સુસ્થિત દેવની સુસ્થિતા નામની રાજધાની છે. આ રાજધાનીનું વર્ણન ગોસ્તૂપા રાજધાનીના વર્ણન પ્રમાણે છે.

[૨૦૯]હે ભગવન્ ! જંબૂદ્વીપમાં આવેલ બે ચંદ્રમાઓના બે ચંદ્રદ્વીપો કયાં આવેલા છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના મેરૂ પર્વતથી પૂર્વદિશામાં લવણ સમદ્રમાં ૧૨૦૦૦ યોજન આગળ જવાથી જંબૂદ્વીપને પ્રકાશિત કરવાવાળા બન્ને ચંદ્રમાઓના બે ચંદ્રદ્વીપો છે. આ દ્વીપ જંબૂદ્વીપની દિશામાં ૮૮ાા યોજન અને એક યોજનના પંચાણુ ભાગો માંથી ૪૦ ચાળીસ ભાગ જેટલો પાણીથી ઉપર નીકળેલ છે. તથા લવણ સમુદ્રની બાજુ બે ગાઉ જેટલો પાણીથી ઉપર નીકળેલ છે. તેની લંબાઈ પહોળાઈ ૧૨૦૦૦ યોજનની છે. બાકીનું તમામ વર્ણન ગૌતમ દ્વીપના વર્ણન પ્રમાણે છે. તથા તેનો પરિક્ષેપ કંઈક ઓછો ૩૭૯૪૮ યોજનનો છે. જે વાવો છે તેમાં અનેક ઉત્પલો વિગેરે ચંદ્રના વર્ણના જેવા છે. ચંદ્રની આભા જેવી આભાવાળા છે, તથા અહીયાં ચંદ્ર દેવ છે તે કારણથી હે ગૌતમ ! આ દ્વીપોનું નામ ચંદ્રદ્વીપ એ પ્રમાણે થયેલ છે. તથા આ દ્વીપો અનાદિ કાલિન છે. હે ભગવન્ જંબૂદ્વીપના ચંદ્રમાઓની ચંદ્રા નામની રાજધાનીયો કયાં આવેલ છે ? જંબૂદ્વીપથી પૂર્વમાં તિરછા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગીને આગળ જવાથી ત્યા આવતા બીજા જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૧૨૦૦૦ યોજન પર બે ચંદ્ર દેવોની અલગ અલગ બે ચન્દ્રા નામની રાજધાનીયો છે. તેની લંબાઇ પહોળાઈ ૧૨૦૦૦ યોજનની છે. તથા તેનો પરિક્ષેપ ૩૭૯૪ યોજનથી કંઈક વધારે છે. એ દરેક રાજધાનીયો ચારે બાજુથી એક વિશાળ કોટથી ઘેરાયેલ છે. કોટની ઉંચાઇ ૩૭ યોજનની છે. મૂળમાં ૧૨ાા યોજનની તેની પહોળાઇ છે, મધ્યમાં તેની પહોળાઇ ૬ાા યોજનની છે. હે ભગવન્ જંબૂદ્વીપના બે સૂર્યોના બે સૂર્યદ્વીપો કયાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના મેરૂ પર્વતથી પશ્ચિમમાં લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન આગળ જવાથી સૂર્યદ્વીપ આવે છે. તેની લંબાઈ પહોળાઈ વિગેરે તમામ વર્ણન ચંદ્રદ્વીપના વર્ણન પ્રમાણે જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૧૦] લવણસમુદ્રમાં રહીને જંબૂદ્વીપની દિશામાં ફરવાવાળા-બે ચંદ્રમાઓના બે ચંદ્રદ્વીપો ક્યાં આવેલ છે ? જંબૂદ્વીપ નામના દ્વીપમાં રહેલ મંદર પર્વતની પૂર્વ દિશામાં ૧૨૦૦૦ યોજન પર્યન્ત લવણ સમુદ્રને અવગાહિત કરીને ત્યાં આવેલ બરોબર એજ સ્થાન પર આભ્યન્તર લવણ સમુદ્રમા બે ચંદ્રમાઓના બાકી વર્ણન જંબુદ્વીપ મુજબ જાણવું. અહીયાં વિશેષતા કેવળ એજ છે કે-તેની રાજધાની અન્ય લવણ સમુદ્રમાં છે, આભ્યંતર લવણસમુદ્રના ચંદ્ર દ્વીપોની જેમ લવણ સમુદ્રમા ૧૨૦૦૦ યોજન પર આભ્યન્તર લવણ સમુદ્રના બે સૂર્યોના બે સૂર્ય દ્વીપો કહેલા છે. હે ભગવન્ બહારના લવણ સમુદ્રના બે ચંદ્રમાઓના ચંદ્ર દ્વીપ નામના દ્વીપ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રની પૂર્વ દિશામાં આવેલ ચરમાન્ત વેદિકાન્તથી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં ૧૨૦૦૦ યોજન આગળ જવાથી ત્યાં આવેલ સ્થાનમાં બાહ્ય લવણ સમુદ્ર સંબંધી બે ચંદ્રોના ચંદ્ર દ્વીપ નામના બે દ્વીપો આવેલ છે. આ ચંદ્ર દ્વીપ ધાતકીખંડની દિશામાં ૮૮ાા યોજન અને એક યોજનના પંચાણુભાગમાં ચાળીસ ભાગ પ્રમાણ પાણીની ઉપર નીકળેલ છે, અને લવણસમુદ્રની દિશામાં બે કોસ ઉપર નીકળેલ છે, બાર હજાર યોજનની તેની લંબાઇ પહોળાઇ છે, હે ભગવન્ બહારના લવણસમુદ્રના બે સૂર્યોના સૂર્ય દ્વીપ નામના બે દ્વીપો ક્યાં આવેલા છે ? હે ગૌતમ લવણસમુદ્રની પશ્ચિમની વેદિકાના અંતથી લવણ સમુદ્રમાં પશ્ચિમ તરફ ૧૨૦૦૦ યોજન આગળ જવાથી બે સૂર્યદ્વીપો કહેલા છે, એ ધાતકી ખંડની તરફ ૮૮ાા યોજન અને એક યોજનના પંચાણુંભાગ માંથી ૪૦ ભાગ પ્રમાણ ઉંચો છે; તથા તે લવણ સમુદ્રમાં પાણીથી બે ગાઉ ઊંચા છે.

[૨૧૧] હે ભગવન્ ધાતકીખંડ દ્વીપના બાર ચંદ્રમાઓના ચંદ્રદ્વીપ નામના દ્વીપો ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! ધાતકીખંડ દ્વીપની પૂર્વની દિગ્વેદિકાના ચરમાન્તથી કાલોદ સમુદ્રમાં બારહજાર યોજન આગળ જવાથી ત્યાં આવતા એ સ્થાન પર ધાતકીખંડમાં ચંદ્રમાઓના ચંદ્રદ્વીપ નામના દ્વીપ આવેલ છે. એ ચારે બાજુ દિશાઓ અને વિદિશા ઓમાં ફેલાયેલ છે. પાણીથી બે ગાઉ ઉંચા છે, તેની લંબાઇ પહોળાઇ બારહજાર યોજનની છે. તે દરેકનો પરિક્ષેપ ૩૭૯૪૮ યોજનથી કંઇક વધારે છે, આ બધાનું બાકીનું વર્ણન વિજય દ્વારના વર્ણન પ્રમાણે છે. હે ભગવન્ આ ચંદ્રા નામની રાજધાની ક્યાં આવેલ છે ? ગૌતમ ! ધાતકીખંડ દ્વીપની પૂર્વ દિશામાં અનેક દ્વીપો અને સમુદ્રોને પાર કરીને આજ ધાતકીખંડમાં બારહજાર યોજન આગળ જવાથી આવતા સ્થાનમાં ચંદ્રા નામની રાજ-ધાની છે. ધાતકી ખંડ દ્વીપમાં આવેલ ચંદ્રમાઓના ચંદ્રદ્વીપોના કથન મુજબ આ સૂર્યદ્વીપનું વર્ણન જાણવું. પરંતુ વિશેષતા એ કે-ધાતકીખંડ દ્વીપની પશ્ચિમ દિશાના વેદિકાન્તથી કાલોદધિ સમુદ્રમાં બારહજાર યોજન આગળ જવાથી સૂર્યદ્વીપ આવે છે. સૂર્યદેવની રાજધાની સૂર્ય દ્વીપથી પશ્ચિમ દિશામાં અન્ય ધાતકી ખંડ દ્વીપમાં છે.

[૨૧૨] હે ભગવન્ કાલોદ સમુદ્રમાં આવેલ ચંદ્રમાઓનો ચંદ્ર દ્વીપ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! કાલોદ સમુદ્રની પૂર્વ દિશાના વેદિકાન્તથી પશ્ચિમ દિશામાં બાર હજાર યોજન આગળ જવાથી આવતા સ્થાનમાં કાલોદ સમુદ્રમાં આવેલ ચંદ્રમાઓના ચંદ્રદ્વીપો ચારે બાજુએ પાણીથી બબ્બે કોસ ઉંચા છે. તે સિવાય બાકીનું તમામ કથન ધાતકીખંડમાં આવેલ ચંદ્રદ્વીપના કથન પ્રમાણે જ છે. પોતાના દ્વીપથી પૂર્વમાં બીજા કાલોદ સમુદ્રમાં બારહજાર યોજન જવાથી ત્યાં ચંદ્રદ્વીપ નામની રાજ ધાનીયો છે. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિવાય બાકીનું તમામ કથન વિજયા રાજધાનીના કથન પ્રમાણે જ છે. આજ પ્રમાણેનું કથન સૂર્યોના સૂર્ય દ્વીપોના સંબંધમાં પણ સમજી લેવું. પરંતુ કાલોદ સમુદ્રની પશ્ચિમ વેદિકાના અંતથી પૂર્વ દિશામાં બારહજાર યોજન આગળ જવાથી બરોબર એજ સ્થાન પર સૂર્યનો દ્વીપ છે. અને એજ પ્રમાણેની રાજધાનીયો છે. પરંતુ એ પોતપોતાના દ્વીપથી પશ્ચિમ દિશામાં જવાથી બીજા કાલોદ સમુદ્રમાં બારહજાર યોજન દૂર છે. એજ પ્રમાણે પુષ્કરવરદ્વીપના પૌરવસ્ત્ય વેદિકાન્તથી પુષ્કરવર સમુદ્રમાં બાર હજાર યોજન આગળ જવાથી ચંદ્રદ્વીપ આવેલ છે. તથા અન્ય પુષ્કરદ્વીપમાં તેની રાજ ધાનીયો છે. એ પ્રમાણે પુષ્કર દ્વીપમાં આવેલ સૂર્યોના દ્વીપો પુષ્કર દ્વીપની પશ્ચિમ દિશાની વેદિકાના અંતથી પુષ્કરવર સમુદ્રને બારહજાર યોજન પાર કરીને પુષ્કરોદધિ સમુદ્રમાં છે.

[૨૧૩] દ્વીપ સમુદ્રોમાંના કેટલાક દ્વીપો અને સમુદ્રોના નામો આ પ્રમાણે છે.

[૨૧૪-૨૧૬] જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદસમુદ્ર, પુષ્કરવર દ્વીપ, પુષ્કરવરસમુદ્ર, ઘૃતવરદ્વીપ, ઘૃતવરસમુદ્ર, ઈક્ષુવરદ્વીપ, ઈક્ષુવરસમુદ્ર નંદીશ્વર દ્વીપ નંદીશ્વરસમુદ્ર, અરૂણવરદ્વીપ અરૂણવરસમુદ્ર, કુંડલવરદ્વીપ કુંડલવરસમુદ્ર, રૂચક-દ્વીપ રૂચકસમુદ્ર. આભરણદ્વીપ, આભરણસમુદ્ર, વસ્ત્રદ્વીપ, વસ્ત્રસમુદ્ર, ગંધદ્વીપ, ગંધ-સમુદ્ર, ઉત્પલદ્વીપ, ઉત્પલસમુદ્ર, તિલકદ્વીપ, તિલકસમુદ્ર, પૃથિવીદ્વીપ, પૃથ્વીસમુદ્ર, નિધિદ્વીપ નિધિસમુદ્ર, રત્નદ્વીપ, રત્નસમુદ્ર, વર્ષધરદ્વીપ, વર્ષધરસમુદ્ર, દ્રહદ્વીપ દ્રહ-સમુદ્ર, નંદીદ્વીપ, નંદીસમુદ્ર, વિજયદ્વીપ, વિજયસમુદ્ર, વક્ષસ્કારદ્વીપ, વક્ષ સ્કારસમુદ્ર, કપિદ્વીપ, કપિસમુદ્ર, ઈંદ્રદ્વીપ, ઈંદ્રસમુદ્ર, પુરદ્વીપ, પુરસમુદ્ર, મંદરદ્વીપ મંદર સમુદ્ર, આવાસદ્વીપ આવાસસમુદ્ર, કૂટદ્વીપ કૂટસમુદ્ર, નક્ષત્રદ્વીપ, નક્ષત્રસમુદ્ર, ચંદ્રદ્વીપ, ચંદ્ર-સમુદ્ર, સૂર્યદ્વીપ, સૂર્યસમુદ્ર વિગેરે અનેક નામોવાળા દ્વીપો અને સમુદ્રો છે.

[૨૧૭] હે ભગવન્ દેવદ્વીપના ચંદ્રમાઓનો ચંદ્રદ્વીપ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! દેવદ્વીપની પૂર્વ દિશાના અંતભાગથી દેવોદ સમુદ્રમાં બારહજાર યોજન સુધી આગળ જવાથી ત્યાં આવતા સ્થાન પર દેવદ્વીપમાં આવેલ ચંદ્રોનો ચંદ્રદ્વીપ આવે છે. પોતાના ચંદ્રદ્વીપોની પશ્ચિમદિશામાં એજ દેવદ્વીપને તથા અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરવાથી એ સ્થાન પર દેવદ્વીપમાં આવેલ ચંદ્રોની ચંદ્રા નામની રાજધાનીયો છે. એજ પ્રમાણે સૂર્યોના સૂર્યદ્વીપોના સંબંધમાં પણ સમજી લેવું. હે ભગવન્ દેવસમુદ્રમાં ચંદ્રોના ચંદ્ર-દ્વીપો ક્યાં આવેલા છે ? હે ગૌતમ ! દેવોદક સમુદ્રની પૂર્વદિશાની વેદિકાના અંતભાગથી દેવોદધિસમુદ્રને પશ્ચિમમાં બારહજાર યોજન પાર કરવાથી આગળ જતા ત્યાં આવેલા સ્થાન પર દેવોદધિ સમુદ્રના ચંદ્રોનો ચંદ્રદ્વીપ આવે છે. એજ પ્રમાણે દેવોદગદ્વીપમાં આવેલ સૂર્યોના સૂર્યદ્વીપ દેવોદકસમુદ્રના પશ્ચિમાન્ત વેદિકાના અંતભાગથી દેવોદક સમુદ્રની પૂર્વ દિશાના તરફ બારહજાર યોજન આગળ જવાથી ત્યાં આવેલ એજ સ્થાન પર તેમની રાજધાનીયો પોતપોતાના સૂર્યદ્વીપોની પૂર્વ દિશામાં દેવોદક સમુદ્રને પાર કરીને અસંખ્યાત હજાર યોજન આગળ જવાથી ત્યાં આવેલા સ્થાનમાં છે.

આજ પ્રમાણે નાગદ્વીપ, નાગસમુદ્ર, યક્ષદ્વીપ. યક્ષ સમુદ્ર, ભૂતદ્વીપ અને ભૂતસમુદ્ર આ ચાર દ્વીપ સમુ- દ્રોના અને સૂર્યોના દ્વીપોના સંબંધમાં પણ કથન કરી લેવું. હે ભગવન્ સ્વયંભૂરમણ સમુદ્રમાં આવેલ ચંદ્રમાઓના ચંદ્રદ્વીપ નામના દ્વીપો ક્યાં આવેલ છે ? સ્વયંભૂરમણ દ્વીપની પૂર્વ વેદિકાના અંતભાગથી સ્વયં ભૂરમણ સમુદ્રમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારહજાર યોજન આગળ જવાથી ત્યાં આવતા સ્થાનમાં ચંદ્રમા ઓના ચંદ્રદ્વીપો છે. અને દ્વીપની પૂર્વ દિશામાં સ્વયં ભૂરમરણ સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન આગળ જવાથી આવતા સ્થાનમાં તેઓની રાજધાનીયો છે. આ કથન પ્રમાણેનું જ કથન સૂર્યોના સૂર્યદ્વીપો હોવામાં સમજવું. હે ભગવન્ સ્વયંભૂરમણ સમુદ્રમાં આવેલ ચંદ્રમાઓના ચંદ્રદ્વીપો ક્યાં આવેલા છે ? હે ગૌતમ ! સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ વેદિકાના અંતથી સ્વયંભૂરમણ સમુદ્રની પશ્ચિમ દિશામાં બારહજાર યોજન સુધી આગળ જવાથી ત્યાં આવતા સ્થાનમાં સ્વયંભૂરમણ સમુદ્રમાં વસનારા ચંદ્રમાઓના ચંદ્રદ્વીપો આવેલા છે.એજ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર- માં રહેવાવાળા સૂર્યોના સૂર્યો દ્વીપોના સંબંધમાં કથન સમજી લેવું. પરંતુ અહીયા સ્વયં ભૂરમણ સમુદ્રની પશ્ચિમ દિશાની વેદિકાના અંતભાગથી સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ દિશા તરફ ૧૨ બાર હજાર યોજન પર્યન્ત આગળ જવાથી ત્યાં આવતા સ્થાનમાં સ્વયં ભૂરમણમાં આવેલ સૂર્યોના સૂર્યદ્વીપો છે. અને તેમની રાજધાનીયો પોતપોતાના દ્વીપો ની પૂર્વ દિશાની તરફ સ્વયં ભૂરમણ સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન આગળ જવાથી આવે છે.

[૨૧૮] હે ભગવન્ લવણસમુદ્રમાં વેલંધર છે ? નાગરાજ છે ? ખન્ના છે ? અગ્ઘા છે ? સીહા છે ? વિજાતિ છે ? હા ગૌતમ ! એ બધા ત્યાં છે. જે પ્રમાણે લવણ સમુદ્રમાં વેલંધર છે, યાવત્ વિજાતિ છે. જલનો હ્રાસ અને વૃદ્ધિ છે. એજ પ્રમાણે શું બહારના સમુદ્રોમાં પણ વેલંધર આદિ છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી.

[૨૧૯-૨૨૨] હે ભગવન્ લવણ સમુદ્રમાં ઉંચું ઉછળવાવાળુ પાણી છે ? અથવા સ્થિર રહેવાવાળુ પાણી છે ? કે સમસ્થિતિવાળું પાણી છે ? અથવા ક્ષોભ ન પામે તેવું પાણી છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ઉંચું ઉછળવાવાળું પાણી છે. સ્થિર રહેવાવાળું પાણી નથી, ક્ષોભ પામનારૂં પાણી છે, ક્ષોભ ન પામનારૂં પાણી નથી. બહારના સમુદ્રો ઉંચે ઉછળવાવાળા પાણીવાળા નથી. પરંતુ સ્થિર પાણીવાળા છે. ક્ષુભિત જલવાળા નથી. પરંતુ અક્ષુભિત જલવાલા છે. હે ભગવન્ ! લવણ સમુદ્રમાં અનેક ઉદાર મેઘો સંમૂર્ચ્છનાની સમીપવર્તિ હોય છે ? સંમૂર્ચ્છન જન્મવાળા હોય છે ? અને તે પછી તે તેમાં વરસે છે ? હા ગૌતમ તેમ હોય છે. હે ભગવન્ ! લવણ સમુદ્રની જેમ બહારના સમુદ્રોમાં અનેક ઉદાર મેઘો સંમૂર્ચ્છનના સમીપવર્તિ હોય છે ? સંમૂર્ચ્છન જન્મવાળા હોય છે ? અને તેઓ ત્યાં વરસે છે શું ? હે ગૌતમ !આ અર્થ બરોબર નથી. હે ભગવન્ ! આપ એવું શા કારણથી કહો છો ? હે ગૌતમ ! બહારના સમુદ્રોમાં અનેક ઉદક યોનિક જીવો અને પુદ્ગલો મેઘ વૃષ્ટિ વિના ત્યાં જાય છે. અને કેટલાક ત્યાં ઉત્પન્ન થતા રહે છે. અર્થાત્ કેટલાક જલકાયિક જીવો ત્યાં જાય છે. અને કેટલાક જલકાયિકો ત્યાં ઉત્પન્ન થાય છે. તથા કેટલાક પુદ્ગલોનો ત્યાં ચય થાય છે. અને ઉપચય થાય છે. તે જળકાયિક જીવોની અપેક્ષાથી કહેવામાં આવેલ છે. એજ કારણથી હે ગૌતમ ! મેં એવું કહેલ છે. કે-બહારના સમુદ્રો પાણીથી ભરેલા છે. યાવત્ પૂરેપૂરા ભરેલા ઘડા જેવા છે.

હે ભગવન્ ! લવણસમુદ્ર ઉદ્વેધની પરિવૃદ્ધિથી કેટલા યોજનનો કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રની બન્ને તરફ પંચાણું પંચાણુ પ્રદેશ જવાથી ત્યાં એક પ્રદેશ રૂપ જે સ્થાન આવે છે. તે ઉદ્વેધ અને પરિવૃદ્ધિની અપેક્ષાએ ત્રસ રેણુ વિગેરે રૂપ કહેવામાં આવેલ છે. પંચાણું પંચાણુ વાલાગ્રરૂપ સ્થાન પર જવાથી એક વાલાગ્રની ઉદ્વેધ પરિવૃદ્ધિ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

થાય છે. પંચાણું પંચાણુ લીક્ષા પ્રમાણ સ્થાન પર જવાથી એક લીક્ષા પ્રમાણ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. એજ પ્રમાણે પંચાણું પંચાણ યૂકા પ્રમાણવાળા સ્થાન પર જવાથી એક યૂકા પ્રમાણ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. પંચાણું પંચાણુ યવમધ્ય પ્રમાણવાળા સ્થાન પર જવાથી એક યવમધ્ય પ્રમાણ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. પંચાણું પંચાણુ આંગળ પ્રમાણ વાળા સ્થાન પર જવાથી એક આંગળ પ્રમાણ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. પંચાણુ પંચાણુ વિતસ્તિ પ્રમાણવાળા સ્થાન પર જવાથી એક વિતસ્તિ પ્રમાણ રૂપ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. પંચાણું પંચાણુ રત્નિ પ્રમાણ રૂપ સ્થાન પર જવાથી એક રત્નિ પ્રમાણ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે. યાવત્ પંચાણુ સહસ્ર યોજન જવાથી એટલા પ્રમાણ યોજનની પરિવૃદ્ધિ થાય છે. હે ભગવન્ લવણ સમુદ્ર ઉત્સેધની પરિવૃદ્ધિની અપેક્ષાથી કેટલો છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રની બંને બાજુથી પંચાણું પંચાણુ પ્રદેશ સુધી જવાથી સોળ પ્રદેશ પ્રમાણ ઉત્સેધની શિખાની વૃદ્ધિ થાય આજ ક્રમથી લવણસમુદ્રની અંદર પંચાણું પંચાણું હજાર યોજન આવવાથી સોળ હજાર યોજન ઉંચી શિખા થઈ જાય છે. હે ભગવન્ લવણ સમુદ્રનું જે ગોતીર્થ છે, તે કેટલું મોટું કહેલ છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રનું જે ગોતીર્થ છે, તે બન્ને બાજુથી જંબૂદ્વીપની વેદિકાના અંતથી લઈને બંને તરફ પંચાણું પંચાણું હજાર યોજનનું છે. હે ભગવન્ લવણસમુદ્રનો કેટલો પ્રદેશ એવો છે કે જ્યાં ગોતીર્થ આવેલ નથી. હે ગૌતમ ! લવણ સમુદ્રનું દસ હજાર યોજન પર્યન્તનું ક્ષેત્ર ગોતીર્થ વિનાનું કહેવામાં આવેલ છે.

હે ભગવન્ ! લવણસમુદ્રની જે ઉદકમાલા છે, તે કેટલી વિશાળ કહેવામાં આવી છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રમાં જે જલની પંક્તિ રૂપ ઉદકમાલા છે તે દસ હજાર યોજનની કહેવામાં આવેલ છે. હે ભગવન્ ! લવણ સમુદ્રનું સંસ્થાન કેવું કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! લવણ સમુદ્રનું સંસ્થાન ગોતીર્થનું જેવું સંસ્થાન છે એવું કહેલ છે. નાવનું જેવું સંસ્થાન છે તેવું કહેલ છે, અશ્વ સ્કંધનું જેવું સંસ્થાન હોય છે તેવું તેનુ સંસ્થાન છે. ગોળ સંસ્થાન વાળો લવણ સમુદ્ર કહેલ છે. તથા વલયનું જેવું સંસ્થાન હોય છે તેવું તેનું સંસ્થાન કહેવામાં આવેલ છે. હે ભગવન્ ! લવણસમુદ્ર ચક્વાલ વિષ્કંભની અપેક્ષાએ કેટલો છે? યાવત્ ઉત્સેધ અને ઉદ્વેધના પરિણામની સમગ્રતાથી કેટલો છે ? હે ગૌતમ ! કંઈક ઓછો ૧૫૮૧૧૪૮ યોજનનો છે. ઉંડાઈની અપેક્ષાથી લવણ સમુદ્ર એક હજાર યોજનનો છે. ઉંચાઈની અપેક્ષાથી લવણ સમુદ્ર સોળ હજાર યોજનનો છે. ઉત્સેધ અને ઉદ્વેધના પરિમાણને મેળવવાની અપેક્ષાએ લવણ સમુદ્ર સત્તર હજાર યોજનનો છે.

[૨૨૩] હે ભગવન્ આપે કહેલ છે કે-લવણ સમુદ્ર ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ બે લાખ યોજનનો છે. પરિધિની અપેક્ષાથી તે કંઈક ઓછો ૧૫૮૧૧૪૮ યોજનનો છે. ઉંચાઈની અપેક્ષાથી તે ૧૬૦૦૦ યોજનનો છે. અને ઉત્સેધ અને ઉદ્વેધના પરિમાણને મેળવવાની અપેક્ષાથી તે લવણ સમુદ્ર ૧૭૦૦૦ યોજનનો છે. તો પછી આ પરિસ્થિતિમાં લવણસમુદ્ર જંબૂદ્વીપ નામના દ્વીપને શા કારણથી પાણીથી વહેરાવી દેતો નથી ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર છે, તેમાં અરહન્ત, ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ, જંઘાચારીમુનિજન, વિદ્યાધર, શ્રમણ, શ્રમણિયો શ્રાવક શ્રાવિકાઓ ભદ્રપ્રકૃતિવાળા મનુષ્યો, પ્રકૃતિથી વિનીતપુરૂષ, પ્રકૃતિથી ઉપશાન્તપુરૂષ, માર્દવસંપન્ન પુરૂષ, આલીનપુરૂષ, વૈરાગ્યવાન્ પુરૂષ અથવા સંસારમાં અલિપ્ત પુરૂષ ઉત્પન્ન થાય છે. તો તેઓના સંબંધને લઈને તેઓના પ્રભાવને લઈને લવણ સમુદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંબૂદ્વીપને કોઇ પણ રીતે પીડા પહોંચાડતો નથી. તેને બાધા કરતો નથી. તેને જલમય બનાવતો નથી. ભરત વૈતાઢ્ય વિગેરેના અધિપતિ દેવોના પ્રભાવથી તેમ કરતો નથી. તથા ક્ષુલ્લ હિમવત્ અને શિખરિ વર્ષધર પર્વત એ બન્નેની ઉપર મહર્દ્ધિક દેવો રહે છે. તેઓના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપને દુઃખી કરતો નથી. તથા હેમવત અને હૈરણ્ય વતના મનુષ્યો પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હોય છે. તેથી તેમના પ્રભાવથી જંબૂદ્વીપને લવણ સમુદ્ર દુઃખી કરતો નથી. ગંગા સિંધુ રકતા, રકતાવતી, આ નદીઓમાં તેના અધિષ્ઠાયક-જે દેવ રહે છે. તેના પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને પીડિત વિગેરે કરતો નથી. રોહિ તંસા, સુવર્ણકૂલા તથા રૂપ્ય કૂલા આ નદીયોમાં જે મહર્દ્ધિક વિગેરે દેવ રહે છે. તેના પ્રભાવથી શબ્દાપાતિ, વિકટાપાતિ, વૃત્તવૈતાઢ્ય પર્વતો પર મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા જ દેવો રહે છે, તેઓના પ્રભાવતી મહાહિમવાન્ અને રૂપ્પી પર્વતોની ઉપર જે દેવ રહે છે, તેઓના પ્રભાવીત હરિવર્ષ અને રમ્યકવર્ષ યુગલિક ક્ષેત્રમાં મનુષ્યો પ્રકૃતિ ભદ્રક હોય છે. યાવત્ વિનીત હોય છે. તેઓના પ્રભાવથી તથા ગંધાપાતિ, અને માલ્ય વંત જે વૃત્તવૈતાઢ્ય પર્વત તેની ઉપર વાનવ્યન્તરદેવો રહે છે. તેઓના પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને પીડા વિગેરે કરતા નથી. એજ પ્રમાણે સીતા સીતોદા વિગેરે મહા નદીયોમાં દેવીયો રહે છે, દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં જે પ્રકૃતિભદ્ર મનુષ્યો રહે છે, મન્દર પર્વત પર જે દેવો રહે છે. સુદર્શના પર નામવાળા જંબૂ વૃક્ષ પર મહર્દ્ધિક જે દેવો રહે છે. તથા જંબૂદ્વીપના અધિપતિ અનાદૃત નામના દેવ તેમના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂ દ્વીપને પીડા કરતો નથી. ઉત્પીડિત કરતો નથી. જલમગ્ન કરતો નથી અર્થાત્ પાણીમાં ડુબાડી દેતો નથી. પરંતુ તે પોતાની મર્યાદામાં જ હે ગૌતમ ! આ લોકની જ એવી સ્થિતિ -મર્યાદા છે. તેનું જ એવું ભાગ્ય છે જે લવણસમુદ્ર મૃદુ મનોહારી રાષ્ટ્ર જેવા આ જંબૂદ્વીપ નામના દ્વીપને પીડા કરતો નથી. તથા જલમય કરતો નથી અર્થાત્ ડુબાડતો પણ નથી.

[૨૨૪] લવણ સમુદ્રને ધાતકીખંડ નામનો દ્વીપ કે જે ગોળ અને વલયાકાર વાળો છે તે ચારે બાજુથી ઘેરીને રહેલ છે. હે ભગવાન્ આ ધાતકીખંડ નામનો દ્વીપ શું સમચક્રવાલ વાળો છે ? અથવા વિષમ ચક્રવાળ વાળો છે ? હે ગૌતમ ! આ ધાતકીખંડ નામનો દ્વીપ સમચક્રવાલવાળો છે. વિષમ ચક્રવાલવાળો નથી. ધાતકીખંડદ્વીપ ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ ચાર લાખ યોજનનો છે. પરિક્ષેપની અપેક્ષાથી એ ૪૧૧૦૯૬૧ યોજનથી કંઇક ઓછો છે. આ ધાતકીખંડ ચારે બાજુએ એક વનખંડ અને એક પદ્મવર વેદિકાથી ઘેરાયેલ છે. એ બન્નેનો પરિક્ષેપ દ્વીપ પ્રમાણની જેમજ છે. ધાતકીખંડ દ્વીપના ચાર દ્વારો કહેવામાં આવેલ છે. વિજય વૈજયન્ત જયન્ત અને અપરાજીત ધાતકીખંડની પૂર્વદિશાના અંતમાં કાલોદ સમુદ્રનો જે પૂર્વાર્ધ છે, તેની પશ્ચિમ દિશામાં સીતા મહાનદીની ઉપર ધાતકી ખંડનું વિજય નામનું દ્વાર છે. જંબૂદ્વીપમાંઆવેલ વિજય દ્વારના વર્ણન પ્રમાણે આ વિજય દ્વારનું વર્ણન સમજી લેવું. વૈજયન્ત વિગરે ત્રણ દ્વારોનું વર્ણન જંબૂદ્વીપમાં આવેલ વૈજયન્ત વિગેરે દ્વારો મુજબ જાણવું. ધાતકીખંડ દ્વીપનું સમગ્ર વર્ણન જંબૂદ્વીપના વર્ણન પ્રમાણે છે. ધાતકીખંડ દ્વીપના દરેક દ્વારનું પરસ્પરમાં અંતર ૧૦૨૭૭૩૫ યોજન ત્રણ કોસનું છે.

કાલોદ સમુદ્રના પ્રદેશો ધાતકીખંડ દ્વીપના પ્રદેશોને સ્પર્શેલા છે. અને ધાતકી ખંડના પ્રદેશો કાલોદ સમુદ્રના પ્રદેશોને સ્પર્શેલા છે. તે પ્રદેશો ધાતકીખંડ દ્વીપના જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાશે કાલોદ સમુદ્રના કહેવાશે નહીં એજ પ્રમાણે કાલોદ સમુદ્રના જે પ્રદેશો ધાતકીખંડ દ્વીપને સ્પર્શેલા છે, તે કાલોદ સમુદ્રના જ કહેવાશે. ધાતકીખંડ દ્વીપના કહેવાશે નહીં કેટલાક જીવો કે જેઓ ધાતકીખંડમાં મર્યા હોય તેઓ ધાતકીખંડ સમુદ્રમાં જન્મ ધારણ કરે છે. અને કેટલાક જીવો ત્યાં જન્મ લેતાં નથી. એજ પ્રમાણે કાલોદ સમુદ્રમાં મરેલા કેટલાક જીવો કાલોદ સમુદ્રમાં જ જન્મ લે છે. અને કેટલાક જીવો ત્યાં જન્મ લેતાં નથી. ધાતકી ખંડ દ્વીપમાં સ્થળે સ્થળે ધાતકી એ નામના વૃક્ષો, ધાતકીના વનો અને ધાતકીના વનષંડો સદા કુસુમિત રહે છે. એ કારણથી આ દ્વીપનું નામ ધાતકીખંડ દ્વીપ એ પ્રમાણે થયેલ છે. તથા આ ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં ઉત્તર કુરૂક્ષેત્રમાં નીલ- ગિરીની પાસે ધાતકી નામનું વૃક્ષ છે. તથા ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં ઉત્તરકુરૂ ક્ષેત્રમાં નીલ મહાગિરિની પાસે મહાધાતકી વૃક્ષ છે. આ કારણથી પણ આ દ્વીપનું નામ ધાતકી ખંડ દ્વીપ એ પ્રમાણે થયેલ છે અથવા આ દ્વીપનું એ પ્રમાણેનું નામ અનાદિ કાળથી જ ચાલ્યું આવે છે. કેમકે-આ દ્વીપ પહેલાં એ નામ વાળો ન હતો તેમ નથી. વર્તમાનમાં પણ તે એવા નામ વાળો નથી તેમ પણ નથી. તથા ભવિષ્યકાળમાં એ આવા નામ વાળો રહેશે નહીં તેમ પણ નથી. તેથી તે નિત્ય યાવત્ શાશ્વત છે.

[૨૨૫-૨૨૭] ધાતકીખંડમાં બાર ચંદ્રમાઓએ પહેલાં પ્રકાશ આપેલ છે. વર્તમાનમાં આપે છે. અને ભવિષ્યકાળમાં આપશે. એજ પ્રમાણે ત્યાં બાર સૂર્યો પહેલાં તપ્યા હતા. તપે છે. તપશે. ૩૩૬ નક્ષત્રો ૧૦૫૬ ગ્રહો તથા ૮૦૩૭૦૦ કોડાકોડી તારાઓ ત્યાં પહેલાં શોભેલા છે શોભે છે. અને શોભિત થશે. એ રીતે ચારે દ્વારોનું વર્ણન જંબૂદ્વીપ અનુસાર જાણવું. ફક્ત રાજધાની પૂર્વ દિશામાં અસંખ્ય હજાર યોજનો સીધું જવાથી આવે છે. બાકીનું કાલોદ સમુદ્રનું વર્ણન આદિ લવણ સમુદ્ર મુજબ જાણવા. હે ભગવંત કાલોદ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અંતર કેટલું છે ?

[૨૨૮] ધાતકીખંડ દ્વીપને ચારે બાજુએથી ઘેરીને કાલોદ સમુદ્ર રહે છે. આ સમુદ્ર ગોળ છે. અને તેનો આકાર ગોળ વલયના આકાર જેવોછે. કાલોદ સમુદ્રનો આકાર સમચક્રવાલવાળો છે, વિષમચક્રવાલવાળો નથી. કાલોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજનનો છે. અને તેની પરિધિનું પ્રમાણ ૯૧૧૭૬૭૫ યોજનથી કંઈ વધારે છે. આ કાલોદ સમુદ્ર ચારે બાજુથી એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ઘેરાયેલ છે. કાલોદ સમુદ્રના ચાર દ્વારો છે. વિજય; વૈજયન્ત, જયન્ત અને અપરાજીત. કાલોદ સમુદ્રના પૂર્વાન્ત ભાગમાં જે પુષ્કવર દ્વીપ છે. તેના પૂર્વાર્ધથી પશ્ચિમમાં સીતોદા મહાનદીની ઉપર કાલોદ સમુદ્રનું વિજય નામનું દ્વાર છે. આઠ યોજનની ઉંચાઇ વાળું છે. વિગેરે કાલોદ સમુદ્રની દક્ષિણ દિશાના અંત માં પુષ્કરવરદ્વીપના દક્ષિણાર્ધની ઉત્તરમાં કાલોદ સમુદ્રનું વૈજયન્તદ્વાર કહેવામાં આવેલ છે. ધાતકીખંડ દ્વીપના દરેક દ્વારનું પરસ્પરમાં અંતર ૧૦૨૭૭૩૫ યોજન અને ત્રણ કોસનું છે.

[૨૨૯] ૨૨૯૨૬૪૬ યોજન અને ત્રણ કોસ બે દ્વાર વચ્ચેનું અંતર છે.

[૨૩૦] કાલોદ સમુદ્રના પ્રદેશો પુષ્કરવર સ્પર્શે છે વગેરે વર્ણન કરી લેવું જોઇએ. હે ભગવન્ તેને કાલોદ સમુદ્ર નામ કેમ કહ્યું છે ! હે ગૌતમ ! કાલોદ સમુદ્રનું જળ આસલ માસલ પેસલ કૃષ્ણ ભાસ રાશિના વર્ણની સમાન છે. પ્રકૃતિથી તેનું જળ તેવા પ્રકારનું છે. વળી કાળ અને મહાકાળ એવા બે મહર્દ્ધિકદેવ યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા ત્યાં રહે

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

છે માટે યાવત્ તેવું નામ નિત્ય છે શાશ્વત છે માટે તેને કાલોદ સમુદ્ર કહે છે.

[૨૩૧-૨૩૪] તે કાલોદ સમુદ્રમાં ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય. ૧૦૭૬ નક્ષત્રો, ૬૬૯૬ મહાગ્રહો, ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ શોભતો હતો, શોભે છે શોભશે.

[૨૩૫-૨૩૬] કાલોદધી સમુદ્રને ચારે બાજુએથી ઘેરીને રહેલ પુષ્કરવરદ્વીપ નામનો દ્વીપ છે. આ દ્વીપ ગોળ છે. તેનો આકાર વલયનો જેવો આકાર હોય છે તેવો છે. આ દ્વીપ પણ સમચક્રવાલ સંસ્થાનવાળો છે.વિષામચક્રવાલ સંસ્થાનવાળો નથી. પુષ્કર વર દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ સોળ લાખ યોજનનો છે. અને તેની પરિધિ ૧૯૨૮૯૮૯૪ યોજનથી કંઈક વધારે છે. પુષ્કરાર્ધ દ્વીપ એક પદ્મવર વેદિકાથી અને એક વનષંડથી ચારે બાજુથી ઘેરાયેલ છે. આ બન્નેનું વર્ણન જંબૂદ્વીપ વિગેરેના પ્રમાણેનું સમજી લેવું. પુષ્કર વર દ્વીપના ચાર દરવાજાઓ કહેવામાં આવેલા છે.વિજય, વૈજયન્ત જયન્ત અને અપરાજીત પુષ્કરવર દ્વીપની પૂર્વાર્ધના અંત માં પુષ્કરવર સમુદ્રની પશ્ચિમ દિશામાં પુષ્કરવર દ્વીપનું વિજય નામનું દ્વાર આવેલ છે. આ દ્વારનું વર્ણન જંબૂદ્વીપના વર્ણન પ્રમાણેનું કરી લેવું. પરંતુ રાજધાનીના વર્ણનમાં 'બીજા પુષ્કરવર દ્વીપમાં રાજ ધાની છે તેમ કહેવું જોઈએ. તથા સીતા અને સીતોદા એ બે મહાનદીયોનો સદ્ભાવ અહી કહેવો ન જોઈએ. પુષ્કરવર દ્વીપના પ્રત્યેક દ્વારોનું પરસ્પરમાં ૪૮૨૨૪૬૯ યોજનનું કહેવામાં આવેલ છે.

[૨૩૯] હે ભગવન્ આ પુષ્કરવર દ્વીપનું નામ શા કારણથી થયેલ છે ? હે ગૌતમ ! પુષ્કરવર દ્વીપમાં તે તે સ્થાનો પર અનેક પદ્મવૃક્ષ પદ્મવન ખંડ સર્વદા કુસુમિત પલ્લવિત અને સ્તબકિત્ત તથા ફળોના ભારથી નમેલા રહે છે. તથા અહીંયા પદ્મ અને મહાપદ્મ નામના જે બે વૃક્ષો છે તેના પર પદ્મ અને પુંડરીક નામના બે દેવો કે જેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા છે, અને જેમની સ્થિતિ એક પલ્યોપમની છે. તે કારણથી આ દ્વીપનું નામ પુષ્કરવર દ્વીપ કહેવામાં આવેલ છે. એ નામ નિત્ય છે. આ પુષ્કરવરદ્વીપમાં કેટલા ચંદ્રમાઓએ પહેલાં પ્રકાશ આપેલ છે ? આપે છે ? આપશે.

[૨૪૦-૨૪૨] હે ગૌતમ ! ૧૪૪ ચંદ્રમાઓએ પહેલાં ત્યાં પ્રકાશ કર્યો છે. કરે છે અને કરશે. ૧૪૪ સૂર્યો ત્યા તપ્યા છે. તપે છે.અને તપશે. ૪૦૩૨ નક્ષત્રો નો ત્યાં યોગ થયો હતો. થાય છે. અને થશે. ૧૨૬૭૨ મહાગ્રહોએ ત્યાં ચાલ ચાલી હતી ચાલે છે. ચાલશે. ૯૬,૪૪,૪૦૦ તારાઓ ત્યાં શોભિત થયા હતા. શોભે છે. શોભશે.

[૨૪૩-૨૪૫] પુષ્કરવરદ્વીપના બહુમધ્યદેશભાગમાં-માનુષોત્તર નામનો પર્વત છે. આ પર્વત ગોળ છે. પુષ્કરવરદ્વીપની બરોબર મધ્યમાં આવેલ છે. તેજ કારણથી પુષ્કરવરદ્વીપના બે ભાગ થયા છે. તે ખંડોના નામ આભ્યન્તર પુષ્કરાર્ધ અને બીજું બાહ્ય પુષ્કરાર્ધ.આભ્યન્તર પુષ્કરાર્ધનો ચક્રવાલ ૮૦૦૦ યોજનનો છે.અને તેની પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજનની છે. એજ પરિધિ મનુષ્ય ક્ષેત્રની છે. આભ્યન્તર પુષ્કરાર્ધની ચારે બાજુ માનુષોત્તર પર્વત છે. તે કારણથી તેનું નામ પુષ્કરાર્ધ છે. આ નામ યાવત્ નિત્ય છે.

[૨૪૬-૨૪૯] પુષ્કરાર્ધમાં ૭૨ ચંદ્રમાએ પ્રકાશ આપ્યો હતો આપે છે. અને આપશે. ૭૨ સૂર્યો તપેલા હતા તપે છે. અને તપશે. ૬૩૩૬ ગ્રહોએ ત્યાં ચાલ ચાલી છે. ચાલે છે. અને ચાલશે. ૨૦૧૬ નક્ષત્રોએ ત્યાં હતા છે અને રહેશે. ૪૮૨૨૨૦૦ તારાઓની કોટા કોટી ત્યાં શોભિત થયેલ છે. થાય છે. અને શોભિત રહેશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૫૦] હે ભગવન્ ! સમય ક્ષેત્ર-મનુષ્ય ક્ષેત્રની લંબાઇ અને પહોળાઇ કેટલી છે ? તેની પરિધિ કેટલી છે ? હે ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રની લંબાઇ પહોળાઇ ૪૫ લાખ યોજનની છે. અને આભ્યન્તર પુષ્કરાર્ધની જેટલી પરિધિ છે એટલીજ તેની પરિધિ છે. મનુષ્ય ક્ષેત્રમાં ત્રણ પ્રકારના મનુષ્યો રહે છે. કર્મભૂમક અકર્મભૂમક અને અંતર દ્વીપક આ કારણથી મનુષ્યક્ષેત્રનું નામ 'મનુષ્યક્ષેત્ર' છે. મનુષ્યોનો જન્મ અને મરણ આજ ક્ષેત્રમાં થાય છે. આ ક્ષેત્રથી બહાર થતો નથી. મનુષ્ય જન્મની અપેક્ષાથી મનુષ્ય ક્ષેત્રની બહાર થયો નથી. થતો નથી અને થશે પણ નહીં જો એ મનુષ્યનું સંહરણ પણ કરી લે તો તે ફરીથી તેને ત્યાંજ પાછો લાવીને મૂકી દે છે. આ રીતે સંહરણની અપેક્ષાથી પણ મનુષ્ય ક્ષેત્રની બહાર કોઇ મનુષ્ય ક્યારેક મર્યા નથી. તેમજ મરતા નથી અને મરશે નહીં તથા જેઓ જંઘાચારી અને વિદ્યાચારી મુનિજન નન્દીશ્વર વિગેરે દ્વીપ પર્યન્ત જાય છે. તેઓ પણ ત્યાં મરણને શરણ પણ થતા નથી. આજ કારણથી માનુષોત્તર પર્વત છે સીમા જેની એવું જ મનુષ્યોનું ક્ષેત્ર છે. એજ મનુષ્ય ક્ષેત્ર છે.

[૨૫૧-૨૬૩] મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્રમાઓએ પ્રકાશ આપ્યો હતો આપે છે. અને આપતા રહેશે. ૧૩૨ સૂર્યોએ ત્યાં પોતાનો તાપ આપ્યો હતો. આપે છે. અને આપતા રહેશે. ૧૧૬૧૬ મહાગ્રહોએ ત્યાં પોતાની ચાલ ચાલી હતી. ચાલતા રહે છે. અને ચાલતા રહેશે. ૩૬૯૬ નક્ષત્રોએ ત્યાં ચંદ્ર વિગેરેની સાથે યોગ કર્યો હતો કરતા રહે છે. અને કરતા રહેશે. તથા ૮૮૪૦૭૦૦ તારા ગણોની કોટા કોટિ ત્યાં સુશોભિત થઇ હતી. થાય છે. અને ત્યાં શોભિત થશે. આટલા તારાપિંડ તીર્થંકરોએ આ મનુષ્ય લોકમાં કહેલ છે. પરંતુ લોકથી બહાર જે અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો છે, તેમાં તારા પિંડ અસંખ્યાત કહેલા છે. આ રીતે તીર્થંકરોએ આ મનુષ્ય લોકમાં એટલા તારાગણોનું પરિમાણ કહેલ છે. એ બધા જ્યોતિષ્ક દેવોના વિમાન રૂપ છે. અને તેઓનું સંસ્થાન કદમ્બના પુષ્પ જેવું છે. રવિ, રાશિ, ગ્રહ નક્ષત્ર અને ઉપલક્ષણાથી તારા ગણ એ બધા જે આટલી સંખ્યામાં તીર્થંકરોએ કહ્યા છે તેનો જેઓ પ્રકૃત મનુષ્યો વિશ્વાસ કરશે નહિં પરંતુ સમ્યક્દષ્ટિ વાળા જીવોને આ ભગવાને જ કહ્યું છે. તેથી આપણે તે કથન પર શ્રદ્ધા કરવી જોઇએ. આ મનુષ્યલોકમાં ચંદ્ર અને સૂર્યના છાસઠ છાસઠ પિટકો છે. એક એક પિટકમાં બે ચંદ્રો અને બે સૂર્યો હોય છે. આ મનુષ્યલોકમાં નક્ષત્રોના છાસઠ પિટકો છે. અને એક એક પિટકમાં છપ્પન છપ્પન નક્ષત્રો છે. આ મનુષ્યલોકમાં મહાગ્રહોના છાસઠ પિટકો છે. અહી એક એક પિટકમાં ૧૭૬-૧૭૬ મહાગ્રહો હોય છે. આ મનુષ્યલોકમાં ચંદ્ર અને સૂર્યોની ચાર ચાર પંક્તિયો છે. અને એક એક પંક્તિમાં છાસઠ છાસઠ ચંદ્રો અને સૂર્યો છે. આ મનુષ્યલોકમાં નક્ષત્રોની ૫૬ છપ્પન પંક્તિયો છે. અને એક એક પંક્તિમાં છાસઠ છાસઠ નક્ષત્રો છે. આ મનુષ્યલોકમાં ગ્રહોની ૧૭૬ પંક્તિયો છે. અને દરેક પંક્તિમાં છાસઠ છાસઠ ગ્રહો છે.

[૨૬૪-૨૬૯] આ બધા જ્યોતિષ્મંડલ સુમેરૂ પર્વતની ચારે બાજુ પ્રદક્ષિણા કરે છે. એનાથી જ કાળ વિભાગ થાય છે. સઘળી દિશાઓ અને વિદિશાઓમાં ફરતા એવા ચંદ્ર વિગેરેની દક્ષિણ દિશામાંજ મેરૂ હોય છે. આ ચંદ્રાદિક ગ્રહોનું મંડળ અનવસ્થિત છે. નક્ષત્રો અને તારાઓના મંડળ અવસ્થિતજ હોય છે. નક્ષત્રો અને તારાઓ પણ પ્રદક્ષિણ વર્તમંડળ થઇનેજ મેરૂની પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર અથવા સૂર્યનું ઉપર અથવા નીચે સંક્રમણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતું નથી. સર્વાભ્યન્તર મંડળની આગળ ના મંડળોમાં ત્યાં સુધીજ તેમનું સંક્રમણ થાય છે, કે જ્યાં સુધી તે સર્વ બાહ્ય મંડળમાં આવી શકતા નથી. ચંદ્ર અને સૂર્ય, નક્ષત્ર અને મહાગ્રહ તેઓની ચાલ વિશેષજ મનુષ્યોના સુખદુઃખના વિધાન રૂપ હોય છે. સર્વ બાહ્ય મંડળથી આભ્યન્તરમંડળમાં પ્રવેશ કરતા સૂર્ય અને ચંદ્રમાઓનું તાપ ક્ષેત્ર દર- રોજ ક્રમશઃ નિયમ પૂર્વક આયામની અપેક્ષાથી વધતું જાય છે. અને જે ક્રમથી તે વધે છે. એજ ક્રમથી સર્વાભ્યન્તર મંડળની બહાર નીકળવાવાળા સૂર્ય અને ચંદ્રમાઓનું તાપ- ક્ષેત્ર દર રોજ ક્રમશઃ ઘટતું જાય છે. સૂર્ય વિગેરેના તાપ ક્ષેત્રનો માર્ગ કદંબવૃક્ષના પુષ્પના આકાર જેવો છે. તે મેરૂની દિશામાં સંકોચવાળો અને લવણસમુદ્રની દિશામાં વિસ્તારવાળો છે.

[૨૭૦-૨૭૪] હે ભગવન્ ! ચંદ્રમા શુકલપક્ષમાં શા કારણથી વધે છે ? અને કૃષ્ણ પક્ષમાં ચંદ્ર શા કારણથી ઘટે છે ? તથા શા કારણથી ચંદ્રમાનો એક પક્ષ કૃષ્ણ હોય છે ? અને એક પક્ષ શુકલ હોય છે. કૃષ્ણ રાહુ વિમાન ચંદ્રમાની સાથે સદા-સર્વકાળ ચંદ્રમાના વિમાનની નીચે ચાર આંગળ દૂર રહીને ચાલે છે, આવી રીતે ચાલતું એવું તે વિમાન શુકલપક્ષમાં ધીરે ધીરે તેને ઢાંકી લે છે. ચંદ્ર વિમાનના બાસઠ ભાગો કરી લેવા જોઈએ તેમાંથી ચંદ્ર વિમાનના બે ઉપરિતમ ભાગ સદા અનીવાર્ય સ્વભાવ હોવાથી તેને છોડી દેવા જોઈએ બાકીના વધેલા સાઈઠ ભાગોને પંદરથી ભાગવા જોઈએ આ રીતે જે ચાર ભાગ આવે છે તે અહીંયા સમુદાયના ઉપચારથી બાસઠ શબ્દથી કહેવામાં આવેલ છે. આ કથન પ્રમાણે ચંદ્ર વિમાનના પંદરમા ભાગેને કૃષ્ણપક્ષમાં દરરોજ રાહુ વિમાન પોતાના પંદરમાં ભાગથી ઢાંકી લે છે. અને શુકલ પક્ષમાં એજ ૧૫ ભાગને પોતાના ૧૫મા ભાગથી છોડી દે છે. આ કારણથી હે ગૌતમ ! શુકલ પક્ષમાં ચંદ્રમા વધે છે. અને કૃષ્ણ પક્ષમાં ઘટે છે. અને એ કારણથી કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ થાય છે.

[૨૭૫-૨૮૬] આ મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ પ્રકારના જ્યોતિષ્કો કહેલા છે. અને તેઓ ચાલે છે. અઢી દ્વીપની બહાર જે પાંચ પ્રકારના જ્યોતિષી અર્થાત્ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા, અને નક્ષત્રો છે, તે બધા ગતિ વિનાના છે. આ જંબૂદ્વીપમાં બે ચંદ્રો અને બે સૂર્યો છે. લવણસમુદ્રમાં ચાર ચંદ્રો અને ચાર સૂર્યો છે. ધાતકીખંડમાં બાર ચંદ્રમા અને બાર સૂર્યો છે. જંબૂદ્વીપમાં બે ચંદ્રો અને બે સૂર્યો છે. તેનાથી બમણા લવણસમુદ્રમાં છે. અને લવણ સમુદ્રના ચંદ્રો અને સૂર્યોથી ત્રણગણા ચંદ્ર સૂર્યો ધાતકીખંડમાં છે. ધાતકી ખંડની આગળના સમુદ્ર અને સૂર્યોનું પ્રમાણ-પહેલા દ્વીપ અને સમુદ્રોના ચંદ્ર અને સૂર્યો ના પ્રમાણથી ત્રણ ગણું કરીને કહેવું જોઈએ. અને એ પ્રમાણમાં પહેલા પહેલાના કહેલા દ્વીપો અને સમુદ્રના ચંદ્ર અને સૂર્યોનું પ્રમાણ મેળવી દેવું જોઈએ. એ રીતે આગળ આગળના સમુદ્રો અને દ્વીપોના ચંદ્રો અને સૂર્યોનું પ્રમાણ નીકળે છે. જે દ્વીપો અને સમુદ્રોમાં નક્ષત્રો ગ્રહો અને તારાઓના પ્રમાણને જાણવાની ઈચ્છા હોય તો એ દ્વીપ અને સમુદ્રોના ચંદ્ર અને સૂર્યની સાથે તેના એક એક ચંદ્ર સૂર્યના પરિવારનો ગુણાકાર કરવો જોઈએ. જેમકે-લવણ સમુદ્રમાં કેટલા નક્ષત્રો છે ? એ જાણવાની ઈચ્છા થાય તો તે સમજવા લવણ સમુદ્રના ચાર ચંદ્રમાઓની સાથે એક ચંદ્રના પરિવાર રૂપ અઠ્યાવીસ નક્ષત્રોનો ગુણાકાર કર વાથી ૧૧૨ થઈ જાય છે. એજ ૧૧૨ નક્ષત્રો છે. એ રીતનું એનું પ્રમાણ નીકળી આવે છે. મનુષ્ય ક્ષેત્રની બહાર જે ચંદ્ર અને સૂર્ય છે. તેનું અંતર પચાસ પચાસ હજાર યોજનનું છે. આ અંતર ચંદ્રથી સૂર્યનું અને

જૈન સાઈટ JAINSITE જૈન પ્રતિ સંસ્થા
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યથી ચંદ્રનું છે. મનુષ્યલોકની બહાર ચંદ્રનું ચંદ્રથી અંતર અને સૂર્યનું સૂર્યથી અંતર એક લાખ યોજનનું છે. મનુષ્ય લોકની બહાર પંક્તી રૂપે અવસ્થિત સૂર્યથી અંતરિત ચંદ્ર અને ચંદ્રોથી અંતરિત સૂર્ય પોતપોના તેજઃ પુંજથી પ્રકાશિત થાય છે. તેનું અંતર અને પ્રકાશ રૂપ લેશ્યા વિચિત્ર પ્રકારની હોય છે. એક ચંદ્રના પરિવારમાં ૮૮ ગ્રહો અને ૨૮ નક્ષત્રો હોય છે. તથા એક ચંદ્રના પરિવારમાં ૬૬૯૭૫ કોડા કોડી તારાઓ છે. મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર અને સૂર્ય અવસ્થિત યોગવાળા છે. ચંદ્ર અભિજીત નક્ષત્રથી અને સૂર્ય પુષ્ય નક્ષત્રથી યુક્ત રહે છે.

[૨૮૭] હે ભગવન્ માનુષોત્તર પર્વત કેટલો ઉંચો છે ? જમીનની અંદર કેટલો ઉંડો ઉતરેલ છે ? હે ગૌતમ ! માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન પૃથ્વીથી ઉંચો છે. ૪૩૦ યોજન અને એક કોસ-ગાઉ જમીનની અંદર ઉંડો ઉતરેલ છે. મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો છે. વચમાં ૭૨૩ યોજન પહોળો છે. ઉપરની બાજુ ૪૨૪ યોજન પહોળો છે. જમીનની અંદરની તેની પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજનથી કંઈક વધારે બહારની બાજુ નીચેની પરિધિ ૧૪૨૩૬૭૧૪ યોજનની છે. તેની ઉપરની પરિધિ ૧૪૨૩૨૯૩૨ છે. આ પર્વત આ રીતે મૂળમાં વિસ્તારવાળો મધ્યમાં સંક્ષિપ્ત થયેલ અને ઉપરના ભાગમાં સંકોચાયેલ છે. અંદરના ભાગમાં ચીકણો છે. મધ્યમાં ઉંચો છે. બહારના ભાગમાં દર્શનીય છે. આ પર્વત એવો જણાય છે કે જેમ સિંહ આગળના બે પગોને લાંબા કરીને અને પાછળા બે પગોને સંકોચીને બેઠેલ હોય, આ પર્વત પૂર્ણ રીતે જાંબૂનદમય છે. નિર્મળ છે. શ્લેક્ષ્ણ છે. યાવત્ પ્રતિરૂપ છે. તેની બન્ને તરફ બે પદ્મવર વેદિકાઓ અને વનખંડ વર્તુલાકારથી રહેલ છે. આ પર્વતનું નામ માનુષોત્તર પર્વત એ પ્રમાણે થવાનું કારણ એ છે કે-આ માનુષોત્તર પર્વતની અંદર મનુષ્યો રહે છે, ઉપર સુપર્ણ કુમાર રહે છે. અને બહાર દેવો રહે છે. અથવા આ પર્વતનું એ પ્રમાણે નામ થવાનું એ પણ કારણ છે આ માનુષોત્તર પર્વતની ઉપર અથવા આ માનુષોતર પર્વતની બહાર મનુષ્યો પોતાની શક્તિથી ક્યારેક ગયા નથી. જતા પણ નથી. અને જશે પણ નહીં. જે જંઘાચરણ મુનિ હોય છે, અથવા વિદ્યાચારણ મુનિ હોય છે, તેઓ અથવા જેમને દેવો હરણ કરીને લઈ જાય છે, એવા મનુષ્યોજ આ માનુષોતર પર્વતની બહાર જાય છે. એજ કારણથી આનું નામ માનુષોત્તર પર્વત છે. અથવા માનુષોત્તર એ પ્રમાણેનું આ નામ તેનું નિમિત્ત વિનાનું છે, કેમકે એ નિત્ય છે.

જ્યાં સુધી આ માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. તે પછી મનુષ્યલોક નથી. જ્યાં સુધી ભરત વિગેરે ક્ષેત્ર છે, વર્ષધર પર્વત છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી ઘર છે, ત્યાં સુધી મનુષ્યલોક છે, જ્યાં સુધી ગામ છે, યાવત્ રાજધાનીયો છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી અરહંત ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ ચારણ ઋદ્ધિધારી મનુષ્ય, વિદ્યાચારણ મુનિ, શ્રમણ, શ્રમણિયો શ્રાવક શ્રવિકા અને ભદ્ર પ્રકૃતિવાળા મનુષ્ય છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી સમય છે, આવલિકા છે, શ્વાસોચ્છવાસ છે, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસ; અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ; વર્ષશત, વર્ષ સવસ્ર, વર્ષશત સહસ્ર, પૂર્વાંગ, પૂર્વ, એજ પ્રમો પૂર્વ, ત્રુટિત, અડડ, અવવ, હુહુક, ઉત્પલ, પદ્મ, નલિન, અર્થ નિકુર, અયુત, નયુત, મયુત, ચૂલિકા, શીર્ષ પ્રહેલિકા શીર્ષ પ્રહેલિ કાંગ, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમ, ઉત્સર્પિણી અવસર્પિણી, એ બધા છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી બાદર વિદ્યુત અને બાદર સ્તનિત-મેઘોના શબ્દો છે ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી અનેક ઉદાર મેઘો ઉત્પન્ન થાય છે, વરસાદ વરસાવે છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. બાદર તેજસ્કાયિક છે ત્યાં સુધી આ મનુષ્ય લોક છે. જ્યાં સુધી આગર, નદી; અને નિધિ છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી અગડ, નદી વિગેરે છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે, જ્યાં સુધી ચંદ્રોપ રાગ સૂર્યોપરાગ, ચંદ્રપરિવેષ, સૂર્યપરિવેષ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય, ઈન્દ્ર ધનુષ ઉદક મત્સ્ય, અને કપિહસિત છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી ચંદ્ર, સૂર્ય; ગ્રહ, નક્ષત્ર, અને તારાઓનું ગમના ગમન થાય છે, તેમની વધ ઘટ થાય છે, તેમનું અનવસ્થિત પણું છે, સંસ્થાનની સ્થિતિ છે, ત્યાં સુધી આ મનુષ્ય લોક છે.

[૨૮૮] હે ભગવન્ મનુષ્ય ક્ષેત્રના જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારાઓ છે, તે જ્યોતિષ્કદેવ છે, તો તે જ્યોતિષ્ક દેવો ઉર્ધ્વોપપન્ન છે ? અથવા મંડળ પરિભ્રમણને પ્રાપ્ત થયેલા છે ? અથવા ચાર-સ્થિતિના અભાવવાળા છે ? સ્થિર છે ? અથવા ગતિમાં રતિવાળા છે ? હે ગૌતમ ! એ દેવો ઉર્ધ્વોપપન્ન હોતા નથી. તેમજ કલ્પોપપન્ન પણ હોતા નથી. પરંતુ વિમાનોપપન્ન છે. ચાર સહિત છે, મંડલાકાર ગતિવાળા છે. ગતિના અભાવ વાળા નથી. સ્વભાવથીજ તેઓ ગતિરતિક છે, અને સાક્ષાત્ ગતિથી યુક્ત છે. ઉંચા મુખવાળા કદમ્બના પુષ્પોના જેવા આકારવાળા અનેક યોજન સહસ્રપ્રમાણથી યુક્ત ક્ષેત્રોમાં એ ભ્રમણ કરે છે, તેમજ તેની સાથે બહારના વિકુર્વિત પરિષદાના દેવ રહે છે. ઘણાજ ઠાઠમાઠથી નાચ કરતા એવા, ગીતગાતા એવા, વાજીંત્ર તંત્રી તલ તાલ ત્રુટિત વિગેરે વાજીંત્રો વગાડતા એવા એ વાજીંત્રોના શબ્દોથી જાણે તેઓ સિંહના જેવી જાણે કે ગર્જનાઓ ન કરતા હોય ? એવી રીતે શબ્દો કરતા તથા ઘન ઘોર શબ્દો કરતા કરતાં તથા દિવ્ય એવા ભોગ ભોગવતા એ સ્વચ્છ, નિર્મલ, પર્વતરાજ મેરૂની મંડલા કારથી પ્રદક્ષિણા કરતા રહે છે. જ્યાં સુધી ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન થતો નથી ત્યાં સુધીમાં તેઓ ત્યાંના ચાર પાંચ સામાનિક દેવો એ ઈંદ્રના સ્થાન પર રહે છે. અને જ્યારે ત્યાં બીજો ઈંદ્ર ઉત્પન્ન થઈ જાય છે, ત્યારે એ સામાનિક દેવો તે સ્થાનને છોડી દે છે. એ સ્થાન ઓછામાં ઓછા એક સમય સુધી અને વધારેમાં વધારે છ માસ સુધી ઈંદ્રથી રહિત બનેલ રહે છે.

હે ભગવન્ મનુષ્યક્ષેત્રની બહારના સૂર્ય, ચંદ્ર; ગ્રહ, નક્ષત્ર, અને તારાઓ આ બધા દેવો શું ઉર્ધ્વોપપન્નક હોય છે ? એ દેવો ઉર્ધ્વોપપન્નક હોતા નથી. તેમજ કલ્પોપ પન્નક પણ હોતી નથી. પરંતુ તેઓ વિમાનોપપન્નક હોય છે ? ચારોપપન્નક હોતા નથી. સ્થિર ગતિવાળા હોય છે. પાકેલી ઈંટના જેવા આકારવાળા એવા લાખો યોજન સુધીનું તેમનું તાપ ક્ષેત્ર છે. એ અનેક હજારની સંખ્યાવાળા બાહ્ય પરિષદના દેવોની સાથે સાથે ઘણાજ જોરથી વગાડવામાં આવેલ વાજીંત્રોના શબ્દોથી નૃત્યના શબ્દોથી અને ગીતના શબ્દોથી જાણે સમુદ્રને વાચાવાળો કરતા ન હોય તેમ કરીને દિવ્ય એવા ભોગભોગોને ભોગવતા રહે છે. ચંદ્રની અપેક્ષાએ તેઓ શુભલેશ્યાવાળા છે. શીત લેશ્યાવાળા છે. મંદલેશ્યાવાળા છે. ચિત્રાંતર લેશ્યાવાળા છે. કૂટની માફક તેઓ એકજ સ્થાન પર રહે છે. પરસ્પરમાં એક બીજાના તેજની સાથે જેઓના તેજ મળેલ છે, એવા પ્રકારની લેશ્યાઓથી તેઓ એ પ્રદેશોને ચારે બાજુએથી ચમકાવે છે. ઉદ્યોતિત કરે છે; તપાવે છે. પ્રકાશિત કરે છે. યાવત્ જ્યાં સુધી ત્યાં બીજો ઈંદ્ર ઉત્પન્ન થતો નથી. ત્યાં સુધી ચાર કે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ સામાનિક દેવોએ સ્થાન પર ઈંદ્રના જે તેમની સંભાળ રાખે છે. તેમના ઈંદ્રનું એ સ્થાન ઓછામાં ઓછું એક સમય સુધી અને વધારેમાં વધારે છ મહિના સુધી ઈંદ્ર વિનાનું ખાલી રહે છે.

[૨૮૯] પુષ્કરવર દ્વીપને પુસ્કરવરોદ નામના સમુદ્રે ચારે બાજુથી ઘેરેલ છે અને એ સમુદ્ર ગોળ છે. તથા વલયનો આકાર હોય છે. હે ભગવન્ આ પુષ્કરવરોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? અને તેનો પરિક્ષેપ કેટલો હે ગૌતમ ! તેનો ચક્રવાલ વિષ્કંભ અને તેનો વિષ્કંભ બંને સંખ્યાત લાખ યોજનોનો છે. પુષ્કરોદ સમુદ્રના ચાર દ્વારો કહેવામાં આવેલા છે. આ બધા દ્વારોનું પરસ્પરનું અંતર સંખ્યાત લાખ યોજનનું થાય છે. પુષ્કરવર સમુદ્રના પ્રદેશ અરૂણવર દ્વીપને સ્પર્શેલા હોવા છતાં પણ પુષ્કરવર સમુદ્રનાજ કહ્યા છે. ત્યાં મરેલાં જીવો ત્યાં પણ ઉત્પન્ન થાય છે, અને બીજે પણ ઉત્પન્ન થઈ જાય છે. પુષ્કરોદ સમુદ્રનું પાણી સ્વચ્છ છે. પથ્ય છે. જાતિવંત છે. હલકું છે. અને સ્વભાવથીજ તે સ્ફટિક રત્નના જેવું નિર્મળ અને પ્રકૃતિથીજ તે મધુર રસવાળું છે. અહીંયા શ્રીધર અને શ્રી પ્રભ નામના બે દેવો કે જેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા છે, અને એક પલ્યો પમની સ્થિતિવાળા છે તેઓ રહે છે. એજ કારણથી હે ગૌતમ ! તેનું નામ પુષ્કરોદ સમુદ્ર એ પ્રમાણે કહેવામાં આવેલ છે. યાવત્ એ નિત્ય છે. ત્યાં સંખ્યાત ચંદ્રમાઓએ પહેલા પ્રકાશ આપ્યો હતો આપે છે અને આપશે. યાવત્ સંખ્યાત કોડા કોડી તારાગણો પહેલાં ત્યાં સુશોભિત થયા હતા થાય છે. અને થશે.

[૨૯૦] પુષ્કરોદ સમુદ્રની ચારે બાજુ વરૂણવર દ્વીપ છે. આ દ્વીપ ગોળ છે. અને વલયના આકાર જેવા આકાર વાળો છે. તેનો સમચક્રવાલ વિષ્કંભ પહોળાઈમાં સંખ્યાત લાખ યોજનનો છે. અને પરિક્ષેપ પણ તેનો સંખ્યાત લાખ યોજનનો છે. તેની ચારે બાજુ પદ્મવર વેદિકાની ચારે તરફ એક વનખંડ છે. વરૂણદ્વીપના જે પ્રદેશો વરૂણવર સમુદ્રને સ્પર્શે છે તે વરૂણ દ્વીપના કહેવાશે. અને જે વરૂણ સમુદ્રના પ્રદેશો અરૂણદ્વીપને સ્પર્શેલા છે તે વરૂણ સમુદ્રના જ કહેવાશે. એજ પ્રમાણે વરૂણવર દ્વીપમાં મરેલા જીવો ત્યાં પણ ઉત્પન્ન થાય છે. અને અન્યત્ર પણ ઉત્પન્ન થાય છે. અહીંયાં નાની મોટી અનેક વાવો આવેલ છે, યાવત્ બિલ પંક્તિયો છે એ બધી આકાશ અને સ્ફટિકના જેવી સ્વચ્છ છે. તથા એ દરેક બિલપંક્તિયો પદ્મવર વેદિકાઓથી અને વનખંડોથી ઘેરાયેલ છે. એ પદ્મવર વેદિકાઓ મદિરાના જેવા પાણીથી ભરેલ છે. એ પ્રાસાદીય છે, દર્શનીય છે. અભિરૂપ છે અને પ્રતિરૂપ છે. આ નાની મોટી વાવોમાં યાવત્ બિલપંક્તિયોમાં અનેક ઉત્પાત પર્વતો છે. યાવત્ ખડગ છે. એ બધા સ્ફટિકમય છે. અચ્છ-સ્વચ્છ છે. આ દ્વીપમાં વરૂણ અને વરૂણ પ્રભ નામના બે દેવો રહે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. અને યાવત્ તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. આ કારણથી તેનું નામ વરૂણવર એ પ્રમાણે કહેવાયેલ છે. અથવા યાવત્ તે નિત્ય છે. અહિંયા જ્યોતિષ્કોનું પ્રમાણ સંખ્યાત ગણું છે. અને તારાઓનું પ્રમાણ કોડા કોડીનું છે.

[૨૯૧] વરૂણવર દ્વીપની ચારે તરફ વરૂણોદધિ સમુદ્ર છે. આ સમુદ્ર ગોળ છે. અને વલયના આકાર જેવો છે. આ દ્વીપ સમચક્રવાલ વિષ્કંભ વાળો છે. વિષમચક્રવાળ વિષ્કંભવાળો નથી. વિગેરે તેનો વિષ્કંભ અને પરિક્ષેપ સંખ્યાત હજાર યોજનનો છે. તેના ચારે દ્વારોનું પરસ્પરનું અંતર સંખ્યાત હજાર યોજનનું છે. તેની ચારે બાજુ એક પદ્મવર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદિકા અને પદ્મવર વેદિકાની ચારે તરફ એક વનષંડ છે. વારૂણવર સમુદ્રના જે પ્રદેશો વરૂણવર દ્વીપને સ્પર્શેલાછે, તે પ્રદેશો વારૂણવર સમુદ્રનાજ કહેવાશે. અહીના જીવો મરીને આ દ્વીપમાં પણ ઉત્પન્ન થાય છે અને અન્યત્ર પણ ઉત્પન્ન થાય છે. વરૂણોદ સમુદ્રનું જલ લોક પ્રસિદ્ધ ચંદ્રપ્રભા નામની સુરા જેવું હોય છે, મણિશલાકા નામની સુરા જેવી હોય છે, વરવારૂણી જેવી હોય છે. પત્રાસવ જેવો હોય છે. જેવો પુષ્પાસવ હોય છે, ફળાસવ જેવો હોય છે. સોયાસવ જેવો હોય છે, ખર્જુર સાર જેવો હોય છે, મદ્રીકાસાર જેવો હોય છે. કાપિ શાયન જેવું હોય છે. સારી રીતે પકાવેલ ક્ષોદ રસ જેવો હોય છે, વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ પર્યન્તના વિશેષણોથી યુક્ત સુરા-શરાબ-દારૂ જેવો હોય છે. એજ પ્રમાણે મિઠાશ વિગેરેથી યુક્ત તે સમુદ્રનું જળ હોય છે. તેથી આ મીઠાશ વિગેરે નિમિત્તને લઈને આનું નામ વારૂણી પર સમુદ્ર એવું કહેવાયું છે. પ્રભુના આ પ્રમાણે કહેવાથી ફરીથી ગૌતમ સ્વામીએ પૂછયું છે હે ભગવન્ વારૂણોદક સમુદ્રનું જળ આવા પ્રકારના વર્ણવાળું છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે વરૂણ સમુદ્રનું જળતો સ્વાદમાં આ સુરા વગેરેના સમૂહથી વિશેષ ઈષ્ટતર છે. કાનતતર છે, પ્રિયતર છે. મનોજ્ઞતર છે. અને મન આમતર છે આ કારણથી હે ગૌતમ ! આ સમુદ્રનું નામ વરૂણવર સમુદ્ર એ પ્રમાણે કહેવાયેલ છે. એ વરૂણવર સમુદ્રમાં વારૂણ અને વરૂણકાંત એ નામના બે દેવો રહે છે. તેથી આ દેવોનો ત્યાં સદ્ભાવ હોવાના કારણથી આ સમુદ્રનું નામ એ પ્રમાણે થયેલ છે. તથા આ સમુદ્રનું નામ યાવત્ નિત્ય છે, અહીયાં સઘળા જ્યોતિષ્ક દેવો સંખ્યાત જ છે. તેમ સમજી લેવું.

[૨૯૨] વરુણવર સમુદ્રને ક્ષીરવર નામનો દ્વીપ ચારે બાજુએથી ઘેરીને રહેલ છે. આ દ્વીપ ગોળ છે. અને ગોળ વલયના આકારવાળો છે. તેથી એને સમચક્રવાલ સંસ્થાનવાળો કહેવામાં આવેલ છે. તેનો સમચક્રવાલ વિષ્કંભ એક લાખ યોજનનો કહેવામાં આવેલ છે. અને તેનો પરિક્ષેપ પણ એટલોજ કહેલ છે. હે ભગવન્ ક્ષીરવર દ્વીપના જેટલા પ્રદેશો ક્ષીર સમુદ્રને સ્પર્શેલો છે. તે પ્રદેશો ક્ષીરવર દ્વીપના કહેવામાં આવશે ? કે ક્ષીરવર સમુદ્રના કહેવાશે ? હે ગૌતમ ! એ પ્રદેશો ક્ષીરવર દ્વીપનાજ કહેવામાં આવશે. હે ભગવન્ ક્ષીરવર દ્વીપના જીવો જ્યારે મરે છે તો મરીને તેઓ શું ત્યાંજ ઉત્પન્ન થાય છે ? અથવા તે સિવાયના કોઈ બીજાજ સ્થાનમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! એવોક કોઈ નિયમ નથી કે ત્યાં મરેલા જીવો ત્યાંજ ઉત્પન્ન થાય બીજે ઉત્પન્ન થાય નહીં. હે ભગવન્ ક્ષીરવર દ્વીપ એ પ્રમાણેનું આ દ્વીપનું નામ શા કારણથી થયેલ છે ? હે ગૌતમ ! ક્ષીરવર દ્વીપમાં સ્થળે સ્થળે અનેક નાની મોટી વાવો છે. યાવત્ બિલપંકિતયો છે. તેમાં દૂધના જેવું પાણી ભરેલું છે. તેમાં ઉત્પાદ પર્વતો છે. પર્વતોની ઉપર આસન છે. મંડપો છે. મંડપોમાં પૃથ્વીશિલાપટ્ટકો છે. આ શિલાપટ્ટકો સર્વાત્મના રત્નમય છે. સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં આગળ અનેક વાનવ્યન્તર દેવો અને દેવિયો ઉઠે છે, બેસે છે. સુવે છે. યાવત્ પૂર્વક વિહાર કરે છે અહીંયાં પુંડરીક અને પુષ્પદંત એ નામના બે દેવો રહે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. તેમજ એક પલ્યોપમની સ્થિતિ વાળા છે. આ દ્વીપ આ નામવાળો અનાદિ કાળથીજ પ્રસિદ્ધ થયેલ છે. પહેલાં પણ એજ નામથી પ્રસિદ્ધ હતો, વર્તમાન માં પણ એ એજ નામથી પ્રસિદ્ધ છે પછી પણ રહેશે. અહીયાં પણ ચંદ, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારા એ બધા સંખ્યાતજ છે. આ ક્ષીરવર સમુદ્રને ચારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાજુથી ઘેરીને ક્ષીરોદ નામનો સમુદ્ર આવેલ છે. આ સમુદ્ર ગોળ છે. અને વલયનો જેવા આકારવાળો છે. સમચક્રવાલ સંસ્થાનવાળો છે. વિષમ ચક્રવાલ સંસ્થાનવાળો નથી એ સંખ્યાત હજાર યોજનના વિસ્તારવાળો છે. અને સંખ્યાત યોજનનીજ તેની પરિધિ છે. હે ભગવન્ આ સમુદ્રનું નામ 'ક્ષીરોદ સમુદ્ર એ પ્રમાણે શા કારણથી થયેલ છે ? હે ગૌતમ ! ક્ષીરોદ સમુદ્રનું જલ ખાંડ ગોળ અને સાકર મેળવીને ચાતુરંત ચક્રવર્તિ માટે ધીમી એવી અગ્નિ પર ઉકાળવામાં આવેલ દૂધનો જેવો સ્વાદ હોય છે, તેવો તેનો સ્વાદ છે અથવા વિશેષ પ્રકારના સ્વાદવાળો છે દીપનીય છે સમસ્ત ઈન્દ્રિયો શરીર અને મનને આનંદ આપનાર થાય છે, વિશેષ પ્રકારના વર્ણથી, રસથી અને સુકોમળ સ્પર્શ વિગેરેથી યુક્ત છે તેથી તેનું એ પ્રમાણેનું નામ કહેવામાં આવેલ છે. હે ભગવન્ ક્ષીરસમુદ્રનું જલ ચક્રવર્તિ માટે તૈયાર કરવામાં આવેલ દૂધનાજ જેવું હોય છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી.કેમકે ક્ષીરોદ સમુદ્રનું જળ તો આ દૂધથી પણ વધારે ઈષ્ટતર યાવત્ આસ્વાદનીય છે. અહિયાં વિમલ અને વિમલપ્રભ નામના બે દેવો નિવાસ કરે છે. આ કારણથી આ સમુદ્રનું નામ 'ક્ષીરોદસમુદ્ર એ પ્રમાણે છે. અહીયાં ચંદ્ર સૂર્ય વિગેરે પાંચે પ્રકારના જ્યોતિષ્કદેવો સંખ્યાત છે.

[૨૯૩] ક્ષીર સમુદ્રને ચારે બાજુએ વીંટળાઈને ઘૃતવર નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપનો આકાર ગોળ છે. આ ઘૃતવરદ્વીપ સમચક્રવાલ વિષ્કંભથી યુક્ત છે. વિષમ ચક્રવાળથી યુક્ત નથી. તેનો ચક્રવાલ વિષ્કંભ સંખ્યાત હજાર યોજનનો છે. અને તેની પરિધિ ત્રણ ગણાથી અધિક છે. હે ભગવન્ આ દ્વીપનું નામ ઘૃતવરદ્વીપ એ પ્રમાણે શા કારણથી કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! આ ઘૃતવર દ્વીપમાં સ્થળે સ્થળે અનેક નાની મોટી વાવો છે યાવત્ તે બધી વાવો ઘૃતના જેવા પાણીથી ભરેલ છે. તેમાં ઉત્પાત પર્વતથી લઈને ખડ હડ સુધીના પર્વતો છે. આ સઘળા પર્વતો સર્વાત્મના અચ્છ-સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. કનક અને કનકપ્રભ નામના બે દેવો અહીં રહે છે. તેમનું આયુષ્ય એક પલ્યોપમનું છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. ત્યાં ચંદ્ર વિગેરે જ્યોતિષ્ક દેવો સંખ્યાત છે. આ ઘૃતવર દ્વીપને ચારે બાજુથી ઘેરીને ઘૃતોદક નામનો સમુદ્ર આવેલ છે. આ સમુદ્ર ગોળ છે. અને તેનો આકાર ગોળ વલયના જેવા આકારવાળો છે. તેનો ચક્રવાલ સમ છે વિષમ નથી. દ્વાર પ્રદેશ અને જીવોના સંબંધનું કથન પહેલા કહ્યા પ્રમાણેજ છે. ઘૃતોદક સમુદ્રનું જલ એવું છે કે-જેવું શરદ્ કાળનું ગોઘૃતમંડ હોય છે. આ ગોઘૃત મંડ શલ્લકી વિમુક્ત અને ફુલેલા કરેણના પુષ્પો જેવું કંઈક કંઈક પીળું હોય છે. તથા સરસવના ફુલ જેલું તથા કોરંટની માળા જેવું પીળા વર્ણનું હોય છે. સ્નિગ્ધતા વાળું હોય છે. હે ગૌતમ ! ઘૃતોદકનું જલતો તમોએ કહેલા પ્રકારથી પણ વધારે ઈષ્ટ હોય છે. અને અધિકતર આસ્વાદ્ય હોય છે. આ દ્વીપમાં કાંત અને સુકાંત એ નામના બે દેવો નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. અને તેઓની સ્થિતિ એક પલ્યની છે. એ કારણથી આ સમુદ્રનું નામ ઘૃતોદક એ પ્રમાણે થયેલ છે. અથવા તો નિત્ય છે. અહીયાં તારાગણ સુધીના જ્યોતિષ્ક દેવો અસંખ્યાત છે.

આ ઘૃતોદક સમુદ્રને ઈક્ષુરસ નામનો દ્વીપ ચારે બાજુએ ઘેરીને રહેલ છે. આ દ્વીપ ગોળ છે તેથી તેને વલયના જેલા ગોળ આકરવાળો કહેવામાં આવેલ છે. આ દ્વીપના વર્ણનમાં જેમ બીજા દ્વીપોનું પહેલા વર્ણન કરવામાં આવી ગયેલ છે. એજ પ્રમાણેનું કથન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી લેવું જોઈએ. ત્યાં સુપ્રભ અને મહાપ્રભ એ નામના બે દેવો મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા રહે છે. તેઓની સ્થિતિ એક પલ્યોપમની છે. આ કારણથી આ દ્વીપનું નામ 'ક્ષોદોદક દ્વીપ' અર્થાત્ ઈક્ષુ રસ દ્વીપ એ પ્રમાણે કહેવામાં આવેલ છે. અહીંયાં ચંદ્રથી લઈને તારા રૂપ પર્યન્તના જેટલા જ્યોતિષિક દેવો છે, તે બધા ઘૃતોદક સમુદ્રમાં કહ્યા પ્રમાણે સંખ્યાત જ છે. ક્ષોદવર દ્વીપને ચારે બાજુએથી ક્ષોદોદક નામના સમુદ્રે ઘેરેલ છે. એ ગોળ છે. અને તેનો આકાર વલયના જેવો છે. એ સમચક્રવાલ વિષ્કંભવાળો છે. તેનો સમચક્રવાલ વિષ્કંભ સંખ્યાત હજાર યોજન પ્રમાણનો છે. અને એટલાજ પ્રમાણ વાળી તેની પરિધિ છે.વિગેરે મનોહર પ્રશસ્ત વિશ્રાન્ત સ્નિગ્ધ અને સુકુમાર ભૂમિભાગ જ્યાં-નો હોય છે, એવા દેશમાં નિપુણ કૃશિકાર-દ્વારા કાષ્ટના લષ્ટ-અને વિશેષ પ્રકારના હળથી ખેડેલી ભૂમિમાં જો સેલડીને વાવવામાં આવી હોય અને બુદ્ધિશાળી પુરૂષ દ્વારા જેનું સંરક્ષણ કરવામાં આવ્યું હોય ઘાસ વગરની જમીનમાં જે વધેવ હોય, અને એજ કાર ણથી જે નિર્મળ અને પાકીને વિશેષ પ્રકારથી વધી ગયેલ હોય તેમજ મીઠા રસથી જે યુક્ત હોય તથા શીતકાળના જંતુઓના ઉપદ્રવ વિનાની બની હોય એવી સેલડીનો ઉપરનો અને નીચેનો મૂળનો ભાગ કાઢીને તથા તેની ગાંઠોને પણ અલગ કરીને બળવાન બળદો દ્વારા યન્ત્રથી પીલીને કાઢવામાં આવેલ રસ કે જે કપડાથી ગાળેલો હોય અને તે પછી સુગંધવાળા પદાર્થો નાખીને સુવાસિત બનાવવામાં આવેલ હોય તે જેવો પથ્યકારક હલકો સારા વર્ણવાળો યાવત્ આસ્વાદ કરવાને યોગ્ય બની જાય છે. એવું જ ક્ષોદ વર સમુદ્રનું જળ છે. ભગવન્ તો શું ક્ષોદવર સમુદ્રનું જળ એવા પ્રકારનું હોય છે ? હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. કેમકે ક્ષોદરસ સમુદ્રનું પાણી આ વર્ણવેલ પ્રકારથી પણ વધારે ઈષ્ટ યાવત્ સ્વાદ લાયક હોય છે. અહીંયાં પૂર્ણ ભદ્ર અને મણિભદ્ર એ નામના બે દેવો નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. અને એક એક પલ્યોપમની તેઓની સ્થિતિ છે.અહીયાંચંદ્ર,સૂર્ય, ગ્રહ યાવત્ નક્ષત્ર તારાગણ કોટિ કોટિ સંખ્યાતછે.

[૨૯૪] ક્ષોદોદક સમુદ્રને નંદીશ્વર નામનો દ્વીપ ચારે બાજુએથી ઘેરીને રહે છે. તે ગોળ છે. અને તેથી તે ગોળ વલયના આકાર જેવો છે. આ નંદીશ્વર દ્વીપ યાવત્ સમચ ક્રવાલ વિષ્કંભથી યુક્ત છે. નંદીશ્વર દ્વીપમાં સ્થળે સ્થળે અનેક નાની મોટી વાવો આવેલી છે. બિલ પંક્તિયો, વિવર પંક્તિયો છિદ્ર-છિદ્રો છે. યાવત્ તેઓ પહેલા સંપાદન કરેલ પુણ્ય કર્મના ફલ વિશેષને ભોગવે છે. અથવા નંદીશ્વર દ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુ મધ્ય દેશ ભાગમાં ચારે દિશાઓમાં ચાર અંજનગિરિ નામના પર્વતો છે. આ અંજન ગિરિ નામના દરેક પર્વતો ૮૪૦૦૦ યોજનની ઉંચાઈવાળા છે. તે દરેકનો ઉદ્વેધ એક હજાર યોજનનો છે. મૂળમાં દસ હજાર યોજનની જ લંબાઈ પહોળાઈ વાળા છે. જમીનની ઉપર પણ તે દરેક ૧૦૦૦૦ યોજનની લંબાઈ પહોળાઈ વાળા છે. તે પછી એક એક પ્રદેશ કમ થતાં થતાં ઉપર એક હજાર યોજન લાંબા પહોળા થઈ ગયા છે. મૂળમાં તેની પરિધિ ૩૧૬૨૩ યોજનથી કંઈક વધારે છે. જમીન પરની તેની પરિધિ ૩૧૬૨૩ યોજનમાં કંઈક કમ છે. એ મૂળમાં વિસ્તાર વાળા છે. મધ્ય ભાગમાં સંકુચિત છે. અને ઉપર તરફ પાતળા થયેલ છે. તેથી તેમનું સંસ્થાન ગાયના પુંછ જેવું કહેવામાં આવેલ છે. આ બધા અંજન-ગિરિ પર્વતો સર્વાત્મના અંજનમય છે. આ બધા અંજન પર્વતોમાંથી દરેક અંજન પર્વતની ઉપરનો ભૂમિભાગ બહુસમરમણીય છે. તે જેમ આલિંગ પુષ્કરનું તલ સમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે, એજ પ્રમાણે તે બિલકુલ સાફ અને સમ છે. આ બહુસમરમણીય ભૂમિભાગોના બહુમધ્ય દેશભાગમાં અલગ અલગ સિદ્ધાયતન અર્થાત્ જિનાલય છે. એક એક સિદ્ધાયતન એક એક સો યોજનની લંબાઈવાળા છે. અને પચાસ પચાસ યોજનની પહોળાઈ વાળા છે. અને ૭૨ બોંતર યોજનની ઉંચાઈ વાળા છે. તે દરેકમાં સેંકડો સ્તંભો લાગેલા છે. આ ક્રમથી સુધર્માસભાના જિનાલયની જેમ દરેક સિદ્ધાયતન-જિનાલયની ચારે દિશાએ ચાર દરવાજાઓ છે. તેમાંથી એક દરવાજાનું નામ દેવ દ્વાર છે. બીજા દરવાજા નું નામ અસુર દ્વાર છે. ત્રીજા દરવાજાનું નામ નામ નાગદ્વાર છે. અને ચોથા દરવાજાનું નામ સુવર્ણ દ્વાર છે. આ દરેક દરવાજાઓની ઉપર એક એક દેવના હિસાબથી ચાર દેવો કે જેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા અને એક પલ્યની સ્થિતિવાળા રહે છે. દેવ, અસુર, નાગ અને સુપર્ણ. દેવ દ્વારની ઉપર દેવ, અસુર દ્વારની ઉપર અસુર, નાગ દ્વાર પર નાગ અને સુપર્ણ દ્વાર પર પર સુપર્ણ દેવ રહે છે. એ દરેક દ્વારો સોળ સોળ યોજનની ઉંચાઈ વાળા છે. આઠ યોજનની તેની પહોળાઈ છે. અને તેનો પ્રવેશ પણ આઠ જ યોજનનો છે. આ સઘળા દ્વારો સફેદ છે. કનકમય તેની ઉપરના શિખરો છે.

એ દ્વારોની ચારે દિશાઓમાં ચાર મુખ મંડપો છે. આ મુખમંડપો એક એક સો યોજનના લાંબા છે. અને પચાસ પચાસ યોજન પહોળા છે. અને કંઈક વધારે સોળ યોજનની ઉંચાઈ વાળા છે. તેમાં અનેક સેંકડો થાભલાઓ લાગેલા પ્રેક્ષાગૃહ મંડપોની બહુમધ્ય દેશ ભાગમાં અખાડા છે અક્ષ પાટકોની સમક્ષ-અલગ અલગ મણિપીઠિકાઓ એ મણિ પીઠિકાઓ આઠ આઠ યોજનની લંબાઈ વાળી છે. અને યાવત્ પ્રતિરૂપ તેની ઉપર સિંહાસનો છે. દરેક મણિપીઠિકાની ઉપર સ્તૂપ છે. તેની લંબાઈ અને પહોળાઈ ૧૬૦૦૦ યોજનની છે. અને તેની ઉંચાઈ ૧૬૦૦૦ યોજનથી કંઈક વધારે છે. આ સ્તૂપોની ચારે દિશાઓમાં ચાર મણિપીઠિકાઓ છે. આઠ યોજનની લંબાઈ પહોળાઈ વાળી છે. અને ચાર યોજનની જાડાઈ વાળી છે. એ સર્વાત્મના મણિમય યાવત્ પ્રતિરૂપ છે. એ એક એક મણિપીઠિકાની ઉપર અરિહંત પ્રતિમા છે. એ રીતે ૪ ચાર જીન અરિહંત પ્રતિમાઓ છે. તેના ઉત્સેધનું પ્રમાણ પાંચસો ધનુષનું છે. એ સર્વાત્મના રત્નમય છે. અને પદ્માસનથી સુશોભિત છે. સ્તૂપની તરફ બધાનું મુખ છે. પૂર્વ દિશામાં ઋષભભગવંત છે. દક્ષિણ દિશામાં વર્ધમાન ભગવંત, પશ્ચિમ દિશામાં ચન્દ્રાનન ભગવંત અને ઉત્તર દિશામાં વારિષેણ ભગવંત છે. આ ચૈત્ય સ્તૂપોની સામે-દરેક સ્તૂપની સામે એક એક મણિપીઠિકા છે. આ મણિપીઠિકાઓની લંબાઈ પહોળાઈ સોળ યોજનની છે. અને તેની મોટાઈ આઠ યોજનની છે. આ સર્વાત્મના મણિમય અચ્છ યાવત્ પ્રતિરૂપ છે. આ મણિપીઠિકાઓમાંથી દરેક મણિપીઠિકાની ઉપર એક એક ચૈત્ય વૃક્ષ છે. આ ચૈત્ય વૃક્ષ આઠ આઠ યોજનની ઉંચાઈવાળા છે. વિગેરે મણિપીઠિકાઓની ઉપર અલગ અલગ મહેન્દ્ર ધજાઓ છે. તે ચોસઠ યોજનની ઉંચાઈવાળી છે. મધ્યભાગમાં જે મણિ પીઠિકાઓ છે, તે સોળ યોજનની લંબાઈ પહોળાઈવાળી છે. અને આઠ યોજનના વિસ્તારવાળી છે. એ સર્વ રીતે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. આ મણિપીઠિકાઓની ઉપર દેવચ્છંદક છે. અને તે સર્વ રીતે રત્નમય છે. આ દરેક દેવચ્છંદકોમાં ૧૦૮ જીન અર્થાત્ અરિહંત પ્રતિમાઓ તે પોતપોતાના શરીરના પ્રમાણની બરોબર છે. આ બધાનું સઘળું કથન વૈમાનિકની વિજય રાજધા નીમાં રહેલા સિદ્ધાયતનના કથન અનુસાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ બધા અંજન પર્વતોમાં જે પૂર્વ દિશા નો અંજન પર્વત તેની ચારે દિશાઓમાં ચાર નંદા પુષ્કરણિયો છે. નંદોતરા, નંદા, આનંદા, અને નંદિવર્ધના. નંદિસેના, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના આ પ્રમાણેના તેના નામો કેટલેક સ્થળે બતાવેલા છે. આ દરેક નંદા પુષ્કરિણીયો એક એક લાખ યોજન ની લંબાઈ પહોળાઈવાળી છે. તેનો ઉદ્વેધ દસ યોજનનો છે. તેની પરિધિનું પ્રમાણ ૩૧૬૨૨૭ યોજનથી કંઈક વધારે તથા ૩ ત્રણ કોસ તથા ૨૮૦૦ ધનુષ અને સાડાતેર આંગળથી કંઈક વધારે છે. એ બધી પૂર્વોક્ત અચ્છ શ્લક્ષ્ણ, વિગેરે વિશેષણોવાળી છે. આ દરેક પુષ્પરણિયોના બહુમધ્ય દેશ ભાગમાં અલગ અલગ દધિમુખ પર્વત છે. એની ઉંચાઈ ચોસઠ હજાર યોજનની છે. જમીનમાં તેનો ઉદ્વેધ એક હજાર યોજનનો છે. એ બધેજ સમાન છે. અને પલંગના આકાર જેવો છે. તેની પહોળાઈ ૧૦૦૦ યોજનની છે. ૩૧૬૨૩ યોજનનો પરિક્ષેપ છે. એ બધા સર્વાત્મના રત્નમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. પર્વતની ચારે બાજુ પદ્મવર વેદિકા અને વનષંડ છે. સિદ્ધાયતનનું પ્રમાણ પહેલાં કહ્યા પ્રમાણેજ છે. તેમાં ૧૦૮ આઠ જીન અર્થાત્ અરિહંત પ્રતિમાઓ છે. ઈત્યાદિ તમામ વર્ણન પહેલાં કહ્યા પ્રમાણે કહી લેવું જોઈએ. દક્ષિણ દિશાના જે અંજન પર્વત છે. તેની ચારે દિશાઓમાં ચાર નંદા પુષ્કરિણીયો છે. ભદ્રા ૧ વિશાલ ૨ કુમુદા ૩ અને પુંડરિકિણી ૪ કોઈ બીજે સ્થળે તેમના નામો આ પ્રમાણે કહ્યા છે. નંદુત્તરા ૧ નંદા ૨ આનંદા ૩ અને નંદિવર્ધના અહીયાં પણ દધિમુખોનું અને સિદ્ધાયત નોનું કથન કરી લેવું જોઈએ. પશ્ચિમ દિશા તરફ જે અંજન પર્વત છે. તેની ચારે દિશા ઓમાં પણ ચાર નંદા પુષ્કરિણીયો છે. નંદિસેણા ૧ અમોઘા ૨ ગોસ્તૂપ ૩ અને સુદર્શના ૪ (ભદ્રા ૧ વિશાલા ૨ કુમુદા ૩ અને પુંડરિકિણી-૪) સિદ્ધાયતનોના કથન સુધી તમામ કથન પહેલાં જેમ કહેવામાં આવી ગયેલ છે એ જ પ્રમાણે છે. દધિમુખોનું વર્ણન અને તેના અંગ પ્રત્યંગોનું વર્ણન પણ પહેલાની જેમજ છે. ઉત્તર દિશામાં જે અંજન પર્વત છે તેની ચારે દિશામાં પણ ચાર નંદા પુષ્કરિણીયો છે. વિજ્યા ૧ વૈજયન્તી ૨ જયન્તી ૩ અપરા જીત નામની પુષ્કરિણી છે. આ અંજન પર્વતના સંબંધનું અને સિદ્ધાયતન સુધીનું તમામ કથન પૂર્વ દિશામાં આવેલ અંજન પર્વતના વર્ણન પ્રમાણે અને ત્યાંના સિદ્ધાયતનોના વર્ણન પ્રમાણેજ છે.

અહીંયાં અનેક ભવનપતિ વાનવ્યન્તર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો ચોમા સાની પ્રતિપદા વિગેરે પર્વ દિવસોમા વાર્ષિક ઉત્સવના દિવસોમાં તેમજ બીજા પણ અનેક પ્રકારના જેમકે જેમના જન્મકલ્યાણના,દીક્ષાકલ્યાણના, જ્ઞાનકલ્યાણના નિર્વાણ-કલ્યાણના વિગેરે દિવસોમાં દેવકાર્યોમાં દેવ સમૂહોમાં દેવગોષ્ઠિયોમાં દેવસમવાયમાં તથા દેવોના જીત વ્યવહાર સંબંધી કાર્યમાં દેવ સમૂહોમાં આવે છે. અહીંયાં આવીને આનંદ ક્રીડા કરતા મહા મહિમાવાળા અષ્ટાહ્નિક પર્વની આરાધના કરે છે. નન્દીશ્વરવર દ્વીપમાં ચક્રવાલ વિષ્કંભવાળા બહુમધ્ય દેશ ભાગમાં ચાર દિશાઓમાં એક એક વિદિશાઓમાં ચાર રતિકર પર્વતો આવેલા છે. એક પૂર્વ દિશામાં બીજો દક્ષિણ પૂર્વ દિશામાં ત્રીજો દક્ષિણ પશ્ચિમ દિશામાં અને ચોથો પશ્ચિમ ઉત્તર વિદિશામાં આ દરેક રતિકર પર્વત ઉંચાઈમાં દસ દસ હજાર યોજનના છે. તેનો ઉદ્વેધ એક હજાર યોજનનો છે, આ પર્વતો બધેજ સમ છે. તેનું સંસ્થાન-આકાર ઝાલર જેવું હોય એવા પ્રકારનું છે. તેની પહોળાઈ દસ યોજનની છે. ૩૧૬૬૨ યોજનનો તે દરેકનો પરિક્ષેપ છે. એ બધા રત્નમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અચ્છ છે. યાવત્ પ્રતિરૂપ છે. ઈશાન ખૂણામાં જે રતિકર પર્વત છે તેની એક એક દિશામાં એક એક રાજધાની છે. એ રીતે ચારે દિશાની મળીને ચાર રાજધાનીયો છે. આ ચાર રાજધાનીયો દેવરાજ ઈશાન દેવેન્દ્રની ચાર અગ્રમહિષિયોની છે. આ રાજધાની યોનું નામ નંદોત્તર; નંદા, ઉત્તર કુરા, અને દેવકુરા એ પ્રમાણે છે.

પહેલો જે રતિકર પર્વત છે તેની ચારે રાજધાનીઓમાં દેવેન્દ્રની ચાર અગ્રમહિષીયોની જમ્બૂદ્વીપના પ્રમાણવાળી ચાર રાજધાનીયો છે. તેના નામો આ પ્રમાણે છે-પૂર્વ દિશામાં સુમના નામની રાજધાની છે. ૧ દક્ષિણ દિશામાં આવેલ રાજધાનીનું નામ સૌમનસા છે. ૨ પશ્ચિમ દિશામાં આવેલ રાજધાનીનું નામ અર્ચિમાળી છે. ૩ અને ઉત્તર દિશામાં આવેલ રાજધાનીનું નામ મનોરમા છે. ૪ તેમાં પહેલી અગ્રમહિષીની સુમના નામની રાજધાની છે. શિવાનામની બીજી અગ્રમહિષીની રાજધાનીનું નામ સૌમનસા છે. શચી નામની અગ્રમહિષીની રાજધાનીનું નામ અર્ચિમાલી છે. અને અંજૂકા નામની અગ્રમહિષીની રાજધાજધાનીનું નામ અર્ચિમાલી છે. અને અંજુકા નામની અગ્રમહિષીની મનોરમા નામની રાજધાની છે. દક્ષિણ અને પશ્ચિમના ખૂણાનો જે રતિકર પર્વત છે તેની ચાર દિશાઓમાં શક્રની ચાર અગ્રમહિષીયોની જંબૂદ્વીપના પ્રમાણ વાળી ચાર રાજધાનીયો છે. તે આ પ્રમાણે-પૂર્વ દિશામાં ભૂતા દક્ષિણ દિશામાં ભૂતાવતંસા પશ્ચિમ દિશામાં ગોસ્તૂપા અને ઉત્તર દિશામાં સુદર્શના નામની રાજધાની છે. તેમાં અમલા નામની અગ્રમહિષીની રાજધાનીનું નામ ભૂતા છે, અપ્સરા નામની અગ્રમહિષીની રાજધાનીનું નામ ભૂતાવતંસા છે. નવમિકા નામની અગ્રમહિષીની રાજધાનીનું નામ ગોસ્તૂપા છે. અને રોહિણી નામની અગ્રમહિષીની રાજધાનીનું નામ સુદર્શના છે. ઉત્તર પશ્ચિમ ખૂણામાં જે રતિકર પર્વત છે. તેની ચારે દિશાઓમાં રત્ના ૧ રત્નોચ્ચયા ૨ સર્વરત્ના ૩ અને રત્નસંચયા ૪ એ પ્રમાણેના નામ વાળી ચાર રાજધા નીયો છે. તેમાં યથાક્રમ-વસુમતીની રાજધાની રત્ના છે. વસુપ્રભાની રાજધાની રત્નોચ્ચયા છે. સુમિત્રાની રાજધાની સર્વરત્ના છે. અને વસુન્ધરા નામની અગ્રમહિ ષીની રાજધાનીનું નામ રત્નસંચયા છે. આ નંદીશ્વર દ્વીપમાં કૈલાસ અને હરિવાહન નામના મહર્દ્ધિક વિગેરે વિશેષણ વાળા અને પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો નિવાસ કરે છે. આ કારણથી હે ગૌતમ ! આ દ્વીપનું નામ નંદીશ્વર દ્વીપ એ પ્રમાણે કહેવામાં આવેલ છે. અથવા આ દ્વીપ આ પ્રમાણેના નામથી અનાદિ કાળથી ખ્યાતી પામેલ છે.

[૨૯૫]નંદીશ્વર દ્વીપને નંદીશ્વર નામના સમુદ્રે ચારે બાજુએથી ઘેરેલ છે. આ સમુદ્ર ગોળ છે. અને ગોળ વલયના આકાર જેવા આકારવાળો છે. આ સંબંધમાં સઘળું કથન પહેલાં કહ્યા પ્રમાણે જ છે. સુમનસ અને સૌમનસ ભદ્ર એ નામના બે દેવો રહે છે. આ દેવો મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા અને એક પલ્યોપમની સ્થિતિવાળા છે.

[૨૯૬] નંદીશ્વર સમુદ્રને ચારે બાજુએથી ઘેરીને અરૂણ નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપ ગોળ છે. અને તેનો આકાર ગોળ વલયના જેવો છે. અરૂણદ્વીપ સમક્રવાલ સંસ્થાન વાળો છે. તેના સમચક્રવાલ સંસ્થાનનું પરિમાણ સંખ્યાત લાખ યોજનનું છે. અને તેનો પરિક્ષેપ પણ એટલોજ છે. આ અરૂણ દ્વીપ ચારે બાજુએ પદ્મવર વેદિકાથી અને વનષંડથી વીંટળાયેલ છે. ક્ષોદોદક સમુદ્રના દ્વારોના અંતર પ્રમાણે અહીં પણ અંતર સંખ્યાત લાખ યોજનનું છે. ત્યાં સ્થળે સ્થળે જેટલી નાની મોટી વાવો વિગેરે જલાશયો છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બધામાં સેલડીના રસ જેવું પાણી ભરેલ છે. યાવત્ પ્રતિરૂપ છે. એ કારણથી તથા અશોક અને વીતશોક એ નામના બે દેવો અહીયાં નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે, અને તેઓની સ્થિતિ યાવત્ એક પલ્યોપમની છે. એ કારણથી આ દ્વીપનું નામ અરૂણવર દ્વીપ એ પ્રમાણે થયેલ છે; તથા એ નામ શાશ્વત અર્થાત્ નિત્ય છે, તથા ચંદ્રાદિક જ્યોતિષ્ક દેવ અહીયાં સંખ્યાત ના પ્રમાણમાં છે.

[૨૯૭] અરૂણવર દ્વીપને ચારે બાજુએથી ઘેરીને અરૂણોદ નામનો સમુદ્ર રહેલ છે. એ સમુદ્ર ગોળાકાર છે, અને ગોળ વલયના જેવો તેનો આકારછે. તેના પણ સમચક્ર વાલનો વિસ્તાર એક લાખ યોજનનો છે. અને તેનો પરિક્ષેપ પણ એટલો જ છે. તેમાં જે જળ ભરેલું છે સેલડીના રસ જેવું મીઠું વિગેરે વિશેષણોવાળું છે. અહીંયાં સુભદ્ર અને સુમનભદ્ર નામન બે દેવો નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. યાવત્ તેઓ એક પલ્યોપમની સ્થિતિવાળા છે. આ કારણથી આ સમુદ્રનું નામ અરૂણ વર દ્વીપનો પરિક્ષેપી હોવાથી અથવા આભૂષણ વિગેરેની કાન્તીથી જેનું જલ અરૂણ હોવાથી અરૂણોદ એ પ્રમાણે કહેવાયું આ અરૂણવર સમુદ્રને ચારે બાજુએથી ઘેરીને રહેલો અરૂણવર નામનો દ્વીપ પણ ગોળ અને ગોળ વલયના આકાર જેવા આકારવાળો છે. ત્યાં જે વાવો વિગેરે જળાશયો છે તેમાં સેલડીના રસ જેવું જલ ભરેલ છે. તેમાં ઉત્પાદ પર્વતો છે. એ પર્વત સર્વાત્મના વજ્રમય છે. અચ્છશ્લક્ષ્ણ વિગેરે વિશેષણો વાળો છે. યાવત્પ્રતિરૂપ છે. આ દ્વીપમાં અરૂણવર ભદ્ર અને અરૂણવર મહાભદ્ર નામના બે દેવો રહે છે. યાવત્ તેઓની સ્થિતિ એક પલ્યોપમની છે. તે કારણથી તે દ્વીપનું એ પ્રમાણે નામ થયેલ છે. અહીયાં ચંદ્ર, સૂર્ય વિગેરે જ્યોતિષ્કદેવો સંબંધી કથન ક્ષીરોદસમુદ્રના પ્રકરણ પ્રમાણે જ છે. એજ પ્રમાણે અરૂણવર દ્વીપને અરૂણવર નામનો સમુદ્ર ચારે તરફથી ઘેરીને રહેલ છે. આ એક પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો કે જેઓનું નામ અરૂણવર અને અરૂણ મહાવર છે તેઓ રહે છે. અરૂણવર સમુદ્રને અરૂણવરાવભાસ નામના દ્વીપે ચારે બાજુથી ઘેરેલ છે. દેવોના નામો અરૂણવરભદ્ર અને અરૂણવરમહાભદ્ર તેમના પરિવાર વિગેરે તથા સ્થિતિ પૂર્વોક્ત પ્રમાણે જ છે.

[૨૯૮-૨૯૯]અરૂણવરાવભાસ સમુદ્રને ચારે બાજુથી ઘેરીને રહેલ કુંડલ નામ-નો દ્વીપ છે આ દ્વીપ પણ વૃત્ત-છે. અહીયાં કુંડલભદ્ર અને કુંડલમહાભદ્ર આ નામો વાળા દેવો રહે છે. એક પલ્યોપમની સ્થિતિવાળા છે. આ કુંડલોદ સમુદ્રમાં ચક્ષુકાંત અને શુભ ચક્ષુકાંત આ નામવાળા બે દેવો નિવાસ કરે છે. એ કારણથી આ દ્વીપનું નામ કુંડલોદ દ્વીપ એ પ્રમાણે કહેવાયુ છે. કુંડલોદ સમુદ્રની ચારે બાજુ કુંડલવર દ્વીપ આવેલો છે. આના સંબંધી કથન પણ ક્ષોદોદક સમુદ્રના કથન પ્રમાણે જ છે. આ દ્વીપમાં કુંડલવર ભદ્ર અને કુંડલવર મહાભદ્ર એ નામ વાળા બે દેવો નિવાસ કરે છે. આ દ્વીપનું નામ કુંડલવર દ્વીપ એ પ્રમાણે કહેવામાં આવેલ છે. કુંડલવર દ્વીપની ચારે બાજુએ કુંડલવર નામનો સમુદ્ર છે. અહીયાં કુંડલવર અને કુંડલવર મહાવર એ નામવાળા બે દેવો રહે છે. યાવત્ તેઓ એક પલ્યોપમની સ્થિતિવાળા કુંડલ સમુદ્રની ચારે બાજુએ કુંડલવરાવભાસ મહાભદ્ર આ નામવાળા બે દેવો નિવાસ કરે છે કુંડલવર ભાસોદ સમુદ્ર કુંડલવરભાસ દ્વીપની ચારે બાજુ આવેલ છે. આ સમુદ્ર ગોળ છે. આ સમુદ્રમાં કુંડલવરાવભાસવર અને કુંડલાવભાસમહાવર એ નામવાળા બે દેવો નિવાસ કરે છે. યાવત્ તેઓની સ્થિતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક પલ્યોપમની છે. તેમાં એક પૂર્વાર્ધાધિપતી છે અને બીજો અપરાર્ધાધિપતિ છે. અહીયાં ચંદ્ર, સૂર્ય વિગેરે જ્યોતિષ્ક દેવોનું કથન પહેલાં કહ્યા પ્રમાણે જ છે. આ કુંડલ દ્વીપ ત્રણ પ્રત્યવતાર વાળો કહેલ છે જેમકે-અરૂણવરાવભાસ સમુદ્ર પરિક્ષપવાળો કુંડલદ્વીપ ૧ કુંડલ દ્વીપના પરિક્ષેપવાળો કુંડલસમુદ્ર ૨ કુંડલ સમુદ્ર ના પરિક્ષેપ વાળો કુંડલવર દ્વીપ, કુંડલવરાવભાસ સમુદ્રને ચારે બાજુથી ઘેરીને રૂચક નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપ પણ વૃત્ત-ગોળ છે. આ દ્વીપ સમચક્રવાલ વાળો છે. તેનો સમચક્રવાલ વિષ્કંભ સંખ્યાત લાખ યોજનનો છે. અને તેનોપરિક્ષેપ પણ એટલોજ છે. સર્વાર્થ અને મનોરમ નામના બે દેવો ત્યાં નિવાસ કરે છે. તે પૈકી એક પૂર્વાર્ધનો અધિપતિ છે, બીજો અપરા-ર્ધનો અધિપતિ છે. યાવત એક પલ્યોપમની સ્થિતિ વાળા છે.

રૂચક દ્વીપને ચારે બાજુથી ઘેરીને રૂચકોદ નામનો સમુદ્ર છે. આ સમુદ્ર ગોળ છે, આના સંબંધનું કથન ક્ષોદોદક સમુદ્રના કથન પ્રમાણે જ છે. તેનો સમચક્રવાલ વિષ્કંભ સંખ્યાત લાખ યોજનનો છે, અને તેનો પરિક્ષેપ પણ એટલોજ છે, તેને પૂર્વ વિગેરે ચારે દિશામાં ચાર દરવાજા છે. તે દરવાજાઓનું પરસ્પરનું અંતર એક લાખ યોજન છે, એ જ પ્રમાણેનું સઘળું કથન સમજી લેવું.આ રૂચક સમુદ્રમાં સુમન અને સૌમનસ નામના બે દેવો નિવાસ કરે છે અને તેઓ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા અને યાવત્ તેમની સ્થિતિ એક પલ્યોપમની છે, રૂચક દ્વીપથી લઈને બીજા બધા દ્વીપોમાં અને સમુદ્રોમાં ચક્રવાલ વિષ્કંભ અસંખ્યાત યોજનનો છે. તથા તેનો પરિક્ષેપ પણ એટલોજ છે. બધા દ્વીપોમાં વિજયાદિ દ્વારો છે, અને દ્વારોનું પરસ્પરનું અંતર અસંખ્યાત યોજનનું છે. રૂચકોદક સમુદ્રને રૂચકવર નામના દ્વીપે ચારે બાજુથી ઘેરેલ છે, આ દ્વીપ ગોળ છે. અહીયાં રૂચકવર ભદ્ર અનેરૂચકવર મહાભદ્ર એ નામવાળા બે દેવો છે, રૂચકવર સમુદ્રને ચારે બાજુએથી ઘેરીને રૂચકવર એ નામનો દ્વીપ આવેલ છે. એ દ્વીપ ગોળ છે, આ રૂચકવરોદ સમુદ્રમાં રૂચકવર અને રૂચક મહાવર એ નામોવાળા બે દેવો રહે છે. રૂચક વરોદ સમુદ્રને ચારેબાજુથી ઘેરીને રૂચકવરાવભાસ નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપ વૃત્ત-છે, આ દ્વીપમાં રૂચકવરાવભાસભદ્ર અને રૂચકવરાવભાસમહાભદ્ર નામવાળા બે દેવો નિવાસ કરે છે, તે રૂચકવરાવભાસ દ્વીપને ચારે બાજુથી વીંટીને રહેલ રૂચકવરાવ ભાસ નામનો સમુદ્ર આવેલ છે. રૂચકવરાવભાસવર અને રૂચકવરારાવભાસમહાવર એ નામવાળા બે દેવો નિવાસ કરે છે.

[૩૦૦]રૂચકવરાવભાસ સમુદ્રને ચારે તરફથી ઘેરી હાર નામનો દ્વીપ આવેલ છે. આ હાર દ્વીપ માં હારભદ્ર અને હાર મહાભદ્ર એ નામના બે દેવો રહે હારદ્વીપને ચારે બાજુથી ઘેરીને હારોદ નામનો સમુદ્ર છે. હારોદસમુદ્રમાં હારવર અને હારમહાવર એ નામના બે દેવો રહે હારોદસમુદ્રને ઘેરીને હારવર, એ નામ વાળો દ્વીપ આવેલ છે. આ દ્વીપમાં હારવરભદ્ર અને હારવરમહાભદ્ર એ નામના બે દેવો નિવાસ કરે છે. હાર વરદ્વીપને ઘેરીને હારવર નામનો સમુદ્ર આવેલ છે. તેમાં હારવર અને હારવર મહાવર એ નામ વાળા બે દેવો રહે છે. હારવરસમુદ્રને ઘેરીને હારવરાવભાસ નામનો દ્વીપ આવેલ છે. આ દ્વીપમાં હારવરાવભાસભદ્ર અને હારવરાવભાસમહાભદ્ર એ નામો વાળા બે દેવો રહે છે. હારવરાવભાસદ્વીપને ચારે બાજુઓથી ઘેરીને હારવરાવભાસ એ નામવાળો સમુદ્ર આવેલ છે. આ સમુદ્રમાં હારવરાવભાસવર અને હારવરાવભાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવર એ નામવાળા બે દેવો રહે એજ પ્રમાણે સઘળા દ્વીપો અને સઘળા સમુદ્રો ત્રિપ્રત્ય વતારવાળા સમજવા યાવત્ સૂર્યવરાવભાસસમુદ્ર પર્યન્ત સમજવું. તેમાં ક્રમપૂર્વક સૂર્યદ્વીપમાં સૂર્યભદ્ર અને સૂર્યમહાભદ્ર આ નામ વાળા બે દેવો નિવાસ કરે છે. સૂર્ય-સમુદ્રમાં સૂર્યવર અને સૂર્યમહાવર એ નામ વાળા બે દેવો રહે છે. સૂર્યવર દ્વીપમાં સૂર્યવર ભદ્ર અને સૂર્યવરમહાભદ્ર એ નામ વાળા બે દેવો રહે છે. સૂર્યવર સમુદ્ર માં સૂર્યવર અને સૂર્યવર મહાવર એ નામના બે દેવો રહે છે. સૂર્યવરાવભાસ નામના દ્વીપ માં સૂર્યવરાવ ભાસભદ્ર અને સૂર્યવરાવભાસમહાભદ્ર એ નામના બે દેવો રહે છે. સૂર્યવરાવભાસ-સમુદ્રમાં સૂર્યવરાવભાસવર અને સૂર્યવરાવભાસમહાવર એ નામવાળા બેદેવો રહે છે.

ક્ષોદવર દ્વીપથી લઈને સ્વયંભૂરમણ પર્યન્તના દ્વીપ અને સમુદ્રોમાં વાવો આવેલી છે યાવત્ બિલપંક્તિયો ક્ષોદોદક અર્થાત્ સેલડીના રસ જેવા જલથી ભરેલી છે. અને આ જેટલા અહીંયાં પર્વતો છે એ બધા સર્વ રીતે વજ્રમય છે. સૂર્યવરા વભાસ સમુદ્રની આગળ જે દ્વીપો અને સમુદ્રો છે તેના સંબંધમાં એમ કહેવામાં આવે છે સૂર્યવરાવભાસ સમુદ્રને ચારે બાજુથી ઘેરીને દેવ એ નામ વાળો દ્વીપ આવેલ છે. આ દ્વીપમાં દેવભદ્ર અને દેવમહાભદ્ર એ નામ વાળા બે દેવો રહે છે. દ્વીપને દેવોદ એ નામ વાળા સમુદ્રે ચારે બાજુથી ઘેરેલ છે. દેવવર અને દેવમહાવર નામના બે દેવો નિવાસ કરે છે. યાવત્ દેવોદક સમુદ્રને નાગદ્વીપે ઘેરેલ છે. આ દ્વીપમાં નાગભદ્ર અને નાગમહાભદ્ર એ નામ વાળા બે દેવો રહે છે. આ નાગદ્વીપને ચારે બાજુએથી ઘેરીને નાગસમુદ્ર આવેલ છે. આ સમુદ્રમાં નાગવર અનેનાગમહાવર એ નામ વાળા બે દેવો નિવાસ કરે છે. નાગસમુદ્રને ચારે બાજુએથી ઘેરીને ભૂત નામનો દ્વીપ છે. આ દ્વીપમાં ભૂતભદ્ર અને ભૂતમહાભદ્ર એ નામ વાળા બે દેવો નિવાસ કરે છે. ભૂતદ્વીપને ચારે બાજુએથી ઘેરીને ભૂત એ નામનો સમુદ્ર આવેલ છે. આ સમુદ્રમાં ભૂતવર અને ભૂતમહાવર એ નામના બે દેવો નિવાસ કરે છે ભૂતસમુદ્રને ઘેરીને સ્વયંભૂરમણ દ્વીપ આવેલ છે. આ દ્વીપમાં સ્વયંભૂરમણભદ્ર અને સ્વયંભૂરમણ મહાભદ્ર નામના બે દેવો રહે છે. સ્વયંભૂરમણ દ્વીપને સ્વયંભૂરમણ નામના સમુદ્રે ચારે બાજુએથી ઘેરેલ છે. આ સમુદ્ર ગોળ છે. અને વલયના આકાર જેવા આકાર વાળો છે. આ સ્વંભૂરમણ સમુદ્ર અસંખ્યાત લાખ યોજનના વિસ્તારવાળો છે. અને તેનો પરિક્ષેપ પણ એટલોજ છે. હે ભગવન્ સ્વયંભૂરમણસમુદ્રનું પાણી અચ્છ આકાશ અને સ્ફટિક મણીના જેવું નિર્મળ છે. પથ્ય છે. જાત્ય-અનાવિલ છે. અર્થાત્ મલિનતા વગરનું છે. હલકું છે. ભારે નથી. સ્વભાવથી જ જલના રસથી પરિપૂર્ણ છે. આ સ્વયંભૂરણ સમુદ્રમાં સ્વયંભૂરમણવર અને સ્વયંભૂરમણમહાવર નામવાળા બે દેવો નિવાસ કરે છે. તેઓની સ્થિતિ એક એક પલ્યોપમની છે. એજ કારણથી હે ગૌતમ આ સમુદ્રનું નામ 'સ્વયંભૂરમણ એ પ્રમાણે કહેવામાં આવેલ છે. દેવના કથનથી લઈને 'સ્વયંભૂરમણ' સમુદ્રના કથન પર્યન્ત ત્રિપ્રકાર પણું કહેવામાં આવેલ નથી.

[૩૦૧] હે ભગવન્ જંબૂદ્વીપ વિગેરે નામ વાળા કેટલા દ્વીપો આવેલા છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ એ નામ વાળા અસંખ્યાત દ્વીપો કહેવામાં આવેલા છે. હે ભગવન્ લવણ સમુદ્ર એ નામથી કેટલા સમુદ્રો કહ્યા છે ? હે ગૌતમ ! લવણ સમુદ્ર આ નામથી અસંખ્યાત સમુદ્રો આવેલા છે. એજ પ્રમાણે ધાતકીખંડ એ નામવાળા દ્વીપો પણ અસંખ્યાત છે, એજ પ્રમાણે યાવત્ અસંખ્યાત દ્વીપો સૂર્યવરાવભાસ દ્વીપ એ નામવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવામાં આવેલા છે. પરંતુ દેવ દ્વીપ એક જ કહેલો છે. દેવોદ સમુદ્ર પણ એક જ કહેવામાં આવેલ છે. એજ પ્રમાણે નાગદ્વીપ, નાગસમુદ્ર, યક્ષદ્વીપ યક્ષસમુદ્ર ભૂતદ્વીપ ભૂતસમુદ્ર અને સ્વય ભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર એ બધા એક એક છે.

[૩૦૨]હે ભગવન્ લવણ સમુદ્રનું જળ આસ્વાદમાં કેવું કહેવામાં આવેલ છે ? ગૌતમ ! લવણ સમુદ્રનું જળ મળયુક્ત છે, રજથી વ્યાપ્ત છે. સેવાળ વિગેરે વિનાનું છે. ઘણા સમયથી સંગ્રહ થયેલ જલના જેવું છે, ખારૂં છે, કડવું છે, તેથી જ પીવા લાયક તે નથી. હે ભગવન્ કાલોદ સમુદ્રનું જલ સ્વાદમાં કેવું છે ? હે ગૌતમ ! કાલોદ સમુદ્રનું જલ પોતાના સ્વાભાવિક અર્થાત્ અકૃત્રિમ રસથી આસ્વાદ્ય છે. મનોજ્ઞ છે. પરિપુષ્ટ છે. કૃષ્ણનામ કાળું છે. અને ઉદક રાશીની કાંતી જેવી કાળી હોય છે. એવી કાંતિવાળું છે. હે ભગવન્ પુષ્કરવર સમુદ્રનું જળ કેવા સ્વાદ વાળું છે ? હે ગૌતમ ! પુષ્કરવર સમુદ્રનું જલ પોતાના સ્વભાવિક રસથી અચ્છ છે. પરમ નિર્મળ છે. ઉત્તમમાં ઉત્તમ છે. જાતિવાળું છે. જલ્દી પચી જાય છે. તેમજ તે સ્ફટિક મણિની કાંતી જેવું કાંતિવાળું છે. હે ભગવન્ ! વરૂણોદ સમુદ્રનું જળ કેવા સ્વાદ વાળું હે ગૌતમ ! વરૂણોદ સમુદ્રનું જલ પત્રાસવ જેવું હોય છે, સોયાસવ જેવું હોય છે, ખર્જુરાસવ જેવું હોય છે જે સર્વથી ઉત્તમ હોય છે. એવી રીતનું એ વરૂણોદ સમુદ્રનું જલ હોય છે. વરૂણોદ સમુદ્રનું જલ સ્વાદમાં આ ઉપર વર્ણવવામાંઆવેલ બધાજ પ્રકારના આસ્વાદોના રસથી પણ વધારે ઈષ્ટ છે. ચાતુરન્ત ચક્રવર્ત્તિ રાજા માટે ચાર સ્થાનોથી પરિણત થયેલ દૂધ કે જે ધીમા અગ્નિની ઉપર ઉકાળ વામાં આવે છે. "યાવત્ તે સ્પર્શ દ્વારા વિશેષ પ્રકારનું બની જાય છે. ક્ષીરોદ સમુદ્રનું જળતો તેનાથી પણ વિશેષ પ્રકારના સ્વાદવાળું હોય છે. જેમ શલ્લકી અથવા કરેણના ફુલના વર્ણ જેવો શરદ્ ઋતુના ગાયના ઘીનું મંડ-તર જે ગાયના સ્તનોમાંથી નીકળતાંજ દૂધને ગરમ કરવાથી દૂધની ઉપર આવી જાય છે. વર્ણ વિગેરેથી વિશિષ્ટ બનેલ સ્વાદ વાળું બને છે. એજ ગોધૃતવર સમુદ્રનું જલ તો તેથી પણ વધારે સ્વાદ વાળું છે. જાતિવંત સેલડી તે પાકે ત્યારે હરિતાલની જેમ પીળી થઈ જાય છે. એ સેલડીના ઉપરનો અને નીચેના ભાગને કાપીને કાઢી નાખીને સારા બળવાન્ બળદો દ્વારા ચલાવ વામાં આવેલ યન્ત્રમાંથી રસ નીકળે છે, અને તે રસને કપડાથી ગાળી લેવો જોઈએ કે જેથી તૃણાદિ વિનાનો બની જાય. અને તે પછી તેમાં દાલચિની, ઈલાયચી, કેસર, કપૂર વિગેરે સુગંધવાળા દ્રવ્યો મેળવીને તેને સુવાસિત બનાવી લેવો જોઈએ તેમ બનાવવાથી તે અત્યંત પથ્યકારી, નિરોગી, હલકો બની જાય છે. અને વર્ણ વિગેરેથી વિશેષ પ્રકારનો બની જાય છે. ક્ષોદોદક સમુદ્રનું જલ એનાથી પણ વધારે સ્વાદવાળું હોય છે. આજ પ્રમાણે યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રના જલના સ્વાદ વર્ણન પર્યન્ત કહી લેવું. હે ભગવન્ કેટલા સમુદ્રો પ્રત્યેક રસવાળા છે ? હે ગૌતમ ! ચાર સમુદ્રો પ્રત્યેક રસવાળા કહેવામાં આવેલા છે. તે નામો આ પ્રમાણે છે. લવણ સમુદ્ર, વરૂણોદ સમુદ્ર, ક્ષીરોદ સમુદ્ર અને ઘૃતોદ સમુદ્ર. હે ભગવન્ કેટલા સમુદ્રો કે જેનું પાણી પરસ્પરમાં સરખું હોય એવા છે ? હે ગૌતમ ! ત્રણ સમુદ્રોજ એવા છે કે જેનું પાણી પરસ્પર સરખું છે. કાલોદ સમુદ્ર, પુષ્કરોદ સમુદ્ર; અને સ્વયંભૂરમણ સમુદ્ર બાકીના જે સમુદ્રો છે; એ બધાનું જલ હે શ્રમણ આયુષ્મન્ પ્રાયઃ ક્ષોદ-સેલડીનો રસ જેવો હોય છે,

[૩૦૩] હે ભગવન્ ! કેટલા સમુદ્રો એવા પ્રકારના કહેવામાં આવ્યા છે કે જે ઘણા

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

માછલાઓ, અને કાચબાઓથી વ્યાપ્ત છે ? હે ગૌતમ ! ત્રણ જ સમુદ્રો એવા કહ્યા છે લવણ સમુદ્ર, કાલોદ સમુદ્ર, અને સ્વયંભૂરમણ સમુદ્ર, બાકીના જે સમુદ્રો છે. તે બધા થોડા માછલા અને કાચબાઓથી યુક્ત છે. લવણ સમુદ્રમાં મચ્છ જાતવાળા જીવોની જાતિ પ્રધાન કુલ કોટિયોની યોનિઓ સાત લાખ કહેવામાં આવેલ છે. કાલોદસમુદ્રમાં મચ્છ જાતિના જીવોની કુલ કોટિયોની યોનિયો નવ લાખ કહેવામાં આવેલ છે. સ્વયં-ભૂરમણ સમુદ્રમાં મચ્છ જાતીના જીવોની કુલકોટિની યોનિયો સાડાબારલાખ કહેવામાં આવેલ છે. લવણ સમુદ્રમાં માછલાઓના શરીરની અવગાહના જઘન્યથી તો આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણની કહેલ છે. અને ઉત્કૃષ્ટથી પાંચસો યોજનની કહેવામાં એજ પ્રમાણે કાલોદ સમુદ્રમાં જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગની કહેલ છે. અને ઉત્કૃષ્ટથી ૭૦૦ યોજનની કહેવામાં આવેલ છે. એજ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્યોના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમા ઉત્કૃષ્ટથી ૧૦૦ યોજન છે

[૩૦૪] હે ભગવન્ દ્વીપો અને સમુદ્રો કેટલા નામોવાળા છે ? હે ગૌતમ ! લોકમાં જેટલા શુભ નામો છે. શુભવર્ણ, શુભગન્ધ શુભસ્પર્શ છે. એટલાજ નામવાળા દ્વીપો અને સમુદ્રો છે. હે ભગવન્ ઉદ્ધાર પલ્યોપમ સાગરોપણ પ્રમાણથી કેટલા દ્વીપ સમુદ્રો કહેવામાં આવેલ છે. અઢાઈ ઉદ્ધાર સાગરોપમના જેટલા ઉદ્ધાર સમય હોય છે એટલા ઉદ્ધાર સમય પ્રમાણના દ્વીપો અને સમુદ્રો કહેલા છે.

[૩૦૫] હે ભગવન્ દ્વીપ સમુદ્રો શું પૃથ્વીના પરિણામ રૂપ છે ? ઈત્યાદિ હે ગૌતમ ! દ્વીપ સમુદ્રો પૃથ્વીના પરિણામરૂપ પણ છે અપ્કાયના પરિણામરૂપ પણ છે. જીવ પરિ-ણામરૂપ પણ છે. અને પુદ્ગલના પરિણામ રૂપ છે. દ્વીપ સમુદ્રોમાં સઘળાપ્રાણી સઘળા-ભૂતો સઘળાજીવો, અને સઘળાસત્વો અનંતીવાર ઉત્પન્ન થઈ ચૂકેલ છે.

**પ્રતિપત્તિ : ૩-દ્વીપસમુદ્રની મુનિદીપરત્નની સાગરે કરેલ ગુર્જરછાયા**

## પ્રતિપત્તિઃ૩- ઈન્દ્રિયવિષયાધિકાર

[૩૦૬]હે ભગવન્ ! ઈન્દ્રિયોના વિષયભૂત જે પુદ્ગલ પરિણામ છે, તે કેટલા પ્રકારના કહેલ છે. ઈન્દ્રિયોના વિષયભૂત થયેલા પુદ્ગલો પકારના કહેલ છે. તે પાંચ પ્રકારના કહેવામાં આવેલ છે. શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત પુદ્ગલપરિણામ યાવત્ સ્પર્શે-ન્દ્રિયના વિષયભૂત પુદ્ગલપરિણામ શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત જે પુદ્ગલ પરિણામો છે, તે બે પ્રકારના છે. એક સુરભિશબ્દ પરિણામ અને બીજું દુરભિશબ્દ પરિણામ, ચક્ષુ ઈંદ્રિયના વિષયભૂત પુદ્ગલ પરિણામો પણ શુભ પરિણામ અને અશુભ રૂપ પરિણામના ભેદથી બે યાવત્ એજ પ્રમાણે સ્પર્શન ઈન્દ્રિયના વિષયભૂત પુદ્ગલ પરિણામ પણ સુસ્પર્શ પરિણામ અને દુસ્પર્શ પરિણામના ભેદથી બે પ્રકારના થાય છે. હે ભગવન્ ! જે પુદ્ગલ પરિણામ જૂદી જૂદી ઈંદ્રિયોના વિષયપણાથી ઉત્તમ અને અધમ અવસ્થામાં પરિણમિત થયેલ છે. એજ પુદ્ગલ પરિણામ શું દ્રવ્ય, ક્ષેત્ર વિગેરે સામગ્રીની સહાય-તાથી અન્ય રૂપમાં-પરિણમી શકે છે ? હા ગૌતમ ! જેમ તમે પૂછેલ છે, એજ પ્રમાણે થાય છે. હે ભગવન્ તે શું આ કથન અનુસાર સુરભિ શબ્દ રૂપ પદ્ગલ દુરભિશબ્દ પણાથી પરિણમી જાય છે ? હા ગૌતમ ! સુરભિ શબ્દ દુરભિશબ્દપણાથી અને દુરભિશબ્દ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરભિશબ્દપણાથી પરિણમી જાય છે. સુરૂપવાળા પુદ્ગલો દુરૂપ પુદ્ગલપણાથી અને દુરૂપપુદ્ગલો સુરૂપપણાથી પરિણમી જાય છે. સુગંધરૂપ પુદ્ગલ દુર્ગંધપણાથી અને દુર્ગંધ રૂપ પુદ્ગલ સુગંધપણાથી પરિણમી જાય છે. સુસ્પર્શપણાથી પરિણત થયેલ પુદ્ગલો દુસ્પર્શપણાથી અને દુસ્પર્શપણાથી પરિણત થયેલ પુદ્ગલો સુસ્પર્શપણાથી પરિણમી જાય છે.

**પ્રતિપત્તિઃ૩ ઈન્દ્રિયવિષયોની મુનિ દીપરત્ન સાગરે ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિઃ ૩-દેવ

[૩૦૭] હે ભગવન્ મહર્દ્ધિક, યાવત્ મહા પ્રભાવશાલી કોઈ દેવ પ્રદક્ષિણા કરતાં પહેલાં પત્થર વિગેરે પુદ્ગલોને પોતાના સ્થાન પરથી ફેંકીને તે પછી જંબૂદ્વીપની પ્રદ ક્ષિણા કરે અને પ્રદક્ષિણા કરતી વખતે જો તે ઈચ્છે તો એ જમીન સુધી ન પહોંચેલા પત્થરને વચમાંજ શું પકડી લઈ શકે છે ? હા ગૌતમ ! એ દેવોએ સમયે એ ફેંકેલા પત્થરને વચમાંથી જ પકડી લેવામાં સમર્થ થઈ શકે છે. જ્યારે પુદ્ગલ ફેંકવામાં આવે છે, ત્યારે તો તેની ગતિ ઘણીજ તીવ્ર હોય છે. પછીથી તેની ગતિ ધીમી થઈ જાય છે. પરંતુ જે મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળા દેવ હોય છે, તે શીઘ્ર ગતિ વાળા હોય છે. તેથી પહેલાં અને પછીથી પણ શીઘ્ર ગતિવાળા હોવાથી તથા ત્વરાશાલી અને ત્વરિતગતિ વાળા હોવાથી એ ફેંકવામાં આવેલ પત્થરને જંબૂદ્વીપની પ્રદક્ષિણા કરીને આવવા છતાં પણ જમીન પર પહોંચતા પહેલાંજ વચમાંજ તે પુદ્ગલને ગ્રહણ કરી લેવામાં સમર્થ થઈ શકે છે. હે ભગવન્ મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા કોઈ દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના અને પહેલા ગ્રહણ કરેલ શરીરનું છેદન કરીને શું તેને દ્રઢ બંધનથી બાંધવામાં સમર્થ થઈ શકે છે ? આ અર્થ પણ સમર્થ નથી. કેમકે ઉભય કારણ જન્ય કાર્ય એક કારણના અભાવ માં થઈ શકતું હે ભગવન્ મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળો કોઈ દેવ બહારના પુદગલોને ગ્રહણ કરીને તેમજ પહેલા ગ્રહણ કરેલ શરીરને છેદન ભેદન કરીને તેને દ્રઢ બંધનથી બાંધવાને સમર્થ થઈ શકે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ મહર્દ્ધિક યાવત્ મહાપ્રભાવશાલી કોઈ દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને અને પહેલાં ગ્રહણ કરેલ શરીરને છેદન ભેદન કરીને શું તેને દ્રઢ બંધનથી બાંધવા માટે સમર્થ થઈ શકે હા ગૌતમ ! મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને અને પહેલાં ગ્રહણ કરેલ શરીરને છેદન ભેદન કરીને તેને દ્રઢ બંધનથી બાંધવા માટે સમર્થ થાય છે. એ ગ્રન્થિને છદ્મસ્થો જાણતા નથી કેવળ સર્વજ્ઞ જ તેને જાણે છે. અને છદ્મસ્થો તેની આંખોથી તેને દેખતા પણ નથી. કેવળ સર્વજ્ઞ જ તેને દેખે છે.એવી સૂક્ષ્મ તે ગન્થિ છે.

હે ભગવન્ ! કોઈ દેવ કે મહર્દ્ધિક વિગેરે વિશેષણો વાળા છે. પૂર્વ ગ્રહણ કરેલ શરીરને છેદન ભેદન કર્યા વિના શું તેને મોટું કરવા માટે અથવા નાનું બનાવવા માટે સમર્થ થઈ શકે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એજ પ્રમાણે બાકીના ત્રણે ગમો પણ સમજી લેવા અહીંયા પહેલા અને બીજા ભંગોમાં બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ કહેલ નથી. અને પહેલાં ભંગમાં બાલ શરીરનું છેદન ભેદન પણ નથી. તથા બીજા ભંગમાં પહેલા ગ્રહણ કરેલ શરીરનું છેદન ભેદન પણ નથી. તથા ત્રીજા ભંગમાં બહારના પુદ્ગલોનું ગ્રહણ કહેલ છે. અને પહેલા ગ્રહણ કરેલ શરીરનું છેદન ભેદન કરવાનું નથી. અને ચોથા

ભંગમાં બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ પણ છે. અને પહેલા ગ્રહણ કરેલ શરીરનું છેદન ભેદન પણ છે. શરીરને નાનું મોટું કરવા રૂપ આ સિદ્ધિને છદ્મસ્થજન જાણતા નથી. અને તે તેને દેખી પણ શકતા નથી. એવી આ શરીરને નાનું મોટું કરવાની સિદ્ધિ ઘણી જ સૂક્ષ્મ છે.

**—: જ્યોતિષ્ક :—**

[૩૦૮] હે ભગવન્ ચન્દ્ર અને સૂર્યોના ક્ષેત્રની અપેક્ષાથી નીચે જે તારા રૂપ વિમાનના અધિષ્ઠાતા દેવ છે. તેઓ શું દ્યુતિ વિભવ, લેશ્યા વિગેરેની અપેક્ષાથી હીન છે ? અથવા બરાબર છે ? તથા ચંદ્ર અને સૂર્યના વિમાનોની સાથે ક્ષેત્રની અપેક્ષાથી સમશ્રેણીમાં વ્યવસ્થિત જે તારા રૂપ દેવ છે, તેઓ શું ચંદ્ર સૂર્ય દેવોની દ્યુતિની અપેક્ષાએ તેઓના વિભવ વિગેરેની અપેક્ષાથી હીન છે ? અથવા બરાબર છે ? તથા જે તારારૂપ દેવ ચન્દ્ર અને સૂર્ય દેવોની ઉપર રહેલા છે તેઓ શું તેમની અપેક્ષાએ હીન છે ? અથવા બરાબર છે ? હા એજ પ્રમાણે છે. હે ગૌતમ ! જેમ જેમ એ તારા રૂપ વિમાનના અધિષ્ઠાતા દેવોના પૂર્વ ભવમાં તપ અને અનુષ્ઠાન, નિયમ, અને બ્રહ્મચર્ય વિગેરેનું પાલન વિગેરે ઉત્તમ કાર્ય ઉત્કૃષ્ટ હોય છે, અથવા અનુત્કૃષ્ટ હોય છે. એ એ પ્રકારથી તે દેવોના એ તારા રૂપ વિમાનના અધિષ્ઠાતાના ભવમાં અણુપણું તુલ્યપણુ હોય છે, યાવત્ વિગેરે ગુણોથી હીન અથવા બરાબર હોય છે.

[૩૦૯-૩૧૧] હે ભગવન્ એક ચન્દ્રનો અને એક સૂર્યનો નક્ષત્ર પરિવાર મહાગ્રહ પરિવાર અને તારાઓનો પરિવાર કેટલો છે ? હે ગૌતમ ! એક ચન્દ્રનો અને એક સૂર્યનો નક્ષત્રપરિવાર ૨૮, ગ્રહ પરિવાર ૮૮ તથા ૬૬૯૭૫ કોડા કોડી તારાઓનો પરિવાર છે.

[૩૧૨] હે ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરૂ પર્વતના પૂર્વ ચરમાન્તથી જ્યોતિષ્ક દેવો કેટલા દૂર રહીને તેની પ્રદક્ષિણા કરે છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપમાં જ્યોતિષ્ક દેવો ૧૧૨૧ યોજન સુમેરૂ પર્વતને છોડીને તેની પ્રદક્ષિણા કરે છે. એજ પ્રમાણે સુમેરૂની દક્ષિણ દિશાના ચરમાન્તથી પશ્ચિમદિશાના ચરમાન્તથી. અને ઉત્તર દિશાના ચરમાન્તથી ૧૧૨૧ યોજન દૂર રહીને જ્યોતિષ્ક દેવો તેની પ્રદક્ષિણા કર્યા કરે છે. લોકાન્તથી ૧૧૧૧ યોજન દૂર પર લોકમાં જ્યોતિષ્ક દેવ છે. આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગમાંથી ૭૯૦ યોજન દૂર ઉપર તરફ સૌથી નીચેના જે તારા રૂપ જ્યોતિષ્ક દેવો છે. તે મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે. દેવોથી દસ યોજન દૂર અર્થાત્ ૮૦૦ યોજન દૂર સૂર્યનું વિમાન મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે. સૂર્ય વિમાનથી ૯૦ યોજન દૂર અર્થાત્ ૮૮૦ યોજન દૂર પર ચંદ્રમાનું વિમાન મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે. ચંદ્ર વિમાનથી ૧૦ યોજન દૂર અર્થાત્ ૯૦૦ યોજન ઉંચે ઉપરના તારા રૂપોનું વિમાન મંડલગતિથી પરિભ્રમણ કરે છે. સૌથી નીચેનું જે તારા રૂપ વિમાન છે, તેનાથી ૧૦ યોજન ઉપર સૂર્યનું વિમાન ચાલે છે. ૯૦ યોજન ઉપર ચંદ્રનું અને ૧૧૦ યોજન ઉંચે ઉપરના તારા રૂપ વિમાન ચાલે છે. સૂર્યના વિમાનથી ચંદ્રનું વિમાન ઉપરમાં ૮૦ યોજન દૂર આવેલ છે. એકસો યોજન ઉપર ઉપરના તારા રૂપ વિમાન પોતાની મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે. ચંદ્રના વિમાનથી ૨૦ યોજન દૂર રહીને સૌથી ઉપરનું તારા રૂપ વિમાન મંડલગતિથી પરિભ્રમણ કરે છે. આ રીતે બધા મળીને ૧૧૦ એક સો દસ યોજનના બાહલ્યમાં અને તિર્છા અસંખ્યાત યોજનમાં જ્યોતિષ્ક દેવોના વિમાનો કહેવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૧૩] હે ભગવન્ જંબૂદ્વીપમાં કયું નક્ષત્ર બધા નક્ષત્રોની અંદર મંડલગતિથી પરિભ્રમણ કરે છે ? ઈત્યાદિ પશ્નો હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં અભિજીત નામનું નક્ષત્ર બધાજ નક્ષત્રોની અંદર રહીને મંડલગતિથી પરિભ્રમણ કરે છે. મૂલ નક્ષત્ર બધા જ નક્ષત્રોની બહાર રહીને મંડલગતિથી પરિભ્રમણ કરે છે. સ્વાતિ નક્ષત્ર બધાજ નક્ષત્રોની ઉપર મંડલગતિથી પરિભ્રમણ કરે છે. અને ભરણી નક્ષત્ર બધાજ નક્ષત્રોની નીચે મંડલ ગતિથી પરિભ્રણ કરે છે.

[૩૧૪-૩૧૫] હે ભગવન્ ચંદ્રમાનું વિમાન કેવા સંસ્થાનવાળું કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! અર્ધા કોઠાના ફળનો આકાર જેવો હોય છે એજ પ્રમાણેજ ચન્દ્રમાના વિમાનનો આકાર છે, આ ચન્દ્ર વિમાન સર્વ રીતે સ્ફટિક મણિનું છે. સૂર્ય વિમાન, નક્ષત્ર વિમાન; અને તારાગણ વિમાન પણ આજ રીતે અર્ધા કોંઠાના આકાર જેવા આકાર વાળા છે, હે ભગવન્ ! ચંદ્રમાનું વિમાન લંબાઈ અને પહોળાઈમાં કેવડું છે ? હે ગૌતમ ! ચંદ્ર માનું વિમાન એક યોજનના ૬૧માં ભાગમાંથી ૫૬ ભાગ પ્રમાણ લાંબુ પહોળું છે. અને લંબાઈ પહોળાઈથી કંઈક વધારે ત્રણ ગણી તેની પરિધી છે. તથા તેની જાડાઈ એક યોજનના ૬૧ માં ભાગમાંથી ૨૮ ભાગ પ્રમાણની છે. સૂર્ય વિમાનની લંબાઈ પહોળાઈ પરિધિ એક યોજનના ૬૧ ભાગોમાંથી ૪૮ ભાગ પ્રમાણ સૂર્ય વિમાનની લંબાઈ પહો-ળાઈ છે. આ પ્રમાણમાંથી કંઈક વધારે ત્રણ ગણી સૂર્ય વિમાનની પરિધિ છે. તથા એક યોજનના ૬૧ ભાગોમાંથી ૨૮ ભાગ પ્રમાણમાં સૂર્ય વિમાનની મોટાઈ છે. ગ્રહ વિમાન પણ અર્ધા યોજનની લંબાઈ પહોળાઈ વાળું છે. અને તેની પરિધિ કંઈક વધારે અર્ધાગાઉ-ની છે. અને એક ગાઉની તેની જાડાઈ છે. નક્ષત્ર વિમાન એક ગાઉની લંબાઈ પહોળાઈ વાળું છે. અને કંઈક વધારે તેની પરિધિ છે. તથા અર્ધા ગાઉની તેની જાડાઈ છે. તારા વિમાનની લંબાઈ પહોળાઈ અર્ધાગાઉની છે. કંઈક વધારે ત્રણ ગણી તેની પરિધિ છે. અને પાંચસો ધનુષની જાડાઈ છે. ચંદ્ર વિમાનને ૧૬૦૦૦ દેવો ઉપાડે છે. તે પૈકી ૪૦૦૦ દેવો પૂર્વ દિશામાં સિંહનું રૂપ ધારણ કરીને ઉઠાવે છે.

એ સિંહો સફેત રંગના હોય છે. સુભગ હોય છે. જામેલા દહીનો, ગાયના દૂધના ફીણનો, અને ચાંદીનો સમૂહ, જેમ શંખ તલના જેવો નિર્મળ અને વિમલ હોય છે, અને તેનો જેવો પ્રકાશ હોય છે એવોજ પ્રકાશ આ સિંહોનો હોય છે. તેમની આંખો મધની ગોળી જેવી પીળા વર્ણની હોય છે. તેઓનું મુખ સ્થિર અનેકાંત એવા પ્રકોષ્ઠ વાળું અને પરસ્પર જોડાયેલ તીણી એવી દાઢોથી કે જે ઘણીજ મજબૂત હોય છે. તેનાથી યુક્ત હોય છે. તેમની જીભ અને તાલુ લાલ કમળના જેવી સૂકુમાર અને ચિકણી હોય છે, તેઓના નખો કઠોર હોય છે. અને પ્રશસ્ત મણિયોના જેવા ચમકદાર હોય છે. તેમની બંને જંઘાઓ વિશાળ અને પુષ્ટ હોય છે. તેમના સ્કંધો ભરાવદાર અને વિપુલ હોય છે. તેમની કેસર છટા મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ અને લક્ષણ યુક્ત હોય છે. અને વિસ્તૃત હોય છે. તેઓની ગતિ ચંક્રમિત-હોય છે. જોવામાં તે ઘણીજ સુંદર જણાય છે. કુદકા મારવા જેવી લાગે છે. તે એમની ગતિ જેમ દોડતા એવા હૃદયો ઉછળતા હોય તેવી અને ધવલ-હોય છે. ગર્વ ભરેલ હોય છે. મસ્તચાલવાળી હોય છે. તેઓના પૂંછ ઉંચા કરેલા હોય છે. તેની બનાવટ ઘણીજ સુંદર હોય છે. તે દેખવામાં એવી લાગે છે કે-જેમ પ્રતિ સ્પર્ધિ સિંહોથી સ્પર્ધા કરવાજ જાણે તૈયાર થયેલા હોય, તેમના નખો એટલા બધા કઠોર હોય છે, કે જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વજ્ર રત્નથી બનેલા જેવા હોય છે. તેમના દાંત પણ કઠોર હોય છે. વજ્રામય તેઓની દાઢા હોય છે. તેમની જીભ એટલી બધી લાલ હોય છે કે જાણે તે તપનીય સોનાથીજ બનેલ હોય તેમનું તાલુ પણ એટલું બધું લાલ હોય છે તપનીય સોનાની બનાવેલ જોતર-મુખની દોરીથી તેઓના મુખ સદા યુક્ત રહે છે. તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે. ગમનમાં તેમની ઘણી પ્રીતિ હોય છે. તેઓ મનમાં રૂચે તેવું કામ કરે છે. મનમાં આવે તેવી ચાલ તેઓ ચાલે છે. તેઓ ઘણાજ સુંદર લાગે છે. તેમની ચાલ અમિત હોય છે. તેઓ ચાલતા ચાલતા કદી થાકતા નથી. તેઓનું બળ અને વીર્ય, પુરુષકાર અને પરાક્રમ, અમિત હોય એવી રીતે વર્ણિત થયેલ એ સિંહ રૂપ ધારી દેવો જોર જોરથી મનોહર સિંહનાદો કરતા કરતા દિશાઓને શોભાયમાન કરતા ચાલતા રહે છે. અને એ મનોહર સિંહનાદોથી આકાશ અને દિશાઓને વાચા- લિત બનાવે છે. તેઓની સંખ્યા ચાર હજારની હોય છે.

દક્ષિણ દિશામાં ચાર હજાર દેવો હાથીનું રૂપ ધારણ કરીને ચંદ્રના વિમાનને ઉપાડે છે. એ બધા સફેદ હોય છે, સુભગ હોય છે, અને સુંદર કાંતિવાળા પ્રભાયુક્ત હોય છે. તેના બન્ને કુંભસ્થલ વજ્રના બનેલા હોય છે. શુંડાદંડ તેમનો એ કુંભસ્થળની નીચે રહેલ હોય છે, પુષ્ટ હોય છે. તેની ઉપર ક્રીડા કરવા માટે પદ્મના પ્રકાશ જેવા નાના નાના લાલ લાલ બીંદુઓ લગાડેલા રહે છે. તેઓના મુખ ઘણાજ ઉંચા હોય છે તપનીય સોનાના પટ્ટા જેવા ચંચળ અને આમ તેમ ચાલતા એવા બન્ને કાનોથી જેઓની શોભા વધારે વધેલ છે. તેમના બન્ને નેત્રો મધના જેવા પીળા અને સ્નિગ્ધ હોય છે. તેમના દાંત અત્યંત સફેદ હોય છે. સંસ્થિત-ખૂબજ મજબૂત હોય છે. તેઓના દાંતોના આગળના ભાગમાં સોનાના વલય પહેરાવેલા છે. તેઓના મસ્તકોની ઉપર તપનીય સોનાના તિલક વિગેરે લગાડ વામાં આવેલ છે. તેઓના ગંડસ્થળો પર માવતો દ્વારા વૈડૂર્ય મણિથી ચિત્રવિચિત્ર દંડાઓવાળા નિર્મલ વજ્રામય અંકુશ કે જે ઘણા જ સુંદર હોય છે. તેઓના પૂંછો પગ સુધી લટકતા હોય છે. તે ગોળ છે. તેમાં જે વાળ છે. તે લક્ષણોથી પ્રશસ્ત છે. એમના પગ ઉપચિત માંસલ અવયવો વાળા છે. તેઓની ગતિ અમિત છે. અમિત બળ અને વીર્યથી પુરુષકાર અને પરાક્રમથી યુક્ત છે. જોર જોરથી મધુર, મનો હર ગંભીર, ગુલ ગુલાયિત શબ્દોથી આકાશને ભરતા અને દિશાઓને સુશોભિત કરતા કરતા એ હાથીના અને પ્રમાણમાં ઉન્નત છે તેઓની જે ગતિ છે-તે ચંકમિત છે, લલિત છે, કુટિલ છે. વિલાસ યુક્ત છે. પુલિત છે. તેમનો કમ્મરનો ભાગ પીવર છે, પુષ્ટ છે. અને જાંઘનો જેવો ગોળ આકાર હોય છે તેવા આકારવાળો હોય છે. તેમના કપોલ ભાગો પર જે વાળા છે, રોમરાજી, તેમની ખરિયો એક સરખી છે. નાની મોટી નથી. તથા તેમના પૂંછ પણ શરીરના આકારના પ્રમાણ અનુસાર જેટલી લંબાઇ વિગેરે હોવી જોઇએ એટલી છે. નાની કે મોટી નથી. તેમના સીંગડાના જે અગ્રભાગો છે તે એવા છે કે જાણે ઘસીને જ ચીકણા અને તીક્ષ્ણ બનાવવામાં આવેલા હોય, તેઓના શરીરની ઉપર જે રોમ પંક્તિ છે, કાન્તિ યુક્ત છે. પાતળી છે. અને સૂક્ષ્મ-છે. તેમના જે સ્કંધ પ્રદેશો છે તે ઉપચિત છે. પરિપુષ્ટ છે, માંસલ છે. તેઓના ગળામાં સુંદર આકારના બનેલા હોવાના કારણે રમણીય એવા ગર્ગરોથી શોભાનો વધારો થઇ રહેલ છે.

ચંદ્રના વિમાનને જે પશ્ચિમ દિશામાં દેવા ઉઠાવે છે, તેઓ બળદના રૂપ ધારણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને તેને ઉઠાવે છે. એ બળદના રૂપ ધારણ કરવાવાળા દેવો સફેદ હોય છે. સુભગ હોય છે. તેના બન્ને પડખાના ભાગો છે તે સુજાત છે, શ્રેષ્ઠ છે, તેમની આંખો પ્રશસ્ત છે. સ્નિગ્ધ છે. તેઓની જે જાંઘાઓ છે તે વિશાલ અને પીવર છે. તેઓનું જે કપોલ મંડલ છે તે પણ ગોળ અને વિપુલ છે. તેઓના જે ઓઠ છે. તે ઘણ જેવા છે દિવસ અને રાત વિકસિત રહેવાવાળા પદ્મ અને ઉત્પલોની પરિપૂર્ણ સુગંધ જેવી સુગંધથી બધી તરફથી સુવાસિત થઈ રહેલ છે. તેમની ખરીયો અનેક પ્રકારની છે. તેમના દાંત એવા સફેદ છે કે-જાણે સ્ફટિક મણિયોથી જ બનેલા હોય. તેમની જીભ એટલી બધી લાલાશથી યુક્ત છે કે-જાણે તે તપનીય સોનાને ઢાળીને તેમાં તે ચોંટાડી દીધેલ હોય છે. તેમનો તાળું- ભાગ પણ એટલો બધો લાલ છે. તેમનું બળ અને વીર્ય પુરૂષકાર અને પરાક્રમ એમના અપરિમિત છે. ચંદ્ર વિમાનની ઉત્તર દિશામાં આવેલ દેવો કે જેઓ ચંદ્રના વિમાનને ઉત્તર દિશાની તરફથી ઉપાડે છે. તેઓ તેને ઘોડાના રૂપ ધારણ કરીને ઉઠાવે છે. આ પદોની વ્યાખ્યા જેમ પહેલા કરવામાં આવેલ છે. એજ પ્રમાણેની છે. આ ઘોડાઓની જે આંખો છે તે હરિમેલક વૃક્ષની કોમળ કળીના જેવી છે. લોખંડના ઘણ જેવા દૃઢ કરેલ, સુબદ્ધ લક્ષણોથી ઉન્નત્ત પુલિત અને અત્યંત ચંચલ તેમની ગતિ છે. તેઓ સારી રીતે નમ્ર છે. એના એ પાર્શ્વભાગ મિત છે. તેમનું જે પેટ છે. તે માછલી અને પક્ષિના જેવું પાતળું છે. તેમનો જે કટિ ભાગ છે. તે પુષ્ટ છે. તેમના ગળામાં જે વાળ છે તે કોમળ છે, વિશદ છે. પ્રશસ્ત છે. દર્પણના જેવા આભૂષણો વિશેષથી યુક્ત તેમના માથાના આભૂષણો છે. મુખ-મંડપ એ નામનું આભૂષણ વિશેષ અવચૂલ, લાંબા લાંબા ગુચ્છા ચામર અને થાસક-દર્પણના આકાર જેવા આભરણ વિશેષ એ બધા જેના પર યોગ્ય સ્થાને સજાવેલ છે. સોનાની તેમની ખરિયો છે. તપેલા સોનાની તેઓની જીભ બનેલ છે. તેમના તાલુ તપનીય સોના જેવા બનેલા છે. તપનીય સોનાની બનેલ લગામથી યુક્ત છે.

હે ગૌતમ ! સૂર્યના વિમાનને પૂર્વ દિશા વિગેરે દિશાના ક્રમથી ૧૬ સોળ હજાર દેવો ઉઠાવે છે. તેના સંબંધનું તમામ કથન ચંદ્ર વિમાન માફક જાણવું. હે ગૌતમ ! ગ્રહના વિમાનને આઠ હજાર દેવો પૂર્વ દિશાઓના ક્રમથી ઉઠાવે છે. તેમાં ગ્રહ વિમાનની પૂર્વ દિશાના બે હજાર દેવો, દક્ષિણ દિશાના બે હજાર દેવો, પશ્ચિમ દિશાના બે હજાર દેવો, ઉત્તર દિશાની તરફથી બે હજાર દેવો ઉઠાવે છે. નક્ષત્રના વિમાનને પૂર્વ દિશા વિગેરે ક્રમથી બધા મળીને ચાર હજાર દેવો ઉઠાવે છે. તેમાં એક હજાર દેવો સિંહનું રૂપ ધારણ કરીને તેને પૂર્વ દિશા તરફથી ઉઠાવે છે. એક હજાર દેવો હાથીના રૂપ ધારણ કરીને તેને દક્ષિણ દિશા તરફથી ઉઠાવે છે. એક હજાર દેવો બળદના રૂપ ધારણ કરીને તેને પશ્ચિમ-દિશા તરફથી ઉઠાવે છે. અને એક હજાર દેવો ઘોડાના રૂપો ધારણ કરીને તેને ઉત્તર-દિશા તરફથી ઉઠાવે છે. એજ પ્રમાણે તારાઓના વિમાનોને પણ પૂર્વ દિશાના ક્રમથી દેવો ઉઠાવે છે. તેમ સમજવું. પરંતુ તેમના વિમાનોને કેવળ બે હજાર દેવોજ ઉઠાવે છે.

[૩૧૬] ચંદ્રમા કરતાં સૂર્ય શીઘ્રગતિવાળા છે. ગ્રહો કરતાં નક્ષત્રો શીઘ્ર ગતિ વાળા છે. નક્ષત્રો કરતાં તારાઓ શીઘ્ર ગતિવાળા છે. સૌથી અલ્પ ગતિવાળા ચંદ્ર દેવ છે. અને સૌથી શીઘ્ર ગતિવાળા તારા રૂપ છે.

[૩૧૭] તારા રૂપ જ્યોતિષ્ક દેવો કરતાં નક્ષત્રો ઘણી જ મોટિ ઋદ્ધિવાળા છે. નક્ષત્રો કરતાં ગ્રહો મોટિ ઋદ્ધિવાળા છે. ગ્રહો કરતાં સૂર્ય મોટિ ઋદ્ધિવાળા છે. સૂર્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં ચન્દ્ર મોટી ૠદ્ધિવાળા છે. આ પ્રમાણે સૌથી થોડી ૠદ્ધિવાળા તારા રૂપ છે. અને સૌથી મહાૠદ્ધિવાળા ચંદ્ર દેવ છે.

[૩૧૮] હે ભગવન્ જંબૂદ્વીપમાં આવેલ એક તારાના બીજા તારા રૂપની સાથે કેટલું અંતર કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! અંતર બે પ્રકારનું છે. એક વ્યાઘાતને લઈને અને બીજું નિર્વ્યાઘાતને લઈને. વ્યાઘાતને લઈને તારા રૂપોનું પરસ્પરમાં જે અંતર કહેવામાં આવેલ છે. તે જઘન્યથી ૨૬૬ યોજનનું છે. અને ઉત્કૃષ્ટથી ૧૨૨૪૨ યોજનનું છે. તથા નિર્વ્યાઘાતનો આશ્રય કરીને જે અંતર થાય છે, તે જઘન્યથી અપેક્ષાએ ૫૦૦ ધનુષનું છે. અને ઉત્કૃષ્ટની અપેક્ષાથી બે ગાઉનું છે. એજ પ્રમાણેનું અંતરનું કથન યાવત્ એક તારા રૂપથી બીજા તારા રૂપ સુધીમાં સમજી લેવું.

[૩૧૯] હે ભગવન્ જ્યોતિષેન્દ્ર જ્યોતિષ રાજ ચંદ્રની અગ્રમહિષિયો કેટલી છે ? ચંદ્રપ્રભા, જ્યોત્સાનાભા, અર્ચિમાલી, અને પ્રભંકરા એ ચાર છે. તેમાં એક એક દેવિનો પરિવાર ચાર ચાર હજાર દેવિયોનો છે. એક એક દેવી બીજી ચાર હજાર દેવીયો રૂપ પરિવાર વિકુર્વણા કરવાને શક્તિશાળી છે. તેથી આ રીતે બધી મલીને એટલે કે ચાર અગ્રમહિષિયોનો કુલ દેવિયોનો પરિવાર ૧૬ સોળ હજાર થાય છે. આ પ્રમાણે આ ચંદ્ર દેવના અંતઃપુરનું કથન કરવામાં આવેલ છે.

[૩૨૦] હે ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રાવતંસક વિમાનમાં, સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન ઉપર પોતાના અંતઃપુરના દિવ્ય એવા ભોગોપભોગોને ભોગવવા માટે શું સમર્થ છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. જ્યોતિષેન્દ્ર જ્યોતિષ રાજ ચન્દ્રના ચંદ્રા વતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય ગોલવર્ત સમુદ્ગકોમાં અનેક જીનેન્દ્ર દેવોના હાડકાઓ રાખવામાં આવેલ છે. જે તેઓને બીજા પણ અનેક જ્યોતિષ્ક દેવોને અને તેમની દેવીયોને અર્ચનીય છે. યાવત્ પર્યુપાસનીય છે. તેથીજ તેમની સમીપતાને લઈને યાવત્ ભોગોપભોગોને ભોગવવાને સમર્થ થતા નથી. જ્યોતિષરાજ ચન્દ્ર ચંદ્રાવતંસક વિમાનમાં અને સુધર્મા સભાના ચંદ્ર સિંહાસન પર બેસીને વાજાઓના મધુર શબ્દોના નાદ ના શ્રવણ પૂર્વક દિવ્ય એવા ભોગોપભોગ ભોગવવાને સમર્થ છે. ભોગોપભોગોને ભોગવવાનું કેવળ પોતાના અંતઃપુરના પરિવારની સાથે જ મનમાં વિચાર કરવા માત્રથી જ તે કરી શકે છે. સાક્ષાત્ મૈથુન સેવન કરવાના રૂપમાં તે ભોગોપભોગોને ભોગવી શકતા નથી.

[૩૨૧] જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યની ચાર અગ્રમહિષિયો કહેવામાં આવેલ છે. સૂર્યપ્રભા, આતપપ્રભા, અર્ચિમાલી અને પ્રભંકરા. આની પછીનું બાકીનું તમામ કથન ચંદ્રના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે સમજવું. વિશેષતા છે કે-અહિંયા સૂર્યાવતંસક વિમાન છે. સૂર્ય નામવાળું સિંહાસન છે. તથા ગ્રહાદિ જે બીજા જ્યોતિષિક દેવો છે તે બધાની દરેકની ચાર ચાર અગ્રમહિષિયો છે. વિજયા, વૈજયન્તી, જયન્તી અને અપરાજીતા. આ બધાનું વર્ણન પૂર્વવત્ છે.

[૩૨૨] હે ભગવન્ ! ચંદ્ર વિમાનમાં જે દેવો રહે છે. તેઓની સ્થિતિ કેટલી છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સ્થિતિ પદમાં મુજબ જાણવું.

[૩૨૩] હે ભગવન્ આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા મંડલ તેમની અંદર કોણ કોની અપેક્ષાએ અલ્પ છે ? કોણ કોના કરતાં વધારે છે ? અને કોણ કોની બરાબર છે ?

Jainsite.com जैनम् जयति शासनम्

તથા કોણ કોના કરતાં વિશેષાધિક છે ? હે ગૌતમ ! ચંદ્રમા અને સૂર્ય બન્ને પરસ્પર તુલ્ય છે. અને સૌથી કમ છે. તથા એ ગ્રહ નક્ષત્ર અને તારાઓથી અલ્પ છે. નક્ષત્રો ચંદ્ર અને સૂર્ય કરતાં સંખ્યાતગણા વધારે કહ્યા છે. નક્ષત્રો કરતાં ગ્રહો સંખ્યાત ગણા વધારે છે. ગ્રહોના કરતાં તારાઓ સંખ્યાતગણા વધારે છે.

## પ્રતિપત્તિ : ૩-વૈમાનિક

### -: ઉદ્દેસો : ૧ :-

[૩૨૪] હે ભગવન્ ! વૈમાનિક દેવોના વિમાન ક્યાં આવેલા છે ? અને વૈમાનિક દેવ ક્યાં રહે છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સ્થાન પદમાં રત્નપ્રભા પૃથ્વીના રૂચકોપલક્ષિત બહુસમરણમીય ભૂમિભાગની ઉપર અનેક યોજન કોટિ કોટિ સુધી જવાથી રત્નપ્રભા પૃથ્વીથી દોઢ રજ્જુ પ્રમાણ ઉપર જવાથી સૌધર્મ, ઈશાન સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક; શુક્ર સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત ગ્રૈવેયક અને અનુત્તર વિમાનો આવે છે આ વિમાનો સર્વાત્મના રત્નમય છે. અને અચ્છ, વિગેરે વિશેષણો વાળા છે. તેમાં અનેક વૈમાનિક દેવો રહે છે. ત્યાં રહેવાને કારણે તેમના નામો એ સ્થાનના જેવાજ થયેલ છે, જેમકે-સૌધર્મ, ઈશાન, યાવત્ ગ્રૈવેયક અનુત્તર. સૌધર્મથી લઈને અચ્યુત દેવલોક સુધીના એ સૌધર્માદિક દેવો ક્રમશઃ મૃગ, મહિષ, વરાહ, સિંહ છગલ, દુર્દર; હય, ગજપતિ, ભુજગ ખંગ, વૃષભાંગ અને વિડિમ આ ચિહ્નોવાળા છે. સૌધર્મકલ્પોમાં બત્રીસ લાખ વિમાનાવાસો છે. આ બધા વિમાનાવાસો અચ્છ યાવત્ પ્રતિરૂપ હોય છે. તેમાં સૌધર્મ દેવ રહે છે. એ બધા મહર્દ્ધિક હોય છે. દસે દિશાઓને ઉદ્યોતિત કરતા આનંદ સુખ પૂર્વક રહે છે.

[૩૨૫] હે ભગવન્ દેવેન્દ્ર દેવરાજ શક્રની કેટલી પરિષદાઓ કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! ત્રણ પરિષદાઓ છે સમિતા ચંડા અને જાતા તેમાં જે આભ્યન્તર પરિષદા છે તેનું નામ સમિતા છે. મધ્યમાં જે પરિષદા છે તેનું નામ ચંડા એ પ્રમાણેનું છે. અને બહાર જે પરિષદા છે. તેનું નામ જાતા એ પ્રમાણે છે. દેવેન્દ્ર દેવરાજ શક્રની આભ્યન્તર પરિષદામાં ૧૨૦૦૦ દેવો છે. મધ્યમાં પરિષદામાં ૧૪૦૦૦ દેવો છે. બાહ્ય પરિષદામાં ૧૬૦૦૦ દેવો કહ્યા છે. તથા આભ્યન્તર પરિષદામાં સાતસો દેવિયો છે મધ્યમાં પરિષદામાં છસો દેવિયો છે. અને બાહ્ય પરિષદામાં પાંચસો દેવિયો છે. દેવેન્દ્ર દેવરાજ શક્રની આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમની છે. મધ્યમ પરિષદાના દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. બાહ્યપરિષદાના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે, આભ્યંતર પરિષદાની દેવિયોની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. મધ્યમ પરિષદાની દેવિયોની સ્થિતિ બે પલ્યોપમની છે. બાહ્યપરિષદાની દેવિયોની સ્થિતિ એક પલ્યોપમની છે. ભવન પતિયોના કથન પ્રમાણે જ બાકીનું તમામ કથન અહીંયાં કહી લેવું જોઈએ. હે ભગવન્ ! ઈશાન દેવોના વિમાનો ક્યાં કહેલા છે ? હે ગૌતમ ! આ વિષયમાં સઘળું કથન સૌધર્મના કથન પ્રમાણે જ સમજવું. રત્નપ્રભા પૃથ્વીના રૂચકથી ઉપલક્ષિત બહુસમરમણીય ભૂમિભાગની ઉપર ઉંચે ચંદ્ર સૂર્ય વિગેરેને ઓળંખીને મેરૂની ઉત્તર દિશામાં ઈશાન દેવોના અઠ્યાવીસ લાખ વિમાના વાસોછે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનની ત્રણ પરિષદાઓ છે. સમિતા ચંડા અને જાતા. આભ્યન્તર પરિષદામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીયાં ૧૦૦૦૦ દેવો છે. મધ્ય પરિષદામાં ૧૨૦૦૦ દેવો છે. બાહ્ય પરિષદામાં ૧૪૦૦૦ દેવો છે. આભ્યન્તર પરિષદામાં ૯૦૦ દેવિયો છે. મધ્યમ પરિષદામાં આઠસો દેવિયો છે. બાહ્ય પરિષદમાં ૭૦૦ દેવિયો છે. ઈશાન દેવની આભ્યન્તરા પરિષદામાંના દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે. મધ્યમ પરિષદાના દેવોની સ્થિતિ છ પલ્યોપમની છે. અને બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમની છે. આભ્યન્તર પરિષદાની દેવિયોની સ્થિતિ પાંચ પલ્યો પમની છે. મધ્યમ પરિષદાની દેવિયોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. અને બાહ્ય પરિષ દાની દેવિયોની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે.

હે ભગવન્ સનત્કુમારોના વિમાનો ક્યાં આવેલા છે ? અને એ સનત્કુમાર દેવ ક્યાં રહે છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાન પદમાં ભવનવાસી દેવોના ગમના કથન પ્રમાણે સનત્કુમારોના સંબંધમાંનું કથન સમજી લેવું. અહીંની આભ્યન્તર પરિષદાના જે દેવો છે તેમની સંખ્યા ૮૦૦૦ની છે. મધ્યમ પરિષદાના દેવોની સંખ્યા ૧૦૦૦૦ની છે. બાહ્ય પરિષદાના દેવોની સંખ્યા ૧૨૦૦૦ની છે. આભ્યંતર પરિષદોના દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમની છે, મધ્યમ પરિષદાના દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને ચાર પલ્યોપમની છે, બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને ત્રણ પલ્યોપમની છે. આ બધાનું કાર્ય પહેલાના કથન પ્રમાણ સમજવું એજ પ્રમાણે માહેન્દ્ર દેવેન્દ્રના સંબંધમાં પણ કથન સમજી લેવું, આભ્યન્તર પરિષદામાં ૬૦૦૦ દેવો છે. મધ્યમાં પરિષદામાં ૮૦૦૦ દેવો છે, બાહ્ય પરિષદામાં ૧૦૦૦૦ દેવો છે. આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ સાડા ચાર સાગ-રોપમ અને સાત પલ્યોપની છે. મધ્યમ પરિષદાના દેવોની સ્થિતિ પાંચ સાગરોપમ અને છ પલ્યોપમની છે. બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમની છે. સનત્કુમાર કલ્પ અને માહેન્દ્ર કલ્પની ઉપરની દિશાઓમાં અને પ્રતિદિશાઓમાં ઘણેદૂર સુધી ઉપર જવાથી આવતા બરોબર એજ સ્થાન પર બ્રહ્મલોક નામનું કલ્પ છે. તે કલ્પ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબુ અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળું છે. પ્રતિ પૂર્ણ ચંદ્રમાના જેવું તેમનું સંસ્થાન છે. આભ્યન્તર પરિષદામાં ૪૦૦૦ દેવો છે. મધ્યમાં પરિષદામાં ૬૦૦૦ દેવો છે. બાહ્ય પરિષદામાં ૮૦૦૦ દેવો છે. આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ સાડા આઠ સાગરોપમ અને પાંચ પલ્યોપમની છે. મધ્યમા પરિષ દાના દેવોની સ્થિતિ સાડા આઠ સાગરોપમ અને ચાર પલ્યોપમની છે. તથા બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ સાડા આઠ સાગરોપમ અને ત્રણ પલ્યોપમની છે.

લાન્તક દેવની પણ યાવત્ ત્રણ પરિષદાઓ છે. આભ્યન્તર પરિષદામાં બે હજાર દેવો છે. મધ્યમા પરિષદામાં ચાર હજાર દેવો છે. બાહ્ય પરિષદામાં છ હજાર દેવો છે. લાન્તક કલ્પની ઉપર પૂર્વ વિગેરે ચાર દિશાઓમાં ઘણા યોજનો સુધી યાવત્ દૂર જવાથી આવેલ સ્થાનમાં મહાશુક્ર નામનો કલ્પ છે. આ કલ્પ પૂર્વથી પશ્ચિમ લાંબુ અને ઉત્તરથી દક્ષિણ સુધીનું પહોળું છે.વિગેરે પ્રકારનું તમામ કથન બ્રહ્મલોકની જેમ સમજવું. આ કલ્પમાં ૪૦૦૦૦ વિમાનો છે. ચાર અવતંસકો છે. આભ્યન્તર પરિષ-દામાં એક હજાર દેવો છે. મધ્યમ પરિષદામાં બે હજાર દેવો રહે છે. બાહ્ય પરિષદામાં ચારહજાર દેવો છે. આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ સાડા પંદર સાગરોપમની અને ૫ પાંચ પલ્યોપમની છે. મધ્યમા પરિષદાના દેવોની સ્થિતિ સોળ સાગરોપમ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ ચાર પલ્યોપમની છે. બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ સાડા પંદર સાગરોપમ અને ત્રણ પલ્યોપમની છે. મહાશુક્ર કલ્પની ઉપર દિશા વિદિશાઓમાં અનેક યોજન યાવત્ દૂર જવાથી આવતા એજ સ્થાન પર સહસ્રાર નામનું કલ્પ છે. આ કલ્પ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળો છે. પરિપૂર્ણ ચંદ્રના જેવું તેનું સંસ્થાન છે. વિગેરે પ્રકારનું સઘળું કથન બ્રહ્મલોકના કથન પ્રમાણે સમજી લેવું. આ કલ્પમાં છ હજાર વિમાનવાસ છે. આભ્યન્તર પરિષદામાં પાંચસો દેવો છે-મધ્યપરિષદામાં ૧૦૦૦ દેવો છે. અને બાહ્ય પરિષદામાં એક હજાર દેવો છે. આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ ૧૭ાા સાગરોપમની અને ૭ સાત પલ્યોપમની છે. મધ્ય પરિષદાના દેવોની સ્થિતિ અઢાર સાગરોપમ અને છ પલ્યોપમની છે. બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ ૧૭ાા સાગરોપમ અને પાંચ પલ્યોપમની છે. સહસ્રાર કલ્પની ઉપર દિશા અને વિદિશા ઓમાં અનેક યોજન આગળ જવાથી આવતા સ્થાનમાં આનત પ્રાણત નામના બે કલ્પો આવેલા છે. આનત પ્રાણત દેવોના ૪૦૦ વિમાનાવાસો છે, પહેલી આભ્યન્તર પરિષ-દોના ૨૫૦ દેવો છે. મધ્ય પરિષદામાં ૫૦૦ દેવ છે. અને બાહ્ય પરિષદામાં ૧૦૦૦ દેવો છે. આભ્યન્તર પરિષદાના દેવોની સ્થિતિ ૧૮ાા સાગરોપમ અને પાંચ પલ્યોપમની છે. મધ્યમપરિષદાના દેવોની સ્થિતિ ૧૮ાા સાગરોપમ અને ૪ પલ્યોપમની છે. અને બાહ્ય પરિષદાના દેવોની સ્થિતિ ૧૮ાા સાગરોપમ અને ૩ પલ્યોપમની છે.

આનત પ્રાણત કલ્પોની ઉપર વિદિશાઓમાં અનેક યોજનો સુધી યાવત્ જવાથી ત્યાં આવતા સ્થાનમાં આરણ અચ્યુત નામના બે કલ્પો છે. આ ત્રણસો વિમાનોના અધિપતિ પણે હજાર સામાનિક દેવો છે. તેમજ ચાળીસ હજાર આત્મરક્ષક દેવો છે. આરણ અચ્યુત કલ્પોની ઉપર દિશા અને વિદિશામાં ઘણા વધારે યોજનો સુધી ઉંચે જવાથી આવતા સ્થાન પર અધોગ્રૈવેયકોના ત્રણ વિમાનો છે. એ વિમાનો પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા અને ઉત્તરથી દક્ષિણ સુધીના પહોળા છે. પૂર્ણ ચંદ્રના જેવું તેમનું સંસ્થાન છે. તેમની આભા ભાસરાશીના જેવી છે. તેમની લંબાઇ પહોળાઇ અસંખ્યાત કોડા કોડી યોજનોની છે. અને તેનો પરિક્ષેપ પણ અસંખ્યાત કોડા કોડી યોજનાનો છે. એ બધા સર્વાત્મના રજતમય છે. અચ્છ યાવત્ પ્રતિ રૂપ છે. આ બધા દેવો એક સરખી ઋદ્ધિવાળા હોય છે અને સમાન દ્યુતિવાળા હોય છે. સમાન બળવાળા હોય છે. સમાન યશ વાળા હોય છે. સમાન પ્રભાવાળા હોય છે, અને સરખી રીતે સુખી હોય છે. તેમના અધિપતિ કોઇ બીજો ઈન્દ્ર હોતો નથી. તેથી તેઓને અનિંદ્ર કહેવામાં આવે છે. આ દેવો પોતેજ અહમિન્દ્ર હોય છે. અધસ્તન ગ્રૈવેયકોના કથન પ્રમાણે મધ્યમ ગ્રૈવેયક અને ઉપરિતન ગ્રૈવેયકનું કથન પણ સમજી લેવું. અધસ્તન ગ્રૈવેયકોમાં ૧૧૧ વિમાનો છે. મધ્યમ ગ્રૈવેયકોમાં ૧૦૭ વિમાનો છે. અને ઉપરિતન ગ્રૈવેયકોમાં ૧૦૦ વિમાનો છે. આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગની ઉપર ઘણા કોડાકોડી યોજનો સુધી આગળ દૂર જવાથી તથા સૌધર્મ ઈશાન, યાવત્ આરણ અચ્યુત તથા ગ્રૈવેયક વિમાનોને પાર કરીને પણ તેનાથી પણ આગળ ઘણેજ દૂર ઘણું વિશાલ અનુત્તરોપપાતિક નામનું દેવોનું વિમાન છે. એ વિમાન નિર્મલ, નીરજસ્ક છે. અંધકાર રહિત છે. વિશુદ્ધ છે. અને પાંચ દિશાઓમાં છે.

**પ્રતિપત્તિ : ૩-વૈમાનિક ઉદ્દેસો : ૨**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૨૬-૩૩૦] હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાન એ કલ્પોના વિમાનો કોના આધાર પર રહેલ કહેવામાં આવ્યા છે ? હે ગૌતમ ! સૌધર્મ અને ઈશાન કલ્પના વિમાનો ઘનોદધિના આધાર પર રહેલા સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના વિમાનો ઘનવાતના આધાર પર રહેલા છે. બ્રહ્મલોક નામના કલ્પમાં વિમાન ઘનવાતના આધાર પર છે. લાન્તક કલ્પના વિમાનો ઘનોદધિ અને ઘનવાતના આધાર પર છે. એજ પ્રમાણે મહાશુક્ર અને સહસ્રાર કલ્પોમાં પણ એ બેના આધાર પર વિમાનો રહેલા છે. આનત પ્રાણત આરણ અચ્યુત આ ચારે કલ્પોમાં વિમાનો આકાશના આધાર પર રહેલા છે. ગ્રૈવેયક વિમાન અવકાશના આધાર પર રહેલા છે. અનુત્તરોપપાતિક વિમાન આકાશના આધાર પર રહેલ છે.

હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાન એ કલ્પોમાં વિમાન પૃથ્વી કેટલી મોટી કહેવામાં આવેલ છે ? સૌધર્મ અને ઈશાન એ બે કલ્પોના વિમાન પૃથ્વીની મોટાઈ ૨૭૦૦ યોજનની છે. સનત્કુમાર માહેન્દ્ર નામના કલ્પોમાં વિમાન પૃથ્વી ૨૬૦૦ યોજનની મોટી કહેવામાં આવેલ છે. બ્રહ્મ કલ્પ અને લાન્તક નામના કલ્પમાં વિમાન પૃથ્વી ૨૫૦૦ યોજનની મોટી છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પોમાં વિમાન પૃથિવી ૨૪૦૦ યોજનની કહેલ છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ કલ્પોમાં વિમાન પૃથ્વી ૨૩૦૦ યોજનની મોટી છે. ગ્રૈવેયક વિમાનોની પૃથ્વી ૨૨૦૦ યોજનની છે. પાંચ અનુત્તર વિમાનોની પૃથ્વી એકવીસસો યોજનની મોટાઈ વાળી કહેવામાં આવેલ છે.

સૌધર્મ અને ઈશાન નામના એ બે કલ્પોમાં વિમોનોની ઉંચાઈ પાંચસો યોજનની કહેલ છે. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં વિમાનોની ઉંચાઈ છસો યોજનની છે. બ્રહ્મ અને લાન્તક કલ્પોમાં વિમોનોની ઉંચાઈ સાતસો યોજનની છે. મહાશુક્ર અને સહસ્રાર નામના કલ્પોમાં વિમાનોની ઉંચાઈ આઠસો યોજનની છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત આ ચાર કલ્પોમાં વિમાનોની ઉંચાઈ નવસો યોજનની છે. નવ ગ્રૈવેયક વિમાનોની ઉંચાઈ ૧૦૦૦ યોજનની કહેલ છે. અનુત્તર વિમાનોની ઉંચાઈ ૧૧૦૦ યારસો યોજનની છે. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં જે વિમાન છે તેનું સંસ્થાન બે પ્રકારનું કહેલ છે. એક આવલિકા, પ્રવિષ્ટ અને બીજુ બાહ્ય તેમાં આવલિકા પ્રવિષ્ટ જે વિમાન છે. તે ત્રણ પ્રકારના છે. વૃત્ત, ત્ર્યસ્ર અને ચતુરસ્ર શ્રેણિ બદ્ધ વિમાનોના પ્રાંગણોમાં જે પૂર્વ દિશાને છોડીને ત્રણ દિશાઓમાં પુષ્પ પ્રકારની જેમ આમતેમ ફેલાયેલા રહે છે તે બાહ્ય પ્રકીર્ણકી વિમાન છે. તેનું બીજુ નામ આવલિકા બાહ્ય છે. એજ પ્રમાણે સનત્કુમાર, માહેન્દ્ર, બહ્મલોક, લાન્તક, પ્રાણત. આરણ, અચ્યુત, આ બધા કલ્પોમાં પણ વિમાન બબ્બે પ્રકારની હોય છે. પરંતુ અનુત્તરોપપાતિક દેવોના જે વિમાનો છે તે બે પ્રકારના કહેવામાં આવેલ છે. અંગ પ્રવિષ્ટ અને આવલિકા પ્રવિષ્ટ તેમાં જે આવલિકા પ્રવિષ્ટ વિમાન છે. તે વિમાન બે પ્રકારના છે. વૃત્ત અને બીજા ત્ર્યસ્ર તેમાં જે સર્વાર્થ સિદ્ધ વિમાન છે તેતો વૃત્ત-છે. અને બાકીના ચાર ત્ર્યસ્ર છે.

હવે આયામ વિષ્કંભ અને પરિમાણનું કથન કરવામાં આવે છે. સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાનો બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક સંખ્યાત વિસ્તારવાળા અને બીજા અસંખ્યાત વિસ્તારવાળા. આ સંબંધમાં નારકોના પ્રકરણમાં જે પ્રમાણેનું કથન કરવામાં આવેલ છે. એજ પ્રમાણેનું કથન યાવત્ અનુત્તરોપપાતિક વિમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાત વિસ્તાર વાળા અને અસંખ્યાત વિસ્તારવાળા હોય છે. આટલા સુધીનું કથન કહી લેવું જોઈએ. હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં જે વિમાનો છે. તે કેટલા વર્ણવાળા છે ? હે ગૌતમ ! પાંચ વર્ણોવાળા છે. જેમકે કૃષ્ણ નીલ લાલ હારિદ્ર અને શ્વેત. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના વિમાનો ચાર વર્ણવાળા કહેવામાં આવેલ છે. નીલ યાવત્ શુકલ બ્રહ્મલોક અને લાન્તક એ કલ્પોમાં વિમાનો ત્રણ વર્ણ વાળા કહેવામાં લાલ વર્ણથી લઈને સફેદ વર્ણ સુધીના, મહા શુક્ર અને સહસ્રાર કલ્પના વિમાન હારિદ્ર- અને સફેદ આ બે વર્ણોવાળા હોય છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત આ કલ્પોમાંના વિમાન કેવળ એક સફેદ વર્ણવાળા જ હોય છે. ગ્રૈવેયકોના વિમાનો સફેદ વર્ણ વાળા જ હોય છે. અનુત્તરોપપાતિક દેવોના વિમાનો પરમ શુકલ વર્ણ વાળા હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં જે વિમાનો છે. તેઓ પોતાની પ્રભાથી સર્વદા પ્રકાશમાન રહે છે. તથા દ્યુતિવાળા રહે છે. રાત દિવસ ચમકતા રહે છે. આ વર્ણન પ્રમાણેનું વર્ણન સનત્કુમારથી લઈને અનુત્તરો પપાતિક વિમાનોની પ્રભાનું પણ સમજવું. વિમાનોના ગંધનું કથન જેવો ગંધ કોષ્ટપુટ ગંધદ્રવ્ય વિશેષ વિગેરે પદાર્થનો હોય છે, તે ગંધથી પણ વધારે વિશેષ ગંધ અહીના વિમાનોનો છે. એજ પ્રમાણેની ઘણી વધારે ઉંચી ગન્ધવાળા સનત્કુમારોના વિમાનોથી લઈને અનુત્તરોપપાતિક સુધીના વિમાનો છે. વિમાનોના સ્પર્શનું કથન દર્પણનો જેવો સ્પર્શ હોય છે, રૂ-તુલનો જેવો સ્પર્શ હોય છે. નવનીત-માખણ વિગેરે પદાર્થોના જેવો સ્પર્શ હોય છે. એ બધા પદાર્થોના સ્પર્શથી પણ વધારે ઉંચો સ્પર્શ ત્યાંના વિમાનોનો છે. એજ પ્રમાણેનું કથન સનત્કુમારથી લઈને અનુત્તરોપપાતિક સુધીના વિમાનોના સ્પર્શના સંબંધમાં પણ કહી લેવું જોઈએ.

વિમાનોની મહત્તાનું કથન-એ વિમાનો એટલા મોટા છે. કે કોઈ દેવ કે જે ચપટી વગાડતા વગાડતામાં આ એક લાખ યોજન લાંબા પહોળા અને ૩૧૬૨૨૭ યોજનની અને ૩ ત્રણ ગાઉ ૨૮ અઠ્યાવીસ ધનુષ સાડા તેર આંગળ અધિકની પરિધિવાળા આ જંબૂદ્વીપની એકવીસ વાર પ્રદક્ષિણા કરી આવે એવા એ દેવ જો પોતાની શીઘ્રતા વિગેરે વિશેષણો વાળી ગતિથી નિરંતર છ મહીના સુધી ચાલતા રહે ત્યારે તે કેટલાક વિમાનોની પાસે પહોંચી શકે છે અને કેટલાક વિમાનોની પાસે પહોંચી શકતા નથી. દેવલોકના જેટલા વિમાનો છે, તે બધા સર્વાત્મના રત્નોના બનેલા છે. આગળ અનેક જીવો અને પુદ્ગલો આવે છે, ઉત્પન્ન થાય છે, ચયને પ્રાપ્ત થાય છે. અને વર્ણપર્યાયથી યાવત્ સ્પર્શપર્યાયથી અશાશ્વત છે. આજ પ્રમાણેનું કથન યાવત્ અનુત્તરોપપાતિક વિમાન પર્યન્ત સમજી લેવું. સંમૂર્ચ્છિમ જીવોને છોડીને બાકીના પંચેન્દ્રિય તિર્યંચોમાંથી અને મનુષ્યોમાંથી આવીને જીવ સૌધર્મ અને ઈશાન દેવલોકમાં દેવોની પર્યાયથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્ક્રાંતી પદમાં જે પ્રમાણે ઉત્પાદ કહેવામાં આવેલ છે. એજ પ્રમાણેનો ઉત્પાત અહીંયા પણ સમજી લેવો. હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાન આ બે દેવલોકમાંથી જો પ્રત્યેક સમયમાં એક એક દેવ ખાલી કરવામાં આવે અર્થાત્ ત્યાંથી બહાર કાઢવામાં આવે તો કેટલા કાળમાં તે સ્થાન દેવોથી ખાલી થઈ શકે ? ત્યાંથી એક એક સમયમાં એક એકના પ્રમાણમાં પણ કાઢવામાં આવે તો પણ અસંખ્યાત ઉત્સર્પિણી કાળ પણ ભલે ખાલી થઈ જાય પરંતુ તેઓ ત્યાંથી પૂરેપૂરા કાઢીને ખાલી કરી શકાય નહીં જો કે આ પ્રમાણે અત્યાર સુધી થયેલ નથી. આ પ્રમાણેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કથન સહસ્રાર દેવલોક સુધી જ કરવામાં આવે છે. તેમ સમજવું. હે ભગવન્ આનત વિગેરે ચાર કલ્પોમાંથી તથા નવ ગ્રૈવેયકોમાંથી તથા અનુત્તર વિમાનોમાંથી એક એક સમયમાં જો એક એક દેવ કાઢવામાં આવે તો કેટલા સમયમાં એ દેવો ત્યાંથી પૂરેપૂરા બહાર કાઢી શકાય ? જો તે દેવો ત્યાંથી એક એક સમયમાં એક એકના પ્રમાણથી કહાડવામાં આવે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સમયમાં ત્યાંથી પૂરે પૂરા કાઢી શકાય છે. પરંતુ અત્યાર સુધી એ પ્રમાણે બનેલ નથી.

દેવલોકમાં શરીર બે પ્રકારના કહેવામાં આવેલ છે. એક ભવધારણીય શરીર અને બીજુ ઉત્તર વૈક્રિય રૂપ શરીર તેમાં જે ભવધારણીય શરીર છે. તેની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણની હોય છે. અને ઉત્કૃષ્ટ અવગાહના સાત રત્નિ-હાથ પ્રમાણની હોય છે. ઉત્તર વૈક્રિય રૂપ શરીરની જે જઘન્ય અવગાહના છે તે આંગળના સંખ્યાતમા ભાગ પ્રમાણની હોય છે. ઉત્કૃષ્ટ અવગાહના એક લાખ યોજનપ્રમાણની હોય છે. એ રીતે આગળ આગળના અર્થાત્ પછી પછીના કલ્પોમાંથી એક એક ઓછા કરતા કરતા યાવત્ સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોમાં ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરની અવગાહના છ રત્નિ પ્રમાણની હોય છે. બ્રહ્મલોક અને લાન્તક કલ્પમાં ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરની અવગાહના પાંચ રત્નિ પ્રમાણની થાય છે. મહાશુક્ર અને સહસ્રાર નામના કલ્પોમાં ચાર રત્નિપ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહના છે. તથા આનત પ્રાણત, આરણ અને અચ્યુત આ કલ્પોમાં ઉત્કૃષ્ટથી ભવધારણીયની અવગાહના ત્રણ રત્નિ-હાથ પ્રમાણની છે. ગ્રૈવેયક દેવોને ભવધારણીય એક જ શરીર કહેવામાં આવેલ છે. આ તેમનું ભવધારણીય શરી જઘન્ય અવગાહનાની અપેક્ષાથી આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણનું હોય છે, અને ઉત્કૃષ્ટ અવગાહના બે રત્નિ પ્રમાણની હોય છે. એજ પ્રમાણે અનુત્તરોપપાતિક દેવોની અવગાહનાના સંબંધ માં પણ કથન સમજી લેવું.

[૩૩૧-૩૩૬] હે ભગવન્ સૌધર્મ અને ઈશાન કલ્પોના દેવોના શરીર ક્યા સંહનન વાળા હોય છે ? હે ગૌતમ ! સંહનન છ પ્રકારના હોય છે. દેવોના શરીરો તે પૈકી એક પણ સંહનનવાળા હોતા નથી. તેને વૈક્રિય શરીર હોય છે. તેથી તેઓમાં હાડકા હોતા નથી. તેમજ શિરા ગ્રીવા ધમની હોતી નથી. તથા નસો પણ હોતી નથી સ્નાયુ જાલ હોતા નથી. પરંતુ જે પુદ્‌ગલો ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, અને મનઆમતર, હોય તેના સંઘાત પણાથી પરિણમી જાય છે. આજ પ્રમાણે સંહનનના અભાવ રૂપ આ કથન વાનવ્યન્તર દેવોથી લઈને અનુત્તરોપપાતિક દેવોના કથન સુધી સમજી લેવું. દેવોના શરીરો ભવધારણીય શરીર અને ઉત્તર વૈક્રિય શરીરના ભેદથી બે પ્રકારના કહેવામાં આવેલ છે. તેમાં જે ભવધારણીય શરીર હોય છે, તે સમચતુરસ્ર સંસ્થાન વાળું હોય છે. તથા જે ઉત્તરવૈક્રિય શરીર હોય છે. તેનું કોઈ નિયત સંસ્થાન હોતું નથી. આ સંસ્થાન સંબંધી કથન સનત્કુમાર દેવલોકથી લઈને અચ્યુત દેવલોકના દેવો સુધી કહી લેવું. પરંતુ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોના જે દેવો હોય છે, તેને એક ભવધારીણય શરીર જ હોય છે. તેથી ત્યાં એક સમચતુરસ્ર સંસ્થાન કહેવામાં આવેલ છે. સૌધર્મ અને ઈશાન કલ્પના દેવોનો વર્ણ કેવો હોય છે ? આ દેવોના શરીરનો વર્ણ તપાવવામાં આવેલ સોનાના રંગના જેવો હોય છે. સનત્કુમાર અને માહેન્દ્ર દેવોના શરીરનો વર્ણ કમળના જેવો ગૌર હોય છે. બ્રહ્મલોકના દેલોના શરીરનો વર્ણ લીલા મહુડાનો જેવો વર્ણ હોય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરનો આવા પ્રકારનો વર્ણ હોવા સંબંધીનું આ કથન ગ્રૈવેયક વિમાનોના દેવોના કથન પર્યંત સમજી લેવું. પરંતુ અનુત્તર વિમાનવાસી જે દેવો છે, તેમના શરીરનો વર્ણ પરમ શુકલ હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પના જે દેવો છે. તેમના શરીરની ગંધ યાવત્ મનોઽમતર સુધીના વિશેષણો વાળી હોય છે, એવા પ્રકારના ગંધથી પણ અધિક વિશિષ્ટ ગંધવાળા સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવોના શરીર, સનત્કુમાર વિગેરે દેવલોકના દેવોના શરીર અને નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન વાસી દેવોના શરીર હોય છે. આ સઘળા દેવોના શરીર મૃદુ-કોમળ સ્પર્શવાળા સ્થિર, સ્નિગ્ધ સ્પર્શ વાળા અને સ્થિર કોમળ સ્પર્શવાળા કહેવામાં આવેલા છે. જે પુદ્ગલો ઈષ્ટ, કાન્ત, યાવત્ પ્રિયતર મનોજ્ઞ હોય છે. એ પુદ્ગલોજ દેવોના ઉચ્છવાસ રૂપે હોય છે. સૌધર્મ અને ઈશાન દેવોને એક તેજોલેશ્યાજ હોય છે. સનત્કુમાર અને માહેન્દ્ર દેવોને એક પદ્મલેશ્યા જ હોય છે. બ્રહ્મલોકમાં પણ એક પદ્મ લેશ્યા જ હોય છે. તથા લાન્તક દેવ- લોકથી લઈને ગ્રૈવેયક સુધીના દેવોમાં એક શુકલ લેશ્યા જ હોય છે. અને અનુત્તરોપ પાતિક દેવોને એક પરમશુકલ લેશ્યા જ હોય છે.

સૌધર્મ અને ઈશાન દેવો સમ્યક્દૃષ્ટિ વાળા પણ હોય છે, મિથ્યાદૃષ્ટિ વાળા પણ હોય છે, સમ્યક્ મિથ્યા દૃષ્ટિવાળા પણ હોય છે. યાવત્ સનત્કુમાર લઈને ગ્રૈવેયક સુધીના દેવો પણ સમ્યક્દૃષ્ટિ વાળા પણ હોય છે. મિથ્યા દૃષ્ટિવાળા પણ હોય છે, અને સમ્યક્ મિથ્યા દૃષ્ટિવાળા પણ હોય છે. પરંતુ અનુત્તરોપપાતિક દેવો ફક્ત સમ્યક્ દૃષ્ટિવાળા હોય છે. તેઓ સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો જ્ઞાની પણ હોય છે, અને અજ્ઞાની પણ હોય છે. આજ પ્રમાણે સનત્કુમાર દેવોલોકથી લઈને ગ્રૈવેયક સુધીના બધા દેવો જ્ઞાની પણ હોય છે. અજ્ઞાની પણ હોય છે. અનુત્તરોપપાતિક દેવો નિયમથી જ્ઞાની જ હોય છે. અજ્ઞાની હોતા નથી. કાયયોગ, મનોયોગ અને વચનયોગ આ પ્રમાણે ત્રણ પ્રકારનો હોય છે. અને ઉપયોગ બે પ્રકારના હોય છે. એક જ્ઞાનોપયોગ અને બીજો દર્શનોપયોગ આ ઉપયોગ એ બધા જ દેવોને હોય છે. હે ભગવન્ સૌધર્મ-ઈશાનદેવ પોતાના અવધિજ્ઞાન થી અને અવધિ દર્શનથી કેટલા ક્ષેત્રને જાણે છે ? અને કેટલા ક્ષેત્રને દેખે છે ? ઓછામાં ઓછા આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ ક્ષેત્ર જાણે છે, અને દેખે છે. અને વધારેમાં વધારે તેમનાથી નીચેના લોકમાં યાવત્ આ રત્નપ્રભા પૃથ્વીના નીચેના ચર માન્ત સુધી તેઓ જાણે છે. અને દેખે છે. તિર્યક્લોકમાં તેઓ તેમનાથી યાવત્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને જાણે છે અને દેખે છે. અને ઉર્ધ્વલોકમાં તેઓ પોતપોતાના વિમાનોના સ્તૂપ-ધ્વજા વિગેરે પર્યન્ત જાણે છે. અને દેખે છે. આજ પ્રમાણે સનત્કુમાર અને માહેન્દ્ર દેવ પણ જઘન્યથી અવધિજ્ઞાન દ્વારા આંગળના અસંખ્યાતમા ભાગ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. અને ઉત્કૃષ્ટથી પણ ઉપર જે પ્રમાણે કહેવામાં આવેલ છે, એ પ્રમાણે જાણે છે અને દેખે છે. તેઓ અધોલોકની અપેક્ષાએ બીજી શર્કરા પ્રભા પૃથ્વીના નીચેના ચરમાન્ત સુધી જાણે છે અને દેખે છે. એજ પ્રમાણે બ્રહ્મલોક અને લાન્તક કલ્પના દેવો પણ જાણે છે અને દેખે છે. પરંતુ અધોલોકથી અપેક્ષાથી તેઓ ત્રીજી પૃથ્વીના નીચેના ચરમાન્ત સુધી જ જાણે છે અને દેખે છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પના દેવો ચોથી પંકપ્રભા પૃથ્વીના નીચેના ચરમાન્ત સુધી જાણે છે અને દેખે છે. આનત પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પના દેવો પાંચમી પૃથ્વીના નીચેના ચરમાન્ત પર્યન્ત જાણે છે અને દેખે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ગ્રૈવેયક દેવ અને મધ્યમ ગ્રૈવેયકના દેવ છઠી પૃથ્વીના ચરમાન્ત પર્યન્ત જાણે છે. અને દેખે છે. ઉપરિતન ગ્રૈવેયકના દેવો સાતમી પૃથ્વીના ચરમાન્ત સુધી જાણે છે. અને દેખે છે. હે ભગવન્ અનુત્તરોપપાતિક દેવો પોતાના અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે છે અને દેખે છે ? અનુત્તરોપપાતિક દેવો પૂર્ણ-ચૌદ રાજુ પ્રમાણ વાળા આ સમગ્ર લોકનાલીને જાણે છે. અને દેખે છે.

[૩૩૭-૩૪૩] હે ભગવન્ સૌધર્મ અને ઈશાન દેવોના કેટલા સમુદ્ઘાત હોય છે ? હે ગૌતમ ! તેઓને પાંચ સમુદ્ઘાતો છે. વેદના કષાય મારણાંતિક વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાત એજ પ્રમાણે સનત્કુમારથી લઈને અચ્યુતકલ્પ સુધીમાં પાંચ સમુદ્ઘાતો હોય છે ગ્રૈવેયક વિમાનવાસી દેવોને આદિના ત્રણ સમુદ્ઘાતો હોય છે અનુત્તરોપપાતિક દેવોને પણ આજ ત્રણ સમુદ્ઘાતો હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો ક્ષુધા અને પિપાસાનો અનુભવ કરતા નથી. એજ પ્રમાણે સનત્કુમારથી લઈને અનુત્તરોપપાતિક સુધીના દેવો પણ ભૂખ તરસ રહિત હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો એક સમયમાં એક રૂપની પણ વિકુર્વણા કરવાને સમર્થ છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવાને પણ સમર્થ છે. જ્યારે તેઓ એક સમયમાં એક જ રૂપની વિકુર્વણા કરે તો તેઓ એકેન્દ્રિય જીવોના રૂપની વિકુર્વણા કરે છે. યાવત્ પંચેન્દ્રિય જીવના રૂપની વિકુર્વણા કરે છે. એક સમયમાં અનેક રૂપોની વિકુર્વણા કરતા નથી. અને જ્યારે તેઓ એક સમયમાં અનેક રૂપોની વિકુર્વણા કરે છે તો એકેન્દ્રિય જીવના રૂપની પણ વિકુવર્ણા કરે છે. યાવત્ પંચેન્દ્રિય જીવના રૂપની પણ વિકુર્વણા કરે છે. આ રીતે એક રૂપની અને અનેક રૂપોની વિકુર્વણા કરવાનું આ કથન સનત્કુમારથી લઈને અચ્યુત કલ્પ સુધીના દેવોના સંબંધમાં કહેવું જોઈએ. અનુત્તરોપપાતિક દેવ પૂર્વોક્ત પ્રકારથી એક રૂપની પણ વિકુર્વણા કરી શકે છે અને અનેક રૂપોની પણ વિકુર્વણા કરી શકે છે. પરંતુ અત્યાર સુધી તેઓએ તેમ કર્યુ નથી તથા વર્તમાનમાં તેમ કરતા નથી. ભવિષ્યમાં તેમ કરશે નહીં સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો મનોજ્ઞ શબ્દ જન્ય યાવત્ મનોજ્ઞ સ્પર્શથી પ્રાપ્ત થયેલ સુખોનો અનુભવ કરે છે. આ પ્રમાણેનો આ સુખાનુભવ ગ્રૈવેયક સુધીના દેવોને હોય છે. અને જે અનુત્તરોપ પાતિક દેવો છે, તેઓ અનુત્તર શબ્દથી થવાવાળા અને અનુત્તર સ્પર્શથી થવાવાળા સુખ નો અનુભવ કરે છે.

સૌધર્મ અને ઈશાન કલ્પના દેવોની ઋદ્ધિ ઘણી મોટી કહેવામાં આવેલ છે. તેથી તેઓ મહા ઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, યાવત્ મહાપ્રભાવવાળા હોય છે. એજ પ્રમાણે મહા ઋદ્ધિ વિગેરે વિશેષણો વાળા સનત્કુમાર દેવોથી લઈને અચ્યુત કલ્પ સુધીના દેવો હોય છે. ગ્રૈવેયક દેવોથી લઈને અનુત્તર વિમાનો સુધીના દેવા પણ મહર્દ્ધિક યાવત્ મહાપ્રભાવવાળા હોય છે. અને એ બધા ઈન્દ્ર વિનાના હોય છે. અને પોતેજ એક એકની સંખ્યામાં ઈન્દ્ર હોય છે. સૌધર્મ અને ઈશાન દેવોના શરીર બે પ્રકારના હોય છે. એક વૈક્રિય શરીર અને બીજુ અવૈક્રિય શરીર તેમાં જે વૈક્રિય શરીર હોય છે, અને તે પોતાની પ્રભાથી દશ દિશાને પ્રકાશિત કરતા તેને ઉદ્યોતિત કરતા યાવત્ પ્રતિ રૂપ હોય છે. અને જે અવૈક્રિય શરીર હોય છે તે આભૂષણો, વસ્રો વિનાના હોય છે. અને પ્રકૃતિસ્થ હોય છે. તેથી તેની શોભા નૈસર્ગિકી-સ્વાભાવિકી હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં દેવિયો તેમના શરીરો બે પ્રકારના હોય છે. એક વૈક્રિય શરીરવાળી અને બીજી અવૈક્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરવાળી તેમાં જે વૈક્રિય શરીર વાળી દેવિયો છે. તેઓ સોના વિગેરેથી બનવવામાં આવેલ નૂપુર વિગેરેના શબ્દોથી યુક્ત રહે છે. કિંકિણી-ઘુઘરિયો વિગેરેના શબ્દોથી વાચા યુકત અને સુંદર સુંદર વસ્ત્રોને સુંદર ઢંગથી પહેરી રાખે છે. તેઓના મુખ મંડળો ચંદ્રના જેવા સોહામણા રહે છે. તેઓનો ભાલ પ્રદેશ આઠમના અર્ધ ચંદ્રના જેવા મનોહર હોય છે. તેમના વિલાસ ચંદ્રમાના જેવા હોય છે. તથા ચંદ્રમાના દર્શનથી પણ વધારે સૌમ્ય પ્રકારનું તેમનું દર્શન હોય છે. તેઓ પ્રાસાદિક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય છે. તેમાં જે દેવિયો અવૈક્રિય શરીરવાળી હોય છે, તેઓ આભૂષણ અને વસ્ત્ર વિનાની હોય છે પરંતુ તેમના શરીરની શોભા સ્વાભાવિક પ્રકારની હોય છે. સનત્કુમાર કલ્પથી લઈને અચ્યુત કલ્પ સુધીના દેવોનું વર્ણન આજ કથન પ્રમાણે બન્ને પ્રકારની વિભૂષાવાળું છે. ગ્રૈવેયક દેવો પોતાના શરીરની શોભા આભૂષણો વિગેરે દ્વારા બનાવતા નથી કેમકે તેઓ આભરણાદિથી રહિત હોય છે. અનુત્તર વિમાન વાસી દેવોને પણ એક ભવધારણીય શરીરી જ હોય છે. તેથી તેઓ પણ ગ્રૈવેયક દેવોની જેમ પોતાના શરીરની શોભા આભૂષણ વિગેરે દ્વારા કરતા નથી. પરંતુ તેમને એ શરીરોની શોભા સ્વાભાવિક જ હોય છે. સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપ, ઈષ્ટ, ગંધ; ઈષ્ટ રસ, અને ઈષ્ટ સ્પર્શોનો અનુભવ કરતાં રહે છે. એ રીતનું આ કામભોગ સંબંધી કથન ગ્રૈવેયક વાસી દેવોના કથન પર્યન્ત સમજી લેવું. અનુત્તરોપપાતિક જે દેવો છે તેઓ અનુત્તર શબ્દોનો યાવત્ અનુત્તરસ્પર્શોના-સર્વથી વિશેષ પ્રકારના શબ્દાદિ વિષયોનો અનુભવ કરતા રહે છે.

સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો નૈરયિકોમાં ઉત્પન્ન થતા નથી. તેમજ તેઓ દેવોમાં પણ ઉત્પન્ન થતા નથી. પરંતુ તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. આ વિગેરે તમામ પ્રકાર નું કથન પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્ક્રાંતિપદમુજબ જાણવું. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં સઘળા પ્રાણો, સઘળા ભૂતો સઘળા જીવો, અને સઘળા જીવો, અને સઘળા સત્વો, અનંતવાર પૃથ્વીકાયિક પણાથી, દેવરૂપથી, દેવી રૂપથી અશન, શયન, યાવત્ ભાંડોપકરણ રૂપથી ઉત્પન્ન થઈ ચૂકેલ છે. બાકીના કલ્પોમાંપણ તેઓ આજ પ્રમાણે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચૂકેલા છે. પરંતુ સનત્કુમાર થી લઈને યાવત્ ગ્રૈવેયક સુધીના દેવોમાં એ સઘળા પ્રાણ, સઘણા ભૂત; સઘળા જીવ, અને સઘળા સત્વો દેવી પણા થી ઉત્પન્ન થયા નથી કેમ કે-અહીયાં તેનો ઉત્પાત થતો નથી. વિજય વૈજયન્ત, જયન્ત અને અપરાજીત ના દેવોમાં એ સઘળા પ્રાણ, ભૂત વિગેરે દેવી પણા થી ઉત્પન્ન થતા નથી. અને અનંત વાર દેવ પણા થી પણ ઉત્પન્ન થતા નથી, કેમ કે અહીયાં જીવો બે વાર થી વધારે વાર ઉત્પન્ન થતા નથી એજ પ્રમાણે સર્વાર્થ સિદ્ધ વિમાનો માં પણ પ્રાણાદિક દેવી પણા થી ઉત્પન્ન થતા નથી. તેમજ અનેક વાર દેવ રૂપથી પણ ઉત્પન્ન થતા નથી. કેમ કે અહીયાં એકજવાર ઉત્પાદ થાય છે. અને અહીયાં થી ચવેલા જીવ નો ઉત્પાદ મનુષ્ય ગતિમાં થઈને ત્યાંથી સીધા મોક્ષમાં ગમન કરે છે.

હે ભગવન્ નૈરયિક જીવોની કેટલા કાલની સ્થિતિ કહેવામાં આલેલ છે ? સામાન્યથી જધન્ય સ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે, તિર્યંચોની જઘન્યસ્થિતિ એક અંતર્મુહર્તની અને ઉત્કૃષ્ટસ્થિતિ ત્રણપલ્યોપમની છે. દેવોની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની અને ઉત્કૃષ્ટ થી તેત્રીસ સાગ રોપમની છે. અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યોની જઘન્ય સ્થિતિ એક અંતુર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટસ્થિતિ ત્રણ પલ્યોપમની છે. દેવ અને નૈરયિકોની જે જીવ સ્થિતિ છે, તેજ તેની સંચિટ્ઠણા-કાયસ્થિતિ છે કેમ કે-નૈરયિક જીવો નો ઉત્પાત સીધો નૈરયિકોમાં થતો નથી. એજ પ્રમાણે દેવ ચવીને સીધા દેવ પણાથી ઉત્પન્ન થતા નથી તિર્યક યોનિક જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્ત ની છે. અને ઉત્કૃષ્ટ થી વનસ્પતિ કાલ પ્રમાણની છે. મનુષ્યોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ થી પૂર્વ-કોટિ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમની છે. તિર્યગ્યોનિક જીવોનો અંતર કાળ અર્થાત્ વિરહ કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્ત નો છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ છે. મનુષ્યો સૌથી ઓછા છે. મનુષ્યોકરતાં નૈરયિકો અસંખ્યાત ગણા વધારે છે. નૈરયિકોના કરતાં દેવો અસંખ્યાતગણા વધારે છે.અને દેવોના કરતાં તિર્યક્ અનંતગણા વધારે છે. આ રીતે આ ચાર પ્રકારના સંસારી જીવો કહેવામાં આવેલ છે.

**પ્રતિપત્તિકઃ૩-દેવ-ની મુનિ દીપરત્નસાગરે ગુર્જર છાયા**

**પ્રતિપત્તિ-૩-ની ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિ :૪-પંચમી

[૩૪૪-૩૪૫] જેઓ એમ કહે છે કે -સંસારી જીવો પાંચ પ્રકારના છે તેમનું એવું કથન છે કે- એક ઈન્દ્રિયવાળા, યાવત્ પાંચ ઈન્દ્રિય વાળા જીવો આ પ્રમાણે આ સંસારી જીવો પાંચ પ્રકારના છે. એક ઈન્દ્રિયવાળા જીવો બે પ્રકારના કહયા છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક. એજ પ્રમાણેનું બે પ્રકાર પણું બેઈન્દ્રિય જીવથી લઈને પાંચઈન્દ્રિય વાળા સુધી સમજવું. એક ઈન્દ્રિય વાળા જીવની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષની છે. બેઈન્દ્રિય વાળા જીવની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી બાર વર્ષની છે ત્રણ ઈન્દ્રિયવાળા જીવની ૪૯ રાતદિવસની સ્થિતિ છે. ચારઈન્દ્રિય વાળા જીવની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત ની અને ઉત્કૃષ્ટ સ્થિતિ છ માસની કહેલ છે. તથા પાંચઈન્દ્રિય વાળા જીવની જઘન્યસ્થિતિ એક અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટસ્થિતિ તેત્રીસ સાગરોપમની છે. અપર્યાપ્તક એક ઈન્દ્રિય વાળા જીવની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અપેક્ષાથી એક અંતર્મુહૂર્તની છે, પરંતુ ઉત્કૃષ્ટસ્થિતિનું જે અંતર્મુહૂર્ત છે તે જઘન્ય સ્થિતિના અંતર્મુહૂર્તથી કંઈક ભિન્ન પ્રકારનું છે. આજ પ્રમાણેની જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાથી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌઈન્દ્રિય અને પંચેન્દ્રિય અપર્યાપ્તક જીવોની સ્થિતિ છે, પર્યાપ્ત એકેન્દ્રિયોની જઘન્ય સ્થિતિ તો એક અંતર્મુહૂર્ત ની છે. અને ઉત્કૃષ્ટસ્થિતિ એક અંતર્મુહૂર્તકમ વર્ષોની છે. બે ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયવાળા જીવોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ પહેલાં સામાન્ય પણાથી બતાવવામાં આવેલ છે. તેમાંથી એક એક પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિનું અંત મુહૂર્ત કમ કરવું જોઈએ એક ઈંદ્રિયવાળા જીવની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્ત ની છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણની છે. બે ઈંદ્રિયવાળા જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાલ પ્રમાણની છે. આજ પ્રમાણેની કાયસ્થિતિ ત્રણ ઈંદ્રિયવાળા અને ચાર ઈંદ્રિયવાળા જીવોની પણ છે. પાંચ ઈંદ્રિયવાળા જીવોની કાય સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર સાગરોપમની છે.

આ ઉત્કૃષ્ટ અપર્યાપ્તક એક ઈંદ્રિયવાળા જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી પણ એક અંતર્મુહૂર્તનો છે. પર્યાપ્તક એક ઈંદ્રિયવાળા જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત હજાર વર્ષોનો છે. પર્યાપ્તક બે ઈંદ્રિયવાળા જીવોની કાયસ્થિતિનું પ્રમાણ પણ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષોનું છે. પર્યાપ્તક તેઈંદ્રિય જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત રાત દિવસની છે. પર્યાપ્તક ચૌઈન્દ્રિય જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી તે સંખ્યાત માસોની છે. પર્યાપ્તક પંચેન્દ્રિય જીવની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરોપમ શત પૃથક્ત્વની છે. એક ઈન્દ્રિયના પર્યાયને છોડીને ફરીથી એક ઈન્દ્રિય પર્યાયને પ્રાપ્ત કરવામાં જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અંતર થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમનું થાય છે. દ્વીન્દ્રિય પર્યાયને છોડીને ફરીથી દ્વીન્દ્રિય પર્યાયને પ્રાપ્ત કરવામાં અંતરકાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો થાય છે અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણનું છે. આજ પ્રમાણે તેઈંદ્રિય અને પંચેન્દ્રિય પર્યાયને છોડીને ફરીથી પંચેન્દ્રિય પણાને પ્રાપ્ત કરવામાં અંતર કાળ હોય છે. અપર્યાપ્તક એક ઈંદ્રિયના પર્યાયને છોડીને ફરીથી તેને પ્રાપ્ત કરવામાં જઘન્ય અંતર એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમનું થાય છે. બે ઈંદ્રિય અપર્યાપ્તકના પર્યાયને છોડવાથી ફરીથી તેને પ્રાપ્ત કરવામાં જઘન્ય અંતર એક અંતર્મુહૂર્તનું છે, અને ઉત્કૃષ્ટથી અંતર વનસ્પતિકાલ પ્રમાણ થાય છે. એજ પ્રમાણે અપર્યાપ્તક પંચેન્દ્રિયના પર્યાયને છોડવાથી ફરીથી તેને પ્રાપ્ત કરવામાં તેનું અંતર સમજી લેવું.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ બધા જીવોમાં સૌથી ઓછા પંચેન્દ્રિય જીવ છે. આ પંચેન્દ્રિય જીવો કરતાં ચાર ઈન્દ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં ત્રણ ઈન્દ્રિયો વાળા, તેના કરતા બે ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં એક ઈન્દ્રિયવાળા જીવો અનંતગણા છે. સૌથી ઓછા પંચેન્દ્રિય અપર્યાપ્તક જીવ છે. તેના કરતાં ચાર ઈંદ્રિય વાળા અપર્યાપ્તક જીવો વિશેષાધિક છે. અપર્યાપ્તક ત્રણ ઈંદ્રિયવાળા જીવોનું પ્રમાણ અપર્યાપ્તક ચાર ઈંદ્રિયવાળા જીવોના કરતાં વિશેષાધિક છે. અપર્યાપ્તક તે ઈંદ્રિય જીવોના કરતાં અપર્યાપ્તક બે ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે.અપર્યાપ્ત બે ઈંદ્રિયવાળા જીવોના કરતાં એક ઈંદ્રિય અપર્યાપ્તક જીવો અનંત ગણા છે. સેન્દ્રિય પર્યાપ્તક જીવ વિશેષાધિક છે. પર્યાપ્તક ચાર ઈન્દ્રિયવાળા જીવો સૌથી ઓછા છે. તેના કરતાં પર્યાપ્તક પંચેન્દ્રિય જીવ વિશેષાધિક છે. તેના કરતાં દ્વીન્દ્રિય પર્યાપ્તક વિશેષાધિક છે તેના કરતા તેઈંદ્રિય પર્યાપ્તક જીવ વિશેષાધિક છે. તેના કરતાં એકેન્દ્રિય પર્યાપ્તક અનંતગણા વધારે છે. તથા સેંદ્રિય પર્યાપ્તક જીવ વિશેષાધિક છે. સૌથી ઓછા સેન્દ્રિય અપર્યાપ્તકો છે. અને તેના કરતાં સેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે એકેન્દ્રિય આદિ જાણવા. સૌથી ઓછા પર્યાપ્તક ચાર ઈંદ્રિયવાળા જીવો છે. તેના કરતાં પર્યાપ્તક પંચેન્દ્રિય વિશેષાધિક છે. તેના કરતાં પર્યાપ્તક તેઈંદ્રિય જીવ વિશેષાધિક છે. તેના કરતાં પંચેન્દ્રિય અપર્યાપ્તક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ચૌઈન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્તક જીવ વિશેષાધિક છે. તેના કરતાં તેઈંદ્રિય અપર્યાપ્તક વિશેષાધિક છે. તેના કરતાં બે ઈંન્દ્રિય અપર્યાપ્તક વિશેષા- ધિક છે. તેના કરતાં એકેન્દ્રિય અપર્યાપ્તક અનંતગણા વધારે છે, તેના કરતાં સેન્દ્રિય અપર્યાપ્તક જીવ વિશેષાધિક છે. તેના કરતાં એકેન્દ્રિય પર્યાપ્તક જીવ સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સેન્દ્રિય પર્યાપ્તક જીવ વિશેષાધિક છે. અને તેનાથી વિશેષાધિક સેન્દ્રિય છે, આ પ્રમાણે પાંચ પ્રકારના સંસારી જીવોના સંબંધમાં આ નિરૂપણ કરેલ છે.

**પ્રતિપત્તિ-૪-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જર છાયાપૂર્ણ**

## પ્રતિપત્તિ:૫-છવ્વિહ

[૩૪૯-૩૫૦]સંસારી જીવો છ પ્રકારના છે. પૃથિવીકાયિક, યાવત્ ત્રસકાયિક, આ રીતે આ છ સંસારી જીવો છે. હે ભગવન્ પૃથ્વીકાયિક જીવોનું શું સ્વરૂપ છે ? પૃથ્વીકાયિક બે પ્રકારના કહેવામાંઆવેલછે. સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથિવિ કાયિક. સૂક્ષ્મ પૃથ્વીકાયિક બે પ્રકારના છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક એજ પ્રમાણે બાદર પૃથ્વીકાયિક પણ પર્યાપ્તક અને અપર્યાપ્તકના એજ પ્રમાણે આ પ્રકારના ચાર ભેદોવાળા અપ્કાયિક યાવત્ વનસ્પતિકાયિક હોય છે. ત્રસકાયિક જીવ કેટલા પ્રકારના છે ? ત્રસકાયિક જીવ બે પ્રકારના કહ્યા છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક. ત્રસ પૃથ્વીકાયિક જીવની ભવસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી ૨૨ બાવીસ હજાર વર્ષનીછે. અપ્કાયિકની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી સાત હજાર વર્ષની છે, તેજસ્કાયિકની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી ત્રણ રાત દિવસની છે. વાયુકાયિકની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી ત્રણ હજાર વર્ષની, વનસ્પતિકાયની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી દસ હજાર વર્ષની, ત્રસ કાયિક જીવની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ૩૩-સાગરો પમની છે અપર્યાપ્તક પૃથ્વીકાયિક, અપ્કાયિક તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક આ બધાની અને અપર્યાપ્તક ત્રસકાયિક જીવની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. પૃથ્વીકાયિક જીવની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળની છે. યાવત્ અસંખ્યાત લોક પ્રમાણ છે. એજ પ્રમાણે અપ્કાયિક યાવત્ વાયુકાયિક જીવની કાયસ્થિતિનો કાળ કહ્યો છે. અને વનસ્પતિકાયિક જીવની કાયસ્થિ તિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી તે અનંતરૂપ છે. ત્રસકાયિક જીવની કાય સ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમનો છે. છ એ અપર્યાપ્તક જીવોની ભવસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. ઉત્કૃષ્ટથી પણ એકજ અંતર્મુહૂર્તની છે. પરંતુ જઘન્ય સ્થિતિના અંતર્મુહૂર્તથી આ ઉત્કૃષ્ટ સ્થિતિનું અંતર્મુહૂર્ત મોટું લેવામાં આવેલ છે. પર્યાપ્ત પૃથ્વી કાયિક, અપ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક આ બધાની કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષની છે. તેજસ્કાયિકની સંખ્યાત રાત દિવસની છે. અને ત્રસકાયિકની કાય સ્થિતિ કંઈક વધારે શત સાગરોપમ પૃથક્ત્વની છે. પર્યાપ્તક દ્વીન્દ્રિય વિગેરેના સંબંધ માં આજ પ્રમાણે કાયસ્થિતિનું કથન કરી લેવું જોઈએ. પૃથ્વીકાયિકનો અંતરકાળ જઘન્ય થી એક અંતર્મુહૂર્તનો છે, અને ઉત્કૃષ્ટથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનસ્પતિકાળ પ્રમાણે છે. એજ પ્રમાણે અપ્કાયિક તેજસ્કાયિક, વાયુકાયિક, અને ત્રસકાયિકનો અંતરકાળ પણ વનસ્પતિ કાળ પ્રમાણનો સમજવો. વનસ્પતિકાયિકનો અંતરકાળ પૃથ્વીકાયિકના અંતર કાળ પ્રમાણેનો છે. એજ પ્રમાણે અપર્યાપ્તક જીવોનો અંતરકાળ પણ વનસ્પતિકાળ પ્રમાણનો છે.

[૩૫૧-૩૫૫] સૌથી ઓછા ત્રસ કાયિક જીવો છે. તેના કરતાં તેજસ્કાયિક જીવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા પૃથ્વીકાયિક જીવો વિશેષાધિક છે. તેના કરતાં અપ્કાયિક જીવો વિશેષાધિક છે. તેના કરતાં વાયુકાયિક જીવ વિશેષાધિક છે. તેના કરતાં વનસ્પતિકાયિક જીવ અનંતગણા છે. એજ પ્રમાણે અપર્યાપ્તક પૃથ્વીકાયિક વિગેરે છએનું અલ્પ બહુપણું સમજવું આજ પ્રમાણેનું કથન પર્યાપ્તકોના સંબંધમાં પણ કહી લેવું જોઈએ. સૌથી ઓછા અપર્યાપ્તક પૃથ્વીકાયિક જીવ છે. અને અપર્યાપ્તક પૃથ્વીકાયિક કરતાં પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ સંખ્યાતગણા વધારે છે. પૃથ્વીકાયિકોમાં સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદો થાય છે. અને એ પર્યાપ્તક અને અપર્યાપ્તક હોય છે. અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક સૌથી ઓછા છે. તથા જે સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવ પર્યાપ્તક છે તે એના કરતાં સંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે બાદર અપર્યાપ્તક પૃથ્વીકાયિકોમાં અને બાદર પર્યાપ્તક પૃથ્વીકાયિકોમાં સમજી લેવું. એજ પ્રમાણે અપ્કાયિકોમાં યાવત્ વનસ્પતિકાયિકોમાં જે અપર્યાપ્તક જીવ છે તેઓ સૌથી ઓછા છે. અને પર્યાપ્તક જીવ છે તે સંખ્યાતગણા વધારે છે. પરંતુ ત્રસકાયિકોમાંએ પ્રમાણે નથી. પર્યાપ્તક જે ત્રસકાયિક જીવો છે તેઓ સૌથી ઓછા છે. અને અપર્યાપ્તક જે ત્રસકાયિક જીવ છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. પર્યાપ્ત ત્રસકાયિક જીવ સૌની થોડા છે, અને અપર્યાપ્તક ત્રસકાયિક જીવ તેના કરતાં અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જે અપર્યાપ્ત તેજસ્કાયિક જીવ છે. તેઓ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં જે અપર્યાપ્તક પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વાયુકાયિક જીવ છે. તે બધા વિશેષાધિક છે. તેના કરતા પર્યાપ્તક તેજસ્કાવિક સંખ્યાત ગણા વધારે છે. તેના કરતા પર્યાપ્તક પ્રથ્વિકાવિક, અપ્કાવિક અને વાયુ કાયિકજીવો વિશેષાધિક છે. પર્યાપ્તક વાયુકાયિકોના કરતાં અપર્યાપ્તક વનસ્પતિકાયિક જીવ અનંતગણા છે. અપર્યાપ્તક વનસ્પતિ કાયિકોના કરતાં અપ યપ્તિક સકાયિક વિશેષાધિક છે. તેના કરતાં વનસ્પતિકાયિક જીવ સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્તક સકાયિક વિશેષાધિક છે.

સૂક્ષ્મજીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. સૂક્ષ્મપૃથ્વી કાયિક, સૂક્ષ્મઅપ્કાયિક સૂક્ષ્મતેજસ્કાયિક, સૂક્ષ્મવાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને નિગોદ આ બધાની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એક એક અંતર્મુહૂર્તની છે. આ રીતે અપર્યાપ્તક સંબંધી સપ્ત સૂત્રી અને પર્યાપ્ત વિષયક સપ્ત સૂત્રી પણ કહીલેવી જોઈએ. સૂક્ષ્મ જીવની કાય સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ અને અસંખ્યાત લોક પ્રમાણ છે. એજ પ્રમાણે સમસ્ત પૃથ્વી વિગેરે જીવોની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ પ્રમાણની યાવત્ અસંખ્યાત લોક પ્રમાણની છે. અપર્યાપ્તક અવસ્થા વાળા જેટલા સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો છે. તેમની કાયસ્થિતિનો કાળ જઘન્યથી પણ અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્તનો છે. જેટલા પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો છે. તેમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી પણ એક અંતર્મુહૂર્ત નો છે. હે ભગવન્ સૂક્ષ્મ જીવનો અંતકાળ કેટલા કાળનો કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અંતર હોય છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળનું અંતર હોય છે. આ સંખ્યાત કાળમાં અસંખ્યાત ઉત્સર્પિ ણીયો અને અસંખ્યાત અવસર્પિણીયો આવી જાય છે. સૂક્ષ્મપૃથ્વીકાયિક નું અંતર જઘન્યથી તો એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી અનન્તકાળનું અંતર છે. એ જ પ્રમા ણેનું અંતર સૂક્ષ્મ અપ્કાયિકનું સૂક્ષ્મ તેજસ્કાયિકનું સૂક્ષ્મ વાયુકાયિકનું પણ સમજવું. સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળનું અંતર છે. આ અસંખ્યાત પૃથ્વીકાયિક કાલ પ્રમાણનું છે. એજ પ્રમાણેનું અંતર સૂક્ષ્મ નિગોદનું પૃથ્વીકાયિક વિગેરેનું અંતર વનસ્પતિકાળ પ્રમાણ છે.

સૂક્ષ્મ તેજસ્કાયિક જીવ સૌથી ઓછો છે. તેના કરતાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ વિશેષાધિક છે. સૂક્ષ્મ અપ્કાયિક અને સૂક્ષ્મ વાયુકાયિક સૂક્ષ્મ પૃથ્વી કાયિકોના કરતાં વિશેષાધિક છે. સૂક્ષ્મ અપ્કાયિકોના કરતાં સૂક્ષ્મ વાયુકાયિકોનું પ્રમાણ વિશેષાધિક સૂક્ષ્મ નિગોદ તેના કરતાં અસંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવ તેના કરતાં અનંતગણા વધારે છે. તેના કરતા જે સામાન્ય સૂક્ષ્મ જીવ છે. તે વિશેષાધિક છે. અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાય વિગેરેનું અલ્પ બહુત્વ પણ આજ પ્રમાણે છે. સૂક્ષ્મ અવસ્થા વાળા પર્યાપ્તક અને સૂક્ષ્મ અવસ્થાવાળા અપર્યાપ્તકોમાં સૌથી ઓછા સૂક્ષ્મ અપ-ર્યાપ્તકો છે અને પર્યાપ્તક તેનાથી અસંખ્યાતગણા વધારે છે. સૌથી ઓછા અપર્યા પ્તક તેજસ્કાયિક જીવો છે. અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિકોના કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તક અપ્કાયિ વિશેષાધિક અપર્યાપ્તક અપ્કાયિકોના કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તક વાયુકા યિકો વિશેષાધિક છે. સૂક્ષ્મ અપર્યાપ્તક વાયુકાયના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તક તેજસ્કાયિક સંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ પર્યાપ્તકતેજસ્કાયિકોના કરતાં પર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વી કાયિક, પર્યાપ્તક, સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તક સૂક્ષ્મ વાયુકાયિક એ બધા પરસ્પર વિશે ષાધિક છે. પર્યાપ્તક સૂક્ષ્મ વાયુકાયિકોના કરતા સૂક્ષ્મ અપર્યાપ્તક નિગોદ અસંખ્યાત ગણા વધારે છે. સૂક્ષ્મ અપર્યાપ્તક નિગોદોના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તક નિગોદ સંખ્યાત ગણા વધારે છે. સૂક્ષ્મ પર્યાપ્તક નિગોદોના કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તક વનસ્પતિકાયિક અનંતગણા વધારે છે. સૂક્ષ્મ અપર્યાપ્તક વનસ્પતિકાયિકોના કરતાં સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તક વિશેષાધિક છે.

[૩૫૬-૩૬૦] બાદરાદિ નામકર્મવાળા જીવની સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની છે. વિશેષ પણું છે તે આ પ્રમાણે છે.-બાદર અપ્કાયિકની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષની છે. બાદર તેજસ્કાયિકની સ્થિતિ ત્રણ રાત દિવસની છે. બાદર વાયુકાયિકની સ્થિતિ ત્રણ હજાર વર્ષની છે. સામાન્યથી બાદર વનસ્પતિકાયિકની સ્થિતિ દસહજાર વર્ષની છે. સામાન્ય પણાથી નિગોદ જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરો પમની છે. હવે બાદર ૧, બાદર પૃથ્વીકાયિક ૨, બાદર અપ્કાયિક ૩, બાદર તેજસ્કાયિક ૪, બાદર વાયુકાયિક ૫, બાદર વનસ્પતિકાયિક ૬, પ્રત્યેક વનસ્પતિ કાયિક ૭, ત્રસકા યિક ૮, નિગોદ ૯, અને બાદર નિગોદ ૧૦, આ બધા જ્યારે અપર્યાપ્તાવસ્થા વાળા હોય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ત્યારે તેઓની સ્થિતિ જઘન્ય અનેઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્તનીજ હોય છે. અને જ્યારે તેઓ પર્યાપ્ત અવસ્થા વાળા હોય છે. ત્યારે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત કમ કરીને સમજવી. બાદરકાયિક બાદકાયિક અવસ્થામાં ઓછામાં ઓછું એક અંતર્મુહૂર્ત સુધી રહે છે.અને વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી રહે છે. બાદર પૃથ્વીકાયિકની કાય સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી સિત્તેર સાગરોપમ કોટી કોટીની છે. આજ પ્રમાણેની કાયસ્થિતિ બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક, અને બાદર વાયુકાયિક જીવોની પણ છે. સામાન્ય બાદર વનસ્પતિ કાયિક જીવની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ થી અસંખ્યાત કાળની છે. આ અસંખ્યાત કાળમાં અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અસંખ્યાત અવસર્પિણીયોનો સમાવેશ થઈ જાય છે. તથા આંગળના અસંખ્યાતમાં ભાગમાં જેટલા પ્રદેશો છે. એ પ્રદેશોને એક એક સમયમાં એક એક પ્રદેશ ત્યાંથી ખાલી કરવામાં જેટલો કાળ પૂરેપૂરા ખાલી કરવા લાગે છે. એટલા કાળમાં તે સમાપ્ત થઈ જાય છે.

પ્રત્યેક બાદર વનસ્પતિકાયની સ્થિતિ બાદર પૃથ્વીકાયિકની જેમ જઘન્યથી એક અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તર કોડા કોડી સાગરની છે. સામાન્ય નિગોદ જીવની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી અનંતકાળની છે. આ અનંત કાળમાં અનંત ઉત્સર્પિણીયો અને અનંત અવસર્પિણીયો થઈ જાય છે. તથા ક્ષેત્રની અપેક્ષાથી અઢી પુદ્ગલ પરાવર્ત થઈ જાય છે. બાદર નિગોદ જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોડા કોડી સાગરનો છે. બાદર ત્રસકાયિકની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમની છે. બાદર પર્યાપ્તની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી પણ એક જ અંતર્મુહૂર્તનો છે. આ રીતે આ દસેની અપર્યાપ્તાવસ્થામાં કાયસ્થિતિનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એક એક અંત મુહૂર્તનો છે. બાદર પર્યાપ્તની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરોપમ શત પૃથક્ત્વનો છે. પર્યાપ્તક બાદર પૃથ્વીકાયિકની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત હજાર વર્ષોની છે. પર્યાપ્તક અપ્કાયિકની કાયસ્થિતિ પણ એજ પ્રમાણેની છે. પર્યાપ્તક તેજસ્કાયિકની કાયસ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત રાત દિવસની છે. પર્યાપ્ત વાયુકાયિકની સામાન્ય બાદર વનસ્પતિકાયિકની અને પ્રત્યેક બાદર વનસ્પતિ કાયિકની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બાદર પર્યાપ્તક પૃથ્વીકાયિકના સૂત્રમાંજે પ્રમાણે કહેવામાં આવેલ છે. એજ પ્રમાણેની છે. સામાન્યથી નિગોદની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તની છે. બાદર ત્રસ પર્યાપ્તકની કાયસ્થિતિ જઘન્ય થી એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરોપમ શત પૃથક્ત્વની છે.

[૩૬૧-૩૬૪] સામાન્યબાદરનો, બાદરવનસ્પતિકાયિકનો, નિગોદનો અને બાદર નિગોદનો આ ચારેનો અંતકરકાળ પૃથ્વીકાળ પ્રમાણનો યાવત્ અસંખ્યાત લોક પ્રમાણ થાય છે. બાકીના બાદર પૃથ્વીકાયિક વિગેરેનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પરિમાણ છે. બાદર પૃથ્વીકાયિકના કથન પ્રમાણે બધાજ પર્યાપ્તકોનું અંતર સમજી લેવું. સામાન્યપણાથી બાદર વનસ્પતિકાયિકોનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામાન્યપણાથી નિગોદનું અને બાદર નિગોદોનું અંતર અસંખ્યાત કાળનું થાય છે. બાદર પૃથ્વીકાયિકોનું અંતર વનસ્પતિ કાળ પ્રમાણનું છે. બાદર ત્રસકાયિક સૌથી અલ્પ છે. આ બાદર ત્રસ શેષકાયિક જીવોથી અલ્પ છે. તેના કરતાં બાદર તેજસ્કાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય અસંખ્યાત ગણા વધારે છે.પ્રત્યેકશરીર બાદરવનસ્પતિકાયિકોનાકરતાંબાદર નિગોદ અસંખ્યાત ગણા વધારે છે. બાદર નિગોદના કરતા બાદર પૃથ્વીકાયિક અસંખ્યાત ગણા છે. તેના કરતાં બાદર અપ્કાયિક, બાદર વાયુકાયિક, અસંખ્યાતગણા વધારે, તેના કરતાં બાદરવનસ્પતિકાયિક અનંતગણા વધારે, તેનાકરતાં સામાન્ય બાદર વધારે છે.

હવે બીજા અલ્પ બહુત્વનું કથન અપર્યાપ્તક બાદર ત્રસકાયિક જીવ સૌથી ઓછા છે. તેના કરતાં અપર્યાપ્તકબાદરતેજસ્કાયિકજીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તકપ્રત્યેકશરીરબાદરવનસ્પતિ કાયિકજીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપયપ્તિકબાદરનિગોદ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા કરતાં અપર્યાપ્તક બાદર પૃથ્વીકાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તક બાદરઅપ્કાયિકજીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તકબાદરવાયુ-કાયિકજીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તક સામાન્ય બાદર વિશેષાધિક છે.

ત્રીજા અલ્પ બહુત્વનું કથન-સૌથી ઓછા પર્યાપ્ત બાદર તેજસ્કાયિક છે. તેના કરતાં બાદરપર્યાપ્તત્રસકાયિક અસંખ્યાતગણા વધારે છે. પ્રત્યેકશરીરબાદરવન સ્પતિ કાયિકપર્યાપ્ત જીવ અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં બાદરપર્યાપ્તનિગોદ અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં બાદરપૃથ્વીકાયિકપર્યાપ્ત જીવ અસંખ્યાત ગણા વધારેછે. તેના કરતાં બાદરઅપ્કાયિકપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદરવાયુકાયિકપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર વનસ્પતિકાયિકપર્યાપ્તકજીવો અનં ગણા છે. તેના કરતાં સામાન્ય બાદર પર્યાપ્તક જીવ વિશેષાધિક છે.

ચોથું અલ્પબહુત્વ- સૌથી ઓછા બાદર પર્યાપ્તકો છે. તેના કરતાં બાદર અપર્યાપ્તક અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તક સંખ્યાતગણા વધારે છે.

પાંચમું અલ્પબહુત્વ- સૌથી ઓછા પર્યાપ્ત બાદર તેજસ્કાયિક જીવ છે. તેના કરતાં બાદર ત્રસકાયિક પર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્ત બાદર નિગોદ જીવ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં બાદર પૃથ્વી કાયિક પર્યાપ્ત જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર વાયુકાયિકના પર્યાપ્ત અસંખ્યાતગણા છે. પર્યાપ્ત બાદરવાયુકાયિકના કરતાં બાદરતેજસ્કાયિકઅપર્યાપ્તકજીવ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં પ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકઅપર્યાપ્તક અસંખ્યાત ગણા વધારેછે. અપર્યાપ્તકબાદરનિગોદોના કરતાં અપર્યાપ્તકબાદરપૃથ્વીકાયિક વધુ છે તેના કરતા અપર્યાપ્તક અપર્યાપ્તકબાદરઅપ્કાયિક વધુ છે તેના કરતાં અપર્યાપ્ત કબાદરવાયુકાયિકોઅસંખ્યાતગણા વધારેછે. અપર્યાપ્તકબાદરવાયુકાયિકો કરતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાપ્તકબાદરવનસ્પતિકાયિક અનંતગણા વધારેછે. તેના કરતાં સામાન્ય બાદર પર્યાપ્તક જીવ વિશેષધિક છે. સામાન્ય પર્યાપ્તક જીવોના કરતાં બાદર વનસ્પતિ અપર્યાપ્તક જીવ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તક બાદર જીવો વિશેષાધિક તેના કરતાં બાદર પર્યાપ્તકજીવ વિશેષાધિક છે.

હવે સૂક્ષ્મ બાદર જીવોનું અલ્પ બહુત્વ કહેવામાં આવે છે. સૌથી ઓછા બાદર ત્રસકાયિક જીવ છે. તેના કરતાં બાદર તેજસ્કાયિક જીવ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં પ્રત્યેક બાદર વનસ્પતિ કાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં યાવત્ બાદર નિગોદ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગણા છે. તેના કરતાં બાદર અપ્કાયિક અસંખ્યાતગણા વધારે છે. અને તેના કરતાં બાદર વાયુકાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ તેજસ્કાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ વિશેધિક છે. તેના કરતાં સૂક્ષ્મ અપ્કાયિક જીવ વિશેષાધિક છે. અને તેના કરતાં સૂક્ષ્મનિગોદ અસંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ નિગોદોના કરતાં બાદર વનસ્પતિકાયિક જીવ અનંત છે તેના કરતાં સામાન્ય બાદર જીવ વિશેષાધિક છે. સામાન્ય બાદર જીવોના કરતાં સૂક્ષ્મ વનસ્પતિ કાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ વનસ્પતિ કાયિક જીવોના કરતાં સામાન્ય સૂક્ષ્મ જીવ વિશેષાધિક એજ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત આ બન્ને પ્રકારના સૂક્ષ્મ બાદર જીવોનું અલ્પ બહુત્વ વિગેરે સમજી લેવું અહીંયાં અંતર એટલું જ છે કે-બાદર તેજસ્કાયિક પર્યાપ્ત જીવ સૌથી ઓછા છે. પર્યાપ્ત તેના કરતા પર્યાપ્ત બાદર ત્રસકાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્તક પ્રત્યેકશરીર બાદરવનસ્પતિકાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. બાકીનું કથન પહેલાં કહ્યા પ્રમાણે જ છે. સૌથી ઓછા બાદર પર્યાપ્તક જીવ છે. બાદર અપર્યાપ્તક જીવ અસંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ અપર્યાપ્તકો સૌથી ઓછા છે. તેના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તકો સંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ પૃથ્વીકાયિક સૌથી થોડા છે. બાદર પૃથ્વીકાયિક સંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે અપ્કાયિકો, વાયુ કાયિકોમાં. અને નિગોદોમાં સૂક્ષ્મ સૌથી ઓછા છે અને બાદર સંખ્યાતગણા વધારે છે. વિશેષતા એ છે કે-પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો વિશેષાધિક છે.

સૌથી ઓછા સામાન્ય પર્યાપ્તક જીવ છે. અને અપર્યાપ્તક જીવ તેના કરતાં અસંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે બાદર ત્રસકાયિક પર્યાપ્તક પણ સૌથી ઓછા છે. અને બાદર ત્રસ કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. સૌથી ઓછા પર્યાપ્ત બાદર તેજસ્કાયિક જીવ છે. બાદર તેજસ્કાયિકોના કરતાં બાદર ત્રસકાયિક પર્યાપ્તક જીવો અસંખ્યાતગણા વધારે છે. જેઓ પર્યાપ્ત અવસ્થામાં સૌથી અલ્પ છે, એજ અપર્યાપ્ત અવસ્થામાં અસંખ્યાતગણા વધારે અપર્યાપ્તક બાદર ત્રસકાયિકોના કરતાં પ્રત્યેક શરીર બાદર અપર્યાપ્તક વનપતિકાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્તબાદરનિગોદ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્તક અપ્કાયિક જીવ અસંખ્યાત ગણા વધારે છે. તેનાં કરતાં પર્યાપ્તક વાયુકાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર તેજસ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં પ્રત્યેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરબાદરવનસ્પતિ કાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર પૃથ્વી કાયિક અપર્યાપ્તક, તેના કરતાં બાદર અપ્કાયિક અપર્યાપ્તક, તેના કરતાં પણ બાદર કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તક સૂક્ષ્મ તેજસ્કાયિક અસંખ્યાતગણા વધારે તેના કરતાં અપર્યાપ્તક સૂક્ષ્મપૃથ્વીકાયિક તેના કરતાં અપર્યાપ્તક સૂક્ષ્મ અપ્કા યિક તેના કરતાં અપર્યાપ્તક વાયુકાયિક એ બધા ક્રમશઃ પછિ પછિના વિશેષાધિક થતા ગયેલ છે. સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તકના કરતાં પર્યાપ્તક સૂક્ષ્મ તેજસ્કાયિક સંખ્યાત ગણા વધારે તેના કરતાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક તેના કરતાં સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા પર્યાપ્તક બાદર વનસ્પતિકાયિક જીવ અનંતગણા છે બાદર વનસ્પતિ કાયિક જીવ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદોના કરતાં અનંતગણા વધારે છે. સામાન્ય બાદર પર્યાપ્તક, પર્યાપ્તક બાદર વનસ્પતિકાયિકોના કરતાં વિશેષાધિક છે, સામાન્ય પર્યાપ્ત કોના કરતાં અપર્યાપ્તક બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા વધારે તેના કરતાં બાદર અપર્યાપ્તક વિશેષાધિક છે. બાદર અપર્યાપ્ત કોના કરતાં સામાન્ય બાદર જીવ વિશેષાધિક સામાન્ય બાદર જીવોના કરતાં અપ ર્યાપ્તક સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપર્યાપ્તક સૂક્ષ્મ જીવ વિશેષાધિક છે. અપર્યાપ્તક સૂક્ષ્મ જીવોના કરતાં સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તક જીવ સંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મપર્યાપ્તક વનસ્પતિકાયિકોના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તક જીવ વિશેષાધિક છે. પર્યાપ્તક જીવોના કરતાં સામાન્ય સૂક્ષ્મ જીવ વિશેષાધિક છે.

હે ભગવન્ ! નિગોદ જીવ કેટલા પ્રકારના કહેલામાંઆવેલ છે ? હે ગૌતમ ! નિગોદ બે પ્રકારના કહેવામાં આવેલ છે. જેમકે એક નિગોદ અને બીજા નિગોદ જીવોના આશ્રયસ્થાન રૂપ જે હોય તે નિગોદ કહેવાય છે. અને જેટલા તૈજસ અને કાર્મણ ભિન્ન હોય છે તે નિગોદ જીવ છે. નિગોદ બે પ્રકારના કહેલામાં આવેલ છે. સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ સમસ્ત લોકમાં સૂક્ષ્મ નિગોદ તલમાં તેલની જેમ ભરેલા રહે છે. મૂળ કન્દ વિગેરે રૂપ જે જીવ વિશેષ છે, તે બાદર નિગોદ છે. સૂક્ષ્મ નિગોદ બે પ્રકારના કહેવામાં આવેલ છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક એજ પ્રમાણે બાદર નિગોદ પણ બે પ્રકારના કહેવામાં આવેલ છે. બાદર પર્યાપ્તક અને બાદર અપર્યાપ્તક. હે ભગવન્ ! દ્રવ્ય રૂપે નિગોદ-જીવાશ્રય વિશેષ શરીર રૂપ નિગોદ શું સંખ્યાત છે ? અથવા અસંખ્યાત છે ? કે હે ગૌતમ ! નિગોદ સંખ્યાત નથી. અને અનંત પણ નથી. પરંતુ અસંખ્યાત છે. એજ પ્રમાણે પર્યાપ્તક નિગોદ પણ સંખ્યાત નથી. અનંત પણ નથી. પરંતુ અસંખ્યાત છે. એજ પ્રમાણે અપર્યાપ્તક નિગોદ પણ અસંખ્યાતજ છે. અનંત કે સંખ્યાત નથી. સૂક્ષ્મ નિગોદ જીવો સંખ્યાત નથી. તેમજ અનંત પણ નથી કિંતુ અસંખ્યાત છે. એજ પ્રમાણે બાદર નિગોદ જીવ અને તેના ભેદ રૂપ પર્યાપ્તક અને અપર્યાપ્તક ભેદો પણ અસંખ્યાતજ છે. નિગોદ પ્રદેશોની દૃષ્ટિથી સંખ્યાત નથી તેમજ અસંખ્યાત પણ નથી. પણ અનંત છે. એજ પ્રમાણે સૂક્ષ્મ નિગોદ પણ અને તેના પર્યાપ્તક અને અપર્યાપ્તક ભેદો પણ પ્રદેશોની દૃષ્ટિથી અનંતજ છે. સંખ્યાત કે અસંખ્યાત હોતા નથી. એજ પ્રમાણે બાદર નિગોદ અને તેના પર્યાપ્તક અપર્યાપ્તક ભેદો પણ પ્રદેશ પણાથી અનંત જ છે. સંખ્યાત કે અસંખ્યાત નથી. એજ પ્રમાણે પ્રદેશપણાથી નવ પ્રકારના નિગોદ જીવો પણ અનંત જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદર નિગોદ પર્યાપ્તક દ્રવ્ય દૃષ્ટિથી સૌથી ઓછા છે. તેના કરતાં જે અપર્યાપ્તક બાદર નિગોદ છે. તેઓ દ્રવ્યપણાથી અસંખ્યાતગણા વધારે તેના કરતા જે સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક જીવ છે તેઓ દ્રવ્યપણાથી અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક છે તેઓ દ્રવ્ય પણાથી અસંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે પ્રદેશ પણાથી પણ સમજવું. એક કર્મપ્રકૃતિનું બીજી કર્મપ્રકૃતિમાં પ્રયત્ન પૂર્વક જે પરિણમન થઈ જાય છે. તેનું નામ સંક્રમ છે. આ સંક્રમમાં મૂલોક્ત ક્રમથી અલ્પ બહુ પણું છે. આ સંક્રમ યાવત્ દ્રવ્ય પણાથી જે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક જીવ છે. એ જીવોના કરતાં પર્યાય દૃષ્ટિથી બાદર નિગોદપર્યાપ્ત જીવ અસંખ્યાતગણા વધારે છે. બીજું સઘળું કથન પહેલા જેમ કહેવામાં આવેલ છે એજ પ્રમાણે છે. બાદર નિગોદોમાં જે પર્યાપ્તક જીવો છે તેઓ દ્રવ્યપણાથી સૌથી ઓછા તેના કરતાં બાદર નિગોદ અપર્યાપ્તક જીવ દ્રવ્યપણાથી અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા સૂક્ષ્મ નિગોદોમાં જે પર્યાપ્તક જીવો છે તેઓ દ્રવ્યપણાથી અસંખ્યાતગણા વધારે છે. સૂક્ષ્મ નિગોદોમાં જેઓ પર્યાપ્તકો છે તેઓ તેના કરતાં દ્રવ્યપણાથી સંખ્યાતગણા વધારે છે. પ્રદેશપણાથી વિચાર કરતાં બાદર નિગોદોમાં જે પર્યાપ્તક જીવ છે તેઓ સૌથી ઓછા બાદર નિગોદોમાં જે અપર્યાપ્તક જીવો છે તેઓ પ્રદેશપણાથી પહેલાના કરતાં અસંખ્યાતગણા વધારે છે. દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થ પણાથી વિચાર કરવામાં આવતાં બાદર નિગોદોમાં જે પર્યાપ્તક જીવ છે, તે દ્રવ્યાર્થથી સૌથી ઓછા છે. તેના કરતાં બાદર નિગોદોમાં જે અપર્યાપ્તક છે તેઓ આ દ્રવ્યાર્થના કરતાં અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ નિગોદોમાં જે પર્યાપ્તકો છે તેઓ દ્રવ્યાર્થથી સંખ્યાતગણા વધારે છે. આ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદોના કરતાં બાદર નિગોદોમાં જે પર્યાપ્તક જીવો છે. તે તે દ્રવ્ય દૃષ્ટિથી અનંતગણા છે. તેના કરતાં બાદર નિગોદ અપર્યાપ્તક દ્રવ્યદૃષ્ટિથી અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં બાદર નિગોદોમાં જે અપર્યાપ્તકો છે, તેઓ દ્રવ્ય દૃષ્ટિથી અસંખ્યાતગણા વધારે છે તેમનાથી જે સૂક્ષ્મ નિગોદોમાં અપર્યાપ્તક જીવ છે તેઓ દ્રવ્ય દૃષ્ટિથી અસંખ્યાતગણા વધારે છે તેમનાથી જે સૂક્ષ્મ નિગોદોમાં અપર્યાપ્તક જીવ છે તેઓ દ્રવ્યદૃષ્ટિથી અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં જે પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ છે. તેઓ દ્રવ્યદૃષ્ટિથી સંખ્યાત ગણા વધારે છે. આ પર્યાપ્તક સૂક્ષ્મ જીવોના કરતાં બાદર નિગોદ પર્યાપ્તક જીવ પ્રદેશ દૃષ્ટિથી અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ નિગોદોમાં જે પર્યાપ્તક જીવો છે, તેઓ પ્રદેશ પણાથી સંખ્યાતગણા વધારે છે. આ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવોના કરતાં જેનો વિચાર પ્રદેશ દૃષ્ટિથી કરવામાં આવેલ છે તે બાદર નિગોદ પર્યાપ્તકજીવ પ્રદેશાર્થ-પણાથી અનંતગણા વધારે છે. તેનાકરતાં બાદરનિગોદ અપર્યાપ્તક પ્રદેશાર્થપણાથી અસંખ્યાતગણા વધારે છે. તેનાકરતાં ,સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તક પ્રદેશાર્થપણાથી અસંખ્યાતગણા વધારે છે. તેનાકરતાં સૂક્ષ્મનિગોદ પર્યાપ્તકજીવ પ્રદેશાર્થપણાથી સંખ્યાતગણા વધારે છે. આમ આ છ ભેદે સંસારી જીવો છે.

**પ્રતિપત્તિ : ૫-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિ : ૬ -સત્તવિહ

[૩૬૫]કેટલાક પૂર્વાચાર્યોએ એવું કહેલ છે સંસારી જીવો સાત પ્રકારના છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નૈરયિક, મનુષ્ય, તિર્યંચો-તિર્યંચસ્રીઓ, માનુષી, દેવ, દેવિયો, નૈરયિક જીવની સ્થિતિ જઘન્યથી દસહજાર વર્ષની છે. અને ઉત્કૃષ્ટથી તેત્રીસસાગરોપમની તિર્યગ્યોનિક જીવની સ્થિતિ જઘન્યથી એક અંતમુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે. મનુષ્ય યોનિક જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ યથા ક્રમ એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની છે. દેવોની સ્થિતિ નૈરયિકોની જે પ્રમાણે સ્થિતિ કહેવામાં આવેલ છે. એજ પ્રમાણોની છે. દેવિયોની સ્થિતિ જઘન્યથી દસ હજાર વર્ષની છે. ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમની છે. નૈરયિક જીવોની તથા દેવ અને દેવિયોની જે ભવસ્થિતિ છે, એજ તેમની કાયસ્થિતિ છે. હે ભગવન્ ! નૈરયિક પર્યાય છોડયા પછી ફરીથી નૈરયિક પર્યાયને મેળવવા માટે કેટલા કાળનું અંતર-વ્યવધાન પડે હે ગૌતમ ! નૈરયિક પર્યાયથી નીકળેલા જીવને ફરીની નૈરયિક પર્યાયની પ્રાપ્તિ કરવામાં અંતર જઘન્યથી તો એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણનું અંતર પડે છે. આ અંતર કાળનું કથન તિર્યગ્યોનિક જીવોને છોડીને તે સિવાયના જીવો સંબંધી છે. તિર્યગ્યોનિક જીવોનો અંતર કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટથી કઈંક વધારે સાગરોપમ શત પૃથક્ત્વનું છે. મનુષ્ય સ્રીયો સૌથી અલ્પ છે. તેના કરતાં મનુષ્યો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં નૈરયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં તિર્યગ્યોનિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં દેવો અસંખ્યાતગણા છે. દેવિયો સંખ્યાતગણી વધારે છે. તેના કરતાંતિર્યગ્યોનિક જીવ અનંતગણા વધારે છે આ પ્રમાણે સાત પ્રકારના સંસાર સમાપન્નક જીવો છે.

**પ્રતિપત્તિઃ૬-ની મુનિ દીપરત્ન સાથે કરેલ ગુર્જરછાયા**

## પ્રતિપત્તિઃ૭-અષ્ટવિધ

[૩૬૬] જેઓએ એવું પ્રતિપાદન કર્યું છે કે સંસારી જીવ આઠ પ્રકારના હોય છે. તેમના મતે- પ્રથમ સમય નૈરયિક, અપ્રથમસમયનૈરયિક, પ્રથમસમયતિર્યગ્યોનિક, અપ્રથમસમયતિર્યગ્યોનિક, પ્રથમ સમયમનુષ્ય, મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ. તેમાં પ્રથમ સમય નૈરયિકની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ અંતમુહૂર્તની છે. અપ્રથમ સમય નૈરયિકની જઘન્ય સ્થિતિ એક સમય કમ દસ હજાર વર્ષની છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સમય કમ તેત્રીસ સાગરોપમની પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિકની જઘન્ય સ્થિતિ એક સમયની છે. અને ઉત્કૃષ્ટસ્થિતિ પણ એકજ સમયની છે. અપ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિકની સ્થિતિ જઘન્યથી એક સમય કમ ક્ષુલ્લક ભવગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સમય કમ ત્રણ પલ્યોપમ રૂપ છે. એજ પ્રમાણેની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી મનુષ્યોની પણ છે. નૈરયિકોની જે પ્રમાણે સ્થિતિ કહી છે એજ પ્રમાણે દેવોની સ્થિતિ છે. પ્રથમ સમયવર્તિનૈરયિક તથા પ્રથમ સમયવર્તિ દેવ અને અપ્રથમ સમયવર્તિ નૈરયિક અને અપ્રથમ સમયવર્તિ દેવ એ બન્નેની જે ભવસ્થિતિ છે. એજ પ્રમાણે તેમની કાયસ્થિતિ છે. પ્રથમ સમયવર્તિ તિર્યગ્યોનિક જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમયનો છે. અને ઉત્કૃષ્ટથી પણએક જ સમયનો છે. અપ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવની કાયસ્થિનો કાળ જઘન્યથી એક સમય કમ ક્ષુદ્ર ભવ ગ્રહણરૂપ છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ છે. પ્રથમ સમયવર્તિ મનુષ્યોની કાયસ્થિતિનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળ જઘન્યથી એક સમયનો છે અને ઉત્કૃષ્ટથી પણ એકસમયનો છે. અપ્રથમ સમય વર્તિ મનુષ્યની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમય કમ ક્ષુદ્ર ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ રૂપ છે. પ્રથમ સમયવર્તી નૈરયિકનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિકદ સ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ પ્રમાણનું છે. અપ્રથમ સમયવર્તી નૈરયિકનું અંતર કાળની અપેક્ષાથી જઘન્યથી એક સમય અધિક અંતર્મુહૂર્તનું છે. પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવનું કાળની અપેક્ષાથી જઘન્ય અંતર એક સમય કમ બે ક્ષુદ્ર ભવ ગ્રહણ રૂપ છે. ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિ કાલ પ્રમાણનું છે. અપ્રથમસમયવર્તી તિર્યગ્યોનિક જીવનું અંતર જઘન્યથી એક સમય અધિક ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી સાગરોપમ શત પૃથક્ત્વ રૂપ છે. મનુષ્યનું અંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાલ પ્રમાણ છે. નૈરયિકોનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત અધિક ૧૦ દસ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાલ પ્રમાણ છે.

અપ્રથમ સમયવર્તી મનુષ્ય તેના કરતાં પ્રથમ સમયવર્તી નૈરયિક અસંખ્યાત ગણા છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે દેવ છે. તે અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે તિર્યગ્યોનિક જીવ છે. તેઓ અસંખ્યાતગણા વધારે છે અપ્રથમ સમયવર્તી નૈરયિકોનું અને યાવત્ અપ્રથમ સમયવર્તી દેવોનું અલ્પ બહુત્વ એજ પ્રમાણે છે. સૌથી ઓછા અપ્રથમ સમયવર્તી મનુષ્ય છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી નૈરયિક અસંખ્યાતગણા વધારે છે, તેના કરતાં અપ્રથમસમયવર્તી દેવ અસંખ્યાતગણા વધારે છે તેના કરતાં અપ્રથમસમયવર્તી તિર્યગ્યોનિક જીવ અનંતગણા વધારે છે. સૌથી ઓછા પ્રથમ સમયના નૈરયિકો છે. અપ્રથમ સમયવર્તી જે નૈરયિક છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે તિર્યગ્યોનિક, મનુષ્ય અને દેવોમાં પ્રથમસમય વર્તી તિર્યગ્યોનિક, મનુષ્ય અને દેવ સૌથી અલ્પ છે. અનેઅ પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક, મનુષ્ય અને દેવ પોતામાના પ્રથમ સમયવર્તી તિર્યગ્, મનુષ્ય અને દેવોના કરતાં અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જે પ્રથમસમયવર્તી તિર્યગ્યોનિક જીવ છે, તેઓ અસંખ્યાગણા વધારે છે. એજ પ્રમાણે પ્રથમ સમયવર્તી મનુષ્ય સૌથી અલ્પ છે. અને અપ્રથમ સમયવર્તી મનુષ્ય તેના કરતાં અસંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે પ્રથમ સમયવર્તી દેવો સૌથી ઓછા છે. અને અપ્રથમ સમયવર્તી દેવા તેના કરતાં અસંખ્યાત ગણા વધારે છે. સૌથી ઓછા પ્રથમ સમયવર્તી મનુષ્યો છે, અપ્રથમ સમયવર્તી જે મનુષ્ય છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી નૈરયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવ અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં અપ્રથમસમયવર્તી નૈરયિક અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવ અનંતગણા વધારે છે. કેમકે આ પ્રમાણે આઠ પ્રકારના સંસારી જીવોના સંબંધમાં કહેવામાં આવેલ છે.

**પ્રતિપત્તિઃ૭-અષ્ટવિધની મુનિ દીપ રત્ન સાગરે કરેલ ગુર્જર છાયા**

## પ્રતિપત્તિઃ૮-નવવિધ

[૩૬૭]જે આચાર્યોએ એવું કહેલ છે કે-સંસારી જીવ નવ પ્રકારના છે તેઓએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેલ છે કે પૃથ્વીકાય ૧ અપ્કાય ૨ તેજસ્કાય ૩ વાયુકાયિક ૪ વનસ્પતિકાયિક ૫ બે ઈંદ્રિય ૬, ઈંદ્રિય ૭, ચૌઈંદ્રિય ૮ અને પંચેન્દ્રિય ૯ અહીયાં બધાની સ્થિતિનું વર્ણન કરી લેવું જોઈએ. પૃથ્વીકાયિક જીવોની કાયસ્થિતિ અસંખ્યાત કાલની છે. આ અસંખ્યાત કાળ અસંખ્યાત ઉત્સર્પિણી રૂપ થાય છે. અન્યલોકની અપેક્ષાએ અસંખ્યાત લોક રૂપ હોય છે.એજ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક, અને વાયુકાયિક જીવોની કાય સ્થિતિનો કાળ પૃથ્વીકાયિક-અનંત કાળ પ્રમાણ રૂપ જ વનસ્પતિકાયિક જીવોની કાયસ્થિતિનો કાળ અનંતકાળ રૂપ છે. બે ઈન્દ્રિય, તે ઈંદ્રિય, તે ઈંદ્રિય, ચૌ ઈંદ્રિય, આ જીવોની કાય સ્થિતિનો કાળ સંખ્યાત કાળ રૂપ છે તથા પંચેન્દ્રિય જીવોની કાય સ્થિતિનો કાળ કંઈક વધારે એક હજાર સાગરોપમનો છે. આ સઘળા જીવો નો અંતરકાળ આ પ્રમાણે છે. પૃથ્વીકાયિક જીવ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટથી અંતર અનંત કાળનું હોય છે. એજ પ્રમાણેનો અંતરકાળ અપ્કાયિક; તેજસ્કાયિક વાયુકાયિક દ્વીન્દ્રિય તે ઈંદ્રિય, ચૌઈંદ્રિય અને પંચેન્દ્રિય જીવોના સંબંધમાં પણ સમજવું વનસ્પતિકાયિકનો અંતરકાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળનો છે. પંચેન્દ્રિય જીવ સૌથી ઓછા છે. તેના કરતાં ચાર ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં ત્રણ ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. બેઈંદ્રિયવાળા જીવોનું પ્રમાણ તેના કરતાં વિશેષાધિક છે. એકેન્દ્રિય તેજસ્કાયિકનું પ્રમાણ તેના કરતાં અસંખ્યાતગણું વધારે છે. તેના કરતાં અપ્કાયિક જીવ વિશેષાધિક છે. તેના કરતાં વાયુકાયિક જીવ વિશેષાધિક છે. આ રીતનું સ્પષ્ટીકરણ નવ પ્રકારના જે સંસારી જીવ કહેલા છે, તેના સંબંધમાં છે.

**પ્રતિપત્તિઃ૮-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પ્રતિપત્તિઃ૯-દશવિધ

[૩૬૮] જે મર્મજ્ઞોએ સંસારી જીવો દસ પ્રકારના છે, એ પ્રમાણે કહ્યું છે, પ્રથમ સમયવર્તીએકેન્દ્રિય, અપ્રથમસમયવર્તીએકેન્દ્રિય, પ્રથમસમયવર્તીબેઈંદ્રિય, અને અપ્રથમસમયવર્તીબેઈંદ્રિન્ય, યાવત્ અપ્રથમસમયવર્તી પંચેન્દ્રિય. હે ભગવન્ ! પ્રથમ સમયવર્તી એક ઈંદ્રિયવાળા જીવની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવેલ છે ? પ્રથમ સમયવર્તી એક ઈંદ્રિયવાળા જીવની સ્થિતિ જઘન્યથી એક સમયની છે અને ઉત્કૃષ્ટથી પણ એક સમયની છે. અપ્રથમ સમયવર્તી એક ઈંદ્રિયવાળા જીવની સ્થિતિ જઘન્યથી તો એક ક્ષુદ્ર ભવ ગ્રહણ રૂપ છે, અને ઉત્કૃષ્ટથી એક સમય કમ બાવીસ હજાર વર્ષની આજ પ્રમાણે પ્રથમ સમયવર્તી જેટલા એકેન્દ્રિયાદિક જીવો છે, એ બધાની જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એકજ અંતર્મુહૂર્તની છે. અપ્રથમ સમયવર્તી એક ઈંદ્રિય વિગેરે જીવોની સ્થિતિ જઘન્યથી એક સમય કમ ક્ષુલ્લક ભવગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી પોતપોતાની કહેવામાં આવેલ સ્થિતિ પ્રમાણે છે. પ્રથમ સમયવર્તી સઘળા એક ઈંદ્રિયવાળા વિગેરે જીવોની કાય સ્થિતિનોકાળ જઘન્યથી એક સમયનો છે અને ઉત્કૃષ્ટથી પણ એક સમયનો છે. તથા અપ્રથમ સમયવર્તી એકેન્દ્રિયાદિક જીવોની કાયસ્થિતિનો કાળ જઘન્યથી તો એક સમય કમ ક્ષુદ્ર ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી એક ઈંદ્રિયવાળા જીવોનો કાય સ્થિતિનો કાળ વનસ્પતિ કાલ પ્રમાણ છે. બે ઈંદ્રિય, તે ઈંદ્રિય અને ચાર ઈંદ્રિયવાળા જીવોનો કાય સ્થિતિનો કાળ ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણ છે. અપ્રથમ સમયવર્તી પંચેન્દ્રિય જીવોની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમય કમ ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ છે અને ઉત્કૃષ્ટથી એક હજાર સાગરોપમનો છે. એકેન્દ્રિય જીવ નું અંતર એક સમય કમ બે ક્ષુલ્લકભવ ગ્રહણ રૂપ જઘન્યથી અંતર છે. બે ઈંદ્રિય વિગેરે જીવોના ભવોની ગ્રહણતારૂપ વ્યાઘાતને લઈને આ પ્રથમ સમયવર્તી એકેન્દ્રિય પર્યાયને છોડીને ફરીથી એજ પ્રથમ સમયવર્તી એકેન્દ્રિય પર્યાયમાં આવનારા જીવોની અપેક્ષાથી આ જઘન્ય અંતર કહેવામાં આવેલ છે. અપ્રથમ સમયવર્તી એકેન્દ્રિય જીવોની પર્યાયને છોડીને ફરીથી એજ પર્યાયને ગ્રહણ કરવામાં અંતર જઘન્ય થી સમયાધિક ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કષ્ટથી અંતર સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરનું છે. બાકીના બે ઈંદ્રિય વિગેરે જે પ્રથમ સમયવર્તી જીવ છે તેનું અંતર જઘન્યથી એક સમયહીન બે ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિ કાળ પ્રમાણ છે. પ્રથમ સમયવર્તી જીવોમાં સૌથી ઓછા પ્રથમ સમયવર્તી પંચેન્દ્રિય જીવ તેના કરતાં પ્રથમ સમયવર્તી ચૌઈંદ્રિય જીવ વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમય વર્તી ત્રણ ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી બે ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે એકેન્દ્રિય જીવો છે તે વિશેષાધિક

એજ પ્રમાણે અપ્રથમ સમયવર્તી જીવોના સંબંધમાં પણ સમજવું. સૌથી ઓછા પ્રથમ સમયવર્તી એકેન્દ્રિય જીવો છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે એકેન્દ્રિય જીવો છે, તેઓ અનંતગણા વધારે છે. એજ પ્રમાણે દ્વીન્દ્રિયાદિક જીવોમાં જે પ્રથમ સમયવર્તી દ્વીન્દ્રિય જીવ છે તેઓ સૌથી અલ્પ છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે બે ઈંદ્રિયાળા જીવો છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે ત્રણ ઈંદ્રિયવાળા જીવોમાં પ્રથમસમયવર્તી જે ત્રણ ઈંદ્રિયવાળા જીવો છે તેઓ સૌથી ઓછા છે. અને તેના કરતાં જે અપ્રથમ સમયવર્તી ત્રણ ઈંદ્રિયવાળા જીવો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. ચાર ઈંદ્રિયવાળા જીવો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. એજ પ્રમાણે પંચેન્દ્રિય જીવોમાં અપ્રથમ સમયવર્તી જે પંચેન્દ્રિય જીવ છે, તેઓ સૌથી અલ્પ છે. અને પ્રથમ સમવર્તી જે પંચેન્દ્રિય જીવ છે તેઓ અસંખ્યાતગણા સૌથી ઓછા પ્રથમ સમયવર્તી પંચેન્દ્રિય તેના કરતાં જે પ્રથમ સમયવર્તી ચાર ઈંદ્રિયવાળા જીવો છે તેઓ વિશેષાધિક તેના કરતાં પ્રથમ સમવર્તી જે તેઈંદ્રિય જીવો વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે દ્વીન્દ્રિય જીવો છે તે વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે એકેન્દ્રિય જીવ છે તે વિશેષાધિક છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે પંચેન્દ્રિય જીવ છે, તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે ચાર ઈંદ્રિયવાળા જીવો છે. તેઓ વિશેષાધિક છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે ચાર ઈંદ્રિયવાળા જીવો છે. તેઓ વિશેષાધિક છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે તેઈંદ્રિય જીવ છે તેઓ વિશેષાધિક છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી જે તે ઈંદ્રિય જીવો છે તે વિશેષાધિક છે. તેના કરતાં અ પ્રથમ સમયવર્તી દ્વીન્દ્રિય જીવ છે તે વિશેષાધિક છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે એકેન્દ્રિય જીવ છે તેઓ અનંતગણા વધારે છે. આ પ્રમાણે આ કથન દસ પ્રકારના સંસારી જીવોના સંબંધનાં કહેવામાં આવેલ છે.

**પ્રતિપત્તિ-૯ની મુનિદીપરત્ન સમા કરેલી ગુર્જર છાયા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રતિપત્તિ, ૧૦-સવ્વજીવ-૧

[૩૬૯-૩૭૪]હે ભગવન્ સર્વ જીવાભિગમનું તાત્પર્ય શું છે ? હે ગૌતમ ! સર્વ જીવોમાં આ નવ પ્રતિપત્તિયો આ પ્રમાણે કહેવામાં આવેલ છે. તેમાં કોઈ આચાર્યો આ પ્રમાણે કહે છે. સઘળા જીવો બે પ્રકારના છે. કોઈ સઘળા જીવો ત્રણ પ્રકારના કહેવામાં યવત્ કોઈ કોઈ સઘળા જીવો દસ પ્રકારના કહેલા છે. જેઓએ સઘળા જીવો બે પ્રકારના કહેલા છે. તે સિદ્ધ અને અસિદ્ધ એ પ્રમાણેના જીવના બે ભેદો છે. હે ભગવન્ સિદ્ધોની કાયસ્થિતિનો કાળ કેટલો હોય છે ? હે ગૌતમ ! સિદ્ધોની કાયસ્થિતિનો કાળ સાદિ અપર્યવસિત છે. ભગવન્ અસિદ્ધોની કાયસ્થિતિનોકાળ કેટલો છે ? અસિદ્ધ બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક અનાદિક અસિદ્ધ અને અપર્યવસિક અસિદ્ધ બીજા અનાદિક અસિદ્ધ અને સપર્યવસિત અસિદ્ધ. તેમાં પહેલા વિકલ્પમાં એ જીવોને ગ્રહણ કરેલા છે કે જેઓ કોઈ પણ સમયે મુક્તિ મેળવી શકતા નથી. એવા જીવોને અભવ્ય કહેવામાં આવેલા છે જે અનાદિથી મિથ્યાત્વથી યુક્ત હોવા છતાં સમ્યક્ દર્શન રૂપ કારણોની પ્રાપ્તિથી મુક્તિ પ્રાપ્ત કરીલે છે. એવા જીવો ને બીજી કોટિમાં ગ્રહણ કરેલા છે. જે સાદિ અપર્યવસિત જીવ છે, તેને અંતર હોતું નથી. હે ભગવન્ અસિદ્ધ જીવનું અંતર કેટલા કાળનું હોય જે અનાદિ અપર્યવસિત છે, તેને પણ અંતર હોતું નથી. પરંતુ જે જીવ અનાદિ કાળથી અસિદ્ધ હોય છે. પરંતુ આ તેની અસિદ્ધતા અનંત કાળ સુધી રહેવાવાળી હોતી નથી. તો એવા જીવનું અંતર પણ હોતું નથી. સૌથી ઓછા સિદ્ધ જીવો છે. અને તેના કરતાં અસિદ્ધ જીવ અનંત ગણા વધારે છે.

અથવા સઘળા જીવો બે પ્રકારના છે. એક સેંદ્રિય અને બીજા અનિંદ્રિય તેમાં જે સેંદ્રિય છે તેઓ સંસારી છે, અને જેઓ અનિંદ્રિય છે તેઓ મુક્ત છે. સેન્દ્રિય જીવ બે પ્રકારના કહેવામાં આવેલા છે. અનાદિ અપર્યવસિત (અભવ્ય) અને અનાદિ સપર્યવસિત (ભવ્ય) અનિંદ્રિય જીવ સાદિ અપર્યવસિત છે, બન્નેમાં અંતર નથી. સૌથી ઓછા અનિન્દ્રિય જીવ છે, અને તેના કરતાં સેન્દ્રિય જીવ અનંતગણા વધારે છે. અથવા આ રીતે પણ સઘળા જીવો બે પ્રકારના એક સકાયિક અને બીજા અકાયિક જે પ્રમાણેનું કથન ઉપરના જીવોના સંબંધમાં કરવામાં આવેલ છે. એજ પ્રમાણે કથન કરી લેવું જોઈએ. આજ પ્રમાણે સઘળા જીવો સયોગી અને અયોગીના ભેદથી બે પ્રકારના છે. એજ પ્રમાણે સલેશ્યજીવ અને અલેશ્યજીવના ભેદથી સમસ્ત જીવો બે પ્રકારના થાય છે, કાયસ્થિ તિનું કથન, અંતરનું કથન અને અલ્પ બહુત્વનું કથન સેંદ્રિય જીવોના પ્રકરણ પ્રમાણેજ સમજી લેવું, 'સઘળા જીવો બે પ્રકારના છે, શરીર સહિત અનેએક શરીર રહિત અથવા સઘળા જીવો બે પ્રકારના આ રીતે થાય છે એક સવેદક અને બીજા અવેદક સવેદક જીવ ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. અનાદિ અપર્યવસિત અનાદિક સપર્યવસિત સાદિક અપર્યવસિત છે. અવેદક જીવ બે પ્રકારના કહેવામાંઆવેલા છે. એક સાદિક અપર્યવસિત અને બીજા સાદિક સપર્યસિત સાદિક સપર્યવસિત

સવેદક છે તેની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમયનો છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનો છે. સવેદક જીવ ત્રણ પ્રકારના હોય છે.એક અનાદિઅપર્યવસિત; બીજા અનાદિ સપર્યવસિત અને ત્રીજા સાદિસપર્યવસિત તેમાં જે અનાદિ અપર્યવસિત સવેદક જીવ છે, તેઓને અંતર હોતું નથી જે સવેદક અનાદિ સપર્યવસિત છે, તેને પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર હોતું નથી સવેદક અવસ્થાને પ્રાપ્ત કરવાવાળા જીવની અપેક્ષાથી કહેવામાં આવેલ છે. ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનું અંતર છે. સાદિક અપર્યવસિત અવેદકનું અંતર હોતું નથી. સાદિ સપર્યવસિત જે અવેદક જીવ છે તેનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે. ઉત્કૃષ્ટથી તેનું અંતર અનંત કાળનું કહેવામાં આવેલ છે. એજ પ્રમાણે સઘળા જીવો સકષાયી અને અકષાયીના ભેદથી બે પ્રકારના કહેલા તેમની કાયસ્થિતિનો કાળ અને અંતર કાળ એ બધાનું કથન સવેદક જીવના કથન પ્રમાણે જ છે. સકષાયી જીવો ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. અનાદિ અપર્યવસિત સકષાયી જીવ, બીજા અનાદિક સપર્યસિત સકષા યીક જીવ અને ત્રીજા સાદિ સપર્યવસિત સકષાયિક જીવ તેમાં જે સાદિ સર્પવસિત સકષાયિક જીવ છે તેની કાયસ્થિતિનો કાળ જઘન્યથી તો એક અંત મુંહૂર્તનો છે; અને ઉત્કૃષ્ટથી અનંત કાળ છે. સાદિ અપર્યવસિત અકષાયિક અને સાદિક સપર્યવસિત અકષાયિક તેમાં જેઓ સાદિક સપર્યવસિત અકષાયી જીવ છે, તેની કાયસ્થિતિનોકાળ જઘન્યથી એક સમયનો છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનો છે. જે જીવ અનાદિ અપર્યવસિત કષાયવાળા છે તેઓનું અંતર હોતુંનથી. જે કષાયવાળા જીવ અનાદિ સપર્યવસિત કષાયવાળા હોય છે. તેમને પણ અંતર હોતું નથી. કષાયવાળા જીવ સાદિક સપર્યવસિત હોય છે, તેમનું અંતર જઘન્યથી તો એક સમયનું હોય છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનું હોય છે. જે અકષાયિક જીવ સાદિ અપર્યવસિત કષાયવાળા હોય છે, તેમનું અંતર હોતું નથી. અને જે અકષાયિક જીવ સાદિક સપર્યસિત કષાયવાળા હોય છે. તેનું અંતર જઘન્યથી તો એક અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધીનું અંતર હોય છે.

અથવા સર્વ જીવો બે પ્રકારના કહે એક સલેશ્ય જીવ અને બીજા અલેશ્ય-જીવ પહેલાં અસિદ્ધ અને સિદ્ધોનું વિવેચન કરવામાં આવી ગયેલ છે. એજ પ્રમાણે આ સલેશ્ય અને અલેશ્ય જીવોનું વિવેચન પણ કરી લેવું જોઈએ. તેમાં સૌથી ઓછા અલેશ્ય જીવો છે. અને તેના કરતાં જે સલેશ્ય જીવો છે તેઓ અનંતગણા વધારે છે. સઘળા જીવો આ પ્રમાણે પણ બે પ્રકારના કહેલા છે. એક જ્ઞાની બીજા અજ્ઞાનીયો. જ્ઞાની બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક સાદિક અપર્યવસિત જ્ઞાની અને સાદિક સપર્યવસિતજ્ઞાની તેમાંજે સાદિક સપર્યસિત જ્ઞાની હોય છે. તે જઘન્યથી તો એક અંતર્મુહૂર્તની કાયસ્થિતિ વાળા હોય છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે છાસઠ સાગરોપમની કાયસ્થિતિવાળા હોય છે. અજ્ઞાની ત્રણ પ્રકારના કહેવામાં આવેલ છે. એક અનાદિક અપર્યવસિત અજ્ઞાની, બીજા અનાદિક સપર્યસિત અજ્ઞાની, અને ત્રીજા સાદિ સપર્યવસિત અજ્ઞાની સાદિસપર્યવસિત અજ્ઞાની જીવ જઘન્યથી અંતર્મુહૂર્ત પર્યન્તની કાયસ્થિતિવાળા હોય છે. ઉત્કૃષ્ટથી અનંતકાળની કાયસ્થિતિવાળા હોય છે. સાદિ અપર્યવસિત જીવનું અંતર તો હોતુંજ નથી. અનાદિ અપર્યવસિત અજ્ઞાની છે તેઓને તથા અનાદિ સપર્યવસિત જીવોને તો અંતર હોતું જ નથી. સાદિ સપર્યવસિત અજ્ઞાની જીવ હોય છે. તેમનું અંતર હોય છે.તો અહીંયા જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે છાસઠ સાગરોપમનું છે.

અથવા સઘળાજીવો આ પ્રમાણે પણ બે રીતના થઈ જાય એક સાકોરોપયુક્ત અને બીજા અનાકારોપયુક્ત આ બન્નેની કાય સ્થિતિ અને અંતર જઘન્યથી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કૃષ્ટથી એક એક અંતર્મુહૂર્તનું છે. અથવા સર્વ જીવો બે પ્રકારના કહેવામાં આવેલા છે. તે આ પ્રમાણે છે. એક આહારક જીવ અને બીજા અનાહારક જીવ આહારક જીવ બે પ્રકારના કહેવામાં આવેલ છે. એક છદ્મસ્થ આહારક અને બીજા કેવલિ આહારક તેમાં છદ્મસ્થાહારક છદ્મસ્થાહારક પણાથી ઓછામાં બે સમયહીન ક્ષુદ્રભવગ્રહણ કરવા રૂપ કાળ સુધી રહે છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ સુધી રહે છે. કેવલી આહારક જઘન્યથી એક અંતર્મુહૂર્તનું સુધી અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછા પૂર્વ કોટિ સુધી કેવલી આહારક પણાથી રહે છે. અનાહારક બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક છદ્મસ્થ અનાહારક અને બીજા કેવલી અનાહારક છદ્મસ્થ અનાહારક ઓછા માં ઓછા એક સમય પર્યન્ત અને ઉત્કૃષ્ટ બે સમય પર્યન્ત છદ્મસ્થ અનાહારક પણાથી રહે છે. કેવલી અનાહારક બે પ્રકારના કહેવામાં આવેલા એક સિદ્ધ કેવલી અનાહારક અને બીજા ભવસ્થ કેવલી અનાહારક છે. સિદ્ધ કેવલી અનાહારક પણાથી સાદિ પર્યવસિત કાળ પર્યન્ત રહે છે. ભવસ્થ કેવલી અનાહારક બે પ્રકારના કહેવામાંઆવેલા છે. એક સયોગી ભવસ્થ કેવલી અનાહારક અને બીજા અયોગી ભવસ્થ કેવલી અનાહારક એમાં અયોગિ ભવસ્થ કેવલિ અનાહારક જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી રહે છે. છદ્મસ્થ આહારકનું અંતર જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી બે સમયનું હોય છે. કેવલિ આહારકનું અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ સમયનું છે.આજ કેવલિ આહારક સયોગી ભવસ્થ કેવલી કહેલા છે. છદ્મસ્થ અનાહારકનું અંતર જઘન્યથી તો બે સમય કમ ક્ષુદ્ર ભવગ્રહણ કરવા રૂપ કાળ પ્રમાણનું છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ પ્રમાણનું હોય છે. સાદિ અપર્યવસિત સિદ્ધ કેવલિ અનાહારકનું અપર્યવસિત હોવાથી અંતર હોતું નથી સયોગી ભવસ્થ કેવલી અનાહારક હોય છે, તેમનું અંતર જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એકજ અંતર્મુહૂર્તનું હોય છે. જે અયોગિ ભવસ્થ કેવલિ અનાહારક હોય છે. તેઓને પણ અંતર હોતું નથી.અનાહારક જીવ સોથી ઓછા છે. તેના કરતાં આહારક જીવો અસંખ્યાતગણા વધારે છે.

અથવા સઘળા જીવોઆ રીતે પણ બે પ્રકારના કહેવામાં આવે છે. એક સભાષક અને બીજા અભાષક. ભાષક ભાષક પણાથી ઓછામાં ઓછા એક સમય સુધી અને વધારેમાં વધારે એક અંતર્મુહૂર્ત સુધી રહે છે. અભાષક બે પ્રકારના કહેવામાં આવેલા એક સાદિક અપર્યવસિત અને બીજા સાદિક સપર્યવસિત તેમાં અભાષક સાદિક સપર્યવસિત છે. તે જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અનંત કાળ સુધી અભાષક પણાથી રહી શકે છે. તથા અભાષકનો અભાષપણાથી રહેવાનો ઉત્કૃષ્ટ કાળ વનસ્પતિ કાળ પ્રમાણે છે. ભાષકનો અંતરકાળ જઘન્યથી તોએક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ સાદિ અપર્યવસિત અભાષકનો અંતરકાળ અભાષ કના અપર્યવસિત પણામાં છે જ નહીં આ અભાષક અને ભાષકમાં સૌથી ઓછા ભાષક છે. અને અભાષક તેનાથી અનંતગણા અથવા સશરીર અને અશરીરના ભેદથી સઘળા જીવો બે પ્રકારના છે. અશરીરી સિદ્ધ જીવો-કાર્મણ શરીર રહિત જીવો સૌથી ઓછા છે. અને તેના કરતાં સશરીરી જીવો અનંતગણા વધારે છે. અથવા સઘળા જીવોઆ પ્રમાણે પણ બે પ્રકારના ચરમ છેલ્લા ભવવિશેષ વાળા એવા ભવ્ય જીવો અને અચરમ અનેક ભવોવાળા -અભવ્ય જીવ હે ભગવન્ ! ચરમ જીવ ચરણ પણાથી કેટલો કાળ રહે છે. ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરમ જીવ અનાદિ સપર્યવસિત હોય છે અચરમ અભવ્ય જીવ કે જેનેઅત્યાર સુધી મુક્તિ પ્રાપ્ત થયેલ નથી અને ભવિષ્યમાં પણ ન જાણે કયારે મુક્તિને પ્રાપ્ત કરવાવાળા થશે એવા જીવો બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક અનાદિ અપર્યવસિત અભવ્ય અને બીજા સાદિ અપર્યવસિત અભવ્ય. તેમાં જે પહેલા વિકલ્પવાળા અભવ્ય જીવો છે તેને તો ત્રણે કાળમાં પણ મુક્તિ પ્રાપ્ત થતી નથી અને જે સાદિ અપર્યવસિત અભવ્ય જીવ છે તેને મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે. એ બન્નેમાં કોઈનામાંપણ અંતર નથી. અથવા તો સાકારોપ યુક્ત અને અનાકારોપયુક્ત ના ભેદથી સઘળા જીવો બે પ્રકારના કહેવામાં આવેલ આ બન્નેની કાયસ્થિતિનોકાળ અને અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટ થી એક એક અંતર્મુહૂર્તનો છે. તેમાં અનાકારોપયુક્ત જીવ સૌથી ઓછા છે. અને સાકરોપયુક્ત જીવ તેનાથી અસંખ્યાતગણા વધારે છે

## પ્રતિપત્તિઃ૧૦-સવ્વજીવ-૨

[૩૭૫-૩૮૧] કોઈ અપેક્ષાથી સઘળા જીવો ત્રણ પ્રકારના છે, સમ્યક્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ સમ્યક્મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિ જીવ બે પ્રકારના કહેવામાં આવ્યા છે. સાદિ સપર્યવસિત સાદિ અપર્યવસિત તેમાં જે સાદિ સપર્યવસિત જીવ છે. તે જઘન્યથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે છાસઠ સાગરોપમ પર્યન્ત સમ્યક્દષ્ટિ પણાથી રહે છે. મિથ્યાદષ્ટિ જીવ ત્રણ પ્રકારના છે એક સાદિસપર્યવસિતમિથ્યાદષ્ટિ, બીજા અનાદિ અપર્યવસિત મિથ્યાદષ્ટિ અને ત્રીજા અનાદિ સપર્યવસિત મિથ્યાદષ્ટિ. જે સાદિ સપર્ય વસિત મિથ્યાદષ્ટિ જીવ છે. તે જઘન્યથી એક અંતર્મુહૂર્તસુધી અને ઉત્કૃષ્ટથી અનંતકાલ સુધી મિથ્યાદષ્ટિ બનેલ રહે છે. સમ્યગ્ મિથ્યાદષ્ટિ જીવ જઘન્ય થી સમ્યગ્મિથ્યાદષ્ટિ પણાથી રહે છે. સાદિ અપર્યવસિતસમ્યગ્દષ્ટિ જીવને અંતર અપર્યવસિત હોવાથી હોતું નથી. જે સમ્યગ્દષ્ટિ જીવ સાદિ સપર્યવસિત હોય છે. તેનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધીનું હોય છે. જે મિથ્યાદષ્ટિ જીવ અનાદિ અપર્યવસિત છે. તેને અંતર હોતું નથી. પરંતુ જે મિથ્યાદષ્ટિ સાદિ સપર્યવ સિત છે.તેનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે છાસઠ સાગરોપમનું હોય છે. સૌથી ઓછા સમ્યગ્ મિથ્યાદષ્ટિ જીવ છે અને તેના કરતાં સમ્યક્ દષ્ટિ જીવ અનંતગણા વધારે અને તેના કરતાં મિથ્યાદષ્ટિ જીવ અનંત ગણા વધારે છે.

અથવા આ રીતે પણ સઘળા જીવો ત્રણ પ્રકારના કહેવામાંઆવેલ છે. જેમ પરિત્ત અપરિત્ત અનેનોપરિત્તનોઅપરિત કહેવાય. પરિત્તજીવો બે પ્રકારના કહેવામાં આવેલા છે. એક કાયપરિત્ત અને બીજા સંસાર પરિત્ત જેઓકાય પરિત્ત છે તે જઘન્યથી એક અંતર્મુહૂર્તસુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી યાવત્ અસંખ્યાત લોક સુધી રહે છે. સંસાર પરીત જઘન્યથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી અનંત કાલ યાવત્ કંઈક ઓછા અર્ધપુદ્ગલ પરાવર્તકાલ પર્યન્ત રહે છે. અપરીત બે પ્રકારના કહેવામાં આવેલા એક કાયઅપરીત અને બીજા સંસારઅપરીત કાયઅપરીત જઘન્યથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ પ્રમાણ અનંતકાળ પર્યન્ત રહે છે જે કાપારીત એક સંસાર અપરિત બે પ્રકારના કહેવામાં આવેલા છે. તેમાં એક અનાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત આ બે માં જે અનાદિ અપર્યવસિત સંસાર પરિત છે તે કોઈ પણ કાળે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ જે બીજા વિકલ્પવાળા સંસારી પરિત્ત છે, તે ભવ્ય છે, અને સિદ્ધિને પ્રાપ્ત કરવાવાળા હોય છે. કાય પરિત્તનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. સંસાર પરિતનું અંતર હોતું નથી.નો પરિત અને નો અપરિતને પણ અંતર હોતું નથી. સૌથી ઓછા પરિત્ત છે. તેના કરતાં નો પરિત્ત અને નો અપરિત્ત અનંતગણા વધારે છે.

અથવા બધા જીવો આ પ્રમાણે પણ ત્રણ પ્રકારના છે. જેમકે પર્યાપ્તક, અપર્યાપ્તક, અને નોપર્યાપ્તક નો અપર્યાપ્તક. પર્યાપ્ત જીવ પર્યાપ્તક પણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી કઈંક વધારે સાગરોપમશત પૃથકત્વ પર્યન્ત રહે છે. એક અંતર્મુહૂર્ત સુધી ઉત્પન્ન થઈને ફરીથી પર્યાપ્તકોમાં ઉત્પન્ન થયેલા જીવોની અપર્યાપ્તક, અપર્યાપ્તકપણાથી ઓછા માં ઓછા એકઅંતર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે પણ એક જ અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. જે નો પર્યાપ્તક અનેનોઅપર્યાપ્તક સિદ્ધ જીવ છે તેઓનો તે રૂપે રહેવાનો કાળ સાદિ અપર્યવસિત છે પર્યાપ્તકનું અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક એક અંતર્મુહૂર્તનું જ છે. અપર્યાપ્તકોનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરોપમશત પૃથકૃત્વનું છે. જે નો પર્યાપ્તક નો અપર્યાપ્તક જીવ છે તેઓનું અંતર હોતું નથી. સૌથી ઓછા નો પર્યાપ્તક નો અપર્યાપ્તક જીવો છે. તેના કરતાં અપર્યાપ્તકો અનંતગણા વધારે છે, તેના કરતાં પર્યાપ્તક સંખ્યાતગણા વધારે છે.

અથવા આ રીતે પણ સઘળા જીવો ત્રણ પ્રકારના હોય છે. સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મનોબાદર, સૂક્ષ્મ જીવ સૂક્ષ્મપણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને વધારેમાં વધારે પૃથ્વીકાળ પ્રમાણે અસંખ્યાત કાળ પર્યન્ત રહે છે. બાદર જીવ બાદરપણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત સુધી રહે છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ પર્યન્ત રહે છે. જે નો સૂક્ષ્મનોબાદર જીવ છે તેમનો એ રૂપે રહેવાનો કાળ સાદિ અપર્યવસિત છે. એવા એ જીવો સિદ્ધજ હોય છે. સૂક્ષ્મનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળનું અંતર હોય છે. અને બાદરનું અંતર પણ એટલું જ હોય છે. નોસૂક્ષ્મનોબાદર રૂપ જે સિદ્ધ જીવ છે. તેમનું અતર હોતું નથી. સૌથી ઓછા નો સૂક્ષ્મ નો બાદર જીવ છે. તેના કરતાં બાદર જીવો અનંતગણા વધારે છે. તેના કરતાં સૂક્ષ્મ જીવ અસંખ્યાતગણા વધારે છે.

અથવા આ રીતે પણ સઘળા જીવો ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. જેમકે-સંજ્ઞીજીવ અસંજ્ઞી અને નોસંજ્ઞીઅસંજ્ઞી જીવ. સંજ્ઞી જીવ સંજ્ઞી જીવ રૂપે ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત સુધી રહે છે અને વધારેમાં વધારે સાગરોપમશત પૃથકૃત્વ પર્યન્ત રહે છે. અસંજ્ઞી જીવ અસંજ્ઞીપણાથી ઓછામાંઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળ પ્રમાણ રહે છે. જેઓ નો સંજ્ઞીનોઅસંજ્ઞી છે એવી સિદ્ધ જીવ સાદિ અપર્યસિત કાળવાળા હોય છે. સંજ્ઞી જીવનું અંતર જઘન્યથી તો એક અંતર્મુહૂર્તનું હોય છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળ પ્રમાણનું હોય છે. અસંજ્ઞી જીવનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરોપમશત પૃથકૃત્વનું હોય છે. જે નોસંજ્ઞીનોઅસંજ્ઞી રૂપ સિદ્ધ જીવો છે; તેઓનું અંતરહોતું નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌથી ઓછા સંજ્ઞી જીવ હોય છે. તેના કરતાં નોસંજ્ઞીનોઅસંજ્ઞી રૂપ જે સિદ્ધ જીવ છે તે અનંતગણા છે. તેના કરતા અસંજ્ઞી અનંતગણા વધારે છે.

અથવા રીતે પણ સર્વ જીવો ત્રણ પ્રકારના કહેવામાં જેમકે ભવસિદ્ધિક, અભવ સિદ્ધિક અને નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક. ભવસિદ્ધિકજીવ અનાદિ સપર્યસિત હોય છે. અને અભવસિદ્ધિક જીવો અનાદિ અપર્યવસિત હોય છે. તથા નોભવ સિદ્ધિકનોઅભવસિદ્ધિક જીવ સાદિ અપર્યવસિત હોય છે. તથા આ ત્રણે પ્રકારના જીવોમાં અંતર હોતું નથી. જે અભવસિદ્ધિક જીવ છે તેઓ સૌથી ઓછા છે નો ભાવસિદ્ધિકનોઅભવસિદ્ધિક તેનાથી અનંતગણા વધારે છે. તેના કરતાં ભવસિદ્ધિક જીવ અનંતગણા છે. અથવા આ રીતે પણ સઘળા જીવો ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. ત્રસ, સ્થાવર, નો ત્રસનો સ્થાવર. ત્રસ ત્રસ ત્રસપણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે સાતિરેક-કંઈક વધારે બે હજાર સાગ રોપમપર્યન્ત રહે છે. સ્થાવરની કાયસ્થિતિનો કાળ વનસ્પતિકાળ પ્રમાણનો છે. જે જીવ નોત્રસનો સ્થાવર સિદ્ધ જીવ છે તેમની કાયસ્થિતિનો કાળ સાદિ અપર્યસિત છે. ત્રસકાય જીવોનું અંતર વનસ્પતિ પ્રમાણનું છે. સ્થાવર જીવનું અંતર કંઈક વધરે બે હજાર સાગરોપમનું છે. જે જીવનોત્રસનોસ્થાવર-સિદ્ધ છે તેઓનું અંતર હોતું નથી. સૌથી ઓછા ત્રસ જીવો છે. તેના કરતાં નોત્રસનોસ્થાવર જીવ અનંતગણા વધારે છે. આ રીતે સઘળા જીવો ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે.

## પ્રતિપત્તિ-૧૦સવ્વજીવ-૩

[૩૮૨-૩૮૫] સર્વ જીવો ચારપ્રકારના કહ્યા છે. મનોયોગી, વચનયોગી, કાયયોગી, અને અયોગી. મનોયોગી મનોયોગી પણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. વચનયોગી પણ વચનયોગીપણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત અને વધારેમાં વધારે એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. કાયયોગ, મનોયોગ, અને વાગ્યોગ વાળા એકેન્દ્રિય જીવો જઘન્યથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળ પ્રમાણ કાયયોગી પણાથી રહી શકે છે. મનોયોગીનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણનું છે. તે આટલું જ અંતર વચન યોગવાળાનું પણ સમજવું. કાય યોગીનું અંતર જઘન્યથી એક સમયનું છે. અને ઉત્કૃષ્ટથી પણ એક અંતર્મુહૂર્તનું અંતર છે. સાદિ અપર્યસિત અયોગીને અંતર અપર્યવસિત હોવાના કારણે હોતું નથી. મનોયોગી સૌથી ઓછા છે. વચન યોગી તેમના કરતાં અસંખ્યાતગણા વધારે છે તેના કરતાં અયોગી અનંતગણા હોય છે. તેના કરતા યોગી અનંતગણા છે.

જીવોનું ચાર પ્રકારપણું આ રીતે પણ થાય છે. જેમકે સ્રીવેદક, પુરૂષવેદક, નપુસંકવેદક, અને અવેદક કોઈ એક અપેક્ષાથી સ્રીવેદકની કાયસ્થિતિ જઘન્યથી એક સમયની છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ પૃથક્ત્વ અધિક એકસોદસપલ્યોપમની છે. કોઈ એક કથનની અપેક્ષાથી સ્રીવેદની કાયસ્થિતિનો કાળ જઘન્યથી તો એક સમયનો છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક અઢાર પલ્યોપમનો છે. પુરૂષવેદની કાય સ્થિતિનોકાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે સાગરો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમશત પૃથક્ત્વનો છે. નપુંસક વેદની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમયનો છે. શ્રેણીમાં તયા ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ છે. અવેદક બે પ્રકારના કહેવામાં આવેલા છે. જેમ કે એક સાદિક અપર્યવસિત અને બીજા સાદિક સપર્યવસિત તેમાં સાદિક સપર્યવસિત વેદવાળા જીવ છે, તે જઘન્યથી એક સમય પર્યન્ત અવેદવાળા રહે છે. સ્રીવેદનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ કાળ પ્રમાણનું અંતર છે. પુરુષવેદનું અંતર જઘન્યથી એક સમયનું છે. તથા ઉત્કૃષ્ટથી તેનું અંતર વનસ્પતિકાળ પ્રમાણનું છે. અવે દક જીવ બે પ્રકારના હોય છે. એક સાદિ અપર્યવસિત અને બીજા સાદિ સપર્યવસિત અવેદક છે. સાદિ અપર્યવસિતનું અંતર હોતું નથી અને જે સાદિ અપર્યવસિત અવેદક છે. તેનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી અનંતકાળનું અંતર છે. સૌથી ઓછા પુરુષવેદ વાળા છે, તેના કરતાં સ્રીવેદ વાળા સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અવેદક જીવ અનંતગણા તેના કરતાં નપુસંક વેદવાળા અનંતગણા છે.

આ રીતે પણ સઘળા જીવો ચાર પ્રકારના હોય ચક્ષુદર્શની અચક્ષુદર્શની. અવધિદર્શની, અને કેવલદર્શની ચક્ષુદર્શની ચક્ષુદર્શની પણાથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે એક હજાર સાગરોપમ પર્યન્ત રહે છે. અચક્ષુદર્શની બે પ્રકારના કહેવામાં આવેલા અનાદિ અપર્યવસિત અચક્ષુદર્શની જીવ અને અનાદિ સપર્યવસિત અચક્ષુદર્શન વાળા જીવ તેમાં જે અનાદિ અપર્યવસિત અચક્ષુદર્શન વાળા જીવ છે. તે કોઈ પણ સમયે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી તથા જે અનાદિ અપર્યવસિત અચક્ષુદર્શન વાળા જીવ છે. તે સિદ્ધિ પ્રાપ્ત કરશે. જે અવધિદર્શન વાળા જીવ છે તેની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમયનો છે. અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે છાસઠ સાગરોપમનો છે. ચક્ષુદર્શન વાળા જે જીવો છે, તેઓનું અંતર જઘન્યથી એક અંત મુર્હૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ પ્રમાણનું અંતર છે. અચક્ષુદર્શનવાળા જીવો બે પ્રકારના હોય છે. એક અનાદિ અપર્યવસિત અચક્ષુ દર્શની અને બીજા અનાદિ સપર્યવસિત અચક્ષુદર્શની આ બન્ને પ્રકારના અચક્ષુદર્શન વાળાઓમાં અંતર હોતું નથી, અવધિ દર્શનવાળાઓનું અંતર જઘન્યથી એક સમયનું છે કેવળ દર્શન વાળાઓને અંતર હોતું નથી. સૌથી ઓછા અવધિ દર્શનવાળા છે. તેના કરતાં ચક્ષુદર્શની અસં-ખ્યાત ગણા વધારે છે. તેના કરતાં કેવલ દર્શની અનંત ગણા વધારે છે. તેના કરતાં અચક્ષુદર્શન વાળા અનંગણા વધારે છે.

આ રીતે પણ સઘળા જીવો ચાર પ્રકારના કહે વામાં આવેલા છે. સંયત ૧ અસંયત ૨ સંયતાસંયત ૩ નોસંયતનો અસંયત નો સંયતા સંયત ૪ સંયત જીવ જઘન્યથી એકસમય પર્યન્ત સંયતપણાથી રહે છે. ઉત્કૃષ્ટથી તે કંઈક ઓછા પૂર્વ કોટિ પર્યન્ત રહે છે. અસંયતોના પણ ત્રણ ભેદો છે. એક અનાદિ અપર્યવસિત અસંયત, બીજા અનાદિ સપર્યવસિત અસંયત, અને ત્રીજા સાદિસપર્યવ સિત અસંયત. સંયતા સંયત જઘન્યથી એક અંતર્મુહૂર્ત પર્યન્ત સંયતાસંયતપણાથી રહે છે. અને ઉત્કૃષ્ટથી કંઈક ઓછા એક પૂર્વકોટિ પર્યન્ત સંયતાસંયતપણાથી રહે છે. જે નો સંયતનોઅસંયતસંયતા સંયતરૂપ સિદ્ધ જીવ છે તેઓ સાદિ અપર્યવસિત હોય છે. સંયતનું અને સંયતાસંયતનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. ઉત્કૃષ્ટથી અનંતકાળ પર્યન્તનું અંતર હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનાદિ અપર્યવસિત અસંયતને અને અનાદિ સપર્ય વસિત અસંયતને અંતર હોતું નથી. ત્રણ પ્રકાર થી પ્રતિષેધવાળા સિદ્ધને તેઓ સાદિ સપર્ય વસિત હોવાથી અંતર હોતું નથી. સંયતજીવ સૌથી ઓછા છે. તેના કરતાં સંયતા સંયત જીવઅસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અસંયતજીવ અનંત ગણા છે. આ પ્રમાણેનું આ સપષ્ટીકરણ ચાર પ્રકારના જીવોની માન્યતાના સંબંધમાં કરવામાં આવેલ છે.

## પ્રતિપત્તિઃ ૧૦-સવ્વજીવ-૪

[૩૮૬-૩૮૮] કોઈ અપેક્ષાથી એવું કહે છે. કે-બધા જીવો પાંચ પ્રકારના છે. તેઓ આ સંબંધ ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી; લોભકષાયી, અને અકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, અને માયા કષાયી જીવ ક્રોધ વિગેરે કષાય યુક્ત પણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત અને ઉત્કૃષ્ટથી પણ એક અંતર્મુહૂર્ત સુધી રહે છે. લોભકષાયી લોભકષાયીપણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત અને વધારેમાં વધારે એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અકષાયી જીવ બે પ્રકારના હોય છે. જેમકે એક સાદિ અપર્યવસિત કેવલી અને બીજા સાદિ સપર્યવસિત ઉપશાંત કષાયી આ બીજા પ્રકારના વિકલ્પ વાળા જીવ જઘન્યથી એક સમય પર્યન્ત અકષાયી રહે છે. ક્રોધકષાયવાળાઓનું અંતર જઘન્યથી તો એક સમયનું હોય છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનું અંતર હોય છે, આજ પ્રમાણેનું અંતર માન, માયા વિગેરે કષાયો વાળાઓનું લોભ કષાયવાળા નું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે, અને ઉત્કૃષ્ટથી પણ તે એકજ અંતર્મુહૂર્તનું હોય છે. જઘન્યના અંતર્મુહૂર્ત કરતાં ઉત્કૃષ્ટનું અંતર્મુહૂર્ત વધારે છે.અકષાયી જીવ બે પ્રકાર ના હોય છે. એક સાદિ અપર્યવસિત અને બીજા સાદિ સપર્યવસિત તેમાં જે સાદિ અપર્યવસિત અકષાયી જીવ છે. તેમને અંતર હોતું નથી. અને જે સાદિ સપર્યવસિત અકષાયી જીવ છે. તેમનું અંતર હોય છે, અને તે જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી અનંત કાળનું હોય છે. અકષાયી જીવ સૌથી ઓછા છે. તેના કરતાં માનકષાય વાળા અનંત ગણા વધારે હોય છે. તેના કરતાં ક્રોધકષાય વાળા વિશેષાધિક છે. તેના કરતાં માયાકષાયવાળા વિશેષાધિક છે. તેના કરતાં લોભકષાયવાળા વિશેષાધિક છે. અથવા આ રીતે પણ સઘળા જીવો પાંચ પ્રકારના કહેવામાં આવેલા છે. જેમકે નૈરયિક, તિર્યગ્યોનિક, મનુષ્ય, દેવ અને સિદ્ધ તેઓમાં સૌથી ઓછા મનુષ્યો છે. નૈરયિકજીવ અસંખ્યાતગણા વધારે છે, તેના કરતાં દેવો અસંખ્યાતગણા છે. અને તેના કરતાં પણ સિદ્ધો અનંતગણા વધારે છે.તેના કરતાં તિર્યગ્યોનિક અનંતગણા વધારે છે.

## પ્રતિપત્તિઃ૧૦-સવ્વજીવ-૫

[૩૮૯-૩૯૦] કોઈ અપેક્ષાથી સઘળા જીવો છ પ્રકારના કહેવામાં આવેલ છે. તે આ પ્રમાણે આભિનિબોધિકજ્ઞાની શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કેવળ જ્ઞાની અને અજ્ઞાની. આભિનિબોધિકજ્ઞાની આભિનિબોધિક જ્ઞાનીપણાથી ઓછા માં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે કંઈક વધારે છાસઠ સાગરોપમ પર્યન્ત રહે. શ્રુતજ્ઞાનીની કાયસ્થિતિનો કાળ પણ એટલોજ હોય છે. અવધિ જ્ઞાની અવધિજ્ઞાની પણાથી ઓછામાં ઓછા એક સમયપર્યન્ત રહે છે. અને વધારેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે કંઈક વધારે ૬૬ છાસઠ સાગરોપમ પર્યન્ત રહે છે. મનઃ પર્યવજ્ઞાનીનો કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક સમયનો છે. ઉત્કૃષ્ટ કાળ કંઈક ઓછા પૂર્વ કોટિનો છે. કેવળજ્ઞાની સાદિ અપર્યવસિત કહેવામાંઆવેલ છે. અજ્ઞાનીયો ત્રણ પ્રકારના કહેવામાં આવેલ છે. એક અનાદિ અપર્યવસિતઅજ્ઞાની અને બીજા અનાદિ સપર્યવ સિત અજ્ઞાની તથા ત્રીજો સાદિ સપર્યવસિત અજ્ઞાની તેમાં જે અજ્ઞાની સપર્ય વસિત છે. તે ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત એ સ્થિતિમાં રહે છે. વધારેમાં વધારે તે અનંતકાળ પર્યન્ત અજ્ઞાનીપણાથી રહે. આભિનિબોધિક જ્ઞાનીનું આભિનિ બોધિક જ્ઞાન છૂટી જવાથી ફરીથી તેને પ્રાપ્ત કરવામાં ઓછામાં ઓછું એક અંતર્મુહૂર્તનું અંતર થાય છે. અને વધારેમાં વધારે અનંતકાળનું અંતર થાય છે. એજ પ્રમાણે શ્રુતજ્ઞાની જાણવા મનઃ પર્યવજ્ઞાની મનઃપર્યવજ્ઞાન છૂટી ગયા પછી ફરીથી તે જો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે તો તેને તેની ફરીથી પ્રાપ્તિ કરવામાં જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અંતર થાય છે. અને ઉત્કૃષ્ટથી અનંત કાળનું અંતર થાય છે. વિપુલમતિના મનઃપર્યવજ્ઞાનનો પ્રતિપાત થતો નથી. કેવળજ્ઞાન વાળાને અંતર હોતું નથી. અજ્ઞાની જીવ એક અનાદિ અપર્ય વસિત, બીજા અનાદિ સપર્યવસિત અજ્ઞાની અને ત્રીજા સાદિ સપર્યવસિત અજ્ઞાની. તેમાં જે અનાદિ અપર્યવસિત અજ્ઞાની તેને અંતર આવતુંજ નથી. બીજા જે અજ્ઞાની જીવ છે. તેનું અજ્ઞાન સપર્યવસિત હોવાથી ફરીથી તેની પ્રાપ્તિ તેને થતી નથી. સાદી સપર્યવસિત જીવને ફરીથી અજ્ઞાની થવામાં ઓછામાં ઓછું એક અંતર્મુહૂર્તનું અંતર હોય. સૌથી ઓછા મનઃપર્યવજ્ઞાની તેના કરતાં અવધિજ્ઞાન વાળા જીવો અસંખ્યાત ગણા વધારે છે. અવધિજ્ઞાનીના કરતાં આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે. તેના કરતાં કેવળજ્ઞાની અનંતગણા વધારે છે.

અથવા આ રીતે પણ સઘળા જીવો છ પ્રકારના કહેવામાં આવેલા એકેન્દ્રિય, બેઈન્દ્રિ, તેઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય અને અનીન્દ્રિય, આ પંચેન્દ્રિયવાળા જે જીવો છે. તે સૌથી અલ્પ છે. તેના કરતાં ચાર ઈન્દ્રિય વાળા જીવો વિશેષાધિક તેના કરતાં ત્રણ ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. અને તેના કરતાં બેઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં જે એકેન્દ્રિય જીવ છે તે અનંતગણા વધારે છે. અને તેના કરતાં પણ જેઅનીન્દ્રિય જીવ છે તેઓ અનંતગણા વધારે અથવા આરીતે પણ સઘળા જીવો છ પ્રકારના કહેવામાં આવેલ છે. ઔદારિક શરીરી, વૈક્રિયશરીરી, આહારકશરીર, તૈજસશરીરી, કાર્મણશરીરી અને અશરીરી, ઔદારિક શરીર વાળાની કાયસ્થિતિનો કાળ જઘન્યથી બે સમય કમ ક્ષુલ્લક ભવગ્રહણ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ પ્રમાણ છે. વૈક્રિયશરીર વાળાઓની કાયસ્થિ તિનો કાળ જઘન્યથી તો એક સમયનો હોય છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની હોય છે. આહારક શરીરવાળાઓની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે.અને ઉત્કૃષ્ટથી પણ એકજ અંતર્મુહૂર્તનો છે. તૈજસશરીર વાળા બે પ્રકારના કહેવામાં આવેલ છે. એક અનાદિ અપર્યવસિત તૈજસશરીરી અને બીજા અનાદિ સપર્યવસિત તૈજસશરીરી તેમાં જે અનાદિ અપર્યવસિત તૈજસશરીરી છે, તેમની મુક્તિ કોઈ પણ સમયે થતી નથી. એજ પ્રમાણે કાર્મણ શરીર વાળા પણ બે પ્રકારના હોય છે. જે અનાદિ સપર્યવસિત કાર્મણ શરીર વાળા હોય છે. તેની મુક્તિ કોઈ પણ સમયે થતી નથી, અશરીરી જીવ સાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્ય વસિત હોય છે. તેથી અહીયાં તેની કાયસ્થિતિનો વિચાર કરવામાંઆવેલ નથી, ઔદારિક શરીરનું અંતર જઘન્યથી એક સમયનું છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સગરોપમનું હોય છે. વૈક્રિયશરીરનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ પ્રમાણ પ્રમાણ અનંતકાળનું અંતર છે. આહારક શરીરનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી અનંતકાળથી કંઈક ઓછું અપાર્ધ પુદ્ગલ પરાવર્તકાળનું છે. તૈજસ અનેકા ર્મણ એ બેઉનું અંતર હોતું નથી. સૌથી ઓછા આહારક શરીરવાળા જીવ છે. તેના કરતાં વૈક્રિય શરીરવાળા જીવો અસંખ્યાત ગણા વધારે તેના કરતાં ઔદારિક શરીર વાળા જીવો અસંખ્યાતગણા વધારે હોય તેના કરતાં અશરીરી સિદ્ધજીવ છે તેઓને અનંતગણા વધારે માનેલા છે.

## પ્રતિપત્તિ : ૧૦ સવ્વજીવ-૬

[૩૯૧-૩૯૨]કોઈ અપેક્ષાથી સઘળા સઘળા જીવો સાત પ્રકારના છે પૃથ્વી કાયિક ૧, અપ્કાયિક ૨, તેજસ્કાયિક ૩, વાયુકાયિક ૪, વનસ્પતિકાયિક ૫, ત્રસકાયિક ૬ અને અકાયિક ૭ સૌથી ઓછા ત્રસકાયિક જીવો છે. તેના કરતાં તેજસ્કાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પૃથિવીકાયિક જીવો વિશેષાધિક છે. તેના કરતાં અપકાયિક જીવ વિશેષાધિક છે. તેના કરતાં વાયુ કાયિક જીવ વિશેષાધિક છે. અને તેના કરતાં સિદ્ધ જીવો અનંતગણા વધારે છે. તથા તેના કરતાં પણ વનસ્પતિકાયિક જીવ છે તે અનંત ગણા અધિક છે. અથવા આ રીતે પણ સઘળા જીવો સાત પ્રકારના કહેવામાં આવેલ છે. કૃષ્ણલેશ્યાવાળાજીવ, નીલલેશ્યા વાળાજીવ, કાપોતલેશ્યા વાળાજીવ, તેજોલેશ્યાવાળાજીવ, પદ્મલેશ્યાવાળાજીવ, શુકલલેશ્યાવાળાજીવ અને લેશ્યા વિનાના જીવો, કૃષ્ણલેશ્યા વાળા જીવ કૃષ્ણલેશ્યાથી યુક્ત થઈને ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે એક અંત મુહૂર્ત અધિક તેત્રીસ સાગ રોપમ કાળ પર્યન્ત રહે છે. નીલલેશ્યા વાળા જીવની કાયસ્થિતિ જઘન્યથી તો એક અંતર્મુહૂર્તની હોય છે. અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાત ભાગથી અધિક દસ સાગરોપમની હોય છે. કાપોતલેશ્યા વાળા જીવની કાયસ્થિતિ જઘન્યથી તો એક અંતર્મુહૂર્તની કહેવામાં આવેલ છે. અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી વધારે ત્રણ સાગરોપમની છે તેજોલેશ્યા વાળા જીવોની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો હોય છે. અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાત ભાગથી વધારે બે સાગરોપમનો હોય છે. પદ્મલેશ્યા વાળા જીવની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો હોય છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત અધિક દસ સાગરોપમનો હોય છે. શુકલલેશ્યાવાળા જીવોની કાયસ્થિતિનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો છે. અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમનો છે. અલેશ્ય જીવની કાયસ્થિ તિનો કાળ સાદિ અપર્યવસિત હોય છે. સૌથી ઓછા શુકલલેશ્યા વાળા જીવો હોય છે. તેના કરતાં પદ્મલેશ્યાવાળા જીવો સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં તેજોલેશ્યાવાળા પણ સંખ્યાતગણા વધારે છે. અલેશ્યજીવો તેજોલેશ્યા વાળાઓથી પણ અનંતગણા વધારે છે. કાપોતલેશ્યા વાળ ઓના કરતાં નીલલેશ્યાવાળા જીવો વિશેષાધિક છે. અને તેના કરતાં કૃષ્ણલેશ્યા વાળા વિશેષાધિક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રતિપત્તિ: ૧૦-સવ્વજીવ-૭

[૩૯૩-૩૯૪] કોઈ અપેક્ષાથી સઘળા જીવો આઠ પ્રકારના કહેવામાં આવેલા છે. આભિનિબોધિકજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨ અવધિજ્ઞાની ૩ મનઃપર્યવજ્ઞાની ૪ કેવળજ્ઞાની ૫ મત્યજ્ઞાની ૬ શ્રુતાજ્ઞાની અને વિભંગજ્ઞાની,આભિનિબોધિકજ્ઞાની આભિનિબોધિ-કજ્ઞાની પણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે કંઈક વધારે ૬૬ છાસઠ સાગરો પમ એજ પ્રમાણે શ્રુતજ્ઞાની જાણવા.અવધિજ્ઞાની અવધિજ્ઞાની પણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત અને વધારેમાં વધારે કંઈક વધારે છાસઠ સાગરોપકાળ પર્યન્ત રહે છે. મનઃપર્યવજ્ઞાની મનઃપર્યવજ્ઞાની પણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત રહે છે. અને વધારેમાંવધારે કંઈક ઓછા પૂર્વકોટી કાળ પર્યન્ત રહે કેવલજ્ઞાની કેવલજ્ઞાનીપણાથી સાદિ અપર્યવસિતકાળ પર્યન્ત રહે છે. મત્યજ્ઞાની મત્યજ્ઞાનીપણાથી રહેવા માટે ત્રણ પ્રકારના કહેવામાં આવેલ છે. એક અનાદિ અપર્યવસિત મત્યજ્ઞાની હોય છે. તેમનું મત્યજ્ઞાન કયારેય પણ દૂર થઈ શકતું નથી. તે અભવ્ય અનાદિ સપર્યવસિત મત્યજ્ઞાની જીવ હોય છે. તેને અનાદિકાળથી લાગેલ મત્યજ્ઞાન દૂર થઈ જાય છે. અને ફરી તે મત્યજ્ઞાની થતા નથી. ત્રીજા મત્યજ્ઞાની સાદિ સપર્યવસિત હોય ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત પર્યન્ત મત્યજ્ઞાની બનેલા રહે છે. અને વધારેમાં વધારે યાવત્ કંઈક ઓછા અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ પર્યન્ત મત્યજ્ઞાનીપણાથી રહે છે. શ્રુત અજ્ઞાની પણ એટલા કાળ પર્યન્ત જ શ્રુતઅજ્ઞાનપણામાં રહે. વિભંગજ્ઞાની વિભંગજ્ઞાની પણાથી ઓછામાં ઓછા એક સમય પર્યન્ત રહે છે ઉત્કૃષ્ટથી તે દેશોન પૂર્વ કોટિ અધિક તેત્રીસ સાગરોપમ કાળ પર્યન્ત જ્ઞાની પણાથી રહે છે. સૌથી ઓછા મનઃપર્યવજ્ઞાની જીવો છે. તેના કરતાં અવધિ જ્ઞાનવાળા જીવો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની એ બન્ને વિશેષાધિક છે. તેના કરતા વિભંગ જ્ઞાની જે જીવ છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં- કેવળજ્ઞાની જીવ અનંત ગણા વધારે છે. સિદ્ધોના કરતાં મતિજ્ઞાની, અને શ્રુતજ્ઞાની, બે બન્ને અનંતગણા વધારે છે.

અથવા સઘળાજીવો આઠ પ્રકારના આ રીતે પણ છે. નૈરયિક ૧ તિર્યગ્યોનિક પુરૂષ ૨ તિર્યગ્યોનિક સ્રી ૩ મનુષ્ય પુરૂષ ૪ મનુષ્ય સ્રી ૫ દેવ પુરૂષ ૬ દેવસ્રી ૭ અને સિદ્ધ ૮ આ સઘળા જીવોમાં સૌથી ઓછા મનુષ્ય સ્રિયો છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોના કરતાં મનુષ્યો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં તિર્યગ્યો નિક સ્રિયો અસંખ્યાત ગણી વધારે છે. તેના કરતાં દેવો સંખ્યાતગણા વધારે છે. તેના કરતાં દેવિયો અસંખ્યાત ગણી વધારે છે. તેના કરતાં સિદ્ધજીવો અનંતગણા વધારે છે. તેના કરતાં તિર્યગ્યોનિક જીવો અનંતગણા વધારે છે. આ પ્રમાણે આ વર્ણન આઠ પ્રકારના સઘળાજીવોના સંબંધમાંકરવામાં આવેલ છે.

## પ્રતિપત્તિ: ૧૦-સવ્વજીવ-૮

[૩૯૫-૩૯૬]કોઈ અપેક્ષાથી સઘળાજીવો નવ પ્રકારના છે. એક ઈન્દ્રિયવાળા જીવો બેઈન્દ્રિયવાળા જીવો ત્રણ ઈન્દ્રિયવાળા જીવો ચાર ઈન્દ્રિયવાળા જીવો, નૈરયિક જીવો, પંચેન્દ્રિર્યગ્યોનિકજીવ, મનુષ્ય, દેવ અને સિદ્ધ આ પ્રકારના આ જીવોમાં સંસારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અસંસારી સઘળાજીવોનો સમાવેશ થઈ જાય છે. હે ગૌતમ ! સૌથી ઓછા મનુષ્યો છે. તેના કરતાં નૈરયિક જીવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં દેવો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં ચાર ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે તેના કરતાં બે ઈંદ્રિયવાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં સિદ્ધ જીવો અનંતગણા વધારે છે. અને સિદ્ધોના કરતાં પણ એક ઈંદ્રિયવાળા જીવો અનંતગણા વધારે છે. કેમકે-વનસ્પતિકાયિક જીવ અનંત હોય

અથવા સઘળા જીવો આ રીતે પણ દશ પ્રકારના છે. પ્રથમ સમય નૈરયિક અપ્રથમસમય નૈરયિક, પ્રથમ સમય તિર્યગ્યોનિક, અપ્રથમ સમય તિર્યગ્યો નિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય પ્રથમ સમય દેવ અપ્રથમ સમય દેવ હે ગૌતમ પ્રથમ સમયવર્તિ જે મનુષ્ય છે તેઓ સૌથી ઓછા છે. તેમના કરતાં જે અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં પ્રથમસમયવર્તિ જે દેવો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં જે અપ્રથમ સમયવર્તિ તિર્યગ્યોનિક જીવ છે. તે અસંખ્યાતગણા વધારે છે. સૌથી ઓછા અપ્રથમ સમયવર્તી મનુષ્ય છે. તેના કરતાં જે અપ્રથમસમયવર્તી નૈરયિક છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપ્રથમસમયવર્તી દેવો છે તે અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં જે અપ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવ છે, તેઓ અનંત ગણા વધારે છે. ત્રીજા પ્રકારનું અલ્પ બહુત્વ પ્રથમસમયવર્તી નૈરયિકો અને અપ્રથમ સમયવર્તી નૈરયિકોમાં સૌથી ઓછા પ્રથમસમયવર્તી નૈરયિકો છે. અને તેના કરતાં અપ્રથમ સમય વર્તી નૈરયિકો છે, તેઓ અસંખ્યાત ગણા વધારે છે. એજ પ્રમાણે પ્રથમ સમયવર્તી જે તિર્યગ્યોનિક જીવ છે તેઓ અનંતગણા વધારે છે. પ્રથમ સમયવર્તી મનુષ્ય સૌથી ઓછા છે. અને તેના કરતાં અપ્રથમસમયવર્તી જે મનુષ્ય છે તેઓ અસંખ્યાત ગણા વધારે છે. એજ પ્રમાણે પ્રથમ સમયવર્તી જે દેવો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પણ અપ્રથમ સમયવર્તી જે દેવો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. ચોથા પ્રકારનું અલ્પ બહુત્વ સૌથી ઓછા પ્રથમ સમયવર્તી મનુષ્ય છે, તેના કરતાં અપ્રથમ સમયવર્તી મનુષ્ય અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી નૈરયિકો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી દેવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી નૈરયિકો અસંખ્યાત ગણા વધારે છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી દેવો અસંખ્યાતગણા વધારે છે. સિદ્ધો અનંતગણા છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવો અનંતગણા આ પ્રમાણે સમયવર્તી તિર્યગ્યોનિક જીવો અનંતગણા આ પ્રમાણે આ નવ પ્રકારના સર્વ જીવો કહેવામાંઆવેલ છે.

## પ્રતિપત્તિ-૧૦ સવ્વજીવ-૯

[૩૯૭-૩૯૮] કોઈ અપેક્ષાથી સઘળા જીવો, દસ પ્રકારના કહેવામાં આવેલ છે પૃથ્વીકાયિક ૧ અપ્કાયિક ૨, તેજસ્કાયિક ૩ વાયુકાયિક ૪ વનઃસ્પતિકાયિક ૫ બે ઈંદ્રિય ૬ તે ઈંદ્રિય ૭ ચૌ ઈંદ્રિય ૮ પંચેંદ્રિય ૯ અને અનીંદ્રિય ૧૦ પૃથ્વીકાયિક પૃથ્વીકાયિક પણાથી ઓછામાંઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે અસં-ખ્યાતકાળ પર્યન્ત રહે છે. આ રીતે અપ્કાયિક જીવ યાવત્ વાયુકાયિક જીવ વિશે સમજવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનસ્પતિકાયિક જીવ વનસ્પતિકાયિકપણાથી કેટલા કાળ પર્યન્ત રહે હે ગૌતમ ! વન સ્પતિકાયિક જીવ વનસ્પતિકાયિક પણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે વનસ્પતિકાળ પ્રમાણ અનંતકાળ પર્યન્ત રહે છે. બે ઈંદ્રિયજીવ બે ઈંદ્રિયપણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે સંખ્યાત કાળ પર્યન્ત રહે છે. એજ પ્રમાણે તેઈંદ્રિય જીવની અને ચૌઈંદ્રિયજીવનીકાય સ્થિતિનો કાળ પણ સમજવો પંચેન્દ્રિય જીવ પંચેન્દ્રિય પણાથી ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે. અને વધારેમાં વધારે કંઈક વધારે સાગરોપમ સહસ્રકાળ પર્યન્ત રહે છે. અનીંદ્રિય જીવ અનીંદ્રિય પણાથી સાદિ અપર્ય વસિત કાળ પર્યન્ત રહે છે. પૃથ્વીકાયિક જીવનું અંતર જઘન્યથી એક અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પ્રમાણ અનંતકાળનું હોય છે. એજ પ્રમાણે કાળની અપેક્ષાથી અપ્પકાયિક જીવનું અંતર તેજસ્કાયિક જીવનું અંતર અને વાયુકાયિક જીવનું અંતર હોય છે. વનસ્પતિકાયિક જીવનું અંતર પૃથ્વીકાયિક જીવની કાયસ્થિતિના કથન પ્રમાણે હોય છે. બેઈંદ્રિય તેઈંદ્રિય ચૌઈંદ્રિય અને પંચેન્દ્રિય આ ચારેયનું અંતર જઘન્યથી એક અંત-ર્મુહૂર્તનું છે. અને ઉત્કૃષ્ટથી તે વનસ્પતિકાલ, પ્રમાણનું અનન્તકાળ કહેવામાં આવેલ છે. અનિંદ્રિય સિદ્ધ જીવનું અંતર હોતું નથી.આ દસ જીવોમાં પંચેન્દ્રિય જીવો સૌથી અલ્પ છે. તેના કરતાં ચાર ઈંદ્રિયવાળાજીવો વિશેષાધિક છે. તેના કરતાં ત્રણ ઈંદ્રિય વાળા જીવો વિશેષાધિક છે. તેના કરતાં બે ઈંદ્રિયજીવો વિશેષાધિક છે. તેના કરતાં તેજસ્કાયિક જીવ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પૃથ્વીકાયિક જીવ વિશેષાધિક છે તેના કરતાં અપ્કાયિક જીવ વિશેષાધિક છે. તેના કરતાં વાયુકાયિક જીવ વિશેષા ધિક છે, તેના કરતાં અનિન્દ્રિય સિદ્ધ જીવો અનંતગણા વધારે છે. તેના કરતાં વનસ્પતિ કાયિક જીવ અનંતગણા વધારે છે.

અથવા આ રીતે પણ સઘળા જીવો દસ પ્રકારના કહેવામાં આવેલ છે. પ્રથમ સમયવર્તિ નૈરયિક ૧ અપ્રથમસમયવર્તિ નૈરયિક ૨ પ્રથમ સમયવર્તિ તિર્યગ્યોનિક ૩ અપ્રથમ સમયવર્તિ તિર્યગ્યોનિક ૪ પ્રથમ સમયવર્તિ મનુષ્ય ૫ અપ્રથમસમયવર્તિ મનુષ્ય ૬, પ્રથમ સમયવર્તિ દેવ ૭ અપ્રથમસમયવર્તિ દેવ ૮ પ્રથમસમયવર્તિ સિદ્ધ ૯ અને અપ્રથમ સમયવર્તિ સિદ્ધ -૧૦ સૌથી ઓછા પ્રથમ સમયવર્તી સિદ્ધો છે. તેના કરતાં પ્રથમ સમયવર્તિ જે મનુષ્ય છે, તેઓ અસંખ્યાતગણા વધારે તેના કરતાં પ્રથમ સમયવર્તી જે નૈરયિકો છે તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં પ્રથમ સમયવર્તિ જે તિર્યગ્યોનિક જીવ વિશેષ. છે. અહીયાં સૌથી ઓછા અપ્રથમસમયવર્તી મનુષ્ય છે. તેના કરતાં જે અપ્રથમ સમયવર્તી નૈરયિકો છે; તેઓ અસંખ્યાતગણા વધારે છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી દેવો અસંખ્યાતગણા વધારે છે. તેના કરતા અપ્રથમ સમયવર્તી સિદ્ધ છે તેઓ અનંતગણા વધારે છે. તેના કરતાં પ્રથમસમયવર્તિ જે તિર્યગ્યોનિક જીવ છે. તેઓ અનંતગણા વધારે છેં. સૌથી ઓછા પ્રથમ સમય વર્તી નૈરયિકો છે. તેના કરતાં અપ્રથમ સમયવર્તી નૈરયિક અસંખ્યાતગણા વધારે છે.સૌથી ઓછા પ્રથમ સમયવર્તી તિર્યગ્યોનિક જીવ છે તેના કરતાં અપ્રથમ સમયવર્તી જે તિર્યગ્યોનિક જીવ છે તે અનંતગણા વધારે છે. મનુષ્યોમાં સૌથી ઓછા પ્રથમસમય વર્તા મનુષ્ય છે. અને તેના કરતાં જે અપ્રથમસમયવર્તી મનુષ્ય છે તેઓ અસંખ્યાતગણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે છે. જે પ્રમાણે મનુષ્યોના સંબંધમાં કથન કરવામાંઆવેલ છે. એજ પ્રમાણે પ્રથમ સમયવર્તી અને અપ્રથમસમયવર્તી દેવોના સંબંધમાં પણ કથન કરી લેવું.

સૌથી ઓછા પ્રથમસમયવર્તીસિદ્ધો છે. તેના કરતાં અપ્રથમસમયવર્તીસિદ્ધો અનંતગણા વધારે છે.સૌથીઓછા પ્રથમસમયવર્તીસિદ્ધો છે. તેના કરતાં પ્રથમ સમયવર્તી મનુષ્ય અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં અપ્રથમસમયવર્તીમનુષ્યો છે તેઓ અસંખ્યાતગણા વધારેછે, તેના કરતાં પણ પ્રથમસમયમાંવર્તમાનનૈરયિકો અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં પ્રથમસમયમાંવર્તમાન દેવો અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં પ્રથમસમયવર્તમાનતિર્યગ્યોનિકજીવો અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં અપ્રથમસમયવર્તિનૈરયિકો અસંખ્યાતગણા વધારેછે. તેના કરતાં અપ્રથમ સમયમાં વર્તમાન જે દેવો છે તેઓ અસંખ્યાતગણા વધારેછે. તેના કરતા જે અપ્રથમ સમયવર્તમાનસિદ્ધો છે તેઓ અનંતગણા વધારેછે. તેના કરતાં અપ્રથમસમય-વર્તમાનતિર્યગ્યોનિકજીવો અનંતગણા વધારેછે. આ પ્રમાણે આ વિવેચન દસ પ્રકારના સર્વ જીવોના સંબંધમાં કરવામાં આવેલ છે.

**પ્રતિપત્તિ-૧૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જર છાયા**

| | |
|---|---|
| ૧૪ | **જીવાજીવાભિગમગુર્જરછાયાપૂર્ણ** |
| | **ઉવંગ : ૩ ગુર્જરછાયા પૂર્ણ** |

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૫ પન્નવણા-સુત્તં

## ઉવંગ-૪-ગુર્જરછાયા

### -ઃપદઃ૧-પ્રજ્ઞાપનાઃ-

[૧] જેના જરા, મરણ અને ભય નષ્ટ થયા છે એવા સિદ્ધોને ત્રિવિધે- નમસ્કાર કરીને ત્રણ લોકના ગુરુ અને જિનવરોમાં શ્રેષ્ઠ એવા મહા વીરને વંદન કરું છું.

[૨] ભવ્ય જનોને મોક્ષનું કારણ અને -સામાન્ય કેવલીમાં શ્રેષ્ઠ એવા ભગવંત મહાવીર શ્રુતરત્નોના નિધાનભૂત એવી સર્વ ભાવોની પ્રજ્ઞાપના બતાવેલી છે.

[૩-૪] વાચકના શ્રેષ્ઠ વંશમાં ત્રેવીસમા, ધીર પુરૂષ, દુર્ઘર- અને પૂર્વશ્રુતવડે જેની બુદ્ધિ સમૃદ્ધ થયેલી છે એવા જે મુનિએ શ્રુતસાગરથી વીણીને પ્રધાન શ્રુતરત્ન શિષ્ય ગણને આપ્યું તે ભગવત્ આર્ય શ્યામાચાર્યને નમસ્કાર હો.

[૫] આ પ્રજ્ઞાપના રુપ અધ્યયન ચિત્ર-વિચિત્ર, શ્રુતરત્નરુપ અને દૃષ્ટિવાદના બિન્દુસમાન છે. તેને ભગવન્ મહાવીરે જે પ્રકારે વર્ણવ્યું છે તે પ્રકારે હું પણ વર્ણવીશ.

[૬-૯] ૧ પ્રજ્ઞાપના, ૨ સ્થાન, ૩ બહુવક્તવ્ય, ૪ સ્થિતિ, ૫ વિશેષ, ૬ વ્યુત્ક્રાન્તિ, ૭ ઉચ્છ્વાસ, ૮ સંજ્ઞા, ૯ યોનિ, ૧૦ ચરમ, ૧૧ ભાષા, ૧૨ શરીર, ૧૩ પરિણામ, ૧૪ કષાય, ૧૫ ઈન્દ્રિય, ૧૬ પ્રયોગ, ૧૭ લેશ્યા, ૧૮ કાયસ્થિતિ, ૧૯ સમ્યક્ત્વ, ૨૦ અન્ત-ક્રિયા, ૨૧ અવગાહના-૨૨ ક્રિયા, ૨૩ કર્મ, ૨૪ કર્મબન્ધક, ૨૫ કર્મવેદક, ૨૬ વેદ-બન્ધક, ૨૭ વેદવેદક, ૨૮ આહાર, ૨૯ ઉપયોગ, ૩૦ પશ્યત્તા ૩૧ સંયમ, ૩૩ અવધિ, ૩૪ પ્રતિચારણા, ૩૫ વેદના અને ૩૬ સમુદ્ઘાત એ છત્રીસ પદો છે.

[૧૦] પ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? બે પ્રકારે જીવપ્રજ્ઞાપના અજીવપ્રજ્ઞાપના.

[૧૧] અજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે કહી છે ? અજીવપ્રજ્ઞાપના બે પ્રકારે કહી છે. જેમ કે - રુપીઅજીપ્રજ્ઞાપના અને અરુપીઅજીવપ્રજ્ઞાપના.

[૧૨] અરુપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? અરુપીઅજીવપ્રજ્ઞાપના દસ પ્રકારે કહેલી છે. ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ અને ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના પ્રદેશો,તથા કાળ.

[૧૩] રુપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? રુપીઅજીપ્રજ્ઞાપના ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-સ્કન્ધો, સ્કન્ધ-દેશો, સ્કન્ધપ્રદેશો અને પરમાણુપુદ્ગલો. તે પુદ્ગલો સંક્ષેપથી પાંચ પ્રકારના કહ્યા છે. વર્ણપરિણત, ગન્ધપરિણત, રસપરિણત, સ્પર્શ-પરિણત અને સંસ્થાનપરિણત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે વર્ણપણે પરિણમેલા છે તે પાંચ પ્રકારે છે. કાલવર્ણપરિણત,- નીલવર્ણ-પરિણત,-લોહિતવર્ણ પરિણત- હારિદ્રવર્ણ-પણિત, અને શુક્લવર્ણપણે પરિણમેલા. જે ગન્ધપણે પરિણત છે તે બે પ્રકારના છે. જેમકે સુરભિ ગન્ધ- પરિણત અને દુરભિગન્ધ-પરિણત. જે રસપરિણત છે તે પાંચ પ્રકારના છે. તિક્ત- રસ પરિણત, કટુક- રસ પરિ ણત, કષાય-રસપરિણત, અમ્લ- રસ પરિણત અને મધુર રસ રુપે પરિણત. જે સ્પર્શ પણે પરિણત છે તે આઠ પ્રકારના કહ્યા છે. કર્કશ- પરિણત, મૃદુ- સ્પર્શ રુપે પરિણત, ગુરુ- સ્પર્શ પરિણત, લઘુ- સ્પર્શરુપે પરિણત, શીતસ્પર્શ પરિણત, ઉષ્ણ સ્પર્શ પરિણત, સ્નિગ્ધ સ્પર્શ પરિણત, અને રુક્ષ સ્પર્શપણે પરિણત.જે સંસ્થાન પરિણત છે તે પાંચ પ્રકારના છે. પરિમંડલ સંસ્થાન,- પરિણત, વૃત્તસંસ્થાન,-પરિણત, ત્ર્યસ્ર સંસ્થાન પરિણત, ચતુરસ્ર સંસ્થાન-પરિણત અને આવર્ત સંસ્થાન- પરિણત

જેઓ વર્ણથી કાળા વર્ણ રુપે પરિણત છે તેઓ ગન્ધથી સુગન્ધરુપે અને -દુર્ગન્ધ રુપે પણ પરિણત છે. રસથી કડવા રસ રુપે, તીખા રસ રુપે, કષાય- રસ રુપે, અમ્લા રસ રુપે અને મધુર રસ રુપે પણ પરિણત છે. સ્પર્શથી કર્કશ- સ્પર્શપણે, મૃદુ- સ્પર્શપણે, ગુરુ-સ્પર્શપણે, લઘુ સ્પર્શપણે, શીત સ્પર્શપણે, ઉષ્ણ સ્પર્શપણે, સ્નિગ્ધ સ્પર્શપણે અને રુક્ષ સ્પર્શપણે પણ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે, વૃત્ત- સંસ્થાનપણે, ત્રિકોણ સંસ્થાનપણે ચતુષ્કોણ સંસ્થાનપણે અને આયત સંસ્થાનપણે પણ પરિણત છે. જેઓ વર્ણથી નીલ વર્ણપણે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિગન્ધપણે અને દુરભિગન્ધ પણે પણ પરિણત છે. યાવત્ આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. જેઓ વર્ણથી લોહિત- વર્ણરુપે પરિણત છે તે ગન્ધથી સુરભિ ગન્ધપણે અને દુરભિ ગન્ધપણે યાવત્ આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. જેઓ વર્ણથી હારિદ્ર-પીળા વર્ણરુપે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિગન્ધ અને દુરભિગન્ધ પણે યાવત્ આયત સંસ્થાનપણે પણ પરિણમેલા હોય છે. જેઓ વર્ણથી શુક્લ વર્ણપણે પરિણત છે તેઓ ગન્ધથી સુર-ભિગન્ધિપણે અને દુરભિગન્ધિપણે યાવત્ આયત સંસ્થાનરુપે પણ પરિણત હોય છે.

જેઓ ગન્ધથી સુરભિ ગન્ધિપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા, નીલા, રક્ત, પીત અને શુક્લ વર્ણપણે પણ પરિણત હોય છે. રસથી કડવા, તીખા, તુરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણત પણ હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત-વર્તુળ; ત્ર્યસ્ર-ત્રિચતુષ્કોણ અને આયત સંસ્થાન પણે પણ પરિણત હોય છે. જેઓ ગન્ધથી દુર ભિગન્ધપણે પરિણમેલા છે તેઓ વર્ણથી કાળા વર્ણપણે, યાવત્ આયત સંસ્થાનપણેપણ પરિણત હોય છે.

જેઓ રસથી તિક્ત-કડવા રસરુપે પરિણત છે તેઓ વર્ણથી કાળા વર્ણપણે, નીલ, લોહિત-રાતા, હારિદ્ર-પીળા અને શુક્લ-શ્વેતવર્ણપણે પરિણત હોય છે. ગન્ધથી સુર ભિગન્ધથી અને દુરભિગન્ધપણે પણ પરિણત હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શપણે પરિણત હોય છે. સંસ્થાનની પરિ મંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. જેઓ રસથી કટુક તીખા રસરુપે પરિણત છે તેઓ વર્ણથી કાળા યાવત્ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. જેઓ રસથી અમ્લા-રસપણે પરિણમેલા છે તેઓ વર્ણથી કાળા યાવત્ પાંચે ય સંસ્થાનપણે પરિણત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. જેઓ રસથી મધુરરસ પણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણરુપે, યાવત્ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે.

જેઓ સ્પર્શથી કર્કશ-સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણ રુપે, ગન્ધથી સુરભિ અને અસુરભિ બન્ને ગન્ધપણે, રસથી કડવા વગેરે પાંચે ય રસ-પણે, સ્પર્શથી બધાં સંસ્થાનથી પરિમંડલાદિ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. જેઓ સ્પર્શથી મૃદુ- સ્પર્શપણે પરિણત હોય છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણરુપે, યાવત્ પાંચે ય સંસ્થાનરુપે પરિણત હોય છે. જેઓ સ્પર્શથી ગુરુ- સ્પર્શપણે પરિણત હોય છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે, યાવત્ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. જેઓ સ્પર્શથી લઘુ- સ્પર્શપણે પરિણત છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે,યાવત્ પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે. જેઓ સ્પર્શથી શીત સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, યાવત્ સંસ્થાનપણે પરિણત હોય છે. જેઓ સ્પર્શથી ઉષ્ણ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણરુપે, યાવત્ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. જેઓ સ્પર્શથી સ્નિગ્ધ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય યાવત્ પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે. જેઓ સ્પર્શથી રુક્ષ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, યાવત્ પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે.

જેઓ સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણપણે, ગન્ધથી સુરભિ અને અસુરભિ બન્ને ગન્ધપણે, રસથી કડવા વગેરે પાંચે ય રસપણે અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પરિણત હોય છે. જેઓ સંસ્થાનથી વૃત્ત સંસ્થાન પણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણરુપે, યાવત્ સ્પર્શપણે પરિણત હોય છે. જે સંસ્થાનથી ત્ર્યસ્ર સંસ્થાન-પણે પરિણત છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે, યાવત્ આઠે ય સ્પર્શપણે પણ પરિણત હોય છે. જે સંસ્થાનથી ચતુરસ્રસંસ્થાન-પણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણ પણે, યાવત્ આઠે ય સ્પર્શપણે પરિણત હોય છે. જે સંસ્થાનથી આયત સંસ્થાન-પણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, યાવત્ આઠે ય સ્પર્શપણે પણ પરિણત હોય છે. એમ રુપી-અજીવપ્રજ્ઞાપના કહી, અજીવપ્રજ્ઞાપના પણ કહી.

[૧૪] જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? જીવપ્રજ્ઞાપના બે પ્રકારે છે. સંસાર સમાપન્ન-જીવપ્રજ્ઞાપના અને અસંસારસમાપન્ન. તેમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના અનુભવ રુપ સંસારને-એકીભાવ- વડે પ્રાપ્ત થયેલા તે સંસારસમા પન્ના જીવો, તેઓની પ્રજ્ઞાપના-સ્વરુપનું નિરુપણ કરવું તે સંસારસમાપન્ના જીવ પ્રજ્ઞાપના. અસંસાર-મોક્ષને પ્રાપ્ત થયેલા તે અસંસારસમાપન્ના જીવો, તેઓના સ્વરુપ નું નિરુપણ કરવું તે અસંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના.

[૧૫-૧૭] અસંસારસમાપન્ના-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? બે પ્રકારે છે. અનન્તરસિદ્ધ-અસંસારસમાપન્ના-જીવપ્રજ્ઞાપનાઅને પરંપરાસિદ્ધ અસંસારસમા પન્ન જીવપ્રજ્ઞાપના. તેમાં જેઓને સિદ્ધ થયાને એક સમયનું અન્તર નથી - તે અનન્તર સિદ્ધો. તેઓના સ્વરુપની પ્રરુપણા તે અનન્ત રસિદ્ધ અસંસારસમાપના જીવ- પ્રજ્ઞાપના. જેઓને સિદ્ધ થયાને એક, બે, ત્રણ ઈત્યાદિ સમયોનું અન્તર પડયું છે તે પરમ્પર સિદ્ધો. અનન્તસિદ્ધ અસંસાર સમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? 'પંદર પ્રકારે છે.'(૧) તીર્થસિદ્ધ (૨) અતીર્થસિદ્ધ- (૩) તીર્થંકરસિદ્ધ-(૪) અતીર્થંકરસિદ્ધ- (૫) સ્વયંબુસિદ્ધ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ-(૭) બુદ્ધબોધિતસિદ્ધ-બિદ્ધ-આચાર્યના ઉપદેશથી બોધ પામી મોક્ષે ગયેલા તે બુદ્ધબોધિતસિદ્ધ કહેવાય છે. (૮) સ્ત્રીલિંગસિદ્ધ (૯) પુંલિંગસિદ્ધ. (૧૦) નપુંસકલિંગ સિદ્ધ (૧૧) સ્વલિંગસિદ્ધ. (૧૨) અન્યલિંગસિદ્ધ. (૧૩) ગૃહિ-લિંગસિદ્ધ(૧૪) તે એકસિદ્ધ અને (૧૫) અનેકસિદ્ધ.- પરંપરસિદ્ધ અસંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે કહી છે ? પરંપરસિદ્ધ અસંસારસમાપન્ન જીવ- પ્રજ્ઞાપના અનેક પ્રકારે કહી છે. તે આ પ્રમાણે-અપ્રથમસમયસિદ્ધ, દ્વિતીયસમયસિદ્ધ, તૃતીય-સમયસિદ્ધ, ચતુર્થસમયસિદ્ધ, યાવત્-સંખ્યાતસમયસિદ્ધ, અસંખ્યાતસમય સિદ્ધ, અને અનન્તસમયસિદ્ધ. એમ પરંપરસિદ્ધ-અસંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કહી. એ પ્રમાણે અસંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પણ કહી.

[૧૮] -'સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના' બેઈન્દ્રિય, તે ઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના

[૧૯-૨૯] એકેન્દ્રિય સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? એકેન્દ્રિય સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે-૧ પૃથિવીકાયિકો, ૨ અપ્કાયિકો, ૩ તેજસ્કાયિકો, ૪ વાયુકાયિકો અને વનસ્પતિકાયિકો. પૃથિવીકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે ? પૃથિવીકાયિકો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-સૂક્ષ્મ પૃથિવી કાયિકો અને બાદર પૃથિવીકાયિકો. સૂક્ષ્મ પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે ? સૂક્ષ્મ પૃથિ-વીકાયિકો બે પ્રકારે છે. તે આ પ્રમાણે-પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો. બાદર પૃથિવીકાયિકોના કેટલા પ્રકારે છે ? બાદર પૃથિવીકાયિ કોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે-શ્લક્ષ્ણ-બાદર પૃથિવીકાયિકો અને ખર- બાદર પૃથિવીકાયિકો. શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકોના કેટલા પ્રકાર છે ? સાત પ્રકારે છે. તે આ પ્રમાણે કૃષ્ણ મૃત્તિકા- નીલમૃત્તિકા, લોહિતમૃત્તિકા-હારિદ્રમૃત્તિકા શુક્લમૃત્તિકા- પાંડુમૃત્તિકા અને પનકમૃત્તિકા. ખર બાદર પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે ? અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે-શુદ્ધ-પૃથિવી, શર્કરા, વાલુકા ઉપલ , શિલા, લવણ, ઉપ-, લોઢું, તાંબુ, જસત, સીસું, રુપું, સુવર્ણ, વજરત્ન, હડતાલ, હિંગળો, મણસીલ, સાસગ- અંજનરત્ન, પ્રવાલ, અભ્ર પટલ, અભ્રવાલુકા અને મણિના ભેદો-એ બધા બાદર પૃથિવીકાયને વિશે જાણવા. ગોમેધ્યક, રુચક, અંક, રુફટિક, લોહિતાક્ષ, મરકત, મસાર ગલ્લ, ભુજમોચક, અને ઈન્દ્રનીલ, ચંદનરત્ન, ગૈરિક, હંસગર્ભ, પુલક, સૌગન્ધિક, ચંદ્રપ્રભ,વૈડર્ય, જલ-કાન્ત, સૂર્યકાન્ત. ઈત્યાદિ યાવદ્ તેવા પ્રકારના બીજા હોય તે બધા ખર બાદર પૃથિવી-કાયિકો જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. -પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત-વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. જે પર્યાપ્તા છે તેઓના વર્ણાદિશથી, રસાદેશથી અને સ્પર્શાદિશથી હજારો ભેદો છે અને તેઓના સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તાઓ હોય છે. એ પ્રમાણે ખર બાદર પૃથિવીકાયિકો કહ્યા.

[૩૦] અપ્કાયિકો કેટલા પ્રકારનો છે ? બે પ્રકારના છે.-સૂક્ષ્મ અપ્કાયિકો અને બાદર અપ્કાયિકો.સૂક્ષ્મ અપ્કાયિકો કેટલા પ્રકારના છે ? બે પ્રકારના છે.-પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો.બાદર અપ્કાયિકો કેટલા પ્રકારનાકહ્યાછે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક પ્રકારના કહ્યા છે.-ઝાકળ, હિમ--ધૂમસ, કરા, હરતનુ-શુદ્ધોદક, શીતોદક, ઉષ્ણો-દક, ક્ષારોદક, ખાટોદક , અમ્લોદક, લવણોદક, ક્ષીરોદક, ઘૃતોદક, ક્ષોદોદક અને રસો-દક -ઇત્યાદિ બીજા તેવા પ્રકારના ઉદકો હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તેઓ -વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્તા છે એઓના વર્ણાદિશથી, ગન્ધાદેશથી, રસદેશથી અને સ્પર્શાદિશથી હજારો ભેદો થાય છે. અને સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવ શ્ય અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. એ પ્રમાણે બાદર અપ્કાયિકો કહ્યા. એમ અપ્કા યિકો કહ્યા.

[૩૧] તેજસ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે -સૂક્ષ્મ તેજસ્કાયિકો અને બાદર તેજસ્કાયિકો. સૂક્ષ્મ તેજસ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે. -પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાદર તેજસ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-અંગારા, જ્વાલા, મુર્મુર-ભાઠો, અર્ચિ,-ઉંબાડીઉં, શુદ્ધગ્નિ, ઉલ્કા, વિદ્યુત, અશનિ નિર્ઘાત, સંઘર્ષથી ઉત્પન્ન થયેલો અને સૂર્ય કાન્ત મણિ નિશ્રિત. અને તે સિવાય બીજા તેવા પ્રકારના તેજસ્કાયિકો તે બધા બાદર તેજસ્કાયિકાપણે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે.-પર્યાપ્તા અને અપ-ર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે -વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્તા છે એઓના વર્ણાદિશથી, ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શ દિશથી હજારો ભેદો થાય છે અને સંખ્યાત લાખ યોનિદ્વારો થાય છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. એ પ્રમાણે બાદર તેજસ્કાયિકો કહ્યા. એમ તેજસ્કાયિકો કહ્યા.

[૩૨] વાયુકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના-સૂક્ષ્મ વાયુકાયિકો અને બાદર વાયુકાયિકો. સૂક્ષ્મ વાયુકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે કહ્યા છે. પર્યાપ્ત સૂક્ષ્મ વાયુ કાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો. બાદર વાયુ કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે.-પ્રાચીન વાત- પ્રતીચીન વાત દક્ષિણનો વાયુ, ઉત્તરનો વાયુ, ઉર્ધ્વ દિશાનો વાયુ, અધોદિશાનો વાયુ, તીરછો વાયુ, વિદિશાનો વાયુ, વાતોત્કાલિકા, વાતમંડલિકા, ઉત્કલિકાવાત, મંડ લિકાવાત, ગુંજાવાત, ઝંઝાવાત, સંવર્તવાત, ઘન વાત, તનુવાત, શુદ્ધ વાત, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના વાયુઓ બાદર વાયુ કાયિક તરીકે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. -પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપ ર્યાપ્તા છે તેઓ-વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. જે પર્યાપ્તા છે તેઓના વર્ણા દેશથી,ગન્ધાદેશથી,રસાદેશથીઅનેસ્પર્શાદિશથીહજારોભેદો થાય છે. તેઓના સંખ્યા તા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક છે ત્યાં અવશ્ય અસંખ્યાતા છે. એ પ્રમાણે બાદર વાયુકાયિકો કહ્યા. એમ વાયુકાયિકો કહ્યા.

[૩૩-૩૭] વનસ્પતિકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? વનસ્પતિકાયિકો બે પ્રકારના -સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને બાદર સૂક્ષ્મ વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે -પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ કાયિકો. બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારે -પ્રત્યેક શરીર બાદર વન-સ્પતિકાયિકો અને સાધારણશરીરબાદરવનસ્પતિકાયિકો. પ્રત્યેકશરીર બાદર વન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે ? બાર પ્રકારે વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલો, પર્વગો, તૃણા, વલયો, હરિતો, ઓષધિઓ, જલરુહો અને કુહણા એ પ્રમાણે જાણવા.

[૩૮-૪૬] વૃક્ષો કેટલા પ્રકારે કહ્યા છે ? વૃક્ષો બે પ્રકારે કહ્યા છે. -એકબીજવાળા અને બહુબીજવાળા-એક બીજવાળા વૃક્ષો કેટલા પ્રકારે કહ્યા છે ? વૃક્ષો અનેક પ્રકારે કહ્યા છે. -લીંબડો, આંબો, જાંબુ, કોસંબ-કોશામ્ર, ક્ષુદ્રામ્ર, જંગલી આંબો. સાલ રાળ નું ઝાડ, અંકોલ, પીલું, સેલુ, સલ્લકી. મોચકી , માલુક, બકુલ-, પલાશ-, કરંજ, પુત્રંજીવ, અરીઠા, બહેડા, ક-હરડે, ભીલામા, ઉંબેભરિકા ક્ષીરિણી, ધાતકી પ્રિયાલ-, પૂતિનિ બકરંજ- કાંચુકાનું ઝાડ, સુણ્હા -શીશમ, અસન-, પુન્નાગ-નાગકેસર, નાગવૃક્ષ, શ્રીપર્ણી સીવણ, અશોક અને તે સિવાય બીજા તેવા પ્રકારના વૃક્ષો. એઓના મૂલો, કંદો, સ્કંધો-, ત્વચા, શાખા અને પ્રવાલો અસંખ્યાતજીવવાળા હોય છે. પાંદડાં પ્રત્યેકજીવવાળાં, પુષ્પો અનેક જીવવાળાં, અને ફળો એક બીજવાળાં છે. બહુબીજાવાળા વૃક્ષો કેટલા પ્રકાર ના છે ? વૃક્ષો અનેક પ્રકારના છે.અસ્થિક, તિન્દુક-, કપિ ત્થક-કોઠા, અંબાડક, માતુલિંગ બિલ્વ, આમળાં, ફણસ, દાડમ, અશ્વત્થ- ઉંબરો, ન્યગ્રોધ, નંદિવૃક્ષ પારસ પીંપળો, પિપ્પલી-, શતરી- પ્લક્ષવૃક્ષ- કાકોદુંબરી, કુસ્તુંબરી, દેવદાલી, તિલક, લકુચ, છત્રૌધ, શિરીષ, સપ્તપર્ણ દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ કુટજ, કદંબ, એ સિવાય તેવા પ્રકારના હોય તે બહુબીજાવાળા વૃક્ષો જાણવા. એના મૂલો, કંદો, સ્કંધો, ત્વચા, શાખા અને પ્રવાલો- અસંખ્યજીવવાળા છે. પાંદડાઓ એક એક જીવવાળા છે, પુષ્પો અનેક જીવવાળા છે અને ફલો બહુબીજાવાળા છે. એમ વૃક્ષો કહ્યા.

[૪૬-૫૨] ગુચ્છો કેટલા પ્રકારના છે ? ગુચ્છો અનેક પ્રકારના છે. રીંગણી, સાલેડું, થુંકડી, કચ્છુરી, જાસુમણા, રુપી, આરઢકી, નીલી, તુલસી, માતુલીંગી- , કુસ્તું ભરી, પિપ્પલિકા, અસલી, વલ્લી, કાકમાચી (પીલુડી), વુચ્ચુ, પટોલકંદલી, વિઉવ્વા, વત્થુલ-,-બોરડી, પત્તઉર, સીયઉર, જવસય જવાસો, નિર્ગુંડી-, કસ્તુંબરિ-, અત્થઈ, તલઉડા, શણ, પાણ, કાસમર્દ કાસું દરો, અગ્ધાડગ, શ્યામા-, સિંદુવાર-, કરમર્દ-, અદરુસગ-, કરીર-, એરાવણ-મહિત્થ, જાઉ લગ, માલગ, પરિલી,ગજમારિણી-, કુવ્વ- કારિયા, ભંડી,-ડોડી, કેતકી, ગંજ, પાટલા-, દાસી-, અંકોલ અને એ સિવાયની બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે ગુચ્છો જાણવા.

[૫૨-૫૬] ગુલ્મો કેટલા પ્રકારના છે ? ગુલ્મો અનેક પ્રકારના છે. સૈરિયક- નવ-માલિકા- કોરંટક- બંધુજીવક-બપોરીયો,-મોગરાની જાતિ, પિઈય, પાણ, કણેર, કુબ્જક-, સિંદુવાર- જાઈ, મોગરો,-જૂઈ, મલ્લિકા- વાસંતી-નેમાલી, વત્થુલ કત્થુલ, સેવાલ, ગ્રન્થી, મૃગદન્તિકા, ચંપકજાતિ, નવણીઈયા, મહાજાતિ-એમ અનેક પ્રકારના ગુલ્મો જાણવા.

[૫૬-૫૮] લતા કેટલા પ્રકારે છે ? લતા અનેક પ્રકારે છે. પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતીલતા મોગરાની વેલ, અતિમુક્ત લતા- કુંદ-, અને શ્યામલતા -શ્વેત ઉપસરી, એ સિવાય બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે લતાઓ જાણવી.

[૫૮-૬૪] વલ્લીઓ કેટલા પ્રકારે છે ? વલ્લીઓ અનેક પ્રકારે છે ? પૂસફલી, કાલિંગી-, તંબી, ત્રપુષી-, એલવાલુંકી-, ઘોષાતકી પંડોલા, પંચાગુલિકા, નીલી-ગળી,

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કંડૂઈયા, કટૂઠુઈયા, કકોડી, કારેલી, સુભગા-મોગરાની જાતિ, કુયધાય, વાગુલીયા, પાવ-વલ્લી,દેવદાલી,અપ્ફોયા-અતિમુક્ત,નાગલતા-નાગર વેલ,કૃષ્ણા-,સૂરવલ્લી-, સંઘટ્ટા, સુમણસા, જાસુવણ, કુવિંદવલ્લી, મુદ્દિયા-, અંબાવલ્લી-, ક્ષીરવલ્લી દારિકા, જયંતી, ગોપાલી-, પાણી,-માષપર્ણી ગુંજાવલ્લી, વચ્છાણી-, શશબિન્દુ, ગોત્તફુસિયા, ગિરિ કર્ણિકા, માલુકા,અંજનકી, દહિફોલ્લઈ, કાકણી, મોગલી, અર્ક બોંદિ અને તે સિવાયની બીજા તેવા પ્રકારની વનસ્પતિ હોય તે વલ્લિયો જાણવી.

[૬૪-૬૬] પર્વગ વનસ્પતિ કેટલા પ્રકારે છે ? અનેક પ્રકારની કહી છે.-ઈક્ષુ, ઈક્ષુ-વાટિકા, વીરણ-વાળો, ઈકકડ-ઈત્કટ, ભમાસ, સુંઠ, શર, વેત્ર-, તિમિર, શતપોરક, નલ, વાંસ, વેણુ-, કનક- કર્કાવંશ, ચાપવંશ, ઉદય, કુડગ, વિમત, કંડાવેણુ અને કલ્યાણ, તથા તે સિવાયની બીજી તેવા પ્રકારની હોય તે પર્વવાળી વનસ્પતિ જાણવી.

[૬૭-૭૦] તૃણો કેટલા પ્રકારના કહ્યા છે ? તૃણો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સેડિય, ભંતિય, હોન્તિય, દર્ભ, કુશ, પવ્વય, પોડઈલ, અર્જુન, આષાઢક, રોહિ તાંશ, સુય, વેય, ક્ષોર, ભુસ, એરંડ, કરુવિંદ, કરકર, મુક્ક, વિભંગ, મધુર તૃણ, છુરય, સિપ્પિય, સુંકલીતૃણ અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે.

[૭૦-૭૩] વલય વનસ્પતિ કેટલા પ્રકારની કહી છે ? અનેક પ્રકારની કહી છે. -તાડ, તમાલ, તકકલિ, તોયલી, સાલી-શાલ્મલી, સાર કલ્લાણ, સરલ-ચીડ, જાવતી, કેતકી, કેળ, ચર્મવૃક્ષ, ભુજવૃક્ષ-, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, પૂગફલી, ખજૂરી, નાળીએરી, અને તે સિવાયની બીજી તેવા પ્રકારની હોય તે વલય વનસ્પતિ જાણવી.

[૭૩-૭૭] હરિત વનસ્પતિ કેટલા પ્રકારની છે ? અનેક પ્રકારની.-અજ્જોરુહ, વોડાણ હરિતક-તાંદળજો,-વાસ્તુલ, પોરગ, મજ્જારયા, બિલ્લી, -પાલખનીભાજી, દક-પિપ્પલી જલપીપર,દારુહલદર સોત્થિય,સાય,બ્રાહ્મી,મૂળા,સરસવ,અંબીલ, સાએય, -જીવન્તક- તુલસી,-કાળી તુલસી, ઉરાલ, -મરવો,-અર્જક-, ભૂજનક,-ડમરો, મરવો, શતપુષ્પ, ઈંદિ વર, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે હરિતો જાણવા.

[૭૭] ઓષધીઓ કેટલા પ્રકારની કહી છે ? ઓષધીઓ અનેક પ્રકારની કહી છે. -શાલિ-કલમાદિ, વ્રીહિ, ગોધૂમ, યવ,જવજવ-એક જાતના જવ, કલાય. મસૂર. તલ, મગ,માષ-અડદ,-વાલ,-કળથી, આલિસંદ ચોળા, -મઠ,-ચણા, અળસી, કસુંબો, કોદરા, કાંગ, રાલગ, વરટ્ટ બંટી સામો, કોદરા,સણ, સરસવ, મૂળાના બીજા અને એ સિવાયની બીજી અને એ સિવાયની બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે ઓષધીઓ જાણવી. એ પ્રમાણે ઓષધીઓ કહી. જલરુહો કેટલા પ્રકારના છે ? જલરુહો અનેક પ્રકારના કહ્યા છે.-ઉદક, અવક, પનક, સેવાલ, કલંબુય, હઢ, કસેરુય, કચ્છ, ભાણી, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શત પત્ર, સહસ્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, બિસ, બિસમૃણાલ, પુષ્કર, સ્થલજ પુષ્કર અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે જલરુહો જાણવા. કુહણા કેટલા પ્રકારના છે ? કુહણા અનેક પ્રકારના છે.-આય, કાય, કુહણ, કુણકક, દવ્વહલિયા, સપ્ફાય, સજ્ઝાય, છત્રૌક, વંસી, ણહિયા, કુરય, અને તે સિવાયના બીજા પ્રકારના હોય તે કુરય, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે કુહાણ જાણવા.

[૭૮-૮૧] વૃક્ષોની-અનેક પ્રકારની આકૃતિ વાળા પાંદડાં એક જીવવાળા હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, અને તાડ, સરલ અને નાળીએરી પ્રમુખ વૃક્ષોના સ્કંધો- પણ એક જીવવાળા હોય છે. જેમ શ્લેષ- દ્રવ્ય વડે મિશ્રિત થયેલા સઘળા સરસવોની એક-વાટ કરી હોય તેવા પ્રત્યેકશરીરી જીવોના શરીરના સમુદાયો જાણવા. અથવા ઘણા તલના સમુદાયવાળી તલ પાપડી હોય તેમ પ્રત્યેકશરીર વનસ્પતિ જીવોના શરીરસમુદાયો હોય છે. એમ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો કહ્યા.

[૮૩-૧૪૮] સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે ? અનેક પ્રકારે કહ્યા છે.-ફુગ, સેવાલ, લોહિણી-રોહિણી,થીહૂ, થિભગા, અશ્વકર્ણી, સિંહ-કર્ણી, સિંઉંઢિ, મુસુંઢી, રુરુ, કુંડરિકા, જીરુ, ક્ષીરવિદારિકા,કિટ્ટિ,-હલદર,-આદુ, બટાટા, મૂલગ-મૂળા, કંબૂયા, કન્નુકકડ, મહુપોવલઈ, મધુશૃંગી, નીરુહા, સપ્પ સુગંધા, છિન્નરુહા, બીજરુહા, પાઠા, મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી, પદ્મા, માઢરી, દંતી, ચંડી, કિટ્ટી, માષપર્ણી, મુદ્ગપર્ણી, જીવક, -ઋષભક, રેણુકા, કાકોલિ, ક્ષીરકાકોલિ, ભંગી, નહી, કૃમિરાશિ,-મોથ, લાંગલી-વજ, પેલુગા, કૃષ્ણ, પઉલ, હઢ, હરતનુકા, લોયાણી, કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંજ, ખલ્લૂર-એ અનન્તકાયિક જીવો અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે પણ અનંતકાયિકા જીવો જાણવા. તૃણમૂલ, કંદમૂલ અને વાંસનુ મૂળ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્ત જીવાત્મક જાણવું. શીંગોડાનો ગુચ્છ અનેક જીવાત્મક જાણવા. પાંદડાં એક એક જીવવાળા હોય છે, અને તેના ફળમાં બે જીવો છે. જે મૂળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે મૂળ અને એ સિવાય બીજાં તેના જેવા મૂળા હોય તે પણ અનન્તજીવાત્મક જાણવાં. જે કન્દ ભાંગવાથી સરખો ભંગ દેખાય તે તથા તેના બીજા કન્દો હોય તે અનન્ત જીવાત્મક જાણવા. જે સ્કન્ધ ભાંગવાથી સરખો ભંગ દેખાય તે સ્કન્ધ અને બીજા તેવા પ્રકારના સ્કન્ધો અનન્ત જીવવાળા જાણવા. જે ત્વચાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ત્વચા તથા તેના જેવી બીજી ત્વચા અનન્ત જીવવાળી જાણવી. જે શાખાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે શાખા તથા બીજી તેના જેવી ત્વચા અનન્તજીવવાળી જાણવી. જે પ્રવાલને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પ્રવાલ તથા બીજા પ્રવાલો અનન્ત જીવાત્મક જાણવા. જે પાંદડું ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પાંદડું તથા તેનાં જેવા બીજાં પાંદડાં અનન્ત જીવવાળાં જાણવાં. જે પુષ્પને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પુષ્પ અને બીજાં તેના જેવાં પુષ્પો અનન્ત જીવવાળાં જાણવાં. જે ફળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ફળ અને બીજાં તેના ફળો અનન્ત જીવવાળાં જાણવાં. જે બીજાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે બીજ અને બીજાં તેના જેવા બીજો અનન્ત જીવાત્મક જાણવાં. જે મૂળ ભાંગવાથી હીર-વિષમ ભંગ દેખાય તે મૂળ અને તેવા પ્રકારના અન્ય મૂળો પ્રત્યેક જીવવાળાં જાણવાં.

એ પ્રમાણે કન્દ, સ્કન્ધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજને ભાંગ વાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારના બીજા કન્દાદિ પ્રત્યેક જીવવાળા જાણવા. એમ મૂળનો પેઠે કન્દાદિ દરેકને આશ્રયી સરખો પાઠ કહેવાનો છે. જે મૂળના તેની છાલ વધારે જાડી હોય તે છાલ તથા પ્રકારની બીજી છાલ અનન્તકાયિકા જાણવી. જે કન્દના કાષ્ઠથી તેની છાલ વધારે જાડો હોય તે છાલ અને તેના જેવી બીજી છાલ અનન્ત જીવાત્મક જાણવી. જે સ્કન્ધના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય તે છાલ થતા તેના જેવી છાલ અનન્તજીવાત્મક જાણવી. જે શાખાના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે છાલ તથા તેના જેવી બીજી છાલ અનંત જીવવાળી જાણવી. જે મૂળના કાષ્ઠથી તેની છાલ વધારે પાતળી હોય તે છાલ તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી. એ પ્રમાણે કન્દ સ્કન્ધ અને શાખા સંબંધે સરખો પાઠ કહેવો. જેને ભાંગતા ભંગસ્થાન ચક્રના આકારવાળું હોય અને ગ્રન્થી- ચૂર્ણ-થી વ્યાપ્ત હોય, તેમજ ભંગસ્થાન પૃથિવીના સરખું હોય તે અનન્ત જીવવાળી વનસ્પતિ જાણવી. ગુપ્ત શિરા-, ક્ષીરવાળું, કે ક્ષીર વિનાનું હોય અને -જેની વચ્ચેનો સાંધો દેખાતો ન હોય તે પાંદડું અનન્તજીવાત્મક જાણવું. જળમાં થયેલાં, -સ્થળમાં થયેલાં, -ડીંટીયાવાળા અને નાળવાળાં પુષ્પો સંખ્યાત જીવવાળાં. અસંખ્યાતજીવવાળાં અને અનન્તજીવવાળાં જાણવાં. જે કોઈ નાલબદ્ધ પુષ્પો છે તે સંખ્યાત જીવવાળાં હોય છે અને જે -થોરના પુષ્પો અને તેના જેવા બીજા પુષ્પો છે તે અનન્તજીવવાળા હોય છે. પદ્મિનીકન્દ, ઉત્પ લિની કન્દ, અંતર કન્દ અને ઝિલ્લી એ અનન્ત જીવાત્મક છે અને બિસ-નાલ અને મૃણાલ-પદ્મની ડાંડલી એક જીવાત્મક છે. પલાંડૂકન્દ, સલુનકંદ, કંદલીકન્દ અને એ કુસ્તુંબક પ્રત્યેક જીવવાળા છે અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે પણ પ્રત્યેક શરીરવાળા જાણવા.

પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિન્દ, કોકનદ, શત પત્ર અને સહસ્રપત્ર-એઓના વૃન્ત-ડીંટીયા, બહારના પાંદડાં અને કર્ણિકા એ ત્રણે એક જીવના છે. અને અંદરના પાંદડાં, કેસર અને મીંજ એ પ્રત્યેક એક જીવવાળા છે. વેણુ-,નળ- ઈક્ષુ-વાટિકા,સમાસઈક્ષુ,ઈક્કડ,રંડ, કરકર, સુંઠ, વિહંગુ, તૃણ અને પર્વવાળી વનસ્પતિ આંખ, પર્વગાંઠ અને પરિમોટક- એ બધા એક જીવના છે. પત્રો પ્રત્યેક -એક એક જીવાત્મક અને પુષ્પો અનેક જીવાત્મક છે. પૂસફળ પુષ્પફળ, કાલિંગડા, તુંબુ, -કાકડી, અલવાલુક, વાલુક, ઘોષાતક,-પડોલ, તિંદુક અને તિંદૂસ-એઓના વૃન્ત ડીંટીયા, માંસ-ગર્ભ અને કટાઈ-ઉપરની છાલ એક જીવના છે. પાંદડાં એક એક જીવવાળાં છે. કેસરસહિત અને કેસરરહિત દરેક બીજ એક એક જીવાશ્રિત છે. સપ્ફાય, સજ્ઝાયા, ઉવ્વેહલિયા, કુહણા અને કુંદુક્ક એ અનન્ત જીવા ત્મક છે. તેમાં કુંદુક્કને વિષે ભજના વિકલ્પ જાણવો. યોનિરુપ બીજમાં તે બીજનો જીવ ઉત્પન્ન થાય કે અન્ય જીવ ઉત્પન્ન થાય છે, પરન્તુ જે મૂળનો જીવ છે તેજ પ્રથમના પાંદડાં રુપે પરિણમે છે. સર્વ પ્રકારના કિસલય ઉગતાં અનન્તકાયિકા કહેલાં છે અને તે વધતાં પ્રત્યેક હોય છે કે અનન્તકાયિકા હોય છે.

-એક સાથે ઉત્પન્ન થયેલા તે જીવોની એક કાળે શરીરની નિષ્પત્તિ થાય છે, સાથે જ શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ અને સાથે જ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ હોય છે. એકને જ જે આહારાદિ પુદ્‌ગલોનું ગ્રહણ હોય છે તેજ ઘણા સાધારણ જીવોને હોય છે અને જે બહુ જીવોને હોય છે તે પણ સંક્ષેપથી એકને હોય છે સાધારણ જીવોને સાધારણ આહાર અને સાધારણ શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ-એ સાધારણ જીવોનું લક્ષણ છે. જેમ તપાવેલા લોઢાનો ગોળા જેવા તપેલા સુવર્ણના જેવો બધો-અગ્નિથી વ્યાપ્ત થાય છે તેવી રીતે નિગોદના જીવો સંબંધે જાણ. એટલે લોઢાના ગોળા જેવા નિગોદરુપ એક શરીરમાં અનન્ત જીવો અગ્નિની પેઠે વ્યાપ્ત થઈને રહે છે. એક, બે, ત્રણ, યાવત્ સંખ્યાતા બાદર નિગોદજીવોના શરીરો જોવા શક્ય નથી, પણ અનન્ત જીવોના શરીરો દેખાય છે, લોકાકાશના પ્રદેશ ઉપર એક એક નિગોદનો જીવ સ્થાપન કરવા. એ પ્રમાણે માન કરતા અનન્ત લોકો થાય છે. લોકાકાશના પ્રદેશ ઉપર એક એક પ્રત્યેક વનસ્પતિ કાયિકા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવને સ્થાપના કરવો. એ પ્રમાણે માન કરતાં અસંખ્યાતા લોક થાય છે. પર્યાપ્તા પ્રત્યેક જીવો લોકકાશના પ્રતરના અસંખ્યાતમા ભાગે છે, અપર્યાપ્તા પ્રત્યેક જીવો અસંખ્યાતા લોકકાશ પ્રમાણ છે, અને સાધારણ જીવો અનન્ત લોકાકાશ પ્રમાણ છે. એમ પ્રરુપણા કરેલા તે-બાદર જીવો આ શરીરો વડે પ્રત્યક્ષ છે. અને સૂક્ષ્મ જીવો આજ્ઞાગ્રાહ્ય છે, કારણ કે તે ચક્ષુનો વિષય થતા નથી. તે સિવાયના બીજા તેવા પ્રકારના પ્રત્યેક કે સાધારણ હોય તે વનસ્પતિકાયિપણે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્ત છે તેઓના વર્ણાદેશ, ગન્ધાદેશ રસાદેશ અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે. તેઓના સંખ્યાતા લાખો યોનિપ્રવાહો છે. પર્યાપ્તાને આશ્રયી અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તા છે ત્યાં કદાચિત્ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્ત અપર્યાપ્તા હોય છે. કન્દ, કન્દમૂલ, વૃક્ષમૂલ, ગુચ્છ, ગુલ્મ, વલ્લી, વેણુ-વાંસ, તૃણ, પદ્મ, ઉત્પલ, સંઘાટ, હઢ, સેવાળ, કૃષ્ણક, પનક, અવક, કચ્છ, ભાણી અને કંદુક-એઓમાં કોઈ કોઈ વનસ્પતિની ત્વચા, છાલ, પ્રવાલ, પાંદડાં, પુષ્પ, ફલ, મૂળ, અગ્ર, મધ્ય અને બીજાને વિષે યોનિ હોય છે, એ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, વનસ્પતિકાયિકો અને એકેન્દ્રિય જીવો કહ્યા.

[૧૪૯] બેઈન્દ્રિય જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? અનેક પ્રકારના કહ્યા છે-તે પુલકિમિયા, કુક્ષિકૃમિ, -ગંડોલ-, ગોલોમ, નેઉર, સોમંગલગ, વંસીમુખ, સૂચિમુખ, ગોજલૌકા, જલૌકા, જાલાઉય, શંખ, શંખનક શંખલા, ધુલ્લા, ખુલ્લા, ગુલયા, ખંધ, -કોડા, શૌક્તિક, મૌક્તિક, કલુયાવાસ, એકત આવર્ત, દ્વિધાડડવર્ત, નંદિકાડડ વર્ત, શંબક, માતૃવાહ, શુક્તિસંપુટ, ચંદનક, સમુદ્રલિયા, અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે તે બધા સંમૂર્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. -પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ બેઈન્દ્રિયોના સાત લાખ કોડ કુલો યોનિપ્રમુખ- હોય છે. એમ પ્રમાણે બેઈન્દ્રિય સંસારી જીવો કહ્યા.

[૧૫૦] તેઈન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? અનેક પ્રકારે છે. તેઆ પ્રમાણે-ઐપયિક, રોહિણિય,કુંથુ,પિપીલિકા ડાંસ,-ઉદ્દઈ, ઉકકલિયા. ઉપ્પાદ, ઉપ્પાડ, ઉત્પાટક, તણાહાર, તણાહાર કાષ્ઠાહાર, માલુકા, પત્તાહાર, તણ બેંટિય, પત્ત-બેટિય, પુષ્પબેંટિય, ફલબેંટિય, બીજબેંટિય, તેબુરણમિંજિયા, તઓસિમિંજિય, કપ્પાસટ્ઠિમિંજિય, હિલ્લિય, ઝિલ્લિય, ઝિંગિર, કિંગિરિડ, બાહુય, લહુય, સુભગ, સૌવસ્તિક, સુયબેંટ,-ઈન્દ્રકાયિક, -ઈન્દ્રગોપ, તુરુતુંબગ, કુચ્છલબાહગ, -જૂ, હાલાહાલ, પિસુય, સયવાઈય -શતપાદિકા, કાનખજુરા, હત્થિસોંડ- અને તે સિવાયના બીજા જે તેવા પ્રકાર-ના હોય તે. તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક હોય છે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે.-પર્યાપ્તા અને અપર્યાપ્તા. પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા પ્રકારના એ તેઈન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન થયેલાં આઠ લાખ કોડ જાતિકુલો હોય છે. એ પ્રમાણે તેઈન્દ્રિય સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કહી.

[૧૫૧-૧૫૩] ચઉરિન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? અનેક પ્રકારે છે. -અંધિય, પત્તિય, મક્ષિકા, મચ્છર, કીટ, પતંગ, બગાઈ, કુકકડ, નંદાવર્ત, સિંગિ રડ, કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, શુકલપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓહ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જલિયા, જલચારિકા, ગંભીર, ણીણિય, તંતવ, અચ્છિરોડ, અક્ષિવેધ, સારંગ, નેઉર, દોલા, ભમર, ભરિલી, જરુલા, તોટ્ટા, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જલવિંછી, પિયંગાલ, કણગ, ગોમયકીડા, અને તે સિવાયના બીજા પ્રકારના હોય તે. તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારના છે. -પર્યાપ્ત અને અપર્યાપ્તા. ચઉરિન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ ક્રોડ જાતિકુલો છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સંસારી જીવપ્રજ્ઞાપના કહી.

[૧૫૪] પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? ચાર પ્રકારે છે. નૈરયિકપંચેન્દ્રિયસંસાર સમાપન્ન-જીવાપ્રજ્ઞાપના, તિર્યંચયોનિક- સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના, મનુષ્ય પંચે ન્દ્રિય-સંસારસમાપન્ના-જીવપ્રજ્ઞાપન અને દેવપંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના.

[૧૫૫] નૈરયિકો કેટલા પ્રકારના છે ? નૈરયિકો સાત પ્રકારના છે. રત્નપ્રભા પૃથિવીનૈરયિકો, શર્કરાપ્રભાપૃથિવીનૈરયિકો, વાલુકાપ્રભાપૃથિવીનૈરયિકો, પંકપ્રભા પૃથિવીનૈરયિકો, ધૂમપ્રભાપૃથિવીનૈરયિકો, તમઃપ્રભાપૃથિવીનૈરયિકો, તમઃતમપ્રભા પૃથિવીનૈરયિકો. તે સંક્ષેપથી બે પ્રકારના છે. પર્યાપ્તા અપર્યાપ્તા. એમ નૈરયિકો કહ્યા.

[૧૫૬] પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે ? પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ પ્રકારના -જલચર સ્થલચર, ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો.

[૧૫૭-૧૬૦] જલચરપંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે ? પાંચ પ્રકારના છે. મત્સ્ય, કચ્છપ, ગ્રાહ, મગર અને શિશુમાર. મત્સ્યો કેટલા પ્રકારના છે ? મત્સ્યો અનેક પ્રકારના કહ્યા છે. સણ્હમચ્છા-, ખવલ્લ મત્સ્યો, જુંગમત્સ્યો, વિજ્ઝડિયા, મગરિ મત્સ્યો, રોહિતમત્સ્યો, હલીસાગર, ગાગર, વડ, વડગર, ગબ્ભય, ઉપગાર, તિમિ, તિમિંગિલ, નક્ર, તંદુલમત્સ્ય, કણિકામત્સ્ય, સાલિ, સત્થિય મત્સ્ય, લંભન મત્સ્ય, પતાકા, પતાકાતિપતાકા, અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય. કચ્છપો કેટલા પ્રકારના છે ? કચ્છપો બે પ્રકારના છે. તે આ પ્રમાણે અસ્થિકચ્છપો અને માંસકચ્છપો. ગ્રાહો કેટલા પ્રકારના છે ? ગ્રાહો પાંચ પ્રકારના છે.-દિલી, -વેષ્ટક, -મૂર્ધજ, પુલક અને સીમા કાર. મગરો કેટલા પ્રકારના છે ? મગરો બે પ્રકારના છે. સોંડ મગર અને મટ્ઠ મગ્ગ. શિંશુમારો કેટલા પ્રકારના છે ? શિશુ માર એક પ્રકારના કહ્યા છે. તે સિવાય બીજા જે તેવા પ્રકારના હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. -સંમૂર્ચ્છિત અને ગર્ભ વ્યુત્ક્રાન્તિક. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા નપુંસક છે. તેમાં જે ગર્ભવ્યુત્ક્રા- ન્તિક છે તે ત્રણ પ્રકારના કહ્યા છે.-સ્ત્રી, પુરૂષ અને નપુંસક. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તા જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના યોનિથી ઉત્પન્ન થયેલા સાડા બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે એમ કહ્યું છે. એ પ્રમાણે જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

[૧૬૧] સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે.-ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને પરિસર્પસ્થલચર પંચેન્દ્રિય-તિર્યંચયોનિકો. ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના છે ? ચાર પ્રકારના કહ્યા છે. એકખરીવાળા, બે ખરીવાળા, ગંડીપદો અને સનખપદ એકખરી વાળા કેટલા પ્રકારના કહ્યા છે ? અનેક પ્રકાર ના કહ્યા છે. અશ્વ, અશ્વતર ઘોડા, ગર્દભ, ગોરક્ષર, કંદલગ, શ્રીકંદલગ આવર્તગ, તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે, બેખરીવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલા પ્રકારના કહ્યા છે ? બે ખરીવાળા અનેક પ્રકારના કહ્યા છે. ઉંટ, ગાય, ગવય, રોઝ, સંવર, વરાહ, બકરા, ઘેટાં, રુરુ, શરભ, ચમર, કુરંગ અને ગોકર્ણાદિ. તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. ગંડીપદો કેટલા પ્રકારના કહ્યા છે ? ગંડીપદો અનેક પ્રકારના કહ્યા છે. હસ્તી, હસ્તી, હસ્તીપૂયણગ, મંકુણહસ્તી, ખડ્ગી-ગેંડા, અને બીજા જે તેવા પ્રકારના હોય તે. સનખપદ- કેટલા પ્રકારના કહ્યા છે ? અનેક પ્રકારના કહ્યા છે. સિંહ,વ્યાઘ્ર,દ્વીપડા, રીંછ,-તરક્ષ,પરસ્પર,-શિયાળ,બીલાડા,-કુતરા,કૌલશુનક લોંકડી, સસલા,-ચિતરા, ચિલ્લલગા, અને તે સિવાય બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ નખસહિત પગવાળા કહ્યા. તે સ્થલચર સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે-સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા ય નપુંસક છે. તેમાં જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે સ્ત્રી, પુરૂષ અને નપુંસક. એ પ્રકારે એ પર્યાપ્તા અને અપ ર્યાપ્તા સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના દસ લાખ ક્રોડ જાતિકુલો યોનિથી ઉત્પન્ન થયેલાં હોય છે- એમ કહ્યું છે. એમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

[૧૬૨] પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે. -ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો અને ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના કહ્યા છે ? ચાર પ્રકારના કહ્યા છે.-અહિ, અજગર,આસાલિકા, મહોરગ.અહિ કેટલા પ્રકારનાછે ? અહિ બે પ્રકારના છે. -ફણાવાળા સાપ, અને ફણારહિત સાપ. દર્વીકર અહિ કેટલા પ્રકારના છે ? દર્વીકર અહિ અનેક પ્રકારના છે.-આશીવિષ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ત્વચા-વિષ, લાલવિષ, ઉચ્છ્વાસવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, કાકોદર, દગ્ધપુષ્પ, કોલાહ, મેલિમિંદ, શેષેન્દ્ર અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. મુકુલી-ફણારહિત અહિ કેટલા પ્રકારના છે ? મુકુલી અનેક પ્રકારના છે.દિવ્વાગ, ગોણસ, કસા હીય, વઈઉલ, ચિત્તલી, મંડલી, માલી, અહી, અહિસલાગ, વાસપતાકા, અને તે સિવાય ના બીજા જે તેવા પ્રકારના હોય તે. અજગરો કેટલા પ્રકારના છે ? અજગર એક પ્રકારે કહેલ છે. આસાલિકા કેટલા પ્રકારે છે ? હે ભગવન્ ! આસા લિકા ક્યાં સંમૂર્છિમરુપે ઉત્પન્ન થાય છે. ગૌતમ ! મનુષ્યક્ષેત્રને વિષે અઢી દ્વીપમાં, -પ્રતિબંધ ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં, અને વ્યાઘાતને આશ્રયી પાંચ મહા વિદેહમાં, ચક્ર- વર્તિની છાવણીમાં, વાસુદેવની છાવણીમાં, બલદેવની છાવણીમાં, માંડ લિકની છાવણીમાં મહામાંડલિ-કની છાવણીમાં,ગ્રામ, નગર, નિગમ, ખેડ, કર્બટ, મંડબ, દ્રોણમુખ, પટ્ટન, આકર, આશ્રમ, સંબાધ અને રાજધાનીના સ્થળોમાં, તેઓનો વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકા સંમૂર્ચ્છિમરુપે ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ માત્ર અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ શરીરની અવ ગાહના વડે અને તેને યોગ્ય વિસ્તાર અને જાડાઈ વડે ભૂમિને વિદારીને ઉત્પન્ન થાય છે. તે આસાલિકા અસંજ્ઞી અને મિથ્યાર્દષ્ટિ અન્તર્મુહૂર્ત આયુષ પૂરું કરી મરણ પામે છે.

મહોરગો કેટલા પ્રકારના છે ? મહોરગો અનેક પ્રકારના કહ્યા છે.-કેટલા એક અંગુલ- પ્રમાણ, અંગુલપૃથક્ત્વ પ્રમાણ,-વેંત, વેંતપૃથક્ત્વ-હસ્ત, રત્નિપૃથ ક્ત્વ, કુક્ષિ-કુક્ષિ પૃથક્ત્વ, ધનુષ, ધનુશપૃથક્ત્વ,ગાઉ, ગાઉપૃથક્ત્વ, સો યોજન, સો યોજનપૃથક્ત્વ અને હજાર યોજન પ્રમાણ હોય છે. તે સ્થળમાં ઉત્પન્ન થાય છે. જળમાં પણ ફરે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થળમાં પણ ફરે છે. તે અહીં અઢી દ્વીપમાં નથી, પણ બહારના દ્વીપો અને સમુદ્રોમાં હોય છે. તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. તે પરિસર્પ સ્થલચરો સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. પ્રમાણે-સંમૂચ્છિંમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે તે નપુંસક છે અને જેઓ ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે.-સ્ત્રી, પુરુષ અને નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ઉરપરિસર્પોના યોનિથી ઉત્પન્ન થયેલા દસ લાખ ક્રોડ જાતિકુલો હોય છે. ભુજપરિસર્પો કેટલા પ્રકારના કહ્યા છે ? ભુજપરિસર્પો અનેક પ્રકારના કહ્યા છે. નોળીઆ, સેહા, -કાકીડા, શલ્ય, સરંઠ, સાર, ખોર, -ઘરોળી, વિશ્વંભર, ઉંદર મંગુસ, પ્રચલા પિત, ક્ષીરવિરાલિય, જોહા, ચતુષ્પાદિકા અને બીજા જે તેવા પ્રકારના હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. જેમકે-સંમૂચ્છિંમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે તે બધા ય નપુંસક છે અને જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-સ્ત્રી, પુરુષ અને નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ભુજપરિસર્પોના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ ક્રોડ જાતિકુલો હોય છે. એમ કહ્યું છે. એ પ્રમાણે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

[૧૬૩-૧૬૫] ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે ? ચાર પ્રકારના છે. -ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્‌ગકપક્ષી અને વિતતપક્ષી. ચર્મપક્ષી કેટલા પ્રકારનાછે ? ચર્મપક્ષી અનેક પ્રકારના છે. વાગુલી, જલોયા, અડિલ્લા, ભારંડપક્ષી, જીવંજીવ, સમુદ્રવાયસ, પક્ષીવિરાલિકા, અને બીજા જે તેવા પ્રકારના હોય તે. લોમપક્ષી કેટલા પ્રકારના છે ? લોમપક્ષી અનેક પ્રકારના કહ્યા છે. -ઢંક, કંક, કુરલ, વાયસ, ચક્રવાક, હંસ, કલહંસ, રાજહંસ, પાયહંસ, આડ, સેડી, બક-બગલા, બલાકા, પારિપ્લવ, ક્રૌંચ, સારસ, મેસર, મસૂર, મયૂર, સમહસ્ત. ગહર, પુંડરીક, કાક, કામિંજુય, વંજુલગ, તેતર, -બતક, લાવક, -હોલા, કંપિજલ, -પારેવા, ચટક, ચાસ, કુકડા, શુક, -મોર, મદનશલાકા, કોકિલ સેહ, વરિલ્લગ-ઈત્યાદિ.સમુદ્‌ગક પક્ષી કેટલા પ્રકારના છે ? સમુદ્‌ગક પક્ષી એક પ્રકારના કહ્યા છે. તેઓ અહીં અઢી દ્વીપમાં નથી, બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. વિતતપક્ષી કેટલા પ્રકારના છે ? વિતતપક્ષી એક પ્રકારના કહ્યા છે. તેઓ અહીં નથી, પણ બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. ખેચરો સંક્ષેપથી બે પ્રકારના છે. -સંમૂર્છિમ અન ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે તે સઘળા નપુંસક છે. તેમાં જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના છે.-સ્ત્રી, પુરુષ અને નપુંસક. એ પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના યોનિથી ઉત્પન્ન થયેલાં બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે.-એમ કહ્યું છે. 'સાત, આઠ, નવ, સાડાબાર, દસ, દસ, નવ અને બાર લાખ ક્રોડ જાતિકુલો અનુક્રમે જાણવા.''એમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.

[૧૬૬] મનુષ્યો કેટલા પ્રકારના કહ્યા છે ? મનુષ્યો બે પ્રકારના કહ્યા છે. જેમકે સંમૂચ્છિંમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યો. સંમૂચ્છિંમ મનુષ્યો કેટલા પ્રકારના છે ? હે ભગવન્ ! સંમૂચ્છિંમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! પીસતાળીસ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં,અઢીદ્વીપ અને સમુદ્રોમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીસ અકર્મભૂમિના તથા છપ્પન્ન અંતરદ્વીપોમાં ગર્ભજ મનુષ્યના ઉચ્ચાર-વિષ્ટામાં, મૂત્રમાં, કફમાં,-નાસિકાના મેલમાં, વમેલામાં, પિત્તમાં, પરુમાં, લોહીમાં, શુક્ર વીર્યમાં, શુક્રપુદ્‌ગલના-પરિત્યાગમાં, જીવરહિત કલેવરમાં, સ્ત્રી-પુરુષના સંયોગમાં,નગરની ખાળમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સર્વ અશુચિના સ્થાનકોમાં અહીં સંમૂર્ચ્છિમ મનુષ્યો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહના વડે ઉત્પન્ન થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ,અજ્ઞાની, સર્વ પર્યાપ્તાઓ વડે અપર્યાપ્તા અને અન્તર્મુહૂર્તના આયુષવાળા જ કાળ કરે છે. એમ સંમૂર્ચ્છિમ મનુષ્યો કહ્યા. ગર્ભજ મનુષ્યો કેટલા પ્રકારના છે ? ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના છે. -કર્મભૂમક, અકર્મભૂમક, અને અન્તર દ્વીપગ. અન્ત દ્વીર્પગ-મનુષ્યો કેટલા પ્રકારના છે ? અન્તરદ્વીપગ અઠયાવીશ પ્રકારના છે. એકોરુક, આભાસિક, વૈષાણિક, નાંગોલિક, હયગર્ણ, ગજકર્ણ, ગોકર્ણ શષ્કુલીકર્ણ, આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ, ગોમુખ, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, અશ્વકર્ણ,હરિકર્ણ, અકર્ણ, કર્ણપ્રાવરણ, ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુર્દન્ત,ઘનદન્ત, લષ્ટદંત, ગૂઢદંતા, સુદ્ધદંત.

હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યકવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકરુ વડે ત્રીસ પ્રકારના એમ અકર્મભૂમિના મનુષ્યો કહ્યા. કર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે ? કર્મભૂમિના મનુષ્યો પંદર પ્રકારના કહ્યા છે.-પાંચ ભરત,પાંચ એરવત અને પાંચ મહાવિદેહ વડે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. આર્યો અને મ્લેચ્છો. મ્લેચ્છો કેટલા પ્રકારના છે ? મ્લેચ્છો અનેક પ્રકારના છે. -શક, યવન, ચિલાત, શબર, બબર્ર, મુરુંડોડ, ભડગ, નિણ્ણગ, પક્કણિય, કુલક્ખ, ગોંડ, સિંહલ, પારસ, ગોધ, કોંચ, અંબડ, ઈદમિલ, ચિલ્લલ, પુલિંદ, હારોસ, દોબ, (દોચ), બોક્કાણ, ગંધાહારગ, પહ લિય, અજ્ઝલ, રોમપાસ, પઉસ, મલયાય, બંધુયાય, સૂયલિ, કોંકણગ, મેય, પલ્હવ, માલવ, મગ્ગર, આભાસિય, ણક્ક, ચીણ, લ્હસિય, ખસ, ઘાસિયા, ણદર, મોઢ, ડોંબિલગ, લઓસા, પઓસ, કક્કેય, અક્ખાગ, હૂણ, રોમગ, ભરુ, મરુય, ચિલાય કરાત, વિસયવાસીય ઈત્યાદિ. આર્યો કેટલા પ્રકારે છે ? આર્યો બે પ્રકારના કહ્યા છે.-ઋદ્ધિપ્રાપ્ત- અનૃદ્ધિપ્રાપ્ત- ઋદ્ધિપ્રાપ્ત આર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? ઋદ્ધિપ્રાપ્ત આર્યો છ પ્રકારે કહ્યા છે. અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ મુનિઓ અને વિદ્યાધર, અનૃદ્ધિપ્રાપ્ત-આર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? અનૃદ્ધિપ્રાપ્ત આર્યો નવ પ્રકારના કહ્યા છે. - ક્ષેત્રાર્ય, જાતિઆર્ય, કુલાર્ય, કર્માર્ય, શિલ્પાર્ય, ભાષાર્ય, જ્ઞાનાર્ય, દર્શનાર્ય, ચારિત્રાર્ય.

[૧૬૭-૧૭૩] ક્ષેત્રોર્યો કટલા પ્રકારના કહ્યા છે ? ક્ષેત્રોર્યો સાડી પચીસ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે- મગધ દેશ અને રાજગૃહ નગર, અંગદેશ અને ચંપાનગરી, બંગદેશ અને તામલિપ્તી, કલિંગદેશ અને કાંચનપુર, કાશીદેશ અને વારાણસી નગરી, કોસલાદેશ અને સાકેતપુર, કુરુદેશ અને ગજપુર, કુશાર્વત અને શૌરિપુર, પંચાલદેશ અને કાંપિલ્યપુર, જંગલદેશ અને અહિછત્રાનગરી, સૌરાષ્ટ્ર અને દ્વારાવતી, વિદેહ અને મિથિલા, વત્સદેશ અને કૌશામ્બી, શાંડિલ્યદેશ અને નન્દિપુર, મલયદેશ અને ભદ્દિલપુર, વચ્છદેશ અને વૈરાટપુર, વરણદેશ અને અચ્છાનગરી, દશાણદિશ અને મૃત્તિકાવતી, ચેદિદેશ અને શૌક્તિકાવતી, સિન્ધુસૌવિર અને વીતભય શૂરસેન અને મથુરા, ભંગદેશ અન પાપાનગરી, પુરાવર્તદિશ અને માષાનગરી, કુણાલદેશ અને શ્રાવસ્તી, લાટદેશ અને કોટીવર્ષ, અને કેકયાર્ધ અને શ્વેતાંબિકાનગરી. અહીં જિન-તીર્થંકર, ચકવતી, રામ અને કૃષ્ણની ઉત્પત્તિ થાય છે. એમ ક્ષેત્રાર્યો કહ્યા.

[૧૭૩-૧૭૪] જાત્યાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? જાત્યાર્યા છ પ્રકારના કહ્યા છે. તે પ્રમાણે-અંબષ્ઠ,કલિંદ, વિદેહ, વેદગ, હરિત, અને ચુંચુણ. એ છ ઈભ્ય જાતિઓ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૭૫] કુલાર્યો કેટલા પ્રકારના છે ? કુલાર્યો છ પ્રકારના છે. -ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત અને કૌરવ્ય. એમ કુલાર્યો કહ્યા. કર્માર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? કર્માર્યો અનેક પ્રકારના કહ્યા છે. દૌષ્યિક, સૌત્રિક, કાર્પાસિક,સૂત્રવૈકાલિક, ભાંડવૈકાલિક, કોલાલિય, નરવાહનિક,તે સિવાયના બીજા પ્રકારના હોય તે. એમ કર્માર્યો કહ્યા. શિલ્પાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? શિલ્પાર્યો અનેક પ્રકારના હોય.- તુન્નાગ, તન્તુવાય, પટ્ટકાર,દેયડ -પિંછીકાર,સાદડી વગેરે કરનારા, કાષ્ઠપાદુકાકાર- મુંજપાદુકાકાર છત્ર-કાર, બજ્ઝાર,-પુસ્તક કરનારા, લેપ્યકાર, ચિત્રકાર, .શંખકાર,દન્તકાર,-કંસારા, જિજ્ઝ ગાર, સેલ્લાગાર, કોટિકાર,તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. એમ શિલ્પાર્યો કહ્યા. ભાષાઆર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? જેઓ અર્ધમાગધી ભાષા વડે બોલે છે તે ભાષાઆર્યો કહેવાય છે. જ્યાં બ્રાહ્મી લિપી પ્રવર્તે છે. બ્રાહ્મી લિપી લખવવાના અઢાર પ્રકારે છે.- બ્રાહ્મી, યવનાની, દોસાપુરીયા, ખરૌષ્ટ્રી, પુક્ખરસારિયા, ભોગવતી, પહ-રાઈયા, અંતક્ખરિયા, અક્ખરપુટ્ઠિયા, વૈનયિકી, નિહ્નવિકી અંકલિપી, ગણિત- લિપી, ગાંધર્વલિપી , આયસ લિપી, માહેશ્વરી, દોમિલિપી, પૌલિન્દી. જ્ઞાનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? જ્ઞાનાર્યો પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે - આભિનિબોધિક- જ્ઞાનાર્યો, શ્રુતજ્ઞાનાર્યો, અવધિજ્ઞાનાર્યો, મનઃપર્યવ જ્ઞાનાર્યો, અને કેવલજ્ઞાનાર્યો. દર્શનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? દર્શનાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સરાગ દર્શનાર્યો અને વીતરાગ દર્શનાર્યો.

[૧૭૬-૧૮૯] સરાગદર્શનાર્યો કેટલા પ્રકારના છે ? સરાગદર્શનાર્યો દશ પ્રકાર-ના કહ્યા છે. તે આ પ્રમાણે-નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજ-રુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ, ધર્મરુચિ. જેણે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર -સ્વાભાવિક મતિવડે સત્યરુપે જાણેલા છે અને તેની શ્રદ્ધા કરે છે તે નિસર્ગરુચિ. જે જિને ઉપદેશલા ચાર પ્રકારના ભાવોની 'એમજ છે અન્યથા નથી' એ પ્રમાણે સ્વયમેવ શ્રદ્ધા કરે તે નિસર્ગરુચિ જાણવો. જે અન્ય છદ્મસ્થ અથવા જિને ઉપદેશ કરેલા એજ ભાવોની શ્રદ્ધા કરે તે ઉપદેશરુચિ જાણવો. જે હેતુને જાણ્યા સિવાય આજ્ઞાવડે 'એમજ છે, અન્ય થા નથી' એ પ્રમાણે પ્રવચન ઉપર રુચિવાળો હોય તે આજ્ઞારુચિ. જે સૂત્રનું અધ્યયન કરતા અંગ કે અંગબાહ્ય શ્રુત વડે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે સૂત્રરુચિ જાણવો. જીવાદિ તત્ત્વના એક પદની રુચિવડે અનેક પદને વિષે જેની સમ્યક્ત્વ-રુચિ શ્રદ્ધા પાણીમાં તેલ ના બિંદુની પેઠે પ્રસરે તે બીજરુપી જાણવો. જેણે અગિયાર અંગો, પઈન્ના અને દૃષ્ટિવાદ રુપ શ્રુતજ્ઞાન અર્થથી જાણેલું છે તે અભિગમ રુચિ. જેણે સર્વ પ્રમાણો અને સર્વ નયો વડે દ્રવ્યના સર્વ ભાવો ઉપલબ્ધ જાણેલા છે તે વિસ્તારરુચિ જાણવો. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય,સર્વ સમિતિ અને ગુપ્તિને વિષે ક્રિયાભાવની- રુચિ હોય તે ક્રિયારુચિ. જેણે કોઈ પણ કુદૃષ્ટિ-સ્વીકાર કર્યો નથી, જે જૈન પ્રવચનમાં અકુ શલ છે અને બાકીના ઈતર પ્રવચન-દર્શનોમાં જેને અનભિગૃહીત અભિ-ગૃહીત અભિ મુખપણે- ઉપાદેયપણે જ્ઞાન નથી તે સંક્ષેપરુચિ જાણવો. જિનેશ્વર કહેલા અસ્તિ કાય-ધર્મની- શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મની શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ જાણવો. પરમાર્થસંસ્તવ- સુદૃષ્ટપરમાર્થસેવા- વ્યાપન્નકુદર્શનવર્જના અને સમ્યક્ત્વની શ્રદ્ધા-એ સમ્યગ્દર્શનના લિંગ-ચિન્હો છે. નિઃશંકિત, નિઃકાંક્ષિત નિર્વિચિકિત્સ- અમૂઢ દૃષ્ટિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના [એ આઠ દર્શનાચાર જાણવા].

[૧૯૦] વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે. -ઉપશાંતકષાય વીતરાગદર્શનાર્યો અને ક્ષીણકષાય વીતરીગદર્શનાર્યો. ઉપશાંત કષાય વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-પ્રથમ સમયના ઉપશાન્ત કષાય વીતરાગદર્શનાર્યો અને અપ્રથમ સમય ઉપશાન્ત કષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસયવર્તી ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો અને અચરમ સમયવર્તી ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે કહ્યા છે. છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યો.-છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે.-સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીત રાગદર્શનાર્યો અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણક ષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે કહ્યા છે. પ્રથમ સમયવર્તી અને અપ્રથમ સમયવર્તી અથવા ચરમ સમય વર્તી અને અચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે - પ્રથમસમયવર્તી બુદ્ધ-બોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીત રાગ દર્શનાર્યો અને અપ્રથમ સમય વર્તી બુદ્ધબો-ધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમય વર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને ચરમ સમય સિવાયના બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો.

કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે.-સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અયોગી કેવલી ક્ષીણ-કષાય વીતરાગ દર્શનાર્યો. સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે.- પ્રથમ સમયવર્તી અને અપ્રથમસમયવર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમયવર્તી અને અચરમ- સમય વર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અયોગી કેવલી ક્ષીણકષાય વીત-રાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે. પ્રથમસમયવર્તી અને અપ્રથમ સમયવર્તી અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. દર્શનાર્યો કહ્યા.

ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? ચારિત્રાર્યો બે પ્રકારે કહ્યા છે ? સરાગચા-રિત્રાર્યો અને વીતરાગ ચારિત્રાર્યો, સરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? બે પ્રકારે કહ્યા છે.-સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો. સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રોર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે.-પ્રથમસમયવર્તી અને અપ્રથમ સમય વર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અથવા ચરમ સમય વર્તી અને અચરમસમયવર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો. અથવા સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે.-સંક્લિશ્યમાન અને વિશુદ્ધ્ય-માન. એમ સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો કહ્યા. બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે - પ્રથમ સમયવર્તી અને પ્રથમ સમય સિવાયના બાદર સંપરાય સરાગ ચરિત્રાર્યો. અથવા ચરમસમય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તી બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો અને ચરમસમય સિવાયના બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો,અથવા બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પ્રતિપાતી અને અપ્રતિપાતિ.

વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યા છે. ઉપશાન્ત-કષાય વીતરાગ ચારિત્રાર્યો અને ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે. પ્રથમસમય વર્તી અને પ્રથમ સમય સિવાયના ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમયવર્તી અને ચરમસમય સિવાયના ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો. ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે. -છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે ? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારેના કહ્યા છે. તે આ પ્રમાણે-પ્રથમસમયવર્તી અને અપ્રથમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી અને અચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે. -પ્રથમસમયવર્તી અને અપ્રથમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી અને અચરમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિ ત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે.- સયોગ કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિ ત્રાર્યો. સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેઓ બે પ્રકારના કહ્યા છે. પ્રથમસમયવર્તી અને અપ્રથમસમયવર્તી સયોગી કેવલી. ચારિત્રાર્યો અથવા ચરમસયવર્તી અને અચરસમયવર્તી સયોગી કેવલી. ચારિત્રાર્યો. અયોગી કેવલી. ચારિત્રાર્યો કેટલા પ્રકારના છે ? અયોગી કેવલી. ચારિ-ત્રાર્યો બે પ્રકારના કહ્યા છે.- પ્રથમસમયવર્તી અયોગી કેવલી. અને અપ્રથમસમયવર્તી અયોગી કેવલી. ચારિત્રાર્યો. અથવા ચરમસમય વર્તી અને અચરમસમયવર્તી અયોગી કેવલી ચારિત્રાર્યો. વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.

અથવા ચારિત્રાર્યો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે- સામાયિકચારિત્રાર્યો, છેદોપસ્થાનીયચારિત્રાર્યો, પરિહારવિશુદ્ધિક ચારિત્રાર્યો, સૂક્ષ્મસંપરાયચારિત્રાર્યો, યથાખ્યાતચારિત્રાર્યો. સામાયિક ચારિત્રાર્યો કેટલા પ્રકારના છે ? સામાયિક ચારિ-ત્રાર્યો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-ઈત્વરિક સામાયિક ચારિત્રાર્યો અને યાવત્કથિક સામાયિક ચારિત્રાર્યો. છેદોપસ્થાપનીય ચારિત્રાર્યો કેટલા પ્રકારે છે ? તેઓ બે પ્રકારના છે.- સાતિચાર છેદોપસ્થાપનીય અને નિરતિચાર છેદોપસ્થાપનીય. સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના કહ્યાછે. સંક્લિશ્યમાન અને વિશુદ્ધય-માન સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો. યથાખ્યાત ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે ? બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના કહ્યાછે. છદ્મસ્થ યથાખ્યાત ચારિત્રાર્યો અને કેવલી યથાખ્યાત ચારિત્રાર્યો. એમ ચારિત્રાર્યો, અનૃદ્ધિપ્રાપ્ત-આર્યો, કર્મભૂમિના મનુષ્યો, ગર્ભજ મનુષ્યો કહ્યા.

[૧૯૧] દેવો કેટલા પ્રકારના છે ? દેવો ચાર પ્રકારના છે.- ભવન વાસી, વાન મંતર, જ્યોતિષિક અને વૈમાનિક. ભવનવાસી દેવો કેટલા પ્રકારના છે ? દશ પ્રકારના - અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણ કુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિ કુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે.- પર્યાપ્તા અને અપર્યાપ્તા.વાનમંતર દેવો કેટલા પ્રકારના છે ? આઠ પ્રકારના - કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, અને પિશાચ. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. - પર્યાપ્તા અને અપર્યાપ્તા. જ્યોતિષિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના - ચન્દ્ર, સૂર્ય. ગ્રહ, નક્ષત્ર અને તારા. તે સંક્ષેપથી બે પ્રકારના છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ જ્યોતિષિક દેવો કહ્યા. વૈમાનિક દેવો કેટલા પ્રકારના છે ? વૈમાનિક દેવો બે પ્રકારના કહ્યા. અને કલ્પાતીત.કલ્પોપગ દેવો કેટલા પ્રકારના છે ? બારપ્રકારના સૌધર્મ, ઈશાન, સનત્કુમાર માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત. તે સંક્ષેપથી બે પ્રકારના છે. -પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ કલ્પોપગ દેવો કહ્યા. કલ્પાતીત દેવો કેટલા પ્રકારના છે ? બે પ્રકારના- ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક. ગ્રૈવેયક દેવો કેટલા પ્રકારના છે ? તે નવ પ્રકારના કહ્યા છે. - નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયકો, નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયકો, મધ્યમ ત્રિકના નીચેના ગ્રૈવેયકો, મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, મધ્યમ ત્રિકના ઉપરના ગ્રૈવેયકો, ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવેયકો, ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયકો. તે સંક્ષેપથી બે પ્રકારના છે.- પર્યાપ્તા અને અપર્યાપ્તા.અનુત્તરૌ પપાતિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના- ૧ વિજય, ૨ વૈજયન્ત, ૩ જયન્ત, ૪ અપરાજિત અને ૫ સર્વાર્થિદ્ધ. તે સંક્ષેપથી બે પ્રકારના છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ પ્રમાણે વૈમાનિક દેવો, અને પંચેન્દ્રિયો કહ્યા. અને એમ સંસારી જીવપ્રજ્ઞાપના, જીવપ્રજ્ઞાપના અને પ્રજ્ઞાપના કહી.

**પદઃ ૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨-સ્થાન

[૧૯૨-૧૯૩]હે ભગવન્! પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોના સ્થાનો ક્યાં કહ્યાંછે ? હે ગૌતમ ! સ્વસ્થાનને- આશ્રયી આઠે પૃથીવીઓમાં હોય છે. - રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમઃ તમઃપ્રભા-સિદ્ધશિલામાં છે, અધોલો કમાં પાતાલકલશો, ભવનો, ભવનપ્રસ્તટો, નરકો, નરકાવલિકાઓ અને નરકપ્રસ્ત ટોમાં હોય છે. ઉર્ધ્વલોકમાં કલ્પો, વિમાનો, વિમાના વલિકાઓ અને વિમાનપ્રસ્તટોમાં હોય છે. તિર્યગ્લોકમાં ટુંકો, કૂટો, શૈલો,- શિખરી- પર્વતો, પ્રાગ્ભારો- વિજયો, વક્ષસ્કારો, વર્ષ ક્ષેત્રો, વર્ષધર પર્વતો, વેલાઓ, વેદિકાઓ, દ્વારો, તોરણો, દ્વીપો અને સમુદ્રોમાં, અહીં પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ -ઉત્પત્તિને આશ્રીને લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમા અને સ્વસ્થાનને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. હે ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોનાં ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોના સ્થાનો છે,ત્યાં જ અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોનાં સ્થાનો છે. ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્ઘાતવડે સર્વલોકમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે હે ભગવન્ ! પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકોના અને અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિકો જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે તે બધા એક પ્રકારના, વિશેષતા રહિત, ભિન્નતા રહિત અને સર્વ લોકમાં વ્યાપ્ત છે.

હે ભગવન્ ! પર્યાપ્તા બાદર અપ્કાયિકોના ક્યાં સ્થાનો કહેલાં છે ? હે ગૌતમ ! સ્વસ્થાનને આશ્રીને સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિવલયોમાં,અધોલોકમાં, પાતાલ-કલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ઉર્ધ્વલોકમાં, કલ્પોમાં, વિમાનોમાં, વિમાના વલિકાઓમાં, વિમાનપ્રસ્તટોમાં, તિર્યગ્લોકમાં,-કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાપીઓ, પુષ્કરિણી, દીર્ધિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરઃપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ,-ઝરણાઓ, ઝરાઓ, છિલ્લરો, પલ્વલો, વપ્રો, દ્વીપો, સમુદ્રો, સર્વ જલાશયો અને જલના સ્થાનોમાં અહીં પર્યાપ્તા બાદર અપ્કાયિકોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમાં ભાગમાં, સમુદ્ઘાતવડે લોકના અસંખ્યા-તમા ભાગમાં અને સ્વસ્થાનવડે લોક ના અસંખ્યાતમા ભાગમાં છે. હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર અપ્કાયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર અપ્કા-યિકોના સ્થાનો છે ત્યાં અપર્યાપ્ત બાદર અપ્કા યિકોના સ્થાનો છે. તે ઉપપાતવડે સર્વ-લોકમાં, સમુદ્ઘાતવડે સર્વલોકમાં, અને સમુદ્ઘાનને આશ્રીને લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે. હે ગૌતમ ! સૂક્ષ્મ અપ્કાયિકો જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે તે બધા એક પ્રકારના, વિશેષતારહિત, - ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત કહેલાં છે.

હે ભગવન્ ! પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! સ્વસ્થાનવડે મનુષ્યક્ષેત્રની અંદર અઢી દ્વીપ સમુદ્રોમાં, વ્યાઘાત ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં, અને વ્યાઘાત-ને આશ્રીને પાંચ મહાવિદેહોમાં અહીં પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર તેજ સ્કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના સ્થાનો છે ત્યાંજ અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના બન્ને ઉર્ધ્વ કપાટોમાં અને તિર્યગ્લોકરુપ તટમાં હોય છે, સમુદ્ઘાતવડે સર્વલોકમાં હોય છે અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપ ર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! જે પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે તે બધા હે આયુષ્માન્ શ્રમણ ! એક પ્રકારના, વિશેષતારહિત, ભેદ રહિત અને સર્વલોકમાં વ્યાપ્તા છે.

હે ભગવન્ ! પર્યાપ્તા બાદર વાયુકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! સ્વસ્થાન-ની અપેક્ષાએ સાત પ્રકારના ઘન વાતમાં, સાત પ્રકારના ઘનવાતલયોમાં, સાત તનુવાતમાં, સાત તનુવાતલયોમાં, અધો લોકમાં પાતાલકલશોમાં,ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ભવનછિદ્રોમાં, ભવનષ્કુટો ગવાક્ષોમાં, નરકોમાં, નરકાવલિકા-ઓમાં, નરકપ્રસ્તટોમાં, નરકછિદ્રોમાં, નરકનિષ્કુ ટોમાં, ઉર્ધ્વલોકમાં કલ્પોમાં, વિમા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાન પ્રસ્તટોમાં, વિમાનછિદ્રોમાં, વિમાનનિષ્કુટોમાં, તિર્યગ્લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરમાં બધા ય લોકાકાશમાં, લોકનિષ્કુટોમાં, અહીં બધે પર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે લોકના અસંખ્યાતા ભાગોમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતા ભાગોમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતા ભાગોમાં રહે છે. હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! જ્યાં પર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો છે, ત્યાંજ અપ-ર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ ઘાતવડે સર્વ લોકમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતા ભાગોમાં છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! તેઓ બધા એક પ્રકારના, વિશેષરહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત કહ્યાં છે.

હે ભગવન્ ! પર્યાપ્ત બાદર વનસ્પતિ કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ સાત ઘનોદધિમાં,સાત ઘનોદધિવલયોમાં, અધોલોકમાં પાતા-લકલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ઉર્ધ્વલોકમાં કલ્પોમાં, વિમાનાવલિકા ઓમાં, વિમાનપ્રસ્તટોમાં, તીરછા લોકમાં અવટ કૂવાઓમાં, તળાવોમાં, નદીઓમાં, દ્રહોમાં, વાવીઓમાં, પુષ્કરિણીઓમાં, દીર્ઘિકા ઓમાં, ગુંજાલિકાઓમાં, સરોવરોમાં, સરોવર પંક્તિઓમાં, સરઃસરઃપંક્તઓમાં, બિલોમાં, બિલપંક્તિઓમાં, ઉજ્ઝરોમાં ઝરણા ઓમાં, નિર્ઝરોમાં, છિલ્લરોમાં, પલ્વલોમા, વપ્રોમાં. દ્વીપોમાં, સમુદ્રોમાં, સર્વ જલા-શયોમાં, જળસ્થાનોમાં અહીં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતને આશ્રયી સર્વલોકમાં, સમુદ્ઘાતને આશ્રીને સર્વલોકમાં અને સ્વસ્થાનને આશ્રીને લોકના અસંખ્યાતા ભાગમાં છે. હે ભગવન્ ! અપર્યાપ્ત બાદરવનસ્પતિ કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! જ્યાં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો છે ત્યાંજ અપર્યાપ્ત બાદર વનસ્પતિ કાયિકોના સ્થાનો છે. તે ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્ઘાતવડે સર્વલોકમાં, અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગ માં છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! તે બધા એક પ્રકારના, વિષરહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે.

હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઈન્દ્રિયોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! ઉર્ધ્વ લોકમાં તેના એક ભાગમાં,અધોલોકમાં તેના એક ભાગમાં, તિર્યગ્લોક માં અવટ-કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ યાવત્ બધા જળાશયો અને જળના સ્થાનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઈન્દ્રિયોના સ્થાનો કહેલાં છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે લોકમાં અસંખ્યાતમા ભાગમાં હોય છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઈન્દ્રિયોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! ઉર્ધ્વ લોકમાં તેના એક ભાગ માં, અધોલોકમાં તેના એક ભાગમાં, તીરછા લોકમાં-કૂવાઓ, તળાવો, નદીઓ, દ્રહો, યાવત્ જલા શયો તથા જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઈન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિયોના ક્યાંસ્થાનો કહ્યાંછે ? હે ગૌતમ ! ઉર્ધ્વ લોકમાં તેના એક ભાગમાં,અધોલોકમાં તેના એક ભાગમાં, તીરછા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકમાં કૂવાઓ, યાવત્ સર્વ જલાશયોમાં અને જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાત વડે, સમુદ્દઘાત વડે અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિયોના ક્યાં સ્થાનો કહેલાં છે ? હે ગૌતમ ! ઉર્ધ્વલોકમાં તેના એક ભાગમાં અધોલોકમાં તેના એકભાગમાં, તીરછા લોકમાં કૂવા, તળાવો, યાવત્ સર્વ જળાશયો અને જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિ ન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે, સમુદ્દઘાત વડે અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

[૧૯૫] હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના ક્યાં સ્થાનો છે ? હે ભગવન્ ! નૈરયિકો ક્યાં વસે છે ? હે ગૌતમ ! સ્વસ્થાનવડે સાતે નરક પૃથિવીઓમાં, - ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃ પ્રભા અને તમઃતમઃપ્રભામાં નૈરયિકોના ચોરાશી લાખ નરકાવાસો હોય છે એમ કહ્યું છે. તે નરકાવાસો અંદરના ભાગોમાં વૃત્તાકાર છે, બહારના ભાગમાં સમ ચોરસ છે અને નીચેના ભાગમાં-અસ્ત્રોની આકૃતિવાળા છે. તથા તમસા અંધકારવાળા અને ગ્રહ, ચન્દ્ર, સૂર્ય, નક્ષત્રરુપ જ્યોતિષિકોના માર્ગ રહિત છે. મેદ, વસા, પરુનો સમૂહ, રુધિર અને માંસના કીચડવડે -લીંપાયેલું ભૂમિતળ જેઓનું છે એવા અશુચિ-બીભત્સ, -અત્યંત દુર્ગંધી, કાપોત- કર્કશ સ્પર્શવાળા, દુઃસહ અને અશુભ નરકાવાસો છે. અને તે નરકાવાસોમાં અશુભ-વેદના છે. આ નરકાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્દઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. અહીં ઘણા નૈરયિકો વસે છે. તેઓ કાળા, કાળી કાન્તિવાળા, જેઓથી ગંભીર અત્યંત રોમાંચ થાય એવા, ભયંકર, ત્રાસ ઉત્પન્ન કરનારા અને વર્ણથી હે આયુષ્માન્ શ્રમણ ! અત્યંત કાળા છે. તે નૈરયિકો ત્યાં હમેશાં ભયભીત થયેલા, હમેશાં ત્રાસ પામેલા, હમેશાં ત્રાસ પમાડેલા, હમેશાં ઉદ્વિગ્ન થયેલા અને હમેશાં એકાન્ત અશુભ અને નિરંતર સંબન્ધવાળા નરકભયનો અનુભવ કરતા રહે છે.

[૧૯૬-૨૦૦] હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાં રહે છે ? હે ગૌતમ ! ૧૮૦૦૦૦ યોજન પ્રમાણ જાડાઈવાળી રત્નપ્રભા પૃથ્વીના ઉપરના એક હજાર યોજન અંદર પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકી ૧૭૮૦૦૦ યોજન પ્રમાણ મધ્ય ભાગમાં રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોના ત્રીશ લાખ નરકાવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદર ગોળ અને બહારના ભાગમાં સમચોરસ તથા નીચે ક્ષુરપ્રની આકૃતિવાળા, હમેશાં અંધકારવાળા,જ્યાં ગ્રહ, ચન્દ્ર, સૂર્ય અને નક્ષત્રરુપ જ્યોતિષ્કોનો માર્ગ નથી એવા, યાવત્ એવા, અશુભ નરકો છે અને તે નરકમાં અશુભ વેદનાઓ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગે છે, યાવત્ અત્યંત અશુભરુપ અને નિરંતર સંબદ્ધ-નરક ભયનો અનુભવ કરતા રહે છે. હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત શર્કરા-પ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે ? હે ભગવન્ ! શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે ? હે ગૌતમ ! ૧૩૨,૦૦૦ યોજન પ્રમાણ જાડાઈવાળી શર્કરાપ્રભા પૃથિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને તેના ૧૩૦૦૦૦ યોજન પ્રમાણ મધ્યભાગમાં શર્કરાપ્રભા પૃથિવીના પચીશ લાખ નરકાવાસો હોય છે. તે નરકો અંદરના ગોળ, બહારના ભાગમાં ચોરસ અને નીચે ક્ષુરપ્રના જેવી આકૃતિવાળા તથા હમેશાં અંધકારવાળા યાવત્ તે નરકોમાં અશુભ વેદનાઓ છે. અહીં શર્કરા પ્રભાના નૈરયિકો રહે છે. તે કાળા, કાળી કાન્તિવાળા, ઈત્યાદિ બધો અર્થ કહ્યા પ્રમાણે જાણવો. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! વાલુકાપ્રભા પૃથિવીની જાડાઈ ૧૨૮૦૦૦ યોજન છે, તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન અંદર પ્રવેશીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકીના ૧૨૬૦૦૦ યોજન પ્રમાણ મધ્ય ભાગમાં વાલુકા પ્રભા પૃથિવીના નૈરયિકોના પંદર લાખ નરકાવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ ઈત્યાદિ અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો, પરન્તુ વાલુકાપ્રભા પાઠ કહેવો.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પંકપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે ? હે ભગવન્ ! પંકપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં છે ? હે ગૌતમ ! પંકપ્રભા પૃથિવીની જાડાઈ ૧૨૦૦૦૦ યોજન છે, તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરી નીચે એક હજાર યોજન છોડીને બાકીના ૧૧૮૦૦ યોજન પ્રમાણ મધ્ય ભાગમાં પંકપ્રભા પૃથિવીના દસ લાખ નરકાવાસો હોય છે તે નરકો અંદરના ભાગમાં ગોળ-ઈત્યાદિ અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો, પરન્તુ અહીં પંકપ્રભાનો પાઠ કહેવો. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! ધૂમપ્રભા પૃથિવીની જાડાઈ ૧૧૮૦૦૦ તેમાં ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકીના ૧૬૦૦૦ યોજન પ્રમાણ મધ્ય ભાગમાં ધૂમપ્રભાપૃથિવીના ત્રણ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ,બહાર ચોરસ-ઈત્યાદિ અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે કહેવો, હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા તમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ !૧૧૬૦૦૦ યોજનની જાડાઈવાળી તમઃપ્રભા પૃથિવીમાં ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને બાકી ૧૧૪૦૦૦ પ્રમાણ મધ્ય ભાગમાં તમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના પાંચ ન્યૂન એક લાખ નરકવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદર ગોળકાર ઈત્યાદિ અર્થ પૂર્વવત્ પરન્તુ કૃષ્ણ અગ્નિના જેવા વર્ણવાળા છે-એ પાઠ ન કહેવો અને 'તમઃપ્રભા' એ પાઠ કહેવો. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા તમઃતમઃ પ્રભાપૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે ? ગૌતમ ! ૧૦૮૦૦૦ યોજન પ્રમાણ જાડાઈવાળી તમઃતમઃપ્રભા પૃથિવીમાં ઉપરથી સાડી બાવન હજાર યોજન પ્રવેશ કરી અને નીચે પણ સાડી બાવન હજાર છોડી વચ્ચેના ત્રણ હજાર યોજનમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા તમઃતમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના પાંચ દિશાએ પાંચ અનુત્તર એવા મોટામાં મહા નરકાવાસો કહેલા છે. તે આ પ્રમાણે કાલ, મહાકાલ,રૌખ, મહારૌખ અને અપ્રતિષ્ઠાન. તે નરકો અંદરના ભાગમાં ગોળ-ઈત્યાદી અર્થ પૂર્વની પેઠે જાણવો. પરન્તુ કાપોત-વર્ણ જેવા એ પાઠ ન કહેવો. નૈરયિકોના બદલે 'તમઃતમઃપ્રભા' એવો પાઠ કહેવો. એક લાખ એંશી હજાર, એક લાખ બત્રીસ હજાર, એક લાખ અઠયાવીસ હજાર,એક લાખ વીસ હજાર, એક લાખ અઢાર હજાર, એક લાખ સોળ હજાર અને એક લાખ આઠ હજાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોજન બધાની નીચેની સાતમી નરકપૃથિવીની જાડાઈ છે. એક લાખ અઠયોતેર હજાર, એક લાખ ત્રીસ હજાર, એક લાખ છવ્વીસ હજાર, એક લાખ અઢાર હજાર, એક લાખ સોળ હજાર, છઠ્ઠી પૃથિવીના એક લાખ અને ચૌદ હજાર યોજનમાં તથા તમતમા પૃથવિના ઉપર અને નીચે સાડી બાવન સાડી બાવન હજાર છોડીને વચ્ચેના ત્રણ હજાર યોજનમાં નરકાવાસો છે. ત્રીશ લાખ, પચીસ લાખ, દશ લાખ, ત્રણ લાખ, પાંચ લાખ એક લાખ અને અનુત્તર પાંચ નરકાવાસો ક્રમશઃ જાણવા.

[૨૦૧] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! ઉર્ધ્વ લોકમાં તેના એક ભાગમાં, અધોલોકમાં તેના એક ભાગમાં, તિર્યગ્લોકમાં કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરઃસરઃપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્ઝરો ઝરણાઓ, છિલ્લરો, પલ્વલો, વપ્રો-ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો અને બધા જલાશયો અને જળના સ્થાનોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે સર્વ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

[૨૦૨] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા મનુષ્યોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ!પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રની અંદર અઢી દ્વીપ અને સમુદ્રોમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિ માં, દેવોના ક્યાં સ્થાનો છે ?

હે ભગવન્ ! ભવનવાસી દેવો ક્યાં વસે છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના જાડાઈ છપ્પન અંતર્દ્વીપમાં પર્યાપ્તા અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો છે. ઈત્યાદિ. એક લાખ યોજન પ્રમાણ છે. તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને એક લાખ ને અઠયોતેર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં ભવનવાસી દેવોના સાત ક્રોડ અને બહોંતેર લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, અન્દરના ભાગમાં ચતુષ્કોણ અને નીચેના ભાગમાં કમળની કર્ણિકાની આકૃતિવાળાં છે, ઉત્કીર્ણ-સ્પષ્ટ અન્તર વાળી, વિસ્તીર્ણ અને ઉંડી ખાત અને પરિખા જેની ચારે તરફ છે એવાં, જેના પ્રાકારને વિષે અટ્ટાલક, કમાડ, તોરણો અને પ્રતિદ્વાર-છે એવાં, યન્ત્રો, શતઘ્ની મુશલ અને મુસંઢીથી યુક્ત, જ્યાં યુદ્ધ કરી ન કરી શકાય એવાં, હમેશાં જયવાળાં, હમેશાં રક્ષણ કરાયેલાં, અડતાળીસ ઓરડાઓની રચનાવાળાં, અડતાળીસ વનમાળાઓની રચનાવાળાં, ઉપદ્રવ રહિત, મંગલરુપ, કિંકર દેવોથી દંડ વડે રક્ષણ કરાયેલાં, લીંપણ અને ધોળવા વડે સુશોભિત, ઘાટા ગોશીર્ષચંદન અને રક્ત ચંદન વડે જ્યાં હસ્તના થાપા માર્યા છે એવાં જ્યાં, ચંદનના કલશો મૂક્યા છે એવાં, ચંદના ઘટ વડે સુશોભિત તોરણો જેના લઘુ દ્વારોના એક ભાગમાં આવેલા છે એવાં, ભૂમિના નીચે લાગેલા અને ઉપર લટકાવેલ ફુલની માળાઓના ઝુમખાંવાળા, વેરાયેલા પાંચ વર્ણના સરસ સુગંધી પુષ્પના ઢગલાઓની શોભાવડે યુક્ત, કાળા અગર, શ્રેષ્ઠ કીંદરુ અને શિલારસના ધૂપની ચોતરફ પ્રસરતી ગંધવડે અત્યંત મનોહર, ઉત્તમ પ્રકારના ગંધયુક્ત સુગંધી પદાર્થોની ગંધવાળાં, સુગંધી દ્રવ્યોની ગુટિકારુપ, અપ્સરા ઓના ગણાના સમુદાય વડે વ્યાપ્ત, દીવ્ય વાજીંત્રોના શબ્દવડે યુક્ત, સર્વ રત્નમય, અતિસ્વચ્છ, સ્નિગ્ધ, કોમલ, ઘસેલાં,સાફ કરેલાં, રજરહિત, નિર્મલ, નિષ્પંક,

www.jainsite.com - - For Private & Personal Use Only info@jainsite.com

નિરાવરણ કાન્તિવાળાં, પ્રભાવાળાં, કીરણોવાળાં, ઉદ્યોતવાળાં, મનને પ્રસન્ન કરનાર, દર્શનીય જોવા યોગ્ય, અત્યંત સુંદર, અને પ્રતિક્ષણ નવીન નવીન રુપને ધારણ કરનારાં હોય છે. આ ભવનોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો છે. તેઓ ઉપપાત વડે લોકનાઅસંખ્યાતમા ભાગમાં,સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમા ભાગ-માં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલાં છે. ત્યાં ઘણા ભવન- વાસી દેવો રહે છે. તે આ પ્રમાણે- અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યત્કુમાર, અગ્નિ-કુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, પવનકુમાર, અને સ્તનિતકુમાર - ચૂડામણી નામે રત્ન જેના મુકુટમાં છે, જેઓના ભૂષણમાં નાગની ફેણ, ગરુડ અને વજ્ર છે, તથા પૂર્ણ કલશ વડે અંકિત - મુકુટ જેઓના છે, જેના ભૂષણમાં સિંહ-ઘોડો અને શ્રેષ્ઠ હાથી-રુપ ચિન્હ છે, જેના ભૂષણમાં આશ્ચર્ય કરનાર મગર અને વર્ધમાન- રુપ ચિન્હો નિયુક્ત છે એવા ભવનવાસી દેવો છે.

તેઓ સુંદર રુપવાળા, મહા ઋદ્ધિવાળા, મહાકાન્તિ વાળા, મહાબલવાળા, મહા-યશવાળા, મહાઐશ્વર્યવાળા તરીકે સુપ્રસિદ્ધ, (હારવડે સુશોભિત છાતીવાળા, કડા અને બાજુબંધથી જેના હાથ સ્તંભિત થયેલા છે. એવા, અંગદ, કુંડલ તથા જેણે બન્ને કપોલપ્રદેશ- સ્પર્શ કર્યો છે એવા કર્ણપીઠને ધારણ કરનાર, વિચિત્ર હસ્તાભરણવાળા, જેના મસ્તકને વિષે વિચિત્ર માળા અને મુકુટ છે એવા, કલ્યાણકારી શ્રેષ્ઠ માળા અને વિલેપનને ધારણ કરનાર, દેદીપ્યમાન શરીરવાળા અને લાંબી લટકતી વનમાળાને ધારણ કરનાર, દીવ્ય વર્ણ, દીવ્ય ગંધ, દીવ્ય સ્પર્શ, દીવ્ય સંઘયણ, દીવ્ય સંસ્થાન દિવ્ય ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્યપ્રભા, દિવ્ય છાયા-દિવ્ય અર્ચી-દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યા- વડે દસ દિશાઓને ઉદ્યોતવાળી કરતા, શોભતા પોતપોતાના લાખો ભવનાવાસોનું પોતપોતાના હજારો સામાયિક દેવોનું, પોતપોતાના ત્રાયસ્ત્રિંશ દેવોનું પોતપોતાની અગ્રમહીષીઓનું,પોતપોતાની પર્ષદોનું, પોતપોતાના સૈન્યોનું, પોતપોતાના સૈન્યના અધિપતિઓનું, પોતપોતાના હજારો આત્મ રક્ષક દેવોનું, અને બીજા ઘણા ભવનવાસી દેવો તથા દેવીઓનું અધિપતિપણું, અગ્રેસર પણું, સ્વામિપણું, ભર્તાપણું, વડીલપણું, આજ્ઞાવડે ઈશ્વરપણું તથા સેનાના અધિપતિપણુ બીજા પાસે કરાવતા અને સ્વયં પાલન કરતા, નિત્ય પ્રવર્તમાન નૃત્ય, ગાયન, તથા વાગેલા વીણા, હસ્તતલ, કાંસી અને બીજા વાદિત્રોના મોટા શબ્દ વડે દિવ્ય-પ્રધાન ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતા રહે છે.

[૨૦૫] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનોછે ? હે ગૌતમ ! ૧૮૦૦૦૦ યોજન બાહલ્ય- જેની છે એવી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન અંદર પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને ૧૭૮૦૦૦ યોજનપ્રમાણ મધ્ય ભાગમાં અસુરકુમારોના ચોસઠ લાખ ભવનાવાસો કહ્યા છે. તે ભવનો બહાર ના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં ચોરસ છે -ઈત્યાદિ ભવનોનું વર્ણન યાવત્-પ્રતિરુપ છે- ત્યાં સુધી જાણવું. આ ભવનોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા અસુરકુમાર દેવોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્-ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા અસુરકુમાર દેવો રહે છે. તેઓ કાળા વર્ણવાળા, લોહિતાક્ષ-પદ્મરાગમણિ અને બિમ્બીફલના જેવા લાલ ઓષ્ઠવાળા, ધોળા પુષ્પના જેવા દાંતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળા, કાળા કેશવાળા, ડાબા ભાગે એક કુંડલને ધારણ કરનારા, આર્દ ચંદન વડે જેણે શરીરનું વિલેપન કર્યું છે એવા, કંઈક શિલિન્ધ્ર પુષ્પના જેવા વર્ણવાળા સંક્લેશ નહિ ઉત્પન્ન કરે એવા સૂક્ષ્મ અને શ્રેષ્ઠ વસ્ત્રો, જેણે પહેરેલાં છે એવા, પ્રથમ કુમારાવસ્થાને ઓળંગી ગયેલા અને બીજી મધ્યમ વયને નહિ પ્રાપ્ત થયેલા, ભદ્ર-પ્રશસ્ત યૌવનમાં વર્તતા, તલભંગતુટિત અને બીજા શ્રેષ્ઠ ભૂષણોમાં રહેલાં નિર્મલમણિ અને રત્નો વડે સુશોભિત ભુજાવાળા, દસ મુદ્રિકા વડે જેના હસ્તના અગ્રભાગો અલંકૃત છે એવા, વિચિત્ર ચૂડામણિ રત્ન જેઓના ચિન્હરુપે રહેલું છે એવા, સુરુપાઃ ઈત્યાદિ યાવત્ 'દીવ્ય ભોગવવા લાયક ભોગો ભોગવતા વિહરે છે'

અહીં ચમર અને બલી-એ બે અસુર કુમારના ઈન્દ્રો અસુરકુમારના રાજાઓ રહે છે. તેઓ કાળા, અત્યંત કાળી વસ્તુઓના જેવા, ગળીના ગુટિકા પાડાના શીંગોડા અને અળસીના પુષ્પ જેવા વર્ણવાળા, વિકસિત કમળના જેવાં નિર્મલ ધોળા અને લાલ નેત્રોવાળા, ગરુડના જેવી લાંબી સીધી અને ઉંચી નાસિકાવાળા, ઉપચિત- પ્રવાલશિલા અને બિંબફળના સમાન અધરોષ્ઠ જેઓ ના છે એવા, ધોળા અને કલંક રહિત ચન્દ્રના ખંડ, નિર્મલ ઘનરુપ થયેલું દહીં, શંખ, ગાય નું દૂધ, મોગરાના ફુલ, પાણીના કણો અને મૃણાલિકા- જેવી ધોળી દન્ત શ્રેણી જેઓની છે એવા, અગ્નિમાં તપાવેલા અને નિર્મલ થયેલા તપ્ત સુવર્ણની જેવા રાતા હાથપગના તળીયાં તાલુ અને જીભ જેઓના છે એવા, અંજન અને મેઘની જેવા કાળા અને રુચક રત્નના જેવા રમણીય તથા સ્નિગ્ધ કેશો જેઓના છે એવા, ડાબા ભાગમાં એક કુંડલને ધારણ કરનારા-ઈત્યાદિ અસુરકુમારના વર્ણન પ્રમાણે 'દીવ્ય ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતા વિહરે છે.'

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે મેરુ પર્વતની દક્ષિણ દિશાએ એક લાખને એંશી હજાર યોજન પ્રમાણ જાડી રત્નપ્રભા પૃથિવી છે, યાવત્ મધ્ય ભાગમાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના ચોત્રીસ લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં સમચોરસ છે - ઈત્યાદિ વર્ણન યાવત્ પ્રતિરુપ-અત્યંત સુંદર છે ત્યાં સુધી જાણવું. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના સ્થાનકો કહ્યાં છે. તે ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા દક્ષિણ દિશાના અસુર-કુમાર દેવો અને દેવીઓ રહે છે. તેઓ કાળા તેઓના ઓષ્ઠ લોહિતાક્ષ રત્ન અને બિંબીફલના જેવા રાતા છે - ઈત્યાદિ પૂર્વોક્ત યાવત્ 'દીવ્ય ભોગો ભોગવતા વિહરે છે' ત્યાં સુધી જાણવું. ભવનવાસી અસુરકુમારનો ઈન્દ્ર અસુરકુમારનો રાજા ચમર અહીં રહે છે. તે કાળો, અત્યંત કાળી વસ્તુના જેવો યાવત્ પ્રભાસમાનઃ શોભતો ત્યાંના ચોત્રીશ લાખ ભવના વાસોનું, ચોસઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાયસ્ત્રિંશ દેવોનું, ચાર લોકપાલ દેવોનું, પરિવાર સહિત પાંચ અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, ચારગુણા ચોસઠ હજાર આત્મરક્ષક દેવોનું અને તે સિવાય બીજા ઘણા દક્ષિણના દેવો અને દેવીઓનું અધિપતિપણું, અગ્રેસરપણું કરાવતો યાવત્ વિહરે છે.

હે ભગવન્ !પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉત્તરના અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનોછે ?



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે હે ગૌતમ ! જંબૂદ્વીપનામે દ્વીપમાં યાવત્ મધ્ય ભાગમાં અહીં ઉત્તરના અસુર કુમાર દેવોના ત્રીશ લાખ ભવનવાસો છે એમ કહ્યું છે તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અન્દરના ભાગમાં સમચોરસ છે. બાકીનું દક્ષિણ દિશાના અસુર કુમાર સંબંન્ધે કહ્યું છે તેમ યાવત્ - 'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં વૈરોચન્દ્ર વૈરોચન રાજા બલી રહે છે. તે કાળો, અત્યંત કાળી વસ્તુના જેવો યાવત્ શોભતો વિહરે છે. તે બલીન્દ્ર ત્યાં ત્રીશ લાખ ભવનાવાસોનું, સાઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાય સ્ત્રિંશ દેવોનું, ચાર લોકપાલોનું, પાંચ પરિવારસહિત અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું ચાર ગુણા સાઠ હજાર આત્મરક્ષક દેવોનું અને તે સિવાય બીજા ઘણા ઉત્તરના અસુરકુમાર દેવો અને દેવીઓનું અધિપતિ પણું અને અગ્રેસરપણું કરતો વિહરે છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા નાગકુમાર દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે ?

હે ભગવન્ ! નાગકુમાર દેવો ક્યાં રહે છે ? હે ગૌતમ ! એક લાખ અને એંશી હજાર યોજન જાડી આ રત્નપ્રભા પૃથિવીના યાવત્ મધ્ય ભાગમાં અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા નાગકુમાર દેવોના ચોરાશી લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં સમચોરસ યાવત્ પ્રતિરુપ-અત્યંત સુંદર છે. ત્યાં પર્યાપ્તા અને અપર્યાપ્તા નાગકુમાર દેવોના સ્થાનો કહેલાં છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રીય લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા નાગકુમાર દેવો રહે છે. યાવત્-વિહરે છે અહીં ધરણ અને ભૂતાનંદ એ બે નાગકુમારના રાજા ઓ રહે છે. તે મહાઋદ્ધિવાળા-ઈત્યાદિ

હે ભગવન્ ! દક્ષિણના નાગકુમાર દેવો ક્યાં વસે છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપનામે દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણ દિશાએ એક લાખને એંશી હજાર જાડી આ રત્નપ્રભા પૃથિવીના યાવત્ મધ્ય ભાગમાં દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના ચુમ્માળીસ લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, યાવત્ પ્રતિરુપ-સુંદર છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના સ્થોનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગને વિષે છે. અહીં દક્ષિણના નાગકુમાર દેવો રહે છે. યાવત્- 'વિહરે છે' અહીં નાગકુમારોના ઈન્દ્ર અને નાગકુમારોનો રાજા ધરણ રહે છે. તે મહાઋદ્ધિવાળો-ઈત્યાદિ યાવત્ શોભતો વિહરે છે. તે ત્યાંના ચુંમાળીસલાખ ભવનાવાસોનું, છ હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાય સ્ત્રિંસ દેવોનું, ચાર લોકપાલોનું,પરિવાર સહિત છ અગ્રમાહિષી-ઓનું, ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યનું, સાત સેનાધિપતિઓનું, ચોવીસ હજાર આત્મરક્ષક દેવોનું, અને તે સિવાય બીજા ઘણા નાગકુમાર દેવો અને દેવીઓનું અધિપતિપણું, અગ્રેસરપણું કરતો વિહરે છે. હે ભગવન્ ! ઉત્તરના પર્યાપ્તા અને અપર્યાપ્તા નાગકુમાર દવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના નામે દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર દિશાએ એક લાખને એંશી હજાર યોજન જાડી યાવત્ ભાગમાં અહીં ઉત્તરના નાગકુમાર દેવોના ચાળીસ લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ છે-ઈત્યાદિ યાવત્ વિહરે છે- અહીં ભૂતાનંદ નામે નાગકુમારનો ઈન્દ્ર નાગકુમારનો રાજા રહે છે. તે મહાઋદ્ધિવાળો યાવત્ શોભતો ચાળીસ લાખ

જૈન સાહિત્ય JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

ભવનાવાસો વગેરેનું અધિપતિપણું કરતો વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના યાવત્ મધ્ય ભાગમાં અહીં સુવર્ણકુમાર દેવોના બહોંતેર લાખ ભવનવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં સોળ-યાવત્ પ્રતિરુપ છે. ત્યાં પર્યાપ્તા અને અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના સ્થાનો છે. યાવત્-તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વ સ્થાન એ ત્રણેને આશ્રીય લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા સુવર્ણકુમાર દેવો રહે છે. તે મહાિદ્ધવાળા ઇત્યાદિ યાવત્ -'વિહરે છે' ત્યાં સુધી કહેવું. અહીં વેણુદેવ અને વેણુદાલી નામે બે સુવર્ણકુમારના ઇન્દ્રો સુવર્ણ કુમારના રાજાઓ રહે છે. તે મહાઋદ્ધિવાળા યાવત્-વિહરે છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપ-ર્યાપ્તા દક્ષિણ દિશાના સુવર્ણકુમારના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભાના યાવત્- મધ્ય ભાગમાં અહીં દક્ષિણ દિશાના સુવર્ણકુમારોના આડ ત્રીસ લાખ ભવન વાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, યાવત્ પ્રતિરૂપ-અત્યંત સુંદર છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા સુવર્ણકુમારોના સ્થાનો કહ્યાં છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રીય લોકના અસંખ્યાતમા ભાગ માં છે. અહીં ઘણા સુવર્ણકુમાર દેવો રહે છે. અહીં વેણુદેવ નામે સુવર્ણકુમારનો ઇન્દ્ર, સુવર્ણકુમારનો રાજા રહે છે. બાકી બધું નાગકુમારોની પેઠે જાણવું, હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉત્તરના સુવર્ણકુમાર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના યાવત્ મધ્ય ભાગમાં અહીં ઉત્તરના સુવર્ણકુમાર દેવોના ચોત્રીસ લાખ ભવનો છે એમ કહ્યું છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ છે-ઇત્યાદિ યાવત્ -અહીં ઘણા ઉત્તરના સુવર્ણકુમાર દેવો વસે છે. તેઓ મહા ઋદ્ધિ વાળા,યાવત્-વિહરે છે. અહીં વેણુદાલિ નામે સુવર્ણકુમારનો ઇન્દ્ર સુવર્ણકુમારનો રાજા રહે છે. તે મહર્દ્ધિક છે. બાકી બધું નાગકુમા-રોની પેઠે જાણવું. જેમ સુવર્ણકુમારની વકતવ્યકતા કહી છે તેમ બાકીના ચૌદે ઇન્દ્રોની કહેવી.પણ ભવન, ઇન્દ્ર, વર્ણ અને પરિધાનનું ભિન્નપણું ગાથા વડે જાણવું.

[૨૦૯-૨૧૬] અસુકુમારેન્દ્રના ચોસઠલાખ, નાગકુમારેન્દ્રના ચોરાશીલાખ, સુવર્ણકુમારેન્દ્રના બહોતેરલાખ, વાયુકુમારેન્દ્રના છન્નુંલાખ, દ્વીપકુમારેન્દ્ર, દિશા કુમા-રેન્દ્ર, ઉદધિકુમારેન્દ્ર, વિદ્યત્કુમારેનદ્ર, સ્તનિતકુમારેન્દ્ર અને અગ્નિકુમારેન્દ્ર એ છ યુગલના પ્રત્યેકના છોંતેરલાખ ભવનો છે. ચોત્રીસલાખ, ચુંમાળીસલાખ આડત્રીસ લાખ, પચાસલાખ અને શેષ છ ઇન્દ્રના ચાળીસ લાખ દક્ષિણ દિશામાં ભવનો છે. ત્રીસ લાખ, ચાળીશ લાખ, ચોત્રીસ લાખ, છેંતાળીસ લાખ અને શેષ ઇન્દ્રના છત્રીસ લાખ ભવનો ઉત્તર દિશામાં છે. દક્ષિણના અસુરકુમારેન્દ્રના ચોસઠ લાખ, ઉત્તરના અસુર કુમારેન્દ્રના સાઠ લાખ, અસુરકુમારેન્દ્ર સિવાય બાકીના બધા દક્ષિણના અને ઉત્તરના પ્રત્યેકના છ છ હજાર સામાનિક દેવો જાણવા. અને તેથી ચાર ગુણા આત્મરક્ષક દેવો જાણવા. ચમર, ધરણ, વેણુદેવ, હરિકાન્ત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાન્ત, અમિત, વેલંબ, ઘોષ, બલિ, ભૂતાનંદ, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપથ અરિવાહન, પ્રભંજન, અને મહાઘોષ-એમ ઉત્તર દિશાના ઇન્દ્રો યાવત્ વિહરે છે. અસુરકુમાર કાળા છે, નાગકુમાર અને ઉદયધિકુમાર બન્ને શ્વેતવર્ણના છે, સુવર્ણકુમાર શ્રેષ્ઠ સુવર્ણની કસોટી રેખાના જેવા કંઇક રાતા પીળા વર્ણના છે. દિકકુમાર અને સ્તનિતકુમાર ઉત્તમ કનકના

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણ જેવા છે, વિદ્યત્કુમાર, અગ્નિકુમાર, અને દ્વીપકુમાર શ્યામ વર્ણના છે અને વાયુ કુમાર પ્રિયંગુવક્ષના જેવા વર્ણના જાણવા. અસુરકુમારના લાલ વસ્ત્રો,નાગકુમાર અને ઉદધિકુમારના શિલિન્ધ્ર પુષ્પની પ્રભા જેવા લીલા વસ્ત્રો, સુવર્ણકુમાર, દિક્કુનમાર અને સ્તનિતકુમાર-અશ્વના મુખમાં રહેલ ફીણના જેવા વસ્ત્રને ધારણ કરનારા છે. વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર અને દ્વીપકુમારો નીલવર્ણ ઘેરા લીલા વર્ણના વસ્ત્રોવાળા અને વાયુકુમારો સંધ્યાના રંગ જેવા વસ્ત્રોવાળા જાણવા.

[૨૧૭-૨૨૪] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વાનમંતર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના એક હજાર યોજન પ્રમાણ જાડા રત્નમય કાંડાના ઉપરથી સો યોજન પ્રવેશ કરી અને નીચે સો યોજન છોડીને મધ્યના આઠસો-યોજનમાં અહીં વાનમંતર દેવોના તીરછાભૂમિ સંબંધી અસંખ્યાતાલાખો નગરો છે એમ કહ્યું છે. તે ભૂમિ સંબંધી નગરો બહારના ભાગમાં ગોળ, અંદરના ભાગમાં સમ-ચોરસ અને નીચે કમળની કર્ણકાના આકારવાળા છે. ઈત્યાદિ વર્ણન ભવનવાસીના દેવોના ભવનોના સામાન્ય વર્ણન પૂર્વસૂત્ર પ્રમાણ જાણવું. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા વાનમંતર દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા વાનમંતર દેવો રહે છે. તે આ પ્રમાણે પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંમપુરુષ, ભુજગપતિ મહાકાય-મહોરગો, નિપુણ ગાન્ધ-ર્વોના ગાયનને વિષે પ્રીતિવાળા ગન્ધર્વગણો. અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કંદિત, મહાકંદિત, કુહંડ અને પતંગદેવો છે.

તે બધા ચંચલ અને અત્યંત ચપલ ચિત્તવાળા તથા ક્રીડા અને હાસ્ય પ્રિય જેને છે એવા, ગંભીર હાસ્ય, ગીત અને નૃત્યને વિષે પ્રીતિવાળા, વનમાલામય -શેખર, મુકુટ, કુંડલ તથા સ્વચ્છંદપણે વિકુર્વેલા આભરણો વડે સુંદર ભૂષણ- ધારણ કરનારા, સર્વ ઋતુમાં થવાવાળા સુગંધી પુષ્પો વડે સારી રીતે રચેલી લાંબી લટકતી શોભતી પ્રિય વિકસિત અને અનેક પ્રકારની વિચિત્ર નવમાલા વક્ષઃસ્થલમાં એઓએ પહેરેલી છે એવા, સ્વચ્છાએ ગમન કરનારા, સ્વેચ્છા વડે રૂપ વાળા શરીરને ધારણ કરનારા, અનેક પ્રકારના વર્ણ રૂપ રંગવાળા, પ્રધાન, અદ્ભૂત, વિચિત્ર અને દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનારા, વિવિધ પ્રકારના દેશી વેષો વડે જેઓએ પહેરવેશ ધારણ કર્યો છે એવા, પ્રમુદિત તથા કંદર્પ, કલહ, ક્રીડા અને કોલાહલને વિષએ પ્રીતિ વાળા, પુષ્પક હાસ્ય અને કોલાહલ કરનારા, તલવાર, મુદ્ગર, શક્તિ અને ભાલાઓ જેના હાથમાં છે એવા, અનેક પ્રકારના મણિ અને વિવિધ રત્નો વડે યુક્ત, વિચિત્ર ચિહ્નોવાળા,મહા ઋદ્ધિ-વાળા, મહા કાંતિવાળા, મહા યશવાળા,મહા બલવાળા, મહા સામથ્યવાળા, મહાસુખ-વાળા, હાર વડે સુશોભિત વક્ષઃસ્થલ જેઓનું છે એવા, કડા અને તુટિત બાહુરક્ષક બાજુબંધ વડે જેની ભુજાઓ અક્કડ છે એવા, અંગદ, કુંડલ અને કપોલપ્રદેશનો સ્પર્શ કરનાર કર્ણપીઠ-કર્ણાભરણને ધારણ કરનાર, વિચિત્ર માલાઓ મસ્તકમાં ધારણ કરનારા, કલ્યાણ કરનાર શ્રેષ્ઠ વસ્ત્રો જેઓએ પહેરેલા છે એવા, કલ્યાણકારી શ્રેષ્ઠ માલા અને વિલેપન ધારણ કરનારા, દેદીપ્યમાન શરીરવાળા, લાંબી લટકતી વનમા-લાને ધારણ કરનારા, દીવ્ય, વર્ણ, દીવ્ય સ્પર્શ, દીવ્ય સંઘયણ, દીવ્ય સંસ્થાન, દીવ્ય ઋષિ, દીવ્ય દ્યુતિ, દીવ્ય પ્રભા, દીવ્ય છાયા દીવ્ય અર્ચી દીવ્ય તેજ અને દીવ્ય લેશ્યા- વડે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશ દિશાઓને ઉદ્યોતવાળી કરતા,શોભતા ત્યાં પોતપોતાના અંસખ્યાતા લાખો ભૂમિ-સંબંધી નગરાવાસોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાની અગ્ર-મહિષીઓનું, પોતપોતાની પર્ષદોનું, પોતપોતાના સૈન્યનું, પોતપોતાના સેનાધિ પતિ-ઓનું, પોતપોતાના હજારો આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા વાણમંતર દેવો અને દેવીઓનું અધિપતિપણું પુરપતિપણું-સ્વામીપણું, ભર્તાપણું, વડીલપણું અને આજ્ઞાવડે ઈશ્વરપણું તથા સેનાપતિપણું કરાવતા, પાલન કરતા નિરંતર ચાલતા નૃત્ય, ગીત અને વગાડેલા વીણા, હસ્તતાલ, કાંસી તથા નિપુણ પુરુષોએ વગાડેલ ઘન મૃદંગના મોટા શબ્દ વડે દીવ્ય ઉપભોગ કરવા લાયક ભોગોને ભોગવતા વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પિશાચ દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના હજાર યોજન જાડા રત્નમય કાંડાના ઉપરના ભાગથી એક સો યોજન જઈને અને નીચે સો યોજન છોડીને વચ્ચેના આઠ સો યોજનમાં પિશાચ દેવોના તીરછા ભૂમિસંબંધી અસંખ્યાતા લાખ નગરો છે એમ કહ્યું છે. તે ભૂમિસંબન્ધી નગરો બહારના ભાગમાં ગોળ છે -ઈત્યાદિ વર્ણન સામાન્ય ભવન વર્ણન પ્રમાણે યાવત્ જાણવું ત્યાં પર્યાપ્તા અને અપર્યાપ્તા પિશાચ દેવોને સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા પિશાચ દેવો રહે છે. તે મહાઋદ્ધિવાળા-ઈત્યાદિ સામાન્ય વર્ણન યાવત્-'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં કાલ અને મહાકાલ નામના બે પિશાચના ઈન્દ્રો પિશાચના રાજાઓ રહે છે. તે મહાઋદ્ધિ વાળા મહાદ્યુતિવાળા યાવત્-વિહરે છે. હે ભગવન્ ! દક્ષિણ દિશાના પિશાચ દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! રત્નપ્રભા પૃથિવીના હજાર યોજન ના મધ્ય ભાગમાં આઠસો યોજનમાં તીરછા અસંખ્યાતા લાખ ભૂમિસંબન્ધી નગરો છે એમ કહ્યું છે. તે ભવનનોનું વર્ણન સામાન્ય ભવનનો વર્ણન પ્રમાણે છે-અહીં દક્ષિણ દિશાના પર્યાપ્તા અને અપર્યાપ્તા પિશાચદેવોના સ્થાનો છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા દક્ષિણ દિશાના પિશાચ દેવો રહે છે. યાવદ્ 'વિહરે છે' અહીં કાલ નામે પિશાચનો ઈન્દ્ર અને પિશાચ નો રાજા રહે છે. તે મહાઋદ્ધિવાળો-યાવત્ (દશ દિશાઓને) પ્રકાશિત કરે છે. તે ત્યાં તીરછા અસંખ્યાતા લાખ ભૂમિસંબન્ધી નગરોનું, ચાર હજાર સામાનિક દેવોનું, પરિ વારસહિત ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યનું, સાત સેનાધિ પતિઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું, તે સિવાય બીજા ઘણા વાનમંતર દેવો અને દેવીઓનું, અધિપતિપણું કરતો યાવદ્ વિહરે છે. ઉત્તર દિશાના પિશાચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જેમ દક્ષિણ પિશાચો સંબન્ધે વક્તવ્યતા કહી છે તેમ ઉત્તરના પિશાચો સંબન્ધી પણ કહેવી. પરન્તુ મેરુ પર્વતની ઉત્તર દિશાએ છે. અહીં મહાકાલ નામે પિશા ચોનો ઈન્દ્ર પિશાચોના રાજા વસે છે. યાવત્-વિહરે છે.

એ પ્રમાણે જેમ પિશાચો સંબન્ધી હકીકત કહી તેમ ભૂતો સંબંધે યાવત્-ગધર્વો સંબન્ધે કહેવી. પરન્તુ ઈન્દ્રો સંબંધે વિશેષતા આ પ્રકારે કહેવી-ભૂતોના સુરૂપ અને પ્રતિરૂપ ઈન્દ્રો છે. યક્ષોના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસોના ભીમ અને મહાભીમ, કિન્નરોના કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગોના અતિકાય અને મહાકાય તથા ગંધર્વોના ગીત રતિ અને ગીતયશ ઈન્દ્રો યાવત્ -વિહરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કાલ અને મહાકાલ, સરુપ અને પ્રતિરુપ, પૂર્ણભદ્ર અને મણિભદ્ર, ભીમ અને મહાભીમ, કિન્નર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહા પુરુષ, અતિકાય અને મહાકાય તથા ગીતરતિ અને ગીતયશ."

હે ભગવન્ ! અણપન્નિક દેવોના ક્યાં સ્થાનો છે ? હે ભગવન્ ! અણપન્નિક દેવો ક્યાં રહે છે ? હે ગૌતમ ! આ રત્ન પ્રભા પૃથિવીના હજાર યોજન જાડા રત્નમય કાંડાની ઉપર અને નીચે સો સો યોજન મૂકીને યાવદ્-આઠસો યોજનમાં અણપન્નિક દેવોના તીરછા અસંખ્ય લાખ ભૂમિ સંબન્ધી નગરો છે એમ કહ્યું છે. તે નગરો યાવત્-પ્રતિરૂપ છે. ત્યાં અણપન્નિક દેવોના સ્થાનો છે. તે ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગને વિષે છે. ત્યાં ઘણા અણપન્નિક દેવો રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા ઈત્યાદિ વર્ણન પિશાચોની જેમ જાણવું. અહીં સન્નિહિત અને સામાન્ય એ બે અણ પન્નિકોના ઈન્દ્ર અને અણપન્નિક દેવોના રાજા રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા-એ પ્રમાણે જેમ દક્ષિણના અને ઉત્તરના પિશાચના ઈન્દ્ર કાલ અને મહાકાલ સંબંધે કહ્યું છે તેમ સંનિહિત અને સામાન્ય ઈન્દ્ર સંબંધે પણ કહેવું. "અણ પન્નિક, પણપન્નિક, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પંતગ એ વાનવ્યન્તર દેવો છે. તેઓ ના આ-ઈન્દ્રો સન્નિહિત, સામાન્ય, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ, અને પતંગપતિ એ અનુક્રમથી જાણવા.

[૨૨૫] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા જ્યોતિષિક દેવોના સ્થાનો ક્યાં છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના અત્યંત સમ-સરખા અને રમણીય ભૂમિના ભાગથી સાતસો નેવું યોજન ઉપર જઈએ એટલે એકસો દસ યોજન પહોળા અને તીરછા અંસખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્રમાં જ્યોતિષિક દેવોના-નિવાસ છે. અહીં જ્યોતિષિક દેવોના તીરછા અસંખ્યાતા લાખ જ્યોતિ ષિક વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો અરધા કોઠાની આકૃતિવાળા, સર્વસ્ફટિકમય, અભ્યુદ્ગતા- ઉત્સૃતા-પ્રભા વડે ધોળાં વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્નોની -રચના વડે વિચિત્ર, વાયુ વડે કંપિત થયેલી વિજયની સૂચક વૈજયન્તી નામે પતાકા અને ઉપર રહેલા છત્રો વડે યુક્ત, ઉંચા ગગનતલનું ઉલ્લંઘન કરનારા જેઓના શિખરો છે એવાં, જાળીઓના વચ્ચેના ભાગમાં રત્નો જેઓને છે એવાં, તથા પાંજરાથી બહાર કાઢેલા હોય તેવા શું મણિ અને કનકના સ્તૂપિકા-શિખરો જેઓનાં છે એવાં, વિકસિત-ખીલેલા શતપત્રો, પુંડરીકો, તિલકો અને રત્નમય અર્ધ ચન્દ્રો વડે વિચિત્ર,અનેક પ્રકારની મણિમય માળાઓ વડે સુશોભિત, અંદર અને બહાર કોમળ, તપનીય સુવર્ણની મનોહર વાલુકોના પ્રસ્તટ ભૂમિપીઠ જેઓને વિષે છે એવાં, સુખકર સ્પર્શવાળાં, શોભાયુક્ત, સુંદર રુપવાળાં, પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, અભિરુપ અને પ્રતિરુપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા જ્યોતિષિક દેવોના સ્થાનો કહેલાં છે. તેઓ 'ઉપપાત,સમુદ્ઘાત અને સ્વ સ્થાન-એ ત્રણેની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા જ્યોતિષિક રહે છે. તે આ પ્રમાણે-બૃહસ્પતિ, ચન્દ્ર, સૂર્ય શુક્ર, શનૈશ્વર, રાહુ, ધૂમકેતુ, બુધ, અંગારક મંગળ, તેઓ તપાવેલા તપનીય-સુવર્ણના જેવા વર્ણવાળા છે. ઈત્યાદિ

જે ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે, ગતિમાં પ્રીતિવાળા કેતુઓ તથા અઠયાવીશ પ્રકારના નક્ષત્ર દેવગણો છે તે બધા અનેક પ્રકારની આકૃતિવાળા છે. તારાઓ પાંચ

વર્ણના છે અને તેઓ સ્થિતલેશ્યાવાળા-છે. જેઓ ફરવાના સ્વભાવવાળા છે તેઓ નિરંતર મંડલરૂપે ગતિ કરનારા, પ્રત્યેકના નામના લાંછન વડે મુકુટમાં પ્રકટ કરેલું ચિહ્ન જેઓને છે એવા, મહાઋદ્ધિવાળા, યાવત્ શોભતા ત્યાંના પોતપોતાની લાખો વિમાનાવાસોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાની પરિવાર સહિત અગ્રમહિષીઓનું, પોતપોતાની પર્ષદોનું, પોત પોતાના સૈન્યોનું, પોતપોતાના સેનાધિ પતિઓનું, પોતપોતાના હજારો આત્મરક્ષક દેવોનું, અને બીજા ઘણા જ્યોતિષિક દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતા યાવત્ વિહરે છે. અહીં ચન્દ્ર અને સૂર્ય એ બે જ્યોતિષ્કના ઈન્દ્રો અને જ્યોતિષ્કના રાજાઓ રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા, યાવત્ શોભતા પોતપોતાના લાખો જ્યોતિષ્કના વિમાનાવાસોનું, ચાર હજાર સામાનિક દેવોનું,પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું, યાવત્-અન્ય ઘણા જ્યોતિષ્ક દેવો અને દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતા યાવત્-વિહરે છે.

[૨૨૬] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વૈમાનિકો દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના બહુ સરખા અને રમણીય ભૂમિભાગથી ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ સંબન્ધી ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજનો, ઘણા લાખો યોજનો, ઘણા ક્રોડ યોજનો,ઘણી કોડાકોડી યોજનો ઉપર જઈએ એટલે અહીં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયકો અને અનુત્તરોમાં વૈમાનિક દેવોના ૮૪૯૭૦૨૩ વિમાનાવાસો છે તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, ઘસેલાં, સાફ કરેલાં, રજરહિત, નિર્મલ, નિષ્પંક, નિરાવરણ દીપ્તિવાળાં, પ્રભાસહિત, શોભાસહિત, ઉદ્યોત સહિત, પ્રસન્નતા કરનારા, દર્શનીય, અભિરુપ અને પ્રતિરુપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા વૈમાનિકો દેવોના સ્થાનો કહેલાં છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે, ત્યાં ઘણા વૈમાનિક દેવો રહે છે. તે આ પ્રમાણે-સૌધર્મ,ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક, અને તે અનુક્રમે મૃગ, મહિષ, વરાહ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, ભુજગ- ગેંડો, બળદ, વિડિમ મૃગવિશેષ રુપ ચિહ્નો જેઓએ મુકુટમાં પ્રકટ કરેલાં છે એવા, શિથિલ શ્રેષ્ઠ મુકુટ અને કિરીટને ધારણ કરનારા, જેઓએ ઉત્તમ કુંડલો વડે મુખને પ્રકાશિત કર્યું છે એવા, મુકુટવડે શોભા પ્રાપ્ત કરી છે એવા, રક્ત પ્રકાશવાળા, પદ્મના જેવા ગૌર, શ્વેત, શુભ વર્ણ ગંધ અને સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિય શરીરવાળા, શ્રેષ્ઠ વસ્ત્ર,ગંધ, માળા અને વિલેપન ધારણ કરનારા,મહાઋદ્ધિવાળ ઈત્યાદિ વર્ણન ભવનપતિ દેવોની જેમ 'યાવત્ વિહરે છે' ત્યાં સુધી જાણવું.

[૨૨૭] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૌધર્મ દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુપર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથિવીના બહુ સમ અને રમણીય ભૂમિના ભાગથી યાવત્ -ઉપર દૂર ગયા પછી અહીં સૌધર્મ નામે દેવલોક આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. તે અર્ધચંદ્રની આકૃતિ વાળો, 'કિરણોની માળા અને-કાન્તિના સમૂહના જેવા વર્ણવાળો છે. તે અસંખ્યાતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોટાકોટી યોજન લાંબો અને પહોળો છે. તથા તેની પરિધિ અસંખ્યાતા કોટકોટી યોજન છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્-પ્રતિરૂપ છે. ત્યાં સૌધર્મ દેવોના બત્રીશ લાખ વિમાનો છે તે વિમાનો સર્વ રત્નમય, યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતંસક વિમાનો કહ્યાં છે.- અશોકાવતંસક, સપ્તપર્ણાવ તંસક, ચંપકા વતંસક, ચૂતાવતંસક,અને તેઓના મધ્યભાગમાં સૌધર્માવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્-પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપ ર્યાપ્તા સૌધર્મ દેવોના સ્થાનો છે. તેઓ ત્રણેને-ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાનને આશ્રીય લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા સૌધર્મ દેવો રહે છે.

મહાઋદ્ધિવાળા યાવત્-પ્રકાશિત કરતા તેઓ પોતપોતાના ત્યાં રહેલા લાખો વિમાનોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું પોતપોતાના ત્રાયસ્ત્રિંશક દેવોનું, એ પ્રમાણે જેમ સામાન્ય દેવોનું વર્ણન કર્યું તેમ સૌધર્મ દેવોનું પણ જાણવું. અહીં દેવેન્દ્ર દેવનો રાજા શક્ર રહે છે. જેણે હાથમાં વજ્ર ધારણ કરેલું છે એવા, પુંરદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન અને લોકના દક્ષિણાર્ધનો અધિપતિ છે. તે બત્રીસ લાખ વિમાનોનો અધિપતિ, એરાવણવાહનવાળો, દેવોનો ઈન્દ્ર, તથા રજરહિત આકાશના જેવા સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરનાર, જેણે માળા અને મુકુટ પહેરેલા છે એવો, નવા સુવર્ણના જેવા સુંદર, અદ્ભુત અને ચંચલ કુંડલો વડે જેના ગંડસ્થળો ઘસાય છે એવા, મહાઋદ્ધિવાળો, યાવત્ દસ દિશાઓને પ્રકાશિત કરતો ત્યાં બત્રીસ લાખ વિમાનોનું, ચોરાશી હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંક દેવોનું, ચાર લોકપાલોનું, પરિવાર સહિત આઠ અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ ઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું તથા બીજા અન્ય સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો વિહરે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

[૨૨૮] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ઈશાન દેવોના ક્યાં સ્થાનો છે ?હે ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુપર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથિવીના બરોબર સમ અને રમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ સંબંધી સેંકડો યોજન, હજારો યોજન યાવત્ ઉપર જઈને અહીં ઈશાન નામે દેવલોક આવેલા છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ અસંખ્યાતા યોજનપ્રમાણ છે-ઈત્યાદિ સૌધર્મ કલ્પ સંબન્ધે કહ્યું છે તેમ ત્યાં ઈશાન દેવોના અઠયાવીસ લાખ વિમાનો છે તે વિમાનો સર્વ રત્નમય યાવત્-પ્રતિરૂપ છે. તેઓના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતં-સક વિમાનો કહ્યાં છે.- અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્ના વતંસક, જાતરૂપાવતંસક અને તેઓના મધ્યભાગમાં ઈશાનવતંસક છે. તે અવ તંસક વિમાનો સર્વ રત્નમય યાવત્-પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા ઈશાન દેવોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે. બાકી બધું સૌધર્મદેવલોક સમ્બન્ધે કહ્યું છે તેમ જાણવું. અહીં ઈશાન નામે દેવેન્દ્ર અને દેવરાજા રહે છે. જેણે હાથમાં શૂલ ધારણ કરેલું છે એવો, અને જેનું વાહન વૃષભ છે એવા, લોકના ઉત્તર અર્ધભાગનો અધિપતિ અને ૨૮ લાખ વિમાનોનો સ્વામી છે. તે રજહસ્તિ આકાશના જેવા (સ્વચ્છ) વસ્ત્રોને ધારણ કરે છે. બાકી બધું શક્ર સંબંધે કહ્યું છે તેમ જાણવું તે ત્યાં અઠયાવીશ લાખ વિમા નોનું,એંશી હજાર સામાનિકો દેવોનું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલોનું, પરિવારસહિત આઠ અગ્રમહિષી-ઓનું,ત્રણ પર્ષદોનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, એંશીહજારથી ચારગુણા આત્મરક્ષકદેવોનું, બીજા ઘણા ઈશાનકલ્પવાસી દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સનત્કુમાર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! સૌધર્મ દેવલોકના ઉપર-ચારે દિશાએ અને -ચારે વિદિશામાં ઘણાં યોજનો, ઘણાં સેંકડો ઘણાં હજાર, ઘણા લાખ ઘણા ક્રોડ અને ઘણા કોટાકોટી યોજનો દૂરજઈને અહીં સનત્કુમાર નામે દેવલોક આવેલો છે. તે સૌધર્મ દેવલોકની પેઠે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ પહોળો અને યાવત્ -પ્રતિરૂપ છે. ત્યાં સનત્કુમાર દેવોના બાર લાખ વિમાનો છે તે વિમાનો રત્નમય-યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવત સંક વિમાનો છે. - અશોકાવતંસક, સપ્તપર્ણાવ તંસક, ચંપકા-વતંસક, ચૂતાવતંસક અને તેના મધ્ય ભાગમાં, સનત્કુમારાવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા સનત્કુમાર દેવો ના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન -એ ત્રણેને આશ્રીય લોકના અસંખ્યા તમા ભાગમાં છે. ત્યાં ઘણા સનત્કુમાર દેવો રહે છે. તેઓ મહાઋદ્ધિ વાળા યાવત્-દશ દિશાઓને પ્રકાશિત કરતા વિહરે છે. પરન્તુ અહીં અગ્રમહિષી નથી. અહીં દેવોના રાજા સનત્કુમાર રહે છે. તે રજરહિત આકાશના જેવા વસ્ત્રોને ધારણ કરે છે. બાકી બધું શક્રની પેઠે જાણવુ. તે બાર લાખ વિમાનોનું, બહોંતેર હજાર સામાનિકો દેવોનું, બાકી બધું અગ્રમહિષી સિવાય શક્ર સંબંધે કહ્યું હતું તેમ કહેવું, પરન્તુ ૭૨૦૦૦ થી ચારગુણા આત્મરક્ષકદેવોનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા માહેન્દ્ર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! ઈશાન દેવલોકના ઉપર સમાન દિશાઓમાં અને સમાન વિદિશાઓમાં ઘણાં યોજનો યાવત્-ઘણા કોટાકોટી યોજનો દૂર જઈએ એટલે અહીં માહેન્દ્ર નામે દેવલોક છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો ઈત્યાદિ બધું સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ તેમાં આઠ લાખ વિમાનો છે. ઈશાનની પેઠે અવતંસકો જાણવા. પરન્તુ મધ્ય ભાગમાં માહેન્દ્રાવતંસક છે. એ પ્રમાણે સનત્કુમાર દેવોને કહ્યું છે તેમ યાવત્ 'વિહરે છે' ત્યાં સુધી કહેવું. અહીં માહેન્દ્ર નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે. યાવત્ -'વિહરે છે' પરન્તુ આઠલાખ વિમાનોનું, સીત્તેરહજાર સામાનિક દેવોનું અને સિત્તેરહજારથી ચારગુણા આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવત્ -વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા બ્રહ્મલોક દેવોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ ઘણા યોજનો યાવત્ -જઈને અહીં બ્રહ્મલોક નામે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર દક્ષિણ વિસ્તીર્ણ છે. પરિપૂર્ણ ચંદ્રના આકાર જેવા -કિરણોની માળાની પેઠે ભાસકાંતિના સમૂહની પેઠે કાંતિવાળો, બાકી બધું સનત્કુમારની પેઠે કહેવું. પરન્તુ ચાર લાખ વિમાનો છે અવતંસકો સૌધર્મ કલ્પના અવતં સકોની પેઠે જાણવા. પરન્તુ તેના મધ્ય ભાગમાં બ્રહ્મલોકાવતંસક છે. અહીં બ્રહ્મલોક દેવના સ્થાનો કહેલાં છે. અહીં બ્રહ્મ નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે.-ઇત્યાદિ બાકીનું બધું સનત્કુમારની પેઠે યાવત્- 'વિહરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે' ત્યાં સુધી કહેવું, પરન્તુ ચારલાખ વિમાનોનું, સાઠહજાર સામાનિક દેવોનું, ચાર ગુણા સાઠહજાર આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા દેવો અને દેવીઓનું અધિ પતિપણું કરતો યાવત્ વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા લાંતક દેવોના ક્યાં સ્થાનો છે. ? હે ગૌતમ ! બ્રહ્મલોક કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ ઘણા યોજન યાવત્ ઘણા કોટીકોટી યોજનો ઉપર દૂર જઈને અહીં લાંતક નામે કલ્પ આવેલા છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો-ઈત્યાદિ બ્રહ્મલોકની પેઠે જાણવું પરન્તુ અહીં પચાસહજાર વિમાનો છે એમ કહ્યું છે. અવતંસકો ઈશાન કલ્પના અવતંસકોની જેમ કહેવા, પરન્તુ અહીં મધ્ય ભાગમાં લાંતકાવતંસક છે. આ સ્થળે લાંતક દેવો તે પ્રમાણે યાવત્-વિહરે છે. અહીં લાંતક નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે-ઈત્યાદિ બધું સનત્કુમારની પેઠે જાણવુ. પરન્તુ પચાસહજાર વિમાનોનું, પચાસહજાર સામાનિક દેવોનું, પચાસ હજારથી ચારગુણા આત્મરક્ષક દેવોનું અને બીજા દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્ વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા મહાશુક્ર દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! લાંતક કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવદ્ -જઈએ ત્યારે મહાશુક્ર નામે કલ્પ આવે છે. તે બ્રહ્મલોકની પેઠે પૂર્વ પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. પરન્તુ અહીં ચાળીસહજાર વિમાનો છે અવતંસકો સૌધર્મવતંસકોની પેઠે જાણવા. પરન્તુ અહીં મધ્ય ભાગમાં મહાશુક્રાવતંસક છે. અહીં ઘણા મહાશુક્ર દેવો યાવત્-વિહરે છે. અહીં મહાશુક્રનામે દેવોના ઈન્દ્ર અને દેવોનો રાજા છે. બાકી બધું સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ ચાળીશ હજાર વિમાનોનું, ચાળીશહજાર સામાનિકો દેવોનું, અને ચાળીશ હજારથી ચારગુણા આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવત્ વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સહસ્રાર દેવોના ક્યાં સ્થાનો છે ! હે ગૌતમ ! મહાશુક્ર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ જઈએ એટલે અહીં સહસ્રાર નામે કલ્પ આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો છે-ઈત્યાદિ બ્રહ્મલોકની પેઠે જાણવું. પરન્તુ અહીં છ હજાર વિમાનો છે યાવત્ અવતંસકો ઈશાનના અવતંસકોની પેઠે છે. પણ મધ્ય ભાગમાં સહાસ્રારાવતંસક છે. અહીં ઘણા દેવો યાવત્ વિહરે છે. અહીં સહસ્રાર નામે દેવોનો ઈન્દ્ર દેવોનો રાજા રહે છે- ઈત્યાદિ સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ છહજાર વિમાનોનું, ત્રીશહજાર સામાનિકો દેવોનું અને ત્રીશહજારથી ચારગુણા આત્મરક્ષક દેવોનું અધિ પતિપણું કરતો યાવદ્-રહે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા આનત અને પ્રાણત દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! સહસ્રાર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવત્ જઈએ ત્યારે અહીં આનત અને પ્રાણત નામે બે કલ્પો આવેલા છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ વિસ્તારવાળા છે. તે અર્ધચન્દ્રમાની આકૃત્તિ જેવા અને અર્ચિકિરણોની માળા અને કાન્તિના સમૂહના જેવી પ્રભાવાળા, બાકી બધું સનત્કુમારની પેઠે જાણવું. ત્યાં આનત અને પ્રાણત દેવોના ચારસો વિમાનો છે અવતંસકો સૌધર્મ કલ્પમાં કહ્યા પ્રમાણે કહેવા. પરન્તુ અહીં મધ્યભાગમાં પ્રાણતા વતંસક છે.અહીં પર્યાપ્તા અને

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્તા આનત-પ્રાણત દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા આનત-પ્રાણત દેવો રહે છે. મહાઋદ્ધિવાળા દશ દિશાઓને યાવત્ પ્રકાશિત કરતા તેઓ પોતપોતાના સેંકડો વિમાનોનું અધિપતિપણું કરતા યાવત્-વિહરે છે. અહીં પ્રાણત નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે-ઈત્યાદિ સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ ચારસો વિમાનોનું, વીશ હજારસામાનિક દેવોનું, એંશીહજાર આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા દેવો તથા દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે.

હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા આરણ અને અચ્યુત દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આતન અને પ્રાણત કલ્પની ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ આરણ અને અચ્યુત નામે બે કલ્પો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. તે અર્ધચન્દ્રની આકૃતિ વાળા અને કીરણોવાળા અને તેજના રાશિના સમાન વર્ણવાળા છે. તે લંબાઈ અને પહોળાઈમાં અસંખ્યાતા કોટાકોટી યોજન છે અને પરિધિ વડે પણ અસંખ્યાતા કોટાકાટી યોજન પ્રમાણ છે. તે સર્વ રત્નમય, યાવત્ પ્રતિરૂપ છે. અહીં આરણ અને અચ્યુત દેવોના ત્રણસો વિમાનો છે. તે વિમાનો સર્વ રત્નમય, યાવત્ પ્રતિરૂપ છે. તે કલ્પોના વિમાનોના બરોબર મધ્યભાગમાં પાંચ અવતં-સક વિમાનો કહ્યા છે.- અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાતરૂપાવ તંસક અચ્યુતાવસંક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય યાવત્-પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા આરણ-અચ્યુત દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત, અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા આરણ અને અચ્યુત દેવો રહે છે. અહીં અચ્યુત નામે દેવોનો ઈન્દ્ર રહે છે - ઈત્યાદિ પ્રાણતની પેઠે જાણવું. પરન્તુ ત્રણસો વિમાનોનું, દસ- હજાર સામાનિક દેવોનું, અને ચાળીશહજાર આત્મ-રક્ષકદેવોનું અધિપતપણું કરતો યાવત્-વિહરે છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

[૨૨૯-૨૩૧] બત્રીશલાખ, અઠયાવીશલાખ, બારલાખ, આઠલાખ ચારલાખ, પચાસહજાર, ચાળીશહજાર, છહજાર સહસ્રાર કલ્પમાં છે, આનત અને પ્રાણત કલ્પમાં ચારસો અને આરણ અને અચ્યુતને વિશે ત્રણસો એમ એ ચારે કલ્પોને વિશે મળીને સાતસો વિમાનો છે. - ચોરાશી હજાર, એંશી હજાર, બહોંતેર હજાર, સિત્તેર હજાર, સાઠ હજાર, પચાસ હજાર, ચાલીસ હજાર, ત્રીશ હજાર, વીશ હજાર, અને દસ હજાર, સામાનિકો દેવો છે. તેથી ચાર ગુણા આત્મરક્ષક દેવો છે.

[૨૩૨-૨૩૩] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા નીચેના ગ્રૈવેયક દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આરણ અને અચ્યુત કલ્પોની ઉપર યાવત્ -ઉર્ધ્વ-જઈએ ત્યારે અહીં નીચેના ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક દેવોના વિમાનના-પ્રસ્તરો- છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા, અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. પરિપૂર્ણ ચન્દ્રની આકૃતિવાળા, અર્ચિ કિરણોની માળા અને કાન્તિસમૂહના જેવા વર્ણવાળા -ઈત્યાદિ બાકીનું બધું બ્રહ્મલોકની પેઠે જાણવું. ત્યાં નીચેના ગ્રૈવયક દેવોના ૧૧૧ વિમાનો છે તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરુપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા નીચેના ગ્રૈવેયક દેવોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા નીચેના ગ્રૈવેયક દેવો રહે છે. હે આયુષ્માન્ શ્રમણ ! તે બધા સમાનદ્યુતિવાળા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાન જશવાળા, સમાન પ્રભાવવાળા, ઈન્દ્રરહિત, પ્રેષ્ય-ચાકર રહિત, પુરોહિત રહિત અને અહમિન્દ્ર નામે તે દેવગણો કહ્યા છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા મધ્યમ ગ્રૈવેયક દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! નીચેના ગ્રૈવેયકોની ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવત્ જઈએ એટલે મધ્યમ ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયકવિમાન પ્રસ્તરો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા છે - ઈત્યાદિ બધું નીચેના ગ્રૈવેયકોની જેમ કહેવું. પરન્તુ અહીં ૧૦૭ વિમાનો છે અહીં મધ્યમ ગ્રૈવેયક દેવોના સ્થાનો છે. તેમાં ઘણા મધ્યમ ગ્રૈવેયક દેવો રહે છે. યાવત્ તે દેવગણો અહમિન્દ્રો છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉપરના ગ્રૈવેયક દેવોના સ્થાનો છે ? હે ગૌતમ ! મધ્યમ ગ્રૈવેયકોની ઉપર યાવત્ જઈએ એટલે ઉપરના ગ્રૈવેયકોના ત્રણ ગ્રૈવેયકવિમાનપ્રતરો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા-ઈત્યાદિ બધુ નીચેના ગ્રૈવેયકોની પેઠ જાણવું. અહીં ૧૦૦ વિમાનો છે યાવદ્ તે દેવગણો અહમિન્દ્ર છે. ૧૧૧નીચેના ગ્રૈવેય કોમાં, ૧૦૭ મધ્યમ ગ્રૈવેયકોમાં અને ૧૦૦ ઉપરના ગ્રૈવેયકોમાં તથા પાંચ અનુત્તર વિમાનો છે.'

[૨૩૪] હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા અનુત્તરૌપપાતિક દેવોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીની બરોબર સરખી અને રમણીય ભૂમિ પ્રદેશથી ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપથી બહુ સેંકડો યોજન, ઘણા હજાર યોજન, ઘણા લાખ યોજન, ઘણા કોટાકોટી યોજન ઉપર દૂર જઈએ-એટલે સૌધર્મ, ઈશાન, યાવત્ -અચ્યુત કલ્પો અને ત્યાર બાદ ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનોને ઓળંગી ત્યાંથી અત્યન્ત દૂર જઈએ એટલે રજરહિત, નિર્મલ, અંધકાર રહિત, વિશુદ્ધ એવા પાંચ દિશામાં પાંચ અત્યંત મોટા અનુત્તર મહાવિમાનો કહ્યાં છે.- ૧ વિજય, ૨ વૈજયન્ત, ૩ જયન્ત, ૪ અપરાજિત અને ૫ સર્વાર્થસિદ્ધ. તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા અનુત્તરૌપપાતિક દેવોના સ્થાનો છે, તે ઉપપાત, સમુદ્ઘાત, સ્થાન એ ત્રણેને આશ્રીય લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા અનુત્તરૌપપાતિક દેવો રહે છે. તે બધા સમાનબળવાળા, સમાનપ્રભાવ-વાળા, મહાસુખવાળા, ઈન્દ્રરિહત, પ્રેષ્ય-ચાકર રહિત, પુરોહિતરહિત અને અહમિન્દ્ર તે દેવગણો કહ્યા છે.

[૨૩૫] હે ભગવન્ ! સિદ્ધોના ક્યાં સ્થાનો છે ? હે ગૌતમ ! સર્વાર્થસિદ્ધ નામે મહાવિમાનના ઉપરના સ્તૂપિકા-ના અગ્રભાગથી ઉપર બાર યોજન દૂર ઈષત્પ્રાગ્ભારા નામે પૃથિવી છે. તે ૪૫ લાખ યોજન લાંબી અને પહોળી છે. તેની પરિધિ ૧૪૨૦૩૨૪૯ યોજનથી કંઈક વિશેષાધિક છે. તે ઈષત્પ્રાભારા પૃથ્વીના બરોબર વચ્ચેના ભાગનું આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર જાડાઈમાં આઠ યોજન છે. ત્યારે તે થોડી થોડી પ્રદેશની પરિહાનિથી ઘટતી ઘટતી સર્વ બાજુના છેડાઓમાં માખીની પાંખ કરતાં પણ વધારે પાતળી છે અને જાડાઈમાં આંગળાના અસંખ્યાતમા ભાગની છે. ઈષત્પ્રાગ્ભારા પૃથીવીના બાર નામ કહેલાં છે.- ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તન્વી, તનુતન્વી, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તૂપિકા, લોકાગ્રપ્રતિવાહિની અને સર્વપ્રાણ-ભૂત-જીવ- સત્ત્વસુખા વહા. તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવી શ્વેત અને શંખદ લના ચૂર્ણના નિર્મલ સ્વસ્તિક, મૃણાલ-કમલદંડ, પાણીની રજકણ, ઝાકળ, ગાયના દૂધ અને હારના જેના વર્ણવાળી છે. તે ચત્તા મૂકેલા છત્રના આકાર જેવી અને સર્વ શ્વેત સુવર્ણમય છે. તે સ્વચ્છ, સુકોમળ, સ્નિગ્ધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘસેલી, સાફ કરેલી, રજરહિત, નિર્મલ, પંક રહિત, નિરાવરણ કાંતિવાળી, પ્રભાયુક્ત, શોભાસહિત ઉદ્દયોત સહિત, પ્રસન્નતા આપ નાર, દર્શીનય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. તે ઈષત્પ્રાગ્ભારાથી-નીસરણીની ગતિથી એક યોજન ઉપર લોકાન્ત છે, તે યોજનના ઉપરનો એક ગાઉ, અને તે ગાઉના ઉપરના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો આદિસહિત પણ અન્તરહિત, અનેક જન્મ, જરા, મરણ અને યોનિઓમાં પરિભ્રમણનો કલેશ, પુન-ર્ભવ અને ગર્ભવાસમાં રહેવાનો પ્રપંચથી રહિત, શાશ્વત અનાગત કાળ પર્યન્ત રહે છે. ત્યાં પણ વેદરહિત, વેદના રહિત, મમત્વરહિત,અસંગ, સંસારથી મુક્ત થયેલા અને આત્મપ્રદેશ વડે નિષ્પન્ન થયેલાં સંસ્થાન જેઓનું છે એવા સિદ્ધો રહે છે ?

[૨૩૬-૨૫૬] સિદ્ધો કોનાથી પ્રતિહત- થયેલા છે- ? સિદ્ધો ક્યાં રહેલાં છે ? અને ક્યાં શરીરનો ત્યાગ કરી ક્યાં જઈને સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે ? સિદ્ધો અલોકાકાશવડે સ્ખલિત થયેલા છે- લોકના અગ્રભાગને વિષે રહેલા છે. અને આ લોકમાં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઈને સિદ્ધ થાય છે. છેલ્લા ભવનું જે સંસ્થાન-શરીર હોય તેનાથી ત્રીજા ભાગ હીન સિદ્ધોની અવગાહના કહેલી છે. આ મનુષ્ય લોકમાં ભવ-શરીરનો ત્યાગ કરતા છેલ્લા સમયમાં આત્મપ્રદેશના ઘનુરૂપ જે સંસ્થાન હોય છે તે સંસ્થાન ત્યાં સિદ્ધને હોય છે. ત્રણસો તેત્રીસ ધનુષ અને એક ધનુષ્યનો ત્રીજો ભાગ-એ પ્રમાણે સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કહી છે. ચાર હાથ અધિક ત્રીજાભાગ ન્યૂન એક હાથ - એ સિદ્ધોની મધ્યમ અવગાહના કહી છે. એક હાથ અને અધિક આઠ આંગુલ-એ સિદ્ધોની જઘન્ય અવગાહના કહી છે. સિદ્ધો અવગાહનામાં શરીરના ત્રીજા ભાગ વડે હીન છે, માટે જરા અને મરણથી મુક્ત થયેલા સિદ્ધોનું સંસ્થાન-અનિત્થંસ્થ-અનિયત પ્રકારનું હોય છે. જ્યાં એક સિદ્ધો છે ત્યાં ભવક્ષયથી મુક્ત થયેલા અનન્ત સિદ્ધો હોય છે. તે પરસ્પર મળીને રહેલા છે. બધાય લોકાન્ત વડે સ્પર્શ કરાયેલા છે. સિદ્ધો પોતાનાં સર્વ આત્મ પ્રદેશો વડે અવશ્ય અનન્ત સિદ્ધોને સ્પર્શ કરે છે. દેશ અને પ્રદેશથી પણ જે સ્પર્શ કરાયેલા છે તે પણ તેથી અસંખ્યાતગુણા છે.

શરીરાતીત, આત્મપ્રદેશોના ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા સિદ્ધો છે, માટે સાકાર અને અનાકાર ઉપયોગ-એ સિદ્ધોનું લક્ષણ છે. કેવલજ્ઞાનના ઉપયોગવાળા સિદ્ધો સર્વ પદાર્થના ગુણો અને પર્યાયોને સર્વથા જાણે છે અને અનન્ત કેવલદર્શન વડે સર્વથા જુએ છે. અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા સિદ્ધોને જે સુખ છે તે સુખ મનુષ્યોને નથી, તેમ સર્વ દેવોને પણ નથી. સર્વ દેવોના સમસ્ત સુખને સર્વકાલના સમયવડે પિંડિત કરી તેને અનન્તગુણ કરી પુનઃ તેનો વર્ગ કરીએ તો પણ સિદ્ધિ સુખના તુલ્ય ન થાય. જો સિદ્ધના સુખનો રાશિ સર્વકોલનો - એકઠો કરેલો હોય તેને અનન્ત વર્ગમૂલોથી ઘટાડીએ તો પણ સર્વ આકાશમાં ન સમાય. જેમ કોઈ મલેચ્છ બહુ પ્રકારના નગરના ગુણોને જાણતો ત્યાં ઉપમા નહિ હોવાથી કહી શકતો નથી. એમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેની ઉપમા નથી, તો પણ કંઈક વિશેષતાથી એનું સાર્દશ્ય કહું છું તે સાંભળો. જેમ કોઈ પુરુષ સર્વ કામના ગુણવાળું ભોજન ખાઈને તૃષા અને ક્ષુધાથી રહિત થઈ અમૃતથી તૃપ્ત થયેલા હોય તેની પેઠે રહે. તેમ સર્વકાલ તૃપ્ત થયેલા અને અનુપમ નિર્વાણ-ને પ્રાપ્ત થયેલા સુખી સિદ્ધો અવ્યાબાધપણે શાશ્વત કાળ સુધી રહે છે. સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, જેણે કર્મરૂપ કવચનો ત્યાગ કર્યો છે એવા, જરા રહિત, મરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત અને સંગરહિત છે. સર્વદુઃખોને તરી ગયેલા, જન્મ, જરા, મરણના બંધનથી મુકા-યેલા સિદ્ધો શાશ્વત કાલ પર્યન્ત અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

**પદઃ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદઃ ૩ અલ્પબહુત્વઃ -

[૨૫૭-૨૫૮] દિશા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, -પ્રત્યેકશરીરી અને શુકલપાક્ષિક, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી,-ભવસિદ્ધિક, અસ્તિકાય, ચરમ, જીવ, ક્ષેત્ર, બન્ધ, પુદ્ગલ, મહાદંજક -એમ ત્રીજા પદમાં સત્યાવીશ દ્વારો છે.

[૨૫૯-૨૬૦] દિશાને અનુસરી સર્વથી થોડા જીવો પશ્ચિમ દીશામાં છે, પૂર્વમાં વિશેષાધિક છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે અને તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ દક્ષિણ દિશામાં સૌથી થોડા પૃથિવીકાયિકો છે, તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, તેથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે, અને તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરી સૌથી થોડા અપ્કાયિકો પશ્ચિમ દિશામાં છે, તેથી પૂર્વમાં વિશેષાધિક, તેથી દક્ષિણમાં વિશેષાધિક અને તેથી ઉત્તરમાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરી સૌથી થોડા તેજસ્કાયિકો દક્ષિણ અને ઉત્તર દિશામાં હોય છે, તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે અને તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. દિશાને અનુસરીને સૌથી થોડા વાયુકાયિક જીવો પૂર્વ દિશામાં છે, પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, ઉત્તર દિશામાં વિશેષાધિક છે અને દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. દિશાને અનુસરીને સૌથી થોડા વનસ્પતિકાયિકો પશ્ચિમ દિશામાં છે, પૂર્વ દિશામાં વિશેષાધિક, દક્ષિણ દિશામાં વિશેષાધિક અને ઉત્તર દિશામાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરી સૌથી થોડા બેઈન્દ્રિયો પશ્ચિમ દિશામાં છે, પૂર્વમાં વિશેષાધિક છે, દક્ષિણમાં વિશેષાધિક છે અને ઉત્તરમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા તેઈન્દ્રિયો પશ્ચિમ દિશામાં હોય છે,પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક અને ઉત્તરમાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરીને સૌથી થોડા ચઉરિન્દ્રિયો પશ્ચિમ દિશામાં છે, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક અને ઉત્તરમાં વિશેષાધિક છે.

દિશાને અનુસરીને સૌથી થોડા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં છે અને દક્ષિણ દિશામાં અસંખ્યાતાગુણા છે. દિશાને અનુસરી સૌથી થોડા રત્નપ્રભા પૃથિ-વીના પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં છે, અને દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણના અધઃસપ્તમ નરકપૃથિવીના નૈરયિકોથી છઠ્ઠી તમઃ પ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાત ગુણા છે. દક્ષિણ દિશાના તમઃપ્રભાપૃથિવીના નૈરયિકોથી પાંચમી ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકોથી ચોથી પંકપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણના પંકપ્રભા પૃથિ વીના નૈરયિકોથી ત્રીજી વાલુકા પ્રભાના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેથી દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના વાલુકા પ્રભા પૃથિવીના નૈરયિકોથી બીજી શર્કરાપ્રભા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાત ગુણા છે, ત્થી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકોથી આ રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાત ગુણા છે. તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

દિશાને અનુસરી સૌથી થોડા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પશ્ચિમ દિશામાં છે, તેથી પૂર્વમાં વિશેષાધિક, તેથી દક્ષિણમાં વિશેષાધિક, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરીને સૌથી થોડા મનુષ્યો દક્ષિણ અને ઉત્તર દિશાએ છે, તેથી પૂર્વમાં અસંખ્યાતગુણા છે અને પશ્ચિમમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા ભવનવાસી દેવો પૂર્વમાં અને પશ્ચિમમાં છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે, અને તેથી દક્ષિણમાં અસંખ્યાતગુણા છે. દિશાને આશ્રીને સૌથી થોડા વ્યંતર દેવો પૂર્વમાં છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, તેથી ઉત્તરમાં વિશેષાધિક છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા જ્યોતિષ્ક દેવો પૂર્વ અને પશ્ચિમમાં છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે, અને ઉત્તરમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા દેવો સૌધર્મ કલ્પના પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે,તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો ઈશાન કલ્પના પુર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો સનત્કુમાર કલ્પના પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તર દિશાએ અસંખ્યાતગુણા છે, અને તેથી ઉત્તરમાં અંસખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો બ્રહ્મલોક કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે. તેથી દક્ષિણ દિશાએ અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો લાંતક કલ્પમાં પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે, તેથી દક્ષિણમાં અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો મહાશુક્ર કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે, અને તેથી દક્ષિણ દિશાએ અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો સહસ્રાર કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે, અને તેથી દક્ષિણ દિશાએ અસંખ્યાતગુણા છે. ત્યાર પછી હે આયુષ્માન્ શ્રમણ ! બહુ સમાનપણે-દેવો છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા સિદ્ધો દક્ષિણ અને ઉત્તર દિશાએ છે, તેથી પૂર્વમાં સંખ્યાતગુણા છે અને પશ્ચિમમાં વિશેષાધિક છ.

[૨૬૧] હે ભગવન્ ! નૈરયિકો, તિર્યંચયોનિકો, મનુષ્યો, દેવો, અને સિદ્ધોમાં પાંચ ગતિના સંક્ષેપથી ક્યા જીવો ક્યા જીવોથી અલ્પ, બહુ,તુલ્ય કે વિશેષાધિક છે?હે ગૌતમ ! સૌથી થોડા મનુષ્યો છે, તેથી નૈરયિકો અસંખ્યાતગુણા છે, તેથી દેવો અસંખ્યાતગુણા છે, તેથી સિદ્ધો અનંતગુણા છે અને તેથી તિર્યંચયોનિકો અનુન્તગુણા છે. હે ભગવન્ ! એ નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિકો સ્ત્રીઓ, મનુષ્ય, માનુષી, દેવો, દેવીઓ, અને સિદ્ધોમાં આઠ ગતિમાં સંક્ષેપ વડે જીવો ક્યા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડી માનુષી સ્ત્રીઓ છે, તેથી મનુષ્યો અસંખ્યાતગુણા છે, તેથી નૈરિયકો અસંખ્યાતગુણા છે, તેથીં તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગુણી છે, તેથી દેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યાતગુણા છે, તેથી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી સિદ્ધો અનન્તગુણા છે,અને તેથી તિર્યંચો અનંતગુણા છે. હે ભગવન્ ! ઈન્દ્રિયવાળા, એકન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉઈન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય જીવોમાં ક્યા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પંચેન્દ્રિયો છે, તેથી ચઉરિન્દ્રિયો વિશે ષાધિક છે, તેથી તે ઈન્દ્રિયો વિશેષાધિક છે, તેથી બેઈન્દ્રિયો વિશેષાધિક છે, તેથી અનિ ન્દ્રિયો અનન્તગુણા છે, તેથી એકેન્દ્રિયો અનન્તગુણ છે, તેથી સઈન્દ્રિયો વિશે ષાધિક છે. હે ભગવન્ ! અપર્યાપ્તા એવા સઈન્દ્રિયો, એકેન્દ્રિયો, બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો, ચઉરિન્દ્રિયો અને પંચેન્દ્રિયોમાં ક્યા જીવો ક્યા જીવોથી અલ્પ,બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા પંચેન્દ્રિયો અપર્યાપ્તા છે, તેથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા છે, અને તેથી સઈન્દ્રિયો અપ ર્યાપ્તા વિશેષાધિક છે. હે ભગવન્ ! પર્યાપ્તા સઈન્દ્રિયો, એકેન્દ્રિયો, બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો, ચઉન્દ્રિયો અને પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ચઉન્દ્રિય પર્યાપ્તા છે, તેથી પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી તેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. તેથી એકેન્દ્રિય પર્યાપ્તા અનન્ત-ગુણા છે, તેથી સઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે.

હે ભગવન્ ! સઈન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા સઈન્દ્રિય અપર્યાપ્તા છે, તેથી સઈન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા એકેન્દ્રિયોમાંસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા એકેન્દ્રિય અપર્યાપ્તા છે, તેથી એકેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાત ગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા બેઈન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા બેઈન્દ્રિયો છે, તેથી અપર્યાપ્તા બેઈન્દ્રિયો અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા તેઈન્દ્રિયોમાં ક્યા જીવો ક્યા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા તેઈન્દ્રિ યો પર્યાપ્તા છે, તેથી તેઈન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્તા છે, તેથી ચઉન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. હે ભગવન્ !એ પર્યાપ્તા અને અપર્યાપ્તા પંચેન્દ્રિ-યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પંચેન્દ્રિય પર્યાપ્તા છે, તેથી પંચેન્દ્રિય અપ ર્યાપ્તા અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સઈન્દ્રિયો, એકે ન્દ્રિયો, બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો ચઉન્દ્રિય પંચેન્દ્રિય સંબંધે પ્રશ્ન- હે ગૌતમ સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્તા છે પર્યાપ્તા છે, તેથી પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી તેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી પંચેન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, તેથી ચઉન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી એકેન્દ્રિય અપર્યાપ્તા અનન્તગુણા છે, તેથી સઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા છે, તેથી સઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી સઈન્દ્રિયો વિશેષાધિક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૬૩] હે ભગવન્ ! સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુ કાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ત્રસકાયિકો છે, તેથી તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પૃથિવીકાયિકો વિશેષાધિક છે. તેથી અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અકાયિકો અનંતગુણ છે, તેથી વનસ્પતિ કાયિકો અનંતગુણ છે, અને તેથી સકાયિકો વિશેષાધિક છે. હે ભગવન્ ! અપ ર્યાપ્તા સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા અપ્કાયિકો વિશેષા ધિક છે. તેથી અપર્યાપ્તા વાયુકા યિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્તા સકાયિકો વિશેષાધિક છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વાયુકાયિક, વનસ્પતિ કાયિક અને ત્રસકાયિકસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા ત્રસકાયિકો છે, તેથી પર્યાપ્તાતેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાપૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાઅપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાવાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાવનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી પર્યાપ્તાસકાયિકો વિશેષાધિક છે.

હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા સકાયિક અપર્યાપ્તા છે, તેથી સકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા પૃથિવી કાયિકોસંબંધે પ્રશ્ન. સૌથી થોડા અપર્યાપ્તા પૃથિવિ કાયિકો છે તેથી પર્યાપ્તા પૃથિવિ કાયિકો અસંખ્યાત ગુણા છે યાવત્ હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા વનસ્પતિકાયિકો છે, તેથી પર્યાપ્તા વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા ત્રસકા યિકોમાં સંબંધે પ્રશ્ન ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા ત્રસકાયિકો સંખ્યાત ગુણા છે. તેથી અપર્યાપ્તા તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તા પૃથિવી કાયિકો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્તા સકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સકાયિકો વિશેષાધિક છે અને તેથી સકાયિકો વિશેષાધિક છે.

[૨૬૪] હે ભગવન્ ! એ સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ,બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા સૂક્ષ્મ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેજસ્કાયિકો છે, તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે,તેથી સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાત ગુણા છે, તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગુણા છે અને તેથી સૂક્ષ્મો વિશેષાધિક છે. હે ભગવન્ ! એ અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ નિગોદસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્ત ગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે. હે ભગવન્ ! પર્યાપ્તા સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથિવીકોયિકો,યાવત્ સૂક્ષ્મ નિગો દોમાં સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા તેજસ્કા યિકો છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પ તિકાયિકો અનન્તગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ જીવોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા છે, તેથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવી કાયિકોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો છે, તેથી પર્યાપ્તા શૂક્ષ્મ પૃથિવીકાયિકો સંખ્યાતગુણા છે. ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, યાવત્ સૂક્ષ્મનિગોદોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવી કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપ ર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો વિશેષાધિક છે,તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગુણા છે,તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો વિશેષા ધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે અને તેથી સૂક્ષ્મ વિશેષાધિક છે.

[૨૬૫] હે ભગવન્ ! એ બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિ કોમાં કોણ કોનાથી અલ્પ વિગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા બાદર ત્રસકાયિકો છે, તેથી બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી બાદર પૃથિવી કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર અપ્કાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી બાદર વિશેષા ધિક છે. હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો, યાવત્ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ વિગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર નિગોદો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપ ર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા બાદર જીવો, યાવત્ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ વિગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્તા બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા પ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરનિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા બાદરપૃથિવીકાયિકોઅસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા બાદરઅપ્યકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરવાયુકાયિકો અસંખ્યાત ગુણ છે, તેથી પર્યાપ્તાબાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે.

હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ છે ? હે ગૌતમ ! સૌથી થોડા બાદર પર્યાપ્તા છે તેથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદર જીવો, ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ છે ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્તા બાદરત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા પ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરનિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરપૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરઅપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા બાદરવાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદરતેજસ્કાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તાપ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદરનિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદરપૃથિવીકાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તાબાદરઅપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપ-ર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરવનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે અને તેથી બાદર જીવો વિશેષાધિક છે.

[૨૬૬] એ સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કા-યિકો,સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ નિગોદા, બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વન-સ્પતિકાયિકા, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા બાદર ત્રસકાયિકો છે, તેથી બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અંસખ્યાત ગુણાછે,તેથી બાદરનિગોદો અસંખ્યાતગુણા છે,તેથી બાદર પૃથિવીકાયિકો અસંખ્યાત ગુણાછે,તેથી બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વાયુકાયિકો અસં-ખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી બાદરવન સ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી બાદર જીવો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મવનસ્પતિ કાયિકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. હે ભગવન્ ! એ અપ- ર્યાપ્તા, સૂક્ષ્મ સૂક્ષ્મ પૃથિવીકાયિકો, યાવત્ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા અપર્યાપ્તાબાદરત્ર સકાયિકો છે, તેથી અપ- ર્યાપ્તાબાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા પ્રત્યેક- શરીરબાદર- વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે, તેથી અપ- ર્યાપ્તાબાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે,તેથી અપર્યાપ્તાસૂક્ષ્મ તેજસ્કાયિકો અસં- ખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મવાયુકાયિકો વિશેષા- ધિક છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદરવનસ્પતિ કાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદર વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો વિશેષ છે તેથી તેજસ્કાયિકો વિશેષ છે, તેથી અપર્યાપ્તા- સૂક્ષ્મજીવો વિશેષાધિક છે.

હે ભગવન્ ! એ પર્યાપ્તા સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, યાવત્ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે. હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા બાદરતજસ્કાયિકો છે, તેથી પર્યાપ્તા બાદરત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તપ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે,તેથી પર્યાપ્ત બાદ નિગો- દો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરપૃથિવીકાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી પર્યાપ્તાબાદરઅપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદર વાયુકાયિકો અસં- ખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મતેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મઅપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મવાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાત- ગુણા છે, તેથી પર્યાપ્તાબાદરવનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી પર્યાપ્તા બાદર વિશે- ષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, અને તેથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. હે ભગવન્ ! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદર જીવો માં કોણ કોનાથી અલ્પ,બહુ,તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પર્યાપ્તા બાદર જીવો છે અને તેથી અપર્યાપ્તા બાદર જીવો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે અને તેથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મો જીવો,યાવત્ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષા ધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા છે, તેથી પર્યાપ્તાબાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાપ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા બાદરનિગોદો અસંખ્યાતગુણા છે,તેથી પર્યાપ્તાબાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરઅપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા બાદરવાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદરતેજસ્કાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તાપ્રત્યેકશરીરબાદરવનસ્પતિકાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તા બાદરનિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાબાદર પૃથિવીકાયિકો અસંખ્યાત ગુણા છે, તેથી અપર્યાપ્તાબાદરઅપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્તાબાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મપૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મઅપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મવાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મતેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મઅપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મવાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદો અસંખ્યાત ગુણા છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તાબાદરવનસ્પતિ કાયિકો અનંતગુણા છે, તેથી બાદર વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તાબાદરવનસ્પતિ કાયિકો અસંખ્યાતગુણો છે, તેથી બાદરઅપર્યાપ્તાવિશેષાધિક છે, તેથી બાદરજીવો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી પર્યાપ્તાસૂક્ષ્મવનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે, અને તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

[૨૬૭] હે ભગવન્ ! એ સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો મનોયોગી છે, તેથી વચનયોગી અસંખ્યાતગુણા છે, તેથી અયોગી અનંતગુણા છે,તેથી કાયયોગી અનંતગુણા છે અને તેથી સયોગી વિશેષાધિક છે.

[૨૬૮] હે ભગવન્ ! સવેદી-સ્ત્રીવેદી, પુરુષવેદી,નપુંસકવેદી અને અવેદીજીવોમાં કોણ કોનાથી અલ્પ, બુહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પુરુષવેદી છે, તેથી સંખ્યાતગુણા સ્ત્રીવેદી છે, તેથી અનન્તગુણા અવેદી છે,તેથી અનંતગુણા નપુંસકવેદી છે, અને તેથી સવેદી જીવો વિશેષાધિક છે.

[૨૬૯] હે ભગવન્ ! સકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયીમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો અકષાયી છે, તેથી માનકષાયી અનન્તગુણા છે, તેથી ક્રોધકષાયી વિશેષાધિક છે, તેથી માયાકષાયી વિશેષાધિક છે, તેથી લોભકષાયી વિશેષાધિક છે, તેથી સકષાયી વિશેષાધિક છે,

[૨૭૦] હે ભગવન્ ! લેશ્યાવાળા, કૃષ્ણલેશ્યાવાળા નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા, શુક્લલેશ્યાવાળા અને લેશ્યારહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો શુક્લલેશ્યાવાળા છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણ છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી લેશ્યારહિત અનંતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી સામાન્ય લેશ્યાવાળા વિશેષાધિક છે.

[૨૭૧] હે ભગવન્ ! સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ એ જીવોસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા જીવો મિશ્રદષ્ટિવાળો છે, તેથી સમ્યગ્દષ્ટિ અનન્તગુણા છે અને તેથી મિથ્યાદષ્ટિ જીવો અનન્તગુણા છે.

[૨૭૨] હે ભગવન્ ! એ આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! સૌથી થોડા જીવો મનઃપર્યવજ્ઞાની છે, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને બન્ને પરસ્પર તુલ્ય છે, તેથી કેવલજ્ઞાની અનન્તગુણા છે. હે ભગવન્ ! એ મતિજ્ઞાની શ્રુતઅજ્ઞાની અને વિભંગ જ્ઞાની સંબંધે પ્રશ્ન શ્રુત હે ગૌતમ ! સૌથી થોડા જીવો વિભંગજ્ઞાની છે, તેથી મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનન્તગુણા છે અને પરસ્પર તુલ્ય છે. હે ભગવન્ ! આભિ નિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગ જ્ઞાની સંબંધ પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા, તેથી આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક અને પરસ્પર તુલ્ય તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા તેથી કેવલજ્ઞાની અનન્તગુણા તેથી મતિઅજ્ઞાની અને શ્રુત અજ્ઞાની અનંતગુણા અને પરસ્પર તુલ્ય છે.

[૨૭૩] હે ભગવન્ ! એ ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવલદર્શની જીવોનો પ્રશ્ન. હે ગૌતમ ! સૌથી થોડા જીવો અવધિદર્શની છે, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે, તેથી કેલવદર્શની અનંતગુણા છે, તેથી અચક્ષુદર્શની અનંતગુણા છે.

[૨૭૪] હે ભગવન્ ! એ સંયત, અંસયત, સંયતાસંત અને નોસંયતનોસંયતા સંયત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો સંયત છે, તેથી સંયતાસંયત અસંખ્યાતગુણા છે, તેથી નોસંયતનોઅસંયત નોસંયતાસંત અનંતગુણા છે અને તેથી અસંયત અનન્તગુણા છે.

[૨૭૫] હે ભગવન્ ! એ સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા જીવો માં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો અનાકારોપયોગવાળા છે, તેથી સાકારોપયોગવાળા સંખ્યાતગુણા છે.

[૨૭૬] હે ભગવન્ ! આહારક અને અનાહારક જીવો નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા જીવો અનાહારક છે, અને તેથી આહારક અસંખ્યાતગુણા છે.

[૨૭૭] હે ભગવન્ ! એ ભાષક જીવો નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા ભાષક જીવો છે અને અભાષક જીવો અને અનંતગુણા છે.

[૨૭૮] હે ભગવન્ ! એ પરીત્ત, અપરીત્ત અને નોપરીત્ત-નોઅપરીત્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પરીત્ત જીવો છે. નોપરીત્ત-નોઅપરીત્ત જીવો અનંતગુણા છે, તેથી અપરીત્ત જીવો અનન્તગુણા છે.

[૨૭૯] હે ભગવન્ ! એ પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો નોપર્યાપ્તા નોઅપ-ર્યાપ્તા છે, તેથી અપર્યાપ્તા અનન્તગુણા છે અને તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

[૨૮૦] હે ભગવન્ ! એ સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મ-નોબાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો નોસૂક્ષ્મ નોબાદર છે,તેથી બાદર અનંતગુણા છે, તેથી સૂક્ષ્મો અસંખ્યાતગુણા છે.

[૨૮૧] હે ભગવન્ ! એ સંજ્ઞી જીવો, અસંજ્ઞી જીવો અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા સંજ્ઞી જીવો છે, તેથી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો અનંતગુણા છે અને તેથી અસંજ્ઞી જીવો અનંતગુણા છે.

[૨૮૨] હે ભગવન્ ! એ ભવસિદ્ધિક, અભવસિદ્ધક અને નોભિસિદ્ધિક જીવો નો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશ્ન સૌથી થોડા જીવો અભવસિદ્ધિક છે, તેથી નોભવસિદ્ધિક-નોઅભિદ્ધિક જીવો અનંતગુણા છે, તેથી ભવસિદ્ધિક જીવો અનંતગુણા છે.

[૨૮૩] હે ભગવન્ ! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં દ્રવ્યાર્થરુપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે અને સૌથી થોડા છે, તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનંત ગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનન્તગુણા છે, તેથી અદ્ધાસમય દ્રવ્યકર્થરૂપે અનન્તગુણ છે. હે ભગવન્ ! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશા સ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં પ્રદેશાર્થરૂપે નો પ્રશ્ન. હે ગૌતમ ! ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પ્રદેશાર્થરૂપે સરખા છે અને સૌથી થોડા છે. તેથી જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનંતગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશરૂપે અનન્ત ગુણા છે, તેથી અદ્ધાસમયો પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે અને તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. હે ભગવન્ ! એ ધર્માસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા ધર્માસ્તિકાય દ્રવ્યરૂપે એક છે અને પ્રદેશરૂપે અસંખ્યાત ગુણ છે. હે ભગવન્ ! એ અધર્માસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા અધર્માસ્તિકાય દ્રવ્યરૂપે એક છે, અને પ્રદેશરૂપે અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ આકાશાસ્તિ કાયમાં દ્રવ્યરુપે અને પ્રદેશરૂપે નો પ્રશ્ન ગૌતમ ! દ્રવ્યરૂપે આકાશાસ્તિકાય એક છે અને સૌથી અલ્પ છે, અને તે પ્રદેશરૂપે અનન્તગુણ છે.હે ભગવન્!એ જીવાસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશ રૂપે પ્રશ્ન.હે ગૌતમ ! સૌથી થોડા જીવાસ્તિ કાય દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે. હે ભગવન્ ! એ પુદ્ગલાસ્તિકાયમાં દ્રવ્ય રૂપે અને પ્રદેશરૂપે નો પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા પુદ્ગલા સ્તિકાય, દ્રવ્યરૂપે છે અને તે પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણ છે. અદ્ધાસમય સંબંધે પ્રશ્ન થતો નથી, કારણ કે તેને પ્રદેશો નથી. હે ભગવન્ ! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિ કાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યોર્થરૂપે પરસ્પર તુલ્ય છે અને સૌથી થોડા છે. અને તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પ્રદેશરૂપે તુલ્ય છે અને અસંખ્યાતગુણ છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણ છે અને તેથી પ્રદેશરૂપે તે અસંખ્યાતગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણા છે. તેથી તે પ્રદેશરૂપે અસંખ્યાતગુણા છે. તેથી અદ્ધાસમય દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે. અને તેથી આકાશાસ્તિકાય પ્રદેશરૂપે અનન્તગુણ છે.

[૨૮૪] હે ભગવન્ ! એ ચરમ અને અચરમ જીવોસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા અચરમ જીવો છે, અને તેથી ચરમજીવો અનન્તગુણા છે.

[૨૮૫] હે ભગવન્ ! એ જીવો, પુદ્ગલો, અદ્ધાસમયો, સર્વદ્રવ્યો, સર્વપ્રદેશો, અને સર્વ પર્યાયોમાં સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! સૌથી થોડા જીવો છે, તેથી પુદ્ગલો અનન્ત ગુણા છે, તેથી અદ્ધાસમયો અનન્તગુણ છે, તેથી સર્વદ્રવ્યો વિશેષાધિક છે, તેથી તેથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે અને તેથી સર્વ પર્યાયો અનન્તગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૮૬-૨૮૭] ક્ષેત્રને અનુસારે સૌથી થોડા જીવો ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રને અનુસારે સૌથી થોડા નૈરયિકો ત્રણ લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા હોય છે અને તેથી અધોલોકમાં અસં-ખ્યાતગુણા હોય છે. ક્ષેત્રને અનુસરી સૌથી થોડા તિર્યંચો ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યતાગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ થોડી તિર્યંચસ્ત્રીઓ ઉર્ધ્વ લોકમાં છે, તેથી ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં અસં-ખ્યાતગુણી છે. તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા મનુષ્યો ત્રણલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યા તગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી મનુષ્યસ્ત્રીઓ ત્રણ લોકમાં છે, તેથી ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં સંખ્યાત ગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી ઉર્ધ્વલોકમાં સંખ્યાત ગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, અને તેથી તિર્યગ્લો-કમાં સંખ્યાતગુણી છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા દેવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વ-લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે. તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધો લોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી દેવીઓ ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાત ગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે.

[૨૮૮] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ભવનવાસી દેવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોતિર્યગ્લોક, તિર્યગ્લોક,અને તેથી અધોલોકમાં ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ભવનવાસિની દેવીઓ ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં અંસખ્યાતગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, અને તેથી અધોલોકમાં અસંખ્યાતગુણી છે, ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વાનમંતર દેવો ઉર્ધ્વ-લોકમાં છે, તેથી ઉધવલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં સંખ્યાત ગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાત ગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી વાનમંતર દેવીઓ ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણી છે, તેથી અધોલોકમાં અસંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ક્ષેત્રની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપેક્ષાએ સૌથી થોડા જ્યોતિષિક દેવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધો લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા જ્યોતિષિક દેવીઓ ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે,તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાત ગુણા છે. ક્ષેત્રની અપેક્ષા એ સૌથી થોડી વૈમાનિકો દેવીઓ ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે,તેથીત્રણલોકમાં સંખ્યાત-ગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાત ગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણી છે.

[૨૮૯] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધો લોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્-લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોક અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે.

[૨૯૦] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા બેઈન્દ્રિય જીવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ અપર્યાપ્તા બેઈન્દ્રિય જીવો સૌથી થોડા ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણ છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યા તગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્ર ની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા બેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વ લોક તિર્યગ્લો કમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધો લોક તિર્યગ્-લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોક-માં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેઈન્દ્રિયો ઉર્ધ્વ લોકમાં છે, ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપે-ક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા તેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, તેથીઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં અસખ્યાતગુણા છે, તેથી ત્રણલલોકમાં અસંખ્યાગુણા છે, તેથી અધો લોક તિર્યગ્લો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કમાં અસંખ્યાતગુણા છે,તેથી અધોલોકમાં સખ્યાતગુણા છે. અને તેથી તિર્યગ્લોકમાં સખ્યાતગુણા છે.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા તેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, તેથીઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધો લોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેઈન્દ્રિય પર્યાપ્તા ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યા તગુણા છે, તેથી અધો લોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ચઉરિન્દ્રિય જીવો ઉર્ધ્વલોકમાં છે,તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે,તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે,તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેતી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વ-લોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધો લોક- તિર્યગ્લો- કમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે.

[૨૯૧] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પંચેન્દ્રિય જીવો લોકમાં છે, તેથી ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા પંચેન્દ્રિયો ત્રણ લોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથીઉર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા પંચેન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે.

[૨૯૨] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પૃથિવીકાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે. અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા પૃથિવી-કાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતગુણા છે અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા પૃથિવીકાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપ્કાયિકો ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાત ગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા અપ્કાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે. તેથી અધોલોકમાં વિશેષા ધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા અપ્કાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે. તેથી અધોલોક તિર્યગ્લોકમાં વિશેષાધિક છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે.

ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા અપ્કાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિંશેષાધિક છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેજસ્કાયિકો ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે, ક્ષેત્રને અનુસારે સૌથી થોડા અપર્યાપ્તા તેજસ્કાયિકો ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાત ગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા તેજસ્કાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધો લોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અંસખ્યાતગુણા છે, તેથી ઉધ્રવલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વાયુકાયિકો ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષા ધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા વાયુકાયિકો ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે. ક્ષેત્રની અપેક્ષા એ સૌથી થોડા વનસ્પતિકાયિકો ઉર્ધ્વ લોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક તિર્યગ્લોકમાં વિશેષા ધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા વનસ્પતિકાયિકો ઉર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે.

[૨૯૩] ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ત્રસકાયિકો ત્રણલોકને વિષે છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકને વિષે અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકને વિષે સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા ત્રસકાયિકો ત્રણ લોકમાં છે.

[૨૯૫] હે ભગવન્ ! એ આયુષ કર્મના બન્ધક, અબન્ધક, પર્યાપ્તા, અપર્યાપ્તા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂતેલા, જાગૃત,-સમુદ્ઘાતવાળા,-સમુદ્ઘાતરહિત, સાતાને વેદતા, અસાતાને વેદતા, ઈન્દ્રિયના ઉપયોગવાળા, નોઈન્દ્રિયના ઉપયોગવાળા, સાકાર ઉપયોગવાળા અને અનાકાર ઉપયોગવાળા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો આયુષકર્મના બન્ધક છે, તેથી અપર્યાપ્ત જીવો સંખ્યાતગુણા છે, તેથી સૂતેલા જીવો સંખ્યાતગુણા છે, તેથી સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા જીવો સંખ્યાત ગુણા છે, તેથી સાતાવેદનીયનો અનુભવ કરનારા જીવો સંખ્યાતગુણા છે. તેથી ઈન્દ્રિયના ઉપયોગવાળા જીવો સંખ્યાતગુણા છે, તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી નોઈન્દ્રિયના ઉપયોગવાળા વિશેષાધિક છે, તેથી અસાતાવેદની કર્મનો અનુભવ કરનારા વિશેષાધિક છે, તેથી સમુદ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા જીવો વિશે ષાધિક છે, તેથી જાગૃત જીવો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત વિશેષાધિક છે, અને તેથી આયુષકર્મના અબન્ધક વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પુદ્ગલો ત્રણલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક તિર્યગ્લો કમાં અનન્ત ગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા પુદ્ગલો ઉર્ધ્વદિશામાં છે, તેથી અધોદિશામાં વિશેષાધિક છે, તેથી ઉત્તર-પૂર્વમાં અને દક્ષિણ- પશ્ચિમમાં અસંખ્યાતગુણા અને બન્ને વિદિશામાં પરસ્પર સરખા છે. તેથી દક્ષિણ-પૂર્વમાં અને ઉત્તર-પશ્ચિમમાં બન્ને સ્થળે સરખા અને વિશેષાધિક છે, તેથી પૂર્વમાં અસંખ્યાતગુણા છે, તેથી પશ્ચિમમાં વિશે ષાધિક છે, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા દ્રવ્યો ત્રણલોકમાં છે, તેથી ઉર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અનન્તગુણા છે, તેથી અધોલોક તિર્યગ્લો કમાં વિશેષાધિક છે,તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં અનન્ત ગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દ્રવ્યો અધો દિશામાં છે, તેથી ઉર્ધ્વ દિશામાં અનન્તગુણા છે, તેથી ઉત્તરપૂર્વ-અને દક્ષિણ પશ્ચિમ-અસંખ્યાતગુણાં અને બન્ને સ્થળે પરસ્પર સરખાં છે, તેથી દક્ષિણપૂર્વ-અને ઉત્તર પશ્ચિમ બન્ને સ્થળે પરસ્પર સરખાં અને વિશેષાધિક છે, તેથી પૂર્વમાં અસંખ્યાતગુણાં છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે.

[૨૯૬] હે ભગવન્ ! પરમાણુપુદ્ગલો, સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનન્તપ્રદેશિક સ્કન્ધોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા અનન્ત પ્રદે-શિક સ્કંધો દ્રવ્યાર્થપણે છે, તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે-અનન્તપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે સૌથી થોડા છે, તેથી પરમાણુપુદ્ગલો અપ્રદેશાર્થપણે-દ્રવ્યાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાત પ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે અનન્તગુણા છે, તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થપણે અનન્ત ગુણા છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ એક પ્રદેશાવઢ, સંખ્યાતપ્રદેશાવગાઢ અને અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! સૌથી થોડા એક પ્રદેશાવગાઢ પુદગલો દ્રવ્યાર્થ પણે છે, તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતપ્રદેશાવગાઢ છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતપ્રદેશાગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે-સૌથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે અને તે પ્રદેશાર્થપણે સંખ્યા તગુણા છે,તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થ પણે અસંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે.

હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળા, સંખ્યાતા સમયની સ્થિતિવાળા અને અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્ગલો સંબંધે પશ્ન હે ગૌતમ ! એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્ગલો દ્રવ્યાર્થ પણે અસંખ્યા તગુણા છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્ગલો પ્રદેશાર્થપણે સંખ્યાત ગુણા છે, તેથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે -સૌથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે, અને પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્ગલો દ્રવ્યાર્થ પણે અસંખ્યાતગુણા છે, અને પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એક એક ગુણ કાળા, સંખ્યાતુણા કાળા, અસંખ્યાતગુણા કાળા અને અનન્ત ગુણા કાળા પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, અને પ્રદેશાર્થપણે અસંખ્યાત ગુણા છે. હે ભગવન્ ! એક એકગુણ કાળા, સંખ્યાતગુણ 'કાળા, અસંખ્યાતગુણકાળા અને અનન્તગુણ કાળા પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! જેમ સામાન્ય પુદ્ગલો સંબંધે કહ્યું તેમ અહીં કહેવું. એમ સંખ્યાતગુણ કાળા સંબંધે પણ કહેવું. એ રીતે બાકીના વર્ણ, ગંધ અને રસ સંબંધે કહેવું. સ્પર્શમાં કર્કશ, મૃદુ, ગુરુ અને લઘ સ્પર્શ સંબંધે જેમ એક પ્રદેશાવ ગાઢને કહ્યું છે તેમ કહેવું. બાકીના સ્પર્શો જેમ વર્ણો કહ્યા છે તેમ કહેવા.

[૨૯૭] હે ભગવન્ ! સર્વ જીવોના અલ્પબહુત્વરૂપ મહાદંડકનું વર્ણન કરીશ-સૌથી થોડા ગર્ભજ મનુષ્યો છે. તેથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. તેથી પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અનુત્તરૌપપાતિક દેવો અસંખ્યાતગુણા છે. તેથી ઉપરના ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. તેથી મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. તેથી નીચેના ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. તેથી અચ્યુત કલ્પના દેવો સંખ્યાતગુણા છે. તેથી આરણ કલ્પના સંખ્યાતગુણા દેવો છે. તેથી પ્રાણત કલ્પમાં દેવો સંખ્યાતગુણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેથી આનત કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. તેથી અધઃ સપ્તમ નરક પૃથિવીમાં નારકો અસંખ્યાત ગુણા છે. તેથી છઠ્ઠી તમા નરક પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. તેથી સહસ્રાર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે, તેથી મહાશુક્ર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. તેથી પાંચમી ધૂમપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. તેથી લાંતક કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. તેથી ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. તેથી માહેન્દ્ર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. તેથી સનત્કુમાર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. બીજી શર્કરાપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. તેથી સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતગુણા છે. તેથી ઈશાન કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. તેથી ઈશાન કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી સૌધર્મ કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. તેથી સૌધર્મ કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી ભવનવાસી દેવો અસંખ્યાત ગુણા છે. તેથી ભવનવાસીની દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી આ રત્નપ્રભા પૃથિવીના નારકો અસંખ્યાતગુણા છે. તેથી ખેચર પંચેન્દ્રિય પુરૂષ તિર્યંચો અસંખ્યાતગુણા છે. તેથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે. તેથી જલચર પંચેન્દ્રિય પુરૂષ તિર્યંચો સંખ્યાતગુણા છે. તેથી જલચર પંચેન્દ્રિય પુરૂષ તિર્યંચો સંખ્યાતગુણા છે. તેથી જલચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે. તેથી વ્યન્તર દેવો સંખ્યાતગુણા છે.

તેથી વ્યન્તર દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે. તેથી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી ખેચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. તેથી સ્થલચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. તેથી જલ-ચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા ચઉરિન્દ્રિયો સંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા પંચેન્દ્રિયો વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા બેઈન્દ્રિયો વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા તેઈન્દ્રિયો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા પંચેન્દ્રિયો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા તેઈન્દ્રિયો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા બેઈન્દ્રિયો વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા પ્રત્યેકશરીર બાદર વનસ્પતિ-કાયિકો અસંખ્યા તગુણા છે. તેથી પર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા બાદર પૃથિ વીકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપ-ર્યાપ્તા બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તાપ્રત્યેક શરીરબાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તા બાદરનિગોદો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તા બાદરપૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તાબાદર અપ્કાયિકો અસંખ્યા તગુણા છે. તેથી અપર્યાપ્તાબાદરવાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મતેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તાસૂક્ષ્મ પૃથિવી-કાયિકો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તાસૂક્ષ્મઅપ્કાયિકો વિશેષાધિક છે. તેથી અપ-ર્યાપ્તાસૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે. તેથી પર્યાપ્તાસૂક્ષ્મતેજ સ્કાયિકો સંખ્યાત ગુણા છે. તેથી પર્યાપ્તાસૂક્ષ્મપૃથિવીકાયિકો વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષા ધિક છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મવાયુકાયિકો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા-સૂક્ષ્મનિગોદો અસંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તાસૂક્ષ્મનિગોદો સંખ્યાતગુણા છે. તેથી અભવ્યો અનંતગુણા છે. તેથી પતિત સમ્યગ્દષ્ટિ અનતગુણા છે. તેથી પર્યાપ્તા બાદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનસ્પતિકાયિકો અનંતગુણા છે. તેથી બાદરપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા બાદરવનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી બાદરઅપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી બાદરજીવો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તાસૂક્ષ્મવનસ્પતિ કાયિકો અસંખ્યાત ગુણા છે. તેથી સૂક્ષ્મઅપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મવનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. તેથી સૂક્ષ્મપર્યાપ્તા વિશેષાધિક છે. તેથી સૂક્ષ્મજીવો વિશેષાધિક છે. તેથી ભવસિદ્ધિ વિશેષાધિક છે. તેથી નિગોદો વિશેષાધિક છે. તેથી વનસ્પતિ જીવો વિશેષાધિક છે. તેથી એકેન્દ્રિયો વિશેષાધિક છે. તેથી તિર્યંચો વિશેષાધિક છે. તેથી મિથ્યાદષ્ટિઓ વિશેષાધધિક છે. તેથી વિરતિરહિત જીવો વિશેષાધિક છે. તેથી સકષાયી જીવો વિશેષાધિક છે. તેથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે. તેથી સયોગી જીવો તેથી સંસારી જીવો અનેતેથી સર્વજીવો વિશેષાધિક છે.

**પદઃ ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદઃ ૪ સ્થિતિ

[૨૯૮] હે ભગવન્ ! નારકોની કેટલી કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્ ! અપર્યાપ્તા નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની હે ભગવન્ ! પર્યાપ્તા નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે. રત્નપ્રભા પૃથિવીના નારકોની જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિ કહી છે. અપર્યાપ્તા રત્નપ્રભા પૃથિવીના નારકોની જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે. પર્યાપ્તા રત્નપ્રભા પૃથિવીના નારકોની જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને અન્તર્મુહૂર્ત ન્યૂન એક સાગરોપમ છે. ની સ્થિતિ શર્કરાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે. અપર્યાપ્તા શર્કરાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની છે. પર્યાપ્તા શર્કરાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગ રોપમ. વાલુકાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ અને ઉત્કૃષ્ટ જઘન્ય અન્તર્મુહૂર્ત. બંને પર્યાપ્તા વાલુકાપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ.

હે ભગવન્ ! પંકપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દસ સાગરોપમ. અપર્યાપ્તા પંકપ્રભા પૃથિવીના નારકોની જઘન્ય પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે. પર્યાપ્તા પંકપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ. ધૂમપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્યથી દસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી સત્તર સાગરોપમ. અપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ર્યાપ્તા ધૂમપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા ધૂમપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ૧૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૨- સાગરોપમ અપર્યાપ્તા તમઃપ્રભા નારકોની સ્થિતિ જઘન્ય થી ન્યૂન સત્તર સાગરોપમછે. હેભગવન્ ! તમઃપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા તમઃપ્રભા પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ સાગરોપમ છે. હે ભગવન્ ! નીચેની સાતમી તમઃતમઃપ્રભા નરક પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે. અપર્યાપ્તા નીચેની સાતમી નરક પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા નીચેની સાતમી નરક પૃથિવીના નારકોની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ છે.

[૨૯૯] હે ભગવન્ ! દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્ ! દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ. હે ભગવન્ ! દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી પંચાવન પલ્યોપમ. હે ભગવન્ ! અપર્યાપ્તા દેવીઓની કાળની સ્થિતિ કહી છે ? હે ભગવન્ ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત.હેભગવન્!પર્યાપ્તા દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ. હે ભગવન્ ! ભવનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક અધિક સાગરોપમ. હે ભગવન્ અપર્યાપ્તા ભવનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્ પર્યાપ્તા ભવનવાસી કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાધિક સાગરોપમય. હે ભગવન્ ! ભવનવાસીની દેવી ઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કૃર્ષથી સાડાચાર પલ્યોપમ. હે ભગવન્ ! અપર્યાપ્તા ભવનવાસીની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃર્ષથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા ભવનવાસિની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમ.

હે ભગવન્ ! અસુરકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક સાગરોપમ. હે ભગવન્ ! અપર્યાપ્તા અસુરકુમાર દેવોની સ્થિતિ જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવન્ ! પર્યાપ્તા અસુરકુમાર સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ, અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાધિક સાગરોપમ. હે ભગવન્ ! અસુરકુમારી દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી સાડાચાર પલ્યોપમ. હે ભગવન્ ! અપર્યાપ્તા અસુરકુમારી દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા અસુરકુમારી દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમ. હે ભગવન્ ! નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ન્યૂન બે પલ્યોપમ. હે ભગવન્ ! અપર્યાપ્તા નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! પર્યાપ્તા નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ!જઘન્યથી અન્તર્મુહૂર્તઅને ન્યૂન દસ હજારવર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઉણાં બે પલ્યોપમ.હેભગવન્ ! નાગકુમારી દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ન્યૂન પલ્યોપમ. અપર્યાપ્તા નાગકુમારી દેવીઓની સ્થિતિ જઘન્યથી અને ઉત્કૃર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા નાગકુમારી દેવીઓની સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઉણું પલ્યોપમ. હે ભગવન્ ! સુવર્ણકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ઊણાં બે પલ્યોપમ. અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્ય થી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઉણાં બે પલ્યોપમ. સુવર્ણકુમારી દેવીઓ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ન્યૂન એક પલ્યોપમ. અપર્યાપ્તા સુવર્ણકુમારી દેવીઓ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સુવર્ણકુમારી દેવીઓ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઉણું એક પલ્યોપમ. એ પ્રમાણે એ પાઠ વડે દેવો અને દેવીઓ સંબન્ધે સામાન્ય, અપર્યાપ્ત અને પર્યાપ્તાના ત્રણ ત્રણ સૂત્રો સ્તનિતકુમાર દેવો પર્યન્ત નાગકુમારની પેઠે જાણવાં.

[૩૦૦] હે ભગવન્ ! પૃથિવીકાયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી બાવીશ હજાર વર્ષ. હે ભગવન્ ! અપર્યાપ્તા પૃથિવીકાયિકની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્ત પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ હજાર વર્ષ. સૂક્ષ્મ પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. બાદર પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી બાવીશ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર વર્ષ. અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બાદર પૃથિવીકાયિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ હજાર વર્ષ. હે ભગવન્ ! અપ્કાયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સાત હજાર વર્ષ. અપર્યાપ્તા અપ્કાયિક સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા અપ્કાયિક સંબંન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાત હજાર વર્ષ. જેમ સૂક્ષ્મ પૃથિવીકાયિકની સ્થિતિ કહી તેમ સામાન્ય, અપર્યાપ્તા અને પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકોની સ્થિતિ જાણવી. બાદર અપ્કાયિકો સંબંન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બાદર અપ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાત હજાર વર્ષ. તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ રાત્રિ-દિવસ. અપર્યાપ્તા તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ-દિવસ.

સામાન્ય, અપર્યાપ્તા અને સૂક્ષ્મ તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ને. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. બાદર તેજસ્કાયિકકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ રાત્રિ-દિવસ.અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન.હેગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ રાત્રિ દિવસ. હે ભગવન્ ! વાયુકાયિકોની સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ હજાર વર્ષ. અપર્યાપ્તા વાયુકાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા વાયુકાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ હજાર વર્ષ. સૂક્ષ્મ વાયુકાયિકો, અપર્યાપ્તા અને પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. બાદર વાયુકાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ હજાર વર્ષ. અપર્યાપ્તા વાયુકાયિકોની સ્થિતિ જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા વનસ્પતિકાયિકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ. સામાન્ય, અપર્યાપ્તા અને પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. બાદર વનસ્પતિકાયિકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મૂહૂર્ત અને ઉત્કર્ષથી દસ હજાર વર્ષ. અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ૧૦૦૦૦ વર્ષ.

[૩૦૧] હે ભગવન્ ! બેઇન્દ્રિયોની કેટલા કાળ પર્યન્ત સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી બાર વર્ષ. અપર્યાપ્તા બેઇન્દ્રિય સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા બેઇન્દ્રિય સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બાર વર્ષ. હે ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેઇન્દ્રિયોસંબંધ પ્રશ્ન જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ઓગણપચાસ રાત્રિ-દિવસ. અપર્યાપ્તા તેઈન્દ્રિય સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા તેઈન્દ્રિય સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણપચાસ રાત્રિ-દિવસ ચઉરિન્દ્રિયોસંબંધ પ્રશ્ન હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી છ માસ. અપર્યાપ્તા ચઉરિન્દ્રિય સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા ચઉરિન્દ્રિય સંબંન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન છ માસ.

[૩૦૨] હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા પંચેન્દ્રિયો તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્ત-મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય થી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મૂર્હૂર્ત ન્યૂન પૂર્વકોટિ પૂર્વ. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો નિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ. હે ભગવન્ ! જલચર પંચેન્દ્રિય તિર્યંચોની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા અને સંબંન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ વર્ષ. સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્ત મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહુર્ત અને ઉત્કર્ષથી ન્યૂન એક ક્રોડ પૂર્વ વર્ષ. ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપ ર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પૂર્વ કોટિ વર્ષ.

ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો યોનિક સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ. સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ચોરાશી હજાર વર્ષ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ચોરાશી હજાર વર્ષ. ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબંધ પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રેપન હજાર વર્ષ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ને. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્ત મુંહૂર્ત ન્યૂન હજાર વર્ષ. ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ને. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ વર્ષ.

ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્ય થી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ વર્ષ. સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થલચર પંચે-ન્દ્રિય તિર્યંચ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી બેંતા- લીસ હજાર વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત.અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બેંતાલીસ હજાર વર્ષ. ગર્ભજ ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી એક ક્રોડ પૂર્વ વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક ક્રોડ પૂર્વ વર્ષ. ખેચર પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પલ્યોપમનો અસંખ્યાત મો ભાગ અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો અસં-ખ્યાતમો ભાગ. સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી બહોંતેર હજાર વર્ષ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્ત- મુંહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બહોંતેર હજાર વર્ષ. ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. અપ ર્યાપ્તાસંબન્ધેપ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણઅન્તર્મુહૂર્ત.પર્યાપ્તાસંબન્ધેપ્રશ્ન. જઘન્ય થી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યો પમનો અસંખ્યાતમો ભાગ.

[૩૦૩] હે ભગવન્ ! મનુષ્યોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ અપર્યાપ્તા મનુષ્યો સંબન્ધે પ્રશ્ન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા મનુષ્યો સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂનત્રણપલ્યોપમ. સંમૂચ્છિમ મનુષ્યો સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ. સંમૂચ્છિમ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્ત મુહૂર્ત. ગર્ભજ મનુષ્યો સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ.

[૩૦૪] હે ભગવન્ ! વ્યંતર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કર્ષથી એક પલ્યોપમ. અપર્યાપ્તા વ્યંતર દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ. વ્યંતર દેવી સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી દસહજાર વર્ષ અને ઉત્કર્ષથી અર્ધપલ્યોપમ. અપર્યાપ્તા દેવી સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા વ્યંતર દેવી સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અર્ધ પલ્યોપમ.

[૩૦૫] જ્યોતિષિક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી લાખ વર્ષ અધિક એક પલ્યોપમ. અપર્યાપ્તા જ્યોતિષિક સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત । પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી અન્ત મુહૂર્ત ન્યૂન લાખ વરસ અધિક એક પલ્યોપમ. જ્યોતિષિક દેવી સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી પચાસ હજાર વરસ અધિક અર્ધ પલ્યોપમ. અપર્યાપ્ત જ્યોતિષિક દેવી સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા જ્યોતિષિક દેવી સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પચાસ હજાર વરસ અધિક અર્ધ પલ્યોપમ. હે ભગવન્ ! ચંદ્ર વિમાનમાં રહેલા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી લાખ વરસ અધિક એક પલ્યોપમ. અપર્યાપ્તા ચંદ્ર દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન લાખ વરસ અધિક એક પલ્યોપમ. ચન્દ્રવિમાનમાં રહેલી દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી પચાસ હજાર વરસ અધિક અર્ધ પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્ત મુહૂર્ત ન્યૂન પચાસ હજાર વરસ અધિક અર્ધ પલ્યોપમ. હે ભગવન્ ! સૂર્યના વિમાનમાં રહેલા દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી હજાર ભાગ અને ઉત્કર્ષથી હજાર વરસ અધિક એક પલ્યોપમ. અપર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન હજાર વરસ એક પલ્યોપમ.

હે ભગવન્ ! સૂર્યવિમાનમાં રહેલી દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી પાંચસો વરસ અધિક અર્ધ પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત.પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પાંચસો વરસ અધિક અર્ધ પલ્યોપમ.ગ્રહવિમાનમાં રહેલા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી એક પલ્યોપમ. અપર્યાપ્તા સંબંધી પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્ત મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ. ગ્રહ વિમાનમાં રહેલી દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અર્ધ પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અર્ધ પલ્યોપમ. નક્ષત્ર વિમાનમાં રહેલા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અર્ધ પલ્યોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચતુર્થ ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અર્ધ પલ્યોપમ. નક્ષત્ર વિમાનમાં રહેલી દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી કાંઈક અધિક પલ્યોપમનો ચોથો ભાગ. અપર્યાપ્તા દેવી સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવી સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત નયૂન કાંઈક અધિક પલ્યોપમનો ચોથો ભાગ. તારા વિમાનમાં રહેલા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી પલ્યોપમનો ચોથો ભાગ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ. તારા વિમાન માં આઠમો ભાગ. તારા વિમાનમાં રહેલી દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી કાંઈક અધિક પલ્યોપમનો આઠમો ભાગ. અપર્યાપ્તા દેવી સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કર્ષથી અન્ત મુહર્ત ન્યૂન કાંઈક અધિક પલ્યોપમનો આઠમો ભાગ.

[૩૦૬] હે ભગવન્ ! વૈમાનિકો દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી એક પલ્યોપમ અને ઉત્કર્ષથી તેત્રીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી ન્યૂન તેત્રીશ સાગરોપમ. ભગવન્ ! વૈમાનિકો દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી એક પલ્યોપમ અને ઉત્કર્ષથી પંચાવન પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ.

હે ભગવન્ ! સૌધર્મ કલ્પમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ અને ઉત્કર્ષથી બે સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બે સાગરોપમ. સૌધર્મ કલ્પમાં દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી એક પલ્યોપમ અને ઉત્કર્ષથી પચાસ પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પચાસ પલ્યોપમ. સૌધર્મ કલ્પમાં પરિગૃહીતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી એક પલ્યોપમ અને ઉત્કર્ષથી સાત પલ્યોપમ. અપર્યાપ્ત પરિગૃહીતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા પરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાત પલ્યો પમ. અપરિગૃહીતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી પચાસ પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કર્ષથી ન્યૂન પચાસ પલ્યોપમ.

ઈશાન કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી કંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી કંઈક અધિક બે સાગરોપમ. અપર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઈક અધિક બે સાગરોપમ. ઈશાન કલ્પમાં દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી કાંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી પંચાવન પલ્યોપમ. અપર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત કાંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવનપલ્યોપમ, પરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી કંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી નવ પલ્યોપમ. અપર્યાપ્તા પરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાપરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમ. અપરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી કાંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી પંચાવન પલ્યોપમ. અપર્યાપ્તા પરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા અપરિગૃહતા દેવીઓ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઈક અધિક એક પલ્યોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ.

સનત્કુમાર દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી બે સાગરોપમ અને ઉત્કર્ષથી સાત સાગરોપમ. અપર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મૂહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ. માહેન્દ્ર કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી કાંઈક અધિક બે સાગરોપમ અને ઉત્કર્ષથી કાંઈક અધિક સાત સાગરોપમ. અપર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઈક અધિક બે સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કાંઈક અધિક સાત સાગરોપમ. બ્રહ્મલોક કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી સાત સાગરોપમ અને ઉત્કર્ષથી દશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ. લાંતક કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી દસ સાગરોપમ અને ઉત્કર્ષથી ચૌદ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ચૌદ સાગ રોપમ. મહાશુક્ર કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. જઘન્યથી ચૌદ સાગરોપમ અને ઉત્કર્ષથી સત્તર સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ચૌદ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ.

સહસ્રાર કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી સત્તર સાગરોપમ અને ઉત્કર્ષથી અઢાર સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઢાર સાગરોપમ. આનત કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અઢાર સાગરોપમ અને ઉત્કર્ષથી ઓગણીસ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઢાર સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણીશ સાગ રોપમ પ્રાણત કલ્પમાં સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી ઓગણીશ સાગરોપમ અને ઉત્કર્ષથી વીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન વીશ સાગરોપમ. આરણ કલ્પમાં દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી વીશ સાગરોપમ અને ઉત્કર્ષથી એકવીશ સાગરો પમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન વીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકવીશ સાગ-રોપમ. અચ્યુત કલ્પમાં દેવો સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી એકવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી બાવીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ સાગરોપમ.

નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી બાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ત્રેવીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થી અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન તેવીશ સાગરોપમ. નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવો સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી ત્રેવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ચોવીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રેવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ચોવીશ સાગરોપમ. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી ચોવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી પચીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂનચોવીશસાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂનપચીશ સાગરોપમ. મધ્યમ ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી પચીશ સાગરોપમ અને ઉત્કર્ષથી છવીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ? જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પચીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન છવીશ સાગરોપમ. મધ્યમ ત્રિકના ગ્રૈવેયક દેવોસ સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી છવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી સત્યાવીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન છવ્વીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તુર્મુહૂર્ત ન્યૂન સત્યાવીશ સાગરોપમ.

મધ્યમ ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી સત્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અઠયાવીશ સાગરોપમ. અપર્યાપ્તા દેવો સંબંધે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન.જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઠયાવીશ સાગરોપમ. ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અઠયાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ન્યૂન ઓગણીશ સાગરોપમ. અપ ર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઠયાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીશ સાગરોપમ. ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય-થી ઓગણત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ત્રીશ સાગરોપમ. અપ ર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી ઓગણત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ત્રીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તમુહૂર્ત ન્યૂન ત્રીશ સાગરોપમ. ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી ત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી એકત્રીશ સાગ રોપમ. અપર્યાપ્તા દેવો સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્ત મુહૂર્ત. પર્યાપ્તા દેવો સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રીશ સાગ રોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકત્રીશ સાગરોપમ.

હે ભગવન્ ! વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત વિમાનોમાં દેવોની કેટલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી એકત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી તેત્રીશ સાગરોપમ. અપર્યાપ્તા સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધી પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ન્યૂન તેત્રીશ સાગરોપમ. હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી રહિત તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. અપર્યાપ્તા સર્વાર્થસિદ્ધવિમાનવાસી દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તા સર્વાર્થસિદ્ધવિમાનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કર્ષ રહિત અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે.

**પદઃ ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદઃ ૫ -વિશેષ

[૩૦૭] હે ભગવન્ ! કેટલા પ્રકારના પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! પર્યાયો બે પ્રકારના કહ્યાછે.-જીવપર્યાયો અને અજીવપર્યાયો. હે ભગવન્ ! જીવપર્યાયો શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? હે ગૌતમ ! સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનંતા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! અસંખ્યાતાનારકો, અસંખ્યાતા અસુરકુમારો, અસંખ્યાતા નાગકુમારો, અસંખ્યાતાસુવર્ણકુમારો, અસંખ્યાતાવિદ્યુત્કુમારો,અસંખ્યાતાઅગ્નિકુમારો,અસંખ્યાતા દ્વીપકુમારો, અસંખ્યાતા ઉદધિ કુમારો, અસંખ્યાતાદિક્કુમારો, અસંખ્યાતાવાયુકુમારો, અસંખ્યાતાસ્તનિત- કુમારો, અસંખ્યાતાપૃથિવીકાયિકો, અસંખ્યાતાઅપ્કા યિકો, અસંખ્યાતાતેજસ્કાયિકો, અસંખ્યાતાવાયુકાયિકો, અનંતાવનસ્પતિકાયિકો, અસંખ્યાતાબેઇન્દ્રિયો, અસંખ્યાતા તેઇન્દ્રિયો, અસંખ્યાતાચઉરિન્દ્રિયો, અસંખ્યાતા પંચેન્દ્રિયો, અસંખ્યાતાપંચેન્દ્રિય- તિર્યંચ યોનિકો, અસંખ્યાતામનુષ્યો, અસંખ્યાતા વ્યન્તરો, અસંખ્યાતાજ્યોતિષિકો, અસંખ્યાતાવૈમાનિકો અને અનંતાસિદ્ધો છે. એ કારણથી હે ગૌતમ ! એમ કહ્યું છું કે સંખ્યાતા નથી, અનંતા જીવપર્યાયો છે.

[૩૦૮] હે ભગવન્ ! નારકોના કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ અનંતા પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! શા હેતુથી કહો છો હે ગૌતમ ! એક નારક બીજા નારકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, પણ અવગાહના થી -કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણા હીન હોય અને અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો હીનસ્થિતિવાળો હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય યાવત્ અસંખ્યાતગુણા હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાતગુણા અધિક સ્થિતિવાળો હોય. કાળાવર્ણ પર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હીન હોય. જો હીન હોય તો અનંતમો ભાગ હીન હોય, અસંખ્યાતમો ભાગ હીન હોય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય, અસંખ્યાતગુણ હીન હોય કે અનંતગુણ હીન હોય. જો અધિક હોય તો અનંતમો ભાગ અધિક હોય, યાવત્ અનંત ગુણ અધિક હોય. નીલવર્ણ રક્તવર્ણ, હારિદ્રવર્ણ, અને શુક્લ વર્ણ પર્યાયની અપેક્ષાએ એજ રીતે છસ્થાનપતિત જાણવો. સુરભિગંધપર્યાયની અને દુરભિગંધ પર્યાયની અપેક્ષાએ છસ્થાનપતિત હોય. તિક્તરસ યાવત્ મધુરરસ પર્યાયની અપેક્ષાએ પણ છસ્થાનપતિત હોય. કર્કશસ્પર્શ પર્યાય, યાવત્ રુક્ષસ્પર્શ પર્યાય વડે છસ્થાનપ્રાપ્ત હોય. આભિનિ બોધિકજ્ઞાનપર્યાય, શ્રુતજ્ઞાનપર્યાય, અવધિજ્ઞાનપર્યાય, મતિઅજ્ઞાનપર્યાય, શ્રુત અજ્ઞાનપર્યાય અને વિભંગજ્ઞાન પર્યાય વડે તથા ચક્ષુદર્શનપર્યાય અચુક્ષદર્શન પર્યાય અને અવધિદર્શન પર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત હોય. તે કારણથી હે ગૌતમ ! હું એમ કહું છું કે નારકોના સંખ્યાતા નહીં, અસંખ્યાતા નહીં, પણ અનંતા પર્યાય કહ્યા છે.

[૩૦૯] હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! એક અસુરકુમાર બીજા અસુરકુમાર કરતાં દ્રવ્યાર્થપણે દ્રવ્ય સ્વરુપે તુલ્ય છે, પ્રદેશાર્થપણે- વડે તુલ્ય છે, અવગાહનારુપે ચતુઃસ્થાન કપતિત- છે, સ્થિતિ વડે ચાર સ્થાનકને પ્રાપ્ત થયેલ છે, કાળાવર્ણપર્યાય વડે છ સ્થાનકને પ્રાપ્ત થયેલ છે, એમ નીલવર્ણપર્યાય વડે, યાવત્ શુકકવર્ણ પર્યાય વડે, સુરભિગન્ધ અને દુરભિગન્ધ પર્યાય વડે, તિક્ત, કટુક, કષાય, અમ્લ, અને મધુર રસ પર્યાયવડે, કર્કશ સ્પર્શ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શ પર્યાયવડે, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન પર્યાય વડે, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન પર્યાય વડે છ સ્થાનકને પ્રાપ્ત થયેલ છે. હે ગૌતમ ! એ કારણથી એમ કહું છું કે- અસુર કુમારને અનન્તા પર્યાયો કહ્યા છે. બાકી બધું નૈરયિકોની પેઠે જાણવું. જેમ અસુરકુમાર સંબંધે કહ્યું તેમ નાગકુમાર સંબંધે યાવત્-સ્તનિકુમાર સુધી જાણવું.

[૩૧૦] હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! એક પૃથિવિકાયિક બીજા પૃથિવિકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરુપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે તુલ્ય છે અને અવગાહનારુપે કદાચિત્ હીન હોય, કદાચિત્ તુલ્ય હોય અને કદાચિત્ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતગુણ ન્યૂન હોય અને અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત હોય-જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યા તમો ભાગ ન્યૂન હોય કે સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય કે સંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન પર્યાય, શ્રુતજ્ઞાન પર્યાય અને અચક્ષુદર્શન પર્યાય વડે છસ્થાનપતિત હોય.

હે ભગવન્ ! અપ્કાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! એક અપ્કાયિક બીજા અપ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થ પણે તુલ્ય છે, અવગાહનારુપે ચાર સ્થાન પતિત હોય છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મતિઅજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અચક્ષુદર્શન પર્યાયની અપેક્ષાએ છસ્થાનપતિત હોય છે. તેજસ્કાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! એક તેજસ્કાયિક બીજા કોઈ એક તેજસ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત હોય છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત હોય છે. વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયવડે છ સ્થાનપતિત હોય છે. વાયુકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! વાયુકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! કોઈ એક વાયુકાયિકો બીજા કોઈ એક વાયુકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ રૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છે, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે, વર્ણ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છસ્થાનપતિત છે. વનસ્પતિકાયિકોને કેટલા પર્યાયો છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો છે. કોઈ એક વનસ્પતિકાયિક કોઈ બીજા વનસ્પતિકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત અને સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનપતિત હોય છે. તેથી એમ કહું છું કે વનસ્પતિકાયિકોને અનન્ત પર્યાયો છે.

[૩૧૧-૩૧૨] બે ઈન્દ્રિયોને કેટલા પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! બેઈન્દ્રિયોને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! કોઈ એક બેઈન્દ્રિય કોઈ બીજા બેઈન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે કદાચિત્ ન્યૂન હોય, કદાચિત તુલ્ય હોય, કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતગુણ ન્યૂન કે અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિને આશ્રીને ત્રિસ્થાનપતિત હોય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આભિનિ બોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુ દર્શન પર્યાય વડે છસ્થાન પતિત હોય. એમ તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો જાણવા. પરંતુ ચઉરિન્દ્રિયોને ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શન હોય છે. જેમ નૈરયિકોને કહ્યા તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને પર્યાયો કહેવા.

[૩૧૩] હે ભગવન્ ! મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે 'મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે' ? હે ગૌતમ ! કોઈ પણ મનુષ્ય કોઈ બીજા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે, સ્થિતિરૂપે ચતુઃસ્થાપતિત છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આભિનિબોધિકજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન વડે છસ્થાનપતિત છે, કેવળજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાપતિત છે, અને કેવળ દર્શનપર્યાય વડે તુલ્ય છે.

[૩૧૪] વ્યન્તરો અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુરઃસ્થાનપતિત છે. વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. જ્યોતિષિકો અને વૈમાનિકો પણ એ જ પ્રકારે છે. પરંતુ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે.

[૩૧૫] જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો નૈરયિક જઘન્ય અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શપર્યાય તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનવડે છસ્થાનપતિત છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! ઉત્કૃષ્ટઅવ- ગાહના વાળો નૈરયિક ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતનો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય અને સંખ્યાતમો ભાગ અધિક હોય. વર્ણ,ગંધ,રસ અને સ્પર્શ પર્યાય વડે, તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છસ્થાનપતિત હોય. અજઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિક તેવાજ પ્રકારની અવગા હનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે અને અવગાહ નારૂપે કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય, અને કદાચ અધિક હોય. જો હીન હોય તો કદાચ અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાગુણ અધિક હોય. સ્થિતિ વડે કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય અને અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છસ્થાન પતિત હોય. હે ગૌતમ ! એ કારણથી એમ કહું છું કે અજઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે.

જઘન્યસ્થિતિવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો નૈરયિક જઘન્ય સ્થિતિવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુંસ્થાન પતિત હોય છે અને સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનો વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાને જાણવું અને અજઘન્યઅનુત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોને તેમજ જાણવું. પરન્તુ તેઓ સ્વસ્થાનની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્ય કાળા વર્ણવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે હે ગૌતમ ! જઘન્યકાળાવર્ણવાળો નૈરયિક જઘન્ય કાળાવર્ણવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવ- ગાહના અને સ્થિતવડે ચતુઃસ્થાનપતિત છે. કાળા વર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનપતિત હોય છે, એ હેતુથી હે ગૌતમ ! એમ કહું છું કે 'જઘન્યકાળાવર્ણવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે.' એમ ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળા નૈરયિકોને જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટકાળાવર્ણવાળા નૈરયિકોને પણ એમજ જાણવું, પરન્તુ કાળાવર્ણ પર્યાય વડે છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે બાકીના વર્ણો, બે ગંધો, પાંચ રસો અને આઠ સ્પર્શોને આશ્રીય જાણવું. જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળો નૈરયિક, જઘન્યઆભિનિબોધિક જ્ઞાન વાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનાર્થ-રૂપે ચતુઃસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાયોવડે છ સ્થાનપતિત છે. આભિનિ બોધિકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પર્યાયો અને ત્રણ દર્શન વડે છસ્થાપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને પણ એમજ જાણવું. પરંતુ સ્વસ્થાનની અપેક્ષાએ આભિનિબોધિક જ્ઞાન પર્યાયો વડે છસ્થાનપતિત હોય છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાન નૈરયિકો સંબંધે જાણવું. પરન્તુ જે નૈરયિકોને જ્ઞાન હોય છે તેને અજ્ઞાન વડે હોતું નથી. જેમ જ્ઞાન સંબંધે કહ્યું તેમ અજ્ઞાન સંબંધે પણ કહેવું. પરન્તુ જેને અજ્ઞાન હોય છે તેને જ્ઞાન હોતું નથી. હે ભગવન્ ! જઘન્યચક્ષુદર્શન વાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ! અનંતા પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્ય ચક્ષુદર્શનવાળો નૈરયિક જઘન્યચક્ષુ- દર્શન વાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃ સ્થાનપતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનવડે છસ્થાનપતિત છે. ચક્ષુદર્શનપર્યાય વડે તુલ્ય છે. અચક્ષુદર્શન પર્યાય અને અવધિદર્શન પર્યાય વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ ચક્ષુદર્શનવાળા નૈરયિકો પણ જાણવા. અજઘન્યઅનુત્કૃષ્ટદર્શનવાળા પણ એમજ જાણવા. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ છ સ્થાનપતિત હોય છે. એમ અચક્ષુદર્શની અને અવધિદર્શની પણ સમજવા.

[૩૧૬] હે ભગવન્ ! જઘન્યઅવગાહનાવાળા અસુરકુમારોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો અસુરકુમારની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ વડે છસ્થાનપતિત છે. આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનના પર્યાયો વડે તથા ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા (અસુર કુમાર) સંબંધે જાણવું. અઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત જાણવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું.

[૩૧૭] જઘન્યઅવગાહનાવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો હે ગૌતમ ! જઘન્યઅવ ગાહનાવાળો પૃથિવીકાયિક જઘન્યઅવગાહનાવાળા પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે. પરન્તુ સ્થિતિ વડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયોવડે છસ્થાનપતિત છે. એમ ઉત્કૃષ્ટઅવગાહનાવાળા પૃથિવીકાયિક જાણવા. મધ્યમ અવગાહનાવાળા પૃથિવીકાયિકો સંબંન્ધે પણ એમજ જાણવું, પરન્તુ સ્વસ્થાન અવગાહનાને અપેક્ષી ચતુઃસ્થાન પતિત જાણવા. જઘન્યસ્થિતિવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્તપર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે- હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો પૃથિવીકાયિક જઘન્યસ્થિતિવાળા પૃથિવી કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે, અને અવગા હનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુ દર્શનપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પણ પૃથિવી કાયિક જાણવો. અજઘન્યઅનુત્કૃષ્ટ સ્થિતિવાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. હે ભગવન્ ! જઘન્યકાળગુણવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ!અનન્ત પર્યાયો કહ્યા છે.હેભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્ય કાળાગુણાવાળો પૃથિવીકાયિક જઘન્ય કાળાગુણવાળા પૃથિવીકાયિકની અપે ક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનાવડે ચાર પ્રાપ્ત થયેલ છે, અને સ્થિતિવડે ત્રિસ્થનમા પ્રાપ્ત છે. કાળાવર્ણ પર્યાયવડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શપર્યાયો વડે છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. બે અજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાયવડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળા ગુણાવાળા પૃથિવીકાયિક સંબંધે જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટ કાળાગુણાવાળા માટે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થા નની અપેક્ષાએ છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એમ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ સંબંધે જાણવું. જઘન્યમતિઅજ્ઞાનવાળા પૃથિવીકાયિકો સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! તેઓને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે - હે ગૌતમ ! જઘન્યમતિઅજ્ઞાની પૃથિવીકાયિક જઘન્યમતિ અજ્ઞાનીપૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહના રૂપે ચાર સ્થાનકને પ્રાપ્ત થયેલ છે અને સ્થિતિવડે ત્રિસ્થાનને પ્રાપ્ત થાય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થાય છે. મતિઅજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુત અજ્ઞાનપર્યાય અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થાય છે. એમ શ્રુતઅજ્ઞાની અને અચક્ષુદર્શની જાણવા. એ પ્રમાણે યાવત્ - વનસ્પતિકાયિકો સુધી જાણવું.

[૩૧૮] જઘન્યઅવગાહના વાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો કે હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળો બેઈન્દ્રિય જઘન્યઅવગાહનાવાળા બેઈન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશસ્વરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે તથા બે જ્ઞાન બે અજ્ઞાન અચક્ષુદર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સંબંધે જાણવું. પરન્તુ અહીં જ્ઞાનો હોતા નથી. મધ્યમઅવ ગાહનાવાળાને જઘન્યઅવગાહનાવાળાની પેઠે જાણવું. પરન્તુ સ્વસ્થાન-આશ્રીને ચતુઃસ્થાન પ્રાપ્ત હોય છે. જઘન્યસ્થિતિવાળા બેઈન્દ્રિયસંબંધી પૃચ્છા. હે ગૌતમ ! તેઓને અનન્ત પર્યાયો છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળો બેઈન્દ્રિય જઘન્યસ્થિતિવાળા બેઈન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપે અને સ્થિતિસ્વરૂપે તુલ્ય છે, પણ અવગાહનારૂપે ચતુઃસ્થાનક પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિવાળા સંબંધે જાણવું. પરન્તુ અહીં બે જ્ઞાન અધિક છે હોય છે. મધ્યમ સ્થિતિવાળાને ઉત્કૃષ્ટસ્થિતિવાળાની પેઠે કહેવું. પરન્તુ અહીં સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત હોય છે.

જઘન્યકાળાગુણવાળા બેઈન્દ્રિય સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે - હે ગૌતમ ! જઘન્યકાળાગુણવાળો બેઈન્દ્રિય જઘન્યકાળાગુણવાળા બેઈન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે અને પ્રદેશસ્વરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનારૂપે છ સ્થાન પ્રાપ્ત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે, અને બાકીના વર્ણ,ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અચક્ષુદર્શન-પર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાગુણવાળા સંબંધે જાણવું. મધ્યકાળા ગુણવાળા સંબંધે એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રીને છ સ્થાન પ્રાપ્ત હોય છે. એમ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ સંબન્ધે કહેવું. હે ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાનવાળા બેઈન્દ્રિયોને કેટલા પર્યાયો હોય છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો હોય છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્ય આભિનિ બોધિકજ્ઞાનવાળો બેઈન્દ્રિય જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળાબેઈન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહના વડે ચતુઃસ્થાન પ્રાપ્ત છે અને સ્થિતિ વડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે છ સ્થાન પ્રાપ્ત છે. આભિનિ બોધિકજ્ઞાન પર્યાયવડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિ નિબોધિકજ્ઞાનવાળા સંબન્ધે જાણવું. મધ્યમ આભિનિ બોધિકજ્ઞાનવાળા સંબન્ધે એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાન અપેક્ષાએ છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની. શ્રુતઅજ્ઞાની અને અચક્ષુદર્શની બેઈન્દ્રિયો જાણવા, પરન્તુ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી. જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. એમ તેઈન્દ્રિયો સંબંધે પણ જાણવું. ચઉરિન્દ્રિયને પણ એમજ સમજવું. પરન્તુ ત્યાં ચક્ષુદર્શન અધિક કહેવું.

[૩૧૯] હે ભગવન્ ! જઘન્યઅવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યઅવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશસ્વરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, પરન્તુ સ્થિતિવડે ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શનવડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સંબંધે જાણવું. પરન્તુ તે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાન પ્રાપ્ત હોય છે. જેમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે કહ્યું તેમ મધ્યમઅવગાહનાવાળા સંબંધે કહેવું. પરંતુ અવગાહના અને સ્થિતિવડે ચતુઃસ્થાન પ્રાપ્ત હોય છે. જઘન્યસ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યસ્થિ તિવાળા પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહ નારૂપે ચતુઃસ્થાન પ્રાપ્ત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણ, ગંધ,રસ અને સ્પર્શપર્યાય વડે તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે અજ્ઞાન અને બે હે દર્શન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. ઉત્કૃષ્ટસ્થિતિ વાળો પણ એમજ જાણવો. પરન્તુ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યસ્થિતિવાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિવડે ચતુઃસ્થાન પ્રાપ્ત છે. અને તેને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. જઘન્યકાળાવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્યકાળાવર્ણવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્ય કાળાવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચની ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે પ્રાપ્ત છે. આભિનિબોધિકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન પર્યાય વડે ચક્ષુદર્શનપર્યાય વડે અને અચક્ષુદર્શનપર્યાય વડે ષટસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાની સંબંધે જાણવું. પરન્તુ તે સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત હોય છે. તેને ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. સ્વસ્થાનની અપેક્ષાએ તુલ્ય છે. બાકીના પર્યાયની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે. મધ્યમ આભિનિબોધિકજ્ઞાની ઉત્કૃષ્ટઆભિનિબોધિક જ્ઞાનની પેઠે સમજવા. પરન્તુ સ્થિતિ ની અપેક્ષાએ ચતુઃસ્થાન પ્રાપ્ત છે, અને સ્વસ્થાન-આભિનિબોધિકજ્ઞાનની અપેક્ષાએ પણ ષટસ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે પણ જાણવું.

જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ગૌતમ ! જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષા એ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના વડે ચતુઃસ્થાન પ્રાપ્ત, સ્થિતિ વડે ત્રિસ્થાન પ્રાપ્ત, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે તથા આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન પર્યાય વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. અવધિજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. અજ્ઞાન નથી, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન પર્યાય વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની સંબંધે જાણવું. મધ્યમઅધિજ્ઞાની સંબંધે એમજ જાણવું, પરન્તુ સ્વસ્થાન-અવધિજ્ઞાનિને આશ્રીને ષટ્સ્થાન પ્રાપ્ત છે. જેમ આભિનિબોધિકજ્ઞાની સંબંધે કહ્યું તેમ મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાનીને કહેવું. જેમ અવધિજ્ઞાનિને કહ્યું તેમ વિભંગજ્ઞાના સંબંધે પણ કહેવું. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન આભિનિબોધિકજ્ઞાની પેઠે જાણવા. અવધિદર્શની અવધિજ્ઞાની પેઠે સમજવા, પરન્તુ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી, જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન પણ છે અને અજ્ઞાન પણ છે એમ છે કહેવું.

[૩૨૦] હે ભગવન્ ! જઘન્યઅવગાહનાવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્તપર્યાયો કહ્યાછે. શા હેતુથી કહોછો કે-'જઘન્યઅવગાહનાવાળા મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે' ? હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળોમનુષ્ય જઘન્ય અવગાહનાવાળામનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, બે અજ્ઞાન અને ત્રણ દર્શન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા માટે પણ એમજ સમજવું. પણ સ્થિતિવડે કદાચિત્ ન્યૂન હોય, કદાચિત્ તુલ્ય હોય અને કદાચિત્ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય. તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધમમઅવગાહના વાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ અવગાહના અને સ્થિતિવડે ચતુઃસ્થાન પ્રાપ્ત


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. આદિના ચાર જ્ઞાન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે, કેવલજ્ઞાન પર્યાયવડે તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે ષટસ્થાન પ્રાપ્ત છે, કેવળદર્શનપર્યાયવડે તુલ્ય છે. જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છે હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો મનુષ્ય જઘન્યસ્થિતિ વાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહ નારૂપે ચતુઃસ્થાન પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે અજ્ઞાન અને બે દર્શન વડે છ સ્થાનપતિ છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા સંબંધે જાણવું. પરન્તુ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યમસ્થિતિવાળા સંબંધે પણ એમજ જાણવું. પરન્તુ સ્થિતિ અને અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત, આદિના ચાર જ્ઞાન વડે છસ્થાન પતિત, કેવલજ્ઞાનપર્યાય વડે તુલ્ય, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છસ્થાનપતિત અને કેવલદર્શન પર્યાય વડે તુલ્ય છે.

જઘન્યગુણકાળાવર્ણવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છે કે- હે ગૌતમ ! જઘન્યકાળા વર્ણવાળો મનુષ્ય જઘન્યકાળાવર્ણવાળામનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ચાર જ્ઞાન વડે ષટ્સ્થાન પતિત છે. કેવળજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. અને કેવળદર્શનપર્યાય વડે તુલ્યછે. એમ ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળા સંબંધે જાણવું. મધ્યકાળા-વર્ણવાળાને પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાન -કાળાવર્ણને આશ્રયી છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ સંબંધે જાણવું. હે ભગવન્ ! જંઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળો મનુષ્ય જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ રસ અને સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. આભિનિબોકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન પર્યાય વડે અને બે દર્શન વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળા સંબંધે જાણવું. પરન્તુ સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન વડે છસ્થાન પતિત હોય છે. મધ્યમભાભિનિબોધિકજ્ઞાનવાળા ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળાની પેઠે જાણવા. પરન્તુ સ્થિતિ વડે ચઉસ્થાન પતિત અને સ્વસ્થાન-આભિનિબોધિક જ્ઞાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે પણ જાણવું.

હે ભગવન્ ! જઘન્યઅવધિ જ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્તપર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જઘન્યઅવધિજ્ઞાની મનુષ્ય જઘન્યઅવધિજ્ઞાની મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના અને સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે જ્ઞાન વડે છસ્થાન પતિત છે. અવધિજ્ઞાનપર્યાય વડે તુલ્ય, મનઃપર્યવ જ્ઞાનપર્યાય અને ત્રણ દર્શન વડે છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવધિજ્ઞાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધે જાણવું. મધ્યમઅવધિજ્ઞાની સંબંધે પણ એમજ સમજવું, પરન્તુ અવગાહના વડે ચતુઃસ્થાન પતિત અને સ્વસ્થાન-અવધિજ્ઞાનને આશ્રયી છસ્થાન પતિત છે. જેમ અવધિજ્ઞાની સંબંધે કહ્યું તેમ મનઃપર્યવજ્ઞાની સંબંધે કહેવું. પરન્તુ તે અવગાહના વડે ત્રિસ્થાન પતિત હોય છે. જેમ આભિનિબોધિકજ્ઞાની કહ્યા તેમ મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની કહેવા, જેમ અવધિજ્ઞાની કહ્યા તેમ વિભંગજ્ઞાની કહેવા. ચક્ષુદર્શની અને અચક્ષુદર્શની આભિનિબોધિક જ્ઞાનીની પેઠે અને અવધિદર્શની અવધિજ્ઞાની પેઠે જાણવા. પણ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી, અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી, પરન્તુ જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને હોય છે. હે ભગવન્ ! કેવલજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! કેવલજ્ઞાની મનુષ્ય કેવલજ્ઞાની મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહનાવડે ચતુઃસ્થાન પતિત, સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે છસ્થાન પતિત હોય છે. કેવલજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. એમ કેવલદર્શની મનુષ્ય સંબંધે કહેવું.

[૩૨૧] વ્યંતરો સંબંધે અસુરકુમારની પેઠે કહેવું. જ્યોતિષિક અને વૈમાનિકો સંબંધે એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત કહેવા.

[૩૨૨-૩૨૩] હે ભગવન્ ! અજીવપર્યાયો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! બે પ્રકારના છે. -રૂપીઅજીવપર્યાયો અને અરૂપીઅજીવપર્યાયો. હે ભગવન્ ! અરૂપીઅજીવ પર્યાયો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! દસ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ ધર્માસ્તિકાય, ૨ ધર્માસ્તિકાયનો દેશ, ૩ ધર્માસ્તિકાયના પ્રદેશો, ૪ અધર્માસ્તિકાય, ૫ અધર્માસ્તિ-કાયનો દેશ, ૬ અધર્માસ્તિકાયના પ્રદેશો, ૭ આકાશાસ્તિકાય, ૮ આકાશા સ્તિકાયનો દેશ, ૯ આકાશાસ્તિકાયના પ્રદેશો,અને ૧૦ અદ્ધાસમય હે ભગવન્ ! રૂપીઅજીવ-પર્યાયો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે- ૧ સ્કંધો, ૨ સ્કંધપ્રદેશો, ૩ સ્કંધપ્રદેશો અને ૪ પરમાણુપુદ્ગલો. હે ભગવન્ ! તે સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે ? હે ગૌતમ ! સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનન્તા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે 'સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી પણ અનન્તા છે' ? હે ગૌતમ ! અનન્ત પરમાણુ પુદ્ગલો છે, અનન્ત દ્વિપ્રદેશિક સ્કંધો છે, યાવતઅ-અનન્ત દસપ્રદેશિક સ્કંધો, અનન્ત સંખ્યાતપ્રદેશિક સ્કંધો, અનન્ત અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધો અને અનન્ત અનન્ત પ્રદે શિક સ્કન્ધો છે. તે હેતુથી એમ કહું છું કે પરમાણુપુદ્ગલો સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનન્તા છે.

[૩૨૪] હે ભગવન્ !પરમાણુપુદ્ગલોના કેટલા પર્યાયો છે ? હે ગૌતમ ! પરમાણુ-પુદ્ગલોના અનન્ત પર્યાયો છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ પરમાણુ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે કદાચ ન્યૂન, કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતગુણ ન્યૂન હોય કે અસંખ્યાત ગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, યાવત્ અસંખ્યાત ગુણ અધિક હોય. કાળાવર્ણપર્યાયવડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનન્તગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો ભાગ, અસંખ્યાતમો ભાગ, યાવત્ અનન્તગુણ અધિક હોય. એ પ્રમાણે તે પરમાણું બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયો વડે અને સ્પર્શમાં શીત, ઉષ્ણ સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે પણ છસ્થાન પતિત હોય છે. તે માટે હે ગૌતમ ! એમ કહું છું કે 'પરમાણુપુદ્ગલોના અનન્ત પર્યાયો કહ્યાં છે.' દ્વિપ્રદેશિક સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના રૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશઅધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય. વર્ણાદિ વડે અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત હોય. એ પ્રમાણે ત્રિપ્રદેશિક સ્કંધ સંબંધે જાણવું. પરન્તુ અવગાહના વડે કદાચ ન્યૂન, કદાચ તુલ્ય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય કે બે પ્રદેશ ન્યૂન હોય. જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય બે પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશિક સ્કંધ પર્યંત કહેવું. પરન્તુ અવગાહનામાં પ્રદેશની વૃદ્ધિ યાવત્ દશ પ્રદેશ સુધી કરવી. અને અવગાહના નવ પ્રદેશ ન્યૂન જાણવી. સંખ્યાતપ્રદેશિક સ્કંધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે. પ્રદેશરૂપે ન્યૂન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો સંખ્યાતમો ભાગ ન્યૂન હોય કે સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો એમજ હોય. અવગાહનારૂપે દ્વિસ્થાનપતિત હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય. વર્ણાદિ વડે તથા ઉપરના ચાપ સ્પર્શ પર્યાય વડે ષટ્સ્થાનપતિત હોય. અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે તથા ઉપરના ચાર સ્પર્શપર્યાય વડે છ સ્થાન પતિત હોય છે. અનન્તપ્રદેશિક સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેના અનન્ત પર્યાયો છે. હે ગૌતમ ! અનન્તપ્રદેશિક સ્કંધની અપેક્ષાએ દ્રવ્ય સ્વરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાનપતિત, અવગાહનારુપે ચતુઃસ્થાનપતિત, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાન પતિત છે. એક પ્રદેશાવગાઢ પુદ્ગલો સંબંધે પૃચ્છા.હે ગૌતમ ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે.હેગૌતમ ! એકપ્રદેશાવગાઢ પુદ્ગલ એકપ્રદેશા વગાઢ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશસ્વરૂપે છસ્થાન પતિત છે, અવ ગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે દ્વિપ્રદેશાવ ગાઢાદિ પુદ્ગલો સંબંધે જાણવું. સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો છે. હે ગૌતમ ! સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલ સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે.

અસંખ્યપ્રદેશાવગાઢ પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગોતમ ! અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલ અસંખ્યાતપ્રદેશાવગાઢ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલની અપેક્ષા એ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એક સમયસ્થિતિવાળા પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગોતમ ! એક સમયસ્થિતિવાળા પુદ્ગલ એક સમયસ્થિતિ વાળા પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહના રૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, અને વર્ણાદિ તથા આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે યાવત્ દસસમયસ્થિતિવાળા પુદ્ગલ સંબંધે જાણવું. સંખ્યાત સમયસ્થિતિવાળા સંબંધે એમજ જાણવું. પરંતુ તે સ્થિતિ વડે ચતુઃસ્થાન વડે દ્વિસ્થાન પતિત છે. અસંખ્યાત સમયસ્થિતિવાળા પુદ્ગલો સંબંધે એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. એક ગુણકાળા પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૈતમ ! એકગુણકાળા પુદ્ગલ એકગુણકાળા પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત, અવગાહવનારૂપે અને સ્થિતિ રૂપે ચતુઃસ્થાનપતતિ, કાળા વર્ણ પર્યાય વડે તુલ્ય, અને બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે દસગુણ કાળા પુદ્ગલો સંબંધે જાણવું. સંખ્યાતગુણ કાળા પુદ્ગલો સંબંધે એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન સંખ્યાયગુણ કાળાવર્ણને આશ્રીને દ્વિસ્થાનપતિત હોય છે. એ પ્રમાણે અસંખ્યાતગુણ કાળા વર્ણને આશ્રીને જાણવું. પરંતુ સ્વસ્થાનની અપેક્ષાએ ચતુ-સ્થાન પતિત હોય છે. એમ અનન્ત ગુણ કાળાપૂદ્ગલો સંબંધે જાણવું, પરન્તુ સ્વસ્થાન અનન્ત ગુણ કાળા વર્ણને આશ્રયી છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે જેમ કાળા વર્ણની વક્તવ્યતા કહી છે તેમ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની પણ વક્તવ્યતા યાવત્ અનન્તગુણ રૂક્ષ પુદ્ગલો સુધી કહેવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધો સંબંન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો દ્વિપ્રદેશિક સ્કંધ જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહના-રૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, કાળાવર્ણપર્યાય વડે, બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે છસ્થાન પતિત છે. તે માટે કહું છું કે જઘન્યઅવગા હનાવાળા દ્વિપ્રદેશિક પુદ્ગલોના અનન્ત પર્યાયો કહ્યા છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સંબંધે પણ એમજ સમજવું. મધ્યમઅવગાહના વાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ નથી. જઘન્યઅવગાહનાવાળા ત્રિપ્રદેશિક પુદ્ગલો સંબંન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જેમ જઘન્યઅવગાહના વાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ સંબંધે કહ્યું તેમ જાણવું. ઉત્કૃષ્ટ અગાહ નાવાળા સંબંન્ધે પણ એમજ સમજવું. એ પ્રમાણે મધ્યમઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કંધ સંબંન્ધે કહ્યું તેમ જાણવું. જઘન્યઅવગા હનાવાળા ચતુઃપ્રદેશિક પુદ્ગલો સંબંન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ જઘન્યઅવગા હનાવાળા દ્વિપ્રદેશિક સંબંન્ધે કહ્યું તેમ જઘન્ય અવગાહનાવાળા ચતુઃપ્રદેશિક સ્કન્ધ સંબંન્ધે પણ કહેવું. જેમ ઉત્કૃષ્ટઅવગાહનાવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ કહ્યો તેમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળો ચતુઃપ્રદેશિક સ્કન્ધ પણ કહેવો. એમ મધ્યમ અવગાહનાવાળો ચતુઃપ્રદેશિક સ્કન્ધ પણ જાણવો. પરન્તુ અવગાહના વડે કદાચ તુલ્ય

હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે યાવત્-દશ પ્રદેશિક સ્કન્ધ સુધી જાણવું. પરન્તુ મધ્યમ અવગાહના સંબંન્ધે પ્રદેશની વૃદ્ધિ કરવી. યાવદ્ -દસપ્રદેશિકને સાતપ્રદેશોની વૃદ્ધિ કરવી. જઘન્ય અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશિક પુદ્ગલો સંબંન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળો સંખ્યાત પ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થ- રૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે દ્વિસ્થાનપતિત છે, અવ ગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન-પતિત છે, વર્ણાદિ તથા ચાર સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ-અવગાહનાવાળા સ્કન્ધસંબન્ધે જાણવું. મધ્યમઅવગાહનાવાળા સ્કન્ધ સંબન્ધે એમ જ જાણવું. વસ્થાન-મધ્યમ અવગાહનાને આશ્રીને દ્વિસ્થાન પતિત છે.

જઘન્યઅવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળો અસંખ્યાત-પ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્ય રૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે ચતુઃસ્થાનપતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શો વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગા હનાવાળા સ્કન્ધ સંબન્ધે જાણવું. મધ્યમઅવગાહનાવાળા સ્કન્ધ સંબન્ધે પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન-મધ્યમ અવગાહનાને આશ્રીને ચતુઃસ્થાન પતિત છે. જઘન્ય અવગાહનાવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યઅવ ગાહનાવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહ નાવાળો સ્કન્ધ પણ એમજ જાણવો. પરન્તુ સ્થિતિ વડે તુલ્ય છે. મધ્યમ અવગાહના વાળા અનન્તપ્રદેશિક સ્કન્ધ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! મધ્યમ અવગાહનાવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ મધ્યમ અવગાહનાવાળા અનન્ત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ અને આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. જઘન્યસ્થિતિવાળા પરમાણુપુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો પરમાણુ પુદ્ગલ જઘન્યસ્થિતિવાળા પરમાણુપુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે, અવગાહ નારૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે. વર્ણાદિ અને બે સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પરમાણુ સંબન્ધે પણ જાણવું. મધ્યમસ્થિતિવાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિવડે ચતુઃસ્થાન પતિત હોય છે.

જઘન્યસ્થિતિવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્ય સ્થિતિવાલા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અધિક હોય તો પ્રદેશ અધિક અવગાહના હોય. સ્થિતિ વડે તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત હોય. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા સંબન્ધે જાણવું. મધ્યમસ્થિતિવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે યાવત્ -દશપ્રદેશિક સુધી જાણવું. પરન્તુ પ્રદેશની વૃદ્ધિ કરવી. અવગાહના વડે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ-એ ત્રણ પાઠમાં યાવત્ દશપ્રદેશિકને પ્રદેશની વૃદ્ધિ કરવી. જઘન્યસ્થિતિવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે દ્વિસ્થાન પતિત છે, અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા સંબન્ધે જાણવું. મધ્યમસ્થિતિવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. જઘન્યસ્થિતિ વાળા અસંખ્યાતપ્રદેશિક પુદ્ગલો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ. દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત હોય છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા સંબંધે જાણવું. મધ્યમસ્થિતિવાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્યસ્થિતિવાળા અનંત પ્રદેશિક સ્કન્ધો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિ વાળા અનન્ત પ્રદેશિક સ્કન્ધ ની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ તથા આઠ સ્પર્શવડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા સંબન્ધે જાણવું. મધ્યમ સ્થિતિવાળા સંબન્ધે એમજ જાણવું, પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્યકાળાવર્ણવાળા પરમાણુ પુદ્ગલ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્ય કાળાવર્ણ વાળો પુદ્ગલપરમાણુ જઘન્યકાળાવર્ણવાળા પરમાણુપુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. કાળા વર્ણ પર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણો નથી. ગંધ, રસ અને બે સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળા પરમાણુ સંબન્ધે જાણવું. મધ્યમકાળા વર્ણ વાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે.

જઘન્યકાળાવર્ણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યકાળા વર્ણવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્ય કાળાવર્ણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે. અવગાહના વડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય અને બાકીના વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શવડે છસ્થાનપતિત હોય છે. એમ ઉત્કૃષ્ટકાળાવર્ણવાળા સંબન્ધે જાણવું. મધ્યમકાળાવર્ણવાળા સંબન્ધે એમજ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરન્તુ સ્વસ્થાન- ને આશ્રીને છસ્થાનપતિત હોય છે. એ પ્રમાણે યાવત્ દશપ્રદેશિક સ્કન્ધ સુધી જાણવું. પરન્તુ અવગાહનામાં તે પ્રમાણેજ પ્રદેશની વૃદ્ધિ કરવી. જઘન્ય કાળાવર્ણવાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધો પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યકાળાવર્ણવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્ય કાળાવર્ણ વાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહના રૂપે દ્વિસ્થાનપતિત છે, સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે અને બાકીના વર્ણાદિ વડે તથા ઉપરના ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળા સંબન્ધે જાણવું. મધ્યમકાળાવર્ણવાળા સંબન્ધે એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી ષટ્સ્થાનપતિત હોય છે. જઘન્યકાળાવર્ણવાળા અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે જઘન્યકાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધના અનન્ત પર્યાયો છે ? હે ગૌતમ!જઘન્યકાળાવર્ણવાળો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળા વર્ણવાળા અસં-ખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને સ્થિતિરૂપે ચતુઃ સ્થાનપતિત છે, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે અને બાકીના વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળા સંબન્ધે જાણવું. મધ્યમકાળાવર્ણવાળા સંબન્ધે એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાનપતિત હોય છે. જઘન્યકાળાવર્ણવાળા અનંત પ્રદેશિક પુદ્ગલો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ!તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે.હે ગૌતમ ! જઘન્ય કાળાવર્ણવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળાવર્ણવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃ સ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળા વર્ણવાળા માટે પણ સમજવું. મધ્યમગુણ કાળાવર્ણવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત છે. એ પ્રમાણે નીલ રાતા, પીળા, ધોળા, સુરભિ ગંધ, તિક્ત કટુ કષાય અમ્લ અને મધુરરસપર્યાય વડે વક્તવ્યતા કહેવી. પરન્તુ સુરભિગંધવાળા પરમાણુપુદ્ગલને દુરભિગંધ ન કહેવો અને દુરભિગંધવાળાને સુર-ભિગંધ ન કહેવો. તિક્તને બાકીના રસ ના કહેવાં. એ પ્રમાણે કટુકાદિ સંબન્ધે પણ સમજવું. બાકીના બધું તેજ પ્રમાણે જાણવું.

જઘન્યકર્કશગુણવાળા અનંતપ્રદેશિક સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યકર્કશગુણવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્ય કર્કશ ગુણવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છ સ્થાન પતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, અને રસ વડે છસ્થાન પતિત છે. કર્કશસ્પર્શપર્યાય વડે તુલ્ય છે અને બાકીના સાત સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકર્કશગુણવાળા સંબંધે જાણવું. મધ્યમ-કર્કશ ગુણવાળા સંબંધે એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ છસ્થાન પતિત હોય છે. એમ મૃદુ, ગુરુ, અને લઘુ સ્પર્શ સંબંધે પણ કહેવું. જઘન્ય શીતગુણવાળા પરમાણુપુદ્ગલ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યશીતગુણવાળો પરમાણુ જઘન્યશીત ગુણવાળા પરમાણુની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણ, ગંધ અને રસ વડે છસ્થાન પતિત છે, શીત સ્પર્શ વડે તુલ્ય છે. ઉષ્ણ સ્પર્શ હોતા નથી. સ્નિગ્ધ અને રૂક્ષસ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતસ્પર્શવાળા સંબંધે જાણવું. મધ્યમશીતગુણવાળા સંબંધે પણ એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યશીતગુણ વાળા દ્વિપ્રદેશિક પુદ્ગલો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યશીતગુણવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના વડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય, અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે, વર્ણ, ગંધ અને રસપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. શીત સ્પર્શ વડે તુલ્ય હોય છે. ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતગુણવાળા સંબન્ધે જાણવું. મધ્યમશીતગુણવાળા સંબન્ધે પણ એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એમ યાવત્ દશ પ્રદેશિક સ્કન્ધ સુધી જાણવું, પરન્તુ અવગાહના વડે પ્રદેશની વૃદ્ધિ કરવી. યાવત્ દશ પ્રદેશિતને નવ પ્રદેશોની વૃદ્ધિ કરવી. જઘન્યશીતગુણવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યશીત ગુણવાળો સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણ વાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહના રૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ વડે છસ્થાન પતિત છે, શીતસ્પર્શપર્યાય વડે તુલ્ય છે, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતગુણવાળા સંબન્ધે જાણવું.મધ્યશીતગુણવાળા સંબંધે એમજ સમ જવું, પરન્તુસ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે.

જઘન્યશીતગુણવાળા અસંખ્યાતપ્રદેશિક પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યશીતગુણવાળો અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે,અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુ-સ્થાન પતિત છે. વર્ણાદિપર્યાય વડે છસ્થાન પતિત છે. શીતસ્પર્શપર્યાય વડે તુલ્ય છે અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શ પર્યાય વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતસ્પર્શવાળા સંબંધે જાણવું. મધ્યમ શીતસ્પર્શવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાન આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યશીતગુણવાળા અનંતપ્રદેશિક પુદ્ગલો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યશીતગુણવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે. અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત હોય છે. વર્ણાદિપર્યાય વડે છસ્થાન પતિત છે, શીતસ્પર્શ વડે તુલ્ય છે, બાકીના સાત સ્પર્શપર્યાય વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીત સ્પર્શવાળા સંબન્ધે જાણવું. મધ્યમશીત સ્પર્શવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. એ પ્રમાણે જેમ શીતસ્પર્શ સંબન્ધે કહ્યું તેમ ઉષ્ણ,સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શ સંબન્ધે જાણવું. પરમાણુપુદ્ગલ સંબન્ધે તેમજ સમજવું. પરન્તુ સર્વ પરમાણુઓને પ્રતિપક્ષ વર્ણાદિ ન કહેવા.

[૩૨૫] જઘન્યપ્રદેશવાળો સ્કન્ધો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યપ્રદેશવાળો સ્કન્ધ જઘન્યપ્રદેશવાળા સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. વર્ણ, ગંધ, રસ અને ઉપરના ચાર સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કન્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! ઉત્કૃષ્ટપ્રદેશવાળો સ્કન્ધ ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહ નારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે તથા આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. મધ્યમપ્રદેશપરિમાણવાળા સ્કન્ધોને કેટલા પર્યાયો કહ્યા છે ?હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! મધ્યમ પ્રદેશવાળો સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે,પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃ સ્થાન પતિત છે અને વર્ણાદિ અને આઠ સ્પર્શપર્યાયો વડે છસ્થાન પતિત છે. જઘન્ય અવગાહનાવાળા પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યઅવગાહનાવાળું પુદ્ગલદ્રવ્ય જઘન્યઅવગાહનાવાળા પુદ્ગલદ્રવ્ય ની અપેક્ષા એ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, અને સ્થિતિરૂપે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સંબંધે પણ એમજ જાણવું. પણ સ્થિતિ વડે તુલ્ય છે. હે ભગવન્ ! અજઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા પુદ્ગલો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો છે. હે ગૌતમ ! અજઘન્યઅનુત્કષ્ટઅવગાહનાવાળો પુદ્ગલ સ્કન્ધ અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળા પુદ્ગલસ્કન્ધની અપેક્ષાએ દ્રવ્ય સ્વરૂપે તુલ્ય છે, પ્રદેશસ્વરૂપે છસ્થાનપતિત છે, અવગાહના વડે ચતુઃસ્થાનપતિત છે અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. જઘન્યસ્થિતિવાળા પુદ્ગલો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળું પુદ્ગલદ્રવ્ય જઘન્યસ્થિતિવાળા પુદ્ગલ દ્રવ્યની અપે ક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે,પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃ સ્થાન પતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ અને આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા પુદ્ગલો સંબંધે જાણવું. મધ્યમસ્થિતિવાળા સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય છે. જઘન્ય કાળાવર્ણ વાળા સંબંધે સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ગૌતમ ! જઘન્યકાળાવર્ણવાળું પુદ્ગલદ્રવ્ય જઘન્યકાળા વર્ણવાળા પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાનપતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃ સ્થાનપતિત છે, કાળાવર્ણપર્યાયો વડે તુલ્ય છે, બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટકાળા વર્ણવાળા સંબંધે જાણવું. મધ્યમકાળા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણવાળા સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાનપતિત હોય છે. એ પ્રમાણે જેમ કાળાવર્ણ પર્યાયોની વક્તવ્યતા કહી તેમ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વક્તવ્યતા કહેવી, યાવત્ - મધ્યમરુક્ષ સ્વસ્થાનને આશ્રયી છસ્થાનપતિત હોય છે. એમ અજીવપર્યાયો કહ્યા.

**પદઃ૫ ની દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદઃ ૬ વ્યુત્ક્રાન્તિ

[૩૨૬]બારમુહૂર્ત અને ચોવીશમુહૂર્તનો ઉપપાત અને ઉદ્વર્તના-મરણને આશ્રયી વિરહકાળ, -સાન્તર ઉત્પન્ન થાય કે નિરંતર ઉત્પન્ન થાય ? -એકસમયમાં કેટલા ઉપજે અને મરણ પામે, ક્યાંથી આવીને ઉપજે ? ઉદ્વર્તના -પામીને ક્યાં ઉત્પન્ન થાય ? પરભવિકાયુષ ક્યારે બંધાય ? અને આયુષના બંધ સંબંધે આઠ આકર્ષો-એ આ છઠ્ઠા પદમાં કહેવાના છે.

[૩૨૭] હે ભગવન્ ! નરકગતિ કેટલા કાળ સુધી નારક જીવોની ઉત્પત્તિ રહિત કહેલી છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત. હે ભગવન્ ! તિર્યંચ-ગતિ કેટલા કાળ સુધી જીવની ઉત્પત્તિ રહિત કહેલી છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત. હે ભગવન્ ! મનુષ્યગતિ કેટલા કાળ સુધી જીવોની ઉત્પત્તિ રહિત છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી બાર મુહૂર્ત છે. દેવગતિ કેટલા કાળ સુધી જીવોની ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી બાર મુહૂર્ત. હે ભગવન્ ! સિદ્ધિગતિ કેટલા કાળ સુધી જીવોની સિદ્ધિ વડે રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી છ માસ હોય છે.હે ભગવન્!નરકગતિ કેટલા કાળસુધી ઉદ્વર્તના-મરણ વડે રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી બાર મુહૂર્ત હે ભગવન્ ! તિર્યંચગતિ કેટલા કાળ સુધી મરણ વડે રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃર્ષથી બાર મુહૂર્ત. હે ભગવન્ ! મનુષ્યગતિ કેટલા કાળ સુધી ઉદ્વર્તના રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત. હે ભગવન્ ! દેવગતિ કેટલા કાળ સુધી ઉદ્વર્તના- રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત .

[૩૨૮] હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત હે ભગવન્ ! શર્કરાપ્રભાપૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કર્ષથી સાત રાત્રિદિવસ. હે ભગવન્ ! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અર્ધ માસ. હે ભગવન્ ! પંકપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ એક માસ. હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી બે માસ. હે ભગવન્ ! તમઃપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચાર માસ. હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ. હે ભગવન્ ! અસુરકુમારો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત. હે ભગવન્ ! નાગકુમારો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત. એ પ્રમાણે સુવર્ણકુમારો, યાવત્ સ્તનિતકુમારો પ્રત્યેક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત સુધી ઉત્પત્તિ રહિત હોય છે.

હે ભગવન્ ! પૃથિવીકાયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! પ્રતિસમય ઉત્પત્તિથી અવિરહિત છે. એ પ્રમાણે અપ્કાયિકો, યાવત્ વનસ્પતિકાયિકો પણ પ્રતિસમય નિરંતર ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! બેઇન્દ્રિયો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો જાણવા. હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત. હે ભગવન્ ! સંમૂર્છિમ મનુષ્યો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત. હે ભગવન્ ! ગર્ભજ મનુષ્યો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત. વ્યન્તરો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત. જ્યોતિષિક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત.

હે ભગવન્ ! સૌધર્મ કલ્પમાં દેવો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી ચોવીશ મુહૂર્ત. ઈશાન કલ્પમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત. સનત્કુમાર કલ્પમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ નવ રાત્રિદિવસ અને વીશ મુહૂર્ત. માહેન્દ્ર કલ્પમાં દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર રાત્રિદિવસ અને દસ મુહૂર્ત. બ્રહ્મલોકના દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાડીબાવીશ રાત્રિદિવસ. લાંતકમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પીસતાલીશ રાત્રિદિવસ. મહાશુક્ર માં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક દિવસ અને ઉત્કૃષ્ટ એંશી રાત્રિદિવસ. સહસ્રારમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સો રાત્રિ દિવસ. આનત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા માસ. પ્રાણત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા માસ. આરણ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ. અચ્યુત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વરસ. નીચેના ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા સેંકડો વરસ. મધ્યમ ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વરસ.ઉપરના ગ્રૈવેયક દેવો સંબંધે પૃચ્છા.હેગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા લાખ વર્ષ વિજય, વૈજયન્ત, જયન્ત અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપરાજિત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ. સર્વાર્થસિદ્ધ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ. હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાળ સુધી સિદ્ધિ વડે વિરહિત છે-? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ.

[૩૨૯] રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉદ્વર્તના-મરણ રહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત. એ પ્રમાણે સિદ્ધ સિવાય બાકીના જીવોની ઉદ્વર્તના યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવી. યાવત્-જ્યોતિષિક અને વૈમાનિકોને ઉદ્ધર્તનના બદલે ચ્યવન સંબન્ધે પાઠ કહેવો.

[૩૩૦]હે ભગવન્!નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાયછે કે નિરંતર ઉત્પન્ન થાયછે ? હે ગૌતમ ! બંને રીતે. છે. હે ભગવન્ ! તિર્યંચયોનિકો સાન્તર ઉપજે છે કે નિરન્તર ઉપજે છે ? હે ગૌતમ ! બંને રીતે. હે ભગવન્ ! મનુષ્યો સાન્તર ઉપજે છે કે નિરન્તર ઉપજે છે ? હે ગૌતમ ! બંને રીતે. હે ભગવન્ ! દેવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ !બંને રીતે હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ? બંને રીતે, એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! અસુરકુમાર દેવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ !બંને રીતે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવી કાયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! સાન્તર ઉત્પન્ન થતા નથી, પણ નિરંતર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્ ! બેઇન્દ્રિયો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! બંને રીતે. એ પ્રમાણે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી જાણવું.એ પ્રમાણે વ્યન્તર, જ્યોતિષિક, ઈશાન, સનત્કુમાર યાવત્ સર્વાર્થસિદ્ધ દેવો સાન્તરમ્ પણ ઉપજે અને નિરંતર પણ ઉપજે. હે ભગવન્ સિદ્ધો સાન્તર સિદ્ધ થાય છે કે નિરંતર સિદ્ધ થાય છે ? હે ગૌતમ ! સાન્તર પણ સિદ્ધ થાય છે અને નિરંતર પણ સિદ્ધ થાય છે.

[૩૩૧]હે ભગવન્!નૈરયિકો સાન્તર ઉદ્વર્તે છે-મરણ પામે છે કે નિરંતર ઉદ્વર્તેછે ? હે ગૌતમ ! સાન્તર પણ ઉદ્વર્તે છે અને નિરંતર પણ ઉદ્વર્તે છે. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો તેમ ઉદ્વર્તના પણ સિદ્ધ સિવાય યાવત્ વૈમાનિકો સુધી કહેવી. પરન્તુ જ્યોતિષિક અને વૈમાનિકો વિષે ચ્યવન સંબન્ધે પાઠ કહેવો.

[૩૩૨] હે ભગવન્ ! નૈરયિકો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! અસુરકુમારો એક સમય માં કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.એ પ્રમાણે નાગકુમારો યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પ્રતિસમય અવિરહિતપણે અસંખ્યાત ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ વાયુકાયિક સુધી જાણવું. હે ભગવન્ ! વનસ્પતિકાયિકો એક કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સ્વસ્થાન સંબંધી ઉપપાતને આશ્રયી પ્રતિસમય નિરંતર અનન્તા ઉત્પન્ન થાય છે પરસ્થાન સંબંધી ઉપપાતને આશ્રયી નિરન્તરઅસંખ્યાતા ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! બેઇન્દ્રિયો એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે જાણવું.સંમૂર્છિમપંચેન્દ્રિય તિર્યંચો,ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંમૂર્છિમ મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ,યાવત્ અને સહસ્રાર કલ્પના દેવો નૈરયિકોની પેઠે જાણવા. ગર્ભજ મનુષ્યો, આનત, પ્રાણત, અનુત્તરૌપપાતિક દેવો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃ-ષ્ર્થી સંખ્યાતા ઉત્પન્ન થાય છે, પણ અસંખ્યાતા ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! સિદ્ધો એક સમયે કેટલા સિદ્ધ થાય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃર્ષથી એકસો આઠ સિદ્ધ થાય છે.

[૩૩૩] હે ભગવાન્ ! નૈરયિકો એક સમયે કેટલા ઉદ્વર્તે છે-મરણ પામે છે ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા કે અસંખ્યાતા મરણ પામે છે. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો તેમ ઉદ્વર્તના પણ સિદ્ધ સિવાય યાવત્-અનુત્તરૌપપાતિક સુધી કહેવી. પરન્તુ જ્યોતિષિક અને વૈમાનિકોને ચ્યવન વડે પાઠ કહેવો.

[૩૩૪] હે ભગવન્ ! નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નૈરયિકો નરકથી આવી ઉત્પન્ન થતા નથી, તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે, મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે, દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો કયા તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, ? હે ગૌતમ ! એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે. જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો કયા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, ? હે ગૌતમ ! જલચર, સ્થલચર અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય. જો જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ થી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ અને ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત કે અપર્યાપ્ત સંમૂર્ચ્છિમથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલ ચરથી આવી ન ઉત્પન્ન થાય. જો ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત કે અપર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ન ઉત્પન્ન થાય. જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય કે પરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય અને પરિસર્પ સ્થલચરથી પણ આવી ઉત્પન્ન થાય.

જો ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂચ્છિમથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બંને થી. જો સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવી ઉત્પન્ન થાય તો સંખ્યાતા વરસના અસંખ્યાત વરસના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષવાળાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસના આયુષવાળાથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્ય વરસના આયુષવાળાથી આવી ન ઉત્પન્ન થાય. જો સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય

જો પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું ઉરપપિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય કે ભુજપરિસર્પથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી જો ઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બંનેથી. જો સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તા સંમૂર્છિમ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તા સંમૂર્છિમ ઉપરિસર્પથી આવી ન ઉત્પન્ન થાય. જો ગર્ભજઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો સંમૂર્છિમથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી જો સંમૂર્છિમ ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તથી કે અપ ર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તથી આવી ઉત્પન્ન થાય, પણ અપ ર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજ ભુજપરિસર્પ સ્થલચર પંચેનદ્રિરિય તિર્ય ચોથી આવી ઉત્પન્ન થાય તો પર્યાપ્તાથી આવી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ કે ગર્ભજ, ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી. જો સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય પણ અપર્યાપ્તાથી આવી ન ઉત્પન્ન થાય.

જો પર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યા તા વરસના કે અસંખ્યાતા વરસના આયુષવાળાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસ ના આયુષવાળાથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વરસના આયુષવાળાથી આવી ન ઉત્પન્ન થાય. જો સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ મનુષ્યોથી કે ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સંમૂર્છિમ મનુષ્યોથી આવી ન ઉત્પન્ન થાય, પણ ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્નથાય. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના, અકર્મભૂમિના કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અકર્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂમિના કે અંતરદ્વીરના ગર્ભજ મનુષ્યોથી આવી ન ઉત્પન્ન થાય. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વરસના આયુષવાળા કે અસંખ્યાતા વરસના આયુષવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વરસના આયુષવળા કર્મભૂમિના મનુષ્યોથી આવી ન ઉત્પન્ન થાય. જો સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે જેમ સામાન્ય નૈરયિકોનો ઉપપાત કહ્યો તેમ રત્નપ્રભાપૃથિવીના નૈરયિકોનો પણ ઉપપાત કહેવો. શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ સામાન્ય નૈરયિકોનો ઉપપાત કહ્યો તેમ ઉપપાત કહેવો. પરંતુ સંમૂર્છિમનો નિષેધ કરવો.

હે ભગવન્ ! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો કહ્યા તેમ કહેવા. પરંતુ ભુજપરિસર્પોનો પ્રતિષેધ કરવો પંકપ્રભાપૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો પેઠે જાણવા. પરંતુ ખેચરોથી આવી ઉત્પન્ન થતા નથી. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! પંકપ્રભાપૃથિવીના નૈરયિકો સંબંધે કહ્યું તેમ કહેવું, પરંતુ ચતુષ્પદોનો પ્રતિષેધ કરવો, હે ભગવન્ ! તમાપૃથિવીના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જેમ ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો કહ્યા તેમ કહેવા. પરંતુ સ્થલચરોથી આવી ઉત્પન્ન થતા નથી.-"જો પંચેન્દ્રિયતિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચર પંચેન્દ્રિયોથી, સ્થલચર પંચેન્દ્રિયોથી કે ખેચર પંચેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જલચર અને ખેચર પંચેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થતા નથી. જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના, અકર્મભૂમિના કે અન્તર દ્વીપના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અકર્મભૂમિના કે અન્તરદ્વીપના મનુષ્યોથી આવી ન ઉત્પન્ન થાય. ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ જો પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સ્ત્રીઓ, પુરુષો કે નપુંસકોથી આવીઉત્પન્નથાય ? હે ગૌતમ ! સ્ત્રીઓ, પુરુષો કે નપુંસકોથી પણ આવી ઉત્પન્ન થાય. હે ભગવન્ ! અધઃ સપ્તમી નરકપૃથિવીના નૈરયિકોમાં ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એમજ જાણવું. પરંતુ સ્ત્રીનો પ્રતિષેધ કરવો. એટલે સ્ત્રીથી આવી ઉત્પન્ન થતી નથી.

[૩૩૫-૩૩૬] અસંજ્ઞી પ્રથમ નરક પર્યંત, સરીસૃપો-ભુજપરિસર્પ બીજી સુધી, પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહો ચોથી નરક સુધી, ઉરઃપરિસર્પો પાંચમી નરક સુધી, સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી અને મત્સ્યો તથા મનુષ્યો સાતમી નરક સુધી જાય છે. આ નરકપૃથિવીઓનો ઉત્કૃષ્ટ ઉપપાત જાણવો."

[૩૩૭] હે ભગવન્ ! અસુરકુમારો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તિર્યંચો અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે નૈરયિકોનો ઉપપાત ની જેમ અસુરકુમારોનો પણ ઉપપાત કહેવો. પરંતુ અસંખ્યાત વરસના આયુષ વાળા અકર્મ ભૂમિના કે અન્તરદ્વીપના મનુષ્યો અને તિર્યંચોથી પણ આવી ઉત્પન્ન થાય છે. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે યાવત્-સ્તનિતકુમાર સુધી કહેવું.

[૩૩૮] હે ભગવન્ ! પૃથિવીકાયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોથી આવી ન ઉત્પન્ન થાય, પણ તિર્યંચો, મનુષ્યો કે દેવોથી આવી ઉત્પન્ન થાય. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચોથી કે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય, યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોથી પણ આવી ઉત્પન્ન થાય. જો એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પૃથિવીકાયિકોથી કે યાવત્- વનસ્પતિ કાયિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પૃથિવીકાયિકોથી પણ આવી ઉત્પન્ન થાય કે યાવત્-વનસ્પતિકાયિકોથી આવી ઉત્પન્ન થાય ? જો પૃથિ વીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સૂક્ષ્મ કે બાદર પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો સૂક્ષ્મ પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી ? હે ગૌતમ ! બન્નેથી. જો બાદર પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી ? હે ગૌતમ ! બન્નેથી . એ પ્રમાણે યાવત્- વનસ્પતિ કાયિકો સુધી ચાર ભેદો વડે ઉપપાત કહેવો.

જો બેઇન્દ્રિયો તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત બેઇન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્ત બેઇન્દ્રિયોથી ? હે ગૌતમ ! બન્નેથી. એ પ્રમાણે તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય છે. જો પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય ?- ઇત્યાદિ જેઓથી નૈરયિકોનો ઉપપાત કહ્યો છે તેઓથી એ પૃથિવીકાયિકોનો પણ ઉપપાત કહેવો. પરંતુ એટલી વિશેષતાછે કે પર્યાપ્તા અને અપર્યાપ્તા બન્નેથી આવી ઉત્પન્ન થાય છે. જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂચ્છિંમ કે ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના કે અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય-ઇત્યાદિ બાકી બધું નૈરયિકો સંબન્ધે કહ્યું તેમ કહેવું. પરન્તુ અપર્યાપ્તાથી પણ ઉત્પન્ન થાય છે જો દેવોથી આવી ઉત્પન્ન થાય તો કયા દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ભવનવાસી દેવોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્-વૈમાનિક દેવોથી પણ આવી ઉત્પન્ન થાય. જો ભવનવાસી દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોથી આવી ઉત્પન્ન થાય ક યાવત્ સ્તનિતકુમારોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે સર્વેથી. જો વ્યન્તર દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું પિશાચોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-ગાંધર્વોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ !તે સર્વેથી. જો જ્યોતિષિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું ચન્દ્રવિમાનના દેવોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-તારાવિમાનના દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે સર્વેથી. જો વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય કે કલ્પાતીત વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કલ્પોપન્નક વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય, પણ કલ્પાતીતથી જો કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું સૌધર્મથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-અચ્યુતથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સૌધર્મ અને


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈશાનથી આવી ઉત્પન્ન થાય, પણ સનત્કુમાર, યાવત્-અચ્યુતથી આવી ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે અપ્કાયિકો તેજસ્કાયિકો અને વાયુકાયિકો જાણવા. પરન્તુ તેઓ દેવ સિવાય બાકીના જીવોથી આવી ઉત્પન્ન થાય છે. વનસ્પતિકાયિકો પૃથિવીકાયિકોની પેઠે જાણવા.

[૩૩૯] બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉન્દ્રિયો તેજસ્કાય અને વાયુકાયની પેઠે દેવ સિવાયના જીવોથી આવી ઉત્પન્ન થાય છે એમ કહેવું.

[૩૪૦] હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોથી યાવત્-દેવોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નૈરયિકોથી, તિર્યંચોથી, મનુષ્યોથી અને દેવોથી પણ આવી ઉત્પન્ન થાય છે. જો નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી યાવત્-અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે સર્વેથી. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયોથી તે પાંચેથી. કે યાવત્-પંચેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જો એકેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય તો શું પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય ઇત્યાદિ જેમ પૃથિવીકાયિકોનો ઉપપાત કહ્યો તેમ એ પંચેન્દ્રિય તિર્યંચોનો પણ કહેવો, પરન્તુ વિશેષ એ છે કે તેમાં,સૌધર્મ યાવત્ સહસ્રાર કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય પણ આનત યાવત્ અચ્યુત કલ્પોપન્નક દેવોથી આવી ઉત્પન્ન ન થાય .

[૩૪૧] હે ભગવન્ ! મનુષ્યો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? શું નૈરયિકોથી, યાવત્ દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોથી, યાવત્ દેવોથી પણ આવી ઉત્પન્ન થાય છે. જો નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય તો કયા નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! રત્નપ્રભા યાવત્ તમાપૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે. પરન્તુ અધઃસપ્તન પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ થાય-ઇત્યાદિ જેમ જે.જીવોથી આવી પંચેન્દ્રિય તિર્યંચોનો ઉપપાત કહ્યો છે તેમ તે જીવોથી આવી મનુષ્યોનો પણ સર્વ પ્રકારે ઉપપાત કહેવો. પરન્તુ અધઃસપ્તમ નરકપૃથિ વીના નૈરયિકોથી તથા તેજસ્કાય અને વાયુકાયથી આવી મનુષ્યો ઉત્પન્ન થતા નથી. તથા સર્વ દેવોથી ઉપપાત કહેવો,

[૩૪૨] હે ભગવન્ ! વ્યન્તર દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! અસુરકુમારો ની જેમ જ આવીને વ્યન્તરો ઉત્પન્ન થાય છે એમ કહેવું.

[૩૪૩] હે ભગવન્ ! જ્યોતિષિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! એમજ જાણવું. પરન્તુ સંમૂર્છિમ અને અસંખ્યાતા વરસના આયુષ વાળા ખેચર પંચેન્દ્રિય તિર્યંચો તથા અન્તર દ્વીપના મનુષ્યો સિવાય કથન કરવું.

[૩૪૪] હે ભગવન્ ! વૈમાનિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સૌધર્મ અને ઈશાન દેવો પણ કહેવા. સનત્કુમાર દેવો સંબંધે પણ એમજ કહેવું, પરન્તુ અસંખ્યાત વરસના આયુષ વાળા અકર્મભૂમિ સિવાયના બીજા (પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોથી) આવી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્-સહસ્રાર કલ્પોપપન્ન વૈમાનિક દેવો સુધી કહેવું. હે ભગવન્ ! આનત દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોથી કે ગર્ભજમનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! સંમૂર્થચ્છિમ મનુષ્યોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ ગર્ભજ મનુષ્યથી આવી ઉત્પન્ન થાય છે. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તોશુંકર્મભૂમિના,અકર્મભૂમિના કે અંતરદ્વિપના ગર્ભજ મનુષ્યોથીઆવીઉત્પન્નથાય ? હે ગૌતમ ! ફકત કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા કે અસંખ્યાતા વરસના આયુષ વાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે, પણ અસંખ્યાતા વરસના આયુષ વાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થતા નથી.

જો સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તા થી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સમ્ય-ગ્દૃષ્ટિથી સમ્યગ્મિયાદૃષ્ટિથી કે મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સમ્ય-ગ્દૃષ્ટિથી કે મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય, પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન ન થાય. જો સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંયત સમ્યગ્દૃષ્ટિથી, અસંયત સમ્યગ્દૃષ્ટિ થી કે સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ત્રણેથી. એ પ્રમાણે અચ્યુત કલ્પ સુધી જાણવું. ગ્રૈવેયક દેવો પણ એમજ જાણવા. પરંતુ સમ્યગ્દૃષ્ટિ અસંયત અને સંયતાસંયતનો પ્રતિષેધ કરવો. જેમ ગ્રૈવેયક દેવો કહ્યા તેમ અનુત્તરૌપપાતિક દેવો પણ સમજવા. પરંતુ એટલો વિશેષ છે કે અહીં સંયતો જ આવી ઉપજે છે. જો સમ્યગ્દૃષ્ટિ સંયત પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો થી આવી ઉત્પન્ન થાય તો શું પ્રમત્ત સંયતથી કે અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય, પરંતુ પ્રમત્ત સંયમતથી આવી ઉત્પન્ન ન થાય. જો અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય તો શું ઋદ્ધિપ્રાપ્ત સંયતથી કે ઋદ્ધિ અપ્રાપ્ત સંયતથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેથી આવી ઉત્પન્ન થાય.

[૩૪૫] હે ભગવન્ ! નૈરયિકો ઉદ્વર્તના કરી-મરણ પામી તુરત ક્યાં જાય-ક્યાં ઉત્પન્ન થાય ?શું નૈરયિકોમાં,તિર્યંચોમાં,મનુષ્યોમાં કે દેવોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોમાં ન ઉત્પન્ન થાય, તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને દેવોમાં ન ઉત્પન્ન થાય. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એકેન્દ્રિયોમાં ન ઉત્પન્ન થાય, યાવત્-ચઉરિન્દ્રિયોમાં ન ઉત્પન્ન થાય-ઇત્યાદિ જ્યાંથી આવી નારકોનો ઉપપાત કહ્યો છે તેને વિશે ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ સંમૂર્છિમોમાં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સર્વ નરક પૃથિવીઓમાં કહેવું. પણ સાતમી નરકપૃથિવીથી નીકળી મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી.

[૩૪૬] હે ભગવન્ ! અસુરકુમારો ઉદ્વર્તના કરી ક્યાં જાય ક્યાં ઉત્પન્નથાય હે ગૌતમ ! નૈરયિકોમાં ઉપજતા નથી, તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. અને દેવોમાં ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય કે યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એકેન્દ્રિ યોમાં ઉત્પન્ન થાય છે, પરન્તુ બેઈન્દ્રિયો, યાવત્-ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. જો એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય તો શું પૃથિવી- કાયિક એકેન્દ્રિયોમાં કેયાવત્ વનસ્પતિકાયિકએકેન્દ્રિયોમાંઉત્પન્નથાય ? હે ગૌતમ ! પૃથિવીકાયિક એકેન્દ્રિયોમાં અને અપ્કાયિક એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે, પણ તેજસ્કાયિક અને વાયુકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. અને વનસ્પતિ કાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. જો પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો શું સૂક્ષ્મ માં કે બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય, પણ સૂક્ષ્મ પૃથિવીકાયિકમાં ન ઉત્પન્ન થાય. જો બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા કે અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્તામાં ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તામાં ન ઉત્પન્ન થાય. એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિ કાયિકને પણ કહેવું. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને વિશે જેમ નૈરયિકોની સંમૂર્છિમ સિવાય અન્યમાં ઉદ્વર્તના કહી તેમ અસુરકુમારોની પણ કહેવી. એ પ્રમાણે સ્તનિત કુમાર સુધી જાણવું.

[૩૪૭] હે ભગવન્ ! પૃથિવીકાયિકો ઉદ્વર્તના કરી-ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોમાં ન ઉત્પન્ન થાય, તિર્યંચયોનિક અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય, અને દેવોમાં ન ઉત્પન્ન થાય. જેમ પૃથિવીકાયિકોનો ઉપપાત કહ્યો છે તેમ ઉદ્વર્તના પણ દેવસિવાય કહેવી. એ પ્રમાણે અપ્કાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ કહેવા. તેજસ્કાય અને વાયુકાય માટે એમજ જાણવું. પરન્તુ મનુષ્ય સિવાય બીજાને વિશે ઉત્પન્ન થાય.

[૩૪૮] હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો મરીને તુરત ક્યાં જાય-ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોમાં , યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય. જો નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય કે યાવત્ સાતમી નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ સાતે નરકમાં. ઉત્પન્ન થાય. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયમાં કે યાવત્-પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પાંચેમાં.-ઈત્યાદિ જેમ એઓનો ઉપપાત કહ્યો છે તેમ ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ એઓ અસંખ્યાત વરસના આયુષવાળા તિર્યંચોમાં પણ ઉત્પન્ન થાય છે. જો મનુષ્યોમાં ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ કે ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્નેમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો છે તેમ ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ અકર્મભૂમિના અને અન્તર દ્વીપના અસંખ્યાત વરસના આયુવાળા મનુષ્યોમાં પણ ઉત્પન્ન થાય છે એમ કહેવું. જો દેવોમાં ઉત્પન્ન થાય તો શું ભવનપતિમાં ઉત્પન્ન થાય કે યાવત્ વૈમાનિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બધામાં. જો ભવનપતિમાં ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોમાં કે યાવત્ સ્તનિતકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બધામાં. એ પ્રમાણે વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં સહસ્રારકલ્પ સુધી નિરંતર ઉત્પન્ન થાય છે.

[૩૪૯] હે ભગવન્ ! મનુષ્યો મરણ પામી તુરત ક્યાં જાય, ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ !ચારે ગતિમાં, એમ નિરંતર બધા સ્થાનકો સંબન્ધે પૃચ્છા કરવી. હે ગૌતમ ! બધા સ્થાનકોમાં ઉત્પન્ન થાય છે. કોઈ પણ સ્થાનનો પ્રતિષેધ ન કરવો. યાવત્-સર્વાર્થસિદ્ધ દેવોમાં પણ ઉત્પન્ન થાય છે. કોઈક તો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે.

[૩૫૦] વ્યન્તર, જ્યોતિષ્ક, વૈમાનિક સૌધર્મ અને ઈશાન દેવો જેમ અસુર કુમારો કહ્યા તેમ કહેવા. પરંતુ જ્યોતિષ્ક અને વૈમાનિકો 'ચ્યવે છે' એવો પાઠ કહેવો. સનત્કુમાર દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા, પરંતુ એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સહસ્રાર દેવો સુધી જાણવા. આનત, યાવત્ અનુત્તરૌપપાતિક દેવો સંબંધે એમજ જાણવું, પરંતુ તેઓ તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી. મનુષ્યોમાં પણ પર્યાપ્તાસંખ્યાતાવરસનાઆયુષવાળાકર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.

[૩૫૧] હે ભગવન્ ! નૈરયિકો આયુષનો કેટલો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે ? હે ગૌતમ ! છ માસ આયુષ બાકી હોય ત્યારે. એ પ્રમાણે અસુર કુમારો, યાવત્ સ્તનિતકુમારો જાણવા. હે ભગવન્ ! પૃથિવીકાયિકો આયુષનો કેટલો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે ? હે ગૌતમ ! પૃથિવીકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે સોપક્રમણઆયુષવાળા અને નિરુપક્રમઆયુષવાળા. તેમાં જે નિરુપક્રમઆયુષવાળા છે તેઓ અવશ્ય વર્તમાન આયુષનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે. તેમાં જે સોપક્રમ આયુષવાળા છે તેઓ કદાચ આયુષનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે. કદાચ આયુષના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે. કદાચ આયુષના ત્રીજા ભાગના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે. અપ્, તેજસ્, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પણ એમજ જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સંખ્યાત વરસના આયુષવાળા અને અસંખ્યાતાવરસના આયુષવાળા, તેમાં જે અસંખ્યાતવરસના આયુ- ષવાળા છે તે પોતાનું છમાસનું આયુષ બાકી હોય ત્યારે અવશ્ય પરભવનું આયુષ બાંધે છે. અને જે સંખ્યાત વરસના આયુષવાળા છે તે બે પ્રકારના છે, સોપક્રમઆયુષવાળા અને નિરુપક્રમઆયુષવાળા. તેમાં જે નિરુપક્રમઆયુષવાળા છે તે પોતાના આયુષનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે અવશ્ય પરભવનું આયુષ બાંધે છે. અને જે સોપક્રમઆયુષ વાળા છે, તેઓ કદાચ ત્રીજો ભાગ બાકી હોય ત્યારે છે, કદાચ ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે અને કદાચ ત્રીજા ભાગના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ બાંધે છે.એ પ્રમાણેમનુષ્યો પણ જાણ વા.વ્યન્તરો,જ્યોતિષ્કો અને વૈમાનિકો નૈરયિકો પ્રમાણેજાણવા.

[૩૫૨] હે ભગવન્ ! આયુષનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! છ પ્રકારનો.-જાતિનામનિધત્તાયુષ, ગતિનામનિ ધત્તાયુષ, સ્થિતિનામનિધત્તાયુષ, અવગાહનાનામનિધત્તાયુષ. પ્રદેશનામનિધત્તા યુષ અને અનુભવનામનિધત્તાયુષ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો આયુષ બંધ કહ્યો છે ? હે ગૌતમ ! છ પ્રકારનો. પૂર્વવત્. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો જાતિનામનિ ધત્તાયુષ કેટલા આકર્ષ વડે બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી આઠ આકર્ષવડે બાંધે. એ પ્રમાણે યાવત્- વૈમાનિક સુધી જાણવું.એ પ્રમાણે ગતિના-

મનિધત્તાયુષ, યાવત્ અનુભાવનામનિધત્તાયુષ સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! નૈરયિકો જાતિનામનિધત્તાયુષને કેટલા આકર્ષ વડે બાંધે ? હે ગૌતમ ! જઘન્ય એક, બે કે ત્રણ આકર્ષ વડે અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષ વડે બાંધે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ ગતિનામનિધત્તાયુષ, યાવત્ અનુભાવનામનિધત્તાયુષ સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! જાતિનામનિધત્તાયુષને જઘન્યથી એક, બે કે ત્રણ આકર્ષ વડે અને ઉત્કર્ષથી આઠ આકર્ષ વડે બાંધતા એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! જાતિનામનિધત્તાયુષને આઠ આકર્ષ વડે બાંધતા જીવો સૌથી થોડા છે, તેથી સાત આકર્ષ વડે બાંધતા જીવો સંખ્યાતગુણા છે. યાવત્ અનુક્રમથી એક આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા છે. એ પ્રમાણે આ અભિલાપ-પાઠ વડે યાવત્- અનુભાગના મનિધત્તાયુષ જાણવું. એ પ્રમાણે જીવાદિ છ અલ્પબહુત્વના દંડકો કહેવા.

**પદ-૬ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ : ૭ સાતમું-ઉચ્છ્વાસ

[૩૫૩] હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! સતત અને નિરંતર ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! અસુરકુમારો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! જઘન્ય સાત સ્તોકે અને ઉત્કર્ષથી કંઈક અધિક પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! નાગકુમારો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! જઘન્યથી સાતસ્તોકે અને અને ઉત્કર્ષથી મુહૂર્તપૃથકત્તવે- ઉચ્છ્વાસ લે અને મૂકે.એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! અનિયતપણે ઉચ્છ્વાસ લેઅનેમૂકે.એપ્રમાણે યાવત્-મનુષ્યો સુધી જાણવું. વ્યન્તરો નાગકુમારોની પેઠે જાણવા. જ્યોતિષિકોસંબંધે પ્રશ્ન હે ગૌતમ ! જઘન્યથી મુહૂર્તપૃથકત્વે અને ઉત્કર્ષથી પણ મૂહૂર્તપૃથકત્વે યાવત્-ઉચ્છ્વાસ લે અને મૂકે. વૈમાનિકો ની પૃચ્છ ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી મુહૂર્તપૃથકત્વે અને ઉત્કર્ષથી તેત્રીશ પખવાડીએ યાવત્-ઉચ્છ્વાસ મૂકે. સૌધર્મ દેવો હે ગૌતમ ! જઘન્યથી મુહૂર્ત- પૃથકત્વે અને ઉત્કર્ષથી બે પખવાડીએ યાવત્-ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! ઈશાનદેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી કંઈક અધિક મુહૂર્તપૃથકત્વે અને ઉત્ક- ર્ષથી કંઈક અધિક બે પખવાડીએ શ્વાસ લે અને મૂકે. સનત્કુમાર દેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી બે પખવાડીએ અને ઉત્કર્ષથી સાત પાખવાડીએ યાવત્ ઉચ્છ્વાસ લે અને મૂકે. માહેન્દ્ર દેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી કંઈક અધિક બે પખવાડીએ અને ઉત્કર્ષથી કંઈક અધિક સાત પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. ની પૃચ્છ બ્રહ્મલોકદેવો હે ગૌતમ ! જઘન્યથી સાત પખવાડીએ અને ઉત્કર્ષથી દસ પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! માહેન્દ્ર દેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી કંઈક અધિક બે પખવાડીએ અને ઉત્કૂર્ષથી કંઈક અધિક સાત પખવાડીએ. લાંતક દેવની પૃચ્છ, જઘન્ય થી દસ પખવાડીયે અને ઉત્કર્ષથી ચદઉ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! મહાશુક્રદેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી ચૌદ પખવાડીએ અને ઉત્કર્ષથી સત્તર પખ વાડીએ શ્વાસ લે અને મૂકે. સહસ્રારકલ્પના દેવો ની પૃચ્છ હે ગૌતમ ! જઘન્યથી સત્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પખવાડીએ અને ઉત્કર્ષથી અઢાર પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! આનતદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! જઘન્યથી અઢાર પખવાડીએ અને ઉત્કર્ષથી ઓગણીશ પખવાડીએ શ્વાસલે અને મૂકે.પ્રાણતદેવો ની પૃચ્છા હેગૌતમ ! જઘન્યથી ઓગણીશ પખવાડીએ અને ઉત્કર્ષથી વીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. આરણદેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્યથી વીશ પખવાડીએ અને ઉત્કર્ષથી એકવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! અચ્યુત દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! જઘન્યથી એકવીશ પખવાડીએ અને ઉત્કર્ષથી બાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે.

હે ભગવન્ ! નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે ? હે ગૌતમ ! જઘન્યથી બાવીશ પખવાડીએ અને ઉત્કર્ષથી તેવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્ ! નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકદેવો ની પૃચ્છા ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્યથી તેવીશ પખવાડીએ અને ઉત્કર્ષથી ચોવીશ પખવાડીએ. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવયકદેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્યથી ચોવીશ પખવાડીએ અને ઉત્કર્ષથી પચીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમત્રિકની નીચેના ગ્રૈવેયકદેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય પચીશ પખ વાડીએ અને ઉત્કૃષ્ટ છવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમ ત્રિકનીમધ્યના ગ્રૈવેયકદેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય છવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ સત્યાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમ ત્રિકની ઉપરના ગ્રૈવેયક દેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય સત્યાવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ અઠ્યાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકની નીચેના ગ્રૈવેયકદેવોની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય અઠ્યાવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ ઓગણત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકદેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય ઓગણત્રીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ ત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયકદેવો ગણ ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય ત્રીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ એકત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત વિમાનોમાં દેવો ની પૃચ્છા હે ગૌતમ ! જઘન્ય એકત્રીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટ તેત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. સર્વાર્થસિદ્ધ દેવો કેટલા કાળે શ્વાસ લે અનેમૂકે?હેગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય તેત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે.

**પદ : ૭ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ : ૮ સંજ્ઞા

[૩૫૪] હે ભગવન્ ! કેટલી સંજ્ઞાઓ કહી છે ? હે ગૌતમ ! દસ સંજ્ઞાઓ કહી છે, આહારાસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માન સંજ્ઞા, માયા સંજ્ઞા લોભસંજ્ઞા, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા. નૈરયિકોને કેટલી સંજ્ઞાઓ કહી છે ? હે ગૌતમ ! દસ-આહારસંજ્ઞા, યાવત્-ઓઘસંજ્ઞાઅસુરકુમારોને કેટલી સંજ્ઞાઓ કહી છે ? હે ગૌતમ ! દસ -આહારસંજ્ઞા, યાવત્-ઓઘસંજ્ઞા. એ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું. એમ પૃથિવીકાયિકોથી વૈમાનિકો પર્યન્ત જાણવું.

[૩૫૫] હે ભગવન્ ! નૈરયિકો કઈ સંજ્ઞાના ઉપયોગવાળા હોય ? ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહ્યકારણને આશ્રયી બહુધા ભયસંજ્ઞાના ઉપયોગવાળા અને આંતરિકઅનુભવને આશ્રયી આહારસંજ્ઞાના યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. હે ભગવન્ ! આહારસંજ્ઞાના યાવત્ પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા એ નૈર યિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય ? હે ગૌતમ ! સૌથી થોડા નૈરયિકો મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, અને તેથી ભયસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! તિર્યંચયોનિકો કઈ સંજ્ઞાના ઉપયોગવાળા, હોય છે ? હે ગૌતમ ! બાહ્ય કારણને આશ્રયી પ્રાયઃ આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને આંતરિકઅનુભવને આશ્રયી આહારસંજ્ઞા યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. હે ભગવન્ ! આહારસંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞાના ઉપયોગવાળા એ તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! તિર્યંચો સૌથી થોડા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, તેથી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાત ગુણા છે,તેથી ભયસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાત ગુણા છે અને તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! મનુષ્યો કઈ સંજ્ઞાના ઉપયોગ વાળા હોય છે ? હે ગૌતમ ! બાહ્ય કારણને આશ્રયી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞાના યાવત્- પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. હે ભગવન્ ! આહારસંજ્ઞા યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? ગૌતમ ! સૌથી થોડા મનુષ્યો ભયસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, અને તેથી મૈથુનસંજ્ઞાના ઉપયગોગવાળા સંખ્યાત ગુણા હોય છે. હે ભગવન્ ! દેવો કઈ હસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે ? હે ગૌતમ ! પ્રાયઃ બાહ્ય કારણને આશ્રયી પરિગ્રહંસજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞા યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. હે ભગવન્ ! આહારસંજ્ઞા યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા દેવોમાં કોણ કોનાથી યાવત્ અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા દેવો આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોયછે. તેથી સંખ્યાતગુણા ભયસંજ્ઞાના ઉપયોગ વાળા, તેથી સંખ્યાતગુણા મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા અને તેથી સંખ્યાતગુણા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે.

**પદ : ૮ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ : ૯ યોનિપદ.

[૩૫૬] હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે- શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ.

[૩૫૭] હે ભગવન્ ! શું નૈરયિકોને શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે ? હે ગૌતમ ! તેઓને શીતયોનિ અને ઉષ્ણયોનિ હોય છે, પણ શીતોષ્ણયોનિ હોતી નથી. એ રીતે સવર્ત્ર પ્રશ્ન યોજી લેવા. અસુરકુમારોને શીતયોનિ કે ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણયોનિ હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકોને શીત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ હોય છે. એ પ્રમાણે અપ્કાય, વાયુકાય, વનસ્પતિ કાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિ ન્દ્રિય પ્રત્યેકને કહેવું. તેજસ્કાયિકોને શીત અને શીતોષ્ણયોનિ નથી, પરંતુ ઉષ્ણયોનિ છે.પંચેન્દ્રિય તિર્યંચોને શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને પણ એમજ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણ યોનિ હોય છે. શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણે પ્રકારની યોનિ હોય છે. ગર્ભજ મનુષ્યોને શીત અને ઉષ્ણયોનિ નથી પણ શીતોષ્ણયોનિ હોય છે. વાનવ્યન્તર દેવોને શીત અને ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણ યોનિ હોય છે. જ્યોતિષિક અને વૈમાનિકોને પણ એમજ જાણવું. હે ભગવન્ ! શીતયોનિવાળા, ઉષ્ણયોનિવાળા, શીતોષ્ણયોનિવાળા અને યોનિરહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો શીતોષ્ણયોનિ વાળા હોય છે, તેથી ઉષ્ણયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી શીતયોનિવાળા અનન્તગુણા છે.

[૩૫૮] હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારે કહી છે. આ પ્રમાણે-સચિત્ત, અચિત્ત અને મિશ્ર યોનિ. હે ભગવન્ ! નૈરયિકોને શું સચિત્તયોનિ, અચિત્તયોનિ કે મિશ્રયોનિ હોય છે ? હે ગૌતમ ! તેઓને સચિત્ત અને મિશ્રયોનિ નથી, પણ અચિત્તયોનિ છે. એ પ્રમાણે સર્વત્ર પ્રશ્નો યોજી લેવા. અસુરકુમારોને સચિત્ત અને મિશ્રયોનિ નથી, પણ અચિત્તયોનિ હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકોને ત્રણે પ્રકારે યોનિ હોય છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય સુધી જાણવું. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને એમજ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોને સચિત્ત અને અચિત્ત યોનિ નથી, પણ મિશ્ર યોનિ હોય છે. વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારોની પેઠે જાણવું. હે ભગવન્ ! સચિત્તયોનિવાળા, અચિત્તયોનિ વાળા, મિશ્રયોનિવાળા અને યોનિરહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો મિશ્રયોનિવાળા હોય છે, તેથી અચિત્તયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી સચિત્તયોનિવાળા અનન્તગુણા છે.

[૩૫૯] હે ભગવન્ ! કેટલા પ્રકારની યોનિ કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની યોનિ કહી છે. તે આ પ્રમાણે-સંવૃતયોનિ, વિવૃત યોનિ અને સંવૃતવિવૃતયોનિ. હે ભગવન્ ! નૈરયિકોને શું સંવૃતયોનિ,વિવૃતયોનિ કે સંવૃતવિવૃતયોનિ હોય છે?હે ગૌતમ ! તેઓને સંવૃતયોનિ હોય છે, પણ વિવૃતયોનિ અને સંવૃતવિવૃતયોનિ હોતી નથી. એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઇન્દ્રિયો ને સંવૃત કે સંવૃતવિવૃતયોનિ નથી, પણ વિવૃતયોનિ હોય છે. એમ યાવત્ ચઉરિ ન્દ્રિયો સુધી જાણવું. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને એમજ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોને સંવૃત અને વિવૃતયોનિ નથી, પણ સંવૃતવિવૃતયોનિ હોય છે. વાનવ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકો પેઠે જાણવું. હે ભગવન્ ! સંવૃત યોનિવાળા, વિવૃતયોનિવાળા, સંવૃતવિવૃતયોનિવાળા અને યોનિરહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ભગવન્ ! સૌથી થોડા જીવો

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સંવૃતવિવૃતયોનિવાળા છે, તેથી વિવૃતયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી સંવૃતયોનિવાળા અનન્તગુણા છે.

[૩૬૦] હે ભગવન્ ! કેટલા પ્રકારની યોનિ કહેલી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની યોનિ કહેલી છે. તે આ પ્રમાણે-કૂર્મોન્નતા, શંખાવર્તા અને વંશીપત્રા, કૂર્મોન્નતા યોનિના ગર્ભમાં ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે-અરિહંતો, ચક્રવર્તી, બલદેવો અને વાસુદેવો. શંખાવર્તાયોનિ સ્ત્રીરત્નને હોય છે. શંખાવર્તા યોનિમાં ઘણા જીવો અને પુદ્ગલો આવે છે અને ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે, ચય પામે છે અને ઉપચય પામે છે, પરન્તુ નિષ્પન્ન થતા નથી. વંશીપત્રા યોનિ સામાન્ય મનુષ્યોની હોય છે. વંશીપત્રા યોનિમાં સામાન્ય મનુષ્યો ગર્ભમાં આવે છે.

**પદઃ૯ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદઃ ૧૦-ચરમાચરમ પદ.

[૩૬૧] હે ભગવન્ ! કેટલી પૃથિવીઓ કહી છે ? હે ગૌતમ ! આઠ પૃથિવીઓ કહી છે. તે આ પ્રમાણે રત્નપ્રભા, શર્કરા પ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમઃતમઃપ્રભા, ઈષત્પ્રાગ્ભારા. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવી શું ચરમ (પર્યંતવર્તી) છે, અચરમ (મધ્યવર્તી) છે, (બહુવચન વિશિષ્ટ) ચરમ છે, અચરમ છે, ચરમાન્તપ્રદેશ રૂપ છે, કે અચરમાન્તપ્રદેશરૂપ છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવી ચરમ નથી, અચરમ નથી, બહુવચનાન્ત ચરમ અને અચરમ નથી, ચરમાન્તપ્રદેશરૂપ નથી, તેમ અચરમાન્તપ્રદેશરૂપ પણ નથી, પણ અવશ્ય અચરમ, અને બહુવચનાન્ત ચરમરૂપ છે, તથા ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્તપ્રદેશરૂપ છે. એ પ્રમાણે યાવત્ નીચેની સાત મી નરક પૃથિવી સુધી જાણવું. સૌધર્મથી માંડી યાવત્- ઈષ ત્પ્રાગ્ભારા પૃથિવી સંબંધે પણ એ પ્રમાણેજ સમજવું. અને લોક અને અલોક સંબંધે પણ એમજ જાણવું.

[૩૬૨] હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અ દ્રવ્યાર્થ પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો આ રત્નપ્રભા પૃથિવીનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમખંડો અસંખ્યાત ગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સૌથી થોડા આ રત્નપ્રભા પૃથિવીના ચરમાન્તપ્રદેશો છે, તેથી અચરમાન્તપ્રદેશો અસં- ખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપ-સૌથી થોડો આ રત્નપ્રભા પૃથિવીનો દ્રવ્યાર્થરૂપે એક અચરમ ખંડ છે, તેથી ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે. તેથી પ્રદેશાર્થપણે ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્-નીચેની સાતમી નરકપૃથિવી સુધી જાણવું. સૌધર્મ- યાવત્-લોક સંબંધે પણ એમજ સમજવું.

[૩૬૩] હે ભગવન્ ! અલોકના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્ય-પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી

અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો અલોકનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા અલોકના ચરમાન્તપ્રદેશો છે, તેથી અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો ન્ને મળીને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે-સૌથી થોડો અલોકનો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અચરમાન્ત પ્રદેશો અનન્તગુણા છે. તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. હે ભગવન્ ! લોક અને અલોકના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્ત પ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે કોણ કનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો લોક અને અલોકનો દ્રવ્યાર્થરૂપે એક એક અચરમ ખંડ છે, તેથી લોકના ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના ચરમ ખંડો વિશેષાધિક છે, તેથી લોકનો અને અલોકનો અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે. પ્રદેશાર્થરૂપે સૌથી થોડા લોકના ચરમાન્તપ્રદેશો છે, તેથી અલોકના ચરમાન્તપ્રદેશો વિશેષાધિક છે, તેથી લોકના અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી લોકના અને અલોકના ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે-સૌથી થોડો લોક અને અલોકનો દ્રવ્યાર્થરૂપે એક એક અચરમ ખંડ છે, તેથી લોકના ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના ચરમ ખંડો વિશેષાધિક છે, તેથી લોકના અને અલોકના અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી લોકના ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. તેથી અલોકના ચરમાન્તપ્રદેશો વિશેષાધક છે, તેથી લોકના અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી લોકના અને અલોકના ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે, તેથી સર્વ દ્રવ્યો વિશેષાધિક છે, તેથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે અને તેથી સર્વ પર્યાયો અનન્તગુણા છે.

[૩૬૪] હે ભગવન્ ! પરમાણુપુદ્ગલ શું એક. વ. ચરમ એ.વ. અચરમ, એ.વ. અવક્તવ્ય, બ.વ. ચરમ, બ.વ. અચરમ, અને બ.વ. અવક્તવ્ય છે અથવા એ.વ. ચરમ અને એ.વ. અચરમ,અથવા એ.વ.અને બ.વ. અચરમ, અથવા બ.વ. ચરમ અને એ.વ. અચરમ, અથવા બ.વ. ચરમ અને બ.વ. અચરમ છે પ્રથમ ચાર ભાંગા થયા. અથવા એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય , અથવા બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય છે ? બીજી ચતુર્ભંગી. અથવા એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય છે ત્રીજી ચૌભંગી અથવા એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા એ.વ. ચરમ, એ.વ. અચરમ, બ.વ. અવક્તવ્ય, અથવા એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથવા બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય, અથવા બ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય છે એ છવ્વીશ ભીંગા થાય છે. હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ ચરમ નથી, અચરમ નથી પણ અવશ્ય અવક્તવ્ય છે. બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો.

[૩૬૫] હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કન્ધ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય એ.વ. અચરમ ન હોય , કદાચ એ.વ. અવક્તવ્ય હોય બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો. હે ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, એ.વ. ચરમ અને એ.વ. અચરમ ન હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, બ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧. બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો.

હે ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ચતુઃપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય, એ.વ. અચરમ ન હોય, કદાચ એ.વ. અવક્તવ્ય હોય, બ.વ. ચરમ ન હોય, બ.વ. અચરમ ન હોય, બ.વ. અવક્તવ્ય ન હોય એ.વ. ચરમ અને એ.વ. અચરમ ન હોય, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, બ. વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, અચરમ અને અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, અચરમ અને બ. વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો

હે ભગવન્ ! પંચપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પંચપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય, એ.વ. અચરમ ન હોય, કદાચ એ. વ. અવક્તવ્ય હોય, બ.વ. ચરમ ન હોય, બ.વ. અચરમ ન હોય, બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને બ.વ. અવ-ક્તવ્ય ન હોય, એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, એ. બ.વ. અને બ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય

હે ભગવન્ ! છપ્રદેશિક સ્કંધ સંબન્ધે પૉચ્છા. હે ગૌતમ ! છપ્રદેશિક સ્કંધ કદાચ એ.વ. ચરમ હોય, એ.વ. અચરમ ન હોય, કદાચ એ.વ. અવક્તવ્ય હોય, બ.વ. ચરમ ન હોય, બ.વ. અચ રમ ન હોય, બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને બ.વ. અવ ક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, એ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય.

સાત પ્રદેશવાળા સ્કંધ સંબંધે પ્રશ્ન-હે ગૌતમ સાત સ્કંદ કદાચ ચરમ હોય, અચરમ ન હોય કદાચ અવક્તવ્ય હોય, બ.વ. ચરમ ન હોય, બ.વ. અચરમ ન હોય, બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને એ. વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, એ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય.

હે ભગવન્ ! આઠપ્રદેશવાળા સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! આઠપ્રદેશવાળો સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય, એ.વ. અચરમ ન હોય, કદાચ એ.વ. અવક્તવ્ય હોય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ.વ. ચરમ ન હોય, બ.વ. અચરમ ન હોય, બ.વ. અવક્તવ્ય ન હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ વ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, એ.વ. અચરમ અને અવક્તવ્ય ન હો. એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય કદાચ એ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ એ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય. જેમ આઠપ્રદેશિક સ્કંધ સંબંધે કહ્યું તેમ સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અનંતપ્રદેશિક પ્રત્યક સ્કંધ સંબન્ધે કહેવું.

[૩૬૬-૩૭૧] "પરમાણુમાં ત્રીજો, દ્વિપ્રદેશિક સ્કંધમાં પહેલો અને ત્રીજો અને ત્રિપ્રદેશિક સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો અને અગિઆરમો ભંગ હોય છે. ચતુઃપ્રદે શિક સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો, દસમો, અગિઆરમો, બારમો અને ત્રેવીસમો ભંગ જાણવો. પંચપ્રદેશિક સ્કંધમાં પહેલો, ત્રીજો, સાતમો, નવમો, દસમો, અગિઆરમો, બારમો, તેરમો, તેવીશમો, ચોવીશમો અને પચીશમો ભંગ જાણવો. છપ્રદેશિક સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, વીશમો, એકવીશમો અને બાવીશમો ભંગ છોડી દેવો. સાતપ્રદેશવાળા સ્કંધમાં બીજા, ચોથા, પાંચમા છઠ્ઠા, પંદરમા, સોળમાં, સત્તરમા, અઢારમા, અને બાવીશમા ભંગ સિવાય બાકીના ભંગો જાણવા. બાકીના સ્કંધોને વિષે બીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, પંદરમા, સોળમા, સત્ત રમા, અને અઢારમાં ભાંગાને છોડીને બાકીના ભાંગાઓ જાણવા.

[૩૭૨] હે ભગવન્ ! કેટલાં સંસ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ સંસ્થાનો કહ્યાં છે, તે આ પ્રમાણે- પરિમંડલ, વૃત્ત, ત્રયસ્ર, ચતુરસ્ર, અને આયત. હે ભગવન્ ! પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે ? હે ગૌતમ ! સંખ્યાતા કે અસંખ્યાતા નથી, પણ અનન્તા છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાનો સુધી જાણવું. હે ભગવન્ ! પરિમંડલસંસ્થાનશુંસંખ્યાતપ્રદેશવાળું,અસંખ્યાતપ્રદેશવાળું કે અનન્તપ્રદેશવાળુંછે ? હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાતપ્રદેશવાળું, કદાચ અસંખ્યાત પ્રદેશવાળું અને કદાચિત્ અનંત પ્રદેશવાળાં હોય. એમ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! સંખ્યાતપ્રદેશ વાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનન્ત પ્રદેશમાં અવગાઢ-રહેલું હોય ? હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશમાં અવગાઢ હોય, પણ અસંખ્યાતા કે અનન્ત પ્રદેશમાં અવગાઢ ન હોય. હે ભગવન્ ! અસંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનન્ત પ્રદેશમાં રહેલું હોય ? હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાતા પ્રદેશમાં કે કદાચિદ્ અસંખ્યાતા પ્રદેશમાં રહેલું હોય, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનન્ત પ્રદેશમાં રહેલું ન હોય. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! અનન્ત પ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશ માં કે અનન્ત પ્રદેશમાં રહેલું હોય ? હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાત પ્રદેશમાં રહેલું હોય, કદાચિત્ અસંખ્યાત પ્રદેશમાં રહેલું હોય, પરન્તુ અનન્ત પ્રદેશમાં રહેલું ન હોય. એમ યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું.

હે ભગવન્ ! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અને સંખ્યાતાપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, અચરમ છે, બ.વ. ચરમ છે, બ.વ. અચરમ છે, ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્ત પ્રદેશરૂપ છે ? હે ગૌતમ ! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અને સંખ્યાતા પ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન ચરમ નથી, અચરમ નથી, બ.વ. ચરમરૂપ નથી, બ.વ. અચરમરૂપ નથી, ચરમાન્તપ્રદેશરૂપ નથી, અને અચર માન્તપ્રદેશરૂપ નથી, પણ અવશ્ય એ.વ. અચરમ, બ.વ. ચરમરૂપ, ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્ત પ્રદેશરૂપ છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગ વન્ ! સંખ્યાતા પ્રદેશાવગાઢ અને અસંખ્યાતપ્રદેશવાળુ પરિમંડલ સંસ્થાન શું ચરમ છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! સંખ્યાતાપ્રદેશવગાઢ અસંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન સંખ્યાતપ્રદેશવાળાની પેઠે જાણવું. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! અસંખ્યાતપ્રદેશવ-ગાઢ અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન શું ચરમ છે- ઇત્યાદિ પ્રશ્ન.હેગૌતમ ! અસંખ્યાતપ્રદેશાવગાઢ અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન ચરમ નથી-ઇત્યાદિ સંખ્યાતપ્રદેશાવગાઢની પેઠે જાણવું. એમ યાવત્ આયત સુધી સમજવું. હે ભગવન્ ! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અનંતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન શું ચરમ છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! ઉપર કહ્યા પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. અસંખ્યાતા પ્રદેશમાં રહેલું અનંતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન રહેલા પરિમંડલ સંસ્થાનની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી સમજવું.

હે ભગવન્ ! સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના ચરમ ખંડ, ચરમ ખંડો,ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થ પણે અને દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો સંખ્યાતા પ્રદેશમાં રહેલ સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે એક અચરમખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના ચરમાન્ત પ્રદેશો સૌથી થોડા છે. તેથી અચર માન્તપ્રદેશો સંખ્યા ગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે, દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે સંખ્યાત પ્રદેશમાં રહેલા સંખ્યાત પ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે સૌથી થોડો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળીને વિશેષાધિક છે, તેથી પ્રદેશાર્થપણે ચરમાન્ત પ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્ત પ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. એ પ્રમાણે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, અને આયત સંસ્થાનને વિષે પણ યોજના કરવી.

હે ભગવન્ ! સંખ્યાતા પ્રદેશ માં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના

અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થપ્રદે શાર્થ અને દ્રવ્યાર્થપ્રદેશાર્થ પણે કોણ કનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સંખ્યાતાપ્રદેશમાં રહેલ અસંખ્યાતપ્રદેશિક પરિ-મંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે સૌથી થોડો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાત ગુણા છે, તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના ચર- માન્તપ્રદેશો સૌથી થોડા છે, તેથી અચર માન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્ત પ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે, દ્રવ્યાર્થ પ્રદેશાર્થ પણે-સૌથી થોડો સંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાત પ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી પ્રદેશાર્થપણે ચરમાન્તપ્રદેશો સંખ્યાત ગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચર માન્ત પ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું.

હે ભગવન્ ! અસંખ્યાત પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન ના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! જેમ રત્નપ્રભાનું અલ્પબહુત્વ કહ્યું તેમજ બધું કહેવું. એ પ્રમાણે યાવત્ સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! સંખ્યાતા પ્રદેશમાં રહેલા અનન્તપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પર્દેશાર્થપણે અને દ્રવ્યાર્થ પ્રદે- શાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! જેમ સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન સંબંધે કહ્યું છે તેમ કહ્વું. પરંતુ સંક્રમમાં-દ્રવ્યાનિ વિચારના સંક્રમમાં અનંત ગુણા જાણવા. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! અસંખ્યાતા પ્રદેશમાં રહેલા અનન્ત પ્રદેશિક પરિ મંડલ સંસ્થાનના અચરમ ખંડ-ઈત્યાદિ અલ્પ બહુત્વ જેમ રત્નપ્રભા સંબન્ધે કહ્યું છે તેમ કહેવું, પરન્તું સંક્રમ-દ્રવ્યાદિના વિચારમાં અનન્તગુણા કહેવા. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી કહેવું.

[૩૭૩] હે ભગવન્ ! જીવ ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચિત્ ચરમ હોય અને કદાચિત્ અચરમ હોય. હે ભગવન્ ! નૈરયિક શું ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચિત્ ચરમ હોય અને કદાચિત્ અચરમ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌમત ! ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ નૈરયિક સ્થિતિચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ હોય અને કદાચ અચરમ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું.હે ભગવન્!નૈરયિકો સ્થિતિચરમ વડે શું ચરમ છે કે અચરમછે ? હે ગૌતમ ! કદાચ ચરમ હોય અને કદાચ અચરમ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો સ્થિતિચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક ભાષાચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચિત્ ચરમ પણ હોય અને કદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક શ્વાસોચ્છ્વાસચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો શ્વાસોચ્છ્વાસચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચિત્ અચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરિયક આહાર ચરમવડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી સમજવું. હે ભગવન્ ! નૈરયિકો આહારચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું. હે ભગવન્ ! નૈરયિક ભાવચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું.

હે ભગવન્ ! નૈરયિકો ભાવચરમ વડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું. હે ભગવન્ ! નૈરયિક વર્ણચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો વર્ણચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક ગંધચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો ગંધચરમવડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક રસચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી સમજવું. હે ભગવન્ ! નૈરયિકો રસચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક સ્પર્શચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો સ્પર્શચરમ વડે શું ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું.

[૩૭૪] "ગતિ સ્થિતિ, ભવ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, આહાર, ભાવ, વર્ણ, રસ, ગંધ, અને સ્પર્શ સંબન્ધી ચરમાદિ જાણવા."

**પદ-૧૦-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ : ૧૧ ભાષાપદ

[૩૭૫] હે ભગવન્ ! હું એમ અવશ્ય માનું છું કે ભાષા અવધારિણી- હું એમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિન્તન કરું છું કે ભાષા અવધારિણી છે. હું એમ માનું કે ભાષા અવધારિણી છે ? હું એમ ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ? હું તે પ્રકારે મનન કરું કે ભાષા અવધારિણી છે ? હું તે પ્રકારે ચિન્તન કરું કે ભાષા અવધારિણી છે ? હા ગૌતમ ! એ સર્વ વાત યોગ્ય છે. હે ભગ વન્ ! અવધારિણી-શું સત્ય, મૃષા,સત્યમૃષા કે અસત્યામૃષા છે ? હે ગૌતમ ! કદાચિત્ સત્ય હોય, કદાચિત્ મૃષા, હોય, કદાચિત્ સત્યમૃષા હોય કે કદાચિત્ અસત્યા મૃષા હોય. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જે આરાધની-ભાષા તે સત્ય ભાષા, જે વિરાધની- ભાષા તે મૃષા, જે આરાધની અને વિરાધની બન્ને પ્રકારની તે સત્યમૃષા ભાષા. અને જે આરાધની નથી,વિરાધની નથી, તેમ આરાધની અને વિરાધ ની ઉભય પ્રકારની નથી તે અસત્યામૃષા નામે ચોથી ભાષા છે, તે માટે હે ગૌતમ ! હું એમ કહું છું કે અવધારિણી ભાષા યાવત્ કદાચ અસત્યમૃષા હોય છે.

[૩૭૬] હે ભગવન્ ! ગો-બળદ, મૃગો, પશુઓ અને પક્ષીઓ એ ભાષા પ્રજ્ઞા પની-છે ? આ ભાષા મૃષા-અસત્ય નથી ? હે ગૌતમ ! અવશ્ય તેમજ છે. હે ભગવન્ ! જે સ્ત્રીવાક્-પુંવાક્-નપુંસકવાક્-એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા અસત્ય નથી ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! જે સ્ત્રીઆજ્ઞાપની, પુરુષઆજ્ઞાપની અને નપુંસક આજ્ઞાપની ભાષા તે પ્રજ્ઞાપની છે ? આ ભાષા અસત્ય નથી ? હા ગૌતમ ! તેમજ છે. હે ભગવન્!જે સ્ત્રીપ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની અને નપુંસકપ્રજ્ઞાપની ભાષા તે પ્રજ્ઞાપનીછે ? આ ભાષા અસત્ય નથી ? હા ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! જે જાતિમાં સ્ત્રીવાક્ જાતિમાં પુરુષવાચક્- અને જાતિમાં નપુંસકવાક્- એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા અસત્ય નથી ? હા ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! જે જાતિરૂપે સ્ત્રીઆજ્ઞાપની, જાતિરૂપે પુરુષઆજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકઆજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા અસત્ય નથી ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! જાતિરૂપે સ્ત્રીપ્રજ્ઞાપની- જાતિરૂપે પુરુષપ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકપ્રજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા અસત્ય નથી ? હે ગૌતમ ! તેમજ છે

[૩૭૭] હે ભગવન્!મંદકુમાર કે મંદકુમારીકા બોલતી એમ જાણે કે, 'હું આ બોલું છું' ? હે ગૌતમ ! સંજ્ઞી વિશિષ્ટ મનવાળા સિવાય અન્યત્ર એ અર્થ સમર્થ-યથાર્થ નથી. હે ભગવન્ ! મન્દકુમાર કે મન્દકુમારીકા આહાર કરતા જાણે કે, 'હું આ આહાર કરું છું' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. એ ભગવન્ ! મન્દકુમાર કે મન્દકુમારીકા જાણે કે 'આ મારા માતાપિતા છે' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! મન્દકુમાર કે મન્દકુમારીકા એમ જાણે કે, 'આ મારા સ્વામિનું ગૃહ છે, ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! મન્દકુમાર કે મન્દકુમારીકા એ જાણે કે, આ મારા સ્વામિનો પુત્ર છે' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ-યથાર્થ નથી. હે ભગવન્ ! ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરો અને ઘેટો બોલતો એમ જાણે કે 'હું બોલું છું' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી.હે ભગવન્ ! ઊંટ યાવત્ ઘેટો આહાર કરતો એમ જાણે કે, 'હું આહાર કરું છું' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરો અને ઘેટો એમ જાણે કે, 'આ મારા માતાપિતા છે' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ઊંટ યાવત્ ઘેટો એમ જાણે કે, 'આ મારા

સ્વામિનું ઘર છે' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ઊંટ યાવત્ ઘેટો એમ જાણે કે, આ મારા સ્વામિનો પુત્ર છે' ? હે ગૌતમ ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી.

[૩૭૮] હે ભગવન્ ! મનુષ્ય, મહિષ-પાડો, અશ્વ, હસ્તી, સિંહ, વાઘ, વૃક-નાહાર, દીપડો, રીંછ, તરક્ષ, પરસ્પર-ગઢો, શિયાળ, બિલાડો, કુતરો, શિકારી કુતરો, કોકંતિક લોંકડી, સસલો, ચિત્તો, ચિલ્લલક, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના તે બધા એકવચન છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! મનુષ્યો યાવત્ ચિલ્લલકો અને તે સિવાય તેવા પ્રકારના બીજા બધા બહુવચન છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! માનુષી-મનુષ્યની સ્ત્રી, મહિષી-ભેંસ, વડવા-ઘોડી, હાથણી, સિંહણ, વાઘણ, નાહરી, દીપડી, રીંછણ, તરક્ષી, ગેંડી, ગધેડી, શિયાળી, બિલાડી, કુતરી, શિકારી કુતરી, કોકંતિકા-લોંકડી, સસલી, ચીત્તી, ચિલ્લલિકા અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે બધા સ્ત્રીવાચી છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! મનુષ્ય યાવત્ ચિલ્લલક અને તે સિવાય તેવા પ્રકારના બીજા બધા પુરુષવાચી છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! કંસ, કંસોય, પરિ મંડલ, શૈલ, સ્તૂપ, જાલ, સ્થાલ, તાર, રૂપ, અક્ષપર્વ, કુંડ, પદ્મ, દૂધ, દહિં, નવનીત, અશન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃગાંર, કલશ, અંગણ-આંગણુ, નિરંગણ, આભરણ, રત્ન અને તે સિવાયના તેવા પ્રકારના બીજા બધા નપુંસકવાચી છે ? હે ગૌતમ તેમજ છે. હે ભગવન્ ! પૃથિવી સ્ત્રીવાચી, આઊ પુરુષવાચી અને ધાન્ય નપુંસકવાચી એ ભાષા પ્રજ્ઞાપની છે ? એ ભાષા મૃષા નથી ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! પૃથ્વીને ઉદ્દેશી સ્ત્રીઆજ્ઞાપની, આઉ ને ઉદ્દેશી પુરુષઆજ્ઞાપની અને ધાન્યને ઉદ્દેશી નપુંસકાજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા મૃષા નથી ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! પૃથ્વીને વિષે સ્ત્રીપ્રજ્ઞાપની આઉને ઉદ્દેશી પુરુષ પ્રજ્ઞાપની અને ધાન્યને ઉદ્દેશી નપુંસકપ્રજ્ઞાની એ ભાષા આરાધની છે ? એ ભાષા અસત્ય નથી ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! એ પ્રમાણે સ્ત્રીવાચી, પુરુષ વાચી અને નપુંસકવાચી બોલતો જે ભાષા બોલે છે તે ભાષા પ્રજ્ઞાપની છે ? એ ભાષા અસત્ય નથી ? હે ગૌતમ ! તેમજ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૩૭૯-૩૮૧] હે ભગવન્ ! ભાષાનું મૂળ કારણ શું છે ? તે શાથી ઉત્પન્ન થાય છે ? તેનો આકાર કોના જેવો છે ? અને તેનો અન્ત ક્યાં થાય છે ? હે ગૌતમ ! ભાષાનું મૂળ કારણ જીવ છે, ભાષા શરીરથી ઉત્પન્ન થાય છે, વજ્રના જેવો તેનો આકાર છે અને લોકાન્તે તેનો અન્ત થાય છે. હે ભગવન્ ! ભાષા ક્યાંથી ઉત્પન્ન થાય છે?કેટલા સમયે ભાષાબોલેછે ? ભાષા કેટલા પ્રકારની છે ? અને કેટલી ભાષા બોલવા યોગ્ય છે ? હે ગૌતમ ! શરીરથી ભાષા ઉત્પન્ન થાય છે. બે સમયે ભાષા બોલે છે. ભાષા ચાર પ્રકારની છે અને બે ભાષા બોલવા યોગ્ય છે.

[૩૮૨] હે ભગવન્ ! કેટલા પ્રકારની ભાષા કહેલી છે ? હે ગૌતમ ! બે પ્રકારની -પર્યાપ્ત અને અપર્યાપ્તા. હે ભગવન્ ! પર્યાપ્તા ભાષા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! બે પ્રકારની છે. તે આ પ્રમાણે-સત્ય અને મૃષા.

[૩૮૩] હે ભગવન્ ! પર્યાપ્તા સત્યભાષા કેટલા પ્રકારની કહી છે ? દસ પ્રકારની -૧ જનપદસત્ય, ૨ સંમતસત્ય, ૩ સ્થાપનાસત્ય, ૪ નામસત્ય, ૫ રૂપસત્ય, ૬ પ્રતીત્ય

સત્ય ૭ વ્યવહારસત્ય, ૮ ભાવસત્ય, ૯ યોગસત્ય, ૧૦. ઉપમાસત્ય.

[૩૮૪-૩૮૫]પર્યાપ્તા મૃષા ભાષા કેટલા પ્રકારની છે ? દસ પ્રકારની. ક્રોધ-નિશ્રિત , માનનિશ્રિત, માયાનિશ્રિત, લોભનિશ્રિત, પ્રેમનિશ્રિત, દ્વેષનિશ્રિત, હાસ્ય નિશ્રિત, ભયનિશ્રિત, આખ્યાયિકાનિશ્રિત , ઉપઘાતનિશ્રિત ,

[૩૮૬-૩૮૮] હે ભગવન્ ! અપર્યાપ્તા ભાષા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! બે પ્રકારની છે. તે આ પ્રમાણે-સત્યમૃષા અને અસત્યામૃષા. હે ભગવન્ ! અપર્યાપ્તા સત્ય મૃષા ભાષા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે ઉત્પન્ન મિશ્રિતા,વિગતમિશ્રિતા,ઉત્પન્નવિગતમિશ્રિતા,જીવમિશ્રિતા,અજીવમિશ્રિતા, જીવા જીવમિશ્રિતા, અનંતમિશ્રિતા, પ્રત્યેકમિશ્રિતા, અદ્ધામિશ્રિતા, અદ્ધાદ્ધા મિશ્રિતા. હે ભગવન્ ! અપર્યાપ્તા અસત્યામૃષા ભાષા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! બાર પ્રકાર ની. આમન્ત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છની, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાલોમા, અનભિગૃહીતા, અભિગૃહીતા, સંશયકરણી, વ્યાકૃતા અને અવ્યાકૃતા ભાષા.

[૩૮૯] હે ભગવન્ ! જીવો શું ભાષક છે કે અભાષક છે ? હે ગૌતમ ! બંને હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જીવો બે પ્રકારના છે. -સંસારી અને અસંસારી. તેમાં જે અસંસારી છે તે સિદ્ધો છે અને સિદ્ધો અભા ષક હોય છે. અને તેમાં જે સંસારી જીવો છે તે બે પ્રકારના છે. શૈલેશીને પ્રાપ્ત થયેલા અને શૈલેશીને નહીં પ્રાપ્ત થયેલા. તેમાં જે શૈલેશીને પ્રાપ્ત થએલા છે, તે અભાષક છે. શૈલેશીને પ્રાપ્ત નહીં થયેલા જીવો બે પ્રકારના છે,એકઈન્દ્રિય વાળા અને અનેક ઈન્દ્રિયવાળા. તેમાં જે એકેન્દ્રિય છે તે અભાષક છે. અનેક ઈન્દ્રિયવાળા જીવો બે પ્રકારના છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે અભાષક હોય છે અને જે પર્યાપ્તા છે તે ભાષક હોય છે. હે ભગવન્ ! નૈરયિકો ભાષક હોય છે કે અભાષક હોય છે ? હે ગૌતમ ! નૈરયિકો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારનાહોય છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે અભાષક છે અને જે પર્યાપ્તા છે તે ભાષક છે. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય બધા જીવોને વિશે કહેવું.

[૩૯૦] હે ભગવન્ ! ભાષાના કેટલા પ્રકારો કહ્યા છે ? હે ગૌતમ ! ભાષાના ચાર પ્રકારો. એક સત્યભાષાનોપ્રકાર ૧, મૃષા ૨, સત્યમૃષા૩, અને ચોથો અસત્યામૃષા. હે ભગવન્ ! જીવો શું સત્યભાષા બોલે છે, મૃષાભાષા બોલે છે, સત્યમૃષા ભાષા બોલે છે કે અસત્યમૃષા ભાષા બોલે છે ? હે ગૌતમ !ચારે ભાષા બોલે છે હે ભગવન્ ! નૈરયિકો શું સત્ય ભાષા બોલે છે કે યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે ? હે ગૌતમ ! નૈરયિકો ચારે ભાષા બોલે છે એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો જાણવા. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો સત્યભાષા, મૃષાભાષા અને સત્યમૃષા બોલતા નથી, પણ અસત્યામૃષા ભાષા બોલે છે. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો શું સત્ય ભાષા બોલે છે કે યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે ? હે ગૌતમ ! ફકત એક અસત્યામૃષા ભાષા બોલે છે. પરન્તુ શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિસિવાય બીજે જાણવું. શિક્ષા પૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિને આશ્રયી ચારે ભાષા પણ બોલે છે. મનુષ્યો યાવત્ વૈમાનિકો જેમ જીવો કહ્યા તેમ જાણવા.

[૩૯૧] હે ભગવન્ ! જીવ જે દ્રવ્યો ભાષાપણે ગ્રહણ કરે છે, તે શું -સ્થિર રહેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યો ગ્રહણ કરે છે, -અસ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! સ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે પણ અસ્થિર દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે સ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું દ્રવ્યથી ગ્રહણ કરે છે,ક્ષેત્રથી ગ્રહણ કરે છે,કાળથી ગ્રહણ કરે છે,કે ભાવથી ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! ચારે થી ગ્રહણ કરે છે. હે ભગવન્ ! જે દ્રવ્યથી ગ્રહણ કરે છે તે એકપ્રદેશ વાળાં ગ્રહણ કરે છે, બે પ્રદેશવાળા કે યાવત્ અનન્ત પ્રદેશવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એક પ્રદેશવાળાં કે યાવત્ અસંખ્ય પ્રદેશવાળાં દ્રવ્યો ગ્રહણ કરતો નથી, પણ અનન્ત પ્રદેશ વાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે ક્ષેત્રથી ગ્રહણ કરે છે તે શું-એક પ્રદેશમાં રહેલા, બે પ્રદેશમાં રહેલાં કે યાવત્ અસંખ્યાત પ્રદેશમાં રહેલાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! તે એક પ્રદેશમાં રહેલાં કે યાવત્ સંખ્યાતા પ્રદેશમાં રહેલાં દ્રવ્યો ગ્રહણ કરતો નથી, પણ અસંખ્યાત પ્રદેશમાં રહેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે દ્રવ્યો કાળથી ગ્રહણ કરે છે તે શું એક સમયની સ્થિતિવાળાં, બે સમયની સ્થિતિવાળાં કે યાવત્ અસંખ્ય સમયની સ્થિતિવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એક સમયની સ્થિતિવાળાં, બે સમયની સ્થિતિવાળાં કે યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળાં ગ્રહણ કરે છે. જે દ્રવ્યો ભાવથી ગ્રહણ કરે છે તે શું વર્ણવાળાં, ગંધવાળાં, રસવાળાં કે સ્પર્શવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! વર્ણવાળા પણ ગ્રહણ કરે છે અને યાવત્ સ્પર્શવાળાં પણ ગ્રહણ કરે છે. જે ભાવથી વર્ણવાળાં ગ્રહણ કરે છે તે શું એક વર્ણવાળાગ્રહણ કરે છે કે યાવત્ પાંચ વર્ણવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! -ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એકવર્ણવાળાં યાવત્ પાંચવર્ણવાળાં પણ ગ્રહણ કરે છે. સર્વ ગ્રહણયોગ્ય દ્રવ્યોને આશ્રયી અવશ્ય પાંચવર્ણવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે.

જે વર્ણથી કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકગુણા કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે કે યાવત્ અનન્તગુણ કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એકગુણ કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે, યાવત્ અનન્તગુણા કાળાં દ્રવ્યો પણ ગ્રહણ કરે છે. એ પ્રમાણે શુકલ દ્રવ્યો સુધી જાણવું. ભાવથી જે ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકગંધવાળાં ગ્રહણ કરે છે કે બેગંધવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એકગંધ વાળાં કે બે ગંધવાળાં ગ્રહણ કરે છે અને ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય બેગંધવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે ગંધથી સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ સુરભિગંધવાળાં કે યાવત્ અનન્તગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એકગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે, યાવત્-અનન્તગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે, એ પ્રમાણે દુરભિગંધવાળાં પણ ગ્રહણ કરે છે. ભાવથી જે રસવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકરસવાળાં કે યાવત્ પાંચ રસવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એકરસવાળાં કે યાવત્-પાંચ રસવાળાં ગ્રહણ કરે છે અને ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય પાંચરસવાળાં ગ્રહણ કરે છે. રસથી જે તિક્ત રસવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ રસવાળાં ગ્રહણ કરે છે કે યાવત્ અનન્તગુણ તિક્તરસવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એકગુણ તિક્ત રસવાળાં કે યાવત્ અનન્તગુણા તિક્તરસવાળાં ગ્રહણ કરે છે. એ પ્રમાણે યાવત્ મધુરરસ સુધી જાણવું. ભાવથી જે સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકસ્પર્શવાળાં ગ્રહણ કરે છે કે યાવત્ આઠ સ્પર્શવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! ગ્રહણ યોગ્ય (પ્રત્યેક) દ્રવ્યોને આશ્રયી એક સ્પર્શવાળાં ગ્રહણ કરતો નથી, પણ બે સ્પર્શવાળાં, યાવત્-ચાર સ્પર્શવાળાં ગ્રહણ કરે છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ સ્પર્શવાળાં કે યાવત્-આઠસ્પર્શવાળાં ગ્રહણ કરતો નથી. ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય ચાર સ્પર્શવાળાં ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે શીતસ્પર્શવાળાં ઉષ્ણ સ્પર્શવાળાં, સ્નિગ્ધસ્પર્શવાળાં અને રુક્ષસ્પર્શવાળાં ગ્રહણ કરે છે. જે સ્પર્શથી શીત સ્પર્શવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ શીતસ્પર્શવાળાં કે યાવત્ અનંતગુણ શીત સ્પર્શ વાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! એકગુણ શીતસ્પર્શવાળા કે યાવત્ અનન્તગુણ શીતસ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. એ પ્રમાણે ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ દ્રવ્યો સંબંધે જાણવું, યાવત્-અનન્તગુણ રુક્ષસ્પર્શવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

હે ભગવન્ જે યાવત્ અનન્તગુણા રુક્ષ દ્રવ્યો ગ્રહણ કરે છે તે સ્પૃષ્ટ-કે અસ્પૃષ્ટ ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! સ્પર્શેલાં ગ્રહણ કરે છે, પણ નહિ સ્પર્શેલાં ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે સ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરે છે તે શું અવગાઢ ગ્રહણ કરે છે કે અનવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે પણ અનવગાઢ દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે અવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું અનન્તરાવગાઢ કે પરંપરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! અનન્તરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, પણ પરંપરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે અનન્તરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે તે અણુ-સૂક્ષ્મ પ્રદેશવાળાં ગ્રહણ કરે છે કે બાદર-ઘણા પ્રદેશવાળાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! અણુ-સૂક્ષ્મ પણ ગ્રહણ કરે છે અને બાદર પણ ગ્રહણ કરે છે. હે ભગવન્ ! જે અણુ-સૂક્ષ્મ કે બાદર દ્રવ્યો ગ્રહણ કરે છે તે ઊર્ધ્વ દિશાથી આવેલાં, અધો દિશાથી આવેલાં, કે તિર્યગ્ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! ત્રણે દિશાથી. હે ભગવન્ ! જે ઊર્ધ્વ, અધો કે તિર્યગ્ દિશાથી આવેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું આદિમાં (પ્રથમ સમયે), મધ્યમાં કે અન્તમાં (છેલ્લા સમયે) ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! આદિમાં, મધ્યમાં અને અન્તે ગ્રહણ કરે છે. હે ભગવન્ ! જે આદિમાં, મધ્યે અને અન્તે ગ્રહણ કરે છે તે સ્વ વિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અવિષયને ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! સ્વવિષયને ગ્રહણ કરે છે, પણ અવિષયને ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે સ્વવિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે આનુપૂર્વી- કે અનાનુપૂર્વી ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! અનુક્રમે ગ્રહણ કરે છે, પણ ક્રમ સિવાય ગ્રહણ કરતો નથી. હે ભગવન્ ! જે અનુક્રમે ગ્રહણ કરે છે તે અવશ્ય છ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે.

[૩૯૨] સ્પૃષ્ટ, અવગાઢ, અનન્તર, ગુણ, બાદર, ઊર્ધ્વ, અધો, આદિ, સ્વવિષય, આનુપૂર્વી, અવશ્ય છ દિશાઓને આશ્રયી ગ્રહણ દ્રવ્ય ભાષા સંબંધે કહ્યું.

[૩૯૩] હે ભગવન્ ! જીવ જે દ્રવ્યો ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સાન્તર ગ્રહણ કરે છે કે નિરંતર ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! બંને. સાન્તર ગ્રહણ કરતો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયોનું અન્તર કરી ગ્રહણ કરે છે અને નિરન્તર ગ્રહણ કરતો જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયો સુધી પ્રતિસમય નિરંતર ગ્રહણ કરે છે. હે ભગવન્ ! જીવ ભાષાપણે ગ્રહણ કરેલાં જે દ્રવ્યો બહાર કાઢે છે તે શું સાન્તર કાઢે છે કે નિરંતર કાઢે છે ? હે ગૌતમ ! સાન્તર બહાર કાઢે છે, પણ નિરન્તર કાઢતો નથી. સાન્તર બહાર કાઢતો એક સમયે ગ્રહણ કરે છે અને એક સમયે બહાર કાઢે છે. એ રીતે ગ્રહણ અને નિઃસરણ-વડે જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ અને નિઃસરણ કરે છે. હે ભગવન્ ! જીવ ભાષાપણે ગ્રહણ કરેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે દ્રવ્યો બહાર કાઢે છે તે ભિન્ન- કાઢે છે કે અભિન્ન- કાઢે છે ? બંને. જે ભિન્ન દ્રવ્યોને કાઢે છે, તે અનન્તગુણા વૃદ્ધિથી વધતાં લોકાન્તનો સ્પર્શ કરે છે. જે અભિન્ન દ્રવ્યો કાઢે છે તે અસંખ્યાતી અવહગાહનાવર્ગણા પર્યન્ત જઈને ભેદાય છે, અને પછી સંખ્યાતા યોજનો સુધી જઈને વિનાશ પામે છે.

[૩૯૪] હે ભગવન્ ! તે દ્રવ્યોનો ભેદ કેટલા પ્રકારનો કહેલો છે ! હે ગૌતમ ! પાંચ પ્રકારનો.-૧ ખંડભેદ, ૨ પ્રતરભેદ, ૩ ચૂર્ણિકાભેદ, ૪ અનુતટિકાભેદ અને ૫ ઉત્કરિકા ભેદ. હે ભગવન્ ! ખંડભેદ કેવા પ્રકારનો છે ? હે ગૌતમ ! જે લોઢાના ખંડોનો, જસતના ખંડોનો, ત્રાંબાના ખંડોનો, સીસાના ખંડોનો, રૂપાના ખંડોનો, કે સુવર્ણના ખંડોનો ખંડરૂપે- ભેદ થાય તે ખંડભેદ. હે ભગવન્ ! પ્રતરભેદ કેવા પ્રકારનો છે ? હે ગૌતમ ! જે તલના ચૂર્ણોનો, મગનાચૂર્ણોનો, અડદના ચૂર્ણોનો, પીપરના ચૂર્ણોનો, મરીના ચૂર્ણોનો કે સુંઠના ચૂર્ણોનો ચૂર્ણોનો ચૂર્ણરૂપે ભેદ થાય તે ચૂર્ણિકાભેદ. હે ભગવન્ ! અનુત ટિકાભેદ કેવા પ્રકારનો છે ? જે કૂવા, તળાવો, દ્રહો, નદીઓ, વાવો, પુશ્કરિણીઓ, દીર્ઘિ કાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરઃસરો વરો, સરઃપંક્તિઓ કે સરઃસરઃપંક્તિ ઓનો અનુતટિકારૂપે ભેદ થાય છે તે અનુત ટિકાભેદ. ઉત્કરિકાભેદ કેવા પ્રકારનો છે ? જે -મસૂર, મંડૂસ, તલની સિંગો, મગની સિંગો, અડદની સિંગો કે એરંડાના બીજોની ફુટીને ઉત્કરીકારૂપે ભેદ થાય છે તે ઉત્ક રિકાભેદ. હે ભગવન્ ! ખંડભેદ, પ્રતરભેદ, ચૂર્ણભેદ, અનુતટિકાભેદ અને ઉત્કરિકા ભેદથી ભેદ પામતાં એ દ્રવ્યોમાં કયા દ્રવ્યો કોનાથી અલ્પ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! ઉત્કરિકા ભેદ વડે ભેદ પામતાં સૌથી થોડા દ્રવ્યો છે, તેથી અનુતટિકા ભેદ વડે ભેદાતાં અનન્તગુણા છે, તેથી ચૂર્ણિકા ભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે, તેથી પ્રતર ભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે. અને તેથી ખંડભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે.

[૩૯૫] હે ભગવન્ ! નૈરયિક જે દ્રવ્યોને ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! જેમ જીવ સંબન્ધે વક્તવ્યતા કહી છે તેમ નૈરયિકને પણ યાવત્ અલ્પબહુત્વ સુધી કહેવી. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાયનો દંડક યાવત્ વૈમાનિક સુધી જાણવો. હે ગૌતમ ! બહુવચન વડે પણ એમજ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને સત્યભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે ? જેમ સામાન્ય દંડક કહ્યો તેમ આ પણ જાણવો, પરન્તુ વિકલેન્દ્રિયો સંબન્ધે ન પૂછવું. એ પ્રમાણે મૃષા ભાષા, સત્યમૃષા ભાષા અને અસત્યામૃષા ભાષા સંબન્ધે જાણવું, પરન્તુ અસત્યામૃષા ભાષા વડે આ અભિ લાપ-પાઠ વડે વિકલેન્દ્રિયો પૂછવા. હે ભગવન્ ! વિકલેન્દ્રિય જે દ્રવ્યોને અસત્મૃષા ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિર રહેલાં ગ્રહણ કરે છે કે અસ્થિર રહેલાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! જેમ સામાન્ય દંડક કહ્યો છે તેમ જાણવું. એ પ્રમાણે એકવચન અને બહુવચન વડે એ દસ દંડકો કહેવા.

[૩૯૬] હે ભગવન્ ! જીવ જે દ્રવ્યો સત્ય ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સત્ય ભાષાપણે, મૃષા ભાષાપણે, સત્યમૃષાભાષાપણે કે અસત્યામૃષાભાષાપણે મૂકે છે ? હે ગૌતમ ! સત્યભાષાપણે મૂકે છે, પણ અસત્યભાષાપણે, સત્યમૃષાભાષાપણે કે અસત્યમૃષાભાષાપણે મૂકતો નથી. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દંડક યાવત્ વૈમાનિક સુધી કહેવો. એમ બહુવચન વડે પણ જાણવું. હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને મૃષાભાષાપણે ગ્રહણ કરે છે તેને શું સત્યભાષાપણે, મૃષાભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યામૃષાભાષાપણે મૂકે છે ? હે ગૌતમ ! મૃષા ભાષાપણે મૂકે છે, પણ સત્યભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યામૃષાભાષાપણે મૂકતો નથી. એ પ્રમાણે સત્યમૃષાભાષાપણે અને અસત્યામૃષા ભાષાપણે પણ એમજ સમજવું, પરન્તુ અસત્યામૃષાભાષાપણે વિકલેન્દ્રિયો સંબન્ધે તેમજ પૂછવું. જે ભાષાપણે ગ્રહણ કરે છે તે ભાષાપણે મૂકે છે. એમ એકવચન અને બહુવચન સંબન્ધી છે. આઠ દંડકો કહેવા.

[૩૯૭] હે ભગવન્ ! કેટલા પ્રકારના વચન કહ્યાં છે ? હે ગૌતમ ! સોળ પ્રકારના. - ૧ એકવચન, ૨ દ્વિવચન, ૩ બહુવચન, ૪ સ્ત્રીવચન,. ૫ પુરુષવચન, ૬ નપુંસકવચન, ૭ અધ્યાત્મવચન, ૮ ઉપનીતવચન, ૯ અપનીતવચન, ૧૦ ઉપનીતાપનીતવચન, ૧૧ અવનીતોપનીતવચન, ૧૨ અતીતવચન, ૧૩ પ્રત્યુત્પન્ન વચન, ૧૪ અનાગતવચન, ૧૫ પ્રત્યક્ષવચન અને ૧૬ પરોક્ષવચન. એ પ્રમાણે એ -૧૬-વચનને બોલે તે પ્રજ્ઞાપની ભાષા છે ? એ ભાષા મૃષા નથી ? હે ગૌતમ ! અવશ્ય એ પ્રમાણે એ સોળ વચન બોલે તે પ્રજ્ઞાપની ભાષા છે, એ ભાષા અસત્ય નથી.

[૩૯૮] હે ભગવન્ ! કેટલા ભાષાના પ્રકારો કહ્યા છે ? હે ગૌતમ ! ભાષાના ચાર પ્રકારો કહ્યા છે, તે આ પ્રમાણે, એક સત્ય ભાષા, બીજી મૃષા ભાષા, ત્રીજી સત્યમૃષા અને ચોથી અસત્યામૃષા. હે ભગવન્ ! એ પ્રમાણે એ ચાર ભાષાના પ્રકારો બોલનાર આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! એ પ્રમાણે એ ચાર ભાષાના પ્રકારને સાવધાન પણે બોલતો આરાધક છે, પણ વિરાધક નથી. તે સિવાય બીજો અસંયત, વિરતિરહિત, જેઓનું પાપકર્મ અપ્રતિહત અને અપ્રત્યાખ્યાત છે એવો સત્યભાષા બોલતો, અસત્ય, સત્યમૃષા કે અસત્યામૃષા ભાષા બોલતો આરાધક નથી, પણ વિરાધક છે.

[૩૯૯] હે ભગવન્ ! એ સત્યભાષી, યાવત્ અભાષી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડા જીવો સત્યભાષી છે, તેથી સત્યમૃષા ભાષી અસંખ્યાતગુણા છે, તેથી મૃષાભાષી અસંખ્યાત ગુણા છે, તેથી અસત્યામૃષા ભાષી અસંખ્યાતગુણા છે અને તેથી અભાષી અનન્તગુણા છે.

**પદ-૧૧-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૨ શરીર

[૪૦૦] હે ભગવન્ ! કેટલાં શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ શરીરો કહ્યાં છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલાં શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! ત્રણ - વૈક્રિય, તૈજસ અને કાર્મણ. એમ અસુરકુમારોને યાવત્ સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલાં શરીરો છે ? હે ગૌતમ ! ત્રણ ઔદારિક, તૈજસ અને કાર્મણ. એ પ્રમાણે વાયુકાય સિવાય યાવત્ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. હે ભગવન્ ! વાયુકાયિકોને કેટલાં શરીરો હોય છે ? હે ગૌતમ ! ચાર.-૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ તૈજસ અને ૪ કાર્મણ. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચોને પણ જાણવું. હે ભગવન્ ! મનુષ્યોને કેટલાં શરીરો હોય છે ? પાંચ- ઔદારિક, વૈક્રિય આહારક, તૈજસ અને કાર્મણ. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નારકોની પેઠે જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૪૦૧] હે ભગવન્ ! ઔદારિક શરીરો કેટલા પ્રકારનાં કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારનાં.-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ-શરીરો છે તે અસંખ્યાતા છે અને તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ છે. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને તે કાળથી અનન્ત ઉત્સ-ર્પિણી-અવસર્પિણીના સમયો વડે અપહ રાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે અને તે અભવ્યોથી અનન્તગુણ અને સિદ્ધોને અનન્તમા ભાગે છે. હે ભગવન્ ! કેટલાં વૈક્રિય શરીરો છે ? હે ગૌતમ ! બે. બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે અને તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણિઓના પ્રદેશ પ્રમાણ છે. તેમાં જે મુક્ત શરીરો છે તે અનંત છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસ-ર્પિણીના સમયો વડે અપહારય છે-ઈત્યાદિ જેમ ઔદારિક સંબન્ધે મુક્ત શરીરો કહ્યાં છે તેમ વૈક્રિયના પણ કહેવાં. હે ભગવન્ ! આહારક શરીરો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! બે પ્રકારના છે-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે કદાચ હોય કે કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે કે ત્રણ હોય અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથકત્વ હોય. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે-ઈત્યાદિ જેમ ઔદારિકના મુક્ત શરીરો કહ્યા છે તેમ કહેવાં. હે ભગવન્ ! કેટલા પ્રકારના તૈજસ શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અનન્તા છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. દ્રવ્યથી સિદ્ધો કરતાં અનન્ત ગુણા અને અનન્તમા ભાગ વડે ન્યૂન સર્વ જીવોના જેટલાં છે, તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. દ્રવ્યથી સર્વ જીવો કરતાં અનન્તગુણા અને સર્વ જીવના વર્ગના અનન્તમા ભાગ પ્રમાણછે. એ રીતે કાર્મણ શરીરો કહેવાં.

[૪૦૨]હે ભગવન્ ! નૈરયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારના -બદ્ધ અને મુક્ત. તેમાં નૈરયિકોને બદ્ધ ઔદારિક શરીરો હોતાં નથી, અને મુક્ત ઔદારિક શરીરો અનન્તા છે- હે ભગવન્ ! નૈરયિકોને કેટલાં વૈક્રિય શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારનાં બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળની અપેક્ષાએ અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતી શ્રેણિઓ જેટલા છે, તે શ્રેણિ ઓની વિષ્કમ્ભસૂચિ અંગુલ પ્રમાણ આકાશ પ્રદેશોના પ્રથમ વર્ગમૂલને બીજા વર્ગમૂલ વડે ગુણતાં જેટલા આકાશ પ્રદેશો આવે તેટલા પ્રદેશોની જાણવી. અથવા અંગુલપ્રમાણ આકાશ પ્રદેશોના બીજા વર્ગમૂલના ઘનપ્રમાણ શ્રેણિઓ જાણવી. તેમાં જે મુક્ત શરીરો છે તે જેમ ઔદારિકના મુક્ત શરીરો કહ્યાં તેમ કહેવાં. હે ભગવન્ ! નારકોને કેટલા આહારક શરીરો હોય છે ? હે ગૌતમ ! બે પ્રકારના. -બદ્ધ અને મુક્ત. એ પ્રમાણે જેમ ઔદારિક શરીરો બદ્ધ અને મુક્ત કહ્યાં તેમ આહારક શરીરો પણ કહેવાં. તૈજસ અને કાર્મણ શરીરો જેમ વૈક્રિય શરીરો કહ્યાં તેમ કહેવા.

[૪૦૩] હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા ઔદારિક શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! જેમ નારકોને ઔદારિક શરીરો કહ્યાં તેમ અસુરકુમારોને પણ જાણવાં. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવન્ ! અસુરકુમારોને કેટલાં વૈક્રિય શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારના.-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીરો છે તે અસંખ્યાત છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ રૂપ અસંખ્યાતી શ્રેણિઓ છે. તે શ્રેણિઓની વિષ્કંભસૂચી અંગુલના પ્રથમ વર્ગમૂલના સંખ્યાતમાં ભાગ પ્રમાણ જાણવી. તેમાં જે મુક્ત શરીરો છે તે ઔદારિકના મુક્ત શરીરો કહ્યાં છે તેમ કહેવાં. આહારક શરીરો જેમ એઓને ઔદારિક શરીરો કહ્યાં છે તેમ બે પ્રકારનાં કહેવાં. બન્ને પ્રકારના પણ તૈજસ અને કાર્મણ શરીરો જેમ એઓને વૈક્રિય શરીરો કહ્યાં છે તેમ કહેવાં. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું.

[૪૦૪] હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારના.-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધઔદારિકશરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ છે. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને કાલથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોકપ્રમાણ છે. તે ભવ્ય કરતાં અનન્તગુણા અને સિદ્ધોના અનન્તમા ભાગે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા વૈક્રિય શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારનાં. -બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે તેઓને નથી. તેમાં જે મુક્ત શરીરો છે તે જેમ એઓને ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં. એ પ્રમાણે આહારક શરીરો પણ કહેવાં. તૈજસ અને કાર્મણ શરીરો એઓને જેમ ઔદારિક શરીર કહ્યાં છે તેમ કહેવાં. એ પ્રમાણે અપ્કાયિકો અને તેજસ્કાયિકો સંબંધે પણ કહેવું. હે ભગવન્ ! વાયુકાયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારનાં.-બદ્ધ અને મુક્ત. તે બન્ને પ્રકારના શરીરો જેમ પૃથિવીકાયિકોને ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં. વૈક્રિયશરીર સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! બે પ્રકારના. -બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે. અને સમયે સમયે અપહાર કરાતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર કાળ સુધી અપહરાય છે, તો પણ એમ અપહરાયેલાં નથી. મુક્ત શરીરો પૃથિવીકાયિકોની જેમ જાણવા, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો પૃથિવીકાયિકની જેમ કહેવાં. વનસ્પતિ કાયિકો પૃથિવીકાયિકોની પેઠે જાણવા, પરન્તુ તૈજસ અને કાર્મણ શરીરો સામાન્ય તૈજસ અને કાર્મણની પેઠે જાણવાં.

હે ભગવન્ ! બેઇંદ્રિયોને કેટલા પ્રકારના ઔદારિક શરીરો કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના. -બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અંસખ્યાતી શ્રેણિઓ જાણવી. તે શ્રેણિઓની વિષ્કંભસૂચી અસંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ અથવા અસંખ્યાતા શ્રેણિના વર્ગમૂલ પ્રમાણ જાણવી. બેઇન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરોથી ક્ષેત્રને આશ્રયી અંગુલપ્રમાણ પ્રતરખંડ વડે અને કાલથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડ વડે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે સમગ્ર પ્રતર અપહરાય છે. તેમાં જે મુક્ત શરીરો છે તે -સામાન્ય ઔદારિક મુક્ત શરીરોની પેઠે જાણવાં. વૈક્રિય અને આહારક બદ્ધ શરીરો નથી, અને મુક્ત શરીરો સામાન્ય ઔદારિક મુક્ત શરીરની પેઠે જાણવાં. તૈજસ અને કાર્મણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એઓના જ સામાન્ય ઔદારિક શરીરોની પેઠે કહેવાં. એ પ્રમાણે યાવત્ ચઉરિંદ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચોને એમજ સમજવું. પરન્તુ વૈક્રિય શરીરોમાં આ વિશે-ષતા છે-હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પ્રકારના વૈક્રિય શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારના.-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તેઓ અસંખ્યાતા છે-ઇત્યાદિ અસુરકુમારની પેઠે જાણવું. પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચી અંગુલના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. મુક્તશરીરો તેમજ જાણવાં.

હે ભગવન્ ! મનુષ્યોને કેટલાં પ્રકારના ઔદારિક શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! બે પ્રકારના. બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે કદાચ સંખ્યાતા હોય અને કદાચિત્ અસંખ્યાતા હોય. જઘન્ય પદે સંખ્યાતા હોય છે કે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ હોય છે. અથવા ત્રણ યમલપદના ઉપર અને ચાર યમલપદની નીચે છે. અથવા પાંચમા વર્ગ વડે છઠ્ઠા વર્ગને ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલાં છે. અથવા છન્નું વાર છેદ આપી શકાય એટલા રાશિપ્રમાણ છે. ઉત્કૃષ્ટ પદે અસંખ્યાતા છે. અને તે કાળથી અસંખ્યાતી ઉત્સ ર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી એક સંખ્યાનો પ્રક્ષેપ કરવાથી મંનુષ્યો વડે સમગ્ર શ્રેણિ અપહરાય છે. તે શ્રેણિના આકાશ પ્રદેશોનો અપહાર વિચા-રીએ તો તેઓ અસંખ્યાતા થાય છે અને કાળથી અસંખ્યાતા ઉત્સર્પિણી અને અવ-સર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અંગુલના પ્રથમ વર્ગમૂલને ત્રીજા વર્ગમૂલ વડે ગુણતાં જે સંખ્યા આવે તેટલાં જાણવા. તેમાં જે મુક્ત શરીરો છે તે ઔદારિક સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવા. હે ભગવન્ ! વૈક્રિયશરીર સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! બે પ્રકારના છે. તે આ પ્રમાણે-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે સંખ્યાતા છે અને તે સમયે સમયે તેનો અપહાર કરતાં સંખ્યાતા કાળે અપહરાય પરન્તુ એમ અપહરાયેલાં નથી. તેમાં જે મુક્ત શરીરો છે તે સામાન્ય ઔદારિકની જેમ જાણવા. તૈજસ અને કાર્મણ શરીરો એઓને જેમ ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં વ્યંતરોને નૈરયિકોની પેઠે ઔદારિક અને આહારક શરીરો કહેવાં અને વૈક્રિય શરીરો નૈરયિકોની પેઠે કહેવાં. પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ જાણવી. સંખ્યાતા સેંકડો યોજનના વર્ગ પ્રમાણ ખંડ પ્રતરને પૂરવા કે અપહરવામાં જાણવો. મુક્ત શરીરો ઔદારિકની પેઠે જાણવા. આહારક શરીરો જેમ અસુરકુમારોના કહ્યાં તેમ કહેવાં. તૈજસ અને કાર્મણ શરીર એઓને વૈક્રિય શરીરો કહ્યાં છે તેમ કહેવાં. જ્યોતિષિકોને એમ જ સમજવું, પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ પણ જાણવી. બસો છપ્પન અંગુલના વર્ગ પ્રમાણ ખંડ પ્રતરને પૂરવામાં કે અપહાર કરવામાં જાણવો. વૈમાનિકો સંબંધે પણ એમજ જાણવું. પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ અંગુલના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણતાં જેટલા પ્રદેશો આવે તેટલા પ્રદેશપ્રમાણ જાણવી. અથવા અંગુલના ત્રીજા વર્ગમૂળના ઘનપ્રમાણ જાણવી.

**પદ-૧૨-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૩-પરિણામ પદ.

[૪૦૫] હે ભગવન્ ! કેટલા પ્રકારનો પરિણામ કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે-જીવપરિણામ અને અજીવપરિણામ

જૈન સાહિત્ય JAINSITE .com જ્ઞાન જ્યોતિ શાસનમ્

[૪૦૬] હે ભગવન્ ! જીવપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! દસ પ્રકારનો. ગતિપરિણામ, ઇન્દ્રિયપરિણામ, કષાયપરિણામ, લેશ્યાપરિણામ, યોગપરિણામ, ઉપયોગપરિણામ, જ્ઞાનપરિણામ, દર્શનપરિણામ, ચારિત્રપરિણામ વેદપરિણામ.

[૪૦૭] હે ભગવન્ ! ગતિપરિણામ કેટલા પ્રકારે કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારે. નરકગતિપરિણામ, તિર્યંચગતિપરિણામ, મનુષ્યગતિપરિણામ અને દેવગતિ પરિણામ. હે ભગવન્ ! ઇન્દ્રિયપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયપરિ ણામ, ચક્ષુઇન્દ્રિયપરિણામ, ઘ્રાણેન્દ્રિયપરિણામ, જિહ્વેન્દ્રિય પરિણામ અને સ્પર્શને ન્દ્રિયપરિણામ. હે ભગવન્ ! કષાયપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો.- ક્રોધકષાયપરિણામ, માનકષાયપરિણામ, માયાકષાયપરિ ણામ, અને લોભકષાયપરિણામ. હે ભગવન્ ! લેશ્યાપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! છ પ્રકારનો. -કૃષ્ણલેશ્યાપરિણામ, નીલલેશ્યા પરિણામ, કાપોતલેશ્યા પરિ-ણામ, તેજોલેશ્યાપરિણામ, પદ્મલેશ્યાપરિણામ.અને શુક્લલેશ્યાપરિણામ.હેભગવન્ ! યોગપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો. મનોયોગ પરિણામ, વચનયોગપરિણામ, અને કાયયોગ પરિણામ. હે ભગવન્ ! ઉપયોગપરિ ણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. -સાકારોપયોગપરિણામ અને અનાકારોપયોગ પરિણામ. હે ભગવન્ ! જ્ઞાનપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. આભિ નિબોધિકજ્ઞાનપરિણામ, શ્રુતજ્ઞાનપરિણામ, અવધિજ્ઞાન પરિણામ, મનઃ પર્ય-વજ્ઞાન પરિણામ અને કેવલજ્ઞાનપરિણામ. હે ભગવન્ ! અજ્ઞાનપરિ ણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો.- મતિઅજ્ઞાનપરિણામ, શ્રુતઅજ્ઞાન પરિણામ અને અને વિભંગજ્ઞાનપરિણામ. હે ભગવન્ ! દર્શનપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો. -સમ્યગ્દર્શનપરિણામ, મિથ્યાદર્શનપરિણામ અને સમ્ય ગ્મિથ્યાદર્શનપરિણામ. હે ભગવન્ ! ચારિત્રપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો.- સામાયિકચારિત્રપરિણામ, છેદોપસ્થા પનીયચારિત્ર પરિ ણામ, પરિહારવિશુદ્ધિકચારિત્રપરિણામ, સૂક્ષ્મસંપરાયચારિત્ર પરિણામ, અને યથાખ્યાત ચારિત્રપરિણામ. હે ભગવન્ ! વેદપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો- સ્ત્રીવેદપરિણામ, પુરુષવેદપરિણામ અને નપુંસકવેદપરિણામ.

નૈરયિકો ગતિપરિણામવડે નરકગતિવાળા, ઇન્દ્રિયપરિણામવડે પંચેન્દ્રિયો, કષાયપરિણામવડે ક્રોધકષાયવાળા યાવત્ લોભકષાયવાળા, લેશ્યાપરિણામવડે કૃષ્ણ લેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા, યોગપરિણામ વડે મનો યોગ વાળા, વચનયોગવાળા અને કાયયોગવાળા, ઉપયોગપરિણામ વડે સાકારઉપ યોગ વાળા અને અનાકારઉપયોગવાળા, જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિકજ્ઞાની, શ્રુત જ્ઞાની અને અવધિજ્ઞાની, અજ્ઞાનપરિણામ વડે મતિઅજ્ઞાની,શ્રુતઅજ્ઞાની અને વિભંગ જ્ઞાની, દર્શનપરિણામ વડે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે. ચારિત્રપરિણામ વડે-અવિરતિ હોય છે. વેદપરિણામ વડે નપુંસકવેદી હોયછે. અસુર કુમારો પણ એમજ જાણવા. પરન્તુ દેવગતિવાળા, કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેસ્યા વાળા, વેદપરિણામ વડે સ્ત્રીવેદવાળા અને પુરુષવેદવાળા હોય છે, પરન્તુ નપુંસક વેદવાળા હોતા નથી. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવું. પૃથિવીકાયિકો ગતિપરિણામ વડે તિર્યંચગતિવાળા અને ઇન્દ્રિયપરિણામ વડે એકેન્દ્રિયો હોય છે. બાકી બધું નૈરયિકોની પેઠે કહેવું. પરન્તુ લેશ્યાપરિણામ વડે તેજો લેશ્યાવાળા પણ હોય છે. યોગપરિણામ વડે કાયયોગવાળા હોય છે. તેઓમાં જ્ઞાન પરિણામ નથી. અજ્ઞાનપરિણામવડે મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અને દર્શન પરિણામ વડે મિથ્યાદૃષ્ટિ હોય છે. બાકી બધું તેમજ જાણવું. અપ્કાયિકો અને વનસ્પતિ કાયિકો એમજ જાણવા. તેજસ્કાયિકો અને વાયુકાયિકો સંબંધે એમજ જાણવું, પરન્તુ તેઓ લેશ્યા પરિણામ વડે નૈરયિકોની જેમ જાણવા.

બેઇન્દ્રિયો ગતિપરિણામવડે તિર્યંચગતિવાળા અને ઇન્દ્રિયપરિણામવડે બે ઇન્દ્રિયવાળા હોય છે. બાકી બધું નૈરયિકોની પેઠે કહેવું. પરન્તુ યોગપરિણામ વડે વચન યોગવાળા અને કાયયોગવાળા હોય છે. જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિજ્ઞાની અને શ્રુતજ્ઞાની પણ હોય છે. અજ્ઞાનપરિણામ વડે મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની પણ હોય છે, પરન્તુ વિભંગજ્ઞાની હોતા નથી. દર્શન પરિણામ વડે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ પણ હોય છે, પરન્તુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરન્તુ ઇન્દ્રિયની સંખ્યા અધિક કહેવી. પંચેન્દ્રિય-તિર્યંચો ગતિપરિણામ વડે તિર્યંચગતિવાળા હોય છે. બાકી બધું નૈરયિકોની જેમ કહેવું. લેશ્યાપરિણામ વડે યાવત્ શુક્લલેશ્યાવાળા પણ હોય છે. ચારિત્રપરિણામ વડે અવિરતિ કે દેશવિરતિચારિત્રવાળા હોય છે. વેદપરિણામ વડે સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી હોય છે. મનુષ્યો ગતિપરિણામ વડે મનુષ્યગતિવાળા, ઇન્દ્રિયપરિ ણામ વડે પંચેન્દ્રિય અને અનિન્દ્રિય પણ હોય છે. કષાય પરિણામ વડે ક્રોધકષાયી, યાવત્ અકષાયી હોય છે. લેશ્યાપરિણામ વડે કૃષ્ણલેશ્યા વાળા યાવત્ લેશ્યારહિત હોય છે. યોગપરિણામ વડે મનોયોગી, યાવત્ અયોગી હોય છે. ઉપયોગપરિણામ વડે નૈરયિ કોની જેમ જાણવા. જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિકજ્ઞાની, યાવત્ કેવલજ્ઞાની પણ હોય છે. અજ્ઞાનપરિણામ વડે ત્રણે અજ્ઞાનો અને દર્શનપરિણામ વડે ત્રણે દર્શનો હોય છે. ચારિત્રપરિણામ વડે સર્વવિરતિચારિત્રવાળા, ચારિત્રરહિત અને દેશવિરતિ ચારિત્રવાળા હોયછે. વેદપરિણામ વડે સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અને વેદરહિત પણ હોય છે. વ્યન્તરો ગતિપરિણામ વડે દેવગતિવાળા-ઇત્યાદિ અસુરકુમારોની પેઠે કહેવું, જ્યોતિષિકો પણ એમજ જાણવા, પરન્તુ તેઓ માત્ર તેજોલેશ્યાવાળા હોય છે. વૈમાનિકો પણ એમજ જાણવા, પરન્તુ લેશ્યાપરિણામ વડે તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યા વાળા અને શુક્લલેશ્યા વાળા હોય છે. એમ જીવપરિણામ કહ્યો.

[૪૦૮] હે ભગવન્ ! અજીવપરિણામ કેટલા પ્રકારે કહ્યો છે ? દસ પ્રકારે બંધન પરિણામ, ગતિપરિણામ, સંસ્થાનપરિણામ, ભેદ પરિણામ, વર્ણપરિણામ, ગન્ધપરિ ણામ, રસપરિણામ, સ્પર્શપરિણામ, અગુરુલઘુ પરિણામ, અને શબ્દપરિણામ.

[૪૦૯-૪૧૧] હે ભગવન્ ! બંધનપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? બે પ્રકાર નો. -સ્નિગ્ધબંધનપરિણામ અને રુક્ષબંધનપરિણામ. "સ્કન્ધોનો સમાન સ્નિગ્ધપ ણામાં કે સમાન રુક્ષપણામાં પરસ્પર બંધ થતો નથી. પરન્તુ વિષમ સ્નિગ્ધ પણા અને વિષમ રુક્ષપણામાં બંધ થાયછે. સ્નિગ્ધનો દ્વિગુણાદિ અધિક સ્નિગ્ધની સાથે અને રુક્ષનો દ્વિગુણાદિ અધિક રુક્ષની સાથે બંધ થાયછે. તથા સ્નિગ્ધનો રુક્ષની સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યગુણ સિવાય વિષમ હોય કે સમ હોય તો બંધ થાય છે.

[૪૧૨] હે ભગવન્ ! ગતિપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો.-સ્પૃશદ્‌ગતિપરિણામ અને અસ્પૃશદ્‌ગતિપરિણામ અથવા દીર્ઘગતિપરિણામ અને હ્રસ્વગતિપરિણામ. હે ભગવન્ ! સંસ્થાનપરિણામના કેટલા પ્રકાર છે ? હે ગૌતમ ! પાંચ પ્રકાર.- પરિમંડલસંસ્થાનપરિણામ, યાવત્-આયતસંસ્થાનપરિણામ. હે ભગવન્ ! ભેદપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો.- ખંડભેદ પરિણામ અને યાવત્ ઉત્કરિકા ભેદપરિણામ. હે ભગવન્ ! વર્ણપરિણામ કેટલા પ્રકારે છે ? હે ગૌતમ!પાંચ પ્રકારે.- કૃષ્ણવર્ણપરિણામ, યાવત્ શુક્લવર્ણપરિણામ. હે ભગવન્ ! ગંધપરિણામ કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે,- સુરભિગન્ધપરિણામ અને દુરભિગન્ધપરિણામ હે ભગવન્ ! રસપરિણામ કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે.- તિક્તરસપરિણામ, યાવત્ મધુરસપરિણામ. હે ભગવન્ ! સ્પર્શ પરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનો કર્કશસ્પર્શપરિણામ, યાવત્ રુક્ષસ્પર્શ પરિણામ. હે ભગવન્ ! અગુરુલઘુપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! એક પ્રકારનો છે. હે ભગવન્ ! શબ્દપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. -સુરભિ- શબ્દપરિણામ અને દુરભિ શબ્દપરિણામ. એમ અજીવપરિણામ કહ્યો.

**પદ-૧૩-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૪ કષાય

[૪૧૩] હે ભગવન્ ! કેટલા કષાયો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. ક્રોધકષાય, માનકષાય, માયાકષાય. લોભકષાય.નૈરયિકોને કેટલા કષાયો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. ક્રોધકષાય, યાવત્ લોભકષાય. એ પ્રમાણે વૈમાનિકસુધી જાણવું.

[૪૧૪] હે ભગવન્ ! ક્રોધ કેટલાં સ્થાનોને વિષે રહેલો છે ? ચાર સ્થાનોને વિષે. આત્મપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત, તદુભય પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને દંડક કહેવો. એમ માન, માયા અને લોભને આશ્રયી દંડક કહેવો. કેટલાં સ્થાનોએ ક્રોધની ઉત્પત્તિ થાય છે ? ચાર સ્થાનોએ. ક્ષેત્રને આશ્રયી, વસ્તુને આશ્રયી, શરીરને આશ્રયી અને ઉપધિને આશ્રયી. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિક સુધી જાણવું. એમ માન, માયા અને લોભને આશ્રયી દંડક કહેવો.

[૪૧૫] હે ભગવન્ ! કેટલા પ્રકારનો ક્રોધ કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો ક્રોધ કહ્યો છે. તે આ પ્રમાણે-૧ અનંતાનુબંધીક્રોધ, ૨ અપ્રત્યાખ્યાન ક્રોધ, ૩ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને ૪ સંજ્વલન ક્રોધ. એ પ્રમાણે નૈરયિકોને યાવત્-વૈમાનિકોને કહેવું. એમ માન, માયા અને લોભ સંબંધે જાણવું. એ ચાર દંડકો કહ્યા.

[૪૧૬] હે ભગવન્ ! કેટલા પ્રકારનો ક્રોધ કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે- આભોગનિર્વર્તિત, અનાભોગનિર્વર્તિત, ઉપશાન્ત અને અનુપશાન્ત, એ પ્રમાણે નૈરયિકોથી આરંભી વૈમાનિકો સુધી જાણવું. એમ માન, માયા, અને લોભને આશ્રયી પણ ચારે દંડકો જાણવા.

[૪૧૭] હે ભગવન્ ! જીવોએ કેટલાં સ્થાને આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કર્યો હતો ? હે ગૌતમ ! ચાર સ્થાને આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કર્યો હતો. ક્રોધ વડે, માન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે, માયા વડે અને લોભ વડે. એમ નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો કેટલાં સ્થાને-આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કરે છે ? હે ગૌતમ ! ક્રોધ આદિ ચાર કારણે. એ પ્રમાણે નૈરયિકોથી માંડી યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો કેટલાં કારણે આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કરશે ? હે ગૌતમ ! ક્રોધ આદિ ચાર કારણે. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો કેટલાં કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો ? હે ગૌતમ ! ક્રોધાદિચાર કારણો.એ પ્રમાણે નૈરયિકોથી માંડી યાવત્-વૈમાનિકો સુધી જાણવું.હે ભગવન્!જીવો કેટલાં કારણો -ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! ચાર કારણો યાવત્ લોભ વડે ઉપચય કરે છે. એમ નૈરયિકોથી આરંભી યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એમ 'ઉપચય કરશે' એ સંબન્ધે સૂત્ર જાણવું. હે ભગવન્ ! જીવોએ કેટલાં કારણે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો હતો ? હે ગૌતમ ! ચાર કારણે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો હતો. તે આ પ્રમાણે-ક્રોધ વડે, યાવત્ લોભ વડે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો જાણવા. બાંધી હતી, બાંધે છે અને બાંધશે, ઉદીરી હતી, ઉદીરે છે અને ઉદીરશે. વેદી હતી, વેદે છે અને વેદશે, નિર્જરા કરી હતી, કરે છે અને કરશે. એ પ્રમાણે જીવથી માંડી વૈમાનિક પર્યન્ત (પ્રત્યેકના) અઢાર દંડક જાણવા. યાવત્ વૈમાનિકોએ નિર્જરા કરી હતી, નિર્જરા કરે છે અને નિર્જરા કરશે.

[૪૧૮] આત્મપ્રતિષ્ઠિત, ક્ષેત્રને આશ્રયી, અનંતાનુબન્ધી, આભોગ, ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના તથા નિર્જરા એ પદસહિત સૂત્રો જાણવા.

**પદ-૧૪-નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પદ-૧૫-ઈન્દ્રિય

### -: ઉદ્દેસો-૧ :-

[૪૧૯-૪૨૦] સંસ્થાન બાહલ્ય-, પૃથુત્વ, કતિપ્રદેશ-અવગાઢ- અલ્પબહુત્વ, સ્પૃષ્ટ, પ્રવિષ્ટ, વિષય, અનગાર, આહાર, આદર્શ, અસિ, મણિ, દૂધ, પાનક, તેલ, ફાણિત, વસા, કાંબલ,-સ્તંભ, થિગ્ગલ-દ્વીપોદધિ, લોક અને અલોક સંબંધે પહેલા ઉદ્દેશકમાં પચીશ અધિકારો છે.

[૪૨૧] હે ભગવન્ ! કેટલી ઈન્દ્રિયો છે ? હે ગૌતમ ! પાંચ ઈન્દ્રિયો છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયો કેવો આકાર છે ? હે ગૌતમ ! કદંબ પુષ્પના જેવો. ચક્ષુઈન્દ્રિયનો કેવો આકાર છે ? હે ગૌતમ ! મસૂર ચન્દ્રના જેવો ઘ્રાણેન્દ્રિયનો કેવો આકાર છે ? હે ગૌતમ ! અતિમુક્ત પુષ્પના જેવો. જિહ્વેન્દ્રિયનો કેવો આકાર છે ? હે ગૌતમ, અસ્ત્રાના જેવો. સ્પર્શનેન્દ્રિયનો કેવો આકાર છે ? અનેક પ્રકારનો આકાર છે. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયની જાડાઈ કેટલી છે ? હે ગૌતમ ! અંગુલના અસંખ્યાતમા ભાગની જાડાઈ છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિય સુધી સમજવું. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે. હે ગૌતમ ! અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણે. એ પ્રમાણે ચક્ષુઈન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય સંબંધે જાણવું. હે ભગવન્ ! જિહ્વેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે ? હે ગૌતમ ! અંગુલ પૃથકત્વપ્રમાણ. સ્પર્શનેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે ? હે ગૌતમ ! શરીરપ્રમાણ. શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશવાળી છે ? હે ગૌતમ ! અનન્ત પ્રદેશવાળી છે. એ પ્રમાણે યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું.

[૪૨૨] હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશમાં અવગાઢ-રહેલ છે ? તેની કેટલા પ્રદેશોની અવગાહના છે ? હે ગૌતમ ! અસંખ્યાતા પ્રદેશોમાં અવગાઢ હોય છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્ ! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, અને સ્પર્શનેન્દ્રિયોમાં અવગાહનાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવ ગાહના તથા પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડી ચક્ષુઈન્દ્રિય અવગાહનારૂપે છે- તેથી શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાત ગુણ છે. તેથી ઘ્રાણેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય અવગાહ નારૂપે અસંખ્યાતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. પ્રદેશાર્થ રૂપે સૌથી થોડી ચક્ષુઈન્દ્રિય છે. તેથી શ્રોત્રેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે. અવગાહના અને પ્રદેશરૂપે-સૌથી થોડી ચક્ષુઈન્દ્રિય અવગાહનારૂપે છે તેથી શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે અસં-ખ્યાતગુણ છે. તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. સ્પર્શનેન્દ્રિયની અવ ગાહના કરતાં ચક્ષુઈન્દ્રિય પ્રદેશરૂપે અનંતગુણ છે- તેથી શ્રોત્રેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાત ગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અસં-ખ્યાતગુણ છે અને તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે.

હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયના કર્કશ અને ગુરુ ગુણો કેટલા છે ? હે ગૌતમ ! કર્કશ અને ગુરુગુણો અનન્તા છે. એ પ્રમાણે યાવત્-સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણો કેટલા છે ? હે ગૌતમ ! મૃદુ અને લઘુગુણો અનન્તા છે. એ પ્રમાણે યાવત્-સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્ ! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય જિહ્વેનદ્રિય અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ અને ગુરુગુણો તથા મૃદુ અને લઘુ ગુણોમાં કઇ ઇન્દ્રિયના કયા ગુણો કઇ ઇન્દ્રિયના કયા ગુણોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ચક્ષુઈન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો છે. તેથી શ્રોત્રે ન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્ત ગુણા છે, તેથી જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો છે. તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે.-સૌથી થોડા સ્પર્શનેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો છે, તેથી જિહ્વેન્દ્રિયના મૃદુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ લઘુ ગુણો અનન્ત ગુણા છે, તેથી શ્રોત્રેન્દ્રિયના મૃદુ-લઘુગુણો અનન્તગુણા છે, તેથી ચક્ષુઈન્દ્રિયના મૃદુલ- ઘુગુણો અનન્તગુણા છે. (કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ-લઘુગુણોનું અલ્પબ હુત્વ)-સૌથી થોડા ચક્ષુઈન્દ્રિયના કર્કશ-ગુરુગુણો છે, તેથી શ્રોત્રેન્દ્રિયના કર્કશગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી જિહ્વેન્દ્રિ યના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્ત ગુણા છે, સ્પર્શ-નેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં તેનાજ મૃદુ-લઘુ ગુણો અનન્તગુણ છે, તેથી જિહ્-વેન્દ્રિયના મૃદુ-લઘુગુણો અનન્ત ગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્ત ગુણા છે, તેથી શ્રોત્રેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી ચક્ષુઈન્દ્રિયના-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે.

[૪૨૩] હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ઇન્દ્રિયો છે ? હે ગૌતમ ! પાંચ ઇન્દ્રિયો છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય, યાવત્ સ્પર્શનેન્દ્રિય. હે ભગવન્ ! નૈરયિકોને શ્રોત્રેન્દ્રિય કેવા આકારની છે ? હે ગૌતમ ! કદંબપુષ્પના આકાર જેવી છે. એ પ્રમાણે જેમ સામાન્ય ઇન્દ્રિયોની વક્તવ્યતા કહી છે તેમ નૈરયિકોની પણ યાવત્ બન્ને પ્રકારના અલ્પબહુત્વ સુધી કહેવી. -હે ભગવન્ ! નૈરયિકોને સ્પર્શનેન્દ્રિય કેવા આકારની છે ? હે ગૌતમ ! તેઓને સ્પર્શનેન્દ્રિય બે પ્રકારની છે, તે આ પ્રમાણે ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તે બંને હુંડક સંસ્થાનના આકાર જેવી છે.

હે ભગવન્ ! અસુરકુમારોને કેટલી ઇન્દ્રિયો છે ? હે ગૌતમ ! પાંચ ઇન્દ્રિયો છે. એ પ્રમાણે જેમ સામાન્ય ઇન્દ્રિયો સંબંધે કહ્યું તેમ બન્ને પ્રકારના અલ્પબહુત્વ સુધી કહેવું. પરન્તુ તેઓને સ્પર્શનેન્દ્રિય બે પ્રકારની છે. તે આ પ્રમાણે-ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે સમચતુરસ્રસંસ્થાનના આકારવાળી છે, અને જે ઉત્તરવૈક્રિયરૂપ છે તે અનેક પ્રકારના આકારવાળી છે. યાવત્ સ્તનિતકુમારો સુધી સમજવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલી ઇન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! તેઓને એક સ્પર્શનેન્દ્રિય હોય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેવા આકારની હોય છે ? હે ગૌતમ ! મસૂરચંદના આકાર જેવી હોય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય જાડાઇમાં કેટલી છે ? હે ગૌતમ ! જાડાઇમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયનો વિસ્તાર કેટલો છે?હે ગૌતમ ! વિસ્તારમાં શરીરપ્રમાણ માત્ર હોય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેટલા પ્રદેશવાળી હોય છે ? હે ગૌતમ ! અનન્તપ્રદેશવાળી હોય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેટલા પ્રદેશોની અવગાહનવાળી હોય છે ? હે ગૌતમ ! અસંખ્યાતા પ્રદેશોની અવગાહનાવાળી હોય છે. હે ભગવન્ ! એ પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે, પ્રદેશરૂપે અને અવ ગાહના-પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડી પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય અવગાહના રૂપે છે, એટલે તેના પ્રદેશોની અપેક્ષાએ સ્પર્શનેન્દ્રિયની અવગાહના સૌથી થોડી છે, અને તેજ પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે.

હે ભગવન્ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયના કેટલા કર્કશ-ગુરુ ગુણો છે ? હે ગૌતમ ! અનન્તા છે. એમ મૃદુ-લઘુ ગુણો પણ પણ જાણવા. હે ભગવન્ ! એ પૃથિવી કાયિકોની સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ-લઘુગુણોમાં કયા ગુણો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયના સૌથી થોડા કર્કશ-ગુરુ ગુણો છે, તેથી તેનાજ મૃદુ-લઘ ગુણો અનન્તા છે. એ પ્રમાણે અપ્કાયિકો યાવત્ વનસ્પતિ કાયિકો સુધીજાણવું. પરન્તુ સંસ્થાનમાં વિશેષતા છે-અપ્કાયિકોની પરપોટાની આકૃતિજેવી, તેજસ્કાયિકોની સોયનાજત્થાનાજેવી, વાયુ કાયિકોની ધ્વજાનાજેવી અને વનસ્પતિકાયિકોની અનેક પ્રકારના આકારવાળી સ્પર્શ નેન્દ્રિય જાણવી. હે ભગવન્ ! બેઇન્દ્રિયોને કેટલી ઇન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! બે ઇન્દ્રિયો હોય છે. -જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય. બન્ને ઇન્દ્રિયોનું સંસ્થાન, જાડાઇ, વિસ્તાર, પ્રદેશો અને અવગાહના જેમ સામાન્ય ઇન્દ્રિયોની કહી છે તેમ કહેવી. પરન્તુ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્શનેન્દ્રિય હુંડક સંસ્થાનની આકૃતિ જેવી છે એ વિશેષ છે. હે ભગવન્ ! એ બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયોમાં અવગાહનારૂપે, પ્રદેશરૂપે, અને અવગાહના પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે સૌથી અલ્પ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, પ્રદેશાર્થરૂપે-બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે સૌથી અલ્પ છે અને તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે. અવગાહના-પ્રદેશાર્થરૂપે બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે સૌથી અલ્પ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાત ગુણ છે. સ્પર્શનેન્દ્રિયની અવગાહના કરતાં જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અનન્તગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે. હે ભગવન્ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કેટલા કર્કશ અને ગુરુ ગુણો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્તા કહ્યા છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિયના પણ જાણવા. એમ મૃદુ અને લઘુ ગુણો સંબન્ધે જાણવું.

હે ભગવન્ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો, મૃદુ-લઘુ ગુણો તથા કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો સૌથી થોડા છે, તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણ છે, અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં તેનાજ મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ ઇન્દ્રિયની સંખ્યામાં વૃદ્ધિ કરવી. તેઇન્દ્રિયોને ઘ્રાણેન્દ્રિય સૌથી અલ્પ છે, ચઉરિન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિય અલ્પ છે. બાકી બધું તેમજ જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને નૈરયિકોની જેમ કહેવું, પરન્તુ સ્પર્શનેન્દ્રિય છ પ્રકારના સંસ્થાનના આકાર જેવી હોય છે. સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને અસુરકુમારની પેઠે કહેવું.

[૪૨૪]હે ભગવન્ ! સ્પૃષ્ટ-શબ્દો સાંભળે કે અસ્પૃષ્ટ- શબ્દો સાંભળે ? હે ગૌતમ ! સ્પૃષ્ટ શબ્દો સાંભળે, પણ અસ્પૃષ્ટ શબ્દો ન સાંભળે. હે ભગવન્ ! સ્પૃષ્ટ રૂપ જુએ કે અસ્પૃષ્ટ રૂપ જુએ ? હે ગૌતમ ! સ્પૃષ્ટ રૂપ ન જુએ પણ અસ્પૃષ્ટ રૂપ જુએ. હે ભગવન્ ! સ્પૃષ્ટ ગન્ધ સુંઘે કે અસ્પૃષ્ટ ગન્ધ સુંઘે ? હે ગૌતમ ! સ્પૃષ્ટ ગન્ધ સુંઘે, પણ અસ્પૃષ્ટ ગન્ધ ન સુંઘે. એ પ્રમાણે રસ અને સ્પર્શ સંબન્ધે પણ જાણવું. પરન્તુ 'રસ આસ્વાદે છે અને સ્પર્શને વેદે છે' એ પાઠ કહેવો. હે ભગવન્ ! પ્રવિષ્ટ-શબ્દ સાંભળે કે અપ્રવિષ્ટ શબ્દ સાંભળે ? પ્રવિષ્ટ શબ્દ સાંભળે, પણ અપ્રવિષ્ટ શબ્દ ન સાંભળે-ઇત્યાદિ

[૪૨૫] હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિષય છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી બાર યોજનથી આવેલા અછિન્ન પુદ્ગલ રૂપ પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે. હે ભગવન્ ! ચક્ષુઇન્દ્રિયનો કેટલો વિષય છે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી કંઇક અધિક લાખ યોજન અછિન્ન પુદ્ગલરૂપ અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ રૂપને જુએ છે. ઘ્રાણેન્દ્રિયનો કેટલો વિષય છે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી નવ યોજનથી આવેલા અછિન્ન પુદ્ગલરૂપ સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ ગંધને સુંઘે છે. એ પ્રમાણે જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય સંબંધે જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૪૨૬]મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા ભાવિતાત્મા અનગારના જે ચરમ- નિર્જરાપુદ્ગલો છે તે હે આયુષ્માન્ શ્રમણ ! સૂક્ષ્મ કહ્યાં છે ? અને તે સર્વ લોકમાં અવગાહીને રહે છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોનું અન્યપણું, નાનાપણું, હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણે છે અને જુએ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો હે ગૌતમ ! કોઇ દેવ પણ તે નિર્જરા પુદ્ગલોનું કંઇપણ અન્યપણું, ભિન્નપણું, હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણતો નથી, તેમ દેખતો નથી. તે માટે હે ગૌતમ ! એમ કહેવાય છે પ્રમાણે હે આયુષ્માન્ શ્રમણ ! એમ તે પુદ્ગલો સૂક્ષ્મ કહ્યા છે, અને સર્વલોકને અવગાહીને રહે છે.

હે ભગવન્ ! નૈરયિકો તે નિર્જરાપુદ્ગલો જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે ? અથવા જાણતો નથી, જોતો નથી અને આહાર કરે છે ? હે ગૌતમ ! નૈરયિકો નિર્જરાપુદ્ગલોને જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવું. હે ભગવન્ ! મનુષ્યો તે નિર્જરાપુદ્ગલોને શું જાણે છે, જુએ છે,અને તેનો આહાર કરે છે?અથવા જાણતા નથી,જોતા નથી,અને આહાર કરે છે ? હે ગૌતમ ! કેટલાક જાણે છે, જુએ છે અને આહાર કરે છે, કેટલાકએક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! મનુષ્યો બે પ્રકારના છે-સંજ્ઞીભૂત અને અંસજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. અને તેમાં જે સંજ્ઞીભૂત છે તે બે પ્રકારના છે, તે આ પ્રમાણે ઉપયુક્ત અને અનુપુયુક્ત તેમાં જે ઉપયોગરહિત છે તે જાણતા નથી, જોતા નથી, અને આહાર કરે છે. અને જે ઉપયોગવાળા છે તે જાણે છે, જુએ છે અને આહાર કરે છે. એ હેતુથી એમ કહું છું વ્યન્તર અને જ્યોતિષિકો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! વૈમાનિકો તે નિર્જરાપુદ્ગલોને શું જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે ? હે ગૌતમ ! મનુષ્યોની જેમ જાણવા. પરન્તુ વૈમાનિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે માયીમિથ્યા- દૃષ્ટિઉપપન્નક અને અમાયીસમ્યગ્દૃષ્ટિઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિઉપપન્નક છે તે જાણતા નથી, જોતા નથી, પણ આહાર કરે છે. તેમાં જે અમાયીસમ્યગ્દૃષ્ટિઉપ પન્નક છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે - અનન્તરોપપન્ન અને પરંપરોપપન્ન. તેમાં જે અનન્તરોપપન્ન છે તે જાણતા નથી જોતા નથી, અને આહાર કરે છે. જે પરંપરરોપપન્નક છે તે બે પ્રકારના છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. તેમાં જે પર્યાપ્તા છે તે બે પ્રકારના છે-ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. જે ઉપયુક્ત છે તે જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે.

[૪૨૭] હે ભગવન્ ! આદર્શને જોનાર મનુષ્ય આદર્શને જુએ છે, આત્માને પોતાને જુએ છે કે પ્રતિબિમ્બ જુએ છે ? હે ગૌતમ ! આદર્શને જુએ છે, આત્માને-પોતાને જોતો નથી, પણ પ્રતિબિબ જુએ છે. એ પ્રમાણે એ પાઠ વડે અસિ, મણિ, દૂધ, પાનક, તેલ, ફાણિત અને વસા સંબંધે સૂત્રો જાણવાં.

[૪૨૮] હે ભગવન્ ! કંબલરૂપ શાટક-આવેષ્ટિત પરિવેષ્ટિત-હોય અને તે જેટલા અવકાશાન્તરને- સ્પર્શીને રહે છે તે જો વિસ્તૃત કર્યું હોય તો તેટલાજ આકાશપ્રદેશોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્શીને રહે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! સ્થૂણા-સ્કરી હોય તો જેટલા ક્ષેત્રને અવગાહીને- રહે છે, જો તીરછી લાંબી કરી હોય તો પણ તેટલાજ ક્ષેત્રને સ્પર્શીને રહે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! -લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે ? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે ? ઈત્યાદિ પ્રશ્નો. હે ગૌતમ ! ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલ છે, પણ ધર્માસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલ નથી. ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય વડે પણ સ્પર્શ કરાયેલો છે. આકાશાસ્તિકાય વડે સ્પર્શ કરાયેલ નથી, પણ આકાશાસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલો છે, આકાશાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ છે. યાવત્ વનસ્પતિકાય વડે કવચિત્ સ્પર્શ કરાયેલો છે. અને અદ્ધાસમય વડે તેના એક દેશમાં સ્પર્શ કરાયેલ છે અને એક દેશમાં સ્પર્શ કરાયેલો નથી. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપ કોનાથી સ્પર્શ કરાયેલો છે ? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે ? શું ધર્માસ્તિકાયથી યાવત્-આકાશાસ્તિકાયથી સ્પર્શ કરાયેલો છે ? હે ગૌતમ ! ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલો નથી, પરન્તુ ધર્માસ્તિકાયના દેશ વડે અને ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સંબંધે પણ જાણવું. પૃથિવીકાય યાવત્ વનસ્પતિકાય વડે સ્પર્શ કરાયેલ છે, ત્રસકાય વડે કવચિત્ સ્પર્શ કરાયેલ છે અને ક્યાંક સ્પર્શ કરાયેલ નથી. અદ્ધા સમય વડે સ્પર્શ કરાયેલો છે. એ પ્રમાણે લવણસમુદ્ર, ધાતકિખંડદ્વીપ, કાલોદસમુદ્ર અને અભ્યન્તર પુષ્કરાર્ધ સંબંધે જાણવું. બહારના પુષ્કરાર્ધ સંબન્ધી એમજ જાણવું. પરન્તુ તે અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલો નથી. એ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. (આ દ્વીપસમુદ્રનો અનુક્રમ આ ગાથાઓ વડે જાણવો.)

[૪૨૯-૪૩૨] "જંબૂદ્વીપ, લવણ, ધાતકી, કાલોદ, પુષ્કરવર વરુણ, ક્ષીર, ઘૃત, ક્ષોદ-ઈક્ષુ, નંદિ, અરુણવર, કુંડલ, રુચક, આભરણ, વસ્ત્ર, ગન્ધ, ઉત્પલ, તિલક, પદ્મ, નિધિ, રત્ન, વર્ષધર પર્વતો, દ્રહ, નદીઓ, વિજયો, વક્ષસ્કાર, કલ્પ-દેવલોક, ઈન્દ્રો કુરુ, મન્દર અવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર અને સૂર્ય (એ બધાના નામે દ્વીપ અને સમુદ્રો છે.) દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ સમુદ્ર [એ પાંચ દ્વીપ અને સમુદ્રો છેલ્લા છે] એ પ્રમાણે જેમ બાહ્ય પુષ્કરાર્ધ કહ્યો તેમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. યાવત્-તેઓ અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલા નથી. હે ભગવન્ ! લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે ? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે' ઈત્યાદિ આકાશ થિગ્ગલની જેમ જાણવું. હે ભગવન્ ! અલોક કોનાથી સ્પર્શ કરાયેલો છે ? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે' ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! ધર્માસ્તિકાયથી સ્પર્શ કરાયેલો નથી, યાવત્ આકાશાસ્તિકાયથી સ્પર્શ કરાયેલો નથી, આકાશાસ્તિકાયના દેશથી સ્પર્ષ કરાયેલો છે. પૃથિવીકાયથી સ્પર્શ કરાયેલો નથી, યાવત્ અદ્ધાસમયથી સ્પર્શ કરાયેલો નથી. તે એક અજીવદ્રવ્યનો દેશ-ભાગ છે, અનન્ત અગુરુલઘુ ગુણો વડે સંયુક્ત છે અને સર્વ આકાશથી અનન્તમો ભાગ ન્યૂન છે.

**પદઃ ૧૫ - ઉદ્દેસા - ૧ - ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૫-ઉદ્દેશકઃ ૨

[૪૩૩-૪૩૪] ઈન્દ્રિયોપચય, નિર્વર્તના, નિર્વર્તનાના અંસખ્યાતા સમયો, લબ્ધિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપયોગાદ્ધા, અલ્પબહુત્વમાં વિશેષા ધિક ઉપયોગનો કાળ, અવગ્રહ, અપાય, ઈહા, વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ, અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય -એ અધિકારો બીજા ઉદ્દેશકમાં છે.

[૪૩૫] હે ભગવન્ ! કેટલા પ્રકારનો ઈન્દ્રિયોપચય છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયોપચય, ચક્ષુઈન્દ્રિયોપચય, ઘ્રાણેન્દ્રિયોપચય, જિહ્‌વેન્દ્રિયોપચય અને સ્પર્શ-નેન્દ્રિયોપચય.હેભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો ઈન્દ્રિયોપચય કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયોપચય, યાવત્ સ્પર્શનેન્દ્રિયોપચય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. જેને જેટલી ઈન્દ્રિયો તેને તેટલા પ્રકારનો ઈન્દ્રિયોપચય કહેવો. હે ભગવન્ ! ઈન્દ્રિયનિર્વર્તના-કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની. શ્રોત્રેન્દ્રિયનિર્વર્તના યાવત્ સ્પર્શનેન્દ્રિયનિર્વર્તના. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઈન્દ્રિયનિર્વર્તના કહેવી. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયની નિર્વર્તના કેટલા સમયની છે ? હે ગૌતમ ! અસંખ્યાતા સમયના અન્ત મુંહૂર્તની છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિયનિર્વર્તના સુધી જાણવું. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! કેટલા પ્રકારની ઈન્દ્રિયલબ્ધિ છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની. શ્રોત્રેન્દ્રિયલબ્ધિ યાવત્ સ્પર્શનેન્દ્રિયલબ્ધિ. એમ નૈરયિકોને યાવત્ વૈમાનિ-કોને જાણવું. પરન્તુ જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઈન્દ્રિયલબ્ધિ કહેવી. હે ભગવન્ ! ઈન્દ્રિયોપયોગાદ્ધા-ઈન્દ્રિયના ઉપયોગનો કાળ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિય ઉપયોગાદ્ધા યાવત્ સ્પર્શનેન્દ્રિય ઉપયોગાદ્ધા. એ પ્રમાણે નૈરયિકો, યાવત્ વૈમાનિ કોને જાણવું. પરન્તુ જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો ઈન્દ્રિયોપયોગાદ્ધા સમજવો.

જૈનમ્ જયતિ શાસનમ્

હે ભગવન્ ! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્‌વેન્દ્રિય, અને સ્પર્શ-નેન્દ્રિયોના જઘન્ય ઉપયોગાદ્ધામાં ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધામાં અને જઘન્ય-ઉત્કૃષ્ટ ઉપ-યોગાદ્ધામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો ચક્ષુઈન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા-છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષા ધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયોનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી જિહ્‌- વેન્દ્રિનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષા ધિક છે, ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધામાં-સૌથી થોડો ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયો-ગાદ્ધા વિશેષાધિક છે, તેથી જિહ્‌વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે અને તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. જઘન્ય ઉત્કૃષ્ટ ઉપયો ગા-દ્ધામાં-સૌથી થોડો ચક્ષુઈન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયનો જઘન્ય ઉપયો ગાદ્ધા વિશેષા- ધિક છે, તેથી જિહ્‌વેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. તેથી ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષા- ધિક છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તથી ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. તેથી જિહ્‌વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ કેટલા પ્રકારે ઈન્દ્રિયાવગ્રહણા-છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે. શ્રોત્રેન્દ્રિયાવગ્રહ, યાવત્ સ્પર્શનેન્દ્રિયાવગ્રહ. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો ઈન્દ્રિયાવગ્રહ કહેવો.

[૪૩૬] હે ભગવન્ ! કેટલા પ્રકારનો ઈન્દ્રિયાપાય કહેલો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયાપાય, યાવત્ સ્પર્શનેન્દ્રિયાપાય. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકોને જાણવું, પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો અપાય જાણવો. હે ભગવન્ ! કેટલા પ્રકારની ઈહા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની. શ્રોત્રેન્દ્રિય ઈહા, યાવત્ સ્પર્શનેન્દ્રિય ઈહા. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઈહા જાણવી. હે ભગવન્ ! કેટલા પ્રકારનો અવગ્રહ છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. હે ભગવન્ ! વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો છે. શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ, જિહ્વેન્દ્રિયવ્યંજનાવગ્રહ, સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહ. હે ભગવન્ ! અર્થાવગ્રહ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! છ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયઅર્થાવગ્રહ, ચક્ષુઈન્દ્રિયઅર્થાવગ્રહ, ઘ્રાણેન્દ્રિયઅર્થાવગ્રહ, જિહ્ વેન્દ્રિય અર્થાવગ્રહ, સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ અને નોઈન્દ્રિય-અર્થાવગ્રહ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો અવગ્રહ કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. એ પ્રમાણે અસુરકુમારોથી માંડી સ્તનિત કુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારનો અવગ્રહ છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ.હે ભગવન્ !પૃથિવીકાયિકોને વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! એક સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારનો અર્થાવગ્રહ છે ? હે ગૌતમ ! એક સ્પર્શેન્દ્રિ- યાર્થવગ્રહ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. એ પ્રમાણે બેઈન્દ્રિયોને પણ સમજવું. પરન્તુ બેઈન્દ્રિયોને વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ બે પ્રકારનો છે. એમ તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પણ જાણવું, પરન્તુ ઈન્દ્રિયોની વૃદ્ધિ કરવી. ચઉરિન્દ્રિયોને વ્યંજનાવગ્રહ ત્રણ પ્રકારનો અને અર્થાવગ્રહ ચાર પ્રકારનો છે. બાકીનાને વૈમાનિકો સુધી નૈરયિકોની પેઠે જાણવું.

[૪૩૭] હે ભગવન્ ! ઈન્દ્રિયો કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! બે પ્રકારની છે, તે આ પ્રમાણે-દ્રવ્યોન્દ્રિયો અને ભાવેન્દ્રિયો. હે ભગવાન્ ! દ્રવ્યેન્દ્રિયો કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! આઠ દ્રવ્યેન્દ્રિયો છે. તે આ પ્રમાણે-બે શ્રોત્રે, બે નેત્ર, બે ઘ્રાણ-જીભ અને સ્પર્શન. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી દ્રવ્યોન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! એ આઠ જ હોય છે. એ પ્રમાણે અસુરકુમારોને યાવત્ સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્ ! પૃથિવી-કાયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય હોય છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્ ! બેઈન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! બે દ્રવ્યોન્દ્રિયો હોય છે. સ્પર્શનેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય. તેઈન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ચાર દ્રવ્યેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે-બે ઘ્રાણ-નાસિકા, જીભ અને સ્પર્શન. ચઉરિન્દ્રિયો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! છ દ્રવ્યેન્દ્રિ યો હોય છે. તે આ પ્રમાણે-બે નેત્રો, બે નાસિકા, જીભ અને સ્પર્શન. બાકી બધા જીવોને નૈરયિકોની જેમ વૈમાનિક સધી જાણવું. હે ભગવન્ ! એક એક નૈરિયકને કેટલી દ્રવ્યોન્દ્રિયો અતીત-ભૂતકાળમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી દ્રવ્યેન્દ્રિયો વર્તમાનકાળે વિદ્યમાન હોય ? હે ગૌતમ ! આઠ હોય. કેટલી પુરસ્કૃત ભવિષ્યકાળે થવાની હોય ? હે ગૌતમ ! આઠ, સોળ, સત્તર, સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્ત દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની હોય છે. હે ભગવન્ ! એક એક અસુરકુમારને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત દ્રવ્યેન્દ્રિયો હોય. કેટલી બદ્ધાવર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય ? આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? સાત, આઠ, નવ, સત્તર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું. એમ પૃથિવીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ જાણવા. પરન્તુ કેટલી બદ્ધ વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય ? એ પ્રશ્નના ઉત્તરમાં એક સ્પર્શનેન્દ્રિયરૂપ દ્રવ્યે ન્દ્રિય હોય. એ પ્રમાણે તેજસ્કાયિક અને વાયુકાયિક સંબન્ધે કહેવું. પરન્તુ ભવિષ્યમાં થનારી જઘન્યપદે નવ અથવા દસ દ્રવ્યે-ન્દ્રિયો હોય. એ પ્રમાણે બેઈન્દ્રિયોને પણ કહેવું. પરન્તુ બદ્ધ-વર્તમાન દ્રવ્યોન્દ્રિયના પ્રશ્ન-માં બે દ્રવ્યોન્દ્રિયો હોય. એમ તેઈન્દ્રિયોને જાણવું. પરન્તુ તેઓને ચાર બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય. ચઉરિન્દ્રિયોને પણ એમજ જાણવું. પરન્તુ તેને છ બદ્ધ-વિદ્યમાન દ્રવ્યેન્દ્રિયો હોય.

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને અસુર કુમારની પેઠે કહેવું. પરન્તુ મનુષ્યને દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ, નવ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યોન્નદ્રિયો હોય. સનત્કુમાર, યાવત્ અચ્યુત અને ગ્રૈવેયક દેવને નૈરયિકની પેઠે જાણવું. હે ભગવન્ ! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને પરાજિત દેવને કેટલી દ્રવ્યોન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય ? કેટલી બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય ? આઠ હોય, કેટલી ભવિષ્યમાં થવાની હોય ? આઠ, સોળ, ચોવીશ અથવા સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત-ભૂતકાળે અનન્ત દ્રવ્યોન્દ્રિયો થયેલી હોય. બદ્ધ-વર્તમાન આઠ હોય અને ભવિષ્યમાં થવાની આઠ હોય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ-વિદ્યમાન હોય ? હે ગૌતમ ! અસંખ્યાતી હોય. અને ભવિષ્યમાં થવાની કેટલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. એ પ્રમાણે ગ્રૈવેયક દેવો સુધી જાણવું. પરન્તુ મનુષ્યોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાતી હોય અને કદાચિત્ અસંખ્યાતી હોય. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરા જિત દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અતીત કાળે અનન્ત, બદ્ધ-વર્તમાન અસંખ્યાતી, અને ભવિષ્યમાં થવાની અસંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે. સર્વાર્થસિદ્ધ દેવો સંબંધે પૃચ્છા, હે ગૌતમ ! પૂર્વકાળે થયેલી અનન્ત, વિદ્યમાન સંખ્યાતી, અને ભવિષ્યમાં થવાની સંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે.

હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત ભૂતકાળે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત થયેલી હોય. કેટલી વર્તમાન હોય ? ગૌતમ ! આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય જેને થવાની હોય. તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. હે ભગવન્ ! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ હોય ? હે ગૌતમ ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત થવાની હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. હે ભગવન્ એક એક નૈરયિકને પૃથિવીકાયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી બદ્ધ હોય ? હે ગૌતમ ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય, જેને થવાની હોય તેને એક, બે, ત્રણ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. એ પ્રમાણે યાવત્ વનસ્પ-તિકાયપણામાં જાણવું. હે ભગવન્ ! એક એક નૈરયિકને બેઇન્દ્રિયપણામાં કેટલી દ્રવ્યો-ન્દ્રિયો અતીત કાળે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી બદ્ધ હોય ? હે ગૌતમ ! નથી. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તેને બે, ચાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત થવાની હોય.

એ પ્રમાણે તેઈન્દ્રિયપણામાં પણ જાણવું. પરંતુ ભવિષ્યમાં થવાની ચાર, આઠ, બાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. એમ ચઉરિન્દ્રિયપણામાં પણ સમજવું, પરંતુ ભવિષ્યમાં થવાની છ, બાર, અઢાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકપણામાં પણ જાણવું. મનુષ્યપણામાં પણ એમજ સમજવું. પરંતુ ભવિષ્યમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થવાની હોય ? આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. મનુષ્ય સિવાય બધાને મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની કોઈને હોય અને કોઈને ન હોય એમ ન કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ યાવત્ ગ્રૈવેયકદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે અનન્ત થયેલી હોય, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી, અને ભવિષ્યમાં થવાની કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. હે ભગવન્ ! એક એક નૈરયિકને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-ભૂતકાળે થયેલી હોય ? હે ગૌતમ ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને થવાની હોય અને કોઈને ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. સર્વાર્થસિદ્ધ દેવપ ણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત અને બદ્ધ નથી, ભવિષ્યમાં થવાની કોઈને હોય અને કોઈને ન હોય. જેને ભવિષ્યમાં થવાની છે તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થવાની હોય એ પ્રમાણે જેમ નૈરયિકનો દંડક કહ્યો તેમ અસુરકુમાર વડે પણ દંડક કહેવો. યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ વડે દંડક કહેવો. પરંતુ જેને સ્વસ્થાનમાં જેટલી બદ્ધ વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય તેને તેટલી કહેવી.

હે ભગવન્ ! એક એક મનુષ્યને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને ભવિષ્યમાં થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને ભવિષ્યમાં થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. એ પ્રમાણ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિપણામાં જાણવું. પરંતુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં જેને જેટલી ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો હોય તેને તેટલી કહેવી. હે ભગવન્ ! એક એક મનુષ્યને મનુષ્યપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી બદ્ધ-વર્તમાન હોય ? હે ગૌતમ ! આઠ હોય. કેટલી ભવિષ્ય માં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની

હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. વ્યંતર, જ્યોતિષિક, યાવત્ ગ્રૈવેયકપણામાં જેમ નારકપણામાં કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્ ! એક એક મનુષ્યને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય ? હે ગૌતમ ! કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ અથવા સોળ હોય. કેટલી વર્તમાન હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ થવાની હોય. હે ભગવન્ ! એક એક મનુષ્યને સર્વાર્થસિદ્ધદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય ? હે ગૌતમ ! કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી વર્તમાન હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. વ્યન્તર અને જ્યોતિષ્ક નૈરયિકની પેઠે જાણવા. અને સૌધર્મદેવ પણ નૈરયિકની જેમ કહેવો. પરંતુ સૌધર્મ દેવને વિજય, વૈજયંત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યે-ન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી વિદ્યમાન હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? હે ગૌતમ ! કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ થવાની હોય. સર્વાર્થસિદ્ધદેવપણામાં નૈરયિકની પેઠે કહેવું એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવને યાવત્ સર્વાર્થસિદ્ધદેવપણામાં એમજ કહેવું.

હે ભગવન્ ! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને નૈરયિક પણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે થયેલી હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. બદ્ધ કેટલી હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચપણામાં કહેવું. મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત થયેલી હોય. વર્તમાન કાળે ન હોય. અને ભવિષ્યમાં થનારી આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. વ્યંતર અને જ્યોતિષ્કપણામાં નૈરયકિપણામાં કહ્યું તેમ કહેવું. સૌધર્મદવપણામાં દ્રવ્યે-ન્દ્રિયો અતીત કાળે અનન્ત થયેલી હોય. વર્તમાન કાળે નથી અને ભવિષ્યમાં થવાની કોઈને ન હોય. જેને ભવિષ્યમાં થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકપણામાં જાણવું. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવ પણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. ટલી બદ્ધ હોય ? આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. હે ભગવન્ ! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને સર્વાર્થસિદ્ધ દેવપણામાં કેટલી દ્રવ્યે ન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! ન હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઈને થવાની હોય અને કોઈને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. હે ભગવન્ ! એક એક સર્વાર્થસિદ્ધ દેવને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય?હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય. એ પ્રમાણે મનુષ્ય સિવાય યાવત્ ગ્રૈવેયકપણામાં જાણવું. પરંતુ મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત હોય. કેટલી વર્તમાન હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? આઠ થવાની હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી બદ્ધ હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય. હે ભગવન્ ! એક એક સર્વાર્થસિદ્ધ દેવને સર્વાર્થ સિદ્ધપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! ન હોય. કેટલી વર્તમાન કાળે હોય ? આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય.

હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનંત હોય. કેટલી વર્તમાન કાળે હોય ? અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? અનન્ત થવાની હોય. હે ભગવન્ ! નૈરયિકોને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? અનન્ત થવાની હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક દેવપણામાં જાણવું. હે ભગવન્ ! નૈરયિકોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપ રાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? ન હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થ સિદ્ધદેવ પણામાં પણ જાણવું. એમ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સર્વાર્થસિદ્ધદેવ પણામાં કહેવા. પરંતુ વનસ્પતિકાયિકોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવપણામાં તથા સર્વાર્થસિદ્ધ દેવપણામાં ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો અનંત હોય. મનુષ્ય અને સર્વાર્થસિદ્ધ સિવાય બધાને સ્વસ્થાનને આશ્રયી બદ્ધ-વર્તમાન દ્રવ્ય ઈન્દ્રિયો અસં-ખ્યાતી હોય. પરસ્થાનને આશ્રયી વર્તમાન કાળે દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનંત હોય. વર્તમાન કાળે નથી, અને ભવિષ્યમાં થવાની અનન્ત હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયદેવ પણામાં જાણવું. પરંતુ સ્વસ્થાનમાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય. વર્તમાન કાળે કદાચ અસંખ્યાતી હોય, અને ભવિષ્યમાં થવાની અનંત હોય. હે ભગવન્ ! મનુષ્યોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? સંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય ? નથી. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કદાચિત્ સંખ્યાતી હોય અને કદાચિત્ અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધદેવ પણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે ન હોય, વર્તમાનકાળે ન હોય, અને ભવિષ્યમાં થવાની અસંખઅયાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક દેવો સુધી જાણવું. હે ભગવન્ ! વિજય, વૈજયન્ત જયન્ત અને અપરાજિતદેવોને નારકપણામાં થવાની હોય ? ન હોય. એ પ્રમાણે યાવત્ જ્યોતિષિકદેવપણામાં પણ જાણવું. પરંતુ મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય. વર્તમાન કાળે કેટલી હોય ? ન હોય. ભવિષ્યમાં થવાની કેટલી હોય ? અસંખ્યાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવપણામાં સ્વસ્થા નની અપેક્ષાએ અતીત કાળે અસંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય ? અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? અસંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે ન હોય, વર્તમાન કાળે ન હોય અને ભવિષ્યમાં થવાની અસં ખ્યાતી હોય. હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધદેવોને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય. એ પ્રમાણે મનુષ્ય સિવાય યાવત્ ગ્રૈવેયકદેવપણામાં જાણવું. મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય, વર્તમાન કાળે ન હોય, અને ભવિષ્યમાં થવાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યાતી હોય. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? સંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય ? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય. હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવોને સર્વાર્થસિદ્ધદેવ પણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય ? ન હોય. કેટલી વર્તમાન કાળે હોય ? સંખ્યાતી હોય, કેટલી ભવિષ્યમાં થવાની હોય ? ન હોય.

હે ભગવન્ ! કેટલી ભાવેન્દ્રિયો કહી છે ? હે ગૌતમ ! પાંચ ભાવેન્દ્રિયો કહી છે. તે આ પ્રમામે-શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિયો હોય છે ? હે ગૌતમ ! પાંચ ભાવેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. એ પ્રમાણે જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી ઇન્દ્રિયો વૈમાનિકો સુધી કહેવી. હે ભગવન્ ! એક એક નૈરયિકને કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય ? પાંચ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? પાંચ, દસ, અગિયાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે અસુરકુમારને પણ જાણવું. પરંતુ ભવિષ્યમાં થવાની પાંચ, છ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત ભાવેન્દ્રિયો હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને પણ જાણવું. એમ પૃથિવીકાયિક, અપ્કાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકને પણ સમજવું. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને પણ એમજ જાણવું. તેજસ્કાયિક અને વાયુકાયિકને પણ એમજ કહેવું. પરન્તુ ભવિષ્યમાં થવાની છ, સાત, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત ભાવેન્દ્રિયો હોય. પંચેન્દ્રિય તિર્યંચયોનિકને યાવત્ ઈશાનદેવને અસુરકુમારની પેઠે જાણવું. પરન્તુ મનુષ્ય ને ભવિષ્યમાં થવાની ઊભાવેન્દ્રિયો કોઇને અને કોઇને ન હોય એમ કહેવું. સનત્કુમાર યાવત્ ગ્રૈવેયકને નૈરયિકની જેમ જાણવું. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત હોય, વર્તમાન કાળે પાંચ હોય અને ભવિષ્યમાં થવાની પાંચ, દસ, પંદર કે સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત કાળે અનન્ત હોય, વર્તમાન કાળે પાંચ હોય, કેટલી ભવિષ્યમાં થવાની પાંચ, દસ, પંદર કે સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત કાળે અનન્ત હોય, વર્તમાનકાળે પાંચ હોય,કેટલી ભવિષ્યમાં થવાનીહોય ? પાંચ થવાની હોય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિય અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. કેટલી વર્તમાનકાળે હોય ? અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? અનન્ત થવાની હોય. એ પ્રમાણે જેમ દ્રવ્યેન્દ્રિયોમાં બહુવચન વડે દંડક કહ્યો તેમ ભાવેન્દ્રિયમાં પણ બહુવચન વડે દંડક કહેવો, પરંતુ વનસ્પતિકાયિકોને વર્તમાન કાળે ભાવેન્દ્રિયો અનન્ત હોય છે.

હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય ? હે ગૌતમ ! અનન્ત હોય. વર્તમાનકાળે કેટલી હોય ? પાંચ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય ? કોઇને હોય અને કોઇને ન હોય, જેને હોય તેને પાંચ, દસ, પંદર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધી જાણવું. પરંતુ વર્તમાન કાળે ન હોય. પૃથિવાકિયકપણામાં યાવત્ બેઇન્દ્રિયપણામાં જેમ દ્રવ્યેન્દ્રિયો કહી તેમ ભાવેન્દ્રિયો કહેવી. તેઇન્દ્રિયપણામાં પણ તેમજ કહેવું. પરંતુ ભવિષ્યમાં થવાની ત્રણ, છ, નવ, સંખ્યાતી, અંસખ્યાતી કે અનંત ભાવેન્દ્રિયો હોય. ચઉરિન્દ્રિયપણામાં પણ એમજ જાણવું. પરન્તુ ભવિષ્યમાં થવાની ભાવેન્દ્રિયો ચાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠ, બાર, સંખ્યાતી અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે દ્રવ્યેન્દ્રિયોમાં જે ચાર ગમ પાઠ કહ્યા છે તે આ ચારે પાઠ અહીં જાણવા. પરંતુ ત્રીજા ગમને વિષે જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલી ઈન્દ્રિયો ભવિષ્યમાં જાણવી. ચોથા ગમન વિષે જેમ દ્રવ્યેન્દ્રિયો કહી છે તેમ કહેવી. યાવત્ સર્વાર્થસિદ્ધદેવપણામાં કેટલી ભાવેન્દ્રિયો અતીતકાળે હોય ? ન હોય. વર્તમાનકાળે કેટલી હોય ? સંખ્યાતી હોય. ભવિષ્યમાં થવાની કેટલી ? ન હોય.

**પદ-૧૫-ઉદ્દેસા-૨ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**પદ-૧૫-ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૬-પ્રયોગ

[૪૩૮] હે ભગવન્ ! કેટલા પ્રકારનો પ્રયોગ કહ્યો છે ? હે ગૌતમ ! પંદર પ્રકારનો પ્રયોગ કહ્યોછે. સત્યમનઃપ્રયોગ, અસત્યમનઃપ્રયોગ, સત્યમૃષામનઃ પ્રયોગ, અસત્યા-મૃષામનઃપ્રયોગ, વચનપ્રયોગ ચાર પ્રકારનો છે, ઔદારિકશરીરકાયપ્રયોગ, ઔદારિ-કમિશ્રશરીરકાયપ્રયોગ, વૈક્રિયશરીરકાયપ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ, આહા રકશરીરકાયપ્રયોગ, તૈજસકાર્મણશરીર કાય પ્રયોગ.

[૪૩૯] હે ભગવન્ ! જીવોને કેટલા પ્રકારના પ્રયોગ હોય ?હે ગૌતમ!પંદર પ્રકાર-ના. સત્યમનપ્રયોગ, યાવત્- કાર્મણશરીરકાય પ્રયોગ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ? હે ગૌતમ ! અગિયાર પ્રકારના. સત્ય મનઃપ્રયોગ, યાવત્ અસત્યામૃષા વચન પ્રયોગ, વૈક્રિયશરીરકાયપ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાય પ્રયોગ અને કાર્મણશરીરપ્રયોગ. એ પ્રમાણે અસુરકુમારથી માંડી સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને ત્રણ પ્રકારના પ્રયોગ હોય છે. ઔદા રિકશરીરકાયપ્રયોગ,ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, અને કાર્મણશરીરકાય પ્રયોગ. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. વાયુકાયિકોને પાંચ પ્રકારનો પ્રયોગ હોય છે-ઔદારિકશરીરકાયપ્રયોગ, ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, વૈક્રિય બે પ્રકાર- નો પ્રયોગ અને કાર્મણશરીરકાયપ્રયોગ. બેઈન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. તેઓને ચાર પ્રકાર નો પ્રયોગ હોયછે. અસત્યામૃષાવચનપ્રયોગ, ઔદારિકશરીર કાયપ્રયોગ, ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગ અને કાર્મણશરીરકાયપ્રયોગ. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેને તેર પ્રકારનો પ્રયોગ કહ્યો છે. સત્ય મનઃપ્રયોગ, મૃષામનઃપ્રયોગ, સત્યમૃષા મનઃપ્રયોગ, અસત્યામૃષામનઃ પ્રયોગ, એ પ્રમાણે વચનપ્રયોગ પણ સમજવો, ઔદા રિકશરીરકાયપ્રયોગ, ઔદારિક-મિશ્રશરીરકાયપ્રયોગ, વૈક્રિયશરીરકાયપ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ અને કાર્મણશરીરકાયપ્રયોગ. મનુષ્યો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને પંદર પ્રકારનો પ્રયોગ હોય છે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકોની પેઠે જાણવું.

[૪૪૦] હે ભગવન્ ! શું જીવો સત્યમનપ્રયોગવાળા છે કે યાવત્- કાર્મણશરીર કાયપ્રયોગવાળા હોય છે ? હે ગૌતમ ! સર્વે જીવો સત્યમન પ્રયોગવાળા, યાવત્ વૈક્રિય મિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક આહાર કશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાક આહારકમિશ્રશરીરકાયલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે અસુરકુમાર યાવત્ સ્તનિત કુમારોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો શું ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગવાળા કે કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય ? હે ગૌતમ ! પૃથિવીકાયિકો ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, ઔદારિકમિશ્રશરીરકાય પ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય.એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરંતુ વાયુકાયિકો વૈક્રિયશરીરકાયપ્રયોગવાળા અને વૈક્રિયમિશ્રશરીર કાય- પ્રયોગ વાળા પણ હોય છે હે ભગવન્ ! બેઇન્દ્રિયો શું ઔદારિકશીરરકાય- પ્રયોગવાળા યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય ? હે ગૌતમ ! બધા બેઇન્દ્રિયો અસત્યા- મૃષાવચન પ્રયોગવાળા, ઔદારિકશરીરકાયપ્રયોગવાળા અને ઔદારિક મિશ્રશરીર- કાયપ્રયોગ વાળા પણ હોય છે કાર્મણકાયપ્રયોગમાં અથવા એક કાર્મણશ- રીરકાય પ્રયોગવાળો પણ હોય, અથવા કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે સમજવા. પરન્તુ તેઓ ઔદારિક શરીરકાયપ્રયોગવાળા અને ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા પણ હોય. કાર્મણ- કાયપ્રયોગમાં-એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલા એક કાર્મણ શરીરકાયપ્રયોગવાળા પણ હોય.

હે ભગવન્ ! મનુષ્યો શું સત્યમનપ્રયોગવાળા યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગ વાળા હોય ? હે ગૌતમ બધા મનુષ્યો સત્યમનપ્રયોગવાળા, યાવત્ ઔદારિકશરીર કાયપ્રયોગવાળા, વૈક્રિયશરીરકાયપ્રયોગવાળા, અથવા વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ વાળા પણ હોય, અથવા એક ઔદારિકમિશ્રશરીકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક આહારકશરીરકાયપ્રયોગ- વાળો હોય, અથવા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક આહાર કમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે એક સંયોગના આઠ ભાંગાઓ થાય છે. અથવા એક ઔદારિકમિશ્રરીરકાયપ્રયોગવાળો અને એક આહારકશરીર-કાયપ્રયો ગવાળો હોય, અથવા એક ઔદારિકમિશ્રશરીરકયપ્રયોગવાળો અને કેટલાક આહાર- કશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીર કાય- પ્રયોગવાળા અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્ર- શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક આહારકશરીરકાયપ્રયોગ વાળા હોય.એ પ્રમાણે એ ચાર ભાંગાઓ થયા.અથવા એક ઔદારિકમિશ્રશરીરકાય પ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિક મિશ્રશરીરકાય- પ્રયોગવાળો અને કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક આહારક મિશ્રશરીરકાયપ્રયોગ- વાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીકાય પ્રયોગવાળા અને કેટલાક આહાર કમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ ચાર ભાંગા થાય છે.

અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાય પ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણ શરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ વાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્ર- શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એમ ચાર

જૈન સાઈટ JAINSITE.com જૈન ઓનલાઈન લાઈબ્રેરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાંગા થાય છે. અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક આહારકશરીરકાયપ્રયોગ વાળો અને કેટ-લાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય.અથવા કેટલાક આહારકશરીર- કાય-પ્રયોગવાળા અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક આ-હારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ ચાર ભાંગા થાય છે. અથવા એક આહારકશરીરકાય પ્રયોગવાળો અને એક કાર્મણ-શરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક આહારક શરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક આહારકશરીરકાય- પ્રયો-ગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક આહારકશરીર કાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીર- કાયપ્રયોગવાળા હોય છે. એ ચાર ભાંગા થાય છે. અથવા એક આહારકમિશ્રશરીરકાય પ્રયોગવાળો અને એક કાર્મણ શરીર કાયપ્રયોગવાળોહોય. અથવા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય, અથવા કેટલાક આહારકમિશ્રશરીરકાય પ્રયોગ વાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક આહાર કમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એમ ચાર ભાંગોઓ થાય છે. એ પ્રમાણે ચોવીશ ભાંગાઓ થયા. અથવા એક ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહારક શરીરકાયપ્રયોગવાળો અને એક આહાર-કમિશ્રશરીકાયપ્રયોગવાળો હોય, અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક આહારકમિશ્રશરીર- કાય- પ્રયોગ વાળા હોય.અથવા એક ઔદારિકમિશ્ર શરીરકાયપ્રયોગવાળો, કેટલાક આહારકશ રીરકાયપ્રયોગવાળા અને એક આહાર કમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાક આહારકશરીરકાય- પ્રયોગવાળા અને કેટલાક આહારકમિશ્રશ રીરકાયપ્રયોગવળા હોય, અથવા કેટલાક ઔદારિ કમિ-શ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક આહાર કમિ શ્રશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક આહારકમિશ્રશરીર-કાય પ્રયો-ગવાળા હોય, અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાક આહાર કશરીરકાય પ્રયોગવાળા અને એક આહારકમિસ્રશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાકઔદારિકમિશ્રશરીર કાયપ્રયોગવાળા,કેટલાકઆહારકશરીરકાય- પ્રયોગ વાળાઅને કેટલાકઆહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય.એ આઠભાંગા છે.

અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાય-પ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા એક ઔદારિ કમિશ્ર શરીર કાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણ શરીર કાયપ્રયોગવાળા હોય, અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ- વાળો કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયયપ્રયોગવાળો કેટલાક આહારકશરીર- કાય પ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાય પ્રયોગ વાળા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલા એક કાર્મણશરીરકાય- પ્રયોગ વાળા હોય, અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાક આહારક- શરીરકાયપ્રયોગવાળા અને એક કાર્ણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાક આહારકશરીરકાય- પ્રયોગવાળા અને કાટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે આઠ ભાંગા થાય છે.

અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્ર શરીર- કાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિ- કમિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાય પ્રયોગ વાળો, કેટલાક આહારકમિશ્રશરીરકયપ્રયોગવાળા અને એક કાર્મણશરીર કાયપ્રયોગ વાળો હોય.અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો,કેટલાક આહારકમિશ્ર- શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટ- લાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા એક આહારકમિશ્ર શરીરકાયપ્રયોગ વાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલા એક ઔદારિકમિશ્ર શરીરકાયપ્રયોગવાળા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણ શરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્ર શરીરકાયપ્રયોગવાળા કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્ર યોગવાળા કેટલાક આહારકમિશ્ર શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણ શરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાકકાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક આહારક શરીરકાયપ્રયોગવાળો કેટલાક આહારકમિશ્રશરીર- કાય- પ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા એક આહારક શરીરકાયપ્રયોગવાળો કેટ લાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા એક આહારકમિશ્ર શરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા એક આહારકમિશ્રશરીરકાય- પ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક આહાર- કશરીર- કાયપ્રયોગવાળા, કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણ શરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાય પ્રયોગ વાળા હોય. એ પ્રમાણે ત્રિકસંયોગ વડે ચાર પ્રકારે આઠ આઠ ભાંગા થાય છે. બધા મળીને બત્રીશ ભાંગા જાણવા.

અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહારકશરીરકાય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગવાળો એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાય-પ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીર- કાયપ્રયોગવાળો એક આહાર કશરીરકાયપ્રયોગવાળો એકઆહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળોઅનેકેટલાક કાર્મણ શરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ- વાળો એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કારમણશરીરકાય- પ્રયોગવાળા હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીર- કાયપ્રયોગવાળો એક આહાર- કશરીરકાય પ્રયોગવાળો કેટલાક આહારકમિશ્રશરીર કાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીર કાયપ્રયોગવાળો હોય.અથવા એકઔદારિ કમિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહાર કશરીરકાયપ્રયોગવાળો કેટલાક આહાર કમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાકએ કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક ઔદારિકમિશ્ર શરીરકાયપ્રયોગ વાળો કેટલાક આહારકશરીરકાય- પ્રયોગવાળા એક આહારકમિશ્રશરીરકાય પ્રયોગ વાળો અને એક કાર્મણશરીરકાય- પ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિક મિશ્ર-શરીરકાયપ્રયોગવાળો કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા એક આહારક મિશ્ર શરીરકાયપ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાય પ્રયોગવાળો કેટલાક આહારકશરીરકાય- પ્રયોગવાળા, કેટલાક આહારકમિશ્ર શરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીર કાયપ્રયોગવાળો હોય. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો કેટલાક આહારકશરીર કાય પ્રયોગવાળા કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણ શરીર કાય પ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીર- કાયયપ્રયોગ વાળા એક આહારકશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્રશરીર- કાયપ્રયોગ વાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્ર શરીરકાય પ્રયોગવાળા એક આહારકશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્ર શરીરકાય પ્રયોગવાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદા-રિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા એક આહારકશરીરકાયપ્રયોગ વાળો કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાય પ્રયોગ વાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા એક આહારક શરીર- કાય-પ્રયોગવાળો કેટલાક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીર-કાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાય- પ્રયોગ વાળા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા એક આહારકમિશ્રશરીરકાય પ્રયોગ વાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિ કમિશ્ર શરીરકાયપ્રયોગ-વાળા કેટલાક આહારકશરીરકાયપ્રયોગવાળા એક આહારમિશ્ર- શરીરકાયપ્રયોગ વાળો અને કેટલાક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાક ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાક આહારક શરીરકાયપ્રયોગવાળા, કેટલાક આહાર કમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાય- પ્રયોગવાળો હોય. અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાક આહાર કશરીરકાયપ્રયોગ વાળા કેટલાક આહારકમિશ્ર- શરીરકાયપ્રયોગવાળા અને કેટલાક કાર્મણશરીરકાય પ્રયોગવાળા હોય. એ પ્રમાણે આ ચતુઃસંયોગી સોળ ભાંગા થયા. બધા એકઠા કરીએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે મનુષ્યો સંબન્ધે એંશી ભાંગા થાય છે. વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકો અસુરકુમારોની પેઠે જાણવા.

[૪૪૧] હે ભગવન્ ! ગતિપ્રપાત કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. પ્રયોગગતિ, તતગતિ, બન્ધનછેદનગતિ, ઉપપાતગતિ, વિહાયોગતિ, પ્રયોગ ગતિ. કેટલા પ્રકારની છે ? પ્રયોગગતિ પંદર પ્રકારની છે. સત્યમનપ્રયોગગતિ ઈત્યાદિ જેમ પ્રયોગ કહ્યો તેમ આ પ્રયોગગતિ પણ કહેવી. યાવત્- કાર્મણશરીર- કાયપ્રયોગ ગતિ સુધી કહેવું. હે ભગવન્ ! જીવોને કેટલા પ્રકારની પ્રયોગગતિ કહી છે ? હે ગૌતમ ! પંદર પ્રકારની.સત્યમનઃપ્રયોગગતિ, યાવત્-કાર્મણશરીરકાયપ્રયોગગતિ.હેભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારની પ્રયોગગતિ હોય છે ? હે ગૌતમ ! અગિયાર પ્રકારની. સત્યમનપ્રયોગગતિ-ઈત્યાદિ એ પ્રમાણે ઉપયોગ-આપી જેને જેટલા પ્રકારની પ્રયોગ ગતિ હોય તેને તેટલા પ્રકારની વૈમાનિકો સુધી કહેવી.હેભગવન્ ! જીવો સત્યમન પ્રયોગગતિવાળા, યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગગતિવાળા હોય?હે ગૌતમ ! બધાય જીવો સત્ય મનઃપ્રયોગગતિવાળા પણ હોય ઈત્યાદિ પૂર્વે કહેલું તેજ કહેવું, ભાંગા પણ તેમજ કહેવા. એમ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે પ્રયોગગતિ કહી.

હે ભગવન્ ! તતગતિ કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેણે ગામ યાવત્ સંનિવેશ તરફ પ્રયાણ કર્યું હોય, પરન્તુ ત્યાં પહોંચ્યા સિવાય માર્ગમાં વર્તતો હોય તે તતગતિ. એમ તતગતિ કહી. બન્ધનછેદનગતિ કેવા પ્રકારની છે ? જીવ શરીરથી જુદો પડતા અને શરીર જીવથી જુદું પડતાં બન્ધનછેદગતિ થાય છે. એમ બન્ધનછેદનગતિ કહી. ઉપપાતગતિ કેટલા પ્રકારની છે ? ઉપપાતગતિ ત્રણ પ્રકારની. ક્ષેત્રોપપાતગતિ, ભવોપપાતગતિ,નોભવોપપાતગતિ. ક્ષેત્રોપપાત ગતિ કેટલા પ્રકારની છે ? ક્ષેત્રોપપાતગતિ પાંચ પ્રકારની. નૈરયિક ક્ષેત્રોપપાતગતિ, તિર્યગ્યોનિકક્ષેત્રોપપાતગતિ, મનુષ્યક્ષેત્રોપપાતગતિ, દેવક્ષેત્રોપ પાતગતિ, સિદ્ધક્ષેત્રોપપાતગતિ. નૈરયિકક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ? સાત પ્રકારની. રત્નપ્રભાપૃથિવીનૈરયિકક્ષેત્રોપપાતગતિ, યાવત્ અધઃસપ્ત મપૃથિવીનૈરયિકક્ષેત્રોપપાતગતિ. તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ? પાંચ પ્રકારની. એકેન્દ્રિયતિર્યંચયોનિકક્ષેત્રોપપાતગતિ, યાવત્ પંચેન્દ્રિયતિર્યંચનિક્ષેત્રોપપાતગતિ.મનુષ્યક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે?બે પ્રકારની. સંમૂર્ચ્છિમ - મનુષ્યક્ષેત્રોપપાતગતિ અને ગર્ભજ મનુષ્યક્ષેત્રોપપાતગતિ.

દેવક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ? ચાર પ્રકારની. ભવનપતિદેવક્ષેત્રોપપાતગતિ, યાવત્ વૈમાનિકદેવ ક્ષેત્રોપપાતગતિ. સિદ્ધક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ? અનેક પ્રકારની. જંબૂદ્વીપ નામે દ્વીપમાં ભરત અને એરાવત ક્ષેત્રની ઉપર સપક્ષ. અને સપ્રતિદિક્-સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપમાં ચુલ્લ હિમવંત અને શિખરી પર્વતની ઉપર ચારે દિશાએ અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રો પપાતગતિ કહી છે. જંબૂદ્વીપમાં હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રની ઉપર, જંબૂદ્વીપનામે દ્વીપમાં શબ્દપાતી અને વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં મહાહિમવંત અને રુકમી વર્ષધર પર્વતની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં હરિવર્ષ અને રમ્યકવર્ષની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં ગન્ધાપાતી અને માલ્યવંત વૃત્ત વૈતાઢ્યની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં નિષધ અને નીલવંત વર્ષધર પર્વતની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં પૂર્વ વિદેહ અને


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પશ્ચિમ વિદેહની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં દેવકુરુ અને ઉત્તર કુરુની ઉપર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં મન્દર પર્વતની ઉપર, લવણસમુદ્રની ઉપર, ઘાતકિખંડ દ્વીપને વિષે પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના મેરુ પર્વતની ઉપર, કાલોદસમુદ્રની ઉપર, પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધના ભરત અને એરાવત ક્ષેત્રની ઉપર, એ પ્રમાણે યાવત્-પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં મેરુપર્વતની ઉપર એમ એ સર્વ સ્થાનોની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે.

ભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ? ચાર પ્રકારની છે. નૈરયિકભવોપપાતગતિ, યાવત્ દેવભવોપપાતગતિ. નૈરયિકભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ? સાત પ્રકારની છે. ઈત્યાદિ જે ક્ષેત્રોપપાતગતિનો સિદ્ધ સિવાયનો ભેદ છે તે અહીં કહેવો. નોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ? બે પ્રકારની છે. તે આ પ્રમાણે-પુદ્‌ગલનોભવોપપાતગતિ અને સિદ્ધનોભવોપપાતગતિ. પુદ્‌ગલનોભવોપપાતગતિ કેવા પ્રકારની છે ? પરમાણુ પુદ્‌ગલ જે લોકના પૂર્વના ચરમાન્ત-પશ્ચિમના ચરમાન્ત સુધી એક સમયમાં જાય અને પશ્ચિમના ચર માન્તથી પૂર્વના ચરમાન્ત સુધી એક સમયમાં જાય, એ પ્રમાણે દક્ષિણના ચરમાન્તથી ઉત્તરના ચરમાન્ત સુધી અને ઉત્તરના ચરમાન્તથી દક્ષિણના ચરમાન્ત સુધી, ઉપરના ચરમાન્તથી નીચેના ચરમાન્ત સુધી અને નીચેના ચરમાન્તથી ઉપરના ચરમાન્ત સુધી જાય તે પુદ્‌ગલનોભવોપપાતગતિ કહેવાય છે. સિદ્ધનોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ? બે પ્રકારની છે. અનન્તરસિદ્ધનોભવોપ પાતગતિ અને પરંપરસિદ્ધનોભવોપપાતગતિ. અનન્તરસિદ્ધનોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ? પંદર પ્રકારની છે. તીર્થસિદ્ધઅનન્તરસિદ્ધનોભવોપપાતગતિ, યાવત્ અનેકસિદ્ધઅનન્તરસિદ્ધનોભવોપપાતગતિ. પરંપરસિદ્ધનો ભવોપ પાતગતિ કેટલા પ્રકારની છે ? અનેક પ્રકારની છે. અપ્રથમસમય સિદ્ધની નોભવોપપાતગતિ, એ પ્રમાણે દ્વિસમ યસિદ્ધનોભવોપપાતગતિ, યાવત્ અનન્તસમયસિદ્ધનોભવોપપાતગતિ. ઉપપાતગતિ કહી.

વિહાયોગતિ કેટલા પ્રકારની કહી છે ? સત્તર પ્રકારની. સ્પૃશદ્‌ગતિ, અસ્પૃશદ્‌ગતિ, ઉપસંપદ્યમાનગતિ, અનુપસંપદ્યમાનગતિ, પુદ્‌ગલગતિ, મંડૂકગતિ, નૌકાગતિ, છાયાગતિ, છાયાનુંપાતગતિ, લેશ્યાગતિ, લેશ્યા નુપાતગતિ, ઉદ્દિશ્ય પ્રવિભક્તગતિ, ચતુઃપુરુષપ્રવિભક્તગતિ, વક્રગતિ, પંકગતિ અને બન્ધનવિમોચનગતિ.

સ્પૃશદ્‌ગતિ કેવા પ્રકારની છે ? પરમાણુપુદ્‌ગલ, દ્વિપ્રદેશિક, યાવત્ અનન્ત પ્રદેશિક સ્કન્ધોની પરસ્પર સ્પર્શ કરીને જે ગતિ પ્રવર્તે તે સ્પૃશદ્‌ગતિ. અસ્પૃશદ્‌ગતિ કેવા પ્રકારની છે ? પરસ્પર સ્પર્શ કર્યા સિવાય એ પરમાણુ વગેરેની જે ગતિ પ્રવર્તે તે અસ્પૃશદ્‌ગતિ. ઉપસંપદ્યમાનગતિ કેવા પ્રકારની છે ? રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર, માંડબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહને અનુસરી જે ગમન કરે છે તે ઉપસંપદ્યમાનગતિ. અનુપસંપદ્યમાનગતિ કેવા પ્રકારની છે ? એઓ પરસ્પર એક બીજાને અનુસર્યા સિવાય જે ગમન કરે છે તે અનુપસંપદ્યમાનગતિ. પુદ્‌ગલગતિ કેવા પ્રકારની છે ? પરમાણુપુદ્‌ગલ, યાવત્ અનન્તપ્રદેશિક સ્કન્ધોની જે ગતિ પ્રવર્તે છે તે પુદ્‌ગલગતિ. મંડૂકગતિ કેવા પ્રકારની છે ? મંડૂક-દેડકો કૂદી કૂદીને જે ગમન કરે છે તે મંડૂકગતિ. નૌકાગતિ કેવા પ્રકારની છે ? નૌકા જે વેતાલા નદીના પૂર્વના કીનારાથી દક્ષિણના કીનારે જળમાર્ગે ગમન કરે છે અને દક્ષિણના કીનારાથી પશ્ચિમના કીનારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે તે નૌકાગતિ. નયગતિ કેવા પ્રકારની છે ? જે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયોની ગતિ-પ્રવૃત્તિ, તે નયગતિ. છાયાગતિ કેવા પ્રકારની છે ? જે ઘોડાની છાયા, હાથીની છાયા, મનુષ્યની છાયા, કિન્નરની છાયા, મહોરગની છાયા, ગાંધર્વનો છાયા, વૃષભની છાયા, રથની છાયા અને છત્રની છાયાને અનુસરી ગમન કરે તે છાયાગતિ છાયાનુપાતગતિ કેવા પ્રકારની છે ? જે કારણથી પુરુષને છાયા અનુસરે છે, પણ પુરુષ છાયાને અનુસરતો નથી, તે છાયાનુપાતગતિ.

લેશ્યાગતિ કેવા પ્રકારની છે ? કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે-તે વર્ણપણે, તે ગન્ધપણે, તે રસપણે અને તે સ્પર્શપણે જે વારંવાર પરિણમે છે, એ પ્રમાણે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપ પણે યાવત્ તે સ્પર્શપણે પરિણમે છે, એમ કાપોતલેશ્યા પણ તેજોલેશ્યાને, તેજોલેશ્યા પણ પદ્મલેશ્યાને અને પદ્મલેશ્યા પણ શુક્લ-લેશ્યાને પામીને જે તદ્રૂપપણે યાવત્ પરિણમે છે તે લેશ્યાગતિ. લેશ્યાનુપાતગતિ કેવા પ્રકારની છે ? જે લેશ્યા વાળાં દ્રવ્યો ગ્રહણ કરી મરણ પામે છે અને તે લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે. જેમકે કૃષ્ણલેશ્યાવાળામાં, યાવત્- શુક્લલેશ્યાવાળામાં, તે લેશ્યાનુ-પાતગતિ. ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ કેવા પ્રકારની છે ? જે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણી, ગણધર કે ગણાવચ્છેકને ઉદ્દેશી ઉદ્દેશીને જે ગમન કરે તે ઉદ્દિશ્ય પ્રવિ-ભક્તગતિ. ચતુઃપુરુષપ્રવિભક્તગતિ કેવા પ્રકારની છે ? જેમકે ચાર પુરુષો એક સાથે તૈયાર થાય અને એક સાથે પ્રયાણ કરે એક સાથે તૈયાર થાય અને જુદા જુદા સમયે પ્રયાણ કરે જુદા જુદા કાળે તૈયાર થાય જુદા જુદા કાળે પ્રયાણ કરે અને જુદા જુદા કાળે તૈયાર થાય અને સાથે પ્રયાણ કરે તે ચતુઃપુરુષ પ્રવિભક્તગતિ. વક્રગતિ કેટલા પ્રકારની છે ? વક્રગતિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે ઘટ્ટનતા, સ્તંભનતા, શ્લેષણતા અને પતનતા. પંકગતિ કેવા પ્રકારની છે ? જેમ કોઇ પુરુષ પંક-કીચડમાં કે પાણીમાં પોતાના શરીરને ટેકો આપીને ગમન કરે તે પંકગતિ. બન્ધનવિમોચનગતિ કેવા પ્રકારની છે ? પક્વ થયેલાં અતિ પાકેલા અને બન્ધનથી જુદા થયેલા આમ્ર, અંબાડક, બીજોરાં, બીલાં. કોઠાં, ભવ્ય ફણસ, દાડમ, પારાવત, અખોડ, ચાર, બોર અને તિંદુકની નિર્વ્યાઘાત નીચે સ્વાભાવિક ગતિ થાય તે બન્ધનવિમોચનગતિ.

**પદ-૧૬-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૧૭-લેશ્યા

**-: ઉદ્દેસો : ૧ :-**

[૪૪૨] સમઆહાર સમશરીર અને સમઉચ્છ્વાસ, સમકર્મ, સમવર્ણ, સમ લેશ્યા, સમવેદના,સમક્રિયા,અને સમઆયુષ-એ સાત અધિકારો પ્રથમ ઉદ્દેશકમાં છે.

[૪૪૩] હે ભગવન્ ! નૈરયિકો બધા સમાન આહારવાળા, બધા સમાન શરીર વાળા અને બધા સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો કે હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના કહ્યા છે, મહા-શરીરવાળા અને અલ્પશરીરવાળા. તેમાં જેઓ મહાશરીરવાળા છે તેઓ ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, ઘણા પુદ્ગલોને પરિણમાવે છે, ઘણા પુદ્ગલોને ઉચ્છ્વાસ-રૂપે ગ્રહણ કરે છે અને ઘણા પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે, વારંવાર આહાર કરે છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ વારંવાર નિઃશ્વાસરૂપે મૂકે છે. તેમાં જે અલ્પશરીરવાળા છે તે અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્ નિશ્વાસરૂપે મૂકે છે. કદાચિત આહાર ગ્રહણ કરે છે, યાવત્ કદાચિત્ મૂકે છે, એ હેતુથી એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાન આહારવાળા નથી, બધા સમાન શરીરવાળા નથી અને બધા સમાન ઉચ્છ્વાસનિઃશ્વાસવાળા નથી.'

[૪૪૪] હે ભગવન્ ! નૈરયિકો બધા સમાનકર્મવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે. પૂર્વે ઉત્પન્ન થયેલા, અને પાછળ ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે અલ્પ કર્મવાળા છે અને પાછળ ઉત્પન્ન થયેલા છે તે મહાકર્મવાળા છે. તે હેતુથી હે ગૌતમ ! એમ કહું છું. હે ભગવન્ ! નૈરયિકો બધા સમાનવર્ણવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-પૂર્વે ઉત્પન્ન થયેલા અને પાછળ ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે વિશુદ્ધતર વર્ણવાળા અને જે પાછળ ઉત્પન્ન થયેલા છે તે અવિશુદ્ધ-વર્ણવાળા છે, એ હેતુથી હે ગૌતમ ! એમ કહું છું. એ પ્રમાણે જેમ વર્ણ સંબંધે કહ્યું તેમ લેશ્યાસંબંધે વિશુદ્ધલેશ્યાવાળા અને અવિશુદ્ધલેશ્યાવાળા કહેવા. હે ભગવન્ ! નૈર-યિકો બધા સમાનવેદવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે, તે આ પ્રમાણે- સંજ્ઞીભૂત-સમ્યગ્દૃષ્ટિ અને અસંજ્ઞીભૂતમિથ્યાદૃષ્ટિ. તેમાં જેઓ સંજ્ઞીભૂત છે તે મહાવેદનાવાળા છે અને અંસજ્ઞીભૂત છે તે અલ્પવેદનાવાળા છે.

[૪૪૫] હે ભગવન્ ! બધા નૈરયિકો સમાનક્રિયાવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ યુક્ત નથી. ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારના છે, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તેઓને ચાર ક્રિયાઓ થાયછે. આરંભિકી પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યા દર્શનપ્રત્યયિકી. હે ભગવન્ ! નૈરયિકો બધા સમાનઆયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા હોય છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો ચાર પ્રકારના છે. કેટલાક સમાન આયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા, કેટલાક સમાનઆયુષવાળા અને વિષમ-સમયે ઉત્પન્ન થયેલા, કેટલાક વિષમ-આયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા અને કેટલા એક જુદા જુદા આયુષવાળા અને જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા.

[૪૪૬] હે ભગવન્ ! બધા અસુરકુમારો સમાન આહારવાળા છે ? એમ સમ-શરીરરાદિ બધા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! આ અર્થ યુક્ત નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? નૈરયિકોની પેઠે કહેવું. હે ભગવન્ ! અસુરકુમારો બધા સમાન કર્મવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ યુક્ત નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! અસુરકુમારો બે પ્રકારના છે, તે આ પ્રમાણે-પૂર્વે ઉત્પન્ન થયેલા અને પછી ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે મહાકર્મવાળા છે અને જે પછી ઉત્પન્ન થયેલા છે તે અલ્પકર્મવાળા છે, એ પ્રમાણે વર્ણ અને લેશ્યા સંબંધે પૃચ્છા કરવી. તેમાં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વે ઉત્પન્ન થયેલા છે, તે અવિશુદ્ધવર્ણવાળા છે અને જે પછી ઉત્પન્ન થયેલા છે તે વિશુદ્ધ વર્ણવાળા છે, એ પ્રમાણેલેશ્યા સંબંધે પણ સમજવું. વેદના સંબન્ધે નૈરયિકોની પેઠે સમજવું. બાકી બધું નૈરયિકોને કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

[૪૪૭] પૃથિવીકાયિકો આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા વડે નૈરયિકોની પેઠે જાણવા. પૃથિવીકાયિકો બધા સમાન વેદનાવાળા છે ? હા ગૌતમ ! બધા સમાન વેદનાવાળા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! પૃથિવીકાયિકો બધા અસંજ્ઞી છે અને તેથી તેઓ અસંજ્ઞીના જેવી અનિયત વેદના વેદે છે. હે ભગવન્ ! બધા પૃથિવીકાયિકો સમાન ક્રિયાવાળા છે ? હા ગૌતમ ! બધા પૃથિવીકાયિકો સમાનક્રિયા-વાળા છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! બધા પૃથિવીકાયિકો માયી મિથ્યાદૃષ્ટિ છે, તેઓને નિયત-અવશ્ય પાંચ ક્રિયાઓ હોયછે. આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી, પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે જાણવા. પરન્તુ ક્રિયાવડે સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે બે પ્રકારના છે, અસંયત-અને સંયતા સંયત-તેમાં જે સંયતાસંયત છે તેઓને ત્રણ ક્રિયાઓ થાય છે. આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી. તેમાં જેઓ અસંયત છે તેઓને ચાર ક્રિયાઓ થાય છે. આરંભિકી, પારિગ્રહિકી માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ અને જેઓ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ થાય છે. આરંભિકી, પારિગ્રહિકી માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યા-દર્શનપ્રત્યયિકી. બાકી બધું તેમજ કહેવું.

[૪૪૮] હે ભગવન્ ! બધા મનુષ્યો સમાન આહારવાળા છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! મનુષ્યો બે પ્રકારના છે, મહાશરીરવાળા અને અલ્પશરીરવાળા. તેમાં જેઓ મહાશરીરવાળા છે તેઓ ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્-ઘણા પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે. કદાચિત્ આહાર ગ્રહણ કરે છે અને કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે. તેમાં જેઓ અલ્પશરીર વાળા છે તેઓ થોડા પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્ અલ્પ પુદ્ગલોને નિઃશ્વાસ મૂકે છે. વારંવાર આહાર કરે છે, યાવત્ વારંવાર નિઃશ્વાસ મૂકે છે. બાકી બધું નૈરયિકોની પેઠે જાણવું, પરન્તુ ક્રિયાઓમાં મનુષ્યો ત્રણ પ્રકારના છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ પ્રકારના છે. સંયત, અસંયત અને સંયતાસંયત. તેમાં જેઓ સંયત છે તે બે પ્રકારના છે. સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ ક્રિયાર હિત છે. તેમાં જેઓ સરાગસંયત છે તે બે પ્રકારના છે-પમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્ત સંયત છે તેઓને એક માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે. અને જે પ્રમત્તસંયત છે તેઓને બે ક્રિયાઓ હોય છે-આરંભિકી અને માયાપ્રત્યયિકી. જેઓ સંયતાસંયત છે તેઓને ત્રણ ક્રિયાઓ હોય છે, આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી. તેમાં જેઓ અસંયત છે તેઓને ચાર ક્રિયાઓ છે. આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ હોય છે. આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યા દર્શન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યયિકી. બાકી બધું નૈરયિકોની જેમ જાણવું.

[૪૪૯] વ્યન્તરોને અસુરકુમારોની જેમ સમજવું. એમ જ્યોતિષિક અને વૈમાનિકને પણ જાણવું. પરન્તુ વેદનામાં તેઓ બે પ્રકારના છે-માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તે અલ્પવેદનાવાળા હોય છે, અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ મહાવેદનાવાળા છે. તે માટે હે ગૌતમ ! એમ કહું છું. બાકી બધું તેમજ જાણવું.

[૪૫૦] હે ભગવન્ ! લેશ્યાસહિત નૈરયિકો બધા સમાનઆહારવાળા, સમાન શરીરવાળા અને સમાનઉચ્છ્વાસનિઃશ્વાસવાળા છે ? એમ બીજા બધા સંબન્ધે પૃચ્છા કરવી. હે ગૌતમ ! જેમ સામાન્ય નૈરયિકો સંબન્ધે આલાપક કહ્યો છે તેમ લેશ્યાસહિત સમગ્ર આલાપક પણ યાવત્-વૈમાનિક સુધી કહેવો. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો બધા સમાનઆહારવાળા છે-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ સામાન્ય નૈરયિકો કહ્યાછે તેમ કહેવા, પણ વેદનામાં માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી-સમ્યગ્દૃષ્ટિઉપપન્નક કહેવા. અસુરકુમારથી આરંભી વ્યન્તર સુધી સામાન્ય અસુર કુમારાદિની પેઠે કહેવું. પરન્તુ મનુષ્યોને ક્રિયાઓમાં વિશેષતા છે-યાવત્ તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓ ત્રણ પ્રકારના છે, સંયમત, અસંત અને સંયતા સંયત-ઈત્યાદિ જેમ સામાન્ય મનુષ્ય સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. જ્યોતિષિક અને વૈમાનિક સંબન્ધે આદિની ત્રણ લેશ્યામાં ન પૂછવું. એ પ્રમાણે જેમ કૃષ્ણલેશ્યા વાળા નૈરયિકોનો વિચાર કર્યો તેમ નીલલેશ્યાવાળા નૈરયિકોનો વિચાર કરવો. કાપોત લેશ્યાનો નૈરયિકોથી આરંભી વ્યન્તરો સુધી વિચાર કરવો, પરન્તુ કાપોતલેશ્યાવાળા નૈરયિકો વેદનામાં સામાન્ય નૈરયિકો કહ્યા તેમ કહેવા. હે ભગવન્ ! તેજોલેશ્યાવાળા અસુરકુમારો-ઈત્યાદિ અસુર કુમાર સંબન્ધે તેજ પૂર્વોક્ત પૃચ્છા કરવી. હે ગૌતમ ! જેમ સામાન્ય અસુરકુમારો કહ્યા તેમજ જાણવા. પરન્તુ વેદનામાં જ્યતિષિકની જેમ કહેવા.

પૃથિવીકાય, અપ્કાય, વનસ્પતિકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જેમ સામાન્ય રૂપે કહ્યા તેમ લેશ્યાસહિત કહેવા. પરન્તુ મનુષ્યો ક્રિયાઓમાં જે સંયત છે તે પ્રમત્ત અને અપ્રમત્ત બે પ્રકારના છે, પણ સરાગ અને વીતરાગ એવા ભેદ થતા નથી. વ્યન્તરો તેજોલેશ્યામાં અસુરકુમારની જેમ કહેવા. એમ જ્યોતિષિક અને વૈમાનિક સંબન્ધે પણ જાણવું. બાકી બધું તેમજ કહેવું. એ પ્રમાણે પદ્મલેશ્યાવાળા પણ કહેવા. પરન્તુ પદ્મ-લેશ્યા જેઓને હોય તેઓને કહેવી. શુક્લલેશ્યાવાળા પણ તેમજ જાણવા, પરન્તુ શુક્લ-લેશ્યા જેઓને હોય તેઓને કહેવી. બાકી બધું જેમ સામાન્ય આલાપક કહ્યો છે તેમજ કહેવો. પરન્તુ પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વૈમા- નિકને જ જાણવી, બાકીનાને ન જાણવી.

**પદ-૧૭-૧-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પદ-૧૭-ઉદ્દેશકઃ ૨**

[૪૫૧] હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.

[૪૫૨] હે ભગવન્ ! નૈરયિકોને કેટલી લેશ્યાઓ હોય છે ? ગૌતમ ! ત્રણ

જૈન આગમ ગ્રંથ JAINSITE

લેશ્યાઓ હોય છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. હે ભગવન્ ! તિર્યંચોને કેટલી લેશ્યાઓ છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ છે. કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્ ! એકેન્દ્રિયોને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. કૃષ્ણલેશ્યા, યાવત્ તેજોલેશ્યા. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! એ પ્રમાણે જાણવું. અપ્કાયિક અને વનસ્પતિકાયિકોને પણ એમજ સમજવું. તેજસ્કાયિક, વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને નૈરયિકોની જેમ જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને છ લેશ્યાઓ હોય છે. કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! નૈરયિકોની પેઠે જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે. તિર્યંચયોનિક સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એજ છ લેશ્યાઓ હોય છે. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એજ છ લેશ્યાઓ હોય છે. સંમૂર્છિમ મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! નૈરયિકોની પેઠે જાણવું. ગર્ભજ મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે. મનુષ્ય સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એમજ જાણવું. દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એજ છ લેશ્યાઓ હોય છે. દેવીઓ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા, યાવત્ તેજોલેશ્યા. ભવન-વાસી દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એમજ જાણવું. ભવનવાસિની દેવીઓને પણ એમજ સમજવું. વ્યન્તર દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! એમજ જાણવું. વ્યન્તરદેવી સંબન્ધે પણ એમજ સમજવું. જ્યોતિષ્કિ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને એક તેજોલેશ્યા હોય છે. એ પ્રમાણે જ્યોતિષ્કિ દેવીઓને પણ સમજવું. વૈમાનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ત્રણ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે-તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, વૈમાનિક સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને એક તેજોલેશ્યા હોય છે.

[૪૫૩] હે ભગવન્ ! લેશ્યાવાળા, કૃષ્ણલેશ્યાવાળા, યાવત્ શુક્લલેશ્યાવાળા અને લેશ્યારહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો શુક્લલેશ્યાવાળા હોય છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાત ગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી લેશ્યારહિત અનન્તગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી લેશ્યાવાળા વિશેષાધિક છે.

[૪૫૪] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા એ નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા નૈરયિકો કૃષ્ણલેશ્યાવાળા છે, તેથી નીલલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લ લેશ્યાવાળા, એ તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ,બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા તિર્યંચો શુક્લલેશ્યાવાળા છે-ઇત્યાદિ જેમ સામાન્ય લેશ્યાવાળા જીવો સંબંધે કહ્યું છે તેમ કહેવું. પરંતુ લેશ્યા રહિતને વર્જવા. હે ભગવન્ ! કૃષ્ણ લેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા અને તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા એકેન્દ્રિયો તેજોલેશ્યાવાળા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા વાળા યાવત્ તેજોલેશ્યા વાળા એ પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ,બહુ,તુલ્ય કે વિશેષાધિક છે?હે ગૌતમ ! જેમ ઔધિક એકેન્દ્રિયો કહ્યા તેમ કહેવા. પરન્તુ કાપોત લેશ્યાવાળા અસંખ્યાતગુણા જાણવા. એ પ્રમાણે અપ્કાયિકોને પણ કહેવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યા વાળા અને કાપોતલેશ્યાવળા એ તેજસ્કાયિકોમાં કોણ કોનાથી અલ્પ,બહુ, તુલ્ય કે વિશે-ષાધિક છે ? હે ગૌતમ !સૌથી થોડા તેજસ્કાયિકો કાપોતલેશ્યાવાળા છે,તેથી નીલલેશ્યા-વાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. એ પ્રમાણે વાયુકાયિકોને પણ કહેવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ વનસ્પતિકાયિ કોમાં કોણ કોનાથીઅલ્પ,બહુ,તુલ્ય કે વિશેષાધિક છે?જેમ સામાન્ય એકેન્દ્રિયો સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રયને તેજસ્કાયિકોની પેઠે કહેવું.

[૪૫૫] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! જેમ સામાન્ય તિર્યંચોને કહ્યું છે તેમ કહેવું. પરંતુ કાતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને તેજસ્કાયિકોની પેઠે જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને ઔધિક સામાન્ય તિર્યંચોની જેમ કહેવું. પરંતુ કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા કહેવા. તિર્યંચ સ્ત્રી સંબન્ધે પણ એમજ કહેવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળા સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યા વાળા વિશેષાધિક છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ તુલ્ય કે વિશેષાધિક છે ? જેમ પાંચમું અલ્પબહુત્વ કહ્યું તેમ આ છઠ્ઠું અલ્પબહુત્વ કહેવું. કૃષ્ણ લેશ્યાવાળા યાવદ્ શુક્લલેશ્યાવાળા એ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચસ્ત્રી-ઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો છે, તેથી શુક્લલેશ્યા વાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યા વાળા તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળાતિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષા-ધિક છે, તથી કાપોતલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે.

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો, ગર્ભજ પંચેન્દ્રિયતિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો છે, તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુક્લલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યઞ્ચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તથી નીલ લેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યા વાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કાપોત લેશ્યાવાળા સંમૂર્છિમ પંચેન્દ્રિયતિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચસ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા તિર્યંચપંચેન્દ્રિયો છે, તેથી શુક્લલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા પંચે-ન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કાપોત લેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લ લેશ્યાવાળા એ તિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! જેમ નવમું અલ્પબહુત્વ કહ્યું તેમ આ પણ કહેવું. પરંતુ કાપોતલેશ્યાવાળા તિર્યંચો અનન્તગુણા કહેવા. એ પ્રમાણે તિર્યંચોના એ દસ અલ્પ બહુત્વ કહ્યા છે

[૪૫૬] એ પ્રમાણે મનુષ્યોને પણ અલ્પબહુત્વ કહેવું. પરંતુ તેઓને છેલ્લું અલ્પબહુત્વ નથી.

[૪૫૭] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાળા અસંખ્યાત ગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે. હે ભગવન્ કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજોલેશ્યા વાળી દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડી કાપોતલેશ્યા વાળી દેવીઓ છે, તેથી નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળી સંખ્યાતગુણી છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલ અને કૃષ્ણલેશ્યાવાળા અનુક્રમે વિશે-ષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળા દેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાતગુણા છે, અને તેથી તેજોલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ ભવનવાસી દેવોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી તોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો છે, તેથી કાપોત લેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણ લેશ્યાવાળા વિશેષાધિક છે.

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજોલેશ્યાવાળી એ ભવનવાસિની દેવી ઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! એમજ જાણવું. હે ભગવન્ ! કૃષ્ણ લેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ ભવનવાસી દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો છે તેથી તેજોલેશ્યાવાળી ભવવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ભવન વાસી દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણ- લેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી ભવનવાસિનીદેવીઓ સંખ્યાત ગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે અને તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. એ પ્રમાણે વ્યંતર દેવોને જેમ ભવનવાસીને ત્રણ અલ્પ બહુત્વો કહ્યાં તેમ કહેવાં. હે ભગવન્ ! તેજોલેશ્યાવાળા એ જ્યોતિષિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો છે, તેથી તેજો લેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. હે ભગવન્ ! તેજોલેશ્યાવાળા પદ્મ- લેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા એ વૈમાનિક દેવોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! તેજોલેશ્યા વાળા, પદ્મલેશ્યાવાળા, અને શુક્લલેશ્યાવાળાએ વૈમાનિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યા વાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અંસખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે અને તેથી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે.

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ ભવનવાસીદેવો, વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવોમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિકદેવો છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી નીલલેશ્યા વાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા અંસખ્યાતગુણા છે. તેથી નીલ લેશ્યા વાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યા વાળા જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજો લેશ્યા વાળી ભવનવાસિની દેવી, વ્યંતર દેવી, જ્યોતિષિક દેવી અને વૈમાનિક દેવી ઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ છે. તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ અસંખ્યાતગુણી છે. તેથી કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળી વ્યન્તરી દેવીઓ અસંખ્યાતગુણી છે. તેથી કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે. તેથી નીલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે અને તેથી તેજોલેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે.

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ ભવન વાસી દેવો યાવત્ વૈમાનિક દેવો ને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ વગેરે છે ? હે ગૌતમ ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા ભવનવાસીદેવો અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિનીદેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી ભવનવાસિનીદેવીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા વ્યંતરદેવો સંખ્યાતગુણા છે, તેથી તેથી તેજોલેશ્યાવાળી વ્યંતરી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોત લેશ્યાવાળી વ્યંતરદેવીઓ સંખ્યાતગુણી છે. તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિકછે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિકછે. તેથી તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો સંખ્યાત ગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે.

[૪૫૮] હે ભગવન્ ! એ કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળામાં કોણ કોનાથી અલ્પઋદ્ધિવાળા છે કે મોટી ઋદ્ધિવાળા છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળા કરતાં નીલલેશ્યાવાળા મોટી ઋદ્ધિવાળા છે, નીલલેશ્યાવાળા કરતાં કાપોતલેશ્યાવાળા મોટી ઋદ્ધિવાળા છે, એમ કાપોતલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળાથી પદ્મ લેશ્યાવાળા અને પદ્મલેશ્યાવાળાથી શુક્લલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિ વાળા કૃષ્ણલેશ્યાવાળા જીવો છે અને સૌથી મહર્દ્ધિક શુક્લલેશ્યાવાળા છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મહર્દ્ધિક છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળા કરતાં નીલલેશ્યાવાળા મહર્દ્ધિક છે અને નીલલેશ્યાવાળાથી કાપોતલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિ વાળા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો છે અને સૌથી મોટી ઋદ્ધિવાળા કાપોતલેશ્યા વાળા નૈરયિકો છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મોટી ઋદ્ધિવાળા છે ? હે ગૌતમ ! જેમ જીવોને કહ્યું તેમ કહેવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મોટી ઋદ્ધિવાળા છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચોથી નીલલેશ્યાવાળા મહર્દ્ધિક છે. નીલલેશ્યાવાળા તિર્યંચોથી કાપોત લેશ્યા વાળા મહર્દ્ધિક છે અને કાપોતલેશ્યાવાળા તિર્યંચોથી તેજોલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પઋદ્ધિવાળા કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચો છે,અને સૌથી મહર્દ્ધિક તેજો લેશ્યાવાળા છે. એ પ્રમાણે પૃથિવીકાયિકોને પણ જાણવું. એમ આ પાઠ વડે જેમ લેશ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓને વિચાર કર્યો તેમ યાવત્ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. સંમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચ સ્ત્રીઓ, એ બધાને એ પ્રમાણે કહેવું. યાવત્ અલ્પઋદ્ધિવાળા તેજોલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, અને સૌથી મહર્દ્ધિક શુકલલેશ્યાવાળાવૈમાનિક દેવો છે.

**પદ : ૧૭ - ઉદ્દેસા : ૨ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૭-ઉદ્દેશક : ૩

[૪૫૯] હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિકમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય, પણ નૈરયિક સિવાય અન્ય નૈરયિકોમાં ન ઉત્પન્ન થાય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોથી ઉદ્વર્તે-મરણ પામે કે અનૈરયિક-થકી ઉદ્વર્તે ? હે ગૌતમ ! અનૈરયિક નૈરયિકોથી ઉદ્વર્તે પણ નૈરયિક નૈરયિકોથી ન ઉદ્વર્તએ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યા વાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે ? હા ગૌતમ ! કૃષ્ણલશ્યાવાળો નૈરયિક કૃષ્ણ-લેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યા વાળો મરણ પામે. એ પ્રમાણે નીલલેશ્યાવાળા સંબન્ધે અને કાપોતલેશ્યાવાળા સંબંધે જાણવું. એમ અસુરકુમારોથી આરંભી સ્તનિતકુમારો સુધી જાણવું. પરન્તુ અહીં લેશ્યા અધિક કહેવી. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? અને કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે ? હે ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવિ કાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે, કદાચિત્ નીલલેશ્યા વાળો થઈ મરણ પામે અને કદાચિત્ કાપોતલેશ્યાવાળો થઈ મરણ પામે. એ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યા સંબંધે જાણવું. હે ભગવન્ ! અવશ્ય તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃચ્છા. હા ગૌતમ ! અવશ્ય તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો ઉદ્વર્તે, કદાચિત્ નીલલેશ્યાવાળો અને કદાચિત્ કાપોત લેશ્યાવાળો ઉદ્વર્તે. તેજોલેશ્યાવાળો ઉત્પન્ન થાય પણ તેજોલેશ્યાવાળો ન ઉદ્વર્તે. એ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ જાણવા. તેજસ્કાયિકો અને વાયુકાયિકો એમ જ સમજવા. પરન્તુ એઓને તેજોલેશ્યા નથી. બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો, અને ચઉરિન્દ્રયો ત્રણ લેશ્યાઓમાં એમજ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો જેમ પૃથિવીકાયિકો પ્રથમની ત્રણ લેશ્યાઓમાં કહ્યા તેમ છએ લેશ્યાઓમાં પણ કહેવા. વ્યન્તરો અસુરકુમારોની પેઠે જાણવા. હે ભગવન્ ! શું તેજોલેશ્યાવાળો જ્યોતિષિક તેજોલેશ્યાવાળા જ્યોતિષિકોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ અસુરકુમાર સંબંધે કહ્યું તેમ કહેવું. વૈમાનિકો પણ એમજ સમજવા, પરન્તુ બન્ને સંબન્ધે 'ચ્યવે છે' એવો પાઠ કહેવો.

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? અને કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળો ત્યાંથી ઉદ્વર્તે ? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યાવાળો યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેજોલેશ્યવાળો અસુરકુમાર કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો સંબંધે કહેવું. હે ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવત્ તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક શું કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ઈત્યાદિ જેમ અસુરકુમારો સંબંધે પ્રશ્ન કર્યો તેમ કરવો. હા ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચ કૃષ્ણલેશ્યાવાળો, કદાચ નીલલેશ્યાવાળો અને કદાચ કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળા ઉદ્વર્તે. તેજોલેશ્યાવાળો ઉત્પન્ન થાય પણ તેજોલેશ્યાવાળો ન ઉદ્વર્તે. એ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ કહેવા. હે ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો તેજસ્કાયિક કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય ? અને કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે ? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે હે ગૌતમ ! અવશ્ય કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળો તેજસ્કાયિક કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય, કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો, કદાચિત્ નીલલેશ્યાવાળો અને કદાચિત્ કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચિત્ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. એ પ્રમાણે વાયુકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો કહેવા. હે ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવદ્ શુક્લલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ શું કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવત્ શુક્લલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ કૃષ્ણલશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો યાવત્ કદાચિત શુક્લલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચિત્ જે લશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું. વ્યન્તરો અસુરકુમારોની પેઠે જાણવા. જ્યોતિષિક અને વૈમાનિકો પણ એમ જ સમજવા. પરન્તુ જેઓને જે લેશ્યા હોય તે કહેવી, અને બન્ને પણ 'ચ્યવે છે' એવો પાઠ કહેવો.

[૪૬૦] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાન વડે ચારે દિશામાં અને ચારે વિદિશામાં જોતો કેટલું ક્ષેત્ર જાણે અને કેટલું ક્ષેત્રદેખે ? હે ગૌતમ ! તે બહુ ક્ષેત્ર જાણતો નથી, બહુ ક્ષેત્ર જોતો નથી, દૂર રહેલું ક્ષેત્ર જાણતો નથી અને દૂર રહેલું ક્ષેત્ર દેખતો નથી. થોડું ક્ષેત્ર જાણે છે અને થોડું ક્ષેત્ર દેખે છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિભાગ ઉપર ઊભો રહીને ચારે તરફ જુએ તેથી તે પુરુષ પૃથિવીતલમાં રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો બહુક્ ક્ષેત્રને યાવત્ દેખતો નથી, યાવતે થોડાં ક્ષેત્રને દેખે છે. હે ભગવન્ ! નીલલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાન વડે ચારે તરફ જોતો કેટલા ક્ષેત્રને જાણે અને દેખે ? હે ગૌતમ ! અતિ ઘણા ક્ષેત્રને જાણે અને અત્યંત ઘણા ક્ષેત્રને દેખે. અતિ દૂર ક્ષેત્રને જાણે અને અતિ દૂર ક્ષેત્રને દેખે. અત્યન્ત સ્પષ્ટ ક્ષેત્રને જાણે અને અત્યન્ત સ્પષ્ટ ક્ષેત્રને દેખે, અત્યન્ત વિશુદ્ધ ક્ષેત્રને જાણે અને અત્યન્ત વિશુદ્ધ ક્ષેત્રને દેખે. હે ભગવન ! એમ શાથી કહો છો ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! જેમ કોઇ એક પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિભાગથી પર્વત ઉપર ચઢીને ચારે દિશા અને વિદિશામાં જુએ, તેથી તે પુરુષ પૃથિવીતલ ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ ચારે તરફ જોતો ઘણા ક્ષેત્રને જાણે, યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને દેખે, હે ભગવન્ ! કાપોત લેશ્યાવાળો નૈરયિક નીલલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાનવડે ચારે તરફ જોતોજોતો કેટલા ક્ષેત્રને જાણે અને દેખે ? હે ગૌતમ ! ઘણાં ક્ષેત્રને જાણે અને દેખે, યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને દેખે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ કોઇ પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિ ઉપરથી પર્વત ઉપર ચઢે, અને ઉપર ચઢીને બન્ને પગ ઉંચા કરી ચોતરફ જુએ તેથી તે પર્વત ઉપર રહેલા અને પૃથિવી ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો ઘણા ક્ષેત્રને જાણે અને જુએ, યાવત્ સ્પષ્ટ ક્ષેત્રને જુએ,

[૪૬૧] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો જીવ કેટલા જ્ઞાનોમાં હોય ? હે ગૌતમ ! બે, ત્રણ અને ચાર જ્ઞાનમાં વર્તતો હોય. જો બે જ્ઞાનમાં હોય તો આજ્ઞિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં હોય. જો ત્રણ જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને અવધિ જ્ઞાનમાં હોય. અથવા આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. જો ચાર જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. એ પ્રમાણે યાવત્ પદ્મલેશયાવાળો જાણવો. હે ભગવન્ શુક્લલેશ્યાવાળો જીવ કેટલા જ્ઞાનમાં હોય ? હે ગૌતમ ! બે, ત્રણ અને ચાર જ્ઞાનમાં હોય. જો બે જ્ઞાનમાં હોય તો 'આભિનિકબોધિકજ્ઞાન'-ઈત્યાદિ જેમ કૃષ્ણલેશ્યાવાળાને કહ્યું તેમજ કહેવું, યાવત્ ચાર જ્ઞાનમાં હોય. જો એક જ્ઞાનમાં હોય તો એક કેવલજ્ઞાનમાં હોય.

**પદ-૧૭-ઉદ્દેસોઃ ૩ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૭-ઉદ્દેશકઃ ૪

[૪૬૨] પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાઢ, વર્ગણા, સ્થાન અને અલ્પબહુત્વ એ પ્રમાણેપંદર અધિકાર ચોથા ઉદ્દેશકમાં છે.

[૪૬૩] હે ભગવન્ કેટલી લેશ્યાઓ છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ છે. કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તેના રૂપપણે, તેના વર્ણપણે, તેના ગંધપણે,તેના રસપણે અને તેના સ્પર્શપણે વારંવાર પરિણમે?હા ગૌતમ ! યાવત્-વારંવાર પરિણમે છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ દૂધ છાશને પ્રાપ્ત કરી, અથવા શુદ્ધ વસ્ત્ર રંગને પ્રાપ્ત કરી તદ્રૂપણે, યાવત્ તત્સ્પર્શપણે વારંવાર પરિણમે છે, એ પ્રમાણે એ પાઠ વડે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામી, કાપોત લેશ્યા તેજોલેશ્યાને પામી, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામી અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે. હે ભગવન ! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્લેશ્યા અને શુક્લલેશ્યાને પામી તદ્રૂપણે, તદ્વર્ણપણે, તદ્ગન્ધપણે, તદ્રસપણે અને તત્સ્પર્શપણે વારંવાર પરિણમે ? હા ગૌતમ ! પરિણમે છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ કોઇ વૈડૂર્ય મણિ હોય અને તે કાળા સૂત્રમાં, લીલા સૂત્રમાં, રાતા સૂત્રમાં કે ધોળા સૂત્રમાં પરોવ્યો હોય તો તદ્રૂપણે યાવત્ વારંવાર

પરિણમે છે, હે ભગવન્ ! અવશ્ય નીલલેશ્યા કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામી તદરૂપપણે યાવત્ વારંવાર પરિણમે ? હા ગૌતમ ! એમજ છે. કાપોતલેશ્યા કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામી, એ પ્રમાણે તેજોલેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, પદ્મ અને શુક્લલેશ્યાને પામી, એમ પદ્મલેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ્ અને શુક્લલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે ? હા ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! શુક્લ્લેશ્યા કૃષ્ણલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે ? હા ગૌતમ ! તેમજ છે.

[૪૬૪] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા વર્ણથી કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ મેઘ, અંજન, ખંજન, કાજળ, પાડાનું શીંગડું, ગવલવલય, જાંબુ, લીલા અરીઠાનું ફૂલ, કોયલ, ભ્રમર, ભ્રમરનીપંક્તિ, હાથીનુંબચ્ચું, કૃષ્ણ કેસર-કાળું બકુલનું ઝાડ, મેઘાચ્છાદિતઆકાશખંડ, કૃષ્ણ અશોક, કાળી કણેર અને કાળો બંધુજીવક છે, શું એવા પ્રકારની કૃષ્ણલેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. કૃષ્ણલેશ્યા તેથી વધારે અનિષ્ટ, અત્યંત અકાંત, અત્યન્ત અપ્રિય, અતિઅમનોજ્ઞ, અને મનને ન ગમે તેવી વર્ણ વડે કહેલી છે. હે ભગવન્ ! નીલલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ ભૃંગ, ભૃંગની પાંખ, ચાસ, ચાસપિચ્છ, શુક, શુકપિચ્છ, પ્રિયંગુ, વનરાજિ, ઉચ્ચંતક, પારેવાની ગ્રીવા, મોરની ગ્રીવા, બલદેવનું વસ્ત્ર, અલસી પુષ્પ, વણનું કુસુમ, અંજન કેશિકાનું કુસુમ, નીલોત્પલ, નીલા શોક, લીલું કણવીર, અને લીલું બંધુજીવક છે, એવા પ્રકારની નીલલેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એથી વધારે મનને ન ગમે તેવી વર્ણ વડે કહેલી છે. હે ભગવન્ ! કાપોતલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! જેમ કોઈ ખેરસાર, કરીરસાર, ધમાસાસાર, તંબતામ્ર, તંબકરોડ, તંબછેવાડિયા, વેંગણીના પુષ્પ, કોકિલચ્છદ પુષ્પ અને જવાસાકુસુમ છે. કાપોતલેશ્યા એવા પ્રકારની હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. કાતલેશ્યા એથી અનિષ્ટતર, યાવત્ મનને ન ગમે તેવી વર્ણ વડે હોય છે.

હે ભગવન્ ! તેજોલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ સસલાનું રુધિર, ઘેટાનું રુધિર, ડુક્કરનું રુધિર, સાબરનું રુધિર, મનુષ્યનું રુધિર, ઈન્દ્રગોપ, નવો ઈન્દ્રગોપ, બાળ સૂર્ય, સંધ્યાનો રંગ, અર્ધ ચણોઠીનો રંગ, જાતિહિંગલો, પ્રવાલાંકુર, લાક્ષારસ, લોહિતાક્ષણમણિ, કરમજી રંગવાળી કાંબલ, હાથીનું તાળવું, ચીનપિષ્ટરાશિ પારિ જાતકુસુમ, જાસુદના ફુલ, કેસુડાનાં ફુલનો રાશિ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણેર અને રક્ત બન્ધુજીવક છે. તેજોલેશ્યા એવા પ્રકારની છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તેજોલેશ્યા એથી વધારે ઈષ્ટ, યાવત્ મનને ગમે એવી વર્ણ વડે કહેલી છે. હે ભગવન્ ! પદ્મલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ ચંપો, ચંપાની છાલ, ચંપકભેદ હલદર, હલદરની ગોળી, હલદરનો ખંડ, હડતાલ, હડતાલ ગુટિકા, હડતાલખંડ, ચિકુર, ચિકુરરાગ, સુવર્ણની છીપ, શ્રેષ્ઠ સુવર્ણનો કસ, વાસુદેવનું વસ્ત્ર, અલ્લકી પુષ્પ, ચંપકપુષ્પ, કર્ણિકાર કણેર પુષ્પ, કૂષ્માંડકુસુમ, સુવર્ણ જૂઈ, સુહિરણ્યિકા કુસુમ, કોરંટકની માલા, પીળો અશોક, પીત કણવીર, અને પીત બંધુજીવક છે, એવા પ્રકારની પદ્મલેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પદ્મલેષ્યા એથી અત્યંત ઈષ્ટ, યાવત્ અત્યંત મનને ગમે તેવી વર્ણ વડે કહેલી છે. હે ભગવન્ ! શુક્લલેશ્યા વર્ણ વડે કેવા

પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ એક અંકરત્ન, શંખ, ચન્દ્ર, મોગરો, પાણી, પાણીના બિન્દુ, દહીં, દહીંનો પિંડ, ક્ષીર-દૂધ, ક્ષીરનો સમૂહ, શુષ્ક વાલ વગેરેની ફળી, મયૂર પિચ્છનો મધ્ય ભાગ, તપાવેલ સ્વચ્છ રૂપાનો પટ્ટ, શરત્કાલનો મેઘ, કુમુદપત્ર, પુંડરીક પત્ર, શાલિપિષ્ટ રાશિ, કુટજપુષ્પરાશિ, સિંદુવારના પુષ્પની માલા, શ્વેત બન્ધુજીવક છે, એવા પ્રકારની શુક્લલેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. શુક્લલેશ્યા એથી વધારે ઈષ્ટ અને અત્યંત મનોજ્ઞ વર્ણ વડે કહી છે. હે ભગવન્ ! આ છ એ લેશ્યાઓ કયા વર્ણો વડે કહેવાય છે ? હે ગૌતમ ! પાંચે વર્ણ વડે કહેવાય છે. કૃષ્ણલેશ્યા કાળા વર્ણ વડે, નીલલેશ્યા નીલા વર્ણ વડે, કાપોતલેશ્યા કંઈક કાળા અને કંઈક રાતા વર્ણ વડે, તેજોલેશ્યા રાતા વર્ણ વડે, પદ્મલેશ્યા પીળા વર્ણ વડે, અને શુક્લલેશ્યા શુક્લ વર્ણ વડે કહેવાય છે.

[૪૬૫] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કે કોઈ નિંબ, નિંબસાર, લીંબડાની છાલ, નિંબફાણિત, કુટજ, કુટજફલ, ખડાછાલ, કુટજક્વાથ, કડવીતુંબડી, કડવીતુંબડીનુંફળ, ક્ષારત્રપુષી, કડવી ચીભડીનું ફળ, દેવ-દાલી કુકડવેલ, દેવદાલીનું પુષ્પ, મૃગવાલુંકી, મૃગવાલુંકી ફળ, ઘોષાતકી, ઘોષાતકી ફળ, કૃષ્ણકંદ અને વજ્રકન્દ છે, એવા પ્રકારની કૃષ્ણ લેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ યુક્ત નથી. કૃષ્ણલેશ્યા એથી વધારે અનિષ્ટ યાવત્ મનને ગમે તેવી આસ્વાદ-રસ વડે કહેલી છે. નીલલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ કોઈ ભંગી-, ભંગીરજ, પાઠા, ચવ્યક, ચિત્રમૂલ, પીપર, પીપરીમૂળ, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, સુંઠ અને સુંઠનું ચૂર્ણ છે, એવા પ્રકારની નીલલેશ્યા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. નીલલેશ્યા એથી યાવત્ મનને ન ગમે તેવી આસ્વાદ વડે છે. કાપોતલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ કોઈ આમ્ર, અંબાડક-, માતુલિંગ બીજોરાં, બીલાં, કપિત્થ- કોઠા, ફણસ, દાડમ, પારાપત, અખોડ, ચોર, બોર, તિંદુક-તે બધાં અપક્વ, વિશિષ્ટ વર્ણ, ગન્ધ અને સ્પર્શ વડે રહિત હોય, એવી કાપોતલેશ્યા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યુક્ત નથી, મનને ન ગમે તેવી કાપોતલેશ્યા આસ્વાદ વડે કહેલી છે.

તેજોલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ કોઈ આમ્ર વગેરે યાવત્ પક્વ થયેલા, સારી રીતે પાકેલા, પ્રશસ્ત વર્ણ વડે યાવત્ પ્રશસ્ત સ્પર્શ વડે યુક્ત હોય, યાવત્ એથી અત્યંત મનને ગમે તેવી તેજોલેશ્યા આસ્વાદ વડે હોય છે. પદ્મલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ કોઈ ચંદ્રપ્રભા, મણિશિલા, શ્રેષ્ઠ શીધુ, શ્રેષ્ઠ વારુણી, પત્રાસવ, પુષ્પાસવ, ફલાસવ, ચોયાસવ, આસવ, મધુ, મૈરેય, કાપિશાયન ખર્જુરસાર, દ્રાક્ષાસાર, સુપક્વ ઈક્ષુરસ, આઠ પ્રકારના પિષ્ટ વડે બનેલો, જાંબુફલકાલિકા, શ્રેષ્ઠ પ્રસન્ના, રસયુક્ત, મનોજ્ઞ, ઈષત્ ઓષ્ઠાવલંબિની, ઈષદ્ વ્યવચ્છેદકટુકા, ઈષત્ તામ્રાક્ષિ કરણી, ઉત્કૃષ્ટ મદ કરવાના સ્વભાવને પ્રાપ્ત થયેલી, વર્ણ વડે યુક્ત, યાવત્ સ્પર્શ યુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, પીવા લાયક, બૃંહણીય-પુષ્ટિ કરવા યોગ્ય, દીપનીય, દર્પણીય, અને સર્વ ઈન્દ્રિય અને ગાત્રને આનંદ આપનારી હોય છે. એવા પ્રકારની પદ્મલેશ્યા છે ? હે ગૌતમ ! એ અર્થ યુક્ત નથી. પદ્મલેશ્યા એથી વધારે ઈષ્ટ યાવત્ મનને ગમે તેવી આસ્વાદ વડે છે. હે ભગવન્ ! શુક્લલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે ? હે ગૌતમ ! જેમ કોઈ ગોળ, ખાંડ, સાકર, મત્સ્યંડિકા, પર્પટમોદક, બીસકન્દ, પુષ્પોત્તરા, પદ્મોત્તરા, આદર્શિકા, સિદ્ધાર્થિકા, આકાશસ્ફટિકોમા, ઉપમા અને અનુપમા હોય, એવા પ્રકારની શુક્લલેશ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. શુક્લલેશ્યા એથી વધારે ઈષ્ટ,વધારે પ્રિય અને અધિક મનને ગમે તેવી આસ્વાદ વડે છે.

[૪૬૬] હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ દુરભિગંધવાળી છે ? હે ગૌતમ ! ત્રણ. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોત લેશ્યા. હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ સુરભિગંધ વાળી છે ? હે ગૌતમ ! ત્રણ. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. એ પ્રમાણે ત્રણ અવિશુદ્ધ લેશ્યાઓ છે અને ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ છે. ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓ છે અને ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ છે. ત્રણ સંક્લેશવાળી લેશ્યાઓ છે અને ત્રણ અસંક્લેશવાળી લેશ્યાઓ છે. ત્રણ શીતરૂક્ષ લેશ્યાઓ છે અને ત્રણ સ્નિગ્ધ-ઉષ્ણ લેશ્યાઓ છે. ત્રણ દુર્ગતિગામી લેશ્યાઓ છે અ ત્રણ સુગતિ ગામી લેશ્યાઓ છે.

[૪૬૭] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પ્રકારના પરિણામ વડે પરિણમે છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારના, નવ પ્રકારના, સત્યાવીશ પ્રકારના, એકવીશ પ્રકારના, બસો તેંતાલીસ પ્રકારના, બહુ અને બહુ પ્રકારના પરિણામ વડે પરિણમે છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશવાળી છે ? હે ગૌતમ ! અનન્ત પ્રદેશવાળી છે. એમ શુક્લલેશ્યા સુધી સમજવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશની અવગાહનાવાળી છે ? હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશોની અવગાહનાવાળી છે. એમ શુક્લલેશ્યા સુધી સમજવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાની કેટલી વર્ગણાઓ છે ? હે ગૌતમ ! અનન્ત વર્ગણાઓ છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું.

[૪૬૮] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાના કેટલાં સ્થાનો છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાના અસંખ્યાતા સ્થાનો છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. હે ભગવન્ ! જઘન્ય એવા કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય કૃષ્ણલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાત ગુણા છે, તેથી જઘન્ય તેજોલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય પદ્મલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થરૂપે-સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય કૃષ્ણલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય તેજોલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. તેથી જઘન્ય પદ્મલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે-સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એમ જઘન્ય કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યાના સ્થાનો છે. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય નીલ લેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે શુક્લલેશ્યાના સ્થાનો સુધી જાણવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ ! એ ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનો માં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે જેમ જઘન્ય સ્થાનો કહ્યાં તેમ ઉત્કૃષ્ટ સ્થાનો પણ કહેવાં. પરન્તુ જઘન્યને સ્થાને 'ઉત્કૃષ્ટ' એવો પાઠ કહેવો. હે ભગવન્ ! એ જઘન્ય અને ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે,. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યાના સ્થાનો સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. તેથી ઉત્તૃષ્ટ નીલ લેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે કહેવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદે શાર્થપણે-સૌથી થોડા જઘન્ય કાતોપલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલ લેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે જેમ દ્રવ્યાર્થરૂપે કહ્યું તેમ પ્રદેશાર્થરૂપે પણ કહેવું. પરન્તુ 'પ્રદેશાર્થરૂપે' એવો પાઠ વિશેષ કહેવો.

દ્રવ્યાર્થ- પ્રદેશાર્થ રૂપે-સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલ લેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, દ્રવ્યાર્થરૂપે શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અંસખ્યાતગુણા છે, તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાત ગુણા છે. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અંસખ્યાતગુણા છે. દ્રવ્યાર્થપણે ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે કૃષ્ણ, તેજસ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થ રૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે.

**પદ - ૧૭ - ઉદ્દેસા : ૪ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેશક : ૫

[૪૬૯] હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્ ! અવશ્ય કૃશણલેશ્યા નીલ લેશ્યાને પામીને તદ્રૂપપણે-તેના સ્વરૂપે, તેના વર્ણપણે, તેના ગન્ધપણે, તેના રસપણે અને

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના સ્પર્શપણે વારંવાર પરિણમે ? હે ગૌતમ ! અહીંથી આરંભી જેમ ચોથો ઉદ્દેશક કહ્યો, તેમ વૈડૂર્યમણિના દૃષ્ટાંત સુધી કહેવું. હે ભગવન્ ! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલ લેશ્યાને પામીને તેના સ્વરૂપપણે, યાવત્ તેના સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી ? હા ગૌતમ ! પરિણમતી નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! તે તેના આકાર ભાવ-છાયા માત્ર વડે છે, તેના પ્રતિભાગ-પ્રતિબિંબ માત્ર વડે તે નીલલેશ્યા છે. પરન્તુ તે કૃષ્ણલેશ્યા નીલલેશ્યા રૂપે નથી. કૃષ્ણલેશ્યા ત્યાં સ્વસ્વરૂપમાં રહેલી [નીલ લેશ્યાને] પ્રાપ્ત થાય છે. હે ભગવન્ ! અવશ્ય નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદરૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી ? હે ગૌતમ ! અવશ્ય પરિણમતી નથી. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! તે નીલલેશ્યા તે કાપોતલેશ્યાના આકારભાવ-છાયા માત્ર વડે હોય, અથવા તેના પ્રતિબિંબભાવ માત્ર વડે હોય છે. તે નીલલેશ્યા છે, પણ કાપોતલેશ્યા નથી. તે સ્વસ્વરૂપમાં રહેલી નીલલેશ્યા [કાપોત લેશ્યાને] પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાના પામીને [તદરૂપપણે વારંવાર પરિણમતી નથી.] હે ભગવન્ ! અવશ્ય શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામીને તદરૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી ? હા ગૌતમ ! શુક્લલેશ્યા વારંવાર પરિણમતી નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! તે શુક્લલેશ્યા પદ્મલેશ્યાના આકાર ભાવમાત્ર વડે હોય છે. યાવત્ તે શુક્લલેશ્યા છે, પણ પદ્મલેશ્યા નથી. શુક્લલેશ્યા પોતાના સ્વરૂપમાં રહેલી [પદ્મલેશ્યાને] પ્રાપ્ત થાય છે.

**પદ-૧૭-ઉદ્દેસા-૫ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૭-ઉદ્દેશક:૬

[૪૭૦] હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્ ! મનુષ્યોને કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે. હે ભગવન્ ! માનુષી સ્ત્રીને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! છ હે ભગવન્ ! કર્મભૂમિના મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! એ પ્રમાણે કર્મભૂમિની મનુષ્ય સ્ત્રીને પણ જાણવું. હે ભગવન્ ! ભરત અને એરાવત ક્ષેત્રના મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! એ પ્રમાણે મનુષ્ય-સ્ત્રીને પણ કહેવું. પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહના કર્મભૂમિના મનુષ્યોને કેટલી લેશ્યા હોય ? હે ગૌતમ ! છ એ પ્રમાણે મનુષ્ય સ્ત્રી ને પણ કહેવું. અકર્મભૂમિના મનુષ્ય સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે-કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. એ પ્રમાણે અકર્મભૂમિની મનુષ્યસ્ત્રીને પણ કહેવું. એમ અન્તર્દ્વીપના મનુષ્યો અને માનુષીને પણ કહેવું. હૈમવત અને હૈરણ્યવત અકર્મભૂમિના મનુષ્યોને તથા મનુષ્ય-સ્ત્રીને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! ચાર. હરિવર્ષ અને રમ્યક અકર્મભૂમિના મનુષ્યો અને માનુષી સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિના મનુષ્યો એમજ જાણવા. એઓની મનુષ્ય સ્ત્રીને પણ એમજ સમજવું. એ પ્રમાણે ધાતકિખંડના પૂર્વાર્દ્ધમાં અને પશ્ચિમાર્ધમાં પણ જાણવું. એમ પુષ્કરવર દ્વીપમાં પણ કહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય શું કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! અવશ્ય ઉત્પન્ન કરે. યાવત્ હે ભગવન્ ! કૃષ્ણ લેશ્યાવાળો મનુષ્ય નીલ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! અવશ્ય ઉત્પન્ન કરે. યાવત્ શુક્લલેશ્યા વાળા ગર્ભને ઉત્પન્ન કરે.નીલલેશ્યાવાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! ઉત્પન્ન કરે. એ પ્રમાણે નીલલેશ્યા વાળો મનુષ્ય યાવત્ શુક્લલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે. એમ કાપોતલેશ્યાવાળાની સાથે છ એ આલાપકો કહેવા. એમ તેજોલેશ્યાવાળા પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળાને પણ કહેવું. એમ છત્રીશ આલાપકો કહેવા. કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! ઉત્પન્ન કરે. એ પ્રમાણે આ છત્રીશ આલાપકો કહેવા. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા વાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે?હા ગૌતમ ! ઉત્પન્ન કરે. એમ એ છત્રીશ આલાપકો કહ્યા. હે ભગવન્ ! કર્મભૂમિનો કૃષ્ણલેશ્યા વાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે?હા ગૌતમ ! અવશ્ય ઉત્પન્ન કરે. અકર્મભૂમિનો કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય અકર્મભૂમિની કૃષ્ણલેશ્યા વાળી સ્ત્રીમાં અકર્મભૂમિના કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! ઉત્પન્ન કરે. પરન્તુ અહીં ચાર લેશ્યાઓના સોળ આલાપકો કહેવા. એ પ્રમાણ અન્તર્દ્વીપીના મનુષ્યોને પણ જાણવું.

**પદ-૧૭-ઉદ્દેસો-૬ ની મુનિદીપરત્નસાગરે કરેલા ગુર્જરછાયાપૂર્ણ**

**પદ-૧૭-ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૧૮-કાયસ્થિતિ

[૪૭૧-૪૭૨] જીવ, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવસિદ્ધિક, અસ્તિકાય અને ચરમ એ બાવીશ પદોની કાયસ્થિતિ જાણવા યોગ્ય છે. હે ભગવન્ ! જીવ 'જીવ' એ સ્વરૂપે કાલને આશ્રયી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સર્વ કાળ હોય.

[૪૭૩] હે ભગવન્ ! નૈરયિક 'નૈરયિક' એ રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય ? હે ગૌતમ!જઘન્ય દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સુધી હોય.હે ભગવન્ ! તિર્યંચયોનિક તિર્યંચયોનિક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્ત મુંહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્ત કાળ સુધી હોય. અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી પર્યન્ત કાળથી હોય અને ક્ષેત્રથી અનન્ત લોક-અનન્ત લોકના આકાશ પ્રદેશ પ્રમાણ હોય તથા આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત પર્યન્ત હોય. હે ભગવન્ ! તિર્યંચયોનિક સ્ત્રી 'તિર્યંચ સ્ત્રી, એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ સુધી હોય. એ પ્રમાણે મનુષ્ય સંબંધે જાણવું. મનુષ્ય સ્ત્રી સંબંધે પણ એમજ સમજવું. હે ભગનવ્ ! દેવ 'દેવ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ કહેવું. હે ભગવન્ દેવી 'દેવી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પચાસ પલ્યોપમ સુધી હોય. હે ભગવન્ ! સિદ્ધ 'સિદ્ધ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્ ! 'નૈરયિક અપર્યાપ્ત' એ રૂપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત કાળ હોય. એ પ્રમાણે યાવત્ અપર્યાપ્ત દેવી સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક પર્યાપ્ત 'નૈરયિક પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધી હોય.હે ભગવન્ ! તિર્યંચયોનિક પર્યાપ્ત 'તિર્યંચયોનિક પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી હોય. એ પ્રમાણે પર્યાપ્ત તિર્યંચસ્ત્રી સંબંધે પણ જાણવું. મનુષ્ય અને મા નુષી સંબંધે પણ એમજ સમજવું. જેમ પર્યાપ્ત નૈરયિકને કહ્યું તેમ પર્યાપ્તા દેવને જાણવું. હે ભગવન્ ! 'પર્યાપ્ત દેવી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમન સુધી હોય.

[૪૭૪] હે ભગવન્ ! સેન્દ્રિય જીવ 'સેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સેન્દ્રિય બે પ્રકારના છે, અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. હે ભગવન્ ! એકેન્દ્રિય 'એકેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અનન્ત કાલ-વનસ્પતિકાળ સુધી હોય. હે ભગવન્ ! બેઇન્દ્રિય 'બેઇન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતો કાળ હોય. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય 'પંચેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘનયથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કાંઇક અધિક હજાર સાગરોપમ સુધી હોય. અનિન્દ્રિય સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્ ! સેન્દ્રિય અપર્યાપ્તા સેન્દ્રિય અપર્યાપ્તા રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત સુધી હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય અપર્યાપ્તા સુધી જાણવું. હે ભગવન્ ! સેન્દ્રિય પર્યાપ્ત 'સેન્દ્રિય પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કાંઇક અધિક શતપૃથકત્વ સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! પર્યાપ્ત એકેન્દ્રિય સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા હજાર વરસો સુધી હોય. બેઇન્દ્રિય પર્યાપ્તા સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વરસો સુધી હોય. તેઇન્દ્રિય પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય થી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા દિવસો હોય. હે ભગવન્ ! ચઉરિન્દ્રિય પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા માસ પર્યન્ત હોય. હે ભગવન્ ! પંચેન્દ્રિય પર્યાપ્ત 'પંચેન્દ્રિય પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી શતપૃથકત્વ સાગરોપમ સુધી હોય.

[૪૭૫] હે ભગવન્ ! સકાયિક જીવ 'સકાયિક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સકાયિક જીવ બે પ્રકારના છે. તે આ પ્રમાણે-અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. અને તેમાં જે અનાદિ સાન્ત છે, તેની જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કર્ષથી સંખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમની કાયસ્થિતિ છે. હે ભગવન્ ! અકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અકાયિક સાદિઅનન્ત છે. સકાયિક અપર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર મુહૂર્ત છે. એ પ્રમાણે ત્રસકાયિક અપર્યાપ્તા સુધી જાણવું, સકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઈક અધિક શતપૃથકત્વ સાગરોપમ સમજવા. પૃથિવી-કાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી, અને ક્ષેત્રથી અસંખ્યાતા લોક જાણવા. એ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક પણ સમજવા. વનસ્પતિકાયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અનંત કાળ, કાળથી અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી અને ક્ષેત્રથી અનન્ત લોક, અસંખ્યાતા પુદ્‌ગલપરાવર્ત અને તે આવલિકાના અસંખ્યાતમા ભાગે સમજવા. પૃથિવીકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા હજાર વરસો જાણવા. એ પ્રમાણે અપ્કાયિક પણ જાણવા. તેજસ્કાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા દિવસો હોય છે. વાયુકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા હજાર વર્ષો હોય છે. વનસ્પતિકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સંખ્યાતા હજાર વર્ષો હોય છે. ત્રસકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઈક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી.

[૪૭૬] હે ભગવન્ ! સૂક્ષ્મકાયિક 'સૂક્ષ્મ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અસંખ્યાતો કાળ હોય. કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રને આશ્રયી અસંખ્યાતા લોક હોય. સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદ પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃર્ષથી અસંખ્યાતો કાળ હોય છે. કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ હોય છે. હે ભગવન્ ! સૂક્ષ્મ અપર્યાપ્તા 'સૂક્ષ્મ અપર્યાપ્તા' એ રૂપે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય. પૃથિવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય સંબંધે પણ એમજ સમજવું. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિને પણ એમ જ કહેવું. હે ભગવન્ ! બાદર જીવ 'બાદર' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અસંખ્યાતો કાળ, કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય. હે ભગવન્ ! બાદર પૃથિવીકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સિત્તેર કોટાકોટી સાગરોપમ પર્યન્ત હોય. એ પ્રમાણે બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક અને બાદર વાયુકાયિક સંબંધે જાણવું. બાદર વનસ્પતિકાયિક 'બાદર વનસ્પતિકાયિક' રૂપે ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મહૂર્ત અને ઉત્કર્ષથી અસંખ્યાતો કાળ, યાવત્ ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ જાણવો.

હે ભગવન્ ! પ્રત્યેકશરીરબાદર વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સિત્તેર કોટાકોટી સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! નિગોદ 'નિગોદ' એ રૂપે કેટલા કાળ સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અનન્ત કાલ-અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, તથા ક્ષેત્રથી અઢી પુદ્‌ગલપરાવર્ત સુધી હોય. હે ભગવન્ ! બાદર નિગોદ 'બાદર નિગોદ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપે ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સિત્તેર કોટાકોટી સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! બાદર ત્રસકાયિક બાદર ત્રસકાયિક રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સઙ્ખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી હોય. એઓના જ અપર્યાપ્તા બધા જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત સુધી હોય. હે ભગવન્ ! બાદર પર્યાપ્ત 'બાદર પર્યાપ્ત' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! બાદર પૃથિવીકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મૂહૂર્ત અને ઉત્કર્ષથી સઙ્ખ્યાતા હજાર વરસ સુધી હોય. એ પ્રમાણે અપ્કાયિક સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! તેજસ્કાયિક પર્યાપ્ત 'તેજસ્કાયિક પર્યાપ્તા' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સઙ્ખ્યાતા રાત્રિદિવસ સુધી હોય. વાયુકાયિક, વનસ્પતિ અને પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી સઙ્ખ્યાતા હજાર વરસો સુધી હોય. નિગોદ પર્યાપ્ત અને બાદર નિગોદ પર્યાપ્ત સંબધે પૃચ્છા. હે ગૌતમ ! બન્નેને જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મૂહૂર્ત સુધી હોય. હે ભગવન્ ! બાદર ત્રસકાયિક પર્યાપ્ત 'બાદર ત્રસકાયિક પર્યાપ્તા' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય.

[૪૭૭] હે ભગવન્ ! સયોગી-'સયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સયોગી બે પ્રકારના છે. અનાદિ અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત. હે ભગવન્ ! મનયોગી- 'મનયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. એ પ્રમાણે વચનયોગવાળો પણ જાણવો. હે ભગવન્ ! કાયયોગી 'કાયયોગી' રૂપેકાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી વનસ્પતિકાળ પર્યન્ત હોય. હે ભગવન્ ! અયોગી 'અયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ સુધી હોય.

[૪૭૮] હે ભગવન્ ! સવેદી 'સવેદી' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સવેદક ત્રણ પ્રકારના છે- અનાદિ અનન્ત, અનાદિ સાન્ત, અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અનન્ત કાળ-અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી કાળથી હોય છે. ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યન્ત હોય છે. હે ભગવન્ ! સ્ત્રીવેદી 'સ્ત્રીવેદી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! એક પ્રકારથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક એકસો દસ પલ્યોપમ. બીજા એક આદેશથી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથકત્વ વર્ષ અધિક અઢાર પલ્યોપમ. ત્રીજા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કર્ષથી પૂર્વ કોટી પૃથકત્વ અધિક ચૌદ પલ્યોપમ. ચોથા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક સો પલ્યોપમઅને પાંચમા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક પલ્યોપમપૃથકત્વ હોય. હે ભગવન્ ! પુરુષવેદી 'પુરુષવેદી' એ રૂપે કેટલા કાળ સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઇક અધિક શતપૃથકત્વ સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! નપુંસકવેદી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'નપુંસકવેદી' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પર્યન્ત હોય. હે ભગવન્ ! અવેદક 'અવેદક' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અવેદક બે પ્રકારના છે-સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય.

[૪૭૯] હે ભગવન્ સકષાયી 'સકષાયી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સકષાયી ત્રણ પ્રકારના છે. અનાદિ અનન્ત, અનાદિ સાન્ત, અને સાદિ સાન્ત. તે યાવત્ કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી હોય છે. હે ભગવન્ ! ક્રોધકષાયી ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તમુહૂર્ત સુધી હોય. એ પ્રમાણે માનકષાયી અને માયાકષાયી જાણવા. હે ભગવન્ ! લોભકષાયી 'લોભકષાયી' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટ અન્તમુહર્ત સુધી હોય. હે ભગવન્ ! અકષાયી 'અકષાયી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અકષાયી બે પ્રકારના છે, તે આ પ્રમાણે-સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય.

[૪૮૦] હે ભગવન્ ! સલેશ્ય 'સલેશ્ય' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સલેશ્ય બે પ્રકારના છે. અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો 'કૃષ્ણલેશ્યાવાળો' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! નીલલેશ્યાવાળો 'નીલલેશ્યાવાળો' એ રૂપે કેટલા કાળ સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દસ સાગરોપમ સુધી હોય. કાપોત-લેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ!જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસં-ખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમ સુધી હોય. તેજોલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમ સુધી હોય. પદ્મલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ સુધી હોય. શુક્લલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગ-રોપમ સુધી હોય લેશ્યાસરહિત સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ હોય.

[૪૮૧] હે ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ 'સમ્યગ્દૃષ્ટિ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારે છે. સાદિ અનન્ત અને સાદિ સાન્ત છે. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક છાસઠ સાગરોપમ સુધી હોય છે. હે ભગવન્ ! મિથ્યાદૃષ્ટિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! મિથ્યાદૃષ્ટિ ત્રણ પ્રકારે છે, અનાદિ અનન્ત, અનાદિ સાન્ત, અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મહૂર્ત અને ઉત્કર્ષથી અનન્ત કાળ. અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સુધી હોય છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત હોય છે.

[૪૮૨] હે ભગવન્ ! જ્ઞાની 'જ્ઞાની' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જ્ઞાની બે પ્રકારના છે, સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક છાસઠ સાગરોપમ સુધી હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભિનિબોધિક જ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! એમ જ જાણવું. એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે જાણવું. અવધિજ્ઞાની સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ તે જઘન્યથી એક સમય છે. હે ભગવન્ ! મનઃપર્યવજ્ઞાની 'મનઃપર્યવજ્ઞાની'એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન ક્રોડ પૂર્વ વર્ષ સુધી હોય છે. કેવલજ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ પર્યન્ત હોય છે. અજ્ઞાની, મતિઅજ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અજ્ઞાની, મતિઅજ્ઞાની ત્રણ પ્રકારે છે. અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્ત મુંહૂર્ત અને ઉત્કર્ષથી અનન્ત કાળ હોય છે અને ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્ત સુધી હોય છે. હે ભગવન્ ! વિભંગજ્ઞાની 'વિભંગજ્ઞાની' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ અધિક તેત્રીશ સાગ રોપમ સુધી હોય છે.

[૪૮૩] હે ભગવન્ ! ચક્ષુદર્શની 'ચક્ષુદર્શની' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી કંઈક અધિક હજાર સાગરોપમ સુધી હોય. હે ભગવન્ ! અક્ષુદર્શની 'અચક્ષુદર્શની' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અચક્ષુદર્શની બે પ્રકારે છે અનાદિ અનન્ત, અને અનાદિ, સાન્ત. અવધિદર્શની ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક અધિક ૧૩૨- સાગરોપમ સુધી હોય. કેવલદર્શની'કેવલદર્શની' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સાદિ અનન્ત.

[૪૮૪] હે ભગવન્ ! સંયત 'સંયત' એ રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય ? હે ગૌતમ!જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ પર્યન્ત હોય. હે ભગવન્ ! અસંયત 'અસંયત' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અસંયત ત્રણ પ્રકારના છે. અનાદિ અનન્ત, અનાદિ સાન્ત, અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્ત કાળ સુધી હોય. સંયતાસંયત ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય થી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન ક્રોડ પૂર્વ વર્ષ સુધી હોય. નોસંયત- નોઅસંયત નોસંયતાસંયત (સિદ્ધ) ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ સુધી હોય.

[૪૮૫] હે ભગવન્ ! આહારક 'આહારક એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! આહારક બે પ્રકારે છે. છદ્મસ્થ આહારક અને કેવલી આહારક. હે ભગવન્ ! છદ્મસ્થ આહારક 'છદ્મસથ આહારક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવ સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ અને ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી હોય છે. હે ભગવન્ ! કેવલી આહારક 'કેવલી આહારક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી હોય. હે ભગવન્ ! અનાહારક 'અનાહારક' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અનાહારક બે પ્રકારે છે. છદ્મસ્થ અનાહારક અને કેવલી અનાહારક. હે ભગવન્ ! છદ્મસ્થ અનાહારક ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બે સમય સુધી હોય. હે ભગવન્ ! કેવલી અનાહારક 'કેવલી અના હારક' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! કેવલી અનાહારક બે પ્રકારે છે. સિદ્ધ કેવલી અનાહારક અને ભવસ્થ કેવલી અનાહારક. સિદ્ધ કેવલી અનાહારક સંબંધે પૃચ્છા. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્!ભવસ્થ કેવલીઅનાહારક ક્યાંસુધીહોય ? હે ગૌતમ ! ભવસ્થ કેવલી અનાહારક બે પ્રકારે છે. સયોગી ભવસ્થ કેવલી અનાહારક અને અયોગી ભવસ્થ કેવલી અનાહારક. હે ભગવન્ ! સયોગી ભવસ્થ કેવલી અનાહારક ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય ત્રણ સમય સુધી હોય. અયોગી ભવસ્થ કેવલી અનાહારક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય અન્તર્મુહૂર્ત સુધી હોય.

[૪૮૭] ભાષક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્ત મુંહૂર્ત સુધી હોય. અભાષક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અભાષક ત્રણ પ્રકારે છે. અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્ત મુંહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી હોય છે.

[૪૮૮] પરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! પરિત્ત બે પ્રકારેછે. કાયપરિત્ત અને સંસારપરિત્ત. કાયપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ અસંખ્યાતા પૃથિવી કાલ સુધી હોય. સંસાર પરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મૂહૂર્ત ઉત્કૃષ્ટ અનન્ત કાળ, યાવત્ કંઈક ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્ત સુધી હોય. અપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અપરિત્ત બે પ્રકારે છે. કાયઅપરિત્ત અને સંસારઅ પરિત્ત. કાયઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પર્યન્ત હોય. સંસારઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સંસારઅપરિત્ત બે પ્રકારે છે. અનાદિ સાન્ત અને અનાદિ અનન્ત. નોપરિત્ત-નોઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ પર્યન્ત હોય.

[૪૮૯] પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન શતપૃથકત્વ સાગરોપમ સુધી હોય. અપર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનંતકાળ સુધી હોય.

[૪૯૦] હે ભગવન્ ! સૂક્ષ્મ 'સૂક્ષ્મ' એ રૂપે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૃથિવીકાળ પર્યન્ત હોય. બાદર સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કાળ પર્યન્ત યાવત્ ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે હોય. નોસૂક્ષ્મ-નોબાદર સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ સુધી હોય.

[૪૯૧] હે ભગવન્ ! સંજ્ઞી 'સંજ્ઞી' એ રૂપે કેટલા કાળ સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત ઉત્કર્ષથી કંઈક અધિક શતપૃથકત્વ સાગરોપમ સુધી હોય. અસંજ્ઞી સંબંધે પૃચ્છા. જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ સુધી હોય. નોસંજ્ઞી-નોઅસંજ્ઞી સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ સુધી હોય.

[૪૯૨] ભવસિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનાદિ સાન્ત હોય. અભવ સિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનન્ત કાળ પર્યન્ત હોય. નોભવસિ દ્ધિક- નોઅભવ-સિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સાદિ અનન્ત કાળ સુધી હોય.

[૪૯૩-૪૯૪] ધર્માસ્તિકાય સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સર્વ કાલ હોય. એ પ્રમાણે અદ્ધાસમય સુધી જાણવું. ચરમ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનાદિ સાન્ત હોય. અચરમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધે પૃચ્છા. અચરમ બે પ્રકારે અનાદિ અનન્ત, સાદિ અનન્ત.

**પદ-૧૮-ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૧૯-સમ્યક્ત્વ

[૪૯૫] હે ભગવન્ ! જીવો શું સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદષ્ટિ છે ? હે ગૌતમ ! ત્રણે છે. એ પ્રમાણે નૈરયિકો પણ જાણવા. અસુરકુમારો યાવત્ સ્તનિત કુમારો એમ જ જાણવા-પૃથિવીકાયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! પૃથિવીકાયિકો માત્ર મિથ્યાદષ્ટિ છે, એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી સમજવું. બેઈન્દ્રિયો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! બેઈન્દ્રિયો સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ હોય છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષિકો અને વૈમાનિકો ત્રણે દષ્ટિવાળા હોય છે. સિદ્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! સિદ્ધો માત્ર સમ્યગ્દષ્ટિ છે,

**પદ-૧૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૨૦-અન્તક્રિયા

[૪૯૬]નૈરયિકાદિ સંબંધે અન્તક્રિયા, અનન્તર અને પરં પર આવેલાની અન્તક્રિયા, એક સમયની અન્તક્રિયા, ઉદ્વૃત્ત-ચ્યવીને ક્યાં જાય ? અને ક્યાંથી નીકળી તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ માંડલિક અને રત્ન સેનાપતિ વગેરે થાય ?

[૪૯૭] હે ભગવન્ ! જીવ અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! કોઈ કરે અને કોઈ ન કરે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોમાં અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યથાર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો અસુર કુમારોમાં આવી અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોમાં જાણવું. પરંતુ મનુષ્યોમાં આવી અન્તક્રિયા કરે ? એ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! કોઈ અન્તક્રિયા કરે અને કોઈ ન કરે. એ પ્રમાણે અસુરકુમારોને યાવત્ વૈમાનિકમાં કહેવું. એમ ચોવીશ વાર દંડકો થાય છે.

[૪૭૮] હે ભગવન્ ! નૈરયિકો અનન્તર-ભવમાં આવેલા અન્ત ક્રિયા કરે કે પરંપરા અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! બંને રીતે કરે. એ પ્રમાણે રત્નપ્રભાપૃથિવીના નૈરયિકો યાવત્ પંકપ્રભાના નૈરયિકો અન્તક્રિયા કરે. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! અનન્તર-અન્તક્રિયા ન કરે, પણ પરંપરામાં આવેલા અન્તક્રિયા કરે. એ પ્રમાણે નીચેની સાતમી પૃથિવીના નૈરયિકો સુધી જાણવું. અસુરકુમારો યાવત્ સ્તનિત કુમારો, પૃથિવીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો બંને રીતે અન્તક્રિયા કરે. તેજસ્કાય, વાયુકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પછીના ભવમાં આવેલા અન્તક્રિયા ન કરે, પણ પરંપરાએ આવેલા અન્તક્રિયા કરે. બાકીના જીવો બંને રીતે અન્તક્રિયા કરે.

[૪૯૯]નૈરયિકો તુરત પછીના ભવમાંઆવેલા એક સમયમાં કેટલા અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! જઘન્ય એક બે અને ત્રણ અને ઉત્કર્ષથી દસ અન્તક્રિયા કરે. એ પ્રમાણે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો યાવત્ વાલુકાપ્રભાના નૈરયિકો પણ જાગવા. હે ભગવન્ ! પંકપ્રભાપૃથિવીના નૈરયિકો તુરત પછીના ભવમાં આવી એક સમય કેટલા અન્તક્રિયા

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે અને ત્રણ અને ઉત્કર્ષથી ચાર અન્તક્રિયા કરે. હે ભગવન્ ! અસુરકુમારો તુરત પછીના ભવમાં આવી એક સમયે કેટલા અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે અને ત્રણ અને ઉત્કર્ષથી દસ અન્તક્રિયા કરે. હે ભગવન્ ! અસુરકુમારીઓ તુરત પછીના ભવમાં આવી એક સમયે કેટલી અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કર્ષથી પાંચ અન્તક્રિયા કરે. એ પ્રમાણે જેમ દેવીસહિત અસુરકુમારો કહ્યા તેમ યાવત્ સ્તનિતકુમારો જાણવા. હે ભગવન્ ! પૃથિવીકાયિકો પછીના ભવમાં આવી એક સમયે કેટલા અન્તક્રિયા કરે ? હે ગૌતમ ! જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કર્ષથી ચાર અન્તક્રિયા કરે. એ પ્રમાણે અપ્કાયિકો પણ ચાર, વનસ્પતિકાયિકો છ, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો દસ, તિર્યંચસ્ત્રીઓ દસ, મનુષ્યો દસ, મનુષ્યસ્ત્રીઓ વીશ, અન્તક્રિયા કરે.

[૫૦૦]હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે નિરંતર યાવત્ ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ !નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન ઉત્પન્ન થાય. હે ભગવન્ ! જે નૈરયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશ કરેલા ધર્મને શ્રવણરુપે પ્રાપ્ત કરે-સાંભલે ? હે ગૌતમ ! કોઈ પ્રાપ્ત કરે અને કોઈ ન પ્રાપ્ત કરે-હે ભગવન્ ! જે કેવળજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને શ્રવણ રુપે પ્રાપ્ત કરે તે કેવલીએ કહેલા બોધિ-ધર્મને જાણે ? હે ગૌતમ ! કોઈ જાણે અને કોઈ ન જાણે. હે ભગવન્ ! હે ભગવન્ ! જે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે તે તેની શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે, રુચિ કરે ? હે ગૌતમ ! તે શ્રદ્ધા કરે પ્રતીતિ અને રુચિ કરે. હે ભગવન્ ! જે શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે, પ્રતીતિ કરે, અને રુચિ કરે તે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! ઉત્પન્ન કરે. હે ભગવન્ ! જે આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ અંગીકાર કરવાને સમર્થ થાય ? હે ગૌતમ ! કોઈ સમર્થ થાય અને કોઈ સમર્થ ન થાય. હે ભગવન્ ! જે શીલ યાવત્ પોષધોપવાસ અંગીકાર કરવાને સમર્થ થાયતે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન કરે અને કોઈ ન ઉત્પન્ન કરે. હે ભગવન્ ! જે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે તે મુંડ થઈ અગારથી ગૃહસ્થાવાસથી અનગારપણું- અંગીકાર કરવાને સમર્થ થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં મનુષ્યોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન ઉત્પન્ન થાય. હે ભગવન્ ! જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને શ્રવણ રુપે પ્રાપ્ત કરે ? હે ગૌતમ ! જેમ પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે કહ્યું તેમ કહેવું યાવત્ 'જે અવધિજ્ઞાનને ઉત્પન્ન કરે' તે મુંડ-ત્યાગી થઈને અગારવાસથી અનગારીપણું-સ્વીકારવાને સમર્થ થાય ? હે ગૌતમ ! કોઈ સમર્થ થાય અને કોઈ ન થાય. હે ભગવન્ જે મુંડ થઈને અગારવાસથી અનગારીપણું સ્વીકારવાને સમર્થ થાય તે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન કરે અને કોઈ ન ઉત્પન્ન

કરે. હે ભગવન્ ! જે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરે તે કેવલજ્ઞાન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન કરે અને કોઈ ન ઉત્પન્ન કરે. હે ભગવન્ ! જે કેવલજ્ઞાન ઉત્પન્ન કરે તે સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય અને સર્વ દુઃખનો અન્ત કરે ? હે ગૌતમ ! સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખનો અન્ત કરે. હે ભગવન્ ! નૈરયિક-નૈરયિકમાંથી નીકળી પછીના ભવમાં વ્યંતરાદિ દેવમાં ઉત્પન્ન થાય ? ન થાય.

[૫૦૧] હે ભગવન્ ! અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે યાવદ્ સ્તનિતકુમારોમાં કહેવું. હે ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? હા ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ઉત્પન્ન ન થાય. હે ભગવન્ ! જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાય અને વનસ્પતિકાયિક સંબંધે જાણવું. હે ભગવન્ ! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં તેજસ્કાય, વાયુકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાંઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. બાકીના પંચેન્દ્રિય તિર્યંચાદિ પાંચ દંડકમાં જેમ નૈરયિક કહ્યો તેમ અસુરકુમાર કહેવો. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો કહેવા.

[૫૦૨]હે ભગવન્ ! પૃથિવીકાયિક પૃથિકાયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુરકુમારોમાં યાવત્ સ્તનિતકુમારોમાં પણ જાણવું. હે ભગવન્ ! પૃથિકાયિક પૃથિકાયિકોથી નીકળી પછીના ભાવમાં પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાયિકથી માંડી ચઉરિન્દ્રિય સુધીમાં કહેવું. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ કહેવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકમાં પ્રતિષેધ કરવો. એ પ્રમાણે જેમ પૃથિવીકાયિક કહ્યો તેમ અપ્કાયિક પણ કહેવો. યાવત્ વનસ્પતિ કાયિક પણ કહેવો. હે ભગવન્ ! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુર કુમારોમાં યાવત્ સ્તનિતકુમારોમાં જાણવું. પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિદ્રિયોમાં કોઈ ઉત્પન્ન થાય. હે ભગવન્ જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીય ઉપદેશેલા ધર્મને શ્રવણ વડે પ્રાપ્ત કરે-હે ગૌતમ એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ઉત્પન્ન ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને શ્રવણ વડે પ્રાપ્ત કરે-હે ગૌતમ ! કોઈ શ્રવણ કરે અને કોઈ શ્રવણ ન કરે. હે ભગવન્ ! તે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે ? હે ગૌતમ એ અર્થ સમર્થ નથી.મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનકિમાં ઉત્પત્તિ સંબંધે પૃચ્છા હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. જેમ તેજસ્કાયિક કહ્યો તેમ વાયુકાયિક પણ નિરંતર કહેવો.

[૫૦૩]હે ભગવન્ ! બેઈન્દ્રિય બેઈન્દ્રિયોથી નીકળી અનન્તર-ભવમાં નૈરયિકો-

માં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જેમ પૃથિવીકાયિકો સંબંધે કહ્યું છે તેમ કહેવું. પરન્તુ મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને યાવત્ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરે. એ પ્રમાણે તેઈન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો પણ યાવત્ મનઃપર્યવ જ્ઞાનને ઉત્પન્ન કરે. તે કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

[૫૦૪]હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક પંચેન્દ્રિય તિર્યંચોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ઉત્પન્ન ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ પ્રરુપેલા ધર્મનું શ્રવણ કરે ? હે ગૌતમ ! કોઈ શ્રવણ કરે અને કોઈ શ્રવણ ન કરે. જે કેવલી પ્રરુપિત ધર્મનું શ્રવણ કરે તે કેવલીએ પ્રરુપેલા ધર્મને જાણે ? હે ગૌતમ ! કોઈ જાણે અને કોઈ ન જાણે. હે ભગવન્ ! જે કેવલજ્ઞાની પ્રરુપિત ધર્મને જાણે તે તેની શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે અને રુચિ કરે ? હા ગૌતમ ! યાવત્ રુચિ કરે. હે ભગવન્ ! જે શ્રદ્ધા કરે પ્રતીતિ કરે અને રુચિ કરે તે આભિ નિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન ઉત્પન્ન કરે ? હા ગૌતમ ! યાવત્ ઉત્પન્ન કરે. હે ભગવન્ ! જે આભિનિ બોધિક જ્ઞાન શ્રુતજ્ઞાન અને અબધિજ્ઞાન ઉત્પન્ન કરે તે શીલ-બ્રહ્મચર્ય વ્રત યાવત્ સ્વી-કારવાને સમર્થ થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુરકુમારમાં યાવત્ સ્તનિકુમારમાં કહેવું. એકન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાં પૃથિવીકાયિક કહ્યો તેમ કહેવો. પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં નૈરયિકની પેઠે જાણવું. વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકોમાં જેમ નૈરયિકોમાં પ્રશ્ન કર્યો તેમ કહેવું. એ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયની પેઠે મનુષ્ય સંબંધે પણ કહેવું. વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિક અસુરકુમારની પેઠે કહેવા.

[૫૦૫] હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીનો નૈરયિક રત્નપ્રભા પૃથિવીના નૈરયિ-કોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે ? હે ગૌતમ ! કોઈ પામે અને કોઈ ન પામે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકે તીર્થંકર નામ ગોત્ર કર્મ બાંધ્યું છે, નિધત્ત કર્યુ છે, નિકાચિત કર્યું છે, પ્રસ્થાપિત કર્યું છે, નિવિષ્ટ, અભિનિવિષ્ટ, અભિસમન્વાગત -ઉદયાભિમુખ અને ઉદયમાં આણેલું છે, પણ ઉપશાન્ત કર્યું નથી તે રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભાપૃથિવીના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે છે. જે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકે તીર્થંકર નામગોત્ર કર્મ બાંધ્યું નથી, યાવત્ ઉદયમાં આણેલું નથી, ઉપશાન્ત થયેલું છે, તે રત્ન પ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભા પૃથિવીના નૈરયિ કોથી નીકળી પછીના ભવમાં તીર્થ-કરપણું પામતો નથી.એ પ્રમાણે શર્કરાપ્રભાથીયાવત્વાલુકાપ્રભાના નૈરયિકોથી નીકળી તીર્થંકરપણું પામે. પંકપ્રભા પૃથિવીથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. ધૂમપ્રભા પૃથિવી સંબંધે પૃચ્છા. એટલે ત્યાંથી નીકળી તીર્થંકરપણું પામે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પરંતુ તે સર્વવિરતિ પ્રાપ્ત કરે. તમઃપ્રભા પૃથિવી સંબંધે પૃચ્છા. હે ગૌતમ એ અર્થ સમર્થ નથી, પરન્તુ ત્યાંથી નીકળી દેશવિરતિ પ્રાપ્ત કરે. અધઃ સપ્તમ પૃથિવી -સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પરન્તુ ત્યાંથી નીકળેલો સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. અસુરકુમાર સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ અંતક્રિયા કરે. એ પ્રમાણે નિરન્તર યાવત્ અપ્કાયિક સુધી જાણવું. હે ભગવન્ ! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકર પણું પામે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ કેવલ જ્ઞાનીએ કહેલા ધર્મનું શ્રવણ કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે વાયુકાયિક સંબંધે જાણવું. વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિન્દ્રિય સંબંધે પૃચ્છા. હે ગૌતમ!એ અર્થ સમર્થ નથી.પણ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરે. પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યન્તર અને જ્યોતિષિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ !એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. હે ભગવન્ ! સૌધર્મ દેવ ચ્યવી પછીના ભવમાં તીર્થકરપણું પામે ? હે ગૌતમ ! કોઈ પામે અને કોઈ ન પામે. એ પ્રમાણે જેમ રત્નપ્રભા નૈરયિક સંબંધે કહ્યું તેમ સર્વાર્થસિદ્ધ દેવ સુધી કહેવું.

[૫૦૬] હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભાના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં ચક્રવર્તિપણું પામે ? હે ગૌતમ ! કોઈ પામે અને કોઈ ન પામે. હે ભગવન્ ! એમશા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોના તીર્થકરપણા સંબંધે કહ્યું છે તેમ ચક્રવર્તિપણા સંબન્ધે કહેવું. હે ભગવન્ ! શર્કરાપ્રભાનો નૈરયિક નીકળી પછીના ભવમાં ચક્રવર્તિપણું પામે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે નીચે સાતમી પૃથિવીના નૈરયિક સુધી કહેવું. તિર્યંચ અને મનુષ્ય સંબંધે પૃચ્છા. એટલે ત્યાંથી નીકળી ચક્રવર્તિપણું પામે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક નીકળી ચક્રવર્તિપણું પામે ? હે ગૌતમ ! કોઈ પામે અને કોઈ ન પામે. એ પ્રમાણે બલદેવપણું પણ જાણવું. પરન્તુ એટલી વિશેષતા છે કે શર્કરાપ્રભાનો નૈરયિક પણ બલદેવપણું પામે. એ પ્રમાણે વાસુદેવપણું બે પૃથિવીથી અને અનુત્તરૌપપાતકિ સિવાયના વૈમાનિકોથી નીકળી પ્રાપ્ત કરે, બાકીના સ્થાનોથી આવી ન પ્રાપ્ત કરે. માંડલિકપણું નીચેની સાતમી નરકપૃથિવી, તેજસ્કાય અને વાયુકાય સિવાયના બાકીના સ્થાનોથી આવી પ્રાપ્ત કરે. ચક્રવર્તીના સેનાપતિરત્ન, ગાથાપતિ રત્ન, વાર્ધકિરત્ન, પુરોહિતરત્ન અને સ્રીરત્ન સંબંધે એમજ સમજવું. પરન્તુ તે અનુત્ત રૌપપાતિક સિવાયના બાકીના સ્થોનાથી આવીને થાય. અશ્વરત્નપણું અને હસ્તીરત્ન પણું રત્નપ્રભાથી આરંભી નિરંતર સહસ્રાર સુધીના સ્થોનાથી આવી કોઈ પ્રાપ્ત કરે અને કોઈ ન પ્રાપ્ત કરે. ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, અને કાકણીરત્ન એઓનો આવી કોઈ પ્રાપ્ત કરે અને કોઈ ન પ્રાપ્ત કરે. ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, અને કાકણીરત્ન એઓનો અસુરકુમારથી આરંભી નિરન્તર ઈશાન સુધીના સ્થાનોથી આવીને ઉપપાત સમજવો. બાકીના સ્થાનોથી 'એ અર્થ સમર્થ નથી' એમ પ્રતિષેધ કરવો.

[૫૦૭] હે ભગવન્ ! દેવલોકમાં ઉત્પન્ન થતા અસંયત ભવ્ય-દેવલોકમાં ઉત્પન્ન થવાને યોગ્ય દ્રવ્યદેવો, અવિરાધિત સંયમવાળા જેમણે સંયમની વિરાધના કરી નથી એવા, વિરાધિત સંયમવાળા- અવિરાધિત દેશવિરતિવાળા, વિરાધિત દેશવિરતિ વાળા જેણે અસંજ્ઞી, તાપસો, કાંદર્પિકો, ચરક-પરિવ્રાજકો, કિલ્બિષિકો, તિર્યંચો, આજિ વકો, આભિયોગિકો અને દર્શનભ્રષ્ટ થયેલા-સ્વલિંગીઓમાં કોનો કયાં ઉપપાત કહ્યો છે ? હે ગૌતમ ! અસંયત ભવ્ય દ્રવ્યદેવોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટ ઉપર ના ગ્રૈવેયકોમાં અવિરાધિત સંયમવાળાનો જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં, વિરાધિત સંયમવાળાનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી સૌધર્મ કલ્પમાં, અવિરાધિત દેશવિરતિવાળાનો જઘન્યથી સોધર્મ કલ્પમાં અને

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કર્ષથી અચ્યુત કલ્પ માં, વિરાધિત દેશવિરતિવાળાનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી જ્યોતિ ષિકોમાં, અસંજ્ઞીઓનો જઘન્યથી વ્યન્તરોમાં અને ઉત્કર્ષથી ભવન વાસીમાં, તાપ સોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી જ્યોતિષિકોમાં, કાંદર્પિ કોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી સૌધર્મ કલ્પમાં, ચરક- પરિબ્રાજ- કોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી બ્રહ્મદેવલોકમાં, કિલ્બિષિકોનો જઘન્ય થી સૌધર્મ કલ્પમાં અને ઉત્કર્ષથી લાંતક કલ્પમાં, તિર્યંચોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી સહસ્રાર કલ્પમાં, આજીવકોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કર્ષથી અચ્યુત કલ્પ માં અને એ પ્રમાણે આભિયોગિકોનોપણ જાણવો. દર્શનથી ભ્રષ્ટ થયેલા સમ્યગ્દર્શન રહિત સ્વલિંગીઓનો જઘન્યથી ભવનવાસીઓમાં અને ઉત્કર્ષથી ઉપર ના ગ્રૈવેયકોમાં ઉપપાત કહ્યો છે.

[૫૦૮] હે ભગવન્ ! કેટલા પ્રકારનું અસંજ્ઞી આયુષ કહ્યું છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનું અસંજ્ઞીઆયુષ કહ્યું છે. તે આ પ્રમાણે– નૈરયિક અસંજ્ઞીઆયુષ, યાવત્ દેવ અસંજ્ઞીઆયુષ. હે ભગવન્ ! અસંજ્ઞી જીવ શું નૈરયિકનું આયુષ બાંધે યાવત્ દેવનું આયુષ બાંધે ? હે ગૌતમ ! નૈરયિકનું પણ આયુષ બાંધે, યાવત્ દેવનું આયુષ પણ બાંધે. નૈરયિકનું આયુષ બાંધતો જઘન્યથી દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસં-ખ્યાતમા ભાગનું આયુષ બાંધે. તિર્યંચનું આયુષ બાંધતો જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ બાંધે. એ પ્રમાણે મનુષ્યાયુષ સંબંધે પણ જાણવું.દેવાયુષ નૈરયિકના આયુષની પેઠે જાણવું. હે ભગવન્ ! એ નૈરયિક અસંજ્ઞી આયુષ, યાવત્ દેવઅસંજ્ઞી આયુષમાં કોણ કોનાથી અલ્પ,બહુ,તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડું દેવઅસંજ્ઞી આયુષ છે, તેથી મનુષ્યઅસંજ્ઞી આયુષ અસંખ્યા તગુણ છે, તેથી તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણ છે, અને તેથી નૈરયિક અસંજ્ઞી આયુષ અસંખ્યાતગુણ છે.

**પદ-૨૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨૧ - શરીર

[૫૦૯] વિધિ-સંસ્થાન-શરીરનું પ્રમાણ, પુદ્ગલોનો ચય, ૫ શરીરોનો પરસ્પર સંબન્ધ, શરીરોનું દ્રવ્ય, પ્રદેશો અને દ્રવ્ય-પ્રદેશોવડે અલ્પબહુત્વ અને, શરીરની અવગાહનાનું અલ્પબહુત્વ.

[૫૧૦] હે ભગવન્ ! કેટલાં શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ શરીરો કહ્યાં છે. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, અને ૫ કાર્મણ. હેભગવન્ ! ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. એકેન્દ્રિય ઔદારિક શરીર, યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. પૃથિવીકાયએકેન્દ્રિયઔદારિકશરીર, યાવત્ વનસ્પતિ-કાયએકેન્દ્રિયઔદારિક શરીર. પૃથિવીકાયએકેન્દ્રિયઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. સૂક્ષ્મપૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર અને બાદર પૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર. સૂક્ષ્મપૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાય ઔદારિક શરીર અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાય ઔદારિકશરીર. બાદર પૃથિવીકાય શરીર પણ એમજ જાણવું. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર સમજવું. હે ભગવન્ ! બેઈન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. પર્યાપ્ત બેઈન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત બેઈન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિક શરીર જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનું છે. જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિકશરીર, સ્થલચર તિર્યંચપંચેન્દ્રિય ઔદારિકશરીર, સ્થલચર તિર્યંચપંચેન્દ્રિય ઔદારિકશરીર અને ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે. સંમૂર્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

હે ભગવન્ ! સંમૂર્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પર્યાપ્ત સંમૂર્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે ગર્ભજ જલચર સંબંધે જાણવું. હે ભગવન્ ! સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્ ! ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. સંમૂર્છિમ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્ ! સંમૂર્છિમ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. પર્યાપ્ત સંમૂર્છિમ ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.એમ ગર્ભજ સંબંધે પણ જાણવું.હેભગવન્ ! પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું છે. ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિ ઔદારિક શરીર. હે ભગવન્ ! ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકાર છે. સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થલ ચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર બે પ્રકારનું છે. અપર્યાપ્તા સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચે પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પર્યાપ્ત સંમૂર્છિમ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે ગર્ભજ ઉરપરિસર્પના પણ ચાર ભેદ જાણવા. એમ ભુજપરિસર્પના પણ સંમૂર્છિમ, ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદો સમજવા. ખેચર બે પ્રકારના છે-જેમકે સંમૂર્છિમ અને ગર્ભજ. સંમૂર્છિમ બે પ્રકારના કહ્યા છે, જેમકે પર્યાપ્તા અને અપર્યાપ્તા. ગર્ભજ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે પ્રકારના છે. હે ભગવન્ !


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્ ! ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

હે ભગવન્ ! ઔદારિક શરીર કેવા સંસ્થાન આકારવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારનાં સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! પૃથિવીકાયિક એકન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! મસૂરના ચંદ્રકાર અર્ધ ભાગના સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથિવીકાયિક અને બાદર પૃથિવીકાયિકનું સંસ્થાન જાણવું. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તાનું પણ સમજવું. હે ભગવન્ ! અપ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! સ્તિબુકબિન્દુ-જેવા સંસ્થાનવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા સંબંધે જાણવું. હે ભગવન્ ! તેજસ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! સોયના સમૂહના જેવા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા સંબંધે જાણવું. વાયુકાયિકોનું શરીર પતાકાના જેવા સંસ્થાનવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. વનસ્પતિકાયકોના શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળાં છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. હે ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે.એમ સૂક્ષ્મ,બાદર,પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું.હે ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! તે હુંડ સંસ્થાન વાળું છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર પણ સમજવું. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના શરીરો પણ જાણવાં. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિત શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! છ પ્રકારના સંસ્થાનવાળું છે. સમચતુરસ્રસંસ્થાનવાળું યાવત્ હુંડ સંસ્થાનવાળું. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું.હે ભગવન્ ! સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! તે હુંડક સંસ્થાનવાળું છે. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર પણ જાણવું. હે ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! તે છ પ્રકારના. સમચતુરસ્ર, યાવત્-હુંડસંસ્થાનવાળું. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તા શરીર સંબંધે જાણવું. એ પ્રમાણે ઔધિક-સામાન્ય તિર્યંચોના નવ આલાપકો થાય છે. હે ભગવન્ ! જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! છ પ્રકારના સંસ્થાનવાળું. સમચતુરસ્ર સંસ્થાનવાળું યાવત્ હુંડસંસ્થાનવાળું. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું ૩. સંમૂર્છિમ જલચરો હુંડસંસ્થાનવાળા છે. એઓના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમજ સમજવા. ગર્ભજ જલચરો છ પ્રકારના સંસ્થાન-વાળા છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવું. એમ સ્થલચરોના પણ નવ સૂત્રો જાણવા. ચતુષ્પદ સ્થલચરોના, ઉરપરિસર્પ સ્થચરોના અને ભુજપરિસર્પ સ્થલ ચરોના પણ નવ સૂત્રો જાણવા. એ રીતે ખેચરોના પણ નવ સૂત્રો જાણવાં. પરન્તુ બધે સંમૂર્છિમ હુંડસંસ્થાનવાળા કહેવા. અને બીજા ગર્ભજ છ એ સંસ્થાનોમાં હોય છે. એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓને છ સંસ્થાનો હોય છે. મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા પ્રકારના સંસ્થાન વાળું હોય છે ? હે ગૌતમ ! છ પ્રકારના સંસ્થાનવાળું હોય છે. તે આ પ્રમાણે- સમચતુરસ્ર સંસ્થાનવાળું. યાવત્ હુંડસંસ્થાન વાળું. પર્યાપ્તા અને અપર્યાપ્તા શરીર પણ એમજ જાણવાં. ગર્ભજના તથા ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તાના એમજ સમજવાં. સંમૂર્છિમ મનુષ્યો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ હુંડસંસ્થાનવાળા હોય છે.

[૫૧૨] હે ભગવન્!ઔદારિકની શરીરની કેટલી મોટીશરીરાવગાહનાકહીછે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક હજાર યોજન પ્રમાણે કહી છે. એકેન્દ્રિય ઔદારિક શરીરની અગાહના પણ જેમ ઔધિક-સામાન્ય ઔદારિક શરીરની અવગાહના કહી છે તેમ જાણવી. હે ભગવન્ ! પૃથિવી કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તાની પણ જાણવી. એ પ્રમાણે સૂક્ષ્મ, પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા બાદર પર્યાપ્તા અને અપ ર્યાપ્તાની પણ અવગાહના જાણવી. એ પ્રમાણે એ નવ ભેદ પૃથિવીકાયિકાયિકોના કહ્યા તેમ અપ્કાયિકો, તેજસ્કાયિકો અને વાયુકાયિકોના પણ કહેવા. હે ભગવન્ ! વનસ્પતિ કાયિક ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ હોય છે. અપર્યાપ્તા જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ, પર્યાપ્તાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ, બાદરની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક હજાર યોજન હોય છે. પર્યાપ્તાની પણ એમજ જાણવી. અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાત મો ભાગ સમજવી. સૂક્ષ્મ, પર્યાપ્તા અને અપર્યાપ્તા ત્રણેની શરીરાવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવી. હે ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીર ની કેટલી મોટી શરીરાવગાહના હોય છે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણે હોય છે. એમ બધા સ્થળે અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. પર્યાપ્તાની અવગાહના જેમ સામાન્ય બેઇન્દ્રિય ઔદારિક શરીરની કહી છે તેમ જાણવી. એ પ્રમાણે તેઇન્દ્રિયની ત્રણ ગાઉ અને ચઉરિન્દ્રિયની ચાર ગાઉ શરીરાવગાહના હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃ-ષ્ટ હજાર યોજન પ્રમાણ હોય છે. એમ સંમૂર્છિમની અને ગર્ભજની પણ જાણવી. એમ નવ ભેદ કહેવા. એ પ્રમાણે જલચરની પણ અવગાહના હજાર યોજન પ્રમાણ જાણ વી અને તેના નવ ભેદ કહેવા. સ્થલચરના પણ નવ ભેદ કહેવા. તેની ઉત્કૃષ્ટ અવ ગાહના છ ગાઉ પ્રમાણ છે. પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ એ પ્રમાણે છ ગાઉની હોય છે. એમ સંમૂર્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉપૃથક્તત્વ જાણવી. ગર્ભજ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ છ ગાઉ, ઔધિક-સામાન્ય ચતુષ્પદ, પર્યાપ્તા અને ગર્ભજ પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ છ ગાઉ, સંમૂર્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉપૃથક્તત્વ, એ પ્રમાણે ઉરપરિસર્પની પણ ઔધિક, ગર્ભજ અને પર્યાપ્તાની હજાર યોજન જાણવી. સંમૂર્છિમની યોજન પૃથક્ત્વ, ભુજપરિસર્પ ઔધિક અને ગર્ભજની પણ ઉત્કૃષ્ટ ગાઉપૃથક્તત્વ, સંમૂર્છિમની ધનુષ પૃથક્ત્વ, ખેચર ઔધિક, ગર્ભજ અને સંમૂર્છિમ ત્રણેની ઉત્કૃષ્ટ ધનુષપૃથક્ત્વ જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૧૩-૫૧૪] હજાર યોજન, છ ગાઉ અને હજાર યોજન (ગર્ભજ જલચર, ચતુષ્પદ અને ઉરપરિસર્પની) જાણવી. ભુજપરિસર્પની ગાઉપૃથકત્વ અને પક્ષીઓની ધનુષ્યપૃથકત્વ અવગાહના હોય છે. અને સંમૂર્છિમ (જલચરો, ચતુષ્પદ સ્થલચરો અને ઉરપરિસર્પો) ઉંચાઈમાં હજાર યોજન, ગાઉપૃથકત્વ અને યોજન પૃથકત્વ હોય છે. સંમૂર્છિમ (ભુજપરિસર્પ અને પક્ષીઓ) બન્નેનું ધનુષપૃથકત્વ પ્રમાણ છે.

[૫૧૫] હે ભગવન્ ! મનુષ્ય ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ હોય છે. એ પ્રમાણે અપર્યાપ્તાઓની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. સંમૂર્છિમોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ગર્ભજ અને પર્યાપ્તાઓની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની હોય છે.

[૫૧૬] હે ભગવન્ ! વૈક્રિય શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. એકેન્દ્રિય વૈક્રિય શરીર અને પંચેન્દ્રિયવૈક્રિય શરીર. જો એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અવાયુકાયિક-એકેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે, પણ અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી. જો વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી, પણ બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે. જો બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અપર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! પર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે, પણ અપર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી. જો પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવદ્ દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! તેમજ છે. જો નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવીનૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! તેમજ છે. જો રત્નપ્રભા પૃથિવીના નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા રત્નપ્રભા નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અપર્યાપ્તા રત્નપ્રભા નૈરયિક પંચેન્દ્રિય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે ? હે ગૌતમ ! તેમજ છે. એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવી સુધી બન્ને પ્રકારનો ભેદ કહેવો. જો તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય કે ગર્ભજ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય. જો ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય, પણ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય.

જો ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય તો શું સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અસંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય પણ અસંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંખ્યાતા વરસના આયુષ વાળા જલચર ગર્ભજ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, સંખ્યાતા વરસના આયુષ વાળા સ્થલચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે સંખ્યાતા વરસના આયુષ વાળા ખેચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસના આયુષવાળા જલચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય, સંખ્યાતા વરસના આયુષવાળા સ્થલચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર પણ હોય, અને સંખ્યાતા વરસના આયુષવાળા ખેચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર પણ હોય. જો જલચર સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત જલચર સંખ્યાતા સંખ્યાતા વરસના આયુષવાળા ગર્ભજ પંચે- ન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! પર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ વાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય,પરન્તુ અપર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ વાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર ન હોય. જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો યાવત્ વૈક્રિય શરીર છે તો શું ચતુષ્દ યાવત્ શરીર હોય કે પરિસર્પ યાવત્ વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! ચતુષ્પદ યાવત્ વૈક્રિય શરીર હોય અને પરિસર્પ યાવત્ વૈક્રિય શરીર પણ હોય. એ પ્રમાણે બધાને જાણવું. ખેચર પર્યાપ્તાને હોય, અપર્યાપ્તાને ન હોય.

જો મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય, પણ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, અકર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અન્તર્દ્વીપના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! કર્મભૂમિના મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય,પણ અકર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય અને અન્ત- ર્દ્વીપના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય વૈક્રિય શરીર હોય કે અસંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! સંખ્યાતા વરસના આયુષવાળા કર્મ ભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અસંખ્યાતા વરસના આયુષ વાળા કર્મ ભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષ વાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, યાવત્ વૈમાનિકો દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય, યાવત્ વૈમાનિકો દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય. જો ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે યાવત્ સ્તનિકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! અસુરકુમાર, યાવત્ સ્તનિકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય. જો અસુરકુમાર દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા અસુરકુમાર દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર હોય?હે ગૌતમ ! પર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય અને અપર્યાપ્તા અસુર કુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિકુમાર સુધી બે ભેદ જાણવા. એમ આઠ પ્રકારના વ્યન્તરો અને પાંચ પ્રકારના જ્યોતિષિ કોને જાણવું વૈમાનિકોબે પ્રકારના છે કલ્પોપપન્ન અને કલ્પાતીત, તેમાં કલ્પોપપન્ન બાર પ્રકાર ના છે, અને તેઓના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારના જાણવા. કલ્પાતીત બે પ્રકારના છે-ગ્રૈવેયકો અને અનુત્તરૌપપાતિક. ગ્રૈવેયકો નવ પ્રકારના છે. અનુત્તરૌપપા તિક પાંચ પ્રકારના છે, એઓના પર્યાપ્તા અને અપર્યાપ્તા અભિલાપથી બે ભેદ જાણવા.

[૫૧૭] હે ભગવન્ ! વૈક્રિય શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! પતાકાના આકાર જેવા સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર બે પ્રકારનું છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. બંને હુંડ સંસ્થાનવાળા છે. રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. હુંડસંસ્થાનવાળા છે. એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવીના નૈરયિકનું વૈક્રિય શરીર જાણવું. હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. એ પ્રમાણે યાવત્ જલચરો, સ્થલચરો અને ખેચરોનું પણ જાણવું. સ્થલચરોમાં ચતુષ્પદ અને પરિસર્પોનું, પરિસર્પોમાં ઉરપરિસર્પો અને ભુજપરિસર્પોનું પણ એમજ જાણવું. એમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર સંબન્ધે પણ જાણવું.

હે ભગવન્ ! અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા આકાર વાળું છે ? હે ગૌતમ ! અસુરકુમાર દેવોનું શરીર બે પ્રકારનું છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીર છે તે સમચતુરસ્ર સંસ્થાનવાળું કહ્યું છે. અને જે ઉત્તર વૈક્રિય શરીર છે તે અનેક પ્રકારના આકારવાળું છે. એ પ્રમાણે યાવત્ સ્તનિત કુમાર દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર જાણવું. એમ વ્યન્તર સંબન્ધે પણ સમજવું. પરન્તુ સામાન્ય વ્યન્તર સંબન્ધે પ્રશ્ન કરવો. એમ સામાન્ય જ્યોતિષિક સંબન્ધે પણ જાણવું. એ પ્રમાણે સૌધર્મ, યાવત્ અચ્યુત દેવ વૈક્રિય શરીર સંબન્ધે જાણવું.હે ભગવન્ ! ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! ગ્રૈવેયક દેવોને એક ભવધારણીય શરીર છે, અને તે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. એ પ્રમાણે અનુત્તરૌપપાતિકને પણ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૧૮] હે ભગવન્ ! વૈક્રિય શરીરની કેટલા મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક લાખ યોજન પ્રમાણ કહી છે. હે ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કર્ષથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. હે ભગવન્ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! તેઓની બે પ્રકારની શરીરાવગાહના છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવ ધારણીય શરીરાવગાહના છે તે જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને ઉત્કર્ષથી પાંચસો ધનુષ પ્રમાણ છે. અને જે ઉત્તર વૈક્રિય શરીરવગાહના છે તે જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ હજાર ધનુષ છે. હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોની કેટલા મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત ધનુષ ત્રણ હાથ અને છ અંગુલ છે. અને જે ઉત્તર વૈક્રિય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો સંખ્યતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ છે. શર્કરાપ્રભા સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! યાવત્-તેમાં જે ભવધારળીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ પ્રમાળ છે અને જે ઉત્તર વૈક્રિય અવગાહના છે તે જગન્યથી સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એકત્રીસ ધનુષ અને એક હાથ છે. વાલુકાપ્રભાની ભવધારણીય અવગાહના એકત્રીસ ધનુષ અને એક હાથ અને ઉત્તરવક્રિય અવગાહના બાસઠ ધનુષ અને બે હાથ છે. પંકપ્રભાની ભવધારણીય અવગાહના બાસઠ ધનુષ અને બે હાથ અને ઉત્તર વૈક્રિય અવગાહના એકસો પચીશ ધનુષ પ્રમાણ છે. ધૂમપ્રભાની ભવધારણીય અવગાહના એકસો પચીશ ધનુષ અને ઉત્તર વૈક્રિય અવગાહના અઢીસો ધનુષ પ્રમાણ છે. તમઃપ્રભાપૃથિવીની ભવધારણીય અવગાગના અઢીસો ધનુષ અને ઉત્તર વૈક્રિય અવગાહના પાંચસો ધનુષ પ્રમાણ છે. નીચેની સાતમી નરકપૃથિવીની ભવધારણીય અવગાહના પાંચસો ધનુષ વૈક્રિય અવગાહના હજાર ધનુષ પ્રમાણ છે એમ ઉત્કર્ષથી જાણવી. જઘન્યથી ભવધારણીય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્તરવૈક્રિય અંગુલનો સંખ્યાતમો ભાગ સમજવો.

હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે. હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ યોજન શતપૃથક્ત્વબસોથી નવસો યોજન હોય છે. હે ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલની સંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક એક લાખ યોજન પ્રમાણ કહી છે. અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિયના વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! અસુરકુમાર દેવોને બે પ્રકારની શરીરાવગાહના કહી છે. તે આ પ્રમાણે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યા તમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથ પ્રમાણ હોય છે. અને જે ઉત્તર-વૈક્રિય છે તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ યોજન પ્રમાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે યાવત્ સ્તનિત કુમાર સુધી જાણવું. એમ સામાન્ય વ્યન્તર, જ્યોતિષિકો અને સૌધર્મ-ઈશાન દેવોને જાણવું. એમ યાવત્ અચ્યુત દેવલોક સુધી ઉત્તર વૈક્રિય સમજવું. પરન્તુ સનત્કુ મારને ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છ હાથ પ્રમાણ હોય છે. એમ માહેન્દ્ર દેવલોકને વિષે પણ સમજવું. બ્રહ્મલોક અને લાન્તકને વિશે પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારને વિશે ચાર હાથ, આનત, પ્રાણત, આરણ અને અચ્યુતમાં ત્રણ હાથ પ્રમાણ જાણવી. ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી અવગાહના કહી છે ? હે ગૌતમ ! ગ્રૈવેયક દેવોને એક ભવધારણીય શરીરાવગાહના કહી છે, અને તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ બે હાથ પ્રમાણ હોય છે. એ પ્રમાણે અનુત્તરૌપપાતિક દેવોને પણ જાણવું. પરન્તુ તેઓનું વૈક્રિય શરીર એક હાથ પ્રમાણ છે.

[૫૧૯] હે ભગવન્ ! આહારક શરીર કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! એક આકારવાળું કહ્યું છે. જો એક આકારવાળું છે તો શું મનુષ્ય આહારક શરીર છે કે અમનુષ્ય આહારક શરીર છે ? હે ગૌતમ ! મનુષ્ય આહારક શરીર છે પણ અમનુષ્ય આહારક શરીર નથી. જો મનુષ્ય આહારક શરીર છે તો શું સંમૂર્છિમ મનુષ્યહારક શરીર હોય કે ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે. જો ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, અકર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે અન્ત દ્વીપના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! ફક્ત કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય સંબન્ધી આહારક શરીર છે તો શું સંખ્યાત વરસના આયુષ વાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે અસંખ્યાત વરસના આયુષ વાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! માત્ર સંખ્યાત વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, જો સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય તો શું પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે અપર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! માત્ર પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય,

જો પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ કે સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસ ના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહા રક શરીર હોય, પણ મિથ્યાદષ્ટિ પર્યાપ્તા અને સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસ ના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય. જો સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ-વાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે સંયતાસંયત સમ્યગ્દષ્ટિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષવાળાકર્મભૂમિના ગર્ભજ મનુષ્યઆહારશરીરહોય ? હે ગૌતમ ! ફક્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક ગર્ભજ કર્મભૂમિ મનુષ્ય આહારક શરીર હોય. જો પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે ઋદ્ધિને અપ્રાપ્ત પ્રમત્ત સંયમ સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ નેજ ગર્ભજ આહારક શરીર હોય, હે ભગવન્ ! આહારક શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! એક સમચુતુરસ્ર સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! આહારક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે ? હે ગૌતમ ! જઘન્યથી કાંઈક ન્યૂન એક હાથ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ એક હાથ હોય છે. સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ મનુષ્ય આહારકશરીર ન હોય, તેમ સંયતા સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર ન હોય. જો સંયત સમ્યગદષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું પ્રમત્તસંયત પર્યાપ્ત સમ્યગ્દષ્ટિ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મ ભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય ? હે ગૌતમ ! પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા યુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને જ આહારક શરીર હોય.

[૫૨૦] હે ભગવન્ ! તૈજસ શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. એકેન્દ્રિય તૈજસ શરીર, યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર. હે ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. પૃથિવીકાયિક, યાવત્ વન સ્પતિકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર. એ પ્રમાણે જેમ ઔદા રિક શરીરનો ભેદ કહ્યો તેમ તૈજસ શરીરનો પણ ચઉરિન્દ્રિય જીવો સુધી ભેદ કહેવો. હે ભગવન્ ! પંચેન્દ્રિય તૈજસ શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! ચાર પ્રકારે છે. નૈરયિક તૈજસ શરીર, યાવત્-દેવ તૈજસ શરીર. નૈરયિકોના વૈક્રિય શરીર સંબંધે બે ભેદ કહ્યા છે તેમ તૈજસ શરીર સંબંધે કહેવા. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને જેમ ઔદારિક શરીર સંબંધે ભેદ કહ્યો છે તેમ કહેવો અને દેવોને વૈક્રિય શરીરનો ભેદ કહ્યો છેતેમ સર્વાર્થસિદ્ધ સુધી કહેવો.હેભગવન્ ! તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના. પૃથિવીકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! મસૂરના ચંદ્રકાર અર્ધભાગના સંસ્થાન જેવું છે. એ પ્રમાણે ઔદારિક સંસ્થા નોને અનુસરે યાવત્ ચઉરિન્દ્રિય જીવો સુધી કહેવું. હે ભગવન્ ! નૈરયિકોનું તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! જેમ વૈક્રિય શરીર કહ્યું તેમ કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને જેમ એઓને જે પ્રમાણે ઔદારિક શરીર કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્ ! દેવોને તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે ? હે ગૌમત ! જેમ વૈક્રિય શરીર સંબંધે કહ્યું છે તેમ યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવું.

[૫૨૧] હે ભગવન્ ! મારણાન્તિકસમુદ્ઘાત વડે યુક્ત જીવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય ? હે ગૌતમ ! વિષ્કંભ- અને બાહલ્યમાં શરીર પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માત્ર, અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ લોકાન્ત સુધી હોય. મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત એકેન્દ્રિય જીવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય ? હે ગૌતમ ! એમજ સમજવી. એ પ્રમાણે યાવત્-પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક સુધી જાણવી. હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત બેઇન્દ્રિય જીવની કેટલી મોટી શરીરાવગાહના હોય ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ તીરછા લોકથી માંડી લોકાન્ત સુધીની હોય છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત નૈરયિકના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્યથી કંઈક અધિક એક હજાર યોજન અને ઉત્કૃષ્ટ નીચે સાતમી નરકપૃથિવી સુધી, તીરછું સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત અને ઊર્ધ્વ લોકમાં પંડકવનમાં પુષ્કરિણી સુધી હોય છે. હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત પંચેન્દ્રિય તિર્યંચના તૈજસ શરીરની કેટલી મોટી અવગાહના હોય ? હે ગૌતમ ! જેમ બેઇન્દ્રિયના શરીરની કહી છે તેમ જાણવી. હે ભગવન્ ! મરણસમુદ્ઘાત વડે યુક્ત મનુષ્યના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય ? હે ગૌતમ ! સમય ક્ષેત્ર-મનુષ્ય ક્ષેત્રથી માંડી લોકાન્ત સુધીની હોય છે. હે ભગવન્ ! મરણ સમુદ્ઘાત વડે યુક્ત અસુરકુમારના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય છે ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ ત્રીજી નરકપૃથિવીના હેઠેના ચરમાન્ત સુધી, તીરછું યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રના બહારની વેદિકાના અન્ત સુધી અને ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી હોય છે. એમ યાવત્ સ્તનિતકુમારના તૈજસ શરીરની અવગાહના છે.

વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને એમજ સમજવું. હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત સનત્કુમાર દેવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય છે ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ મહાપાતાલ કલશના બીજા ત્રિભાગ-બે તૃતીયાંશ સુધી, તીરછું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉપર અચ્યુત દેવલોક સુધી હોય છે. એ પ્રમાણે યાવત્ સહસ્રાર દેવના તૈજસ શરીરની અવગાહના જાણવી. હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત આનત દેવના તૈજસ શરીરની કેટલી મોટી અવગાહના હોય છે ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ યાવત્ અધોલૌકિક ગ્રામ સુધી તથા તીરછું યાવત્ મનુષ્યક્ષેત્ર અને ઊર્ધ્વ અચ્યુત દેવલોક સુધી હોય છે. એ પ્રમાણે આરણ દેવ સુધી જાણવું. અચ્યુત દેવને એમજ સમજવું. પરન્તુ ઉપર પોત પોતાના વિમાન સુધી હોય છે. હે ભગવન્ ! મરણ સમુદ્ઘાત વડે યુક્ત ગ્રૈવેયક દેવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લબાઈમાં જઘન્યથી વિદ્યાધરની શ્રેણિ પર્યન્ત તથા ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી હોય છે. તીરછું યાવત્ મનુષ્યક્ષેત્ર પર્યન્ત અને ઉપર યાવત્ પોત પોતાના વિમાન સુધી હોય છે. અનુત્તરૌપપાતિકને પણ એમજ સમજવું. હે ભગ વન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્મણ શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે છે. એકેન્દ્રિય કાર્મણશરીર, યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર. એ પ્રમાણે જેમ તૈજસ શરીરનો ભેદ, સંસ્થાન અને અવગાહના કહી છે તેમ બધું યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવું.

[પ૨૨] હે ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી એકઠા થાય છે ? હે ગૌતમ ! વ્યાઘાત-ના અભાવે છ દિશાથી આવી, વ્યાઘાતને આશ્રયી કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી અને કદાચ પાંચ દિશાથી આવી એકઠા થાય છે. હે ભગવન્ ! વૈક્રિય શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી ચયને પ્રાપ્ત થાય છે ?હેગૌતમ ! અવશ્ય છ દિશાથી આવી એકઠા થાય છે. એ પ્રમાણે આહારક શરીર સંબંધે પણ જાણવું. તૈજસ અને કાર્મણ શરીરને ઔદારિક શરીરની પેઠે જાણવું. હે ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી ઉપચયને પ્રાપ્ત થાય છે ? હે ગૌતમ ! એમજ સમજવું. યાવત્ કાર્મણ શરીરના પુદ્ગલો એ પ્રમાણે ઉપચય પામે છે અને અપચયને પામે છે. હે ભગવન્ ! જેને ઔદારિક શરીરની છે તેને શું વૈક્રિય હોય છે ? જેને વૈક્રિય શરીર છે તેને શું ઔદારિક શરીર હોય ? હે ગૌતમ ! જેને ઔદારિક શરીર છે તેને વૈક્રિય શરીર કદાચ ન હોય, અને જેને વૈક્રિય શરીર છે તેને ઔદારિક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્ ! જેને ઔદારિક શરીર છે તેને આહારક શરીર હોય ? જેને આહારક શરીર હોય તેને ઔદારિક શરીર હોય ? હે ગૌતમ ! જેને ઔદારિક શરીર છે તેને આહારક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. પરન્તુ જેને આહારક શરીર છે તેને અવશ્ય ઔદારિક શરીર હોય. હે ભગવન્ ! જેને ઔદારિક શરીર છે તેને તૈજસ શરીર હોય ? અને જેને તૈજસ શરીર છે તેને ઔદારિક શરીર હોય ? હે ગૌતમ ! જેને ઔદારિક શરીર છે તેને અવશ્ય તૈજસ શરીર હોય અને જેને તૈજસ શરીર છે તેને ઔદારિક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણે કાર્મણ શરીર સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! જેને વૈક્રિય શરીર છે તેને આહારક શરીર હોય ? અને જેને આહારક શરીર છે તેને વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! જેને વૈક્રિય શરીર છે તેને આહારક શરીર ન હોય અને જેને આહારક શરીર છે તેને વૈક્રિય શરીર ન હોય. તૈજસ કાર્મણનો જેમ ઔદારિક સાથે વિચાર કર્યો છે તેમ આહારક શરીરની સાથે પણ વિચાર કરવો. હે ભગવન્ ! જેને તૈજસ શરીર છે તેને કાર્મણ શરીર હોય ? અને જેને કાર્મણ શરીર છે તેને તૈજસ શરીર હોય ? હે ગૌતમ ! બંને હોય.

[પ૨૪] હે ભગવન્ ! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યપ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક ? હે ગૌતમ ! દ્રવ્યાર્થપણે સૌથી થોડા આહારક શરીરો છે. તેથી વૈક્રિય શરીર દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, તેથી ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે, અને તેથી તૈજસ અને કાર્મણ શરીરો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે અને બન્ને પરસ્પર તુલ્ય છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા આહારક શરીરો પ્રદેશાર્થપણે છે, તેથી તૈજસ શરીરો પ્રદેશાર્થપણે અનંતગુણા છે, તેથી કાર્મણ શરીરો પ્રદેશાર્થપણે અનન્ત ગુણા છે. યાર્થપણે-સૌથી થોડા આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે, તેથી વૈક્રિય શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, તેથી ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, દ્રવ્યાર્થરૂપે ઔદારિક શરીર કરતાં પ્રદેશાર્થરૂપે આહારક શરીરો અનન્તગુણા છે. તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિય શરીરો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી ઔદારિક શરીરો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી તૈજસ અને કાર્મણ શરીરો દ્રવ્યાર્થપણે અનન્તગુણા અને બન્ને પરસ્પર તુલ્ય છે, તેથી તૈજસ શરીરો પ્રદેશાર્થરૂપે અનંતગુણા છે, તેથી કાર્મણ શરીરો પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે. હે ભગવન્ ! એ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરોમાં જઘન્ય અવગાહના વડે, ઉત્કૃષ્ટ અવગાહના વડે તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના વડે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેથી તૈજસ અને કાર્મણ શરીર ની જઘન્ય અવગાહના વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે, તેથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના સંખ્યાતગુણી છે, તેથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી છે. ઉત્કૃષ્ટ અવગાહના વડે સૌથી થોડી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે. તેથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે, તેથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી છે અને પરસ્પર તુલ્ય છે. જઘન્યોત્કૃષ્ટ અવગા- હનાવડે સૌથી થોડા ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેથી તૈજસ કાર્મણ શરીરની જઘન્ય અવગાહના વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય હોય છે. તેથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. તેથી આહારક શરીરની જઘન્ય અવ ગાહના અસંખ્યાતગુણી છે. આહારક શરીરની જઘન્ય અવગાહનાથી તેનીજ ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે. તેથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાત ગુણી છે. તેથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી અને પરસ્પર તુલ્ય છે.

JAINSITE જૈન સાઈટ જયતુ જિનશાસનમ્

**પદ-૨૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૨૨-ક્રિયા

[પ૨પ] હે ભગવન્ ! કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે. કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને ૫ પ્રાણાતિપાતિકી.હેભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! બે પ્રકારની. સંયોજનાધિકરણિકી અને નિર્વર્તનાધિકરણિકી. હે ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. જે પ્રકારે પોતાના ઉપર, પરના ઉપર કે બન્નેના ઉપર કે અશુભ મન કરે- એમ પ્રાદ્વેષિકી ક્રિયા કહી. હે ભગવન્ ! પારિતાપનિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. જે પ્રકારે પોતાને, પરને અને બન્નેને અશાતા વેદના ઉદીરે છે. હે ભગવન્ ! પ્રાણાતિપાતિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. જે પ્રકારે પોતાને, પરને અથવા બન્નેને જીવિતથી જુદા કરે.

[પ૨૬] હે ભગવન્ ! જીવો શું સક્રિય-છે કે ક્રિયાસહિત છે ? હે ગૌતમ ! જીવો ક્રિયાવાળા પણ છે અને ક્રિયારહિત પણ છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ?' હે ગૌતમ ! જીવો બે પ્રકારના છે. સંસારસમાપન્ન-અને અસંસારસમાપન્ન-મોક્ષને પ્રાપ્ત થયેલા. તેમાં જે સંસારને પ્રાપ્ત થયેલા જીવો છે તે બે પ્રકારના છે, શૈલેશીને પ્રાપ્ત થયેલા અને શૈલેશીને પ્રાપ્ત નહિ થયેલા. તેમાં જે શૈલેશીને પ્રાપ્ત થયેલા છે તેઓ અક્રિય છે, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે શૈલેશીને પ્રાપ્ત થયેલા નથી તેઓ ક્રિયાસહિત છે, હે ભગવન્ ! શું એમ છે કે જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે ? હા ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! કોને વિષે જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! છ જીવનિકાયને વિષે કરે છે. હે ભગવન્ ! શું એમ છે કે નૈરયિકો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! એમજ સમજવું. એ પ્રમાણે નિરન્તર વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! શું એમ છે કે જીવો મૃષાવાદ વડે ક્રિયા કરે છે ? હા ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવો કોને વિષે મૃષાવાદ વડે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! સર્વ દ્રવ્યોને વિશે કરે છે. એ પ્રમાણે નિરન્તર નૈરયિકોને યાવત્ વૈમાનિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. ભગવન્ ! શું એમ છે કે જીવો અદત્તાદાન વડે ક્રિયા વિશે કરે છે. હા ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવો કોને વિષે અદત્તાદાન વડે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! ગ્રહણ કરવા યોગ્ય અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ નિરન્તર વૈમાનિકોને જાણવું. હે ભગવન્ ! શું એમ છે કે જીવો મૈથુન વડે ક્રિયા કરે છે ? હા એમ છે. હે ભગવન્ ! જીવો મૈથુન વડે કોને વિષે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! રૂપને વિષે અથવા રૂપે સહિત દ્રવ્યને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકોને નિરન્તર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! શું એમ છે કે જીવો પરિગ્રહ વડે ક્રિયા કરે છે ? હા એમ છે. હે ભગવન્ ! જીવો કોને વિષે પરિગ્રહવડે ક્રિયા કરે છે ? હે ગૌતમ ! સર્વ દ્રવ્યને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એમ ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાનપૈશુન્ય, પરપરિવાદ, અરતિ રતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શન શલ્ય વડે ક્રિયા કરે છે. એમ સર્વને વિષે જીવ અને નૈરયિકના ભેદ વડે કહેવા. એમ નિરન્તર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે એ અઢાર દંડકો થાય છે.

[૫૨૭] હે ભગવન્ ! જીવ પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે?હેગૌતમ ! સાત પ્રકૃતિઓ બાંધે કે આઠ પ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે નૈરયિકથી માંડી નિરન્તર વૈમાનિકો સુધી જાણવું. જીવો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! -પૂર્વવત્ જાણવું. હે ભગવન્ ! નૈરયિકો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધાય સાત પ્રકૃતિઓ બાંધ નારા હોય, અને કોઈ એક આઠ પ્રકૃતિઓનો બન્ધ કરનાર હોય. અથવા સાત પ્રકૃતિઓના બાંધનારા હોય અને આઠ પ્રકૃતિઓના બાંધનારા હોય. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારોને જાણવું. પૃથિવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયિકો એ બધા ઔધિક સામાન્ય જીવોની પેઠે જાણવા. અને બાકીના બધા નૈરયિકોની પેઠે જાણવા. એ પ્રમાણે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ત્રણ ભાંગો બાંધે કહેવા. અને તે યાવત્ મિથ્યાદર્શન શલ્ય સુધી કહેવું. એમ એકવચન અને બહુવચનના છત્રીશ દંડકો થાય છે.

[૫૨૮] હે ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચિત ચાર ક્રિયાવાળો અને કદાચિત પાંચ ક્રિયાવાળો હોય. એમ નૈરયિક યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતાં કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચિત ચાર ક્રિયાવાળા અને કદાચ પાંચ ક્રિયાવાળા હોય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી નિરન્તર વૈમાનિકો સુધી જાણવું. એમ દર્શનાવરણીય, વેદનીય,મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ આઠે કર્મ પ્રકૃતિઓ કહેવી. એમ એકવચન અને બહુવચનના સોળ દંડકો થાય છે.

હે ભગવન્ ! જીવ જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્ ! જીવ નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને આશ્રયી જેમ જીવને આશ્રયી કહ્યું તેમ કહેવું. હે ભગવન્ ! જીવ જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્ ! જીવ નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્ ! જીવ નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય - એ પ્રમાણે જેમ પહેલો દંડક કહ્યો તેમ આ બીજો દંડક કહેવો. હે ભગવન્ ! જીવો એક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા પણ હોય, યાવત્ કદાચ ક્રિયારહિત પણ હોય. હે ભગ-વન્ ! જીવો એક નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! જેમ પ્રથમ દંડક કહ્યો તેમ યાવત્ વૈમાનિકો સુધી કહેવો. હે ભગવન્ ! જીવો જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયા ક્રિયાવાળા પણ હોય, યાવત્ કદાચિત્ ક્રિયારહિત પણ હોય. હે ભગવન્ ! જીવો નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ !કદાચ ત્રણ ક્રિયાવાળા, યાવત્ કદાચ ક્રિયારહિત હોય. અસુરકુમારોને આશ્રયી પણ એમજ સમજવું. જેમ જીવોને આશ્રયી કહ્યું તેમ ઔદારિકશરીરોને આશ્રયી કહેવું. હે ભગવન્ ! નૈરયિક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચિત્ ત્રણક્રિયાવાળો અને કદાચ ચારક્રિયાવાળો હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્ ! નૈરયિક નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચિત્ ત્રણક્રિયા વાળો અને કદાચ ચારક્રિયાવાળો હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી સમજવું. પરન્તુ નૈરયિકને નૈરયિકોને અને દેવોને આશ્રયી પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી. હે ભગવન્ ! નૈરયિકો જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણક્રિયા વાળા, યાવત્ પાંચક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને આશ્રયી જાણવું, પરન્તુ નૈરયિક અને દેવને આશ્રયી પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી. હે ભગવન્ ! નૈરયિકો જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા અને ચાર ક્રિયાવાળા હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી જાણવું. પરન્તુ ઔદારિક શરીરોને આશ્રયી જેમ જીવોને આશ્રયી કહ્યું તેમ કહેવું. હે ભગવન્ ! અસુરકુમાર જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! જેમ નૈરયિકને ચાર દંડકો કહ્યા તેમ અસુરકુમારને પણ ચાર દંડકો કહેવા. એમ ઉપયોગ રાખીને વિચાર કરવો. જીવ અને મનુષ્ય ક્રિયારહિત કહેવાય છે. અને બાકીના ક્રિયાર હિત કહેવાતા નથી. બધા ઔદા-રિક શરીરોને આશ્રયી પાંચક્રિયાવાળા હોય છે. અને નૈરયિકો અને દેવોને આશ્રયી પાંચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાવાળા નથી. એ પ્રમાણે એક એક જીવપદમાં ચાર ચાર દંડકો કહેવા. એ પ્રમાણે એ બધા જીવાદિ દંડકો મળી સો દંડકો થાય છે.

[૫૨૯] હે ભગવન્ ! કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે- કાયિકી, યાવત્- પ્રણાતિપાત ક્રિયા. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે. કાયિકી, યાવત્ પ્રાણાતિપાત ક્રિયા. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવું. હે ભગવન્ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને આધિકરણિકી ક્રિયા હોય ? અને જેને અધિકારણિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય ? જેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! એમ જ સમજવું. હે ભગવન્ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા હોય ? જેને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને પારિતા પનિકી ક્રિયા હોય તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય છે. એ પ્રમાણે પ્રાણાતિપાતક્રિયા પણ જાણવી. એમ પ્રથમની ત્રણ ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. જેને આદિની ત્રણ ક્રિયાઓ હોય છે તેને ઉપરની બન્ને ક્રિયાઓ કદાચ હોય અને કદાચ ન હોય. જેને ઉપરની બે ક્રિયાઓ હોય છે તેને પ્રથમની ત્રણ ક્રિયાઓ અવશ્ય હોય છે. હે ભગવન્ ! જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને પ્રાણાતિપાત ક્રિયા હોય ? જેને પ્રાણાતિપાત ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને પ્રાણાતિપાત ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને પ્રાણાતિપાત ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા અવશ્ય હોય. હે ભગવન્ ! જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા હોય ? હે ગૌતમ !જીવની જેમ જ નૈરયિકને પણ જાણવું. એ પ્રમાણે નિરંતર યાવત્ -વૈમાનિકને સમજવું.

[૫૩૦] હે ભગવન્ ! જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય છે તે સમયે અધિકરણિકી ક્રિયા હોય ? જે સમયે અધિકરણિકી ક્રિયા હોય છે તે સમયે કાયિકી ક્રિયા હોય ? -એ પ્રમાણે જેમ પ્રથમનો દંડક કહ્યો તેમજ આ દંડક યાવત્ -વૈમાનિકો સુધી કહેવો. હે ભગવન્ ! જીવને જે અંશે કાયિકી ક્રિયા હોય તે અંશે અધિકારણિકી ક્રિયા હોય ? -ઈત્યાદિ યાવત્ વૈમાનિકને તેમજ કહેવું. હે ભગવન્ ! જીવને જે પ્રદેશે કાયિકી ક્રિયા હોય તે પ્રદેશે અધિકારણિકી ક્રિયા હોય ? -ઈત્યાદિ તેમજ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે જે જીવને, જે સમયે, જે અંશે અને જે પ્રદેશે -એ ચાર દંડકો થાય છે.

હે ભગવન્ ! કેટલી આયોજિકા-સંસારની સાથે જોડનારી ક્રિયાઓ કહેલી છે ? હે ગૌતમ ! પાંચ. કાયિકી, યાવત્ -પ્રાણાતિપાત ક્રિયા. એ પ્રમાણે નૈરયિકો, યાવત્ વૈમાનિકોને જાણવું. હે ભગવન્ ! જે જીવને કાયિકી આયોજિકા ક્રિયા હોય છે તેને આધિકરણિકી આયોજિકા ક્રિયા હોય ? જેને આધિક રણિકી આયોજિકી ક્રિયા હોય છે તેને કાયિકી આયોજિકા ક્રિયા હોય ? એ પ્રમાણે આવા પ્રકારના પાઠ વડે તે જેને, જે સમયે, જે અંશે અને જે પ્રદેશે - એમ ચાર દંડકો યાવત્ વૈમાનિકો સુધી કહેવા. હે ભગવન્ ! જે સમયે (કાળે) કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે સ્પૃષ્ટ-યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત હોય ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત હોય, કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત ન હોય. કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકારણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે અયુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે અયુક્ત હોય.

[૫૩૦] હે ભગવન્ ! કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ!પાંચ.આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાત ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી. હે ભગવન્ ! આરંભિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! કોઈ પણ પ્રમત્ત સંયતને હોય છે. હે ભગવન્ ! પારિગ્રહિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! કોઈ સંયતાસંયત-ને હોય છે. હે ભગવન્ ! માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! કોઈ પણ અપ્રમત્ત સંયતને હોય છે. હે ભગવન્ ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! કોઈ પણ અપ્રત્યાખ્યાનીને હોય છે. હે ભગવન્ ! મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! કોઈ પણ મિથ્યા દૃષ્ટિને હોય છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ ! પાંચ. આરંભિકી, યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને પારિગ્રહિકી ક્રિયા હોય ? જેને પારિગ્રહિકી ક્રિયા હોય છે તેને આરંભિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને પારિગ્રહિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. હે ભગવન્ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયા-પ્રત્યયિકી ક્રિયા હોય- ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય, જેને માયા પ્રત્યયિકી હોય તેને આરંભિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્!જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યા-ખ્યાન ક્રિયા હોય-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. એ પ્રમાણે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાની સાથે યોગ કરવો. એમ પારિગ્રહિકી ક્રિયાનો પણ ઉપરની ત્રણ ક્રિયાઓની સાથે વિચાર કરવો. જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને ઉપરની બે ક્રિયાઓ કદાચ હોય અને કદાચ ન હોય, જેને ઉપરની બે ક્રિયાઓ હોય છે તેને માયાપ્રત્યયિકી અવશ્ય હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય છે, નૈરયિકને પ્રથમની ચાર ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. જેને એ ચાર ક્રિયાઓ હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ભજ નાએ હોય છે. જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને એ ચાર ક્રિયાઓ અવશ્ય હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથિવીકાયિકથી આરંભી ચઉરિન્દ્રિય સુધીના જીવોને પાંચે ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. પંચેન્દ્રિય તિર્યંચને પ્રથમની ત્રણ ક્રિયાઓ પરસ્પર અવશ્યા હોય છે. જેને એ ક્રિયાઓ હોય છે તેને ઉપરની બન્ને ક્રિયાઓ ભજનાએ હોય છે. જેને ઉપરની બન્ને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાઓ હોય છે તેને આ ત્રણે ક્રિયાઓ અવશ્ય હોય છે. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. જેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય છે તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય છે. મનુષ્યને જેમ જીવને કહ્યું છે તેમ જાણવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકને નૈરયિકની પેઠે કહેવું. હે ભગવન્ ! જે સમયે (કાળે) જીવને આરંભિકી ક્રિયા હોય છે તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય છે ? એ પ્રમાણે જેને, જે સમયે, જે અંશે, અને જે પ્રદેશે-એ ચાર દંડકો જાણવા. જેમ નૈરયિકોને કહ્યું તેમ સર્વ દેવોને યાવત્ વૈમાનિકો સુધી સમજવું.

[૫૩૧] હે ભગવન્!શું એમ છે કે જીવોને પ્રાણાતિપાતવિરમણ હોય?હા ગૌતમ ! હોય છે. હે ભગવન્ ! જીવોને કોને વિશે પ્રાણાતિપાત વિરમણ હોય ? હે ગૌતમ ! છ જીવનિકાયને વિષે હોય. હે ભગવન્ ! નૈરયિકોને પ્રાણાતિપાતવિરમણ હોય ? હે ગૌતમ. એર્થ સમર્થ-યુક્ત નથી. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ જેમ જીવને કહ્યું તેમ મનુષ્યોને સમજવું. એમ મૃષાવાદવિરમણ વડે જીવને અને મનુષ્યને જાણવું. બાકીનાને એ અર્થ યુક્ત નથી. પરન્તુ અદત્તાદાન ગ્રહણ અને ધારણ કરવા અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને અબન્ધક હોય, અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિઓ બાંધનારા તથા એક છે પ્રકૃતિઓ બાંધનાર હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધાનારા, એક આઠ પ્રકૃતિઓ બાંધનાર અને ઘણા છ પ્રકૃતિઓ બાંધનારા હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા અને એક છ પ્રકૃતિઓ બાંધનારા હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા અને છ પ્રકૃતિઓ બાંધનારા હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિઓ બાંધનારા એક આઠ પ્રકૃતિ બાંધનાર અને ઘણા અબન્ધક હોય. ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિઓ બાંધનારા અને એક અબન્ધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિઓ બાંધનારા અને અબન્ધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા,એક છ પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક છ પ્રકૃતિઓ બાંધનારા અને ઘણા અબંધક હોય. અથવા ઘણ સાત પ્રકૃતિઓ બાંધ નારા એક પ્રકૃતિ બાંધનારા (એક)છ પ્રકૃતિઓ બાંધનાર અને અબંધક હોય. ૪ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા છ પ્રકૃતિઓ બાંધનારા અને અબંધક હોય. અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિઓ બાંધનારા એક છ પ્રકૃતિઓ બાંધનારા અને અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિઓ બાંધનારા એક છ પ્રકૃતિઓ બાંધનારા અને (ઘણા) અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા (એક) આઠ પ્રકૃતિઓ બાંધનારા (ઘણા) છ પ્રકૃતિઓ બાંધનારા અને (એક) અબંધક


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. ૪ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા (એક) આઠ પ્રકૃતિ બાંધનારા (ઘણા) છ પ્રકૃતિઓ બાંધનારા અને ઘણા અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા (એક) છ પ્રકૃતિઓ બાંધનાર અને એક અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા (એક) છ પ્રકૃતિઓ બાંધ-નાર અને (ઘણા) અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિ બાંધનારા છ પ્રકૃતિઓ બાંધનારા અને (એક) અબંધક હોય. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધ-નારા છ પ્રકૃતિઓ બાંધનારા અને અબંધક હોય. એ પ્રમાણે એ આઠ ભાંગા થયા. બધા મળીને સત્યાવીશ ભાંગા થાય છે. એમ મનુષ્યોને પણ એજ સત્યાવીશ ભાંગા કહેવા. એ રીતે મૃષાવાદની વિરતિવાળા, યાવત્ માયામૃષાવાદની વિરતીવાળા જીવને અને મનુષ્યને જાણવું. હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળો જીવ કેટલી કર્મ પ્રકૃતિ ઓ બાંધે ? હે ગૌતમ ! સાત પ્રકૃતિઓ બાંધે, આઠ પ્રકૃતિઓ બાંધે, છ પ્રકૃતિઓ બાંધે, એક પ્રકૃતિ બાંધે અને અબંધક હોય. હે ભગવન્ ! મિથ્યાદર્શન શલ્યની વિરતિવાળો નૈરયિક કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત પ્રકૃતિઓ અને આઠ પ્રકૃતિઓ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ સુધી બાંધે. મનુષ્યને જીવને પેઠે બંધ જાણવો. વ્યન્તર, જ્યોતિ-ષિક અને વૈમા નિકને નૈરયિકની પેઠે સમજવું. મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! તે (પૂર્વોક્ત) સત્યાવીશ ભાંગા કહેવા. મિથ્યા દર્શન શલ્યની વિરતિવાળા નૈરયિકો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધા ય જીવો સાત પ્રકૃતિઓ બાંધે. અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધે અને (એક) આઠ પ્રકૃતિ બાંધે. ૨ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધે અને આઠ પ્રકૃતિઓ બાંધનારા હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ મનુષ્યોને જીવોની પેઠે સમજવું.

[૫૩૩] હે ભગવન્ ! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! પ્રાણાતિપાતની વિરતિ વાળા જીવને કદાચ આરંભિકી ક્રિયા હોય અને કદાચ ન હોય. હે ભગવન્ ! પ્રાણાતિ પાતની વિરતિવાળા જીવને પારિગ્રહિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! પ્રાણાતિપાપતની વિરતિવાળા જીવને માયાપ્રત્યયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્ ! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને અપ્રત્યાખ્યાનપ્રત્યયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! પ્રાણાતિપાતવની વિરતીવાળા જીવને મિથ્યાદર્શનપ્રત્યયિકી હોય એમ પૃચ્છા કરવી. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એમ પ્રાણાતિપાતની વિરતિવાળા મનુષ્યને પણ જાણવું. એ પ્રમાણે યાવત્ માયામૃષાવાદની વિરતિવાળા જીવને અને મનુષ્યને સમજવું. હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવને આરંભિકિ ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણે યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા જાણવી. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યની વિરતિ વાળા નૈરયિકને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્-મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! આરંભિકી ક્રિયા હોય, યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા પણ હોય પણ હોય. મિથ્યાદર્શનપ્રકત્યયિકી ક્રિયા ન હોય. એમ યાવત્ સ્તનિતકુમારને જાણવું. હે ભગવન્ ! મિથ્યાદર્શનલ્યની વિરતિવાળા પંચેન્દ્રિય તિર્યંચને એમજ પૃચ્છા કરવી. હે ગૌતમ ! આરંભિકી ક્રિયા હોય. માયાપ્રત્યયિકી ક્રિયા હોય. અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. મનુષ્યને જીવને પેઠે જાણવું. વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકને નૈરયિકની જેમ કહેવું. હે ભગવન્ ! એ આરંભિકી ક્રિયા, યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાઓ હોય છે. તેથી અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક છે, તેથી પારિગ્રહીકી ક્રિયાઓ વિશેષાધિક છે, તેથી આરંભિક ક્રિયાઓ વિશેષાધિક છે અને તેથી માયાપ્રત્યયિકી ક્રિયાઓ વિશેષાધિક છે.

**પદ-૨૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨૩-કર્મપ્રકૃતિ

### -:ઉદ્દેસો-૧:-

[૫૩૪] કેટલી કર્મપ્રકૃતિઓ છે ? જીવ કેવી રીતે બાંધે છે ? કેટલા સ્થાને બાંધે છે ? કેટલી પ્રકૃતિઓ વેદે છે ? ક્યા કર્મનો કેટલા પ્રકારનો અનુભાવ છે ?

[૫૩૫] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ, નામ, ગોત્ર, અને અંતરાય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. એમ વૈમાનિકો સુધી કહેવું.

[૫૩૬] હે ભગવન્ ! જીવ કેવી રીતે આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે ? હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય છે, દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શનમોહનીય કર્મનો ઉદય થાય છે, દર્શનમોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને મિથ્યાત્વના ઉદયથી હે ગૌતમ ! એ પ્રમાણે ખરેખર જીવ આઠ પ્રકૃતિઓ બાંધે છે. હે ભગવન્ ! નૈરયિક આઠ કર્મપ્રકૃતિઓ કેમ બાંધે ? હે ગૌતમ ! એમજ જાણવું. એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! જીવો આઠ કર્મપ્રકૃતિઓ કેમ બાંધે ? એમજ બાંધે છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું.

[૫૩૭] હે ભગવન્ ! જીવ કેટલા સ્થાનોએ જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? હે ગૌતમ ! બે સ્થાને બાંધે. રાગથી અને દ્વેષથી.રાગ બે પ્રકારનો છે.માયા અને લોભ. દ્વેષ બે પ્રકારનો છે, ક્રોધ અને માન. જીવવીર્ય વડે યુક્ત એ ચાર સ્થાનકોએ એ પ્રમાણે જીવ ખરેખર જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. એમ નૈરયિક યાવત્ વૈમાનિક સંબંધે જાણવું. હે ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ કેટલા સ્થાનકોએ બાંધે ? હે ગૌતમ ! બે સ્થાનકોએ બાંધે-ઈત્યાદિ એમજ જાણવું. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો જાણવા. એમ દર્શનાવરણીય કર્મ યાવત્ અંતરાયકર્મ સંબંધે પણ જાણવું. એ પ્રમાણે એકવચન અને બહુવચતનના સોળ દંડકો જાણવા.

[૫૩૮] હે ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે ? હે ગૌતમ ! કદાચ વેદે અને કદાચ ન વેદે. હે ભગવન્ ! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદે ? હે ગૌતમ ! અવશ્ય વેદે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ મનુષ્યને જીવનને પેઠે કહેવું. હે ભગવન્ ! જીવો

જૈન સાઈટ JAINSITE

જ્ઞાનાવરણીય કર્મ વેદે ? હે ગૌતમ ! એ પ્રમાણે 'વેદે' એમ સમજવું. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. જેમ જ્ઞાનાવરણીય કર્મ કહ્યું તેમ દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ કહેવું. વેદનીય, આયુષ, નામ અને ગોત્ર કર્મ પણ એમજ સમજવું. પરન્તુ પણ તેને અવશ્ય વેદે. એ રીતે એક વચન અને બહુ વચનના સોળ દંડક જાણવા.

[૫૩૯] જીવે બાંધેલા, સ્પષ્ટ-ગાઢ સ્પર્શ વડે સ્પર્શેલા, સંચિત, ઉપચિત થયેલા, થોડા વિપાકને પ્રાપ્ત થયેલા, વિશિષ્ટ પ્રાપ્ત થયેલા, ઉદયને પ્રાપ્ત થયેલા, જીવે કરેલા, જીવે નિર્વર્તિત-સામાન્યરૂપે કરે, જીવે પરિણમાવેલા, સ્વયં ઉદયને પ્રાપ્ત થયેલા, પરના નિમિત્તે ઉદયને પ્રાપ્ત થયેલા, સ્વ અને પર નિમિત્તે ઉદયને પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણીય કર્મનો ગતિને પામી, સ્થિતિને પામી, ભવને પામી, પુદ્ગલ પરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? હે ગૌતમ ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી દશ પ્રકારનો અનુભવ-વિપાક કહ્યો છે. તે શ્રોત્રેન્દ્રિયાવરણ, શ્રોત્રેન્દ્રિયવિજ્ઞાનાવરણ, નેત્રેન્દ્રિયાવરણ, નેત્રેન્દ્રિયવિજ્ઞાનાવરણ, ઘ્રાણેન્દ્રિયાવરણ, ઘ્રાણેન્દ્રિવિજ્ઞાના વરણ, રસાવરણ, રસનેન્દ્રિયવિજ્ઞાનાવરણ, સ્પર્શારવણ અને સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ. જે પુદ્ગલોને, પુદ્ગલપરિણામને અને વિસ્રસા-સ્વભાવ વડે પુદ્ગલોના પરિણામને વદે છે, તેઓના ઉદય વડે જાણતો નથી, જાણવાની ઈચ્છાવાળો છતાં પણ જાણતો નથી. જાણીને પછી પણ જાણતો નથી. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિતજ્ઞાનવાળો પણ થાય છે. હે ગૌતમ ! એ જ્ઞાનાવરણીય કર્મ છે, હે ગૌતમ ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી દશ પ્રકારનો અનુભાવ કહ્યો છે.

હે ભગવન્ ! જીવે બાંધેલા દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામનો પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? હે ગૌતમ ! નવ પ્રકારનો. નિદ્રા, નિદ્રા-નિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ, ચક્ષુદર્શનાવરણત, અચક્ષુ દર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવળદર્શનાવરણ. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ કે સ્વભાવ વડે થયેલા પુદ્ગલોના પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જોવા યાગ્ય વસ્તુને જોતો નથી, જોવા ની ઈચ્છાવાળો છતાં પણ જોતો નથી. જોયા પછી પણ જોતો નથી. દર્શનાવરણ કર્મના ઉદયથી આચ્છાદિતદર્શનવાળો પણ થાય છે. હે ગૌતમ ! એ દર્શનાવરણીય કર્મ છે.

હે ભગવન્ જીવે બાંધેલા સાતાવેદનીય કર્મનો યાવત્ પુગ્દલપરિણામને પામી કેટલા પ્રકારનો. મનોજ્ઞ શબ્દો, મનોજ્ઞ રૂપો, મનોજ્ઞ ગન્ધો, મનોજ્ઞ રસો, મનોજ્ઞ સ્પર્શો, મન સંબન્ધી સુખ, વચન સંબન્ધી સુખ અને શારીરિક સુખ. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ અને સ્વભાવવડે થયેલા પુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે સાતાવેદનીય કર્મ વેદે છે. હે ગૌતમ ! એ સાતાવેદનીય કર્મ છે. હે ભગવન્ ! જીવે બાંધેલ અસાતા વેદનીય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે ? ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર તેમજ જાણવો. પરન્તુ અમનોજ્ઞ શબ્દો યાવત્ શરીર સંબન્ધી દુઃખ હે ગૌતમ ! એ અસાતાવેદનીય કર્મ છે,

હે ભગવન્ ! જીવે બાંધેલા મોહનીય કર્મનો યાવત્ કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. સમ્યકત્ત્વવેદનીય, મિથ્યાત્વવેદનીય, સમ્યગ્મિથ્યાત્વ-વેદનીય, કષાયવેદનીય અને નોકષાયવેદનીય. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વિસ્રસા પુદ્ગલપરિણામને વેદે છે, તેઓના ઉદય વડે મોહનીય કર્મને વેદે છે.

હે ભગવન્ ! બાંધેલ આયુષ કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે ? ઈત્યાદિ તેમજ કરવી. હે ગૌતમ ! ચાર પ્રકારનો. નૈરયિકાયુષ, તિર્યંચાયુષ, મનુષ્યાયુષ અને દેવાયુષ. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ કે વિસ્રસા પુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે આયુષ કર્મ વેદે છે. હે ગૌતમ ! એ આયુષ કર્મ છે અને હે ગૌતમ ! એ આયુષ કર્મનો ચાર પ્રકારનો વિપાક કહ્યો છે.

હે ભગવન્ ! જીવે બાંધેલા શુભનામકર્મનો કેટલા પ્રકારનો વિપાક છે?હે ગૌતમ ! ચૌદ પ્રકારનો. ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપે, ઈષ્ટ ગન્ધ, ઈષ્ટ રસ, ઈષ્ટ સ્પર્શ, ઈષ્ટ ગતિ, ઈષ્ટ સ્થિતિ, ઈષ્ટ લાવણ્ય, ઈષ્ટ યશઃકિર્તિ, ઈષ્ટ બલ, વીર્ય અને પુરૂષકાર-પરાક્રમ, ઈષ્ટ સ્વર, કાન્ત સ્વર, પ્રિય સ્વર અને મનોજ્ઞ સ્વર. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ અને વિસ્રસા પુદ્ગલપરિણામને વેદે છે, અને તેઓના ઉદય વડે શુભનામ કર્મ વેદે છે. હે ગૌતમ ! એ શુભનામ કર્મ છે. હે ભગવન્ ! દુઃખ-અશુભ નામ કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે ? હે ગૌતમ!એમ જ સમજવો. પરન્તુ અનિષ્ટ શબ્દ, યાવત્ હીનસ્વર, દીનસ્વર અને અકાન્ત સ્વર જાણવો. જે વેદે છે-ઈત્યાદિ બધું તેમજ જાણવું.

હે ભગવન્ ! જીવે બાંધેલા ઉચ્ચ ગોત્રના કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનો. જાતિવિશિષ્ટતા, કુલવિશિષ્ટતા, બલવિશિષ્ટતા, રૂપવિશિષ્ટ-તા, તપવિ શિષ્ટતા, શ્રુતવિશિષ્ટતા, લાભવિશિષ્ટતા અને ઐશ્વર્યવિશષ્ટિતા. જે પુદ્ગલ પુદ્ગલો, પુદ્ગલપરિણામ કે વિસ્રસા પુદ્ગલોના પરિણામને વેદે છે. અને તેના ઉદય વડે. હે ભગવન્ ! નીચેગોત્ર કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે ? હે ગૌતમ ! એમજ જાણવો. પરન્તુ જાતિ હીનપણું, યાવત્ એશ્વર્યહીનપણું. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલ-પરિણામ કે વિસ્રસાપુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે (નીચગોત્ર કર્મ વેદે છે).

હે ભગવન્ ! જીવે બાંધેલા અન્તરાય કર્મનો કેટલા વિપાક કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો.દાનાન્તરાય,લાભાન્તરાય,ભોગાન્તરાય,ઉપભોગન્તરાયઅને વીર્યાન્ત રાય. જે પુદ્ગલને યાવત્ વિસ્રસા પુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે અન્તરાય કર્મ વેદે છે. હે ગૌતમ ! એ અન્તરાય કર્મ છે.

**પદ-૨૩ ઉદ્દેશો-૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેશક-૨

[૫૪૦] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાના-વરણીય, યાવત્ અન્તરાય. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું. આભિનિબોધિક જ્ઞાનાવરણીય, યાવત્ કેવલજ્ઞાનાવરણીય. હે ભગવન્ ! દર્શનાવરણીય કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું. નિદ્રાપંચક અને દર્શનચતુષ્ક. હે ભગવન્ ! નિદ્રાપંચક કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે. નિદ્રા, યાવત્ સ્ત્યાનિર્દ્ધિ. હે ભગવન્ ! દર્શનચતુષ્ક કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનું. ચક્ષુદર્શનાવરણીય, યાવત્ કેવલદર્શનાવરણીય. હે ભગવન્ ! વેદનીય કર્મ કેટલા પ્રકારનું છે.હે ગૌતમ!બે પ્રકારે. સાતાવેદનીય અને અસાતાવેદનીય. હે ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાતાવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનું છે. મનોજ્ઞ શબ્દો, યાવત્ કાયસુખ-શારીરિક સુખ. હે ભગવન્ ! અસાતાવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનું છે. અમનોજ્ઞ શબ્દો, યાવત્ કાયદુઃખ-શારીરિક દુઃખ.

હે ભગવન્ ! મોહનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું. દર્શન-મોહનીય અને ચારિત્ર મોહનીય. હે ભગવન્ ! દર્શનમોહનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનું. સમ્યક્ત્વ વેદનીય, મિથ્યાત્વવેદનીય અને સમ્યગ્મિથ્યાત્વ વેદ-નીય. હે ભગવન્ ! કષાયવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું. કષાય વેદનીય અને નોકષાયવેદનીય. હે ભગવન્ ! કષાયવદેનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! સોળ પ્રકારનું. અનન્તાનુબન્ધી ક્રોધ, અનન્તાનુબન્ધી માન, અનન્તાનુબન્ધી માયા, અનન્તાનુબન્ધી લોભ,અપ્રત્યાખ્યાન ક્રોધ, એમ માન, માયા, લોભ, પ્રત્યાખ્યા-નાવરણ ક્રોધ, એમ માન, માયા, લોભ, સંજ્વલન ક્રોધ, એમ માન, માયા અને લોભ. હે ભગવન્ ! નોકષાયવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! નવ પ્રકારનું. સ્ત્રીવેદ-નીય, પુરુષવેદ વેદનીય, નપુંસકવેદ વેદનીય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુ-પ્સા. હે ભગવન્ ! આયુષ કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનું. નૈરયિકાયુષ અને યાવત્ દેવાયુષ.

હે ભગવન્ ! નામકર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ ! બેંતાળીશ પ્રકારનું. ગતિ-નામ, જાતિનામ, શરીરનામ, શરીરાંગોપાંગનામ, શરીરબન્ધનનામ, શરીરસંઘયણ-નામ, સંઘાતનનામ, સંસ્થાનનામ, વર્ણ નામ, ગન્ધનામ, રસનામ, સ્પર્શનામ, અગુરુ-લઘુનામ, ઉપઘાત નામ, પરાઘાતનામ, આનુ- પૂર્વીનામ, ઉચ્છ્વાસનામ, આતમ નામ, ઉદ્યોતનામ, વિહાયોગતિનામ, ત્રસનામ, સ્થાવરનામ, બાદરનામ, સૂક્ષ્મનામ, પર્યા-પ્તાનામ, અપર્યાપ્તાનામ, સાધારણશરીરનામ, પ્રત્યેકશરીરનામ, સ્થિરનામ, અસ્થિર-નામ, શુભનામ, અશુભનામ, સુભગનામ, દુર્ભગનામ, સુખરનામ, દુઃખરનામ, આદેય-નામ, અનાદેય, યશઃકીર્તિનામ, અયશઃકીર્તિનામ, નિર્માણનામ અને તિર્થંકર નામ. હે ભગવન્ ! ગતિનામ કર્મ કેટલા પ્રકારનું છે. હે ગૌતમ ! ચાર પ્રકારનું. નૈરયિકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિમાન. હે ભગવન્ ! જાતિનામ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું. એકેન્દ્રિય જાતિનામ, યાવત્ પંચેન્દ્રિય જાતિનામ. હે ભગવન્ ! શરીરનામ કર્મ કેટલા પ્રકારનું છે. હે ગૌતમ ! પાંચ પ્રકારે. ઔદારિક શરીરનામ,યાવત્ કાર્મણશરીરનામ. હે ભગવન્ ! શરીરાંગોપાંગ નામ અને કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે. ત્રણ પ્રકારે. તે ઔદારિકશરીરાંગોપાંગ, વૈક્રિયશરીરરાંગોપાંગ નામ અને આહારક-શરી રાંગોપાંગ નામ. હે ભગવન્!શરીરબન્ધન નામ કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું. ઔદારિકશરીરબન્ધનનામ, યાવત્ કાર્મણ શરીરબન્ધનનામ. હે ભગ-વન્ ! શરીરસંઘાતન નામ કર્મ કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. ઔદા-રિકશરીરસંઘાતનનામ કર્મ, યાવત્ કાર્મણ શરીરસંઘાતનામ. હે ભગવન્ ! સંઘયણ નામ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! છ પ્રકારનું. વજ્રઋષભનારાચ સંઘયણનામ, ઋષ-ભનારાચ સંઘયણનામ, નારાચ સંઘયણનામ, અર્ધનારાચ સંઘયણંનામ, કીલિકા સંઘ-યણનામ અને છેવક્રસંઘયણનામ. હે ભગવન્ ! સંસ્થાનનામ કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! છ પ્રકારનું. સમચતુરસ્ર સંસ્થાનનામ, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને હુંડકસ્થાનનામ. હે ભગવન્ ! વર્ણનામ કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું. કૃષ્ણવર્ણનામ, યાવત્ શકલવર્ણનામ. હે ભગવન્ ! ગન્ધનામ કર્મ કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે. સુરભિગન્ધનામ દુરભિગંધ નામ. રસનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પાંચ પ્રકારે. તિક્તરસનામ, યાવત્ મધુરરસનામ. સ્પર્શ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! આઠ પ્રકારે. કર્કશસ્પર્શનામ, યાવત્ લઘુસ્પર્શનામ. અગુરુલઘુનામ એક પ્રકારનું છે. ઉપઘાતનામ એક પ્રકારનું છે. આનુપૂર્વીના ચાર પ્રકારે કહ્યું છે. નૈરયિકાનુપૂર્વીનામ, યાવત્ દેવાનુપૂર્વીનામ. ઉચ્છ્‌વાસના એક પ્રકારે છે, બાકીની સર્વ પ્રકૃતિઓ તીર્થંકરના પર્યન્ત એક પ્રકારની છે. પરન્તુ વિહાયોગતિનામ બે પ્રકારે છે. પ્રશસ્ત વિહાયોગતિનામ અને અપ્રશસ્ત વિહાયોગતિનામ.

હે ભગવન્ ! ગોત્રકર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું. ઉચ્ચ ગોત્ર અને નીચે ગોત્ર. હે ભગવન્ ! ઉચ્ચ ગોત્ર કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનું છે. જાતિવિશિષ્ટતા, યાવત્ એશ્વર્યવિ શિષ્ટતા. એ પ્રમાણે નીચગોત્ર પણ જાણવું, પરન્તુ જાતિવિહીનતા, યાવત્ એશ્વર્ય વિહીનતા જાણવી. હે ભગવન્ ! અન્તરાય કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું. દાનાન્તરાય, યાવત્ વીર્યાન્તરાય. હે ભગવન્ ! જ્ઞાના વરણીય કર્મની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે. અબાધાકાળ ત્રણ હજાર વરસનો છે. અબાધાકાળ હીન કર્મની સ્થિતિ તે કર્મનો નિષેક છે. હે ભગવન્ ! પાંચ નિદ્રા કર્મની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન ત્રણ સપ્તાંશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ કહી છે. ત્રણ હજાર વર્ષ અબાધાકાળ અને અબાધાકાળ હીન કર્મસ્થિતિ કર્મનો નિષેક છે. હે ભગવન્ ! ચાર દર્શનાવરણની કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમ છે. ત્રણ હજાર વરસ અબાધાકાળ અને અબાધાકાળ ન્યૂન કર્મ સ્થિતિ એ કર્મનો નિષેક છે. સાતાવેદનીય ઈર્યાપથિક બન્ધને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય કે બે સમયની સ્થિતિ છે. સાંપરાયિક બન્ધને આશ્રયી જઘન્ય બાર મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તથા પન્દરસો વરસનો અબાધકાળ છે. અસાતાવેદનીયની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશની સ્થિતિ છે. અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેનો ત્રણ હજાર વરસનો અબાધાકાળ અને અબાધાકાળવડે ન્યૂન કર્મનિષેક કાળ સમજવો.

સમ્યક્ત્વવેદનીય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક અધિક છાસઠ સાગરોપમની સ્થિતિ છે. મિથ્યાત્વવેદનીય કર્મની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. સમ્યગ્મિથ્યાત્વ વેદનીય કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત છે. બાર કષાયોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમની ચાર સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચાળીશ કોડાકોડી સાગરોપમની છે. તેના ચાર હજાર વરસનો અબાધાકાળ, યાવત્ નિષેક કાળ જાણવો. સંજ્વલન ક્રોધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય બે માસની અને ઉત્કૃષ્ટ ચાળીશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેના ચાર હજાર વરસનો અબાધાકાળ, યાવત્ નિષેક સમજવો. સંજ્વલન માન સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એક માસની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોધની જેમ સમજવી. સંજ્વલન માયા સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અર્ધમાસની અને ઉત્કૃષ્ટ ક્રોધની સ્થિતિ છે તે પ્રમાણે જાણવી. સંજ્વલન લોભસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોધના જેટલી જાણવી. સ્ત્રીવેદ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના અઢી સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમ, તથા પન્દરસો વરસનો અબાધાકાળ હોય છે. પુરુષ વેદસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી આઠ વરસ અને ઉત્કૃષ્ટ દસ કોડાકોડી સાગરોપમ, એક હજાર વરસ અબાધાકાળ, યાવત્ [તેટલો કાળ ન્યૂન] નિષેકકાળ સમજવો. નપુંસક વેદ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જાણવી.તેમજ બેહજારવરસનોઅબાધાકાળ જાણવો. હાસ્ય અને રતિ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમની એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ દસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તેમજ એક હજાર વરસનો અબાધાકાળ જાણવો. અરતિ, ભય, શોક અને જુગુપ્સા સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપપની સ્થિતિ હોય છે. તેથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો.

નૈરયિકાયુષ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. તિર્યંચાયુષ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક ત્રણ પલ્યોપમની સ્થિતિ જાણવી. એમ મનુષ્યાયુષની પણ સ્થિતિ જાણવી.દેવાયુષની સ્થિતિ નૈરયિકાયુષ પ્રમાણે જાણવી.નરકગતિનામસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરો-પમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તથા અબાધાકાળ બે હજાર વરસનો જાણવો. તિર્યંચગતિ નામની નપુંસકવેદની પેઠે સ્થિતિ જાણવી. મનુષ્યગતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યા-તમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો દોઢ સાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તથા અબાધાકાળ પન્દરસો વરસનો સમજવો. દેવગતિના સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ !જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમનો સાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પુરુષવેદના તુલ્ય જાણવી. એકેન્દ્રિય જાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જાણવી. તથા બે હજાર વરસનો અબાધાકાળ સમજવો. બેઈન્દ્રિય જાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ,ઉત્કૃષ્ટ અઢાર કોડકોડી સાગરોપમની થતા અઢારસો વર્ષનો અબાધાકાળ જાણવો. તેઈન્દ્રિય જાતિનામ સંબન્ધે પૃચ્છા. જઘન્ય સ્થિતિ એમજ-બેઈન્દ્રિય પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજવી. ઉત્કૃષ્ટ અઢાર કોડાકોડી સાગરોપમની અને અઢારસો વરસનો અબાધા-કાળ જાણવો. ચઉરિન્દ્રિયનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રી શાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમની સમજવી. તથા અબાધાકાળ અઢારસો વર્ષનો જાણવો. પંચેન્દ્રિયજાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની તથા અબાધાકાળ બે હજાર વરસનો જાણવો.

ઔદારિક શરીરનામ સંબન્ધે પણ એમજ જાણવું. હે ભગવન્ ! વૈક્રિય શરીર નામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમના બે સપ્તમાંશ, અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ, તથા બે હજાર વર્ષનો અબાધાકાળ જાણવો. આહારક શરીરનામની જઘન્ય અંતઃકોટાકોટી સાગરોપમની અને ઉત્કૃષ્ટ અંતઃ કોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. તૈજસ અને કાર્મણનામની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્ત-માંશ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. તથા બે હજાર વર્ષનો અબાધાકાળ સમજવો. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરોપાંગનામ એ ત્રણેની સ્થિતિ એમજ જાણવી. પાંચ શરીરબન્ધન નામની પણ સ્થિતિ એમજ સમજવી. પાંચે શરીરસંઘાતનામની સ્થિતિ પણ શરીરનામ કર્મની સ્થિતિ પ્રમાણે જાણવી. વજ્રઋષભ સંઘયણ નામની સ્થિતિ રતિમોહનીય કર્મની પેઠે જાણવી. નારાચ સંઘયણ નામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના છે પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ બાર કોટાકોટી સાગરોપમની સ્થિતિ, તેમજ બારસો વર્ષનો અબાધાકાળ જાણવો. નારાચ સંઘયણની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતામા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ ચૌદ કોટાકોટી સાગ રોપ-મની સ્થિતિ હોય છે, તેથા અબાધાકાળ ચૌદસો વરસનો સમજવો. અર્ધનારાચ સંઘ-યણ નામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરો પમના આઠ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ કોટાકોટી સાગરોપમની તથા સોળસો વર્ષનો અબાધાકાળ સમજવો. કીલિકા સંઘયણ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ અઢાર કોટાકોટી સાગરોપમ તથા અઢારસો વર્ષનો અબાધા કાળ જાણવો. છેવટ્ઠ-સેવાર્ત સંઘયણ નામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! પલ્યોપના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. એ પ્રમાણે જેમ સંઘયણનામની છ પ્રકૃતિઓ કહી તેમ સંસ્થાનનામ કર્મની પણ કહેવી.

શુકલવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ તથા એક હજાર વર્ષ અબાધાકાળ જાણવો. હારિદ્રવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના પાંચ અઠયાવીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાડા બાર કોટાકોટી સાગરોપમ તથા સાડા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારસો વરસનો અબાધાકાળ જાણવો. લોહિતવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના છ અઠયાવીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમની તથા પંદરસો વરસનો અબાધાકાળ જાણવો. નીલવર્ણનામ સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યા તમા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત અઠયાવીશાંશ અને ઉત્કૃષ્ટ સાડાસત્તર કોટાકોટી સાગરોપમની તથા સાડાસત્તરસો વરસનો અબાધાકાળ જાણવો. કાળા વર્ણનામની સ્થિતિ છેવટ્ઠ સંઘયણનામની સ્થિતિની પેઠે જાણવી. મધુરાદિ રસની સ્થિતિ જેમ વર્ણની સ્થિતિ કહી છે તેમ અનુક્રમ કહેવી. જે અપ્રસ્ત સ્પર્શો છે તેઓની સ્થિતિ છેવટ્ઠસંઘયણની જેમ અને જે પ્રશસ્ત વર્ણો છે તેઓની સ્થિતિ શુક્લ વર્ણ નામની પેઠે કહેવી. અગુરુલઘુનામ કર્મની સ્થિતિ છેવટ્ઠ સંઘયણનામની પેઠે જાણવી. એમ ઉપઘાતનામની પણ સ્થિતિ સમજવી. પરાઘાતનામની સ્થિતિ પણ એમજ જાણવી. નિરકાનુપૂર્વીનામ સંબન્ધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યા તમા ભાગ વડે ન્યૂન એક હજાક સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. તિર્યંચાનુપૂર્વી સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. મનુષ્યાનુપૂર્વી સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમની દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમ તથા પંદરસો વરસનો અબાધાકાળ જાણવો. દેવાનુપૂર્વી સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન હજાર સાગરોપમના એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમની તથા એક હજાર વરસનો અબાધાકાળ સમજવો.

ઉચ્છ્વાસનામ સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! તિર્યંચાનુપૂર્વી સંબંધે કહ્યું છે તેમ જાણવું. આતપનામ સંબંધે પણ એમજ જાણવું. ઉદ્યોતનામ સંબંધે અને પ્રશસ્ત વિહાયોગતિનામ સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ એક સાગરોપમના સાત ભાગ અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમ તથા એક હજાર વરસનો અબાધાકાળ સમજવો. અપ્રશસ્ત વિહાયોગતિ નામ સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમ તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. ત્રસનામ અને સ્થાવરનામ સંબંધે એમજ જાણવું. સૂક્ષ્મનામ સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ અઢાર કોટાકોટી સાગરોપમ તથા અઢારસો વરસનો અબાધાકાળ સમજવો. બાદર નામની સ્થિતિ અપ્રશસ્ત વિહાયો ગતિનામની પેઠે કહેવી. એમ પર્યાપ્તનામની સ્થિતિ કહેવી, અપર્યાપ્ત નામની સ્થિતિ સૂક્ષ્મનામની પેઠે જાણવી. પ્રત્યેક શરીરનામની પણ બે સપ્તમાંશ, સાધારણ શરીર નામની સૂક્ષ્મની પેઠે, સ્થિરનામની સ્થિતિ એક સપ્તમાંશ, અસ્થિનામની બે સપ્તમાંશ, શુભનામની એક સપ્તમાંશ, અશુભનામની બે સપ્તમાંશ, સુભગનામની એક સપ્તમાંશ, દુર્ભગ નામની બે સપ્તમાંશ, સુખરનામની એક સપ્તમાંશ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુઃખરનામની બે સપ્તમાંશ, આદેયનામની એક સપ્તમાંશ, અનાદેય નામની બે સપ્તમાંશ યશઃકિર્તિનામની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગ-રોપમની અને એક હજાર અબાધાકાળ સમજવો. અયશઃકિર્તિનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ અપ્રશસ્તવિહાયોગતિનામની સ્થિતિ કહી તેમ કહેવી. એ પ્રમાણે નિર્માણ નામની પણ સ્થિતિ કહેવી. તીર્થંકરના સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ પણ અન્તઃકોટાકોટી સાગરોપમ જાણવી. એ પ્રમાણે જ્યાં એક સપ્તમ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટથી દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ અને એક હજાર વરસનો અબાધાકાળ સમજવો. જ્યાં બે સપ્તમ હોય ત્યાં ઉત્કૃષ્ટથી વીશ કોટાકોટી સોગરોપમની સ્થિતિ અને બે હજાર વરસનો અબાધાકાળ જાણવો.

ઉચ્ચગોત્ર સંબંધી પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સ્થિતિ થતા એક હજાર વરસનો અબાધાકાળ જાણવો. નીચે ગોત્રની સ્થિતિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જેમ અપ્રશસ્તવિહાયોગતિ નામની સ્થિતિ કહી છે તેમ જાણવી. અંતરાય સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ તથા ત્રણ હજાર વરસનો અબાધાકાળ જાણવો અને અબાધાકાળ ન્યૂન કર્મની સ્થિતિ તે કર્મનો નિષેધ સમજવો.

[૫૪૨] હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સાગરોપમના ત્રણ સપ્તમાંશ સ્થિતિ બાંધે. એ પ્રમાણે પાંચે નિદ્રા અને ચાર દર્શનાવરણની પણ સ્થિતિ જાણવી. હે ભગવન્ ! એકેન્દ્રિયો સાતાવદેનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂણ દોઢ સપ્તમાંશ સાગરોપમની સ્થિતિ બાંધે.અસાતાવદેનીય જ્ઞાનાવરણીયની પેઠે જાણવી.હેભગવન્ ! એકેન્દ્રિયો સમ્યક્ત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્ય પલ્યો-પમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગ-રોપમ બાંધે. હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો સમ્યગ્મિથ્યાત્વ વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! કંઈ પણ ન બાંધે. હે ભગવન્ ! એકેન્દ્રિયો બાર કષાયની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન સાગરોપમના ચાર સપ્તમાંશ પ્રમાણ બાંધે અને ઉત્કૃષ્ટ પૂરા ચાર સપ્તમાંશ સાગરોપમ બાંધે. એ પ્રમાણે સંજ્વલન ક્રોધ યાવત્ સંજ્વલન લોભની પણ સ્થિતિ જાણવી. સ્ત્રીવેદની સ્થિતિ સાતાવદેનીયની પેઠે જાણવી. એકેન્દ્રિયો પુરુષવેદ કર્મની સ્થિતિ પલ્યોપમના અસંખ્યા-તમા ભાગ વડે ન્યૂન એક સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સ્થિતિ બાંધે. એકેન્દ્રિયો નપુંસકવેદની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યા તમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. હાસ્ય અને રતિની સ્થિતિ પુરુષવેદના જેટલી બાંધે. અરતિ, ભય, શોક અને જુગુપ્સાની સ્થિતિ નપુંસક વદેના જેટલી બાંધે. નૈરયિકાયુષ, દેવાયુષ, નરકગતિનામ, વૈક્રિયયશરીરનામ, આહા-રકશરીરનામ, નરકાનુપૂર્વીનામ, દેવાનુપૂર્વીનામ અને તીર્થંકરનામ એ નવ પ્રકૃતિઓ બાંધતો નથી. તિયચાયુષની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક હજારના ત્રીજા ભાગ વડે અધિક પૂર્વ કોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુષની પણ સ્થિતિ જાણવી. તિર્યંચગતિનામની સ્થિતિ નપુંસક વેદના જેટલી અને મનુષ્યગતિ નામની સ્થિતિ સતાવેદનીય જેટલી સમજવી. એકેન્દ્રિય નામની અને પંચેન્દ્રિયનામની નપુંસક વદેની સ્થિતિ પ્રમાણે જાણવી. બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય નામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. ચઉરિન્દ્રિયનામની પણ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જ્યાં સાગરોપમના બે સપ્તમાંશ, ત્રણ કે ચાર સપ્તમાંશ અથવા અઠયા વીશ ભાગની સ્થિતિ હોય ત્યાં તેટલા ભાગ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવા. અને જ્યાં જઘન્યથી એક કે દોઢ સપ્તમાંશની સ્થિતિ હોય ત્યાં તેજ ભાગ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવો અને ઉત્કૃષ્ટ તેજ ભાગ પરિપૂર્ણ બાંધે એમ સમજવું. યશઃકીર્તિ અને ઉચ્ચગોત્રની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના એક સપ્તમાંશ એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પરિપૂર્ણ બાંધે છે. અન્તરાય સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જેમ જ્ઞાનાવરણીયની સ્થિતિ કહી છે તેમ કહેવી. યાવત્ ઉત્કૃષ્ટપણે તેજ પરિપૂર્ણ બાંધે છે.

[૫૪૩] હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બન્ધ કરે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના પત્રીશ ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી તેટલોજ પૂરો બન્ધ કરે. એમ પાંચ નિદ્રાનો બન્ધ પણ જાણવો. એ પ્રમાણે જેમ એકેન્દ્રિયોને કહ્યો છે તેમ બેઈન્દ્રિયોને પણ કહેવો. પરન્તુ પચીશગુણા સાગરોપમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન બન્ધ કહેવો. બાકી બધું પૂર્ણ બાંધે કરે છે. જે કર્મપ્રકૃતિને એકેન્દ્રિયો બાંધતા નથી તેને એ બેઈન્દ્રિયો પણ બાંધતા નથી. હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો મિથ્યાત્વવેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન પચીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલોજ બન્ધ કરે છે, તિર્યંચાયુષનો જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર વરસ અધિક પૂર્વકોટી વર્ષનો બન્ધ કરે છે. એ પ્રમાણે મનુષ્યાયુષનો પણ બન્ધ જાણવો. બાકી બધું એકેન્દ્રિયોની પેઠે યાવત્ અન્તરાય કર્મ સુધી કહેવું.

હે ભગવન્ ! પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણ કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન પચાસગુણા ત્રણ સપ્તમાંશ સાગ રોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે છે. એકેન્દ્રિયને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી તેથી તેઈન્દ્રિયોને પચાસગુણા સાગરોપમ સહિત કહેવી. હે ભગવન્ ! તેઈન્દ્રિય જીવો મિથ્યાત્વવેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમે ભાગે નયૂન પચાસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પૂરા પચાસ સાગરોપમની સ્થિતિ બાંધે છે. તિર્યંચાયુષની સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દિવસના ત્રીજા ભાગ સહિત સોળ દિવસ અધિક પૂર્વકોટી વરસની બાંધે છે. એ પ્રમાણે મનુષ્યાયુષની પણ જાણવી. બાકીનું બધું બેઈન્દ્રિયોને કહ્યું તેમ યાવત્ અન્તરાય કર્મ સુધી કહેવું.

હે ભગવન્ ! ચઉરિન્દ્રિય જીવો જ્ઞાનાવરણની કેટલી સ્થિતિ બાંધે. હે ગૌતમ !

જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સો સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલી સ્થિતિ બાંધે. એ પ્રમાણે જે પ્રકૃતિની (એકેન્દ્રિયોને) સાગ રોપ મના જેટલા ભાગની સ્થિતિ કહી છે તે પ્રકૃતિની (તેઇન્દ્રિયોને) સોગુણ સાગરોપમ સહિત સ્થિતિ કહેવી. તિર્યંચાયુષની જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બે માસ અધિક પૂર્વકોટી વરસની બાંધે છે. એ પ્રમાણે મનુષ્યાયુષની પણ સ્થિતિ જાણવી. બાકી બધું બેઇન્દ્રિયોની પેઠે કહેવું. પરન્તુ મિથ્યાત્વવેદનીયની જઘન્ય પલ્યોપમના અસંખ્યા તમા ભાગે ન્યૂન સો સાગરોપમની અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે છે. બાકી બધું બેઇન્દ્રિયોને કહ્યું તેમ અન્તરાય કર્મ સુધી કહેવું.

હે ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જેમ બેઇન્દ્રિયો સંબંધે પાઠ કહ્યો તે પ્રમાણે અસંજ્ઞી પંચેન્દ્રિયને કહેવો. પરન્તુ જે પ્રકૃતિની સાગરો-પમના જેટલા ભાગની સ્થિતિ કહી છે તેને હજારગુણા સાગરોપમ સહિત કહેવી. મિથ્યાત્વવેદનીય કર્મની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમની અને ઉત્કૃષ્ટથી પૂરા તેટલાજ સાગરોપમની બાંધે છે. નૈરયિકાયુષની સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાંધે છે. એમ તિર્યંચાયુષની પણ સ્થિતિ જાણવી.પરન્તુ તેની જઘન્યથી અન્તર્મુહૂર્તની સ્થિતિ બાંધે છે.એ પ્રમાણે મનુષ્યા યુષની પણ સમજવી. દેવાયુષની સ્થિતિ નારકાયુષની પેઠે જાણવી. હે ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો નારકગતિનામ કર્મની કેટલી સ્થિતિ બાંધે છે ? હે ગૌતમ ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેજ સ્થિતિ બાંધે છે. એમ તિર્યંચગતિનામ સંબન્ધે જાણવું. મનુષ્ય ગતિના સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ જઘન્યથી પલ્યોપમના અસંખ્યા- તમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પૂરી સ્થિતિ બાંધે છે. એમ દેવગતિનામ સંબન્ધે જાણવું. પરન્તુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પૂરી તેજ સ્થિતિ બાંધે છે. વૈક્રિય શરીરનામ કર્મ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પરિપૂર્ણ હજાર સાગરોપમના બે સપ્તમાંશ બાંધે છે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આહારકશરીરનામ અને તિર્થ- કરનામ કર્મનો કાંઇપણ બન્ધ કરતા નથી. બાકી બધું બેઇન્દ્રિયોની જેમ જાણવું. પરન્તુ જે પ્રકૃતિ-ની સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે તે પ્રકૃતિની હજારગુણા સાગ રોપમ સહિત કહેવી. એમ સર્વ પ્રકૃતિઓની અનુક્રમે સ્થિતિ યાવત્ અંતરાય સુધી જાણવી.

હે ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડોકોડી સાગરોપમ પ્રમાણ બાંધે. તેનો ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ છે. હે ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિયો પાંચ નિદ્રાની કેટલી સ્થિતિ બાંધે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ બાંધે છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વરસનો છે. દર્શના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વરણચતુષ્કની જ્ઞાનાવરણીયની પેઠે અને સાતાવદેનીયની સામાન્ય વેદનીય કર્મની સ્થિતિ કહી છે તેમ ઈર્યાપથિક બન્ધ અને સાંપરાયિક બન્ધની અપેક્ષાએ કહેવી. અસાતાવેદનીય કર્મની સ્થિતિ નિદ્રાપંચકની પેઠે અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઔધિક-સ્થિતિ કહી છે તેમ બાંધે છે. મિથ્યાત્વમોહનીયની જઘન્ય અન્તઃકોટાકોટી અને ઉત્કૃષ્ટ સિત્તેર કોટોકોટી સાગરોપમ પ્રમાણ તથા સાત હજાર વર્ષનો અબાધાકાળ જાણવો. બાર કષાયની સ્થિતિ જઘન્ય એ પ્રમાણે અન્તઃકોટાકોટી અને ઉત્કૃષ્ટ ચાળીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. તેનો અબાધાકાળ ચાર હજાર વર્ષનો છે. સંજ્વલન, ક્રોધ, માન, માયા અને લોભનો બે માસ, માસ, અર્ધમાસ અને અન્તમુંહૂર્ત એમ જઘન્ય સ્થિતિબન્ધ છે અને ઉત્કૃષ્ટ બાર કષાયની પેઠે છે. ચાર આયુષની જે ઔધિક સ્થિતિ કહેલી છે તે પ્રમાણે બાંધે છે. આહારક શરીર અને તીર્થંકરનામની જઘન્ય અન્ત. કોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. પુરુષવેદની જઘન્ય આઠ વર્ષની અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. યશઃકીર્તિનામ અને ઉચ્ચગોત્રની એ પ્રમાણે જાણવી. પરન્તુ જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત સંમજવી. અંતરાયની સ્થિતિ જ્ઞાનાવરણીય જેમ જાણવી. બાકી સર્વ સ્થાનોમાં સંઘયણ, સંસ્થાન વર્ણ અને ગંધની જઘન્ય અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ જે સામાન્ય સ્થિતિ કહી છે તેને બાંધે છે. પરન્તુ આ વિશેષતા છે કે અબાધા ન્યૂન કહેવાનો નથી. એમ સર્વ કર્મપ્રકૃતિઓની સ્થિતિ અનુક્રમે યાવત્ અંતરાય કર્મ સુધી કેહવી.

[૫૪૪] હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિ બાંધનાર કોણ છે ? હે ગૌતમ ! કોઈ પણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય છે. હે ગૌતમ ! એ જ્ઞાનાવરણીય કર્મનો જઘન્યસ્થિતિબન્ધક છે. તે સિવાય બીજો અજઘન્ય સ્થિતિનો બન્ધક છે. એ પ્રમાણે એ પાઠ વડે મોહનીય અને આયુષ સિવાય બાકીના બધા કર્મનો માટે કહેવું. હે ભગવન્ ! મોહનીય કર્મનો જઘન્યસ્થિતિબન્ધક કોણ છે ? હે ગૌતમ ! કોઈપણ ઉપશમક કે ક્ષપક બાદરસંપરાય હોય છે. હે ગૌતમ ! એ મોહનીય કર્મનો જઘન્યસ્થિતિ બન્ધક છે. તે સિવાય બીજો અજઘન્યસ્થિતિબન્ધક છે. આયુષકર્મનો જઘન્યસ્થિતિબન્ધક કોણ છે ? હે ગૌતમ ! અંસંક્ષેપ્યાદ્ધાપ્રવિષ્ટ જેના આયુષબન્ધનો કાળ સંક્ષેપ કરી શકાય એમ નથી એવો જે જીવ છે, તેનું સર્વનિ રુદ્ધ-સૌથી થોડું આયુષ કે જે સૌથી મોટા આયુષ બન્ધના કાળના એક ભાગ રુપે છે, એવા તે આયુષબન્ધના છેલ્લા કાળમાં વર્તતો પર્યાપ્ત અને અપર્યાપ્તરૂપે એવી સૌથી જઘન્ય સ્થિતિ બાંધે છે. હે ગૌતમ ! એ આયુષ કર્મનો જઘન્યસ્થિતિબન્ધક છે. તે સિવાય બીજો અજઘન્યસ્થિતિબન્ધક છે.

[૫૪૫] હે ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ શું નૈરયિક બાંધે, તિર્યંચયોનિક બાંધે, તિર્યંચયોનિક સ્ત્રી બાંધે, મનુષ્ય બાંધે, મનુષ્યસ્ત્રી બાંધે, દેવ બાંધે કે દેવી બાંધે ? હે ગૌતમ ! તે બધા બાંધે. હે ભગવન્ ! કેવા પ્રકારનો નારક ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? હે ગૌતમ ! સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત, સાકાર-જ્ઞાનાપયોગવાળો, જાગતો, શ્રુતના ઉપયોગવાળો, મિથ્યાદષ્ટિ, કૃષ્ણલેશ્યાવાળો, ઉત્કૃષ્ટ સંક્લિપરિણામવાળો કે કાંઇક મધ્યમ પરિણામ વાળો હોય, આવા પ્રકારનો નારક ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ બાંધે. હે ભગવન્ ! કેવા પ્રકારનો તિર્યંચ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ બાંધે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ગૌતમ ! કર્મભૂમક-અથવા કર્મભૂમગપ્રતિભાગી- સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પ્રાપ્તિઓ વડે પર્યાપ્તા-બાકી બધું નૈરયિકોની જેમ કહેવું. એમ તિર્યંચસ્ત્રી, મનુષ્ય અને મનુષ્યસ્ત્રી સંબન્ધે પણ જાણવું. દેવ અને દેવીને નૈરયિકની પેઠે કહેવું. એ પ્રમાણે આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ બન્ધ કરે છે. હે ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું આયુષ કર્મ નૈરયિક બાંધે કે યાવત્ દેવી બાંધે ? હે ગૌતમ ! નૈરયિક ન બાંધે, તિર્યંચ બાંધે, તિર્યંચસ્ત્રી ન બાંધે, મનુષ્ય બાંધે, મનુષ્યસ્ત્રી પણ બાંધે, દેવ અને દેવી ન બાંધે. હે ભગવન્ ! કેવા પ્રકારનો તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ કર્મ બાંધે ? હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો કે કર્મભૂમકપ્રતિ ભાગી-સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત, સાકારઉપયોગવાળો, જાગતો, શ્રુતના ઉપયોગવાળો, મિથ્યાદષ્ટિ, પરમકૃષ્ણ લેશ્યા વાળો અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો હોય, આવા પ્રકારનો તિર્યંચયોનિક ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ કર્મ બાંધે. હે ભગવન્ ! કેવા પ્રકારનો મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળું આયુષકર્મ બાંધે ? હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો, કર્મભૂમકપ્રતિ-ભાગી-યાવત્, શ્રુતજ્ઞાનના ઉપયોગવાળો, સમ્યગ્દષ્ટિ, કૃષ્ણ કે શુક્લ લેશ્યાવાળો, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો, અસંક્લિષ્ટપરિણામવાળો કે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામ વાળો હોય, આવા પ્રકારનો મનુષ્ય હે ગૌતમ ! ઉત્કૃષ્ટ સ્થિતિ-વાળું આયુષકર્મ બાંધે. હે ભગવન્ ! કેવા પ્રકારની મનુષ્યસ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ કર્મ બાંધે ? હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલી કે કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાની જેવી, યાવત્ શ્રુતના ઉપયોગવાળી, સમ્યગ્દષ્ટિ, શુક્લલેશ્યાવાળી અને તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળી હોય, આવી મનુષ્યસ્ત્રી હે ગૌતમ ! ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ કર્મ બાંધે. અન્તરાય કર્મ જ્ઞાનાવરણીય પેઠે જાણવું.

JAINSITE.com

**પદઃ ૨૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદઃ ૨૪ કર્મબન્ધ

[૫૪૬] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાના-વરણીય, યાવત્ અન્તરાય. એમ નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત બાંધે, આઠ બાંધે કે છ કર્મપ્રકૃતિઓ બાંધે. હે ભગવન્ ! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત બાંધે કે આઠ કર્મપ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ મનુષ્ય જીવને પેઠે બાંધે. હે ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધા ય જીવો સાત પ્રકૃતિઓ અને આઠ પ્રકૃતિઓ બાંધે. અથવા સાત પ્રકૃતિઓ બાંધે, આઠ પ્રકૃતિ ઓ બાંધે અને એક છ પ્રકૃતિ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે અને છ પ્રકૃતિ બાંધે.હે ભગવન્!નૈરયિકો જ્ઞાનાવરણીયકર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધા ય સાત પ્રકૃતિ બાંધે. અથવા સાત બાંધે અને એક આઠ પ્રકૃતિ બાંધે. અથવા બધા સાત બાંધે અને આઠ પ્રકૃતિ બાંધે. અથવા બધા સાત બાંધે અને આઠ પ્રકૃતિ બાંધે. એમ ત્રણ ભાંગા થાય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથિવીકાયિકો કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત પ્રકૃતિના બાંધનારા પણ

હોય. અને આઠ પ્રકૃતિના પણ બાંધનારા હોય. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું. વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણ ભાંગ સમજવા. બધા ય સાત પ્રકૃતિ બાંધનારા, અથવા સાત બાંધનારા અને એક આઠ બાંધનારા, અથવા સાત પ્રકૃતિ બાંધનારા અને આઠ પ્રકૃતિઓ બાંધનારા હોય છે. હે ભગવન્ ! મનુષ્યો જ્ઞાનાવરણીયનો બંધ કરતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધા ય સાત પ્રકૃતિઓ બાંધનારા હોય, અથવા સાત કર્મપ્રકૃતિઓ બાંધનારા અને એક આઠ કર્મપ્રકૃતિઓ બાંધનારા હોય, અથવા સાત કર્મપ્રકૃતિ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય, અથવા સાતકર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારા હોય, અથવા સાત કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય, અથવા સાત કર્મ બાંધનારા એક આઠ કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનાર હોય, અથવા સાત કર્મ બાંધનારા એક આઠ કર્મ બાંધનાર છ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મબાંધનારા અને એક છ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. એ નવ ભાંગા થયા. બાકીના વ્યન્તરથી આરંભી સુધીના દેવો નૈરયિકોની પેઠે સપ્તવિધાદિ બન્ધક કહ્યા છે તેમ કહેવા. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણના બન્ધ કરનારા જ્યાં કહ્યા છે, ત્યાં દર્શનાવરણનો પણ બન્ધ કરનારા જીવાદિ એકવચન અને બહુવચન વડે કહેવા.

વેદનીય કર્મ બાંધતો જીવ કેટલી પ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત કર્મનો બાંધનાર, આઠ કર્મનો બાંધનાર, છ કર્મનો બાંધનાર અને એક કર્મનો પણ બાંધનાર હોય. એમ મનુષ્ય સંબંધે પણ કહેવું. બાકીના નારકાદિ જીવો સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા વૈમાનિક સુધી કહેવા. હે ભગવન્ ! વેદનીય કર્મ બાંધતા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધા ય જીવો સાત પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને એક છ પ્રકૃતિ બાંધનાર હોય. અથવા સાત કર્મ બાંધનાર આઠ કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. બાકીના નારકાદિ યાવત્ વૈમાનિકો જ્ઞાનાવરણ બાંધતાં જે પ્રકૃતિઓ બાંધે છે તે વડે કહેવા. પરન્તુ હે ભગવન્ ! મનુષ્યો વેદનીય કર્મ બાંધતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધાય મનુષ્યો ? સાત કર્મપ્રકૃતિ બાંધનારા અને એક પ્રકૃતિ બાંધનારા હોય. અથવા સાત કર્મપ્રકૃતિ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક આઠ કર્મ બાંધનાર હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. અથવા સાત કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા એક આઠ કર્મ બાંધનારો અને એક છ કર્મ બાંધનારો હોય. અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા એક આઠ કર્મ બાંધનારો અને છ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. એ પ્રમાણે એ નવ ભાંગા કહેવા.

મોહનીય કર્મનો બન્ધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીનાને ત્રણ ભાંગા જાણવા. જીવ અને એકેન્દ્રિયો સાત કર્મ

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધનારા અને આઠ કર્મ બાંધનારા પણ હોય. હે ભગવન્ ! જીવ આયુષ કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું.એમ બહુવચન વડે પણ સમજવું.હેભગવન્ ! નામ, ગોત્ર અને અન્તરાય કર્મનો બન્ધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મનો બન્ધ કરતો જેટલી કર્મપ્રકૃતિ બાંધે તેટલી કહેવી. એમ નૈરયિકથી માંડી વૈમાનિકો સુધી કહેવું. એ પ્રમાણે બહુવચન વડે પણ કહેવું.

**પદ-૨૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨૫ કર્મવેદ

[૫૪૭] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાનાવરણ, યાવત્ અંતરાય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! અવશ્ય આઠ કર્મ-પ્રકૃતિઓ વેદે. એમ નૈરયિકથી આરંભી વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે બહુવચન વડે પણ સમજવું. એ રીતે વેદનીય સિવાય યાવત્ અંતરાય સુધી જાણવું. હે ભગવન્ ! જીવ વેદનીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! સાત, આઠ કે ચાર કર્મપ્રકૃતિઓ વેદે. એ પ્રમાણે મનુષ્ય પણ વેદે. બાકીના નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓ વેદે. હે ભગવન્ ! જીવો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! બધા ય આઠ કર્મ વેદનારા અને ચાર કર્મ વેદનારા હોય. અથવા આઠ કર્મ વેદનારા ચાર કર્મ વેદનારા અને એક સાત કર્મ વેદનાર હોય. અથવા આઠ કર્મ વેદનારા ચાર કર્મ વેદનારા અને સાત કર્મ વેદનારા હોય. એ પ્રમાણે મનુષ્યો પણ કહેવા.જૈનમ્ જયતિ શાસનમ્

**પદ-૨૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨૬-કર્મવેદબન્ધ

[૫૪૮] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાનાવરણ, યાવત્ અન્તરાય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત કર્મપ્રકૃતિઓનો બન્ધ કર, આઠ કર્મનો બન્ધ કરે, છ કર્મનો બન્ધ કરે અને એક કર્મનો પણ બન્ધ કરે. હે ભગવન્ ! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત કર્મ બાંધે કે આઠ કર્મ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. મનુષ્ય જીવને પેઠે બાંધે છે. હે ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધાય સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મના બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મના બાંધનારા અને એક એક કર્મનો બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને એક કર્મના બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને એક એક કર્મ બાંધનારો હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધનારા એક અને એક કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા છ કર્મ બાંધનારા અને એક એક કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા છ કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. એ પ્રમાણે આ નવ ભાંગા થાય છે. એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય બાકીનાને વૈમાનિકો સુધી ત્રણ ભાંગા હોય છે. એકેન્દ્રિય સાત કર્મ બાંધનારા અને આઠ કર્મના બાંધનારા હોય. મનુષ્યો જ્ઞાનાવરણીય વેદતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? એ પ્રશ્ન. હે ગૌતમ ! બધા ય સાત કર્મના બાંધનારા હોય. અથવા સાત કર્મના બાંધનારા અને એક આઠ કર્મનો બાંધનારા હોય.અથવા સાત કર્મના બાંધનારા અને આઠ કર્મના બાંધનારા હોય.અથવા સાત કર્મ ના બાંધનારા અને એક છ કર્મનો બાંધનારા હોય. એમ છ કર્મના બાંધનારની સાથે બે ભાંગા જાણવા. અને એક કર્મના બાંધનારી સાથે પણ બે ભાંગા હોય, અથવા સાત કર્મના બાંધનારા એક આઠ કર્મનો બાંધનાર અને એક છ કર્મનો બાંધનાર હોય-ઈત્યાદિ ચાર ભાંગા, અથવા સાત કર્મના બાંધનારા એક આઠ કર્મનો બાંધનાર અને એક કર્મનો બાંધનાર હોય ઈત્યાદિ ચાર ભાંગા. અથવા સાત કર્મ બાંધનારા એક છ કર્મ બાંધનાર અને એક એક કર્મ બાંધનાર હોય-ઈત્યાદિ ચાર ભાંગા. અથવા સાત કર્મના બાંધનારા એક આઠ કર્મ બાંધનારએક છ કર્મ બાંધનાર અને એક એક કર્મ બાંધનારા હોય ઈત્યાદિ આઠ ભાંગા.એ પ્રમાણે એ સત્યાવીશ ભાંગા થાય છે. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણીય વેદતાંકર્મપ્રકૃતિઓનો બંધ કહ્યોતેમદર્શનાવરણીયઅનેઅન્તરાયવેદતાં પણ બન્ધ કહેવો.

હે ભગવન્ ! વેદનીય કર્મ વદેતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! સાત કર્મ બાંધનાર, આઠ કર્મ બાંધનાર, છ કર્મ બાંધનાર એક કર્મ બાંધનાર અને અબન્ધક હોય. એમ મનુષ્ય સંબન્ધે પણ જાણવું. બાકીના નારકાદિ સાત કર્મના બન્ધક અને આઠ કર્મના બન્ધક હોય. એમ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો વેદનીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? હે ગૌતમ ! બધાય સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધાનાર હોય. અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. અબંધકની સાથે પણ બે ભાંગા કહેવા. અથવા સાતા કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા એક છ કર્મ બાંધનાર એન એક અબન્ધક હોય-ઈત્યાદિ ચાર ભાંગા જાણવા. એ પ્રમાણે એ નવ ભાંગા થાય છે. એકેન્દ્રિયોને અભંગક-બીજા ભાંગા થતા નથી. નારકથી માંડી વૈમાનિકો સુધી ત્રણ ભાંગા સમજવા. પરન્તુ મનુષ્યો સંબંધે પ્રશ્ન કરવો બધા ય સાત કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા એક છ કર્મ બાંધનારો એક આઠ કર્મ બાંધનારો અને એક અબંધક હોય-એમ ઉપર પ્રમાણે સત્યાવીશ ભાંગાઓ કહેવો. જેમ વેદનય કહ્યું, તેમ આયુષ, નામ અને ગોત્ર કર્મ સંબન્ધે કહેવું. જેમ જ્ઞાનાવરણીયને વેદતા જેટલી બંધ કહ્યો છે તેમ મોહનીય કર્મ વેદતા કહેવો.

**પદ-૨૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૨૭ કર્મવેદવેદ

[૫૪૯] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ. જ્ઞાનાવરણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ અંતરાય. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! સાત કર્મપ્રકૃતિઓ વેદે કે આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એમ મનુષ્ય સંબન્ધે પણ કહેવું. બાકીના બધા એકવચન અને બહુવચન વડે અવશ્ય આઠ પ્રકૃતિઓ વેદે છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! બધા ય જીવો આઠ કર્મના વેદનારા હોય. અથવા આઠ કર્મના વેદનારા અને એક સાત કર્મનો વેદનાર હોય. અથવા આઠ કર્મના વેદનારા અને સાત કર્મના વેદનારા હોય. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. દર્શનાવરણીય અને અંતરાય સબન્ધે એમ જ કહેવું. વેદનીય, આયુષ, નામ અને ગોત્ર કર્મનો વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! જેમ બંધકવેદનકને વેદનીય કર્મ સંબંધે કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્ ! મોહનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિકો સુધી જાણવું. એમ બહુ-વચનની અપેક્ષાએ પણ સમજવું.

**પદ-૨૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૨૮ આહારપદ

**-: ઉદ્દેશો - ૧ :-**

[૫૫૦-૫૫૧] સચિત્તાહારી, આહારાર્થી, કેટલા કાળે આહાર કરે ? શેનો આહાર કરે ? સર્વતઃ-આહાર કરે ? કેટલામો ભાગ આહાર કરે ? સર્વ પુદ્ગલોનો આ-હાર કરે ? કેવા રૂપે પરિણામ થાય ? એકેન્દ્રિય શરીરાદિનો આહાર કરે ? લોમાહાર અને મનોભક્ષી-એ પદોની વ્યાખ્યા કરવાની છે.

[૫૫૨] હે ભગવન્ ! નૈરયિકો સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી હોય ? હે ગૌતમ ! નૈરયિકો સચિત્તાહારી નથી, મિશ્રાહારી નથી, પણ અચિત્તાહારી છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી વૈમાનિકો સુધી જાણવું. ઔદારિક શરીરવાળા યાવત્ મનુષ્યો ત્રણે આહારી હોય છે. હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી-આહારની ઈચ્છા-વાળા હોય ? હા ગૌતમ ! હોય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા કાળે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોને બે પ્રકારનો આહાર કહ્યો છે. આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત. તેમાં જે અનાભોગ નિર્વર્તિત આહાર છે તે તેઓના પ્રતિ-સમય નિરંતર હોય છે. અને જે આભોગનિર્વર્તિત આહાર છે તે સંબંધે અસંખ્યાત સમયના અન્તર્મુહૂર્ત આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! નૈરયિકો શેનો આહાર કરે છે ? હે ગૌતમ ! દ્રવ્યથી અનન્ત પ્રદેશ-વાળા, ક્ષેત્રની અસંખ્યાતા પ્રદેશોમાં રહેલા, કાળથી કોઈ પણ સ્થિતિવાળા અને ભાવથી વર્ણવાળા, ગન્ધવાળા રસવાળા અને સ્પર્શવાળા પુદ્ગલસ્કન્ધોનો આહાર કરે છે. ભાવથી જે વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે તે શું એક વર્ણવાળા, યાવત્ પાંચવર્ણ-વાળા પુદ્ગલોનો આહાર કરે છે ? હે ગૌતમ ! સ્થાનમાર્ગણા-આશ્રયી એકવર્ણવાળાં, યાવત્ પાંચવર્ણવાળાં પુદ્ગલોનો આહાર કરે છે, અને વિશેષમાર્ગણાને આશ્રયી કાળા-વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્ શુક્લવર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે. વર્ણથી જે કાળાવર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે તે શું એકગુણ કાળાવર્ણવાળા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ દસગુણ કાળાવર્ણવાળા, સંખ્યાત ગુણ, અસંખ્યાતગુણ કે અનન્તગુણ કાળા-વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે ? હે ગૌતમ ! તેમજ છે. આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ અનન્તગુણ શુક્લવર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ ગન્ધ અને રસની અપેક્ષાએ પણ સમજવું. ભાવથી જે સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે તેમાં એક સ્પર્શવાળાનો, બે સ્પર્શવાળાનો અને ત્રણ સ્પર્શ વાળાનો આહાર કરતો નથી, પરન્તુ ચાર સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, યાવત્ આઠ સ્પર્શવાળાનો પણ આહાર કરે છે. વિશેષમાર્ગણાને આશ્રયી કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે, યાવત્ રુક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. સ્પર્શથી બે કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે તે એકગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે, યાવત્ અનન્તગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે ? હે ગૌતમ ! એકગુણ કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે, યાવત્ અનન્તગુણ કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ આઠે સ્પર્શો કહેવા. યાવત્ અનન્તગુણ રુક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. હે ભગવન્ ! જે અનન્તગુણ રુક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે તે શું સ્પૃષ્ટ-પુદ્‌ગલોનો આહાર કરે છે કે નહિ સ્પર્શેલા પુદ્‌ગલોનો આહાર કરે છે ? હે ગૌતમ ! સ્પર્શેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે, પણ નહિ સ્પર્શેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરતો નથી-ઈત્યાદિ જેમ ભાષા ઉદેશકમાં કહ્યું છે તેમ યાવત્ છ દિશામાં રહેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. સામાન્ય કારણથી અપેક્ષાએ વર્ણથી કાળાં અને લીલાં, ગન્ધથી દુર્ગન્ધી, રસથી કડવાં અને સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત અને રુક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. તેઓના પૂર્વના વર્ણગુણ,ગન્ધગુણ,રસગુણ અને સ્પર્શગુણનો વિપરિણામ કરી, પરિપીડન કરી, નાશ કરી, વિધ્વંસ કરી બીજા અપૂર્વ વર્ણગુણ, રસગુણ અને સ્પર્શગુણને ઉત્પન્ન કરી પોતાના શરીરરૂપે ક્ષેત્રમાં રહેલાં પુદ્‌ગલોની સર્વ આત્મા વડે આહાર કરે છે. હે ભગવન્ ! નૈરયિકો સર્વતઃ આહાર કરે છે, સર્વતઃ પરિણમાવે છે, સર્વાત્મા વડે ઉચ્છ્‌વાસ લે છે, સર્વાત્મા વડે નિઃશ્વાસ મુકે છે. વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્‌વાસ લે છે અને વારંવાર નિઃશ્વાસ મુકે છે, કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ પરિણમાવે છે, કદાચિત્ ઉચ્છ્‌વાસ લે છે અને કદાચિત્ નિઃશ્વાસ મુકે છે ? હે ગૌતમ ! એ પ્રમાણે તેજ કહેવું.

હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્‌ગલોના કેટલા ભાગનો ભવિષ્ય કાળે આહાર કરે છે, કેટલા ભાગનો આસ્વાદ કરે છે ? હે ગૌતમ ! અસંખ્યાતમા ભાગનો આહારપણે ઉપયોગ કરે છે અને અનન્તમા ભાગનો આસ્વાદ લે છે. હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે બધા પુદ્‌ગલોનો આહાર કરે છે કે બધા પુદ્‌ગલોનો આહાર કરતો નથી ? હે ગૌતમ ! તે બધા અપરિશેષ પુદ્‌ગલોનો આહાર કરે છે. હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્‌ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? હે ગૌતમ ! તેઓને શ્રોત્રેન્દ્રિય પણે, યાવત્ સ્પર્શેન્દ્રિયપણે, અનિષ્ટપણે, અકાન્તપણે, અપ્રિયપણે, અશુભપણે, અમનોજ્ઞ-પણે, અમનોહરપણે, અનિચ્છનીયપણે, અનભિલાષિતરૂપે, અધોપણે ભારે પણે પણ ઊર્ધ્વપણે-લઘુપણે નહિ, દુખરૂપે પણ સુઃખરૂપે નહિ એવા પ્રકારે એઓને વારંવાર પરિણમે છે.

[૫૫૩] હે ભગવન્ ! અસુરકુમારો આહારની ઈચ્છાવાળા હોય ? હા ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. એ પ્રમાણે જેમ નૈરયિકોને કહ્યું તેમ અસુરકુમારોને પણ કહેવું. તેમાં જે આભોગ-નિર્વર્તિત-છે તે સંબંન્ધે તેઓને જઘન્યથી ચતુર્થ ભક્ત-ઉત્કૃષ્ટ કંઈક અધિક એક હજાર વરસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. સામાન્ય કારણને આશ્રયી વર્ણથી હારિદ્ર અને શુક્લ, ગંધથી સુગંધી, રસથી ખાટા અને મધુર રસવાળા અને સ્પર્શથી મૃદુ,લઘુ,સ્નિગ્ધ અને ઉષ્ણ પુદ્ગલો તથા તેઓના પૂર્વના વર્ણગુણનો વિપરિણામ કરી, વિધ્વંસ કરી યાવત્ સ્પર્શેન્દ્રિયપણે યાવત્ મનોહરપણે ઈચ્છનીયપણે અભિલષિતપણે ઊર્ધ્વપણે-લઘુપણે પણ ભારેપણે નહિ, સુખરૂપે પણ દુખરૂપે નહિ એવો તેઓને વારંવાર પરિણામ થાય છે. બાકી બધું નૈરયિકોની પેઠે સમજવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારોને જાણવું. પરન્તુ ઈચ્છાપૂર્વક આહાર સંબંધે ઉત્કૃષ્ટ દિવસપૃથક્ત્વે-આહારની ઈચ્છા ઉત્પન્ન થાય.

[૫૫૪] હે ભગવન્ ! પૃથિવીકાયિકો આહારની ઈચ્છાવાળા હોય ? હા, આહારની ઈચ્છાવાળા હોય. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા કાળે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેને પ્રતિસમય નિરંતર આહારની ઈચ્છા હોય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકો શેનો આહાર કરે છે ? એ પ્રમાણે જેમ નૈરયિકોને કહ્યું તેમ કહેવું. યાવત્ કેટલી દિશાથી આવેલાં પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે ? હે ગૌતમ ! વ્યાઘાત-છ દિશાથી આવેલાં અને વ્યાઘાતને આશ્રયી કદાચ ત્રણ દિશાથી આવેલાં, કદાચ ચાર દિશાથી આવેલાં અને કદાચ પાંચ દિશાથી આવેલાં પુદ્ગલો દ્રવ્યોનો આહાર કરે છે. પરન્તુ અહીં સામાન્ય કારણ કહેવાનું નથી. વર્ણની અપેક્ષાએ કાળાં, લીલાં, લાલ, પીળાં અને શુક્લ વર્ણવાળાં, ગન્ધની અપેક્ષાએ સુગન્ધી અને દુર્ગન્ધી, રસની અપેક્ષા- એ તાખાં, કડવા, તૂરા, ખાટા અને મધુર રસવાળાં અને સ્પર્શની અપેક્ષાએ કર્કશ, વૃદુ, ગુરુ, લઘુ, શીત,ઉષ્ણ,સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શવાળાં પુદ્ગલો તેઓના પૂર્વના વર્ણગુણોને વિપરિણમાવી-ઈત્યાદિ બધું નૈરયિકોને કહ્યું તેમ કહેવું. યાવત્ કદાચિત્ નિઃશ્વાસ લે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોનો કેટલામો ભાગ ભવિષ્ય કાળે આહાર કરે છે-આહારના પરિણામને યોગ્ય કરે છે અને કેટલા ભાગનો આસ્વાદ લે છે ? હે ગૌતમ ! અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનન્તમા ભાગનો આસ્વાદ લે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકો જે પુદ્ગલોને આહાર-પણે ગ્રહણ કરે છે શું તે બધાનો આહાર કરે છે-આહારના પરિણામને યોગ્ય કરે છે કે બધાનો આહાર કરતો નથી ? જેમ નૈરયિકો સંબન્ધે કહ્યું તેમ કહેવું. હે ભગવન્ ! જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? હે ગૌતમ સ્પર્શેન્દ્રિયના વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું.

[૫૫૫] હે ભગવન્ ! બેઈન્દ્રિયો આહારની ઈચ્છાવાળા હોય ? હા, હોય. હે ભગવન્ ! બેઈન્દ્રિયોને આહારનો અભિલાષ કેટલા કાળે થાય ? હે ગૌતમ ! નૈરયિકોની પેઠે જાણવું. પરન્તુ તેમાં જે આભોગનિર્વર્તિત-કરે છે તે સંબંધે અસંખ્યાત સમય પ્રમાણ અન્તર્મુહૂર્ત ગયે વિવિધ રૂપે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. બાકી બધું પૃથિવી-કાયિકોને કહ્યું તેમ યાવત્ કદાચિત્ નિઃશ્વાસ લે છે ત્યાં સુધી કહેવું. પરન્તુ એટલી વિશે-ષતા છે કે તેઓ અવશ્ય છ દિશાથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે. હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોના કેટલા ભાગનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવિષ્ય કાળે આહારરૂપે કરે છે અને કેટલા ભાગનો આસ્વાદ લે છે-એ પ્રમાણે જેમ નૈરયિકોને કહ્યું તેમ કહેવું. હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે શું તે બધાનો આહાર કરે છે કે બધાનો આહાર કરતો નથી ? હે ગૌતમ ! બેઇન્દ્રિયોને બે પ્રકારનો આહાર રૂપે કહ્યો છે-લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરે છે તે બધાનો સમગ્રપણે આહાર કરે છે. અને જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે તેઓના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનેક હજાર ભાગો સ્પર્શ કર્યા સિવાય કે સ્વાદ લીધા સિવાય નાશ પામે છે. હે ભગવન્ ! સ્વાદ લીધા સિવાયના અને સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલોમાં ક્યા પુદ્ગલો કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પુદ્ગલો સ્વાદ લીધા સિવાયના છે,તેથી સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલો અનન્તગુણા છે. હે ભગવન્ ! બેઇન્દ્રિયો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છેતે તેઓને કેવા રૂપે વારંવાર પરિણમેછે ? હે ગૌતમ ! તેઓને જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધપણે વારંવાર પરિણમે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ તેઓ અનેક હજાર ભોગો સુઘ્યાં સિવાય, સ્વાદ લીધા સિવાય કે સ્પર્શ કર્યા સિવાય નાશ પામે છે. હે ભગવન્ ! સુંઘ્યા સિવાયના, સ્વાદ લીધા સિવાયના કે સ્પર્શ કર્યા સિવાયના એ પુદ્ગલોમાં ક્યા પુદ્ગલો કોનાથી અલ્પ છે ? હે ગૌતમ ! સૌથી થોડા પુદ્ગલો સુઘ્યાં સિવાયના છે. તેથી સ્વાદ લીધા સિવા યના પુદ્ગલો અનન્તગુણા છે, તેથી સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલો અનન્તગુણા છે.

હે ભગવન્ ! તેઇન્દ્રિયો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા રૂપે પરિણમે છે ? હે ગૌતમ ! તે પુદ્ગલો ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે. ચઉરિન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયની વિમાત્રા-વિવિધ રૂપે તે પુદ્ગલો વારંવાર પરિણમે છે. બાકી બધું તેઇન્દ્રિયોની પેઠે જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો તેઇન્દ્રિયોની પેઠે સમજવા. પરન્તુ તેમાં જે આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વક આહાર કરે છે તે સંબન્ધે જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટ બે દિવસે કેઓને આહારની ઇચ્છા થાય છે. પંચેન્દ્રિય તિર્યંચો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેને કેવા રૂપે પરિણમે છે ? હે ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, બિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે. મનુષ્યો પણ એમજ સમજવા. પરન્તુ આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ દિવસ આહરની ઇચ્છા થાય છે. વ્યન્તરો નાગકુમારની પેઠે જાણવા. એમ જ્યોતિષિક દેવો પણ જાણવા. પણ આભોગ-નિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસપૃથક્ત્વે-અને ઉત્કૃષ્ટથી પણ દિવસપૃથક્ત્વે આહારની ઇચ્છા થાય છે. એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા. પરન્તુ આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસ પૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી તેત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. બાકી બધું અસુરકુમારોની પેઠે -યાવત્ -એઓને વારંવાર પરિણમે છે-ત્યાં સુધી જાણવું.

સૌધર્મ દેવલોકમાં આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસ પૃથક્ત્વે અને ઉત્કૃષ્ટ બે હજાર વરસે આહારાભિલાષ થાય છે. ઈશાન દેવલોક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી સંબન્ધે જઘન્યથી દિવસપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. સનત્કુમાર દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્યથી બે હજાર વરસે અને ઉત્કૃષ્ટથી સાત હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. માહેન્દ્ર દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય સાત હજાર વરસે અને ઉત્કૃષ્ટ હસ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. બ્રહ્મલોક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સાત હજાર વરસે અને ઉત્કૃષ્ટ દસ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. લાંતક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વરસે અને ઉત્કૃષ્ટ ચૌદ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. મહાશુક્ર દેવ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય ચૌદ હજાર વરસે અને ઉત્કૃષ્ટ સત્તર હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. સહસ્રાર દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય સત્તર હજાર વરસે અને ઉત્કૃષ્ટ અઢાર હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. આનત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અઢાર હજાર વરસે અને ઉત્કૃષ્ટ ઓગણીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. પ્રાણત સંબન્ધે પ્રશ્ન. જઘન્ય ઓગ-ણીશ હજાર વરસે અને ઉત્કૃષ્ય વીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. આરણ દેવ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી વીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ એકવીશ હજાર આહારની ઈચ્છા થાય છે. અચ્યુત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એકવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે.

નીચેની ત્રિકના ગ્રૈવેયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય બાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટે તેવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. એ પ્રમાણે બધે [જેટલા સાગરોપમનું આયુષ હોય] તેટલા હજાર વરસો સર્વાર્થસિદ્ધ સુધી કહેવા. નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય તેવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ ચોવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય ચોવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ પચીશ હજાર વરસે તેઓને આહારની ઈચ્છા થાય છે. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય ચોવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ પચીશ હજાર વરસે આહાર ની ઈચ્છા થાય છે. મધ્યમ ત્રિકના નીચેના ગ્રૈવેયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય પચીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ છવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય છવ્વીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ સત્યાવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. મધ્યમ ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્ય સત્યાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ અઠયાવીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અઠયાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ ઓગણ-ત્રીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય ઓગણત્રીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ ત્રીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. ઉપરની ત્રિકના ગ્રૈવેયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય ત્રીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ એકત્રીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય એકત્રીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટ તેત્રીશ હજાર વરસે આહારની ઈચ્છા થાય છે. સર્વાર્થસિદ્ધ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય તેત્રીશ હજાર વરસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહારની ઈચ્છા થાય છે.

[૫૫૬] હે ભગવન્ ! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરોનો આહાર કરે કે યાવત્ પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે ? હે ગૌતમ ! પૂર્વ ભાવની પ્રજ્ઞાપનાને અનુસરી અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! પૂર્વભાવની પ્રજ્ઞાપનાને આશ્રયી એમ જ સમજવું. પ્રત્યુત્પન્ન વર્તમાન ભાવની પ્રજ્ઞાપનાની અપેક્ષાએ અવશ્ય એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. બેઈન્દ્રિયો પૂર્વભાવની પ્રજ્ઞાપનાને આશ્રયી એમજ જાણવા. અને પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી અવશ્ય બેઈન્દ્રિય શરીરનો આહાર કરે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી પૂર્વભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી જાણવું. અને પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી અવશ્ય જેને જેટલી ઈન્દ્રિયો હોય તે તેટલી ઈન્દ્રિયાવાળા શરીરોનો આહાર કરે છે. બાકી બધું નૈરયિકોની પેઠે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો લોમાહાર- વાળા છે કે પ્રક્ષેપાહારવાળા છે ? હે ગૌતમ ! લોમાહારવાળા છે પણ પ્રક્ષેપાહારવાળા નથી. એ પ્રમાણે એકેન્દ્રિયો અને સર્વ દેવો કહેવા. બેઈન્દ્રિયો યાવત્ મનુષ્યો લોભાહાર વાળા પણ હોય છે અને પ્રક્ષેપાહારવાળા પણ હોય છે.

[૫૫૭] હે ભગવન્ ! નૈરયિકો ઓજઆહારવાળા અને મનોભક્ષી હોય છે ? હે ગૌતમ ઓજહારવાળા હોય છે પણ મનોભક્ષી હોતા નથી. એમ બધા ઔદારિક શરીરવાળા પણ જાણવા. વૈમાનિક સુધીના બધા દેવો ઓજઆહારવાળા અને મનોભક્ષી હોય છે. તેઓમાં જે મનોભક્ષી દેવો છે તેઓને 'અમે મન વડે ભક્ષણ કરવાને ઈચ્છીએ છીએ.' એવું ઈચ્છાપ્રધાન મન થાય છે. તે દેવો જ્યારે એવો વિચાર કરે છે ત્યારે તુરત જ જે પુદ્ગલો ઈષ્ટ, કાન્ત યાવત્ મનને અનુકૂલ છે તે તેઓને મનોભક્ષણ રૂપે પરિણમે છે. જેમ શીત પુદ્ગલો શીતયોનિવાળા જીવને આશ્રયી શીત રૂપે પરિણમીને રહે છે, ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા જીવને આશ્રયી ઉષ્ણરૂપે થઈને રહે છે, એમ તે દેવો મનોભક્ષણ કરે છે ત્યારે તેઓનું આહારનું ઈચ્છાપ્રધાન મન નિવૃત્ત-શાંત થાય છે.

**૫૬-૨૮ ઉદ્દેસો-૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેશકઃ-૨

[૫૫૮] આહાર, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ.

[૫૫૯-૫૬૦] હે ભગવન્ ! જીવ શુંઆહારક હોય કેઅનાહારક હોય ? કદાચઆહારક હોય અને કદાચ અનાહારક હોય. હે ભગવન્ ! નૈરયિક શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે અસુરકુમાર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! સિદ્ધ શું આહારક છે કે અનાહારક છે ? હે ગૌતમ ! આહારક નથી, પણ અનાહારક છે. હે ભગવન્ ! જીવો શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. નૈરયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! બધા ય આહારક હોય, ૨ અથવા બધા આહારક હોય અને એક અનાહારક હોય, અથવા ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. પરન્તુ એકેન્દ્રિયો જીવોની પેઠે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવા. સિદ્ધો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓ આહારક નથી પણ અનાહારક છે. હે ભગવન્ ! ભવસિદ્ધિક (ભવ્ય) જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! ભવસિદ્ધિ જીવો શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અભવસિદ્ધ (અભવ્ય) જીવ પણ એમજ સમજવો. હે ભગવન્ ! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! આહારક ન હોય પણ અનાહારક હોય. એમ સિદ્ધ સંબન્ધે પણ જાણવું. નોભવસિદ્ધિ-નોઅભવસિદ્ધિ જીવો શું આહારક હોય કે અનાહારક હોય ? આહારક ન હોય પણ અનાહારક હોય. એમ સિદ્ધો પણ જાણવા.

[૫૬૧] હે ભગવન્ ! સંજ્ઞી જીવ આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિય સંબન્ધે પ્રશ્ન ન કરવો. હે ભગવન્ ! સંજ્ઞી જીવો શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા વૈમાનિકો સુધી જાણવા. હે ભગવન્ ! અસંજ્ઞી જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વ્યન્તર સુધી જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિક સંબન્ધે પ્રશ્ન ન કરવો. હે ભગવન્ ! અસંજ્ઞી જીવો શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! તેઓ આહારક પણ હોય અને અનાહારક પણ હોય-એ એક ભંગ જાણવો. હે ભગવન્ ! અસંજ્ઞી નારકો આહારક હોય અનાહારક હોય ? બધા આહારક હોય, બધા અનાહારક હોય, અથવા એક આહારક હોય અને એક અનાહારક હોય, અથવા એક અનાહારક હોય અને ઘણા અનાહારક હોય, અથવા ઘણા આહારક હોય અને એક અનાહારક હોય, અથવા ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય. એ પ્રમાણે છ ભાંગા જાણવા. એ પ્રમાણે સ્તનિત કુમારો સુધી જાણવું. એકેન્દ્રિયોમાં બીજા ભાંગાઓ થતા નથી. બેઇન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભાંગાઓ તથા મનુષ્ય અને વ્યન્તરોમાં છ ભાંગા જાણવા. નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? કદાચ અહારક હોય અને કદાચ અનાહારક હોય. એમ મનુષ્ય સંબન્ધે પણ જાણવું. સિદ્ધ અનાહારક હોય. બહુવચન યુક્ત નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો આહારક પણ હોય અને અનાહારક પણ હોય. મનુષ્યને વિશે ત્રણ ભાંગા હોય છે. અને સિદ્ધો અનાહારક હોય છે.

[૫૬૨] હે ભગવન્ ! લેશ્યાસહિત જીવ આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! લેશ્યાસહિત જીવો આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. એમ કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યા વાળા અને કાપોતલેશ્યાવાળાને પણ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. તેજોલેશ્યામાં પૃથિવી અપ્ અને વનસ્પતિકાયિકોને છ ભાંગા અને બાકીના જેઓને તેજોલેશ્યા છે તેઓને જીવાદિ સંબન્ધી ત્રણ ભાંગા જાણવા. પદ્મલેશ્યા અને શુક્લ-લેશ્યામાં જીવાદિ સંબન્ધી ત્રણ ભાંગા સમજવા. લેશ્યારહિત છે તેઓને જીવાદિ સંબન્ધી ત્રણ ભાંગા જાણવા. પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં જીવાદિ સંબન્ધી ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાંગા સમજવા. લેશ્યારહિત જીવો, મનુષ્યો અને સિદ્ધો હોય છે અને તે એકવચન અને બહુવચનની અપેક્ષાએ પણ આહાર નથી, પણ અનાહારક છે.

[૫૬૩] હે ભગવન્ ! સમ્યગ્દષ્ટિ જીવો આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોને છ ભાંગા હોય છે. સિદ્ધો અનાહારક હોય છે, બાકીના જીવોને ત્રણ ભાંગા હોય છે. મિથ્યાદષ્ટિ વિશે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. હે ભગવન્ ! સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! આહારક હોય, પણ અનાહારક હોય. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી જાણવું. એમ અપેક્ષાએ પણ જાણવું.

[૫૬૪] હે ભગવન્ ! સંયત જીવ શું આહારક હોય કે અનાહારક હોય ? ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય, એ પ્રમાણે મનુષ્ય સબન્ધે પણ કહેવું. બહુવચનની અપેક્ષાએ ત્રણ ભાંગા જાણવા. અસંયત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. સંયતાસંયત જીવ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્ય હોય છે અને તે એકવચન અને બહુવચન વડે પણ આહારક હોય છે પણ અનાહારક હોતા નથી. નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત જીવ અને સિદ્ધ છે અને તે એકવચન અને બહુવચન વડે પણ આહારક નથી, પણ અનાહારક છે.

[૫૬૫] હે ભગવન્ ! સકષાયી જીવ આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. ક્રોધ કષાયવાળા જીવાદિને વિશે એમજ સમજવું, પરન્તુ જેવોમાં છ ભાંગા હોય છે. માન કષાયવાળા અને માયાકષાયવાળા દેવ અને નારકોને વિશે છ ભાંગા અને બાકીના સ્થાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. લોભકષાયવાળા નારકોને છ ભાંગા અને બાકીના સ્થાનોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અકષાયી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પેઠે કહેવા.

[૫૬૬] જ્ઞાની સમ્યગ્દષ્ટિની જેમ જાણવો. આભિનિબોધિક જ્ઞાની અને શ્રુત જ્ઞાની બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉન્દ્રિયને વિષે છ ભાંગા સમજવા. બાકીના જીવો વિશે જેઓને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે તેઓને જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા. અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચયોનિકો આહારકો હોય છે પણ અનાહારક હોતા નથી. બાકીના જીવોમાં જેઓને અવધિજ્ઞાન છે તેઓને જીવાદિ સંબન્ધએ ત્રણ ભાંગા જાણવા. મનઃપર્યવજ્ઞાની જીવો અને મનુષ્યો એકવચન અને બહુવચન વડે પણ આહારક છે પણ અનાહારક નથી. કેવલીજ્ઞાની નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પેઠે જાણવા.

[૫૬૭] સયોગીને વિશે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. મનયોગી અને વચનયોગી સમ્યગ્મિથ્યાદષ્ટિની જેમ કહેવા. પરન્તુ વચનયોગ વિકેલેન્દ્રિયોને પણ કહેવો. કાયયોગીને વિશે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા હોય છે. અયોગી જીવ, મનુષ્ય અને સિદ્ધ અનાહારક જાણવા.

[૫૬૮] સાકાર અને અનાકાર ઉપયોગવાળામાં જીવ અને એકેન્દ્રિય સિવાય

જૈન સાઈટ JAINSITE.com સમ્યગ્ જ્ઞાન સાધનમ્

ત્રણ ભાંગા જાણવા. સિદ્ધો અનાહારક હોય છે.

[૫૬૯] વેદસહિત જીવને વિશે અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા, સ્ત્રીવેદ અને પુરુષ વેદમાં જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા અને નપુંસકવેદમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. વેદરહિત જીવ કેવલજ્ઞાનીની પેઠે જાણવો.

[૫૭૦] સશરીરીજીવને એકેન્દ્રિય સિવાય ત્રણભાંગા કહેવા. ઔદારિક શરીરી જીવ અને મનુષ્યોમાં ત્રણભાંગા સમજવા. બાકીના જીવો જેઓને ઔદારિક શરીર છે તેઓ આહારક હોય છે, અનાહારક હોતા નથી. વૈક્રિયશરીરી અને આહારક શરીરી જેઓને વૈક્રિય અને આહારક શરીર છે તેઓ આહારક હોય છે પણ અનાહારક હોતા નથી. તૈજસકાર્મણ શરીરવાળાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અશરીરી-જીવો અને અને સિદ્ધો આહારક નથી પણ અનાહારક છે.

[૫૭૧] આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વોસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા મન પર્યાપ્તિ એ પાંચે પર્યાપ્તિઓમાં જીવ અને મનુષ્ય પદને આશ્રયી ત્રણ ભાંગા જાણવા. બાકીના જીવો આહારક હોય છે પણ અનાહારક હોતા નથી. ભાષા અને મનઃપર્યાપ્તિ પંચેન્દ્રિયોને હોય છે. બીજાને નથી. આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્તો એકવચન અને બહુવચનની અપેક્ષાએ પણ આહારક નથી, પણ શરીરપર્યાપ્તિ વડે અપ-ર્યાપ્ત કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. ઉપરની ચારે અપર્યાપ્તિ ઓમાં નારક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે. બાકીના પદોમાં જીવ અને એકે ન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. ભાષા મનપર્યાપ્તિ વડે પર્યાપ્તા જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભાંગા,નારક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા કહેવા. સર્વ પદોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ જીવાદિ દંડકો પ્રશ્ન વડે કહેવા. જેને જે હોય છે તેને તેનો પ્રશ્ન કરવો. જેને જે નથી, તેનો પ્રશ્ન ન કરવો. યાવત્ ભાષા મનપર્યાપ્તિ વડે અપર્યાપ્તા દેવ અને મનુષ્યોમાં છ ભાંગા અને બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા.

**પદ-૨૮ ઉદ્દેશોઃ-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૨૯ ઉપયોગ

[૫૭૨] હે ભગવન્ ! કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્ ! સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનો. આભિનિબોધિકજ્ઞાન સાકારોપયોગ, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન સાકારોપયોગ. હે ભગવન્ ! અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો. ચક્ષુદર્શન અનાકાર ઉપયોગ, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવલ-દર્શન. એ પ્રમાણે જીવોને કહેવું.

હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે?હે ગૌતમ !બે પ્રકારનો. સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્ ! નૈરયિકોને સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! છ પ્રકારનો. મતિજ્ઞાન સાકારોપયોગ, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન. હે ભગવન્ ! નૈરયિકોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો. ચક્ષુદર્શન અનાકારો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પયોગ, અચક્ષુદર્શન, અવધિદર્શન. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવી-કાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે. સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. પૃથિવીકાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! બે પ્રકારનો છે. મતિ-અજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાન.પૃથિવીકાયિકોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યોછે ? હે ગૌતમ ! એક અચક્ષુદર્શનરૂપે અનાકાર ઉપયોગ કહ્યો છે. એ પ્રમાણે વનસ્પતિ-કાયિકો સુધી જાણવું. બેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે. સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્ ! બેન્દ્રિયોને સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો. આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. બેઇન્દ્રિયોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! એક અચક્ષુદર્શનરૂપે અનાકાર ઉપયોગ છે. એ પ્રમાણે તેઇન્દ્રિયોને જાણવું. ચઉરિન્દ્રિયોને એમજ જાણવું. પરન્તુ તેને અનાકાર ઉપયોગ બે પ્રકારનો કહ્યો છે. ચક્ષુદર્શન અનાકારોપયોગ અને અચક્ષુદર્શન અનાકારોપયોગ. પંચેન્દ્રિય તિર્યંચોને નૈરયિકોની પેઠે કહેવું. મનુષ્યોને જેમ સામાન્ય ઉપયોગ સંબન્ધે કહ્યું છે તેમજ કહેવું. હે ભગવન્ ! વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને કેટલા પ્રકારના ઉપયોગ હોય ? નૈરયિકોની જેમ જાણવું. હે ભગવન્ ! જીવો શું સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગ વાળા છે ? હે ગૌતમ ! બંને છે. જે હેતુથી જીવો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાનના ઉપ યોગવાળા હોય છે તે હેતુથી જીવો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી જીવો અનાકાર ઉપયોગવાળા છે. હે ભગવન્ ! નૈરયિકો સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગવાળા છે ? હે ગૌતમ ! બંને છે. જે હેતુથી નૈરયિકો આભિનિબોધિ- કજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના ઉપયોગ વાળા હોય છે તે હેતુથી નૈરયિકો સાકાર ઉપયોગવાળા હોય છે. જે હેતુથી નૈરયિકો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી નૈરયિકો અનાકાર ઉપયોગવાળા હોય છે, એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકા- યિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેમજ કહેવું. યાવત્ જે હેતુથી પૃથિવીકાયિકો મતિ- અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી પૃથિવીકાયિકો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી પૃથિવીકાયિકો અચક્ષુદર્શનના ઉપયોગવાળા છે તે હેતુથી પૃથિવીકાયિકો અનાકાર ઉપયોગવાળા છે, એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્ ! બેઇન્દ્રિયોના તેમજ પૃચ્છા કરવી. હે ગૌતમ ! યાવત્ જે હેતુથી બેઇન્દ્રિયો આભિનિ-બોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ઉપયોગવાળા છે તે હેતુથી બેઇન્દ્રિયો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી બેઇન્દ્રિયો અચક્ષુદર્શનના ઉપ- યોગ વાળા છે તે હેતુથી અનાકાર ઉપયોગવાળા છે. તે માટે હે ગૌતમ ! હું એમ કહું છું. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ ચઉરિન્દ્રિયોને ચક્ષુદર્શન અધિક કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે અને મનુષ્યો જીવોની પેઠે સમજવા. વ્યન્તર, જ્યોતિ-ષિક અને વૈમાનિકો નૈરયિકોની જેમ જાણવા.

**પદ-૨૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પદ-૩૦ પશ્યત્તા

[૫૭૩] હે ભગવન્ ! કેટલા પ્રકારે પશ્યત્તા-સ્પષ્ટ દર્શનરૂપે બોધ કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારે. સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. હે ભગવન્ ! સાકાર પાસણયા કેટલા પ્રકારે કહી છે ? હે ગૌતમ ! છ પ્રકારની. શ્રુતજ્ઞાનપાસણયા, અવધિ-જ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનપાસણયા. હે ભગવન્ ! અનાકારપાસણયા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની છે- ચક્ષુદર્શન અના-કારપાસણયા, અવધિદર્શન, કેવલદર્શન. એ પ્રમાણે જીવોને પણ કહેવું. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારની પાસણયા હોય છે ? હે ગૌતમ ! બે પ્રકારની. તે આ પ્રમાણે-સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. હે ભગવન્ ! નૈરયિકોને સાકાર પાસણયા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! ચાર પ્રકારની છે. શ્રુતજ્ઞાનપાસણયા, અવધિજ્ઞાનપાસણયા, શ્રુતઅજ્ઞાનપાસણયા અને વિભંગજ્ઞાનપાસણયા. હે ભગવન્ ! નૈરયિકોને અનાકારપાસણયા કેટલા પ્રકારની છે?હે ગૌતમ ! બે પ્રકારની છે. ચક્ષુદર્શન-પાસણયા અને અવધિદર્શન પાસણયા. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારની પાસણયા હોય છે ? હે ગૌતમ ! તેઓને એક શ્રુતઅજ્ઞાનસાકારપાસણયા હોય છે.એમ વનસ્પતિકાયિકોને સુધીજાણવું.હેભગવન્ ! બેઇન્દ્રિયો કેટલા પ્રકારની પાસણયા હોય છે ? હે ગૌતમ ! એક સાકાર પાસણયા હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિયોને પણ જાણવું. ચઉન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને પાસણાય-બે પ્રકારની કહી છે. સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. સાકાર પાસણયા બેઇન્દ્રિયોને કહી છે તેમ કહેવી.

હે ભગવન્ ! ચઉરિન્દ્રિયોને અનાકાર પાસણયા કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! એક ચક્ષુદર્શનરૂપે અનાકાર પાસણયા હોય છે. મનુષ્યોને જીવોની પેઠે કેહવું. બાકીના નૈરયિકોની જેમ વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! જીવો શું સાકારપશ્યત્તાવાળા છે કે અનાકાર પશ્યત્તાવાળા છે ? હે ગૌતમ ! જીવો સાકાર પશ્યત્તાવાળા પણ છે અને અનાકાર પશ્યત્તાવાળા પણ હોય છે. જે હેતુથી જીવો શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃ-પર્યતવજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની છે તે હેતુથી સાકારપશ્યત્તાવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવલદર્શની છે તે હેતુથી જીવો અનાકાર પશ્યત્તાવાળા છે. હે ભગવન્ નૈરયિકો સાકારપશ્યત્તાવાળા છે કે અનાકાર પશ્યત્તા-વાળા છે ? હે ગૌતમ ! એમજ જાણવું. પરન્તુ સાકારપશ્યત્તામાં મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની ન કહેવા. અને અનાકારપશ્યત્તામાં કેવલદર્શન નથી. એ પ્રમાણે સ્તનિત કુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પૃથિવીકાયિકો સાકાર પશ્યત્તાવાળા હોય છે પણ અનાકારપશ્યત્તાવાળા નથી. પૃથિવીકાયિકોને એક શ્રુત-અજ્ઞાનરૂપે સાકારપશ્યત્તા કહી છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઇ-ન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ સાકારપશ્યત્તાવાળા છે, પણ અનાકાર-પશ્યત્તાવાળા નથી. બેઇન્દ્રિયો બે પ્રકારની સાકારપશ્યત્તા કહી છે. જેમકે શ્રુતજ્ઞાન સાકારપશ્યત્તા અને શ્રુતઅજ્ઞાન સાકારપશ્યત્તા, એ પ્રમાણે તેઇન્દ્રિયોને પણ જાણવું. ચઉરિન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! ચઉરિન્દ્રિયો સાકારપશ્યત્તાવાળા પણ હોય છે અને અનાકારપશ્યત્તાવાળા પણ હોય છે. જે હેતુથી ચઉરિન્દ્રિયો શ્રુતજ્ઞાની કે શ્રુત-

અજ્ઞાની છે તે હેતુથી ચઉરિન્દ્રિયો સાકારપશ્યત્તાવાળા છે. જે હેતુથી ચઉરિન્દ્રિયો ચક્ષુદર્શની છે તે હેતુથી ચઉરિન્દ્રિયો અનાકારપશ્યત્તાવાળા છે. મનુષ્યો જીવોની પેઠે અને બાકીના નૈરયિકોની પેઠે વૈમાનિકો સુધી જાણવા.

[૫૭૪] હે ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથિવીને આકારો વડે, હેતુઓ વડે, ઉપમા વડે, દષ્ટાંતો વડે, વર્ણ વડે, સંસ્થાન વડે, પ્રમાણ વડે અને પ્રત્યવતાર વડે જે સમયે જાણે છે તે સમયે દેખે છે ? અને જે સમયે દેખે છે તે સમય જાણે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તેનું જ્ઞાન સાકાર હોય છે અને દર્શન અનાકાર હોય છે, તે હેતુથી યાવત્ તે સમયે જાણતા નથી. એ પ્રમાણે નીચેની સાતમી નરકપૃથિવી સુધી જાણવું. એમ સૌધર્મ દેવલોક યોવત્ અચ્યુત દેવલોક, ગ્રૈવેયક વિમાનો, અનુત્તર વિમાનો, ઈષત્પ્રાગ્ભારા પૃથિવી, પરમાણુગ્દલ, દ્વિપ્રદેશિક સ્તન્ધ, યાવત્ પ્રદેશિક સ્કન્ધ સંબન્ધે કહેવું. હે ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે, અહેતુ વડે, અનુપમા વડે, અદષ્ટાન્ત વડે, અવર્ણ વડે, અસંસ્થાન વડે, અપ્રમાણ વડે અને અપ્રત્યવતાર વડે દેખે છે, જાણતો નથી ? હા ગૌતમ ! કેવલીજ્ઞાની આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે યાવત્ દેખે છે, પણ જાણતો નથી. તેઓને દર્શન અનાકાર હોય છે અને જ્ઞાન સાકાર હોય છે, એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારાપૃથિવી પરમાણુપુદ્ગલ, અનન્તપ્રદેશિકસ્કન્ધને દેખે પણ ન જાણે .

**પદ-૩૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૩૧ સંજ્ઞીપદ

[૫૭૫-૫૭૬] હે ભગવન્ ! જીવો શું સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોય ? હે ગૌતમ ! ત્રણે હોય નૈરયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! નૈરયિકો સંજ્ઞી પણ હોય. અને અસંજ્ઞી પણ હોય. પણ નોસંજ્ઞી -નોઅસંજ્ઞી ન હોય. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો જાણવા. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી છે, અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી નથી. એ પ્રમાણે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ જાણવા. મનુષ્યો જીવોની પેઠે જાણવા. પંચેન્દ્રિય તિર્યઞ્ચો અને વ્યન્તરો નૈરયિકની જેમ સમજવા. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞી છે, અસંજ્ઞી નથી, તેમ નોસંજ્ઞી-નોઅસંજ્ઞી નથી. સિદ્ધો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, પણ નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે. "નારક, તિર્યંચ, મનુષ્યો, વ્યન્તર અને અસુરાદિ સંજ્ઞી અને અસંજ્ઞી છે. વિકલેન્દ્રિયો અસંજ્ઞી છે. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞી છે.

**પદ-૩૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૩૨ સંયત

[૫૭૭-૫૭૮] હે ભગવન્ ! જીવો શું સંયત, અસંયત, સંયતાસંયત કે નોસંયત નોઅસંયત છે ? હે ગૌતમ ! જીવો હે ભગવન્ ! નૈરયિકો-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! નૈરયિકો સંયત નથી, અસંયત છે, સંયતાસંયત નથી, તેમ નોસંયત-નોસંયતાસંયત પણ નથી. એ પ્રમાણે યાવત્ ચઉરન્દ્રિયો સુધી જાણવું પંચેન્દ્રિય તિર્યંચો સબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો સંયત નથી, અસંયત છે, સંયતાસંયત છે, પણ નોસંયત નોસંયતાસંયત નથી. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! મનુષ્યો સંયત પણ છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંયત પણ છે, સંયતાસંયત પણ છે, પણ નોસંયત-નોઅસંયત નથી. વ્યન્તર, જ્યોતિ-ષિક અને વૈમાનિકો નૈરયિકોની જેમ જાણવા. સિદ્ધો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સિદ્ધો સંયત નથી, અસંયત નથી, સંયતાસંયત નથી, પણ નોસંયત-નોઅસંયત નોસંયતાસંયત છે. જીવો તેમજ મનુષ્યો સંયત, અસંયત અને મિશ્ર-સંયતસંયત હોય છે. તિર્યંચો સંયતારહિત છે અને બાકીના જીવો અસંયત છે.

**પદ-૩૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પદ-૩૩-અવધિપદ

[૫૭૯] અવધિજ્ઞાનના ભેદ, વિષય, સંસ્થાન, અભ્યન્તરાવધિ, બાહ્યાવધિ, દેશાવધિ, ક્ષય-હીયમાન અવધિ, વૃદ્ધિ-વર્ધમાન અવધિ, પ્રતિપાતિ અને અપ્રતિપાતી એ તેત્રીશમા પદમાં દશ દ્વારો છે.

[૫૮૦] હે ભગવન્ ! કેટલા પ્રકારે અવધિજ્ઞાન કહ્યું છે. હે ગૌતમ ! બે પ્રકારે. ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક. બેને ભવપ્રત્યયિક અવધિ છે. દેવો અને નારકોને, અને બેને ક્ષાયોપશમિક અવધિ છે. મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોને.

[૫૮૧] હે ભગવન્ ! નૈરયિકો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાન વડે જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્યથી અરધો ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ પ્રમાણ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ પ્રમાણ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. શર્કરાપ્રભાના નૈરયિકો જઘન્ય ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ અવધિ-જ્ઞાન વડે જાણે છે અને દેખે છે. વાલુકાપ્રભાના નૈરયિકો જઘન્ય અઢી ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. પંકપ્રભાપૃથિવીના નૈરયિકો જઘન્ય બે ગાઉ અને ઉત્કૃષ્ટ અઢી ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો જઘન્ય દોઢ ગાઉ અને ઉત્કૃષ્ટ બે ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. તમઃપ્રભાપૃથિવીના નૈરયિકો જઘન્ય ગાઉ અને ઉત્કૃષ્ટ દોઢ ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે. નીચેની સાતમી નરકપૃથિવી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! જઘન્ય અર્ધ ગાઉ અને ઉત્કૃષ્ટ એક ગાઉ અવધિજ્ઞાનવડે જાણે છે અને દેખે છે.

હે ભગવન્ ! અસુરકુમારો અવધિજ્ઞાનવડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય પચીશ યોજન, અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોને અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. નાગકુમારો જઘન્ય પચીશ યોજન અને ઉત્કૃષ્ટ સંખ્યાતા દ્વીપ-સમુદ્રોને અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનવડે જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો જાણે છે અને દેખે છે. હે ભગવન્ ! મનુષ્યો અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અલોકમાં લોકપ્રમાણમાત્ર અસં-ખ્યાતા ખંડોને અવધિ વડે જાણે છે અને દેખે છે. વ્યન્તરો નાગકુમારની પેઠે જાણવા.

હે ભગવન્ ! જ્યોતિષિકો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનવડે જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય સંખ્યાતા દ્વીપ-સમુદ્રો અને ઉત્કૃષ્ટ પણ સંખ્યાતા દ્વીપ-સમુદ્રોને જાણે અને દેખે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ ! સૌધર્મ દેવો કેટલું ક્ષેત્ર અવધિવડે જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ આ રત્નપ્રભાના ચરમ ભાગને, તીરછું અસંખ્યાતા દ્વીપસમુદ્ર પર્યન્ત અને ઊર્ધ્વ ઉપર પોતપોતાના વિમાનો સુધી અવધિજ્ઞાન વજે જાણે છે અને દેખે છે. એમ ઈશાનદેવો પણ જાણવા. સનત્કુમાર દેવો પણ એમજ સમજવા, પરન્તુ નીચે બીજી શર્કરાપ્રભા પૃથિવીના નીચેના ચરમભાગ સુધી જાણે અને દેખે. એમ દેવો પણ જાણવા. બ્રહ્મલોક અને લાન્તક દેવો ત્રીજી વાલુકા પ્રભા પૃથિવીના નીચેના ચરમ ભાગને જાણે છે. મહાશુક્ર અને સહસ્રાર દેવો ચોથી પંકપ્રભા પૃથિવીના નીચેના ચરમાન્તને જાણે છે અને દેખે છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવો નીચે પાંચમી નરકપૃથિવીના નીચેના ચરમ ભાગ સુધી જાણે છે અને દેખે છે. નીચેના અને મધ્યમ ત્રિકના ગ્રૈવેયક દેવો નીચે છઠ્ઠી તમાપૃથિવીના નીચેના ચરમ ભાગ સુધી જાણે છે. હે ભગવન્ ! ઉપરના ગ્રૈવેયક દેવો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જાણે અને દેખે ? હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચેની સાતમી નરકપૃથિવીના નીચેના ચરમાન્ત સુધી, તીરછું અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર પર્યન્ત અને ઉપર પોતપોતાના વિમાનો સુધી અવધિજ્ઞાન વડે જાણે છે. હે ભગવન્ ! અનુત્તરૌપપાતિક દેવો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાન વજે જાણે અને દેખે ? ગૌતમ ! સંપૂર્ણ લોકનાડીને અવધિવડે જાણે છે અને દેખે છે.

[૫૮૨] હે ભગવન્ ! નૈરયિકોને અવધિજ્ઞાન કેવા સંસ્થાન-આકારવાળું હોય ? હે ગૌતમ ! ત્રાપાના આકાર જેવું. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પાલાના જેવા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! અનેક પ્રકારના આકારવાળું છે. એ પ્રમાણે મનુષ્યોને પણ જાણવું. વ્યન્તરો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પટહના-જેવું સંસ્થાન છે. જ્યોતિષિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેનો આકાર ઝાલરના જેવો છે. સૌધર્મ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેનો આકાર ઉભા રહેલા મૃદંગના જેવો છે. એ પ્રમાણે યાવત્ અચ્યુત દેવો સુધી જાણવું. ગ્રૈવેયક દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેનો આકાર પુષ્પની ચંગેરી જેવો છે. અનુત્તરૌપપાતિક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેના અવધિજ્ઞાનનો આકાર જવનાલિકા-જેવો છે.

[૫૮૩] હે ભગવન્ ! નૈરયિકો અવધિજ્ઞાનના અન્તઃમધ્યવર્તી હોય છે કે બહાર હોય છે ? હે ગૌતમ ! તેઓ અન્તઃમધ્યવર્તી હોય છે, પણ બહાર હોતા નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ અવધિના અન્તઃમધ્યવર્તી પણ હોય છે અને બહાર પણ હોય છે. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ અવધિના અન્તઃમધ્યવર્તી પણ હોય છે અને બાહ્ય પણ હોય છે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકોની પેઠે જાણવું. હે ભગવન્ ! નૈરયિકોને દેશાવધિ હોય છે કે સર્વાવધિ હોય છે ? હે ગૌતમ ! દેશાવધિ હોય છે, પણ સર્વાવધિ હોતું નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને દેશાવધિ હોય છે પણ સર્વાવધિ હોતું નથી. મનુષ્યો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને દેશાવધિ પણ હોય છે અને સર્વાવધિ પણ હોય છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને નૈરયિકોની જેમ કહેવું. હે ભગવન્ ! નૈરયિકોને અવધિજ્ઞાન આનુગામિક, અનાનુગા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત કે અનવસ્થિત હોય છે ? હે ગૌતમ ! આનુગામિક હોય છે પણ અનાનુગામિક હોતું નથી, વર્ધમાન હોતું નથી, હીયમાન હોતું નથી, પ્રતિપાતી હોતું નથી, અપ્રતિપાતી હોય છે, અવસ્થિત હોય છે, પણ અનવસ્થિત હોતું નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! આનુગામિક પણ હોય છે, યાવત્ અનવસ્થિત પણ હોય છે. એ પ્રમાણે મનુષ્યોને કહેવું. વ્યન્તર, જ્યોતિષિક, વૈમાનિકોને નૈરયિકો જેમ જાણવા.

**પ૬-૩૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પ૬-૩૪ પ્રવીચાર

[૫૮૪-૫૮૫] અનન્તરાગ આહારક-આહાર વિષે આભોગ અને અનાભોગ-પણું, આહારપણે ગ્રહણ કરેલા પુદ્‌ગલો જાણતા નથી વગેરે, ૪ અધ્યવસાયોનું કથન, ૫ સમ્યક્ત્વની પ્રાપ્તિ, ૬ તે પછી કાય, સ્પર્શ, રૂપ, શબ્દ અને મન સંબન્ધે પરિચારણા-અને ૭ તેઓનું અલ્પબહુત્વ-એ

[૫૮૬] હે ભગવન્ ! નૈરયિકો અનન્તરાહાર-હોય ? તે પછી શરીરની ઉત્પત્તિ, તે પછી પુદ્‌ગલોનું ગ્રહણ, તે પછી તેનો પરિણામ, તે પછી પરિચારણા- અને ત્યાર બાદ વિકુર્વણા કરે છે ? હા ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! અસુરકુમારો ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા હોય છે. યાવત્ તે પછી પરિચારણા કરે છે ? હા ગૌતમ ! તેમજ છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો અનન્તરાહાર-યાવત્ તે પછી વિકુર્વણા કરે છે ? હા ગૌતમ ! તેમજ જાણવું, પણ વિકુર્વણા કરતા નથી. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ વાયુકાયિકો, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો નૈરયિકોની પેઠે સમજવા. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો અસુરકુમારોની પેઠે જાણવા.

[૫૮૭] હે ભગવન્ ! નૈરયિકોને આહાર શું આભોગનિર્વર્તિત-કે અનાભોગ-નિર્વર્તિત-છે ? હે ગૌતમ ! બંને હોય છે. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ વૈમાનિકોને જાણવું, પરન્તુ એકેન્દ્રિયોને આભોગનિર્વર્તિત-પણ અનાભોગનિર્વર્તિત આહાર હોય છે. હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે શું જાણે છે, દેખે છે અને તેનો આહાર કરે છે, અથવા જાણતા નથી અને આહાર કરે છે ? હે ગૌતમ ! તેઓ જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. એ પ્રમાણે તેઇન્દ્રિયો સુધી જાણવું. ચઉરિન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! કેટલા એક જાણતા નથી, દેખે છે અને આહાર કરે છે, અને કેટલા એક જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! કેટલા એક જાણે છે, દેખે છે અને આહાર કરે છે. કેટલાએક જાણે છે દેખતા નથી અને આહાર કરે છે. કેટલા એક જાણતા નથી, દેખે છે અને આહાર કરે છે. કેટલાએક જાણતા નથી અને આહાર કરે છે. એ પ્રમાણે મનુષ્યોને પણ કહેવું, વ્યન્તર અને જ્યોતિષ્કો નૈરયિકોની પેઠે જાણવા. વૈમાનિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! કેટલા એક જાણે છે, દેખે છે અને આહાર કરે છે, અને કેટલાએક જાણતા નથી, દેખતા નથી અનેઆહાર કરે છે. વૈમાનિકો બે પ્રકારના છે, માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ થયેલા. એ પ્રમાણે જેમ પ્રથમ ઇન્દ્રિય ઉદેશકમાં કહ્યું છે તે પ્રમાણે કહેવું. નૈરયિકોને કેટલા અધ્યવસાયો કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્યાતા અધ્યવસાયો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યા છે. હે ભગવન્ ! તે પ્રશસ્ત છે કે અપ્રશસ્ત-છે ? હે ગૌતમ ! પ્રશસ્ત પણ છે અને અપ્રશસ્ત પણ છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો સમ્યક્ત્વાધિગામી હોય છે, મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે કે સમ્યગ્મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે ? હે ગૌતમ ! ત્રણે હોય છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. પરન્તુ એકેન્દ્રિયો અને વિક- લેન્દ્રિયો સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા નથી. સમ્યગ્મિથ્યાત્વની પ્રાપ્તિ વાળા નથી. પણ મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે. હે ભગવન્ ! દેવો શું દેવી સહિત અને સપરિચાર- દેવીસહિત અને અપરિચાર-દેવીરહિત અને પરિચારસહિત અને દેવીરહિત અને પરિચારરહિત હોય ? હે ગૌતમ ! કેટલાએક દેવો દેવીસહિત અને પરિચારસહિત હોય છે, કેટાલાએક દેવો દેવીરહિત અને પરિચારસહિત હોય છે અને કેટલાએક દેવો દેવીસહિત અને પરિચાર સહિત હોય છે, પરન્તુ દેવો દેવીસહિત અને પરિચારરસહિત હોતા નથી. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન કલ્પોમાં દેવો દેવી સહિત અને પરિચાર સહિત હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પમાં દેવો દેવી સહિત અને પરિચાર સહિત હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક દેવો દેવીસહિત અને પરિચાર સહિત હોય છે. પરન્તુ દેવો દેવી સહિત અને પરિચારસહિત હોતા નથી.

[૫૮૯] હે ભગવન્ ! કેટલા પ્રકારે પરિચારણા-મૈથુનસેવા કહી છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે. કાયપરિચારણા, સ્પર્શપરિચારણા, રૂપપરિચારણા, શબ્દપરિચારણા અને મનપરિચારણા. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવો કાયપરિચારક-શરીર વડે મૈથુન સેવન કરનાર, સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં દેવો સ્પર્શપરિચારક-બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં દેવો રૂપપરિચારક-મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં દેવો શબ્દપરિચારક-તથા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પમાં દેવો મનવડે મૈથુન સેવન કરનારા હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક-દેવો અપરિચાર-મૈથુન સેવનરહિત હોય છે. તેમાં જે કાયપરિચારક-છે તેઓને ઈચ્છાપ્રધાન મન-સંકલ્પ થાય છે કે-' અમે અપ્સરા ઓની સાથે કાયપરિચાર-ઈચ્છીએ છીએ.' તે દેવો એવો સંકલ્પ કરે છે એટલે જલદી તે અપ્સરાઓ ઉદાર શૃંગાર યુક્ત મનોજ્ઞ, મનોહર અનેમનોરમ ઉત્તર વૈક્રિય રૂપે કરે છે, કરીને તે દેવોની પાસે આવે છે. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે શરીરદ્વારા મૈથુન સેવન કરે છે.

[૫૯૦] જેમકે શીત પુદ્ગલો શીત યોનિવાળા પ્રાણીને પામી અતિશય શીતપણે પરિણત થઈને રહે છે, અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા પ્રાણીને પામી અતિશય ઉષ્ણપણે થઈને રહે છે. એ પ્રમાણે તે દેવો વડે તે અપ્સરાઓની સાથે કાયપરિચાર કરાય છે, ત્યારે તેનું ઈચ્છાપ્રધાન મન જલદી શાંત થાય છે.

[૫૯૧] હે ભગવન્ ! તે દેવોને શુક્રના-વીર્યના પુદ્ગલો છે ? હા છે. હે ભગવન્ ! તે પુદ્ગલો તે અપ્સરાઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? હે ગૌતમ ! શ્રોત્રેન્દ્રિયપણે, ચક્ષુઈન્દ્રિયપણે, ઘ્રાણેન્દ્રિયપણે, રસેન્દ્રિયપણે, સ્પર્શેન્દ્રિયપણે, ઈષ્ટપણે, કાંતપણે, મનોજ્ઞપણે, મનાપ-મનને ગમે એવાપણે, સુભગ-પ્રિયપણે, સૌભાગ્યનો હેતુ રૂપે, યૌવન અને લાવણ્યગુણપણે તે પુદ્ગલો વારંવાર તેઓને પરિણમે છે.

[૫૯૨] તેમાં જેઓ સ્પર્શપરિચારક-દેવો છે તેઓના મનમાં ઈચ્છા થાય

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

છે-ઈત્યાદિ કાયપરિચારક દેવો સંબન્ધે કહ્યું તેમ બધું કહેવું. તેમાં જે રૂપ પરિચારક-દેવો છે તેઓના મનમાં ઈચ્છા થાય છે કે 'અમે અપ્સરાઓની સાથે રૂપે વડે મૈથુન સેવવાને ઈચ્છીએ છીએ' એટલે તે પ્રમાણે જ તે દેવીઓ ઉત્તર વૈક્રિય રૂપો કરે છે, કરીને જ્યાં તે દેવો છે ત્યાં આવે છે, ત્યાં આવીને તે દેવોની થોડે દૂર રહીને તે ઉદાર શ્રૃંગારવાળું યાવત્ મનોહર પોતાનું ઉત્તર વૈક્રિય રૂપે બતાવતી ઉભી રહે છે. તે પછી તે અપ્સરાઓની સાથે રૂપપરિચારણા-કરે છે. બાકી બધું તેમજ જાણવું, તેમાં જે શબ્દપરિચારક-દેવો છે તેઓના મનમાં ઈચ્છા થાય છે કે 'અમે અપ્સરાઓની સાથે શબ્દપરિચાર-કરવાને ઈચ્છીએ છીએ.' એટલે પૂર્વવત્ યાવત્ વૈક્રિય રૂપે વિકુર્વે છે, વિકુર્વીને જ્યાં દેવો છે ત્યાં આવે છે, આવીને તે દેવોની પાસે થોડે દૂર રહીને અનુત્તર-અનુપમ એવા અનેક પ્રકારનો શબ્દો બોલતી ઉભી રહે છે. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે શબ્દ-પરિચાર-કરે છે. બાકી બધું તેમજ જાણવું, તેમાં જે મનપરિચારક-દેવો છે તેઓના મનમાં વિચાર કરે છે એટલે જલદી તે અપ્સરાઓ ત્યાં આવી અનુત્તર-કામપ્રધાન અનેક પ્રકારના સંકલ્પો કરતી કરતી ઉભી રહે છે. ત્યાર પછી તે દેવો તે અપ્સરોઓની સાથે મન વડે વિષયસેવન કરે છે, બાકી બધું તેમજ જાણવું.

[૫૯૩] હે ભગવન્ ! કાયપરિચારક-શરીર વડે મૈથુનસેવી, યાવત્ મન વડે વિષય સેવનારા અને અપરિચારક-વિષય સેવનરહિત તે દેવોમાં કયા દેવો અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા દેવો વિષયસેવન રહિત છે, તેથી મન વડે વિષય સેવી દેવો સંખ્યાતગુણા છે, તેથી શબ્દ વડે વિષયસેવી અસંખ્યાતગુણા છે, તેથી રૂપ વડે વિષયસેવી અસંખ્યાતગુણા છે, તેથી સ્પર્શ વડે વિષય સેવનારા અસંખ્યાતગુણા છે, અને તેથી કાયા વડે વિષય સેવનારા અસંખ્યાતગુણા છે.

**પદ-૩૪-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પદ-૩૫-વેદનાપદ

[૫૯૪-૫૯૫] શીત આદિ વેદના, દ્રવ્ય આદિને આશ્રયી વેદના, શારીરિક વેદના, સાતા અને દુઃખા વેદના, તથા આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદના, અને નિદા-અને અનિદા વેદના જાણવી. બધા જીવો સાતા અને અસાતા, સુખા, દુઃખા અને અદુઃખસુખા રૂપ વેદના વેદે છે. વિકલેન્દ્રિયો-મનરહિત વેદના વેદે છે અને બાકીના જીવો અને બન્ને પ્રકારની શારીરિક અને માનસિક વેદના વેદે છે.

[૫૯૬] હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. શીત, ઉષ્ણ અને શીતોષ્ણા વેદના. હે ભગવન્ ! નૈરયિકો શું શીતવેદના વેદે છે. ઉષ્ણવેદના વેદે છે કે શીતોષ્ણવેદના વેદે છે ? હે ગૌતમ ! શીતવેદના વેદે છે, ઉષ્ણવેદના વેદે છે. પરન્તુ શીતોષ્ણા વેદના વેદતા નથી. હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીના નૈરયિકનો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ શીતવેદના વેદતા નથી, ઉષ્ણવેદના વેદે છે અને શીતોષ્ણા વેદના વેદતા નથી. એ પ્રમાણે વાલુકા પૃથિવીના નૈરયિકો સુધી જાણવું. પંકપ્રભા પૃથિવીના નૈરયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ શીતવેદના વેદે છે અને ઉષ્ણ વેદના પણ વેદે છે, પણ શીતોષ્ણા વેદના વેદતા નથી. જેઓ ઉષ્ણવેદના વેદે છે તે ઘણા છે અને જેઓ શીતવેદના વેદે છે તેઓ થોડા છે. ધૂમપ્રભાને વિશે એમ બન્ને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારની વેદના જાણવી. પરન્તુ જે શીતવેદના વેદે છે તે ઘણા છે અને જે ઉષ્ણ વેદના વેદે તે થોડા છે. તમા અને તમતમામાં શીત વેદના વેદે છે પણ ઉષ્ણવેદના અને શીતોષ્ણ વેદના વેદતા નથી. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ ત્રણે વેદના વેદે છે.એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

[૫૯૬] હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! ચાર પ્રકારની. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. હે ભગવન્ ! નૈરયિકો શું દ્રવ્યથી વેદના વેદે છે ? યાવત્ શું ભાવથી વેદના વેદે છે ? હે ગૌતમ ! ચારે વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. શારીરીક, માનસિક અને શારીરીક-માનસિક વેદના. હે ભગવન્ ! નૈરયિકો શારીરીક વેદના વેદે છે, માનસિક વેદના વેદે છે કે શરીરીક અને માનસ બન્ને વેદના વેદે છે ? હે ગૌતમ ! ત્રણે વેદના વેદે છે. એ પ્રમાણે નૈરયિકો સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો શારીરીક વેદના વેદે છે, પણ માનસિક વેદના અને શારીરીક-માનસિક વેદના વેદતા નથી. હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. સાતા, અસાતા અને સાતા અસાતા. હે ભગવન્ ! નૈરયિકો શું સાતા વેદના વેદે છે, અસાતા વેદના વેદે છે કે સાતા અને અસાતા બન્ને પ્રકારની વેદના વેદે છે ? હે ગૌતમ ! ત્રણે પ્રકારની વેદના વેદે છે. એમ સર્વ જીવો યાવત્ વૈમાનિકો સુધી જાણવા. હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! દુઃખા, સુખા અને અદુઃખસુખા. હે ભગવન્ ! નૈરયિકો શું દુઃખા વેદના વેદે છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! ત્રણે વેદના વેદે છે, એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

[૫૯૭] હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! બે પ્રકારની. આભ્યુગમિકી અને ઔપક્રમિકી. હે ભગવન્ ! નૈરયિકો આભ્યુગમિકી વેદના વેદે છે કે ઔપક્રમિકી વેદના વેદે છે ? હે ગૌતમ ! તેઓ આભ્યુપગમિકી વેદના વેદતા નથી, પણ ઔપક્રમિકી વેદના વેદે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બન્ને પ્રકારની વેદના વેદે છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો નૈરયિકોની પેઠે સમજવા.

[૫૯૮] હે ભગવન્ ! કેટલા પ્રકારની વેદના કહી છે ? હે ગૌતમ ! બે પ્રકારની. નિદા અને અનિદા. હે ભગવન્ ! નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે ? હે ગૌતમ ! બંને. નૈરયિકો બે પ્રકારના છે-સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જેઓ સંજ્ઞીભૂત છે તેઓ નિદા વેદનાને વેદે છે અને જે અસંજ્ઞીભૂત છે તે અનિદા વેદના વેદે છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ નિદા વેદના વેદતા નથી, પણ અનિદા વેદના વેદે છે. હે ગૌતમ ! પૃથિવીકાયિકો બધાં અસંજ્ઞી છે અને તેઓ અસંજ્ઞીભૂત અનિદા વેદના વેદે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વ્યન્તરો નૈરયિકોની પેઠે જાણવા. જ્યોતિષ્ક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ નિદા વેદનાને પણ વેદે છે અને અનિદા વેદનાને પણ વેદે છે. જ્યોતિષ્ક દેવો બે પ્રકારના છે. જેમકે-માયી મિથ્યાદૃષ્ટિ અને અમાયી સમ્યગ્દૃષ્ટિ. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ અનિદા વેદના વેદે છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ નિદા વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા.

**૫૬ - ૩૫ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ૫૬ - ૩૬ - સમુદ્દ્ઘાત

[૫૯૯] વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી સમુદ્દ્ઘાત એ સાત સમુદ્દ્ઘાતો જીવ અને મનુષ્યોને હોય છે.

[૬૦૦] હે ભગવન્ ! કેટલા સમુદ્દ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! સાત. વેદનાસમુદ્દ્ઘાત, કષાય સમુદ્દ્ઘાત, મારણાંતિક સમુદ્દ્ઘાત, વૈક્રિય સમુદ્દ્ઘાત, તૈજસ સમુદ્દ્ઘાત, આહારક સમુદ્દ્ઘાત, અને કેવલી સમુદ્દ્ઘાત. હે ભગવન્ ! વેદના સમુદ્દ્ઘાત કેટલા સમયનો છે ? હે ગૌતમ ! અસંખ્યાતા સમયપ્રમાણ અન્તર્મુહૂર્તનો છે, એ પ્રમાણે આહારક સમુદ્દ્ઘાત સુધી જાણવું. હે ભગવન્ ! કેવલીસમુદ્દ્ઘાત કેટલા સમયનો છે ? હે ગૌતમ ! આઠ સમયનો છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા સમુદ્દ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. વેદના સમુદ્દ્ઘાત કષાય સમુદ્દ્ઘાત, મારણાંતિક સમુદ્દ્ઘાત અને વૈક્રિય સમુદ્દ્ઘાત. હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા સમુદ્દ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ. વેદના સમુદ્દ્ઘાત, કષાયસમુદ્દ્ઘાત, મારણાંતિકસમુદ્દ્ઘાત, વૈક્રિયસમુદ્દ્ઘાત, અને તૈજસસમુદ્દ્ઘાત. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવી કાયિકોને કેટલા સમુદ્દ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ. વેદનાસમુદ્દ્ઘાત, કષાય- સમુદ્દ્ઘાત અને મારણાંતિકસમુદ્દ્ઘાત. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ વાયુ કાયિકોને ચાર સમુદ્દ્ઘાતો હોય છે. વેદનાસમુદ્દ્ઘાત, કષાયસમુદ્દ્ઘાત, મારણાંતિકસમુદ્દ્ઘાત અને વૈક્રિયસમુદ્દ્ઘાત. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો યાવત્ વૈમાનિકોને કેટલા સમુદ્દ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ. વેદના, કષાય મારણાંતિક, વૈક્રિય અને તૈજસસમુદ્દ્ઘાત. પરન્તુ મનુષ્યોને સાત સમુદ્દ્ઘાતો કહ્યા છે. વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલિસમુદ્દ્ઘાત.

[૬૦૧] હે ભગવન્ ! એક એક નારકને કેટલા વેદના સમુદ્દ્ઘાતો અતીત-પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા પૂર્વે થયેલા છે. કેટલા પુરસ્કૃત-ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે અસુરકુમારને પણ યાવત્ નિરંતર વૈમાનિક દંડક સુધી કહેવું. એમ તૈજસ સમુદ્દ્ઘાત સુધી જાણવું.એ પ્રમાણે પાંચ સમુદ્દ્ઘાતો ચોવીશ દંડકે કહેવા. હે ભગવન્ ! એક એક નૈરયિકને આહારક સમુદ્દ્ઘાતો કેટલા પૂર્વે થયેલા છે ? કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક અને બે તથા ઉત્કર્ષથી ત્રણ હોય છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે અને ત્રણ, અને ઉત્કર્ષથી ચાર હોય છે. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી કહેવું. પરન્તુ મનુષ્યને પૂર્વે થયેલા અને ભવિષ્ય કાળે થવાના નૈરિયકને ભવિષ્ય કાળે જે થવાના છે તેની પેઠે કહેવા. હે ભગવન્ ! એક એક નૈરયિકને કેવલિ સમુદ્દ્ઘાતો કેટલા પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! પૂર્વે થયેલા નથી. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? કોઇને

થવાના છે અને કોઈને નથી. જેને થવાના છે તેને એક સમુદ્ઘાત થવાનો છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પરન્તુ મનુષ્યને કોઈને પૂર્વે થયેલા છે અને કોઈને નથી. જેને છે તેને એક છે. ભવિષ્ય કાળે થવાનો પણ એક જ કેવલિ સમુદ્ઘાત જાણવો.

[૬૦૨] હે ભગવન્ ! નૈરયિકોને કેટલા વેદના સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા પુરસ્કૃત-ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! અનન્તા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. એ પ્રમાણે એ બધા મળીને એકસો વીશ દંડકો થાય છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! અસંખ્યાતા પૂર્વે થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોને આ વિશેષ છે-'હે ભગવન્ ! વનસ્પતિકાયિકોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે ? હે ભગવન્ ! મનુષ્યોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થયેલા છે. એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાના પણ જાણવા. હે ભગવન્ ! નૈરયિકોનોને કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! થયેલા નથી. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! મનુષ્યોને કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? હે ગૌતમ ! કદાચ થયેલા હોય છે અને કદાચ થયેલા નથી. જો થયેલા છે તો જઘન્યથી એક, બે અને ત્રણ થયેલા છે અને ઉત્કૃષ્ટ શતપૃથકત્વ-થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે ? કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના છે.

[૬૦૩] હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના હોય છે અને કોઈને થવાના હોતા નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. હે ભગવન્ ! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતી અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના હોય છે અને કોઈને થવાના હોતા નથી. જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. હે ભગવન્ ! એક એક અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે કેટલા વેદના સમુદ્ઘાતો થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના છે અને કોઈને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના છે. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિક પણામાં પણ કહેવું. એ પ્રમાણે જેમ વેદના સમુદ્ઘાત વડે અસુરકુમાર નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીમાં કહ્યો તેમ નાગકુમારાદિ બધા બાકીના સ્વસ્થાનોમાં અને પરસ્થાનોમાં કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એમ આ ચોવીશગુણા ચોવીશ દંડકો થાય છે.

[૬૦૪] હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કષાય સમુદ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના હોય છે અને કોઈને થવાના હોતા નથી. જેને થવાના છે તેને એકથી માંડી યાવત્ અનન્તા જાણવા. હે ભગવન્ ! એક એક નૈરયિકને અસુર કુમારપણામાં કેટલા કષાય સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના હોય છે અને કોઈને થવાના નથી. જેને થવાના છે તેને કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે નૈરયિકને યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથિવીકાયિકપણામાં એકોત્તર-એકથી માંડી અનન્તા જાણવા. એમ યાવત્ મનુષ્ય પણામાં કહેવું. વ્યન્તરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. જ્યો તિષ્ક પણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. ભવિષ્યમાં કોઈને થવાના હોય અને કોઈને ન થવાના હોય. જેને થવાના હોય તેને કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય. એ પ્રમાણે વૈમાનિકપણામાં પણ કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય છે. અસુરકુમારને નૈરયિકપણામાં અતીત કાળે અનન્તા થયેલા હોય છે. ભવિષ્ય કાળે કોઈને થવાના હોય અને કોઈને થવાના ન હોય. જેને થવાના હોય તેને કદાચિત્ સંખ્યાતા હોય., કદાચિત્ અસંખ્યાતા હોય અને કદાચિત્ અનન્તા હોય. અસુરકુમારને અસુર કુમારપણામાં અતીત કાળે અનન્તા થયેલા હોય અને ભવિષ્ય કાળે એકથી માંડી અનન્ત સુધી જાણવા. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને કહ્યું તેમ કહેવું. એમ યાવત્ સ્તનિતકુમારને પણ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ સર્વને સ્વસ્થાનમાં એકોત્તર-એકાદિ અનન્ત પર્યંત અને પરસ્થાનમાં અસુર કુમારની પેઠે જાણવું. પૃથિવીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. ભવિષ્ય કાળે થવાના કોઈને હોય છે અને કોઈને હોતા નથી. જેને હોય છે તેને કદાચિત્ સંખ્યાતા હોય, કદાચિત્ અસંખ્યાતા હોય અને કદાચિત્ અનન્તા થવાના હોય. પૃથિવીકાયિકને પૃથિવીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીત કાળે અનન્તા થયેલા હોય છે અને ભવિષ્યમાં થવાના કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય છે તને એકોત્તર-એકથી માંડી અનન્ત સુધી જાણવા, વ્યન્તરપણામાં જેમ નૈરયિક-પણામાં કહ્યું છે તેમ કહેવું. જ્યોતિષ્ક અને વામાનિકપણામાં અતીતકાળે અનન્તા થયેલા છે. ભવિષ્યમાં થવાના કોઈને હોય અને કને ન હોય. જેને હોય તેને કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય. એ પ્રમાણે યાવત્ મનુષ્ય સંબંધે પણ જાણવું. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી એકોત્તર-એકથી માંડી અનન્ત સુધી જાણવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિપણામાં કહેવું. એ પ્રમાણે એ ચોવીશ ચોવીશગુણા દંડકો થાય છે.

[૬૦૫] મારણાન્તિક સમુદ્ઘાત સ્વસ્થાનને વિશે અને પરસ્થાનને વિશે પણ એકથી માંડી અનન્તા વડે કહેવો. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવો. એ પ્રમાણે ચોવીશ દંડકો કહેવા. વૈક્રિય સમુદ્ઘાત જેમ કષાયસમુદ્ઘાત કહ્યો તેમ બધો કહેવો, પરન્તુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે એ પણ ચોવીશ ચોવીશ દંડકો કહેવા. તૈજસ સમુદ્ઘાત મારણાન્તિક સમુદ્ઘાતની પેઠે કહેવો. પરન્તુ જેને હોય તને કહેવો. એ પ્રમાણે પ્રત્યેકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા. હે ભગવન્ ! એક એક નૈરયિકને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે ? હે ગૌતમ ! થયેલા નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે કોઈને થયેલા છે અને કોઈને નથી. જેને થયેલા છે તેને જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટ ત્રણ હોય છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! કોઈને થવાના હોય છે અને કોઈને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે સર્વ જીવો અને મનુષ્યોને કહેવું. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે થયેલા કોઈને હોય છે અને કોઈને હોતા નથી. જેને થયેલા હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી ચાર હોય છે. એ પ્રમાણે ભવિષ્યકાળમાં થવાના પણ જાણવા. એ પ્રમાણે એ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકો યાવત્ વૈમાનિકપણામાં કહેવા. હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! થયેલા નથી. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે થયેલા નથી, ભવિષ્ય કાળે થવાના કોઈને હોય છે અને કોઈને હોતા નથી, જેને થવાના છે તેને એક થવાનો છે. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે કોઈને થયેલા છે અને કોઈને નથી. જેને થયેલા છે તેને એક થયેલો છે. એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાનો પણ એકજ જાણવો. એ પ્રમાણે એ પ્રત્યેક દંડકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા.

[૬૦૬] હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે ? હે ગૌતમ ! અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે સર્વ જીવોને યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. એમ યાવત્ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. પરન્તુ ઉપયોગ રાખી-ને જેને વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાત હોય તેને તે કહેવા. હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! થયેલા નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે ? હે ગૌતમ ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે અસંખ્યાતા થયેલા છે અને ભવિષ્ય કાળે અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવું. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે અને ભવિષ્ય કાળે અનન્તા થવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીત કાળે કદાચ સંખ્યાતા હોય અને કદાચ અસંખ્યાતા હોય. એ પ્રમાણે ભવિષ્યકાળે થવાના પણ જાણવા. બાકીના બધા દંડકો નૈરયિકોની પેઠે કહેવા. એમ ચોવીશ ચોવીશ દંડકો કહેવા. હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! થયેલા નથી. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે થયેલા નથી, ભવિષ્યકાળે અસંખ્યાતા હોય છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવા. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીતકાળે થયેલા નથી.ભવિષ્ય કાળે અનન્તા થવાના હોય છે. મનુષ્યો ને મનુષ્યપણામાં અતીત કાળે કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી શતપૃથકત્વ-હોય. કેટલા ભવિષ્ય કાળે થવાના છે ? હે ગૌતમ ! કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના હોય છે. એ પ્રમાણે એ બધા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોવીશ ચોવીશ દંડકો પ્રશ્ન વડે કહેવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવા.

[૬૦૭] હે ભગવન્ ! વેદનાસમુદ્ઘાતવાળા, કષાયસમુદ્ઘાતવાળા, મારણાન્તિકસમુદ્ઘાતવાળા,વૈક્રિયસમુદ્ઘાતવાળા,તૈજસસમુદ્ઘાતવાળા, આહારકસમુદ્ઘાતવાળા, કેવલિસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત એ જીવોમાં કયા જીવો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો આહાર કસમુદ્ઘાત વાળાછે, તેથી કેવલિસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી તૈજસ સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણાછે, તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણાછે, તેથી મારણાન્તિકસમુદ્ઘાતવાળા અનન્તગુણાછે, તેથી કષાયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્ઘાતવાળા વિશષાધિક છે અને તેથી સમુદ્ઘાત રહિત અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! વેદનાસમુદ્ઘાતવડે, કષાયસમુદ્ઘાતવડે, મારણાન્તિકસમુદ્ઘાતવડે અને વૈક્રિયસમુદ્ઘાતવડે સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાતરહિત નૈરયિકોમાં કોણ કનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા નૈરયિકો મારણાન્તિકસમુદ્ઘાતવાળા છે, તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વેદના સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે અને તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા હોય છે.

[૬૦૮] હે ભગવન્ ! વેદનાસમુદ્ઘાતવાળા, કષાયસમુદ્ઘાતવાળા, મારણાંતિકસમુદ્ઘાતવાળા, વૈક્રિયસમુદ્ઘાતવાળા, તૈજસસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત એ અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ,બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા અસુરકુમારો તૈજસસમુદ્ઘાતવાળા છે, તેથી મારણાન્તિક સમુદ્ઘાત વાળા અસંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવા. હે ભગવન્ ! વેદનાસમુદ્ઘાતવાળા,કષાયસમુદ્ઘાતવાળા, મરણસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાતરહિત પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડી પૃથિવીકાયિકો મારણાન્તિક સમુદ્ઘાતવાળા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરન્તુ સૌથી થોડા વાયુકાયિકો વૈક્રિય સમુદ્ઘાતવાળા છે, તેથી મારણાન્તિકસમુદ્ઘાતવાળા અસંખ્યાત ગુણા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્ઘાત વાળા વિશેષાધિક છે અને તેથી સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતવાળા, કષાયસમુદ્ઘાતવાળા, મારણાંતિકસમુદ્ઘાત વાળા અને સમુદ્ઘાત રહિત બેઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા બેઇન્દ્રિયો મારણાન્તિકસમુદ્ઘાતવાળા છે, તેથી વેદના સમુદ્ઘાવાળા અસંખ્યાત ગુણા છે. તેથી કષાયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. અને તેથી સમુદ્ઘાતરહિત સંખ્યાતગુણા છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. હે ભગવન્ ! વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય અને તૈજસસમુદ્ઘાતવાળા અને સમુદ્ ઘાતરહિત પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! પંચેન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચો તૈજસસમુદ્ઘાતવાળા હોય છે. તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા હોય છે. તેથી મારણાન્તિકસમુદ્ઘાવાળા અસંખ્યાતગુણા હોય છે. તેથી વેદનાસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાત ગુણા હોય છે. અને તેથી સમુદ્ઘાતરહિત સંખ્યાતગુણા હોય છે. હે ભગવન્ ! વેદનાસમુદ્ઘાતવાળા, કષાય, મારણાન્તિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલિસમુદ્ ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા મનુષ્યો આહારકસમુદ્ઘાતવાળા છે. તેથી કેવલીસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેથી તૈજસસમુદ્ઘાતવાળા સંખ્યાતગણુ છે. તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા સંખ્યાત ગુણા છે. તથી મારણાન્તિકસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી વેદનાસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેથી સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો અસુર કુમારની પેઠે જાણવા.

[૬૦૯] હે ભગવન્ ! કેટલા કષાયસમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. ક્રોધસમુદ્ઘાત, માનસમુદ્ઘાત, માયા સમુદ્ઘાત અને લોભસમુદ્ઘાત. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા કષાયસમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! એક એક નૈરયિકને કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કર્ષથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને જાણવું. એમ યાવત્ લોભસમુદ્ઘાત સુધી જાણવું. એ પ્રમાણે ચાર દણ્ડકો થાય છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? હે ગૌતમ ! અનન્તા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ લોભસમુદ્ઘાત સુધી કહવું. એ પ્રમાણે એ પણ ચાર દણ્ડકો થાય છે. હે ભગવન્ ! એક એક નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. એ પ્રમાણે જેમ વેદનાસમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ ક્રોધસમુદ્ઘાતુ સંબન્ધેપણ બધું યાવત્ વૈમાનિકપણામાં કહેવું. માનસમુદ્ઘાત અને માયાસમુદ્ઘાત સંબન્ધે પણ જેમ મારણાન્તિકસમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ બંધું કહેવું. લોભસમુદ્ઘાત કષાયસમુદ્ઘાતની જેમ કહેવો. પરન્તુ અસુરાદિ સર્વજીવો નૈરયિકોમાં લોભકષાયવડે એકથી માંડી અનન્ત મસુધી કહેવા. હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાંતો અતીત કાળે થયેલા છે ? હે ગૌતમ ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે ? હે ગૌતમ ! અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં જાણવું. એમ સ્વસ્થાન અને પરસ્થાનમાં બધા કહેવા. સર્વ જીવોને ચારે સમુદ્ઘાતો લોભસમુદ્ઘાત સુધી જાણવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું.

[૬૧૦] હે ભગવન્ ! એ ક્રોધસમુદ્ઘાતવાળા, માનસમુદ્ઘાતવાળા, માયા સમુદ્ઘાતવાળા અને લોભસમુદ્ઘાતવાળા, અકષાયસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થોડા જીવો અકષાયસમુદ્ઘાતવાળા છે, તેથી માનસમુદ્ઘાતવળા અનન્તગુણા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી માયાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી લોભસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા છે. હે ભગવન્ ! એ ક્રોધસમુદ્ઘાતવાળા, માનસમુદ્ઘાતવાળા, માયાસમુદ્ઘાતવાળા, લોભ-સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા નૈરયિકો લોભસમુદ્ઘાતવાળા છે, તેથી માયા સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી માનસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, અને તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા છે. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! સૌથી થોડા અસુરકુમારો ક્રોધસમુદ્ ઘાત વાળા છે, તેથી માનસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી માયાસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી લોભસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે અને તેથી સમુદ્ ઘાત-રહિત સંખ્યાતગુણા છે. એમ સર્વ દેવો યાવત્ વૈમાનિકો જાણવા. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! સૌથી થોડા પૃથિવીકાયિકો માનસમુદ્ઘાતવાળા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવળા વિશેષાધિક છે, તેથી માયાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી લોભસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, અને તેથી સમુદ્ઘાતરહિત સંખ્યાતગુણા છે, એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા. મનુષ્યો જીવોની જેમ જાણવા. પરન્તુ માન સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા કહેવા.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૬૧૧] હે ભગવન્ ! કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! છ. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય, તૈજસ અને આહારકસમુદ્ઘાત. હે ભગવન્ ! નૈર-યિકોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. વેદના, કષાય, માર ણાન્તિક અને વૈક્રિયસમુદ્ઘાત. અસુરકુમાર સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પાંચ છાદ્મ-સ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય અને તૈજસસમુદ્- ઘાત. એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને ત્રણ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. વેદના, કષાય અને મારણાન્તિક સમુદ્ઘાત. પરન્તુ વાયુકાયિકોને ચાર સમુદ્ઘાતો કહ્યા છે. વેદના, કષાય, મારણાન્તિક અને વૈક્રિય સમુદ્ઘાત. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓને પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય, તૈજસસમુદ્ઘાત. મનુષ્યોને કેટલા છાદ્મસ્થિક સમુદ્-ઘાતો છે ? હે ગૌતમ ! છ. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય, તૈજસ, અને આહારક સમુદ્ઘાત.

[૬૧૨] હે ભગવન્ ! વેદના સમુદ્ઘાત વડે સમવહત-જીવ વેદના સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે છે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર આપૂર્ણ-હોય ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ-હોય ? હે ગૌતમ ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર ક્ષેત્ર છે, એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. હે ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલા કાળે સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! એક સમયની, બે સમયની કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું ક્ષેત્ર એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. હે ભગવન્ ! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્તે બહાર કાઢે. હે ભગવન્ ! બહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાઢેલા તે પુદ્ગલો હોય તે ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોને હણે, ફેરવે, કાંઈક સ્પર્શ કરે, એકઠા કરે, વિશેષ એકઠા કરે, પીડા ઉત્પન્ન કરે, મૂર્છિત કરે અને જીવિતથી રહિત કરે, તે જીવોને આશ્રયી તે પુદ્ગલોથી વેદના સમુદ્ઘાતવાળો તે જીવ કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો હોય, કદાચ ચાર ક્રિયાવાળો હોય અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્ ! તે જીવો વેદના સમુદ્ઘાતવાળા તે જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચ ચારક્રિયાવાળા અને કદાચ પાંચક્રિયવાળા હોય. હે ભગવન્ ! તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! ત્રણક્રિયાવાળા પણ હોય, ચારક્રિયાવાળા પણ હોય અને પાંચક્રિયાવાળા પણ હોય. હે ભગવન્ ! વેદના-સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળો નૈરયિક-ઇત્યાદિ જેમ જીવ સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. પરન્તુ નૈરયિક સંબન્ધે પાઠ કહેવો. એ પ્રમાણે બધું વૈમાનિક સુધી કહેવું. એમ કષાય સમુદ્ઘાત સંબન્ધે પણ કહેવું.

હે ભગવન્ ! જીવ મારણાન્તિક સમુદ્ઘાત કરે છે અને સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે છે, હે ભગવન્ ! તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્કર્ષથી એક દિશામાં અસંખ્યાતા યોજન સુધી એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. એ ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય, કેટલા કાળે સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! એક સમયની, બે સમયની, ત્રણસમયની અને ચાર સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. બાકી બધું 'યાવત્ પાંચ ક્રિયાવાળા હોય' ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક પણ જાણવો. પરન્તુ લંબાઈમાં જઘન્ય-થી કાંઈક અધિક હજાર યોજન અને ઉત્કર્ષથી અસંખ્યાતા યોજન સુધી એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. અને તે એક સમયની, બે સમયની અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે કહેવું. પરન્તુ ચાર સમયની વિગ્રહગતિ વડે ન કહેવું. બાકી બધું 'યાવત પાંચ ક્રિયાવળા પણ હોય' ત્યાં સુધી તેમજ જાણવું, અસુરકુમારને જેમ જીવપદમાં કહ્યું છે તેમ કહેવું. પરન્તુ નૈરયિકની પેઠે વિગ્રહગતિ ત્રણ સમયની જાણવી. બાકી બધું નાગકુમારાદિને કહેવું. બાકી બધું જેમ અસુરકુમાર સંબન્ધે કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિયને જીવની પેઠે બધું કહેવું.

[૬૧૩] હે ભગવન્ ! વૈક્રિય સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળો જીવ વૈક્રિય સમુદ્-ઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢે, તે પુદ્ગલો વડે હે ભગવન્ ! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી સંખ્યાતા યોજન પ્રમાણ એક દિશામાં કે વિદિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય. અથવા એટલું ક્ષેત્રસ્પર્શેલું હોય. હે ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલા કાળે સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! એક સમયની, બે સમયની કે ત્રણ સમયની વિગ્રહ ગતિ વડે, એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. બાકી બધું 'યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય' ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક સંબન્ધે કહેવું. પરન્તુ લંબાઈમાં જઘન્યથી અંગુલનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી સંખ્યાતા યોજનો એક દિશામાં હોય છે, એટલું ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત થાય-ઈત્યાદિ જેમ જીવપદમાં કહ્યું છે તેમજ કહેવું. એ પ્રમાણે જેમ નૈરયિકને કહ્યું તેમ અસુરકુમારને કહેવું. પરન્તુ એક દિશામાં કે વિદિશામાં જાણવું. એ રીતે યાવત્ સ્તનિતકુમારને કહેવું. વાયુકાયિકને જેમ જીવપદમાં કહ્યું છે તેમ કહેવું. પરન્તુ ક્ષેત્ર એક દિશામાં કહેવું. પંચેન્દ્રિય તિર્યંચને નૈરયિકની જેમ બધું કહેવું. મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકને બધું અસુરકુમારની પેઠે જાણવું. હે ભગવન્ ! તૈજસ સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત વાળો જીવ અને તૈજસ મસુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલોને બહાર કાઢે, તે પુદ્‌ગલો વડે હે ભગવન્ ! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય ? ઈત્યાદિ જેમ વૈક્રિય સમુદ્‌ઘાત કહ્યો તેમજ કહેવો. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવું. બાકીનું બધું તેમજ કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને કહેવું. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચને એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અને એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય.

હે ભગવન્ ! આહારક સમુદ્‌ઘાતવાળો જીવ સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલોને બહાર કાઢે, હે ભગવન્!તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય ? હે ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર અને લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કર્ષથી સંખ્યાત યોજન એક દિશામાં, એટલું ક્ષેત્ર એક સમય, બે સમય કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. હે ભગવન્ ! તે પુદ્‌ગલો કેટલા કાળે બહાર કાઢે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્તમાં અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્તમાં કાઢે. હે ભગવન્ ! બહાર કાઢેલા તે પુદ્‌ગલો ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોને હણે છે યાવત્ તેના જીવિતનો નાશ કરે છે તેને આશ્રયી જીવ કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો હોય, કદાચ ચાર ક્રિયાવાળો હોય અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્ ! તે જીવો તે સમુદ્‌ઘાતવાળા જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય?હે ગૌતમ ! એમજ જાણવું. હે ભગવન્ ! તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા પણ હોય, ચાર ક્રિયાવાળા પણ હોય અને પાંચ ક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે મનુષ્ય સંબન્ધે પણ જાણવું.

[૬૧૪] હે ભગવન્ ! ભાવિત આત્માવાળા અને કેવલિસમુદ્‌ઘાતયુક્ત અનગારને જે છેલ્લા સમયના નિર્જરા પુદ્‌ગલો છે તે સૂક્ષ્મ પુદ્‌ગલો કહ્યા છે ? હે આયુષ્યમાન શ્રમણ ! તે પુદ્‌ગલોને સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે ? હા ગૌતમ ! ભાવિતાત્મા અને કેવલિ સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાતવાળા અનગારનાજે છેલ્લા સમયના નિર્જરાપુદ્‌ગલો છે તે હે આયુષ્માન્ શ્રમણ ! સૂક્ષ્મ પુદ્‌ગલો કહ્યા છે અને તે સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે. હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોને કિંચિત્ વર્ણ વડે-વર્ણને ગ્રહણ કરનાર ઈન્દ્રિ વડે વર્ણ રૂપે, ગન્ધનાસિકા વડે ગંધ રૂપે, રસ-રસનેન્દ્રિય વડે રસ રૂપે અને સ્પર્શ-સ્પર્શનેન્દ્રિય વડે સ્પર્શ રૂપે જાણે છે અને દેખે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. આ જંબૂદ્વીપ નામે દ્વીપ સર્વ દ્વીપ અને સમુદ્રમાં સૌની અંદર છે. તે સૌ કરતાં નાનો, વૃત્ત-ગોળાકૃતિવાળો, તેલમાં તળેલા પુલ્લાના આકાર જેવો ગોળ, રથના પૈડાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસ્થાન જેવો વર્તુલાકાર, કમળની કર્ણિકાની આકૃતિ જેવો ગોળાકાર અને પરિપૂર્ણ ચંદ્રની આકૃતિના સમાન છે. તે એક હજાર યોજન લાંબો અને પહોળો છે તથા તેની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ત્રણ કોશ, એકસો અઠ્યાવીશ ધનુષ અને કંઈક વિશેષાધિક સાડા તેર અંગુલ કહેલી છે. કોઈ એક મહાૠદ્ધિવાળો અને મહાસુખવાળો દેવ એક મોટા વિલેપનઢાંકણા સહિત સુગન્ધી દ્રવ્યના ડાબડાને ગ્રહણ કરી ઉપાડે અને એ પ્રમાણે કરી જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં એકવીશ વાર ફરી શીઘ્ર આવે. હે ગૌતમ ! ખરેખર તે સંપૂર્ણ જંબૂદ્વીપ તે ગન્ધના પુદ્ગલો વડે વ્યાપ્ત થાય ? હા વ્યાપ્ત થાય. હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે ગન્ધના પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે રૂપે ગંધ વડે ગંધ રૂપે રસ વડે રસરૂપે અને સ્પર્શ વડે સ્પર્શ રૂપે જાણે દેખે ? હે ભગવન્ ! વાત યુક્તિયુક્ત નથી. હે ગૌતમ ! એ કારણથી એમ કહું છું કે 'છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે રૂપે ગંધ વડે ગંધ રૂપે રસ વડે રસ રૂપે અને સ્પર્શ વડે સ્પર્શ રૂપે જાણતો નથી. હે આયુષ્માન શ્રમણ ! એટલા સૂક્ષ્મ તે પુદ્ગલો કહ્યા છે અને તે સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે.

[૬૧૫] હે ભગવન્ ! કેવલજ્ઞાની શા હેતુથી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે ? હે ગૌતમ ! કેવલજ્ઞાનીને ચાર કર્મના અંશો અક્ષીણ, નહિ વેદેલા અને નહિ નિર્જરેલા હોય છે. વેદનીય, આયુષ, નામ અને ગોત્ર. તેમાં તે કેવલીને સૌથી બહુ પ્રદેશવાળું વેદનીય કર્મ હોય છે અને સૌથી થોડા પ્રદેશવાળું આયુષ કર્મ હોય છે ત્યારે તેને બન્ધન-કર્મ પ્રદેશો વડે અને સ્થિતિ વડે વિષમ હોય તેને સમાન કરે છે. બન્ધન-કર્મ પ્રદેશો અને સ્થિતિ વડે વિષમને સમાન કરવા માટે કેવલી સમુદ્ઘાત કરે છે. એ પ્રમાણે ખરેખર કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે. હે ભગવન્ ! બધા ય કેવલી સમુદ્ઘાત કરે છે, બધા ય કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે ? હે ગૌતમ ! એ અર્થ યુક્ત નથી.

[૬૧૬-૬૧૭] "જેને આયુષના તુલ્ય બન્ધન-પ્રદેશો અને સ્થિતિ વડે ભવોપગ્રહ કર્મ છે તે સમુદ્ઘાત કરતો નથી. સમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય અનન્તા કેવલી જિનો જરા અને મરણથી મુક્ત થયેલા શ્રેષ્ઠ ગતિ રૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા હોય છે."

[૬૧૮] હે ભગવન્ ! કેટલા સમયનું આયોજીકરણ કહ્યું છે ? હે ગૌતમ ! અસંખ્યાતા સમયના અન્તર્મૂહર્ત પ્રમાણ આયોજીકરણ કહ્યું છે.

[૬૧૯] હે ભગવન્ ! કેવલી સમુદ્ઘાત કેટલા સમયનો છે ? હે ગૌતમ ! આઠ સમય પ્રમાણ કહ્યો છે. પ્રથમ સમયે દણ્ડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મન્થાન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમા સમયે લોકને સંહરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે. સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમા સમયે દણ્ડ સંહરે છે અને દણ્ડને સંહરી શરીરસ્થ થાય છે. હે ભગવન્ ! તે પ્રકારે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો કયા યોગનો વ્યાપાર કરે છે ? હે ગૌતમ ! ઔદારિકશરીરકાયયોગનો પણ વ્યાપાર કરે છે, ઔદારિકમિશ્રશરીર કાયયોગનો પણ વ્યાપાર કરે છે અને કાર્મણશરીરકાયયોગનો પણ વ્યાપાર કરે છે. પણ વૈક્રિય શરીર કાયયોગનો વ્યાપાર કરતો નથી, વૈક્રિમિશ્રશરીરકાયયોગનો પણ વ્યાપાર કરતો નથી, આહારકશરીરકાયયોગનો વ્યાપાક કરતો નથી અને આહારકમિશ્ર શરીરકાયયોગનો વ્યાપાર કરતો નથી. પહેલા અને આઠમા સમયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔદારિકશરીર કાયયોગનો વ્યાપાર કરે છે, બીજા, છઠ્ઠા અને સાતમા સમયમાં ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં કાર્મણશરીરકાય યોગનો વ્યાપાર કરે છે.

[૬૨૦] હે ભગવન્ ! તે પ્રમાણે સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અન્ત કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-નથી. તે સમુદ્દ્ઘાતથી નિવૃત્ત થાય છે, નિવૃત્ત થઈને ત્યાર બાદ મનોયોગનો પણ વ્યાપાર કરે છે, વચનયોગનો પણ વ્યાપાર કરે છે અને કાયયોગનો પણ વ્યાપાર કરે છે. મનોયોગનો વ્યાપાર કરતો ક્યા મનોયોગનો વ્યાપાર કરે છે ? સત્યમનોયોગનો વ્યાપાર કરે, મૃષા મનોયોગનો વ્યાપાર ન કરે, સત્યમૃષા મનોયોગનો વ્યાપાર ન કરે, અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે. વચનયોગનો વ્યાપાર કરતો ક્યા વચન યોગનો વ્યાપાર કરે ? હે ગૌતમ ! સત્યવચનયોગનો વ્યાપાર કરે, મૃષા વચનયોગનો વ્યાપાર ન કરે, અસત્ય મૃષા વચનયોગનો વ્યાપાર ન કરે, પણ અસત્યામૃષા વચનયોગનો વ્યાપાર કરે. કાય યોગનો વ્યાપાર કરતો આવે, જાય, ઉભા રહે, બેસે, આળોટે, ઉલ્લંઘન કરે કે પ્રલંભન કરે, પ્રાતિહારિક-પાસે રહેલા પીઠ આસન, ફલક-, શય્યા અને સંથારો પાછા આપે.

[૬૨૧] હે ભગવન્ ! તે પ્રકારે (સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલો) સયોગી કેવલી સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. તે પ્રથમ જઘન્યયોગવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન-ન્યૂન મનોયોગને રોકે છે. ત્યારપછી તુરત જઘન્યયોગવાળા બેઇન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચે અસંખ્યાતગુણ હીન બીજા વચનયોગનો રોધ કરે છે. ત્યાર પછી તરત જઘન્યયોગવાળા અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગની નીચે અસંખ્યાત ગુણ હીન કાયયોગનો રોધ કરે છે. તે એ ઉપાય વડે-એ પ્રકારે પ્રથમ મનોયોગનો રોધ કરે છે, મનોયોગનો રોધ કરી વચનયોગનો રોધ કરે છે, વચનયોગનો રોધ કરી કાય-યોગનો રોધ કરે છે, કાયયોગનો રોધ કરી યોગનો નિરોધ કરે છે. યોગ નિરોધ કરીને અયોગીપણું-પામે છે. પછી થોડા કાળમાં હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલી અસંખ્યાતા સમયમના અન્તર્મુહૂર્ત પ્રમાણ શૈલેશીને પ્રાપ્ત થાય છે અને પૂર્વે રચેલી ગુણશ્રેણી જેની છે એવા કર્મને અનુભવવા પ્રાપ્ત થાય છે. તે શૈલેશીના કાળમાં અસંખ્યાતી ગુણશ્રેણી વડે અસંખ્યાતા કર્મ સ્કંધોનો ક્ષય કરે છે, ક્ષય કરીને વેદનીય, આયુષ, નામ અને ગોત્ર એ ચાર કર્મભેદોને એક સાથે ખપાવે છે, એક સાથે ખપાવી ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે. ત્યાગ કરીને ઋજુ-શ્રેણીને પ્રાપ્ત થયેલો અસ્પૃશદ્ગતિ વડે એક સમયમાં અવિગ્રહગતિ વડે ઉંચે જઈને સાકારઉપયોગ સહિત સિદ્ધિપદને પામે છે, બોધ પામે છે, અને ત્યાં જઇ સિદ્ધ થાય છે. ત્યાં રહેલા સિદ્ધો શરીર રહિત, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગ વાળા, નિષ્ઠિતાર્થકૃતાર્થ, રજરહિત, કંપરિહત, કર્મ આવરણરહિત, અને વિશુદ્ધ એવા શાશ્વત અનાગત કાળ સુધી રહે છે. જેમ અગ્નિથી બળેલા બીજને ફરીથી અંકુરની ઉત્પત્તિ થતી નથી એ પ્રમાણે સિદ્ધોને પણ કર્મરૂપી બીજ બળી જવાથી ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૬૨૨] સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ, જરા, મરણ અને કર્મના બન્ધનથી મુકાયેલા એવા અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયેલા અને સુખી શાશ્વત કાળ પર્યંત રહે છે.

**પદ-૩૬-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૫ | પન્નવણાસુત્તં - ગુર્જરછાયા પૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૪-ગુર્જછાયાપૂર્ણ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ नमो अभिनव णाणस्स

આ આગમ સંપુટના મુખ્ય દ્રવ્યસહાયક

શ્રી ખાનપુર જૈન શ્વે. મૂર્તિ. સંઘ, ખાનપુર

શ્રી ગગનવિહાર જૈન દેરા. ટ્રસ્ટ, ખાનપુર

અમદાવાદ

આગમ દીપ પ્રકાશન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com